जैन साईट

# JAINSITE.com

જૈનમ્ જયતિ શાસનમ્

## JAINSITE E-BOOKS LITERATURE

**JAIN HISTORY • JAIN GRANTH • JAIN SUTRA**

**JAIN VIDHI • JAIN STORY • JAIN ASTROLOGY**

**And Many More Books in Gujarati, Hindi & English**

**જૈનસાઇટ ઈ-બુક્સ લિટરેચર ના સંપુર્ણ લાભાર્થી**

**શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)**

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ,
(જુના નાગરદાસ રોડ), અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.





www.jainsite.com

Blessings : **P. P. PANYAS SHREE NIPUNCHANDRA VIJAYJI M. S.**

Inspired by : **MUNI BHAGYACHANDRA VIJAYJI M. S.**

Created by : nikhil sambhav NEVER STOP

E-mail: info@jainsite.com • Tel.: 09867711171

।। ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ।।

જૈન ઈ-બુક્સ ના સંપુર્ણ લાભાર્થી

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)



॥ ૐ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

ટ્રસ્ટની નોંધણી નં. F-4210 (BOM)
સોસાયટીની નોંધણી નં. Bombay 381/1976 G.B.B.S.D.

# શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ, અંધેરી (પૂર્વ)

પાર્શ્વદર્શન બિલ્ડીંગ, ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ રોડ, (જુના નાગરદાસ રોડ),
અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

## પ્રસ્તાવના

અનેક પરમોપકારક આચાર્ય દેવ જ્ઞાની, તપસ્વી મુનિરાજ, સેવાભાવી સાધ્વીજી ભગવંતોના અદ્વિતિય–અદ્‌ભૂત–અવર્ણનીય આશિર્વાદથી તથા મહાપવિત્ર મંત્રોચ્ચાર અને વિધિ વિધાન દ્વારા સ્થાપિત આકર્ષક અલૌકિક અનેરૂ અને મનમોહક ૨૩મા ભગવાન શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી મનોરમ્ય, નેત્ર દિપક લાવણ્યમય પ્રતિમાજીને મૂળનાયક તરીકે બિરાજમાન કરેલ દેવવિમાન તુલ્ય તીર્થસમ જિનાલય એટલે મારું–તમારું અને આપણા સહુનુ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનું શિખરબંધી જિનાલય તથા ધીર–વીર–ગંભીર–સરળ–ભક્તિ–ધાર્મિક પાપભીરૂ દાનવીર અને ઉત્તમોત્તમ શ્રાવક–શ્રાવિકાઓથી બનેલો ૨૫મા તીર્થંકર તરીકે ઓળખાતો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ, અંધેરી (પૂર્વ) એટલે અમારો શ્રી અને સરસ્વતીથી સભર બનેલો વિનયી–વિવેકી અને ગુરૂભગવંતોનો કૃપાપાત્ર બનેલ ચારે તરફ એ દશે દિશાઓમાં જૈનમ્ જયતિ શાસનમ્ ની યશોગાથા નો વિજયઘોષ ૧૪ રાજલોકમાં ગુંજતો કરનાર એટલે અમારો શ્રી શ્વે. મૂ. જૈન સંઘ અંધેરી (પૂર્વ) અનેક નાના મોટા ધાર્મિક અનુષ્ઠાનો કરનાર શ્રી સંઘોને મદદરૂપ બનનાર, અનેક પાંજરાપોળોને સહાયભૂત થનારો અનેક સાધુ–સાધ્વીજી ભગવંતોના વૈયાવચ્ચમાં સદાય અગ્રેસર, ગૃહ જિનાલયમાંથી શરૂ થયેલ આજે ઉત્તુંગ ગગનચુંબી આકર્ષક શિખરબદ્ધ જિનાલય જેમાં દેવ–દેવીઓની દેવકુલિકાઓ શોભી રહી છે. શ્રી સંઘમાં કાયમી આયંબિલ ખાતુ–બે બે પાઠશાળાઓ, જ્ઞાનભંડાર એટલે શ્રી સંઘ શક્તિનું નમૂનેદાર નજરાણું કહેવાય.

યુગદિવાકર પ. પૂ. ઉપકારી ગચ્છના નાયક આ. ભ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મ. સા. ની શુભ પ્રેરણા માર્ગદર્શક તથા તેમની શુભ નિશ્રામાં નિર્મિત અને સ્થાપિત શ્રી જિનાલય તથા પ. પૂ. શતાવધાની આ. ભ. શ્રી જયાનંદસૂરીજીની પ્રેરણાથી તા. ૪–૪–૧૯૭૬ માં શ્રી સંઘની સ્થાપનાના સુંદર વિચારોનું બીજ આજે ઘેઘુરો ઘટાદાર વૃક્ષ સમાન બન્યો છે. ચમત્કારી અને અલૌકિક મૂળનાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કરીને જૈન–જૈનતરોની ઇચ્છાઓ ફળીભૂત થઈ છે.

નિસહાય–અબોલ બનેલા ઢોરોની અને પાંજરાપોળોને અમારા શ્રી સંઘે ઉદાર હાથે મદદ કરી છે તથા હાલમાં કેળવણી ક્ષેત્રે, મેડીકલ ક્ષેત્રે, સાધર્મિક ક્ષેત્રે, અનુકંપા ક્ષેત્રે પણ શ્રી સંઘની જ એક શાખા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય ચાલુ છે.

**શ્રી શ્વે. મૂ. જૈન સંઘ વતી**

પ્રમુખ

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજયજી ગણિ વિરચિત

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

સ્વોપજ્ઞ ટીકા સંયુક્ત

ભાગ પહેલો

જૈન साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

: વિવેચક :
ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

: પ્રકાશક :
શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ-સુરત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ ॥

ન્યાયાચાર્ય ન્યાયવિશારદ મહામહોપાધ્યાય
શ્રીમદ્ યશોવિજયજી ગણિ વિરચિત

# દ્રવ્યગુણ પર્યાયનો રાસ

## સ્વોપજ્ઞ ટીકાસંયુક્ત

## ભાગ - ૧

: વિવેચક :

ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા

: પ્રકાશક :

શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ-સુરત

JAINSITE.com जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્રવ્યગુણ પર્યાયનો રાસ

સ્વોપજ્ઞ
ટબા સંયુક્ત

**પ્રકાશક**

**શ્રી જૈન ધર્મ પ્રસારણ ટ્રસ્ટ**
૭૦૨, રામસા ટાવર, ગંગા જમના એપાર્ટમેન્ટ પાસે, અડાજણ પાટીયા,
સુરત - ૩૯૫ ૦૦૯. Guj. (INDIA). ફોન : (૦૨૬૧) ૨૬૮૮૯૪૩

વિક્રમ સંવત : ૨૦૬૧

**પ્રાપ્તિસ્થાન**

**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
૭૦૨, રામસા ટાવર, ગંગા જમના એપાર્ટમેન્ટ પાસે, અડાજણ પાટીયા,
સુરત - ૩૯૫ ૦૦૯. Guj. (INDIA). ફોન : (૦૨૬૧) ૨૬૮૮૯૪૩

વીર સંવત : ૨૫૩૧

**પ્રાપ્તિસ્થાન**

**શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**
સ્ટેશન રોડ, રંગ મહોલના નાકે, મહેસાણા.
(ઉત્તર ગુજરાત)

ઈ.સન : ૨૦૦૫

**પ્રાપ્તિસ્થાન**

**સેવંતીલાલ વી. જૈન**
૨૦, મહાજન ગલી, ઝવેરી બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન (૦૨૨) ૨૨૪૧૨૪૪૫

પ્રથમાવૃત્તિ

**પ્રાપ્તિસ્થાન**

**સરસ્વતી પુસ્તક ભંડાર**
હાથીખાના, રતનપોળ, અમદાવાદ-૧.
ફોન (૦૭૯) ૨૫૩૫૬૬૯૨

**જૈન પ્રકાશન મંદિર**
દોશીવાડાની પોળ, અમદાવાદ-૧.
ફોન (૦૭૯) ૨૫૩૫૬૮૦૬

નકલ : ૧૨૦૦

**મુદ્રક**

**ભરત ગ્રાફિક્સ**
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.
ફોન (૦૭૯) ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ખાસ નોંધ

બન્ને ભાગો મળીને એક પુસ્તકનો પ્રકાશન ખર્ચ આશરે ૩૨૦, ત્રણસો વીસ રૂપિયા આવેલ છે. પરંતુ તેમાં નીચેની વ્યક્તિઓ તરફથી યથાયોગ્ય આર્થિક સહયોગ પ્રાપ્ત થયેલ છે. તેના કારણે–

**(૧) પૂજ્ય સાધુ-સાધ્વીજી મ. સાહેબોને આ પુસ્તક ભેટ અપાશે.**
**(૨) શ્રાવક-શ્રાવિકાઓને અર્ધી કિંમતે (રૂા. ૧૬૦/-માં) અપાશે.**
**(૩) જ્ઞાનભંડારોને તથા સંસ્થાઓને પણ અર્ધી કિંમતે (રૂા. ૧૬૦/-માં) અપાશે.**

## –: સહાયકોની નામાવલિ :–

(૧) શ્રી રજનીભાઈ તથા ડૉ. જ્યોતિબેન - ન્યુયોર્ક, યુ.એસ.એ.
(૨) શ્રી પ્રભુદાસ આર. લાખાણી - કલીવલેન્ડ, યુ.એસ.એ.
(૩) શ્રી કિરણભાઈ ઘડીયાળી તથા તેમનાં માતુશ્રી - ન્યુજરસી, યુ.એસ.એ.
(૪) શ્રી ધનાબેન ચેરિહિલ્લ - યુ.એસ.એ.
(૫) શ્રી મધુબેન જગદીશભાઈ શેઠ એટલંટા, યુ. એસ. એ.
(૬) પૂ. પંન્યાસજી મ. શ્રી વજ્રસેનવિજયજીની પ્રેરણાથી "આરાધનાધામ" જામનગર.
(૭) પૂજ્ય સુમંગલાશ્રીજી મ.સા.ના ઉપદેશથી હીરા-મોતી જૈન ઉપાશ્રય - સાબરમતી
(૮) પૂ. શશીપ્રભાશ્રીજી મ.સા. અરિહંત આરાધના ભુવન, શીતલવાડી પાસે ગોપીપુરા.
(૯) પૂ. અમિતગુણાશ્રીજી મ.સા. તથા પૂ. આત્મયશાશ્રીજી મ.સા.ના ઉપદેશથી (લીંબડાના ઉપાશ્રયવાળા) શાલપુર, પીપલેન શ્રીસંઘ (મ.પ્ર.)
(૧૦) પૂ. મદનસેનાશ્રીજી તથા પૂ. વિશ્વગુણાશ્રીજી મ.ના ઉપદેશથી શ્રી સિદ્ધિ-સુમતિ-આરાધના ભુવન. સુરત.
(૧૧) પૂ. પદ્મલત્તાશ્રીજી મ.સા. તથા પૂ. પ્રિયદર્શનાશ્રીજી મ.સા.(ડહેલાવાળા)ના ઉપદેશથી રત્ન રેખા જૈન ઉપાશ્રય. સુરત.
(૧૨) પૂ. જયશીલાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સિદ્ધિ-રિદ્ધિ કુંથુનાથ જૈન સંઘ તથા ભુરીબેન કકલદાસ અજબાણી જૈનમ્ ઉપાશ્રય, સંઘવી કોમ્પ્લેક્ષ.
(૧૩) પૂ. શીલપૂર્ણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી - કીર્તિધામ, સાબરમતી.
(૧૪) પૂ. જયવંતાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી સાબરમતી જૈન આરાધના ભુવન.
(૧૫) પૂ. ભાવપૂર્ણાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી ચિંતામણી જૈન ઉપાશ્રય, નવસારી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ॥ मङ्गलाचरणम् ॥

नत्वा श्रीपार्श्वनाथं, प्रणतसुरगणं, नष्टमोहारिवृन्दम् ।
संज्ञातद्रव्यसार्थं, सममलवचनं वीतरागत्वशोभम् ॥
पञ्चत्रिंशद्गुणौघैः हितवचनकरं, सर्वतो सुप्रसिद्धम् ।
पद्मावत्या च भक्त्या, सुरकरकमलैः पूजितं धैर्ययुक्तम् ॥ १ ॥
प्रणम्य वचनातीतं, त्यक्तदोषं जिनेश्वरम् ।
वागीशं, सर्वभावज्ञं, विश्ववासववन्दितम् ॥ २ ॥
सुधर्मादिगणेशाना-मात्मार्थिनां महात्मनाम् ।
विविधशास्त्रकर्तृणां, वन्दित्वा पादपङ्कजम् ॥ ३ ॥
स्तौमि वागीश्वरीं देवीं, पवित्रां हंसवाहिनीम् ।
वीणापाणिं सुवक्त्राब्जां, ग्रन्थसमाप्तिहेतवे ॥ ४ ॥
यस्याः कृपासुधावृष्ट्या, शास्त्रान्तं यान्ति साक्षराः ।
सा हि मयि प्रसन्नाऽस्तु ग्रन्थारम्भे सरस्वती ॥ ५ ॥
स्मृत्वा वाग्देवताख्यं, कमलगणकरं, पुस्तकव्यग्रहस्तम् ।
यद्वात्सल्यप्रसादात्, तनुमतिरपि ना, शास्त्रपारं गतस्तम् ॥
प्रारप्स्ये द्रव्यरासं, चतुरनृसुखदं, भाषितं तीर्थनाथै -
स्तद्ग्रन्थार्थः प्रपाठ्यो, विविधनयमयो, धैर्यमद्भिश्चकारैः ॥ ६ ॥
विवेचनमिदं दृब्धं, मृदुगुर्जरभाषया ।
टीकाग्रन्थानुसारेण, बालानां सुखहेतवे ॥ ७ ॥
श्रीद्रव्यगुणपर्याय-रासस्त्वतिमहार्थकः ।
सूक्ष्मधिया तथेक्ष्योऽयं तत्त्वप्राप्तिर्भवेद् यथा ॥ ८ ॥
चतुर्विधानुयोगेषु सर्वश्रेष्ठो मतो ह्ययम् ।
यदभ्यासे विलग्नानां, विकारा न स्फुरन्ति यत् ॥ ९ ॥
आगमतोयराशेस्तूद्धृत्य योऽसौ महात्मना ।
श्रीयशोविजयाख्येन, द्रव्यानुयोगरागिणा ॥ १० ॥
रचितोऽयं महाग्रन्थः परोपकारहेतवे ।
सः प्रसिद्धिं हि प्राप्नोतु, यावच्चन्द्रदिवाकरौ ॥ ११ ॥
अत्युपयोगपूर्वेण कृतमिदं विवेचनम् ।
तथापि क्षतिसम्भूति स्स्याच्छद्मस्था यतो वयम् ॥ १२ ॥
क्षाम्यन्तु तां क्षतिं सर्वां, धैर्यधना महाजनाः ।
स्वभावोऽस्ति यतस्तेषां, जन्मत एव हीदृशः ॥ १३ ॥

जैन साईट JAINSITE .com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પ્રસ્તાવના

ભારતની ભૂમિ, ધર્મ-અર્થ-કામ અને મોક્ષ, આમ ચારે પ્રકારનાં કાર્યો સાધવામાં સદા પ્રધાન રહી છે. તેમાં પણ મોક્ષ સાધવામાં અને તેના કારણરૂપે ધર્મ સાધવામાં અતિશય વિશિષ્ટ પ્રધાન રહી છે. વર્તમાનકાળે પણ તેમ છે. અને ભવિષ્યમાં પણ આમ જ રહેશે. તે કારણે તે ભૂમિનો ઈતિહાસ અને તે ભૂમિનું ગૌરવ લાખો-કરોડો વર્ષો પુરાણું છે. આ જ ભૂમિ ઉપર અનેક જીવોને સંસારસાગરથી તારનારા તીર્થંકર પરમાત્માઓ, ગણધરભગવંતો, અનેક આચાર્ય મહારાજાઓ તથા સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓ થયા છે. કે જે સર્વે જૈન સંત પુરુષોએ 'આત્માના કલ્યાણને કરનારી ધર્મમય વાણીનો વરસાદ વરસાવ્યો છે. જે વાણીના પ્રતાપે અનેક આત્માઓએ આર્યત્વના સંસ્કાર પામી, ઉત્તમ ધર્મતત્ત્વ આરાધી, આત્મ-કલ્યાણ સાધ્યું છે અને સાધે છે. વૈરાગ્યવાહિની વાણી સાંભળીને અસાર સંસારનો ત્યાગ કરીને જૈનપણાની દીક્ષા સ્વીકારી આ જ ભૂમિ ઉપર અનેક આત્માઓએ આત્મસાધના કરી છે અને કરે છે.' તથા ઘણા જૈનેતર ઋષિ મુનિઓ પણ આ ભૂમિ ઉપર થયા છે અને પોતપોતાના દર્શનાનુસારે જનતાને ધર્મતત્ત્વ સમજાવ્યું છે.

જૈન શાસનમાં ચરમતીર્થપતિ પરમાત્મા શ્રીમહાવીરપ્રભુ ચોથા આરાના અંતે થયા. તેઓશ્રીની ૩૫ ગુણયુક્ત પરમપવિત્ર વાણી સાંભળીને ગૌતમસ્વામી આદિ ૧૧ ગણધર ભગવંતો થયા કે જેઓએ દ્વાદશાંગીની રચના કરી. ત્યારબાદ શ્રી જંબૂસ્વામી, શ્રી પ્રભવસ્વામી અને શ્રી ભદ્રબાહુસ્વામી આદિ અનેક મહાત્મા પુરુષો થયા કે જે મહર્ષિ પુરુષોએ સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં નાનાં મોટાં અનેક આગમશાસ્ત્રો તથા પ્રાકરણિકશાસ્ત્રો બનાવી પરમાત્માની વાણીનો વિસ્તાર કરવાનું ભગીરથ કાર્ય કર્યું. શ્રેષ્ઠકોટિનું સાહિત્ય સર્જન કરવા દ્વારા જગતના જીવોનું કલ્યાણ કરનારા આવા પ્રકારના ઘણા મહાત્મા પુરુષો આ ભૂમિ ઉપર થયા.

આવા મહાત્મા પુરુષોમાં પૂજ્ય ભદ્રબાહુસ્વામીજી, પૂ. ઉમાસ્વાતિજી, પૂ. જિનભદ્રગણિ-ક્ષમાશ્રમણજી, પૂ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજી, પૂ. હરિભદ્રસૂરિજી, નવાંગી ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી, પૂ. આ. શ્રી મલયગિરિજી, પૂ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી, પૂ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી તથા પૂજ્યશ્રી યશોવિજયજી ઉપાધ્યાય આદિનાં નામો શ્વેતાંબરામ્નાયમાં સારી રીતે પ્રસિદ્ધ છે. તે જ રીતે દિગંબરામ્નાયમાં પણ શ્રી કુંદકુંદાચાર્યજી, પૂજ્યપાદ સ્વામીજી, સમંતભદ્રજી, અકલંકાચાર્યજી, અમૃતચંદ્રાચાર્યજી, આચાર્ય નેમિચંદ્રજી વગેરે સંતો થયા છે. આ **૨૫૦૦** વર્ષના ગાળામાં આવા જ્ઞાનગંગામાં ઓતપ્રોત બનેલા અનેક મહાત્મા પુરુષો આ ભૂમિ ઉપર થયા છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગ્રંથકારશ્રીની યશસ્વી ગુરુપરંપરા :-

વિક્રમ સંવત ૧૫૦૧ થી ૧૬૦૦ના ગાળામાં એટલે કે સોળમા સૈકામાં, અકબર બાદશાહના પ્રતિબોધક અને 'જગદ્ગુરુ'ના હુલામણા નામથી સારી રીતે પ્રસિદ્ધિ પામેલા પૂ. આચાર્ય શ્રી 'હીરવિજયસૂરીશ્વરજી' મ. શ્રી થયા, કે જેઓનો જન્મ પાલનપુરમાં અને સ્વર્ગવાસ ઉનામાં થયેલો. તેઓના શિષ્ય-પ્રશિષ્યવર્ગમાં અનેક પૂ. આચાર્ય મહારાજશ્રી તથા અનેક પૂ. ઉપાધ્યાય મહારાજશ્રી આદિ થયા. તેમાં ક્રમશઃ પૂ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ., પૂ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. પૂ. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ. અને પૂ. શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી મ. શ્રી થયા. તેવી જ રીતે ઉપાધ્યાય પદે શોભતા પૂ. શ્રી કલ્યાણવિજયજી મ., પૂ. શ્રી લાભવિજયજી મ., પૂ. શ્રી જિતવિજયજી મ. અને પૂ. શ્રી નયવિજયજી મ. શ્રી થયા. આ પૂજ્ય નયવિજયજી મ. શ્રી એ જ ગ્રંથકર્તા શ્રી યશોવિજયજી મ. શ્રીના ગુરુજી છે. તથા પૂજ્ય યશોવિજયજી મ.શ્રીને પણ શ્રી ગુણવિજયજી વગેરે શિષ્ય પરિવાર હતો. તે સર્વેની સામાન્યથી પટ્ટપરંપરા આ પ્રમાણે છે –

जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

**પૂજ્યપાદ શ્રી હીરવિજયસૂરીશ્વરજી મ. શ્રી**

- **આચાર્ય મહારાજશ્રી**
  - (૧) પૂ. શ્રી વિજયસેનસૂરીશ્વરજી ↓
  - (૨) પૂ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી ↓
    - પૂ. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી,
    - પૂ. શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી
- **ઉપાધ્યાય મહારાજશ્રી**
  - (૧) શ્રી કલ્યાણવિજયજી ઉ. ↓
  - (૨) શ્રી લાભવિજયજી ઉ. ↓
    - શ્રીજિતવિજયજી મ.
    - શ્રી નયવિજયજી મ. ↓
      - શ્રી યશોવિજયજી ઉ. મ. ↓
        - ગુણવિજયજી
          - કેસરવિજયજી
            - વિનીતવિજયગણિજી
            - ઉત્તમવિજયજી
        - તત્ત્વવિજયજી
          - સુમતિવિજયજી
        - માનવિજયજી
        - લક્ષ્મીવિજયજી
          - પ્રેમવિજયજી
        - હેમવિજયજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગ્રંથકારશ્રીનું સંસારી જીવન અને દીક્ષા :-

ગ્રંથકર્તા પૂજ્ય શ્રી યશોવિજયજી મ. શ્રીનો જન્મ ઉત્તરગુજરાતમાં મહેસાણા પાસેના ધીણોજથી નજીક અને ગાંભુગામથી ૬ કિલોમીટર દૂર **કનોડા** ગામમાં થયેલો. પિતાનું નામ નારાયણશ્રેષ્ઠી, માતાનું નામ સૌભાગ્યદેવી, મોટાભાઈનું નામ પદ્મસિંહ અને પોતાનું નામ ''જસવંતસિંહ'' હતું. માત-પિતા આદિ પરિવારના ધર્મમય સંસ્કારી જીવનના કારણે આ સમગ્ર કુટુંબ ત્યાગ, તપ, વૈરાગ્ય અને સ્વાધ્યાયના રંગે રંગાયેલું હતું. પૂજ્ય શ્રીનયવિજયજી મ.શ્રી 'કુણગેર' ગામમાં ચાતુર્માસ કરીને વિક્રમ સંવત ૧૬૮૮માં કનોડા ગામે પધાર્યા.

વૈરાગ્યમયી ધર્મદેશનાથી આ સમગ્ર કુટુંબ ધર્મભાવનાથી વધારે સુવાસિત થયું. સૌભાગ્યદેવી માતાને દરરોજ **'ભક્તામર સ્તોત્ર'** સાંભળીને જ પચ્ચક્ખાણ પાળવાનો નિયમ હતો. એક વખત સતત વધારે વરસાદ ચાલુ રહેવાથી ઉપાશ્રયે ન જઈ શકવાથી ઉપવાસ થયા. જસવંતસિંહે કુતુહલ વશથી પૂછતાં માતાએ ભક્તામર સાંભળીને પચ્ચક્ખાણ પાળવાની પોતાની પ્રતિજ્ઞાની વાત કરી. તે વાત સાંભળીને જસવંતસિંહે 'હું તમને ભક્તામર સ્તોત્ર' સંભળાવું. આવી વાત કરતાં માતા આશ્ચર્ય પામ્યાં, જસવંતસિંહે સ્પષ્ટાક્ષરે ભક્તામર સંભળાવ્યું, માતાએ પારણું કર્યું. વરસાદ બંધ થતાં માતા ઉપાશ્રયે જ્યારે ગયાં ત્યારે ગુરુજી શ્રી નયવિજયજીએ આ વાત જાણી. ગુરુજીએ જસવંતસિંહની ધારણાશક્તિ અને સ્મરણશક્તિ જોઈને તે બાળકને દીક્ષા અપાવવાની વાત તેના માતા-પિતાને કરી.

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ બાજુ જસવંતસિંહના હૃદયમાં પણ અસાર સંસારનો ત્યાગ કરી દીક્ષા લેવાની ભાવના હતી અને આ કારણે વૈરાગ્યભાવના તીવ્ર બની. ગુરુજી શ્રી નયવિજયજી મ. શ્રી વિહાર કરીને પાટણ પધાર્યા. માત-પિતાએ જસવંતસિંહને મોહને વશ ઘણો સમજાવ્યો. પરંતુ તેનો વિચાર **'અફર'** હોવાથી માત-પિતાના સઘળા પ્રયત્નો નિષ્ફળ ગયા. અંતે માતા-પિતાએ ઘણા જ ઉત્સાહ અને ઉમંગ સાથે મહોત્સવપૂર્વક વિક્રમસંવત ૧૬૮૮માં પૂજ્ય આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.શ્રીના હાથે પાટણમાં, પંચાસરાના દેરાસર પાસે, પોળીયાના ઉપાશ્રયમાં ભાઈશ્રી જસવંતસિંહને દીક્ષા અપાવી. જસવંતસિંહજી હવે બન્યા **'શ્રી યશોવિજયજી મહારાજ.'**

## ભાઈની પણ દીક્ષા અને અભ્યાસ :-

'જસવંતસિંહની' દીક્ષા જોઈને મોટાભાઈ પદ્મસિંહને પણ દીક્ષા લેવાની ભાવના થઈ. અને તેમની દીક્ષા પણ પાટણમાં જ થઈ. અને તેમને 'પદ્મવિજયજી'ના નામે ઘોષિત કરાયા. બન્ને ભાઈઓની વડીદીક્ષા પણ વિક્રમ સંવત ૧૬૮૮માં પાટણમાં જ પૂજ્ય આચાર્ય શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ.શ્રીના હાથે જ થઈ. અને પૂજ્ય નયવિજયજી મ.શ્રી ના શિષ્ય તરીકે ઘોષિત કરાયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાની ઉંમર, સુંદર બુદ્ધિ, નિર્મળ ચિત્ત, ભણવા માટે હાર્દિક ધગશ, ઉત્તમ ધર્મગુરુનો યોગ ઈત્યાદિ અભ્યાસની તક એવી ઉજળી મળી કે જાણે સરસ્વતીની સાધનાનો સહયોગ સાંપડ્યો હોય તેવું બન્યું. અભ્યાસ કરવાની એવી લગની લાગી કે ૧૬૮૮ થી ૧૬૯૯ આમ માત્ર ૧૧ વર્ષ જેટલા નાના ગાળામાં સંસ્કૃત-પ્રાકૃત ભાષા, ધર્મશાસ્ત્રો, આગમ શાસ્ત્રો, પ્રાકરણિક ગ્રંથો, ઈત્યાદિ અનેક વિષયોનું તલસ્પર્શી જ્ઞાન મેળવ્યું. ઘણા-ઘણા શાસ્ત્રોમાં પારંગત થયા. આ બાબતમાં 'સુજસવેલી ભાસ'ની સાક્ષી ગાથાઓ આ પ્રમાણે છે –

*ગુજ્જરધર મંડણ અછે જી, નામે કનોડું ગામ,*
*તિહાં વસે વ્યવહારીયોજી, નારાયણ એહવે નામ.*
*તસ ઘરણી સોભાગદેજી, તસ નંદન ગુણવંત,*
*લઘુ પણ બુદ્ધે આગળોજી, નામે કુંવર જસવંત.*
*સંવત સોલ અઠ્યાસીએજી, રહી કુણગેર ચોમાસ,*
*શ્રી નયવિજય પંડિતવરુજી, આવ્યા કન્હોડે ઉલ્લાસ.*
*માતા પુત્રસ્યું સાધુનાંજી, વાંદી ચરણ સુવિલાસ,*
*સુગુરુ ધર્મ ઉપદેશથીજી, પામી વૈરાગ પ્રકાશ.*
*અણહીલપુર પાટણ જઈજી, લ્યેઈ ગુરુ પાસે ચારિત્ર,*
*'યશોવિજય' એહવી કરીજી, થાપના નામની તત્ર.*
*પદ્મસિંહ બીજો વલીજી, તસ બાંધવ ગુણવંત,*
*તેહ પ્રસંગે પ્રેરીયોજી, તે પણ થયો વ્રતવંત.*
*વિજયદેવ ગુરુ હાથનીજી, વડી દીક્ષા હુઈ ખાસ,*
*બિહું તે સોલ અઠ્યાસીએજી, કરતાં યોગ અભ્યાસ.*

जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

## ગ્રંથકારશ્રીનો અવધાન પ્રયોગ :-

તે કાલે પૂ. શ્રી વિજયદેવસૂરીશ્વરજી મ. સા. સૌથી મોટા હતા. તેમની પાસે તથા પૂ. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ.સા.ની પાસે અને અન્ય મહાત્માઓ પાસે પૂ. યશોવિજયજી મહારાજશ્રીએ અભ્યાસ કર્યો. ૧૧ વર્ષ સુધી સુંદર અભ્યાસ કરી વિક્રમ સંવત ૧૬૯૯માં ગુરુમહારાજની સાથે અમદાવાદમાં નાગોરીશાળાના ઉપાશ્રયે પધાર્યા. પૂજ્ય નયવિજયજી મહારાજશ્રીએ કહ્યું કે તમે શાસ્ત્રોનો સુંદર અભ્યાસ કર્યો છે. તેથી રાજનગરના જૈનસંઘ સમક્ષ કંઈક અદ્ભુતતા બતાવો. આ રીતે ગુરુજીની આજ્ઞા મળતાં ચતુર્વિધ શ્રી જૈન સંઘ સમક્ષ પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ 'આઠ અવધાન પ્રયોગ' કરી બતાવ્યા. (આ પ્રયોગમાં જુદી જુદી આઠ વ્યક્તિઓ આઠ-આઠ પ્રશ્નો પૂછે. ૮×૮=૬૪ આ ચોસઠ પ્રશ્નો ક્રમશઃ યાદ રાખીને તેના ક્રમશઃ જ સચોટ ઉત્તર આપવા. તે આઠ અવધાન કહેવાય છે.) આવા પ્રકારના અવધાન પ્રયોગથી પૂ. યશોવિજયજી મ. શ્રી ઉપર 'રાજનગરનો શ્રી જૈન સંઘ' ઘણો જ ખુશ થયો. શ્રી યશોવિજયજી મ. શ્રીની કીર્તિ-પ્રશંસા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચોતરફ ખૂબ જ વધવા લાગી. મહારાજશ્રીમાં અતિશય બુદ્ધિમત્તા દેખીને ત્યાંના શ્રેષ્ઠિવર્ય શ્રી ધનજી સૂરાએ ગુરુમહારાજશ્રીને વિનંતી કરી કે આ મહારાજશ્રી ઘણા જ બુદ્ધિશાળી છે, તીવ્રસ્મરણશક્તિવાળા છે. તેથી તેમને કાશી મોકલો. અને ન્યાયનો, તર્કશાસ્ત્રોનો અને છએ દર્શનશાસ્ત્રોનો સૂક્ષ્મ અભ્યાસ કરાવો. આ મહાત્માને જો બરાબર ભણાવવામાં આવે તો આ કાળમાં બીજા શ્રી હરિભદ્રસૂરિજી અથવા બીજા કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી (તુલ્ય) પાકશે.

ગુરુજીએ કહ્યું કે મારી પણ આ જ ઈચ્છા છે કે કાશીમાં જઈને સુંદર અભ્યાસ કરાવવો. પરંતુ ત્યાં વિદ્યાગુરુઓ (ભટ્ટારકો) ધન વિના વિદ્યાભ્યાસ કરાવતા નથી. તેના ઉત્તરમાં ધનજી સુરાએ કહ્યું કે, 'આ લાભ મને આપો' આ વિષયનો તમામ ખર્ચ હું આપીશ. પંડિતજીને સારી રીતે સન્માનીશ. સારૂં યોગ્ય પાત્ર કાશીમાં જઈ ષડ્દર્શન આદિના શાસ્ત્રો ભણીને જૈન શાસનની જ્યોત જગાવે તો મારો તમામ ખર્ચ સફળ જ થયો છે. એમ હું માનું છું.

*યોગ્યપાત્ર વિધાતણુંજી, થાસ્યૈં એ બીજો હેમ.*
*જો કાશી જઈ અભ્યસેંજી, ષડ્દર્શનના ગ્રંથ,*
*કરી દેખાડે ઉજણુંજી, કામ પડચે જિનપંથ.*
*દોઈ સહસ દીનાર, રજતના ખરચસ્યું હો લાલ,*
*પંડિતને વારંવાર, તથાવિધ અરચસ્યું હો લાલ.*
*છે મુજ એહવી ચાહ, ભણાવો તે ભણી હો લાલ,*
*ઈમ સુણી કાશીનો રાહ, ગ્રહે ગુરુ દિનમણિ હો લાલ.*

**'સુજસવેલી ભાસ'**

## ગ્રંથકારશ્રીનો કાશી તરફ વિહાર :-

શિષ્યને અભ્યાસ કરાવવાના આ પ્રમાણે સાનુકુળ સંજોગો થતાં પોતાના શિષ્ય પરિવાર સાથે વિચાર વિનિમય કરીને ગુરુ મહારાજશ્રી નયવિજયજી મ.શ્રીએ કાશી તરફ વિહાર કરવાનો નિર્ણય કર્યો. અને કાશી તરફ વિહાર કરતાં પહેલાં ૧૭૦૧નું ચાતુર્માસ કપડવંજ પાસેના 'આંતરોલી' ગામમાં કર્યું. તે ચાતુર્માસ દરમ્યાન "સ્યાદ્વાદ રહસ્ય" નામના ગ્રંથની રચના કરી. અભ્યાસ કરવા જતાં પહેલાં આવા દુર્ગમ ગ્રંથની રચના કરવી તે તેઓશ્રીની પ્રખર પંડિતાઈનો પાકો પુરાવો છે.

કાશી તરફ વિહાર કરતાં પહેલાં પૂજ્ય આ. શ્રી વિજયસિંહસૂરીશ્વરજી મ.શ્રીએ સંયમ-તપ-ત્યાગ અને વૈરાગ્યને જાળવી રાખવા માટે તથા પંચાચારના પાલન આદિ માટે ઘણી ઘણી હિતશિક્ષા આપી. તથા ગંગાતટે સરસ્વતીની ઉપાસના કરાવી લેવાની અને ભણીને જૈન શાસનની પરમ જ્યોત જગાવવાની પણ શીખ આપી. ૧૭૦૧ના ચાતુર્માસ બાદ કોઈ શુભ દિવસે ગુરુજી શ્રી નયવિજયજીએ શિષ્ય પરિવાર સાથે આંતરોલીથી કાશી તરફ વિહાર કર્યો. અને વિહાર કરતાં કરતાં ગંગાતટે આવી પહોંચ્યા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગંગાતટે સરસ્વતીની ઉપાસના :-

પૂજ્ય શ્રી સિંહસૂરીશ્વરજી મ.સા.ની સૂચના મુજબ, ગુરુવર્ય શ્રી નયવિજયજી મહારાજશ્રીએ શ્રી યશોવિજયજીને શાસ્ત્રોક્તવિધિપૂર્વક ગંગાતટે 'ऐँ' એવો સરસ્વતીમંત્ર આપ્યો. જે મંત્રની ૨૧ દિવસ સુધી ગંગાતટે જ સ્થિરાસને બેસીને સાધના કરી, અંતે સરસ્વતીદેવી સાક્ષાત્ પ્રસન્ન થયાં અને યોગ્ય પાત્ર દેખીને તર્કવાદમાં (વાદવિવાદના વ્યવહારમાં) અને કવિત્વશક્તિમાં નિપુણતાનું વરદાન આપ્યું. આ હકીકત તેઓશ્રીએ જ 'જંબૂસ્વામી રાસ'માં લખી છે. તે આ પ્રમાણે –

*શારદે સાર દયા કરો, આપો વચન સુરંગ,*
*તું તુઠી મુજ ઉપરે, જાપ કરત ઉપગંગ.*
*તર્ક કાવ્યનો તઈં તદા, દીધો વર અભિરામ.*
*ભાષા પણિ કરી કલ્પતરુ, શાખા સમ પરિણામ.*

'ૐ' એ પંચ પરમેષ્ઠિ મંત્ર છે. હ્રીઁ ચોવીસ તીર્થંકર પ્રભુની આરાધનાનો મંત્ર છે. શ્રીઁ લક્ષ્મીદેવીનો મંત્ર છે. ''ક્લીઁ'' ઈચ્છાપૂર્તિ (કામ)નો મંત્ર છે. તેમ 'ऐँ' સરસ્વતીદેવીની સાધનાનો મંત્ર છે. આ પ્રમાણે સરસ્વતીદેવીની સાધના કરી, તેમને પ્રસન્ન કરી, શુભદિવસે ગુરુજી શ્રી નયવિજયજી મહારાજશ્રીએ પોતાના શિષ્ય પરિવાર સાથે કાશીનગરમાં પ્રવેશ કર્યો. ત્યાં બીરાજમાન ચિંતામણિ પાર્શ્વનાથપ્રભુની સ્તવના-વંદના કરી ઉપાશ્રયમાં સ્થિરતા કરી.

કાશીનો શ્રી જૈન સંઘ તથા ગુજરાતનો શ્રી જૈન સંઘ, તેઓશ્રીની શ્રુતોપાસનાના કાર્યમાં પુરેપુરો સહયોગ આપવા માટે સદા તત્પર હતો.

## ભટ્ટારકજી પાસે વિદ્યાભ્યાસ :-

છએ દર્શનશાસ્ત્રોના સર્વોચ્ચ વિદ્વાન અને નવ્યન્યાયના પ્રખર પંડિત એવા એક ભટ્ટારકજી પાસે ન્યાયશાસ્ત્રાદિનો અભ્યાસ ચાલુ કર્યો, આ ભટ્ટારકજી ન્યાય - વૈશેષિક, મીમાંસક - ચાર્વાક સાંખ્ય અને બૌદ્ધ આદિ અનેક દર્શન શાસ્ત્રોમાં તથા નવ્યન્યાયમાં અતિશય નિષ્ણાત હતા. તેઓની પાસે નિઃશૂલ્કપણે ૭૦૦ વિદ્યાર્થીઓ ભણતા હતા. અને તેમને રાજ્ય તરફથી પગાર મળતો હતો. પરંતુ પૂજ્ય યશોવિજયજી મહારાજશ્રીને ભણાવવાનો પ્રતિદિનં એક રૂપીયો જૈનસંઘ તરફથી આપવામાં આવતો હતો. તેમાં તેઓ ઘણા ખુશી હતા.

હૃદયની લાગણી અને ખંતપૂર્વક ભટ્ટારકજી એવું સુંદર ભણાવતા અને પૂજ્ય શ્રી યશોવિજયજી મ. શ્રી એવું સુંદર ભણતા હતા કે બીજા વિદ્યાર્થીઓ જે ન્યાયશાસ્ત્ર અને ષડ્દર્શનનાં શાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ ૧૧-૧૨ વર્ષમાં સમાપ્ત કરે, તે જ અભ્યાસ શ્રી યશોવિજયજી મ. શ્રીએ ફક્ત ત્રણ જ વર્ષમાં સંપૂર્ણ કર્યો. આ અવસરે એક આવો પ્રસંગ બને છે કે –

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદની પદવી :-

કાશીની જેમ કાશ્મીર પણ વિદ્યાનું ધામ હતું. ત્યાંથી આવેલા એક વિદ્વાન સંન્યાસીએ કાશીના રાજદરબારમાં પંડિતો સામે વાદવિવાદ માટે પડકાર ફેંક્યો. તે કાળ વાદવિવાદ માટે બહુ જ જાણીતો હતો. ભટ્ટારકજીના ૭૦૦ વિદ્યાર્થીઓ-પંડિતોમાંથી આ પડકાર ઝીલવા કોઈ તૈયાર ન હતું. પૂજ્ય યશોવિજયજી મ. શ્રી ભટ્ટારકજી પાસે ભણતા હતા. પણ બ્રાહ્મણોના વિરોધના કારણે ''મુનિપણું છદ્મરૂપે પાળતા હતા'' જ્યારે પડકાર ઝીલવાનું આવ્યું ત્યારે જૈન શાસનની પ્રભાવના થાય તે માટે ''જૈન મુનિપણે'' પ્રગટ થઈને પડકાર ઝીલવાનું સ્વીકાર્યું. ભટ્ટારકજીના મનની ઈચ્છા એવી હતી કે 'જૈનમુનિ' ને બદલે પોતાની નાતનો કોઈ બ્રાહ્મણપંડિત આ પડકાર ઝીલે અને વિજય પ્રાપ્ત કરે તો સારૂં. તે કારણે ફરીથી ભટ્ટારકજીએ બ્રાહ્મણ પંડિતો તરફ વાદવિવાદનું બીડું ઝીલવા માટે દષ્ટિપાત કર્યો. પરંતુ તેમાં સફળતા ન મળતાં પાઠશાળા વતી પડકાર ઝીલવા અને કાશીની ઈજ્જત જાળવવા માટે ભટ્ટારકજીએ છેવટે 'જૈનમુનિને' કહ્યું.

વિદ્યાગુરુની સમ્મતિ મળતાં જ શ્રી યશોવિજયજી મ. શ્રીએ વિદ્વાન સંન્યાસી સાથે અનેક વિદ્વાન બ્રાહ્મણ પંડિતોની હાજરીમાં તથા વિદ્યાગુરુ ભટ્ટારકજીની નિશ્રામાં રાજદરબારની અંદર વાદવિવાદ શરૂ કર્યો. અકાટ્ય દલીલો, બુલંદ અવાજ, નિર્ભય ચિત્તપરિણતિ અને નીડર વક્તૃત્વકલા વડે પૂ. શ્રી યશોવિજયજી મ. શ્રીએ તે સંન્યાસીનો પરાભવ કરી તેને હાર આપી અને વિજય પ્રાપ્ત કરીને પાઠશાળાની, ભટ્ટારકજીની અને કાશીનગરની ઈજ્જત અને શોભા વધારી. તેથી અત્યન્ત ખુશ-ખુશાલ થયેલા ત્યાંના તે જ ૭૦૦ પંડિતોએ તથા ગુરુજીએ સાથે મળીને શ્રી યશોવિજયજી મ. સા. ને **'ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદ'**નાં બે બીરુદ આપ્યાં.

ભટ્ટારકજીની અત્યન્ત પ્રસન્નતા પ્રાપ્ત કરીને શ્રી ગંગેશોપાધ્યાયજી કૃત દુર્ગમ અને દુષ્પ્રાપ્ય એવા 'ન્યાયચિંતામણિ' નામના ગ્રંથનો પણ સાંગોપાંગ સુંદર અભ્યાસ કર્યો. શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ પોતે જ આ રાસની ઢાળ ૧૭ની ગાથા ૧૦માં કહ્યું છે કે –

***જસ સેવા સુપસાયઇં સહજિં, 'ચિંતામણિ' મેં લહીઉં,***
***તસગુણ ગાઈ શકું કિમ સઘળા, ગાવાનઈં, ગહગહીઓ, હમચડી.***

## કાશીથી આગ્રા તરફ ગમન અને ત્યાં અભ્યાસ :-

કાશીના ભટ્ટારકજીએ કહ્યું કે મારી પાસે જેટલી વિદ્યા હતી તેટલી સઘળી વિદ્યા આ 'જૈનમુનિએ' પ્રાપ્ત કરી લીધી છે. હવે આથી પણ વધુ અભ્યાસ કરાવનારા બીજા મહાવિદ્વાન એક ભટ્ટારકજી આગ્રામાં છે ત્યાં જઈને આ 'જૈનમુનિને' અભ્યાસ કરાવો. આવી સૂચના મળતાં જ ગુરુવર્ય શ્રી નયવિજયજી મ.શ્રીએ શિષ્ય પરિવાર સાથે કાશીથી વિહાર કર્યો અને સારા દિવસે આગ્રામાં પ્રવેશ કર્યો. અને ત્યાં જ બીજા ચાર વર્ષો સુધી નવ્યન્યાય આદિનાં શાસ્ત્રોનો ઘણો ઊંડો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તલસ્પર્શી અભ્યાસ કર્યો. જાણે સાક્ષાત્ સરસ્વતીનો અવતાર જ હોય તેવા વિદ્યાના પારગામી બન્યા. આ રીતે વિક્રમ સંવત ૧૭૦૧ થી ૧૭૦૮/૯ સુધીમાં અનેક દર્શનશાસ્ત્રોનો અને ન્યાયશાસ્ત્રોનો અભ્યાસ પૂ. શ્રી યશોવિજયજી મ. શ્રીએ કર્યો.

તે કાલે આગ્રામાં દિગંબરામ્નાયના મહાવિદ્વાન ગણાતા પંડિત શ્રી બનારસીદાસ હતા. તે શ્રી બનારસીદાસની સાથે પણ વાદવિવાદ ગોઠવાયો. બનારસીદાસ એકાન્તનિશ્ચયની પક્કડવાળા અને વ્યવહારના ઉચ્છેદક હતા. તેઓની સામે વ્યવહાર-નિશ્ચય ઉભયનું યથાર્થ સમન્વયાત્મકભાવે મંડન કરી તેમાં પણ વિજય પ્રાપ્ત કરીને તે જ વખતે આ વાદવિવાદમાં કહેવાયેલી અને અકાટ્ય યુક્તિઓથી ભરપૂર **'અધ્યાત્મમત ખંડન'** એટલે કે **'અધ્યાત્મમત પરીક્ષા'** નામનો ગ્રંથ બનાવ્યો. તે ગ્રંથમાં (૧) સ્ત્રી મુક્તિ (૨) કેવલી ભુક્તિ (૩) કરપાત્રી અને (૪) વસ્ત્ર પરિધાન. આ ચાર બાબતોની ઘણી ચર્ચા કરેલી છે. અને અંતે સત્યની સિદ્ધિ કરેલી છે. વળી નિશ્ચયની જેમ વ્યવહારની પણ આવશ્યક્તા સિદ્ધ કરેલી છે. તથા તે સમયે ત્યાં કેટલાક દિગંબર શાસ્ત્રોનો અભ્યાસ પણ કર્યો.

## ગુજરાતમાં આગમન અને અવધાન પ્રયોગ :-

આ બાજુ ગુજરાતમાં પૂજ્ય હીરસૂરીશ્વરજી મ.શ્રી, પૂજ્ય શ્રી વિજયસેનસૂરીશ્વરજી મ.શ્રી તથા ઉપાધ્યાય શ્રી કલ્યાણવિજયજી મ. શ્રી આદિના સ્વર્ગવાસ પછી શિથિલાચાર વધતો જતો હતો. પરસ્પર કલેશ અને કડવાશનાં બીજ પણ શરૂ થયાં હતાં. યતિ સંપ્રદાય જેવી પ્રથા ચાલુ થઈ ચુકી હતી. ક્રિયોદ્ધાર કરવાની તાતી જરૂર હતી. તે વખતે વયોવૃદ્ધ શ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજશ્રીએ સમુદાયની ધુરાના નાયકપદે 'આચાર્યશ્રી વિજયસિંહસૂરીશ્વરજીને થાપ્યા' તેઓશ્રી પ્રખર વિદ્વાન, વૈરાગ્યવાસિત, નિરતિચાર, સંયમપાલનમાં અડગ અને સિંહના જેવા પ્રતાપી હતા. પરંતુ તેઓશ્રી આ પાટ ઉપર ફક્ત બે જ વર્ષ રહ્યા અને વિક્રમ સંવત ૧૭૦૮માં અષાઢ સુદ ૨ ના દિવસે કાલધર્મ પામ્યા. તેથી પાછી સમુદાયની ધુરા પાછલી ઉંમરે પણ શ્રી વિજયદેવસૂરીશ્વરજીના માથે આવી. આ બધા સમાચાર પૂજ્ય નયવિજયજી મ. અને પૂ. શ્રી યશોવિજયજી મ.શ્રીને મળતા રહેતા હતા. તેથી તેઓ પણ ગુજરાત તરફ આવવા વિશેષ ઉત્સુક હતા.

આગ્રાથી વિહાર કરી ૧૭૦૯નું ચાતુર્માસ રાજસ્થાનમાં ક્યાંક કરીને ૧૭૧૦માં પાટણ પધાર્યા. સંવેગી પક્ષના પં. શ્રી ઋદ્ધિવિમલજીએ ૧૭૧૦માં પાલનપુર પાસેના ગોલા ગામમાં ક્રિયોદ્ધાર કર્યો અને તેમાં પૂજ્ય યશોવિજયજી મ.શ્રીએ ઘણો જ સહકાર આપ્યો. આવો ઉલ્લેખ શ્રી વિબુધવિમલજી કૃત સમ્યક્ત્વ પરીક્ષા નામના ગ્રંથમાં છે. તેથી ૧૭૧૦માં પાટણ આવી ગયા છે. આમ જણાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ 'વિમલ' શાખા પણ તપાગચ્છની ૧૮ શાખા પૈકીની જ એક શાખા છે. એ અઢાર શાખાનાં નામ આ પ્રમાણે છે. (૧) વિજય (૨) વિમલ (૩) સાગર (૪) ચંદ્ર (૫)હર્ષ (૬) સૌભાગ્ય (૭) સુંદર (૮) રત્ન (૯) ધર્મ (૧૦) હંસ (૧૧) આનંદ (૧૨) વર્ધન (૧૩) સોમ (૧૪) રૂચિ (૧૫) સાર (૧૬) રાજ (૧૭) કુશલ (૧૮) ઉદય. આજે પણ આ શબ્દો સાધુ મહારાજ સાહેબોના નામોમાં જોવા મળે છે.

પાટણમાં એક બ્રાહ્મણ પંડિતજી પાસે પૂજ્ય મલ્લવાદીજીએ રચેલા ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ 'નયચક્ર' નામના ગ્રંથની જૈન જ્ઞાનભંડારની એક પોથી (પ્રત) હતી જે બીજા કોઈ જ્ઞાનભંડારોમાં લભ્ય ન હતી. તે પોથી પંડિતજી પાસે માગતાં તેઓએ આપવાની ના કહી. તેથી તેઓ જ્યારે બહારગામ ગયા ત્યારે તેમનાં ધર્મપત્ની પાસેથી માત્ર પંદર દિવસ માટે તે પોથી મેળવી. અને પૂજ્ય યશોવિજયજી આદિ સાત મુનિરાજોએ સાથે મળીને તે ગ્રંથની સંપૂર્ણ કોપી કરી લીધી. શ્રુતજ્ઞાનની આવી ભક્તિ પાટણમાં ૧૭૧૦ના પોષ માસમાં કર્યાનો ઉલ્લેખ મળે છે તેથી તેઓ ૧૭૧૦માં ગુજરાતમાં આવી ગયા છે. આમ જણાય છે. પાટણથી વિહાર કરી શ્રી નયવિજયજી મ.શ્રી સર્વ મુનિવૃંદ સાથે રાજનગરમાં (અમદાવાદમાં) પધાર્યા. અમદાવાદના સંઘે તેઓશ્રીનું ભવ્ય સામૈયું કર્યું. તેઓશ્રીની વિદ્વાનપણાની અને કવિપણાની કીર્તિ ચારે તરફ ઘણી જ વ્યાપ્ત થઈ હતી. તે વખતે દિલ્હીમાં ઔરંગઝેબ બાદશાહ રાજ્ય કરતો હતો. તેના સુબા તરીકે 'મહોબતખાન' અમદાવાદમાં રાજ્ય ચલાવતો હતો. તેણે પૂજ્ય યશોવિજયજી મ.શ્રીના પાંડિત્યની કીર્તિ ધનજી શુરા આદિ શ્રેષ્ઠીગણ દ્વારા સાંભળી હતી. તે મહોબતખાન ઉદાર દીલવાળો હતો. તેને ઈચ્છા થઈ કે શ્રી યશોવિજયજી રાજ્યસભામાં આવે અને કોઈક ચમત્કારિક પ્રયોગ બતાવે. ધનજી શૂરા આદિ દ્વારા આમંત્રણ મોકલ્યું. જૈનશાસનની પ્રભાવના થશે એમ સમજીને ગુરુમહારાજે આજ્ઞા કરી, ગુરુજીની આજ્ઞા થતાં શ્રી યશોવિજયજી મ.શ્રીએ રાજ્યસભામાં આવીને ઘણી વિશાળ સભા સમક્ષ ૧૮ (અઢાર) અવધાન પ્રયોગ કર્યા. તે દેખીને મહોબતખાન તથા સામાન્ય પ્રજા ઘણી જ ખુશ-ખુશાલ થઈ ગઈ. આ પ્રયોગોથી પૂ. શ્રી યશોવિજયજી મ.શ્રીની સ્મરણશક્તિ, ધારણાશક્તિ, વિદ્વત્તાશક્તિ અને ઉત્તરદાયિત્ત્વની શક્તિની ચોતરફ અધિકાધિક પ્રશંસા થવા લાગી. મહોબતખાને પણ પ્રભાવિત થઈને ઉત્સાહ અને ઉમંગ સાથે તેમનું ઘણું જ બહુમાન કર્યું.

## સાહિત્યસર્જન અને આ રાસની રચના :-

જેમ ચોમાસામાં કરેલી વાવણીનું ફળ કારતક-માગસર માસમાં લેવાય. વાવેલા દાણા અલ્પ હોય પરંતુ તેના ફળ રૂપે પાકેલું ધાન્ય ગાડેગાડાં ભરાય. તેવી જ રીતે શ્રી યશોવિજયજી મ.શ્રીએ ગુરુ મહારાજશ્રી પાસેથી તથા કાશી અને આગ્રાના ભટ્ટારકજી પાસેથી મેળવેલી વિદ્યાથી તેના ફળ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપે હવે ૧૭૧૦થી અનેક ગ્રંથોની રચના કરવા રૂપે સાહિત્યસર્જનની શરૂઆત કરી. સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી અને મારવાડી ભાષામાં રચેલું તેઓશ્રીનું ઘણું સાહિત્ય આજે પણ મળે છે.

આ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની રચના પણ આ જ સમયમાં થઈ છે. કારણ કે તેઓના જ ગુરુજી શ્રી નયવિજયજી મ.શ્રી ના કરકમલથી વિક્રમ સંવત ૧૭૧૧માં સિદ્ધપુરમાં લખાયેલી પોથી મળે છે. સાહિત્યરચનાના પ્રારંભકાળમાં જ આવા પ્રકારના કઠીન, વિષમ અને દુર્બોધ એવા વિષયની ગુજરાતી ભાષામાં જે રચના છે. તે તેઓશ્રીની પ્રખર પંડિતતાનો પ્રબળ પુરાવો છે.

તેઓશ્રીની સાહિત્યરચના મુખ્યત્વે ત્રણ પ્રકારે જણાય છે.

(૧) શાસ્ત્રાભ્યાસથી અને ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલા પોતાના અનુભવબલથી સ્વયં સ્ફૂરણા દ્વારા અપૂર્વ ગ્રંથોની રચના. જેમ કે જ્ઞાનસાર અષ્ટક આદિ.

(૨) પૂર્વના મહાપુરુષોએ રચેલા ગ્રંથો ઉપર સંસ્કૃતભાષામાં ટીકાગ્રંથો. જેમ કે કર્મપ્રકૃતિ ઉપર ટીકા, શાસ્ત્રવાર્તાસમુચ્ચય ઉપર સ્યાદ્વાદ કલ્પલતા આદિ ટીકાગ્રંથો.

(૩) પૂ. હરિભદ્રસૂરીશ્વરજી આદિએ રચેલા સંસ્કૃત-પ્રાકૃત ગ્રંથોનો અભ્યાસ કરી તે જ વિષયોની ગુજરાતી ભાષામાં સરળ અને રસપ્રદ કાવ્યમય રચના. જેમકે આઠ દૃષ્ટિની સજ્ઝાય અને સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાય વગેરે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

તેઓશ્રીએ જે સાહિત્ય બનાવ્યું છે તેમાંના એક એક ગ્રંથ વિષે જેટલુ લખીએ તેટલું ઓછું છે. તેમના સાહિત્યમાં વાણીની મીઠાશ તો એટલી બધી છે કે તેનો સ્વાદ જે ભણે તે જ જાણે. શ્રુતજ્ઞાનની ઉપાસનાનો જબરજસ્ત રંગ લાગ્યો હતો. વિ. સં. ૧૭૪૨માં સુરતમાં રચાયેલી ૧૧ અંગો ઉપરની સજ્ઝાયમાં તેઓશ્રી પોતે જ કહે છે કે –

*ખાંડ ગળી, સાકર ગળી, વળી અમૃત ગળ્યું કહેવાય,*
*માહરે તો મન શ્રુત આગળે, તે કોઈ ન આવે દાય.*

## તેઓશ્રીના રચાયેલા ગ્રંથોનો યત્કિંચિત્ પરિચય :-

**(૧) અધ્યાત્મ મત પરીક્ષા** = મૂળ ગાથા ૧૮૪ છે. પ્રાકૃતભાષા છે. તેના ઉપર પોતે જ સંસ્કૃત ટીકા રચી છે. કેવલિભુક્તિ, સ્ત્રીમુક્તિ, કરપાત્રી અને વસ્ત્ર પરિધાન આ ચાર બાબતો ઘણી જ યુક્તિપૂર્વક સમજાવી દિગંબર માન્યતાનું નિરસન કરેલ છે.

**(૨) અધ્યાત્મ સાર** = મૂળ શ્લોક ૧૩૦૦ છે. તેના ઉપર ગંભીરવિજયજી મ.શ્રીએ સંસ્કૃત ટીકા બનાવી છે. કોઈક સ્થાને ૯૪૯ શ્લોકો હોવાનો ઉલ્લેખ છે. તેમાં સાત પ્રબંધો છે. દંભત્યાગ આદિ વિવિધ વિષયોનું સુંદર વર્ણન છે.

**(૩) અધ્યાત્મોપનિષદ્** = સંસ્કૃતભાષામાં ૨૩૧ અનુષ્ટુપ શ્લોકો છે. તેમાં શાસ્ત્રયોગશુદ્ધિ અધિકાર, જ્ઞાનયોગાધિકાર, ક્રિયાયોગાધિકાર અને સામ્યાધિકાર આમ ચાર અધિકારોનું વર્ણન છે.

**(૪) અનેકાન્ત વ્યવસ્થા** = મૂળ શ્લોકો ૩૩૫૭ છે. અનેકાન્તવાદ સમજાવેલ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં લખેલા સર્વે વિષયોનું આ ગ્રંથમાં સંસ્કૃતભાષામાં સુંદર આલેખન છે.

**(૫) દેવધર્મ પરીક્ષા** = મૂળ શ્લોક ૪૨૫ છે. સ્વર્ગમાં રહેલા દેવો પણ પ્રભુની પ્રતિમાની પૂજા કરે છે. તે સમજાવ્યું છે તથા જુદા જુદા ૧૭ મુદાઓ દ્વારા દેવો ધર્મી છે. સમ્યક્ત્વધારી છે ઈત્યાદિ કહીને દેવ-દેવીઓએ કરેલી પ્રભુની પ્રતિમાની પૂજાને માન્ય રાખવાનું સમજાવેલ છે.

**(૬) જૈન તર્ક પરિભાષા** = મૂળ શ્લોક ૮૦૦ છે. તેના ત્રણ પરિચ્છેદ છે. એક એક પરિચ્છેદમાં પ્રમાણ-નય અને નિક્ષેપાનું સવિસ્તર વર્ણન છે.

**(૭) ગુરુતત્ત્વવિનિશ્ચય** = મૂળ શ્લોક ૯૦૫ છે. પ્રાકૃતભાષામાં પદ્યરચનાવાળો આ ગ્રંથ છે. તેના ઉપર પોતે જ ૭૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃતભાષામાં ગદ્ય ટીકા બનાવી છે. તેમાં ચાર ઉલ્લાસની સંકલના છે.

**(૮) દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા** = મૂળ શ્લોક ૧૦૬૪ છે. સંસ્કૃત પદ્યમય કાવ્ય છે. દાન વગેરે ૩૨ વિષયો ઉપર બત્રીસ બત્રીસ શ્લોકોની રચના છે. તેના ઉપર પોતાની જ બનાવેલી સ્વોપજ્ઞ સુંદર ટીકા છે. તેનું ગુજરાતી ભાષાન્તર હમણાં જ વિ.સં. ૨૦૬૦માં જ પૂ. આ. મ. શ્રી ભુવનભાનુ-સૂરીશ્વરજી મ. સા. ના સમુદાયવર્તી પૂજ્ય મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજશ્રીએ કર્યું છે. જે ગ્રંથ વિમોચનનો પ્રસંગ અમદાવાદમાં પાલડીમાં ઘણા ઉત્સવ અને ઉમંગ સાથે થયો હતો.

**(૯) યતિલક્ષણ સમુચ્ચય** = મૂળ શ્લોક ૨૬૩ છે. પ્રાકૃત પદ્યરચના છે. સાધુ મહાત્માનાં ૭ લક્ષણોનું સવિસ્તર વર્ણન છે.

**(૧૦) નયરહસ્ય** = નૈગમાદિ સાત નયોનું તથા સપ્તભંગીનું વર્ણન છે. તેમજ કયા કયા નયના એકાન્તવાદમાંથી કયા કયા દર્શનની ઉત્પત્તિ થઈ છે ? ઈત્યાદિ વર્ણન છે.

**(૧૧) નયપ્રદીપ** = સંસ્કૃતભાષામાં ગદ્યરૂપે લખાયેલો આશરે ૫૦૦ શ્લોકો પ્રમાણ આ ગ્રંથ છે. તેમાં ૨ સર્ગ છે. પહેલામાં સમભંગીનું સમર્થન અને બીજામાં નયોનું સમર્થન કરેલ છે.

**(૧૨) નયોપદેશ** = પ્રસ્થક - પ્રદેશ આદિના ઉદાહરણો આપીને સાત નયોનું વર્ણન કરેલ છે. પોતાની જ બનાવેલ નયામૃત તરંગિણી ટીકા છે.

**(૧૩) જ્ઞાનબિંદુ** = મૂલ શ્લોકો ૧૨૫૦ છે. જ્ઞાનના મતિજ્ઞાનાદિ પાંચ ભેદો તથા તેના ઉત્તરભેદોનું સ્વરૂપ તથા લક્ષણો સમજાવ્યાં છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**(૧૪) જ્ઞાનસાર** = મૂળ શ્લોકો ૨૫૬ છે. પૂર્ણતા-મગ્નતા વિગેરે ૩૨ વિષયો ઉપર આઠ આઠ અનુષ્ટુપ શ્લોકો છે. જ્ઞાનના પરિપક્વ નિચોડ રૂપે આ ગ્રંથ છે. તેના ઉપર પોતે જ બાલાવબોધ (ગુજરાતી ટબો) બનાવેલ છે. તથા પૂજ્ય દેવચંદજી મ.શ્રીએ અને પૂજ્ય ગંભીરવિજયજી મ.શ્રીએ તે ગ્રંથ ઉપર સંસ્કૃત ટીકા બનાવી છે.

**(૧૫) ન્યાય ખંડન ખંડ ખાદ્ય** = મૂળ શ્લોકો ૫૫૦૦ છે. નવ્યન્યાયથી ભરપૂર ભરેલો. અર્થગંભીર, અને ઘણો જ જટિલગ્રંથ છે. તેના ઉપર પૂજ્ય આ. મ. શ્રી નેમિસૂરિજી મ.શ્રીએ તથા પૂજ્ય આ. મ. શ્રી વિજયદર્શનસૂરિજીએ ટીકા બનાવી છે.

**(૧૬) ન્યાયાલોક** = મૂલ શ્લોકો ૧૨૦૦ છે. તેમાં ન્યાયની નીતિરીતિ મુજબ સ્યાદ્વાદ આદિ વિષયોનું નિરૂપણ છે.

**(૧૭) પ્રતિમાશતક** = મૂલ શ્લોકો ૧૦૦ છે. તેના ઉપર સ્વોપજ્ઞ ટીકા છે. પરમાત્માની પૂજા-દર્શન-વંદન આદિની શાસ્ત્રપાઠો આપીને સિદ્ધિ કરેલી છે. ૧૭૯૩માં શ્રી ભાવપ્રભસૂરિજીએ આ ગ્રંથ ઉપર નાની ટીકા બનાવી છે.

જૈન સાઈટ JAINSITE.com

**(૧૮) ઐન્દ્રસ્તુતયઃ** = આ ગ્રંથમાં પરમાત્માની સ્તુતિઓ છે. શોભન સ્તુતિ ગ્રંથમાં કરાયેલી સ્તુતિઓ જેવી સ્તુતિઓ છે.

જૈનમ્ જયતિ શાસનમ્

(૧૯) ઉપદેશ રહસ્ય
(૨૦) આદિજિન સ્તવન
(૨૧) તત્ત્વવિવેક
(૨૨) તિઙત્વયોક્તિ
(૨૩) ધર્મ પરીક્ષા
(૨૪) જ્ઞાનાર્ણવ
(૨૫) ભાષા રહસ્ય
(૨૬) માર્ગપરિશુદ્ધિ
(૨૭) મુક્તાશુક્તિ
(૨૮) આરાધક-વિરાધક ચતુર્ભંગી
(૨૯) નિશા ભક્તવિચાર
(૩૦) પરમાત્મા પંચવિંશિકા
(૩૧) અસ્પૃશદ્ગતિવાદ
(૩૨) પંચનિર્ગ્રંથી પ્રકરણ
(૩૩) પરમ જ્યોતિઃપંચવિંશિકા
(૩૪) પ્રતિમા સ્થાપન ન્યાય
(૩૫) ફલાફલ વિષયક પ્રશ્નોત્તર
(૩૬) યતિદિન ચર્યા પ્રકરણ
(૩૭) વૈરાગ્ય કલ્પલતા
(૩૮) શ્રી ગોડીપાર્શ્વ સ્તોત્ર
(૩૯) શ્રીવિજયપ્રભસૂરિ સ્વાધ્યાય
(૪૦) શંખેશ્વર પાર્શ્વસ્તોત્ર
(૪૧) સમીકાપાર્શ્વ સ્તોત્ર
(૪૨) સામાચારી પ્રકરણ
(૪૩) સ્તોત્રાવલી
(૪૪) વાદમાલા

પૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજશ્રીએ આ બધા ગ્રંથો સ્વયં સ્ફૂરણાથી અને અનુભવબળથી મૌલિકગ્રંથો બનાવ્યા છે. એટલે કે સ્વતંત્રપણે નવા અપૂર્વ ગ્રંથોની રચના કરી છે. ગૌરવ થવાના ભયથી એક એક ગ્રંથની વધારે વિગત અમે અહીં લખી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગ્રંથકારશ્રી કૃત ટીકાગ્રંથો :-

**(૪૫) અષ્ટ સહસ્રી તાત્પર્ય વિવરણ** = આ મૂલગ્રંથ દિગંબરાચાર્ય શ્રી સમંતભદ્રજીનો છે. આપ્ત મીમાંસા તેનું નામ છે. તેના ઉપર ભાષ્ય લખનાર અકલંકાચાર્ય છે. તેના ઉપર દિગંબરાચાર્ય શ્રી વિદ્યાનંદજી કૃત "અષ્ટસહસ્રી" ટીકા છે. તે ટીકાની ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીએ વિવરણ કર્યું છે. આ વિવરણનું સંપાદન પૂ. આ. શ્રી રામચંદ્રસૂરીશ્વરજી મ. ના વિદ્વાન શિષ્ય મુનિશ્રી વૈરાગ્યરતિવિજયજીએ કરેલ છે. જે ગ્રંથનું હમણાં જ કા. સુદ ૧૧નું વિમોચન થયેલ છે.

**(૪૬) કર્મપ્રકૃતિની બૃહદ્ ટીકા** = મૂલગ્રંથકર્તા શ્રી શિવશર્મસૂરીશ્વરજી છે. પ્રાકૃતભાષામાં પદ્યગ્રંથ છે. તેના ઉપર આ. શ્રી મલયગિરિજી મ. શ્રીની ટીકા છે. તે સરળ છે. તથા આ કર્મપ્રકૃતિ ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી મ.શ્રીએ ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ ગદ્ય અને ન્યાયની પરિભાષાથી યુક્ત કંઈક કઠીન ટીકા બનાવી છે.

**(૪૭) કર્મપ્રકૃતિની લઘુટીકા** = જે આત્માનંદ જૈન સભા તરફથી છપાઈ છે.

**(૪૮) તત્ત્વાર્થવૃત્તિ** = મૂલગ્રંથ પૂજ્ય ઉમાસ્વાતિજીનો ૩૫૦ થી ૪૦૦ સૂત્ર પ્રમાણ સંસ્કૃત છે. તેના ઉપર પૂ. શ્રી હરિભદ્રસૂરિજી તથા પૂ. શ્રી સિદ્ધસેનગણિજીની ટીકા છે. તથા પૂજ્ય ઉપાધ્યાયજી મ.શ્રીએ પણ ટીકા બનાવી છે. પરંતુ ફક્ત પહેલા અધ્યાયની જ ટીકા મળે છે.

**(૪૯) દ્વાદશાર નયચક્રોદ્ધાર વિવરણ** = પૂજ્ય મલ્લવાદીસૂરિજી કૃત શ્રી દ્વાદશાર નયચક્ર ગ્રંથ ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી મ.શ્રીએ ૧૮૦૦૦ શ્લોક પ્રમાણ વિવરણ (વિવેચન) સંસ્કૃત ભાષામાં ગદ્યરૂપે લખેલ છે.

**(૫૦) ધર્મસંગ્રહ ટીપ્પણ** = મૂલગ્રંથકર્તા પૂજ્ય ઉ. શ્રી માનવિજયજી મ.શ્રી, તેના ઉપર પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીએ ટીપ્પણ લખી છે. જે ભાવનગર જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થયેલ છે.

**(૫૧) પાતંજલ યોગસૂત્રવૃત્તિ** = પતંજલિ ઋષિના બનાવેલા 'યોગસૂત્ર' ઉપર ગ્રંથકારશ્રીએ ટીકા લખી છે. જૈન આત્માનંદ સભા તરફથી પ્રકાશિત થયેલ છે.

**(૫૨) યોગવિંશિકા પ્રકરણ**=પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજીની બનાવેલી વિંશતિવિંશિકામાં આવેલી 'યોગવિંશિકા' ઉપર સંસ્કૃત ટીકા લખી છે જેનું ગુજરાતીમાં વિવેચન અમે પણ પ્રકાશિત કર્યું છે.

**(૫૩) શાસ્ત્રવાર્તા સમુચ્ચયવૃત્તિ** = મૂલગ્રંથ પૂજ્ય હરિભદ્રસૂરિજી મ.શ્રીનો છે. સંસ્કૃતભાષામાં પદ્યરચના છે. તેના ૮ સ્તબક છે. તેના ઉપર ગ્રંથકારશ્રીએ ૧૩૦૦૦ શ્લોક પ્રમાણ સંસ્કૃત ટીકા બનાવી છે. તેનું નામ **'સ્યાદ્વાદ કલ્પલતા'** છે. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાલા તરફથી પ્રકાશિત



www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

થયેલ છે. તેનું ગુજરાતી ભાષાન્તર પૂજ્ય આ. ભ. શ્રી ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રી જયસુંદરવિજયજી ગણિ (જે હાલ પૂજ્ય શ્રી જયસુંદરસૂરીશ્વરજી મ.શ્રી)એ કરેલ છે.

**(૫૪) ષોડશકવૃત્તિ** = મૂલગ્રંથના કર્તા પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી છે. ૧૬ વિષયો ઉપર સોળ-સોળ શ્લોકો છે. કુલ ૨૫૬ શ્લોકો છે. તેના ઉપર ૧૨૦૦ શ્લોકો પ્રમાણ સંસ્કૃતટીકા પૂજ્ય ઉપાધ્યાયજી મ.શ્રીએ બનાવી છે. તેનું નામ 'યોગદીપિકા' છે. દેવચંદ લાલભાઈ સુરત તરફથી પ્રકાશિત થયેલ છે.

**(૫૫) સ્તવપરિજ્ઞા પદ્ધતિ** = આ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી. પરંતુ શાસ્ત્રવાર્તા સમુચ્ચયની ટીકામાં (સ્યાદ્વાદ કલ્પલતામાં) આ ગ્રંથની સાક્ષી આપી છે. તથા પ્રતિમા શતક ગ્રંથમાં પણ સ્તવપરિજ્ઞાની સાક્ષી આપેલ છે.

## ગ્રંથકારશ્રીના બનાવેલા અનુપલભ્ય ગ્રંથો :-

પૂજ્યપાદ ઉપાધ્યાયજી મ.શ્રીએ જે બીજા કેટલાક ગ્રંથો બનાવ્યા છે. અને તેવા તે ગ્રંથોની સાક્ષી પ્રચલિત અન્યગ્રંથોમાં તથા ચોક્તમસ્માભિઃ લખીને આપી છે. પરંતુ હાલ જે મળી શકતા નથી તેવા પણ અનેક ગ્રંથો છે. તેની યાદી આ પ્રમાણે છે –

(૫૬) અધ્યાત્મબિંદુ
(૫૭) અધ્યાત્મોપદેશ
(૫૮) અલંકારચૂડામણિ ટીકા
(૫૯) આકરગ્રંથ
(૬૦) આત્મખ્યાતિ
(૬૧) કાવ્યપ્રકાશ ટીકા
(૬૨) છંદચૂડામણિ ટીકા
(૬૩) જ્ઞાનસાર ચૂર્ણિ
(૬૪) તત્ત્વલોક વિવરણ
(૬૫) ત્રિસૂત્ર્યાલોક વિધિ
(૬૬) દ્રવ્યાલોક
(૬૭) પ્રમા રહસ્ય
(૬૮) મંગલવાદ
(૬૯) લત્તાદ્વય
(૭૦) વાદ રહસ્ય
(૭૧) વિચારબિંદુ
(૭૨) વિધિવાદ
(૭૩) વીરસ્તવ ટીકા
(૭૪) વેદાંત નિર્ણય
(૭૫) વેદાંતનિર્ણય સર્વસ્વ
(૭૬) વૈરાગ્યરતિ
(૭૭) શઠ પ્રકરણ
(૭૮) સિદ્ધાન્તતર્ક પરિસ્કાર
(૭૯) સિદ્ધાન્તમંજરી ટીકા
(૮૦) સ્યાદ્વાદ મંજુષા
(૮૧) સ્યાદ્વાદ રહસ્ય

આ પ્રમાણે સંસ્કૃત-પ્રાકૃત ભાષામાં પોતાના બનાવેલા મૌલિક ગ્રંથો ૪૪, ટીકાગ્રંથો ૧૧ અને અનુપલભ્ય ગ્રંથો ૨૬ આમ કુલ ૮૧ ગ્રંથોની વિગત અમને મળી શકી છે તે વિસ્તારરુચિ જીવોના ઉપકાર માટે અહીં લખી છે. ૧૭૧૦ થી ૧૭૪૪ સુધીના ટુંકાગાળામાં આ મહાત્મા પુરુષે અદ્ભુત શાસ્ત્રરચના કરીને કેટલી શ્રુતભક્તિ કરી છે અને તે દ્વારા કેટલી શાસન સેવા કરી છે. તે જાણવાથી તેઓશ્રી કેટલા મહાન પ્રખર પંડિત હશે ? કેટલા અપ્રમાદી હશે ? તે સમજાય છે. તેઓશ્રીને ભાવપૂર્વક લાખો લાખો વંદન.

જૈનમ્ જયતિ શાસનમ્ JAINSITE.com

## ગુજરાતી ભાષાની મહાન કૃતિઓ :-

(૧) અધ્યાત્મમત પરીક્ષાનો ટબો
(૨) આનંદઘન અષ્ટપદી
(૩) તત્ત્વાર્થસૂત્રનો ટબો
(૪) દ્રવ્યગુણ પર્યાયનો રાસ
(૫) દ્રવ્યગુણ પર્યાયના રાસનો ટબો
(૬) દિક્પટ ચોરાશી બોલ
(૭) લોકનાલિ બાલાવબોધ
(૮) શઠ પ્રકરણનો બાલાવબોધ
(૯) જેસલમેર પત્ર
(૧૦) જ્ઞાનસારનો ટબો
(૧૧) ઉપદેશ માલા
(૧૨) પંચપરમેષ્ઠિ ગીતા
(૧૩) જંબૂસ્વામી રાસ
(૧૪) જસવિલાસ
(૧૫) બ્રહ્મગીતા
(૧૬) વિચારબિંદુ
(૧૭) વિચારબિંદુનો ટબો
(૧૮) સમાધિ શતક
(૧૯) સમતાશતક
(૨૦) સમ્યક્શાસ્ત્ર સાર પત્ર
(૨૧) સમ્યક્ત્વ ચોપાઈ
(૨૨) સમુદ્રવહાણ સંવાદ
(૨૩) શ્રીપાળ રાજાના રાસનો ઉત્તર ભાગ (વિ.સં. ૧૭૩૮માં)

## ઉપાધ્યાયજી મ. કૃત ગુજરાતી સ્તવનો :-

(૨૪) આવશ્યક સ્તવન = જેમાં છ આવશ્યકનું વર્ણન છે.
(૨૫) કુમતિખંડન સ્તવન = મિથ્યામતિઓના વિચારોનું ખંડન
(૨૬) વર્તમાન ચોવીશીના ૨૪ ભગવંતોનાં સ્તવનો = જેમાં ભક્તિરસ અદ્‌ભુત છે
(૨૭) વર્તમાન ચોવીશીના ૨૪ ભગવંતોનાં સ્તવનો (બીજી ચોવીશી) = જેમાં ભક્તિરસ અદ્‌ભુત છે
(૨૮) વર્તમાન ચોવીશીના ૨૪ ભગવંતોનાં સ્તવનો (ત્રીજી ચોવીશી) = જેમાં ભક્તિરસ અદ્‌ભુત છે
(૨૯) નવપદપૂજા = જે શ્રીપાલરાજાના રાસમાં ચોથા ખંડમાં આવે છે.
(૩૦) નયગર્ભિત શ્રી શાન્તિનાથજિન સ્તવન
(૩૧) નિશ્ચય-વ્યવહારગર્ભિત શ્રી સીમંધરસ્વામી પ્રભુનું સ્તવન
(૩૨) પાર્શ્વનાથ પ્રભુજીનું સ્તવન (એક)
(૩૩) પાર્શ્વનાથ પ્રભુજીનું સ્તવન (બીજું)
(૩૪) શ્રી મહાવીર પરમાત્માનું સ્તવન
(૩૫) દશમતોનું સ્તવન (આ સ્તવન પૂ. ઉપાધ્યાયજી મ.શ્રીનું હોય તે વાત કંઈક શંકાસ્પદ છે. એટલે નિશ્ચિત ન જાણવું)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩૬) મૌન એકાદશીના ૧૫૦ કલ્યાણકનું સ્તવન
(૩૭) વિહરમાન જિન વીશીનું સ્તવન
(૩૮) શ્રી સીમંધર સ્વામિનું ચૈત્યવંદન
(૩૯) શ્રી સીમંધર સ્વામીનું ૧૨૫ ગાથાનું સ્તવન = જેને હુંડીનું સ્તવન કહેવાય છે
(૪૦) શ્રી વીરપરમાત્માનું ૧૫૦ ગાથાનું સ્તવન = જેમાં પ્રતિમાની પૂજાદિ સિદ્ધ કરેલ છે.
(૪૧) શ્રી સીમંધર સ્વામીનું ૩૫૦ ગાથાનું સ્તવન = જેમાં સાધુજીવન અને શ્રાવક જીવનને અંગે ઉપયોગી ભાવો સમજાવ્યા છે.
(૪૨) અઢાર પાપસ્થાનકની સજ્ઝાય
(૪૩) અગિયાર અંગની સજ્ઝાય
(૪૪) અગિયાર ઉપાંગની સજ્ઝાય
(૪૫) આઠદષ્ટિની સજ્ઝાય
(૪૬) અમૃતવેલની સજ્ઝાય
(૪૭) આત્મ પ્રબોધની સજ્ઝાય
(૪૮) ઉપશમશ્રેણીની સજ્ઝાય
(૪૯) ચડતા-પડતાની સજ્ઝાય
(૫૦) ચાર પ્રકારના આહારની સજ્ઝાય
(૫૧) પાંચ મહાવ્રતોની સજ્ઝાય
(૫૨) પ્રતિક્રમણગર્ભહેતુની સજ્ઝાય
(૫૩) પ્રતિમા સ્થાપનની સજ્ઝાય
(૫૪) યતિધર્મ બત્રીશીની સજ્ઝાય
(૫૫) સ્થાપના કલ્પની સજ્ઝાય
(૫૬) સમકિતના ૬૭ બોલની સજ્ઝાય
(૫૭) જ્ઞાનક્રિયાની સજ્ઝાય
(૫૮) પાંચ કુગુરુની સજ્ઝાય
(૫૯) સુગુરુની સજ્ઝાય
(૬૦) સંયમશ્રેણીની સજ્ઝાય
(૬૧) હરિયાળીની સજ્ઝાય
(૬૨) હિતશિક્ષાની સજ્ઝાય

પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીકૃત ગુજરાતી સ્તવનો, સજ્ઝાયો તથા બીજા કેટલાક દુહાઓ વગેરે ગુજરાતી તમામ સાહિત્ય મૂળમાત્ર, 'ગુર્જર સાહિત્યસંગ્રહ' જિનશાસન રક્ષા સમિતિ, લાલબાગ મુંબઈ તરફથી પ્રકાશિત થયેલ ભાગ ૧-૨માં છપાયેલ છે. ત્યાંથી જોઈ લેવા વિનંતી છે.

આ પ્રમાણે સંસ્કૃત-પ્રાકૃતભાષામાં મૌલિકગ્રંથો, ટીકાગ્રંથો, અને અનુપલભ્ય ગ્રંથો કુલ ૮૧ તથા ગુજરાતી ભાષામાં કાવ્યમય ગ્રંથો-સ્તવનો અને સજ્ઝાયો વગેરે મળીને ૬૨ આમ કુલ ૧૪૩ શાસ્ત્રોનાં નામો 'ગુર્જર સાહિત્ય સંગ્રહ ભાગ ૧-૨'ના આધારે તથા 'યશોદોહન' આદિ પુસ્તકોના આધારે મળી શક્યાં છે. પરંતુ ભક્તિરસિક, પરોપકારપરાયણ, શાસન સમર્પિત અને શ્રુતગંગામાં લયલીન બનેલા એવા ઉપાધ્યાયજી મ.શ્રીએ બીજું પણ કેટલુંય સાહિત્ય સર્જ્યું હશે કે જેનાં નામો અને તે તે ગ્રંથો નષ્ટ થઈ ગયા હોવાથી આપણને અત્યારે મળી શકતા ન હોય આવું પણ બન્યું હોય. કારણ કે ઉપલભ્ય ગ્રંથો જોતાં તેઓશ્રી નીડરવક્તા, પ્રખરપંડિત અને સત્યમાર્ગ પ્રરૂપક હતા. તેથી શિથિલાચારીઓએ અને વિરોધીઓએ તેમના સાહિત્યનો ઘણો ઘણો નાશ કર્યો પણ હશે. એટલું જ નહીં પરંતુ ઉપાધ્યાયજી મ.શ્રીને ઘણી ઘણી મુશ્કેલીઓ પણ ઉભી કરી હોય. આમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાગે છે અને આવા કટોકટીના પ્રસંગોમાં ઘણી સમતા રાખી હશે ત્યારે જ **'અબ મોહે ઐસી આય બની, પ્રભુ તું મુજ એક ધણી'** જેવાં ભાવવાહી પદો તેઓશ્રીના મુખમાંથી નીકળેલાં આપણને મલ્યાં છે. તેના ગાનમાં જ તેઓશ્રી વધારે મગ્ન બન્યા છે.

ઉપાધ્યાયજી મ. શ્રીએ કેવલ વિદ્વદ્‌ભોગ્ય જ સાહિત્ય બનાવીને સંતોષ માણ્યો નથી. પરંતુ બાલજીવોનો પણ ઉપકાર થાય તેવી ઉત્કંઠાથી બાલભોગ્ય સાહિત્ય પણ ઘણું બનાવેલ છે અને જુદા-જુદા આનંદદાયક રાગોમાં ગુજરાતી ભાષામાં કાવ્યમય સુંદર રચનાઓ પણ કરેલી છે. દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં પૂ. ઉપાધ્યાજી મ. શ્રીએ જ કહ્યું છે કે "દેવોને અમૃત ઉપલબ્ધ હોવા છતાં દેવાંગનાઓના અધરપાનમાં જ તેઓને વધારે રસ હોય છે. તેમ મને સંસ્કૃત-પ્રાકૃત કરતાં ગુજરાતી ભાષા મારી માતૃભાષા હોવાથી તથા ઘણી પ્રિય હોવાથી તેમાં લખવાનો મને ઘણો આનંદ છે.

ક્યાં તેઓશ્રીના આયુષ્યની સીમા ? અને ક્યાં આટલી બધી જટિલ અને દુર્બોધ ગ્રંથરચના? સાથે સાથે સાધુપણાની સામાચારી સાચવી રાખવાની પણ પુરેપુરી ભાવના, ત્યાગ-તપ-ઉદાત્ત-ચારિત્ર અને સમાજની સાથેના સંબંધો જાળવીને આટલું બધું શાસ્ત્રસર્જન સરજવું. આ કંઈ નાની અને સામાન્ય વાત નથી. હૃદયમાં રહેલો વૈરાગ્ય, અધ્યાત્મરસ અને જૈનશાસનનો સાચો પ્રેમ જ દુષ્કર કાર્યને સુકર બનાવે છે. ક્યારેક ક્યારેક તો આ કવિરાજના મુખેથી એવી સુંદર સૂક્તિરૂપ પંક્તિઓ નીકળી પડે છે કે જેને વારંવાર દોહરાવવાનું જ મન થાય છે. તેવી કેટલીક પંક્તિઓ, જેમ કે—

*જ્ઞાન દર્શન ચરણગુણ વિના, જે કરાવે કુલાચાર રે,*
*લુંટીયા તેણે જન દેખતાં, કીહાં કરે લોક પોકાર રે. ૧-૩*
*વિષય રસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરુ મદપૂર રે,*
*ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે. ૧-૭*
*મન થકી મીલન મેં તુજ કીયો, ચરણ તુજ ભેટવા સાંઈ રે,*
*કીજીએ જતન જિન એ વિના, અવર ન વાંછીએ કાંઈ રે. ૧૧-૫*
*તુજ વચન રાગસુખ આગળે, નવિ ગણું સુરનર શર્મ રે,*
*કોડી કપટ જો કોઈ દાખવે, નવિ તજું તો ય તુજ ધર્મ રે ૧૧-૬*
*કોડી છે દાસ પ્રભુ તાહરે, માહરે દેવ તું એક રે,*
*કીજીએ સાર સેવક તણી, એ તુજ ઉચિત વિવેક રે. ૧૧-૮*

**સવાસો ગાથાનું સ્તવન.**

*ખંડ ખંડ પંડિત જે હોવે, તે નવિ કહીયે નાણી,*
*નિશ્ચિત સમય લહે તે નાણી, સમ્મતિની સહી નાણી. ૧-૧૩*
*નિજ ગણ સંચે, મન નવિ ખંચે, ગ્રંથ ભણી જન વંચે,*
*લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ન રહે પંચે. ધન્ય. ૧૫-૨૦*
*યોગગ્રંથના ભાવ ન જાણે, જાણે તો ન પ્રકાશે,*
*ફોગટ મોટાઈ મન રાખે, તસ ગુણ દૂરે નાસે. ધન્ય. ૧૫-૨૧*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*મેલે વેશે મહીતલ મ્હાલે, બક પરેં નીચો ચાલે,*
*જ્ઞાન વિના જગ ધંધે ઘાલે, તે કિમ મારગ ચાલે. ધન્ય. ૧૫-૨૨*
*કોઈ કહે મુક્તિ છે વીણતાં ચીથરાં, કોઈ કહે સહજ જમતાં ઘર દહીંથરાં,*
*મૂઢ એ દોય તસ ભેદ જાણે નહીં, જ્ઞાનયોગે ક્રિયા સાધતા તે સહી, ૧૬-૨૪*
*વેગલો મત હુજે દેવ મુજ મન થકી, કમલના વન થકી જિમ પરાગો,*
*ચમક પાષાણ જિમ લોહને ખેંચશે. મુક્તિને સહજ તુઝ ભક્તિ રાગો. આજ. ૧૭-૨*

**સાડા ત્રણસો ગાથાનું સ્તવન.**

*પાપ નવી તીવ્રભાવે કરે, જેહને નવી ભવરાગ રે,*
*ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે, ચેતન. ૨૧*
*દેહ, મન, વચન પુદ્ગલ થકી, કર્મથી ભિન્ન તુજ રૂપ રે,*
*અક્ષય અકલંક છે જીવનું, જ્ઞાન આનંદ રૂપ રે. ચેતન. ૨૪*

**અમૃતવેલની સજ્ઝાય.**

*ખજુઆ સમી ક્રિયા કહી, નાણ ભાણ સમ જોઈ.*
*કલિયુગ એહ પટંતરો, વિરલા બુઝઈ કોઈ. ૧૫-૪*
*નાણ પરમગુણ જીવનો, નાણ ભવન્નવપોત*
*મિથ્યામતિ તમ ભેદવા, નાણ મહા ઉદ્યોત - ૧૫-૮*

**દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ.**

जैन साईट
JAINSITE .com
जैनम् जयति शासनम्

स्वभावसुखमग्नस्य, जगत्तत्त्वावलोकिनः ।
कर्तृत्त्वं नान्यभावानां साक्षित्वमवशिष्यते ॥
परस्पृहा महादुःखं निःस्पृहत्वं महासुखं ।
एतदुक्तं समासेन, लक्षणं सुखदुःखयोः ॥

**જ્ઞાનસારાષ્ટક**

આવા પ્રકારનાં કેટલાંય પદો એવાં છે કે જે સાકર અને અમૃત કરતાં પણ વધારે મધુર છે. જેથી વારંવાર સાંભળવાનું અને ગાવાનું જ મન થાય, આવી ઉત્તમ રચના કરનાર તે ધન્ય પુરુષને લાખો લાખો વંદન.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી, અવધૂતયોગી એવા શ્રી આનંદઘનજી મ.શ્રીને આબુથી આગળ મેડતા ગામમાં અથવા તેની આસપાસના પ્રદેશમાં મળ્યા હોય એમ લાગે છે. એક અવધૂતયોગી અને બીજા પ્રખરપંડિત તથા બન્ને અધ્યાત્મરુચિ મહાત્માઓ, કેવું બન્નેનું સુંદર મીલન. તે તો તેઓશ્રીના મુખમાંથી સરી આવતી પંક્તિઓ જ કહે છે –

*આનંદઘન કહે 'જસ' સુણો બાતાં, એહીં મીલે તો મેરો ફેરો ટળે.*
*મારગ, ચલત ચલત ગાત, આનંદઘન પ્યારે, રહત આનંદ ભરપૂર*
*જશવિજય કહે સુણો આનંદઘન, હમતુમ મીલે હજુર.*
*એહી આજ આનંદ ભયો મેરે, તેરો સુખ નીરખ નીરખ.*
*આનંદઘનકે સંગ સુજસ હી મીલે, જબ તબ આનંદ સમ ભયો સુજસ.*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે પૂજ્ય યશોવિજયજી મ.શ્રીનું જીવન, નિર્મળ ચારિત્રપાલન કરવા દ્વારા, સતત્ અનુપમ શ્રુતોપાસના કરવા દ્વારા, અને જૈનશાસનની પ્રભાવના કરવા દ્વારા અત્યંત સ્વચ્છ, પવિત્ર અને યશસ્વી બન્યું હતું. ચારે તરફ તેમની વિદ્વત્તાની તથા સ્વચ્છ ચારિત્રની પ્રશંસા થતી હતી. તેઓએ વીશસ્થાનક તપની સુંદર આરાધના કરી હતી. પૂજ્ય આચાર્ય મ. શ્રી વિજયદેવસૂરીશ્વરજીએ તથા રાજનગરના જૈન સંઘે વિચાર કરીને તેમને ઉપાધ્યાય પદવી આપવાનો નિર્ણય કર્યો પરંતુ ત્યારબાદ થોડા જ સમયમાં પૂ. આ. શ્રી દેવસૂરીશ્વરજી મ. શ્રી કાલધર્મ પામ્યા. શ્રી દેવસૂરીશ્વરજી મ.શ્રીના પ્રથમ શિષ્ય પૂ. આ. શ્રી સિંહસૂરીશ્વરજી મ. શ્રી તો ૧૭૦૮માં પહેલાં જ કાલધર્મ પામ્યા હતા. તેથી ગચ્છનો બધો ભાર પૂ. આ. શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી મ. સા. ઉપર આવ્યો.

આ કારણે પૂજ્ય શ્રી યશોવિજયજી મ.શ્રીની ઉપાધ્યાયપદવી વિક્રમ સંવત ૧૭૧૮માં અમદાવાદમાં ચતુર્વિધ શ્રી સંઘની હાજરીમાં ધનજી શૂરા આદિ શ્રેષ્ઠિગણ હોતે છતે પૂ. આ. વિજયપ્રભસૂરીશ્વરજી મ. શ્રીના હાથે થઈ. તે વખતે શ્રી જૈન સંઘમાં અપૂર્વ ઉલ્લાસ પ્રવર્તતો હતો. આ ઉપાધ્યાય પદવીને પૂ. શ્રી યશોવિજયજી મ.શ્રીએ એવી દીપાવી-શોભાવી કે તેઓ ઉપાધ્યાયજી મ.ના નામે જ વધારે પ્રસિદ્ધિ પામ્યા. 'ઉપાધ્યાયજી મ. એટલે યશોવિજયજી મ. અને યશોવિજયજી મ. એટલે ઉપાધ્યાયજી મ.' ત્યારપછી આજ સુધી તેમના માટે 'ઉપાધ્યાય' એ શબ્દ પદવી માત્ર રૂપે ન રહેતાં તેમના બીજા પર્યાયવાચી નામ રૂપે જ બની ગયો.

પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીએ દિગંબરાચાર્ય શ્રી સમંતભદ્રજીકૃત આપ્તમીમાંસા ઉપર અષ્ટસહસ્રી તાત્પર્ય વિવરણ, પતંજલિ ઋષિકૃત યોગસૂત્ર ઉપર વૃત્તિ, મમ્મટ ઋષિકૃત કાવ્યપ્રકાશ ઉપર વૃત્તિ, અને જાનકીનાથ પંડિત શર્માચાર્ય કૃત 'ન્યાય સિદ્ધાન્તમંજરી' ઉપર વૃત્તિ લખી છે. આ રીતે અન્યદર્શનકારોના પણ જે ગ્રંથો ઉપયોગી લાગ્યા તેના ઉપર સુંદર સાહિત્યસર્જન કર્યું છે તથા પોતાના રચેલા ગ્રંથોમાં અમુક અમુક સ્થાનોએ યોગવાસિષ્ઠ, ઉપનિષદ્, શ્રીમદ્ભગવદ્ગીતા આદિના આધારો આપ્યા છે. આ બધું જોતાં પોતાના સંપ્રદાયથી પરશાસ્ત્રોમાં પણ જ્યાં જ્યાં હિતકારી તત્ત્વ જણાયું છે તેને વીણવામાં અને વિસ્તારવામાં તેઓ પ્રયત્નશીલ રહ્યા છે. તેમાં તેમની ઉદારતા અને ગુણગ્રાહી દૃષ્ટિ જ કારણભૂત છે. ધન્ય છે તે મહાત્મા પુરુષને.

(૧) તેઓએ શ્રાવકો સામે પણ આગમવાચના આદિ દ્વારા સુંદર અધ્યાપન કરાવ્યું હોય તેમ તેઓશ્રીનું સાહિત્ય જોતાં જણાય છે. સુરતમાં ૧૭૨૨ના ચાતુર્માસમાં રચાયેલી અગીયાર અંગની સજ્ઝાયમાં છેલ્લે કળશમાં આવો પાઠ છે –

*'માત બકાઈ' મંગલ પિતા રે, રૂપચંદભાઈ' ઉદાર'*
*માણેકશાયે કાંઈ સાંભળ્યો રે, વિધિસ્યું અંગ ઈગ્યાર ॥ ૫ ॥*
*યુગ' યુગ' મુનિ' વિધુ' વચ્છરે રે, શ્રી જશવિજય ઉવજ્ઝાયે*
*સુરત ચોમાસું રહી રે, કીધો એ સુપસાય. ॥ ૬ ॥*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૨) દોઢસો ગાથાનું ભગવાન મહાવીરસ્વામીનું સ્તવન, અમદાવાદમાં ઈંગલપુર નામના પરામાં ૧૭૩૩ના ચાતુર્માસમાં દોશી મૂલાના પુત્ર દોશી મેઘાના નિમિત્તે (ઢુંઢીયાના પંથમાંથી મૂર્તિપૂજક બનાવવાના અવસરે) બનાવ્યું હોય તેવો ઉલ્લેખ તે જ સ્તવનમાં સાતમી ઢાળની ત્રીજી અને પાંચમી ગાથામાં જોવા મળે છે –

*ઈંગલપુરમાં રહીય ચોમાસું, ધર્મધ્યાન સુખ પાયાજી,*
*સંવત સત્તર તેત્રીસ વરસે, વિજયદશમી મન ભાયાજી,*
*શ્રીવિજયપ્રભસૂરિ સવાયા, વિજય રતન યુવરાયા જી,*
*તસરાજે ભવિજનહિત કાજે, ઈમ મેં જિનગુણ ગાયા જી. ૭-૩*
*દોશી મૂલા સૂત સુવિવેકી, દોશી મેઘા હેતે જી,*
*એહ સ્તવન મેં કીધું સુંદર, શ્રુત અક્ષર સંકેતે જી.*
*એ જિનગુણ સુરતરુનો પરિમલ, અનુભવ તો તે લહેસ્યેજી,*
*ભમર પરિ જે અરથી હોઈને, ગુરુ આણા શિર વહેસ્યેજી. ૭-૫*

जैन साईट

(૩) શ્રી જંબૂસ્વામી રાસની રચના ખંભાતનગરમાં ૧૭૩૯માં થઈ.

JAINSITE.com

*ખંભનગરે થુણ્યા ચિત્તિ હર્ષે, જંબૂ વસુ[૯] ભુવન[૩] મુનિ[૭] ચંદ[૧] વર્ષે*
*શ્રી નયવિજય બુધ સુગુરુ સીસ, કહે અધિક પુરયો મન જગીશ.*

જૈનમ્ જયતિ શાસનમ્

(૪) સમુદ્રવહાણ સંવાદ = સત્તર ઢાળની લગભગ ૨૮૬ ગાથા રૂપે કાવ્યમય સુંદર આ રચના ઘોઘાબંદરે ૧૭૧૭માં કરેલી છે.

*શ્રી નયવિજય વિબુધતણો હો, સીસ ભણે ઉલ્લાસ,*
*એ ઉપદેશે જે રહે, તે પામે સુજસ વિલાસ. હરખિત. ॥ ૧૭-૧૮*
*વિધુ[૧] મુનિ[૭] સંવત જાણીયે હો, તેહ[૧૭] જ વર્ષ પ્રમાણ,*
*ઘોઘા બંદરે એ રચ્યો, ઉપદેશ ચઢ્યો સુપ્રમાણ. હરખિત. ॥ ૧૭-૧૯*

(૫) વિક્રમસંવત ૧૭૩૭માં પૂજ્ય વિનયવિજયજી મ.શ્રી રાંદેર નગરમાં ચાતુર્માસ હતા. ઘણા જ વયોવૃદ્ધ હતા, રાંદેરના સંઘે 'શ્રીપાળરાજાનો' રાસ રચવાની વિનંતી કરી. તેઓએ કહ્યું કે જો આ રાસ કદાચ અધુરો રહી જાય અને શ્રી યશોવિજયજી મ. પુરો કરવાની સમ્મતિ આપતા હોય તો શરૂ કરૂં. આવી વાત થતાં શ્રી યશોવિજયજી મ.શ્રીને રાંદેરના સંઘે ઉપરોક્ત વાત કહી, તેઓશ્રીની સમ્મતિ મળતાં શ્રી વિનયવિજયજી મ.શ્રીએ શ્રીપાળરાજાનો રાસ શરૂ કર્યો. ૭૫૦ ગાથા રચાતાં (ચોથા ખંડનો કેટલોક ભાગ રચાયા પછી) પૂજ્ય શ્રી વિનયવિજયજી મ. શ્રી કાળધર્મ પામ્યા, બાકી રહેલો રાસ રાંદેર જૈન સંઘની વિનંતિથી પૂજ્ય શ્રી યશોવિજયજી મ. શ્રીએ પૂર્ણ કર્યો. છેલ્લે કળશમાં લખ્યું છે કે –

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*'સંવત સત્તર અડત્રીસ વરસે, રહી રાંદેર ચોમાસે જી,*
*સંઘતણા આગ્રહથી માંડ્યો, રાસ અધિક ઉલ્લાસે જી. ૯*
*સાર્ધ સપ્તશત ગાથા વિરચી, તે પહોંચ્યા સુરલોકેજી,*
*તેહના ગુણ ગાવે છે ગોરી, મિલી મિલી થોકે થોકે જી. ૧૦*
*તાસ વિશ્વાસ ભાજન તસ પૂરણ, પ્રેમ પવિત્ર કહાયા જી,*
*શ્રી નયવિજય વિબુધ પયસેવક, સુજસવિજય ઉવજ્ઝાયાજી ॥ ૧૧ ॥*
*ભાગ થાકતો પૂરણ કીધો, તાસ વચન સંકેતે જી,*
*વળી સમકિતદષ્ટિ જે નર, તાસ તણે હિત હેતે જી, ॥ ૧૨ ॥*

પૂ. શ્રી હરિભદ્રસૂરિજી મ. સાહેબ આદિ પૂર્વાચાર્યોના રચેલા સંસ્કૃત પ્રાકૃત ગ્રંથોમાંથી કોઈ કોઈ ગ્રંથને ગુજરાતી કાવ્ય રૂપે બનાવીને વિદ્વદ્ભોગ્યમાંથી બાલભોગ્ય સાહિત્ય પણ આ મહાત્મા પુરુષે બનાવ્યું છે જેમ કે સમ્યક્ત્વસપ્તતિકા ઉપરથી સમકિતના ૬૭ બોલની સજ્ઝાય, અને શ્રી યોગદષ્ટિ સમુચ્ચય ઉપરથી આઠદષ્ટિની સજ્ઝાય વગેરે, તેઓશ્રીની ગ્રંથરચનામાં પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મ.સાહેબના ગ્રંથોનું અનુસરણ વધારે દેખાય છે. લખવાની શૈલિમાં પણ શ્રી હરિભદ્રસૂરિજીની છાયા વધારે જણાય છે તેથી જ શ્રી ઉપાધ્યાયજી મ.શ્રીનું ઉપનામ'લઘુ હરિભદ્રસૂરિ' તરીકે શાસનમાં પ્રસિદ્ધિ પામ્યું છે.

પૂજ્ય શ્રી યશોવિજય મ. શ્રીની આવા પ્રકારની જબરજસ્ત અદ્ભુત ગ્રંથરચના, સ્મરણશક્તિ, ધારણાશક્તિ, કવિત્વશક્તિ અને તાર્કિકશક્તિ આદિ જોઈને ભૂતકાળનો અને વર્તમાનકાળનો જૈન સમાજ તેઓને (૧) તાર્કિકશિરોમણિ (૨) લઘુહરિભદ્રસૂરિ (૩) દ્વિતીય હેમચંદ્ર (૪) યોગવિશારદ (૫) સત્યગવેષક (૬) સમયવિચારક (૭) કૂર્ચાલી શારદ (૮) મહાન સમન્વયકારક (૯) પ્રખર નૈયાયિક (૧૦) વાદિમતભંજક (૧૧) શુદ્ધ આચાર-ક્રિયાપાલક, આદિ અનેક ઉપનામોથી બિરદાવે છે.

ઉપાધ્યાયજી મ.શ્રીના સમયકાલમાં થયેલા અને ધર્મસંગ્રહના કર્તા પૂજ્ય માનવિજયજી મ.શ્રીએ આ પ્રમાણે કહ્યું છે કે –

*પ્રભવાદિક શ્રુત કેવલીજી, આગે હુઆ ષડ જિમ,*
*કલિમાંહી જોતાં થકાં જી, એ પણ શ્રુતધર તિમ.*

આ પ્રમાણે ઉપાધ્યાયજી મ.શ્રીનું જીવન ઘણું જ પવિત્ર, વૈરાગ્યવાહી, સાહિત્યોપાસક અને અત્યંત શાસન સમર્પિત હતું - તેઓશ્રી ૧૭૪૪માં વડોદરાની પાસેના ડભોઈ ગામમાં ૧૧ દિવસનું અનશન કરવા પૂર્વક સમાધિ સાથે સ્વર્ગગામી બન્યા. આજે પણ તેમના સમાધિ સ્થાને સ્વર્ગવાસના દિવસે "ન્યાયનો ધ્વનિ" સંભળાય છે. આવી કિંવદન્તી છે. અલ્પકાળમાં ઘણી જ સુંદર નામના અને સુવાસ પ્રસરાવતા ગયા. તેઓશ્રીને વારંવાર ભાવ-પૂર્વક વંદના. પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીના જીવન ચરિત્ર વિષે કેટલીક વાત કહીને હવે દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ વિષે કેટલીક સંક્ષિપ્ત વાત કહીશું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની અલ્પ રૂપરેખા :-

વિક્રમ સંવત ૧૭૦૯/૧૭૧૦ આસપાસમાં આ ગ્રંથ બનાવાયો છે. છ દ્રવ્ય, તેના સામાન્ય-વિશેષ ગુણો, સામાન્ય-વિશેષ સ્વભાવો તથા વ્યંજનપર્યાય અને અર્થપર્યાયનું વર્ણન છે. દ્રવ્યથી ગુણો અને પર્યાયો કથંચિદ્ ભિન્ન છે. કથંચિદ્ અભિન્ન છે. અર્થાત્ ભિન્ના-ભિન્ન છે તેનું યુક્તિપૂર્વક વર્ણન છે. તેમાંથી જ સપ્તભંગી થાય છે તે સમજાવીને દિગંબરામ્નાયના શ્રી કુંદકુંદાચાર્ય રચિત પ્રવચનસાર અને શ્રી દેવસેન આચાર્ય કૃત 'નયચક્ર'ની કેટલીક સમીક્ષા પણ કરવામાં આવી છે. નયો-ઉપનયો અને અધ્યાત્મ નયો સમજાવીને તેમાં જે જે અનુચિત અંશ છે તેનું દલીલો પૂર્વક નિરસન પણ કરવામાં આવ્યું છે. જૈનદર્શનમાં ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે રચાયેલા આ ગ્રંથ ઉપર પૂ. શ્રી ભોજસાગરજી કવિએ 'દ્રવ્યાનુયોગ તર્કણા' નામની સંસ્કૃત ટીકા બનાવી છે. સંસ્કૃત રચના ઉપર ગુજરાતી વિવેચનો ઘણાં હશે. પરંતુ ગુજરાતી રચના ઉપર સંસ્કૃત ટીકા થઈ હોય તો આ એક જ ગ્રંથ છે. આ ગ્રંથની કુલ ૧૭ ઢાળો છે. ૨૮૫ ગાથા છે.

जैन साईट JAINSITE .com

### પહેલી ઢાળમાં :-

મંગલાચરણ - વિષય - સંબંધ અને પ્રયોજન જણાવીને અનુયોગના ૪ ભેદ સમજાવ્યા છે. એક એક અનુયોગ પ્રધાનપણે કયા શાસ્ત્રોમાં છે તે જણાવીને દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો અતિશય આવશ્યક છે. તેના અભ્યાસ વિના ચરણકરણાનુયોગ પણ વિશિષ્ટફળદાયક થતો નથી. એમ જણાવી દ્રવ્યાનુયોગ ભણવા માટે આધાકર્માદિ દોષ કદાચ સેવવા પડે તો પણ તે દોષો યત્કિંચિત્ હોવાથી તીવ્ર દોષો ગણાતા નથી. અને આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ મનશુદ્ધિ કરાવવા દ્વારા શુક્લધ્યાનની પ્રાપ્તિ કરાવી કેવળજ્ઞાન અપાવનાર બને છે. તેથી તેના અભ્યાસ માટે ગુરુનિશ્રા-જ ઉપકારી છે. તથા તેના અભ્યાસમાં જ ઓતપ્રોત રહેવાનું ભારપૂર્વક આ ઢાળમાં સૂચન કરવામાં આવ્યું છે.

### બીજી ઢાળમાં :-

દ્રવ્ય-ગુણ અને પર્યાયની વ્યાખ્યાઓ સમજાવી આ ગ્રંથમાં શું સમજાવાશે ? તેનો વિષય જણાવ્યો છે. (૧) કથંચિદ્ભેદ (૨) કથંચિદ્ અભેદ (૩) દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપે ત્રિવિધતા અને (૪) ઉત્પાદ-વ્યય-ધ્રુવ આમ ૩ લક્ષણો, તેના ભેદો (૫) દ્રવ્યના ભેદો (૬) ગુણ-સ્વભાવના ભેદો અને (૭) પર્યાયના ભેદો આમ દ્વારો સમજાવ્યાં છે, મોતી, મોતીની માલા અને ઉજ્જ્વળતાની જેમ દ્રવ્ય-ગુણ અને પર્યાય કંઈક ભિન્ન છે. અને કંઈક અભિન્ન પણ છે. સર્વે દ્રવ્યોમાં પોત પોતાના પર્યાયો પામવાની સ્વાભાવિક રીતે જ (પારિણામિક ભાવે જ) શક્તિ રહેલી છે. કાળક્રમે પ્રગટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થતા પર્યાયોમાં રહેલી જે સામાન્ય દ્રવ્યશક્તિ તે ઊર્ધ્વતા સામાન્ય અને એકકાળે ભિન્નભિન્ન ક્ષેત્રવર્તી ભિન્ન ભિન્ન દ્રવ્યના પ્રગટ થયેલા પર્યાયમાં રહેલી જે સમાનતા તે તિર્યક્સામાન્ય શક્તિ છે.

ઊર્ધ્વતા સામાન્યના ૧ ઓઘશક્તિ અને ૨ સમુચ્ચિતશક્તિ આમ બે ભેદ છે. દૂર દૂર કારણમાં રહેલી જે કાર્યશક્તિ તે ઓઘશક્તિ અને નિકટ-નિકટતમ કારણમાં રહેલી કાર્યશક્તિ તે સમુચ્ચિત શક્તિ છે. જેમ તૃણમાં અને દૂધમાં ઘીની શક્તિ તથા અચરમાવર્ત અને ચરમાવર્તમાં ધર્મશક્તિ. આ પ્રમાણે પર્યાયો પામવાની શક્તિ દ્રવ્યોમાં સ્વયં અને સહજ છે જ. દિગંબરામ્નાયમાં ગુણમાં પણ પર્યાય પામવાની શક્તિ માનવામાં આવી છે. પરંતુ ગુણ એ પર્યાયથી ભિન્ન કોઈ વસ્તુ જ નથી કે જેથી દ્રવ્યની જેમ તેમાં શક્તિ હોય. વાસ્તવિક સ્થિતિ એ છે કે દ્રવ્યની અંદર જ ગુણોને આશ્રયી પરિવર્તન (પર્યાય) થાય છે. દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક આમ બે જ નય હોવાથી ગુણ ત્રીજો પદાર્થ જ નથી. તો ત્યાં શક્તિ કેમ મનાય ! દ્રવ્યથી ગુણ-પર્યાયોનો નીચેની પાંચ યુક્તિઓથી કથંચિદ્ ભેદ સમજાવેલ છે.

(૧) દ્રવ્ય એક છે. ગુણ-પર્યાયો અનેક છે. આમ સંખ્યાભેદ છે.

(૨) દ્રવ્ય આધાર છે. ગુણ-પર્યાયો આધેય છે. આમ આધારાધેયપણે ભેદ છે.

(૩) દ્રવ્ય (નૈયાયિકાદિ દર્શનની દૃષ્ટિએ) દ્વીન્દ્રિય ગોચર છે. જ્યારે ગુણ-પર્યાયો એકેન્દ્રિયગોચર છે. આમ ઈન્દ્રિયગોચરતાથી ભેદ છે.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૪) દ્રવ્ય-ગુણ-પર્યાય આમ નામથી ભેદ છે. આ સંજ્ઞાથી ભેદ જાણવો.

(૫) આ ત્રણેનાં લક્ષણો જુદાં જુદાં છે. આ લક્ષણથી ભેદ જાણવો.

આ રીતે બીજી ઢાળમાં દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ સમજાવ્યો છે.

### ત્રીજી ઢાળમાં :-

દ્રવ્યથી ગુણ-પર્યાયોનો કથંચિદ્ અભેદ સમજાવવામાં આવ્યો છે તેમાં નીચેની યુક્તિઓ દર્શાવવામાં આવી છે.

(૧) અભેદ ન માનીએ તો ગુણ-ગુણીભાવનો ઉચ્છેદ થાય.

(૨) સમવાયસંબંધ માનીએ તો 'અનવસ્થા દોષ' આવે.

(૩) 'જે સુવર્ણ હતું તેજ કુંડલ બન્યું છે' જે શ્યામ ઘટ હતો તે જ રક્ત બન્યો છે. આ વ્યવહાર જો અભેદ ન માનીએ તો ન ઘટે.

(૪) અવયવ-અવયવીનો (સ્કંધ અને દેશનો) જો અભેદ ન માનીએ તો બમણી ગુરુતા થવાનો દોષ આવે.

www.jainsite.com		For Private & Personal Use Only		info@jainsite.com

(૫) ભિન્ન-ભિન્ન દ્રવ્યોનો અભેદરૂપે જો એક પર્યાય બને છે તો એક દ્રવ્યનો પર્યાય તેનાથી અભિન્ન કેમ ન હોય ?

(૬) જો દ્રવ્યમાં પર્યાયોનું અભેદભાવે પણ અસ્તિત્વ ન માનીએ તો તે પર્યાયાત્મક કાર્ય શશશૃંગની જેમ અસત્ થવાથી તે કાર્ય કદાપિ થાય નહીં.

આ રીતે દ્રવ્યથી ગુણ-પર્યાયોનો અભેદ છે. નૈયાયિકો ભૂતકાળના પદાર્થને અસત્ માનીને તેના સ્મરણની જેમ અસત્‌ની ઉત્પત્તિ પણ ઘટાવે છે. પરંતુ ભૂતકાલનો પદાર્થ સર્વથા અસત્ નથી, ફક્ત તે પર્યાયાર્થિક નયથી જ અસત્ છે. દ્રવ્યાર્થિકનયથી સત્ છે. માટે સર્વથા અસત્‌ની સ્મૃતિ કે ઉત્પત્તિ થતી નથી. જો સર્વથા અસત્ વસ્તુ જ્ઞાનમાં જણાતી હોય તો કેવલ માત્ર જ્ઞાનવાદી એવા બૌદ્ધનો જ વિજય થાય. 'મેં હમણાં ઘટ જાણ્યો' એવું જે જણાય છે. તે પણ અતીતપર્યાયમાં વર્તમાનતાનો આરોપ છે. આ રીતે નૈયાયિકાદિ એકાન્તે ભેદ, સાંખ્યાદિ એકાન્તે અભેદ માને છે. અને જૈનો અપેક્ષાએ ભેદાભેદ છે. આમ કહે છે. આવી વાતો ત્રીજી ઢાળમાં કહી છે.

## ચોથી ઢાળમાં :-

આતપ અને અંધકારનું ઉદાહરણ આપીને ભેદ-અભેદ સાથે માનવામાં વિરોધ આવશે એવી શંકા ઉઠાવીને તેનો ઉત્તર આપતાં 'પુદ્‌ગલદ્રવ્યમાં જેમ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ ઇન્દ્રિય ગ્રાહ્યતાની અપેક્ષાએ' કંઈક ભિન્ન અને એકક્ષેત્રાવગાહીપણે કંઈક અભિન્ન છે. તેમ દ્રવ્ય-ગુણ-પર્યાયો ભિન્નાભિન્ન હોઈ શકે છે. તેમાં કંઈ વિરોધ આવતો નથી.

કાચો ઘટ અને પક્વ ઘટ શ્યામ અને રક્તપણે ભિન્ન છે. છતાં ઘટપણે અભિન્ન છે. દેવદત્ત નામનો પુરુષ, બાલ-તરુણભાવે ન્યારો (ભિન્ન) છે. છતાં દેવદત્તપણે અભિન્ન છે. આ રીતે જડ-ચેતન જેવા સર્વથા ભિન્ન જણાતા પદાર્થો પણ 'દ્રવ્યપણાને' આશ્રયી અભિન્ન પણ છે જ. આમ સર્વત્ર ભેદાભેદ ઉભયસ્વરૂપ હોવાથી કોઈ જાતનો વિરોધ આવતો નથી. બલ્કે હૃદયમાં 'સ્યાદ્‌વાદ' રાખીને જ બોલવાનું રહે છે.

દ્રવ્ય-ક્ષેત્ર-કાલ અને ભાવને આશ્રયી પદાર્થોના સ્વરૂપને સમજાવનારી અનેક ભંગી થાય છે. છતાં સંક્ષેપથી સર્વત્ર સપ્તભંગી જ કહેવાય છે. પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની અપેક્ષા વારા-ફરતી બદલતાં (૧)કથંચિદ્‌ભિન્ન, (૨) કથંચિદ્ અભિન્ન, (૩) કથંચિદ્ ભિન્ના-ભિન્ન, (૪) કથંચિદ્ અવક્તવ્ય, (૫) કથંચિદ્ ભિન્ન-અવક્તવ્ય, (૬) કથંચિદ્ અભિન્ન અવક્તવ્ય, (૭) કથંચિદ્ ભિન્નાભિન્ન અવક્તવ્ય. આ સુંદર સપ્તભંગીનો અભ્યાસ જેઓ કરશે. તેઓનો યશ અને કીર્તિ આપોઆપ જગતમાં વધશે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## પાંચમી ઢાળમાં :-

વસ્તુનું પરિપૂર્ણ સ્વરૂપ જણાવનારી જે જ્ઞાનદષ્ટિ તે પ્રમાણ કહેવાય છે. આ પ્રમાણ તો દ્રવ્ય-ગુણ અને પર્યાયના ભેદ-અભેદાત્મક પરિપૂર્ણ સ્વરૂપને સમજાવે જ છે. પરંતુ પ્રમાણના એક અંશભૂત એવી નયદષ્ટિ પણ વસ્તુના ભેદ-અભેદાત્મક પરિપૂર્ણ સ્વરૂપને સમજાવે જ છે. તફાવત માત્ર એટલો જ છે કે નયદૃષ્ટિમાં એક સ્વરૂપ મુખ્યવૃત્તિથી (પ્રધાનતાએ) જણાય છે. અને બીજું સ્વરૂપ ગૌણવૃત્તિથી (ઉપચારથી-લક્ષણોથી) જણાય છે. તેથી જ આ નયદષ્ટિ, એ પ્રમાણ દૃષ્ટિનો એક અંશ કહેવાય છે. દ્રવ્યાર્થિકનયની પ્રધાનતાએ અભેદ મુખ્યવૃત્તિથી અને ભેદ ગૌણવૃત્તિથી જણાય છે. તેવી જ રીતે પર્યાયાર્થિકનયની પ્રધાનતાએ ભેદ મુખ્યવૃત્તિથી અને અભેદ ગૌણવૃત્તિથી જણાય છે.

કોઈપણ નયજ્ઞાનમાં બીજા નયનો વિષય ગૌણપણે અવશ્ય જણાય જ છે. તો જ તે સુનય કહેવાય છે. જો બીજા નયનો વિષય વિવક્ષિત નયના વિષયમાં સર્વથા (ગૌણપણે પણ) ન જણાય તો તે નય દુર્નય બને છે. નયાભાસ કહેવાય છે. તેને જ મિથ્યાદષ્ટિ કહેવાય છે. આ બાબતનો વિશેષાવશ્યકભાષ્યનો અને સમ્મતિતર્કનો સાક્ષી પાઠ આ ઢાળમાં આપેલ છે. આ રીતે મુખ્યપણે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આમ બે નય છે. અને તેના ઉત્તરભેદ રૂપે નૈગમાદિ ૭ નયો છે. આવું શાસ્ત્રોમાં ઠેકાણે ઠેકાણે ઘોષિત કરેલું છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

નયોની બાબતમાં આવો ધોરીમાર્ગ હોવા છતાં પણ આવા ધોરીમાર્ગને (રાજમાર્ગને) છોડીને શ્રી દિગંબરામ્નાયમાં દેવસેનાચાર્યકૃત નયચક્રમાં ૨+૭=કુલ ૯ નવ નય, ત્રણ ઉપનય, અધ્યાત્મદષ્ટિએ નિશ્ચય-વ્યવહાર ઇત્યાદિ નયોની જે કલ્પના કરવામાં આવી છે તે શાસ્ત્ર અને યુક્તિથી વિરુદ્ધ છે માટે બરાબર નથી. તેથી આ વિષય તેઓએ તેમના શાસ્ત્રમાં જેમ લખ્યો છે. તેમ અમે અહીં પ્રથમ લખીએ છીએ. પછી તેની ચર્ચા કરીશું (તેમાં યોગ્યાયોગ્યનો વિચાર જણાવીશું) તેમના કહેવા પ્રમાણે નયચક્રમાં પ્રથમ દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ આ પ્રમાણે છે.

(૧) અકર્મોપાધિ શુદ્ધ દ્રવ્યા.
(૨) ઉત્પાદવ્યયગૌણ સત્તાગ્રાહક શુદ્ધ દ્રવ્યા.
(૩) ભેદ કલ્પના રહિત શુદ્ધ દ્રવ્યા.
(૪) કર્મોપાધિ સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા.
(૫) ઉત્પાદ વ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા.
(૬) ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યા.
(૭) અન્વય દ્રવ્યા.
(૮) સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યા.
(૯) પર દ્રવ્યાદિગ્રાહક દ્રવ્યા.
(૧૦) પરમ ભાવગ્રાહક દ્રવ્યા.

આ દશે ભેદોના અર્થો, ઉદાહરણ સાથે આ ઢાળમાં સમજાવ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## છઠ્ઠી ઢાળમાં :-

દિગંબરામ્નાય પ્રમાણે પર્યાયાર્થિકનયના ૬ ભેદ છે. તે આ પ્રમાણે –

(૧) અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયા.
(૨) સાદિ નિત્ય શુદ્ધ પર્યાયા.
(૩) અનિત્ય શુદ્ધ પર્યાયા.
(૪) નિત્ય અશુદ્ધ પર્યાયા.
(૫) કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયા.
(૬) કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયા.

પર્યાયાર્થિક નયના આ છ ભેદોનું વર્ણન કરીને નૈગમનયના ૩, સંગ્રહનયના ૨, વ્યવહારનયના ૨, ઋજુસૂત્રનયના ૨ અને શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નયના એક એક એમ કુલ સાત નયના ૩+૨+૨+૨+૧+૧+૧=૧૨ ભેદો મળીને નવનયોના ૧૦+૬+૧૨=૨૮ ભેદોનું વર્ણન આ ઢાળમાં છે આ ૨૮ ભેદોનાઃ અર્થો ઉદાહરણો સાથે અહીં સમજાવવામાં આવ્યા છે.

## સાતમી ઢાળમાં :-

દિગંબરશાસ્ત્રને અનુસારે ૩ ઉપનયો આ ઢાળમાં સમજાવ્યા છે. (૧) સદ્ભૂતવ્યવહાર ઉપનય, (૨) અસદ્ભૂત વ્યવહાર ઉપનય, (૩) ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય. આ ત્રણે ઉપનયના અનુક્રમે ૨+૯+૩ ભેદો છે. વચ્ચેના અસદ્ભૂત વ્યવહાર ઉપનયના બીજી વિવક્ષા પ્રમાણે ૯ ને બદલે ૩ ભેદ પણ છે. આ સઘળા ભેદ-પ્રભેદોનું વર્ણન આ ઢાળમાં છે.

જૈનમ્ જયતિ શાસનમ્

## આઠમી ઢાળમાં :-

અધ્યાત્મદૃષ્ટિએ નિશ્ચયનય અને વ્યવહારનય આમ બે નયોનું વર્ણન આ ઢાળમાં છે. આ પ્રમાણે દિગંબરામ્નાયને અનુસારે 'નયચક્ર' ગ્રંથમાં કહ્યા મુજબ નયો, ઉપનયો અને અધ્યાત્મનયો સમજાવીને આ ઢાળની ગાથા ૮ મીથી તેનું નિરસન કરેલ છે. તેઓએ ૭ નયને બદલે જે ૯ નયો કર્યા છે તેનું, તથા ૧૦-૬ વગેરે જે ઉત્તરભેદો કર્યા છે તેનું, તથા શાસ્ત્રસિદ્ધ નિશ્ચય વ્યવહારનયના અર્થો ત્યજીને નવા અર્થો જે કર્યા છે, તેનું અનેક પ્રકારની યુક્તિ-પ્રયુક્તિઓથી આ ઢાળમાં નિરસન કર્યું છે.

દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આમ મૂલભૂત ૨ નય છે. તેના ઉત્તરભેદ રૂપે ૭ નયો છે. તેને બદલે ૨+૭=૯ નયો કરવાથી 'વહેંચાયેલાનું વહેંચવું' આવો દોષ લાગે. જેમ જીવના બે ભેદ છે સંસારી અને મુક્ત, તેને બદલે સંસારી-મુક્ત અને જીવ આમ ત્રણ ભેદ પાડીએ તો તે ઉચિત નથી. કારણ કે સંસારી અને મુક્તમાં જ બધા જીવો વહેંચાઈ ગયા. (આવી ગયા.) પછી ત્રીજા ભેદ તરીકે જીવ લેવાથી કોઈ પદાર્થ તો બાકી રહેતો નથી. તેમ અહીં સમજવું. આ રીતે નયો માટેની તેઓની (દિગંબરોની) આ પ્રક્રિયા બરાબર નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## નવમી ઢાળમાં :-

'ઉત્પાદ-વ્યય અને ધ્રુવ' આમ ત્રિપદી સમજાવી છે. સર્વે દ્રવ્યો પ્રતિસમયે પૂર્વપર્યાયની અપેક્ષાએ વ્યયાત્મક, ઉત્તરપર્યાયની અપેક્ષાએ ઉત્પાદાત્મક અને દ્રવ્યસ્વરૂપે ધ્રુવાત્મક આમ ત્રિપદી સ્વરૂપ છે. વ્યવહારનય ભેદગ્રાહી હોવાથી પૂર્વસમયમાં વ્યય અને ઉત્તર સમયે ઉત્પાદ કહે છે. જેમ કે બારમા ગુણસ્થાનકના ચરમસમયે જ્ઞાનાવરણીયનો ક્ષય, અને તેરમાના પ્રથમ સમયે કેવલજ્ઞાન થાય છે આમ કહે છે. પરંતુ નિશ્ચયનય અભેદગ્રાહી હોવાથી એક જ સમયમાં વ્યય-ઉત્પાદ કહે છે. અને ધ્રુવ તો છે જ. બારમાનો જે ચરમસમય છે. તે જ તેરમાનો પ્રથમ સમય છે. અને તે એક જ સમયમાં જ્ઞાનાવરણીયનો ક્ષય અને કેવલજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. આમ કહે છે.

તથા જે સમયે વસ્તુ નાશ પામે છે તે એક સમયમાં જ नष्ट नश्यमान અને नंक्ष्यते કહેવાય છે. તેવી જ રીતે જે સમયે વસ્તુ ઉત્પાદ પામે છે તે એક સમયમાં જ उत्पन्न, उत्पद्यमान અને उत्पत्स्यते કહેવાય છે. એક એક સમયમાં અનંત અનંત પર્યાયોને આશ્રયી આવી રીતે અનંત વ્યય, તે જ રીતે અનંત ઉત્પાદ અને અનંત ધ્રુવત્વ છે આ વિષય સમજાવ્યો છે.

તથા ઉત્પાદના બે પ્રકાર (૧) પ્રયત્નજન્ય. અને (૨) વિશ્રસા. તે જ રીતે વ્યયના બે પ્રકાર (૧) રૂપાન્તરનાશ અને (૨) અર્થાન્તરનાશ. વળી ધ્રુવના પણ બે પ્રકાર (૧) પરિમિતકાલનું ધ્રુવત્વ (૨) ત્રૈકાલિક ધ્રુવત્વ આ ભેદ-પ્રભેદો સારી રીતે સમજાવ્યા છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

## દશમી ઢાળમાં :-

ધર્મ, અધર્મ, આકાશ, કાલ, જીવ અને પુદ્ગલ આ છ દ્રવ્યોનું વર્ણન છે. પ્રથમનાં ૩ દ્રવ્યો એક એક છે. પાછળનાં ૩ દ્રવ્યો અનંત છે. જો ધર્મદ્રવ્ય ન માનીએ તો સિદ્ધપરમાત્માની લોકાગ્રે ગતિ જે વિરામ પામે છે તે વિરામ ન પામે પરંતુ અનંત અલોકમાં અનંત ગતિ કર્યા જ કરે. જે બરાબર નથી. જો અધર્મ દ્રવ્ય ન માનીએ અને તેના વિના જીવ-પુદ્ગલની સ્થિતિ થતી હોય આમ માનીએ તો અલોકમાં પણ ક્યાંક જીવ-પુદ્ગલની નિત્યસ્થિતિ હોવી જોઈએ. આવી યુક્તિઓથી આ બે દ્રવ્યોની સિદ્ધિ કરી છે. તે બે દ્રવ્યો લોકાકાશ પ્રમાણ છે.

આકાશ પ્રસિદ્ધ જ છે. તેના પરદ્રવ્યાપેક્ષિત બે ભેદ છે. જીવ પુદ્ગલાદિના સંયોગવાળું આકાશ તે લોકાકાશ અને જીવ-પુદ્ગલના સંયોગ વિનાનું જે આકાશ તે અલોકાકાશ છે. લોકાકાશ ચારે બાજુથી પરિમિત છે અને અલોકાકાશ નિરવધિક છે. જો અલોકાકાશને સાવધિક માનીએ તો અલોકાકાશને છેડે ફરીથી આવો બીજો લોકાકાશ છે આમ માનવું પડે. તે શાસ્ત્રથી વિરુદ્ધ છે. માટે અલોકાકાશ નિરવધિક છે. કાળની બાબતમાં શ્વેતાંબર આમ્નાયમાં બે નયને આશ્રયી બે વિચારધારા પ્રવર્તે છે. એક વિચારધારા એવી છે કે જીવ-

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

પુદ્‌ગલના વર્તના-પરિણામ આદિ રૂપ જે પર્યાયો છે. તે જ કાલ છે. અર્થાત્ કાલ એ છઠ્ઠું સ્વતંત્ર દ્રવ્ય નથી. જીવ-પુદ્‌ગલોના પર્યાય સ્વરૂપ કાલ છે. તે પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર કરીને કાળને ઉપચરિત દ્રવ્ય કહ્યું છે. બીજી વિચારધારા એવી પ્રવર્તે છે કે જ્યોતિષચક્રના ચાર પ્રમાણે જણાતું અઢીદ્વીપવ્યાપી કાલ એ છઠ્ઠું સ્વતંત્ર દ્રવ્ય છે અને કાલને દ્રવ્ય માનીએ તો જ છ દ્રવ્યો છે. આવું પરમાત્માનું વચન યથાર્થ થાય. જ્યારે દિગંબરામ્નાયમાં લોકાકાશના એક એક પ્રદેશમાં એક એક કાલાણુ છે. જે ડબ્બામાં ભરેલા રેતીના દાણાતુલ્ય છે. પરસ્પર પિંડીભાવ પામતા નથી. તેથી સ્કંધ બનતો નથી માટે કાલાસ્તિકાય કહેવાતો નથી.

એક પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય તેમાં સમય જણાવવામાં આ કાલાણુ સહાયક છે. આવી માન્યતા દિગંબરસંપ્રદાયની છે ત્યારબાદ તે ઢાળમાં દિગંબરમતનું નિરસન કરેલ છે તથા જીવ-પુદ્‌ગલ દ્રવ્યોનું વર્ણન કરીને આ ઢાળ પૂર્ણ કરેલ છે.

## અગિયારમી ઢાળમાં :-

છએ દ્રવ્યોના ગુણ અને સ્વભાવોનું વર્ણન છે. 'અસ્તિત્વાદિ' ૧૦ સામાન્ય ગુણો છે. અને જ્ઞાન-દર્શનાદિ ૧૬ વિશેષગુણો છે. છએ દ્રવ્યોમાં જે વર્તે તે સામાન્યગુણ અને અમુક-અમુક દ્રવ્યોમાં જે વર્તે તે વિશેષ ગુણ કહેવાય છે. આ સર્વે ગુણોનું વર્ણન આ ઢાળમાં છે.

તથા 'અસ્તિસ્વભાવ' આદિ ૧૧ સામાન્ય સ્વભાવો છે. અને 'ચેતનતા' આદિ ૧૦ વિશેષ સ્વભાવો છે. તેમાંથી ૧૧ સામાન્યસ્વભાવોનું વર્ણન આ ઢાળમાં છે અને વિશેષસ્વભાવોનું વર્ણન ૧૨મી ઢાળમાં છે અનુવૃત્તિ-વ્યાવૃત્તિ સંબંધે ધર્મ-ધર્મીભાવની પ્રધાનતાએ સ્વભાવો કહેવાય છે અને તેને જ ઈતરપદાર્થોથી વ્યાવર્તકપણાને આશ્રયી ગુણો કહેવાય છે. પરમાર્થે બન્ને જુદા નથી. તથા ચેતનતા-અચેતનતા અને મૂર્તતા-અમૂર્તતા સામાન્યગુણમાં પણ છે અને વિશેષગુણમાં પણ છે. ચેતનતાગુણ સર્વે જીવદ્રવ્યોમાં છે માટે સામાન્ય અને જીવમાં જ છે, પુદ્‌ગલાદિમાં નથી માટે વિશેષ. આમ અચેતનતા આદિમાં પણ સમજવું.

તથા 'અસ્તિસ્વભાવ' આદિ ૧૧ સામાન્ય સ્વભાવોમાં એકએક સ્વભાવ ન માનીએ તો શું દોષ આવે ? તે સમજાવીને અગિયારે સ્વભાવો છએ દ્રવ્યોમાં માનવા જરૂરી છે. આ વાત આ ઢાળમાં સિદ્ધ કરી છે.

## બારમી ઢાળમાં :-

૧૦ વિશેષ સ્વભાવોનું વર્ણન છે. ચેતનતા આદિ આ ૧૦ વિશેષ સ્વભાવો જો ન માનીએ તો શું દોષ આવે ? તે પણ એક એક સ્વભાવ આશ્રયી આ ઢાળમાં જણાવ્યું છે તેથી ૧૦ વિશેષસ્વભાવો માનવા જરૂરી સમજાવ્યા છે. આમ ધર્મ-અધર્મ અને આકાશ આ ત્રણ દ્રવ્યોમાં ૧૬/૧૬ સ્વભાવો છે. જીવ-પુદ્‌ગલમાં ૨૧/૨૧ સ્વભાવો છે અને કાળમાં ૧૫ સ્વભાવો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## તેરમી ઢાળમાં :-

૧૧ સામાન્ય સ્વભાવો અને ૧૦ વિશેષસ્વભાવો આમ કુલ ૨૧ સ્વભાવો ઉપર નયો ઘટાવવામાં આવ્યા છે. આ એક એક સ્વભાવ કયા કયા નયથી સંભવે ? તે નયોની વિવક્ષા આ ઢાળમાં સમજાવી છે.

## ચૌદમી ઢાળમાં :-

પર્યાયોનું વર્ણન આ ઢાળમાં છે. પર્યાયના પ્રધાનતાએ ૨ ભેદ છે (૧) વ્યંજન પર્યાય, અને (૨) અર્થપર્યાય. દીર્ઘકાલવર્તી પર્યાય કે જે શબ્દો (વ્યંજનો) દ્વારા બોલી શકાય જેમ કે જીવનો મનુષ્યપર્યાય, તે વ્યંજનપર્યાય કહેવાય છે. અને ક્ષણ-ક્ષણના એક-એક સમયવર્તી પર્યાય કે જે શબ્દોથી બોલી ન શકાય પણ અર્થમાં (પદાર્થમાં) હોય જ તે અર્થપર્યાય.

તે વ્યંજનપર્યાય અને અર્થપર્યાય આમ બન્નેના દ્રવ્ય-ગુણ એમ બે બે ભેદ છે તેના પણ શુદ્ધ-અશુદ્ધ આમ બે બે ભેદ છે. એટલે ૨×૨×૨=૮ ભેદો પર્યાયના થાય છે. ધર્મ-અધર્મ-આકાશ આ ત્રણ દ્રવ્યો કે જે વ્યવહારનયથી અપરિણામી છે. તેમાં પણ નિશ્ચયનયથી આ અષ્ટવિધ પર્યાયો હોય જ છે. તેથી તે ત્રણ દ્રવ્યો પણ નિશ્ચયનયથી પરિણામી જ છે. છએ દ્રવ્યો ત્રિપદીયુક્ત હોવાથી **પરિણામી નિત્ય** છે. પણ કૂટસ્થ નિત્ય કે ક્ષણિક માત્ર નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

'જલ' પોતે નિયતાકારવાળું નથી. ઘટમાં ભરીએ તો ઘટાકારપણે બને અને તપેલામાં ભરીએ તો તપેલાના આકારે બને, તેમ ધર્મ-અધર્મ દ્રવ્યો પણ લોકાકાશવ્યાપી હોવાથી તે આકારે પરિણામ પામ્યા છે. તેથી તે દ્રવ્યોમાં પણ પર્યાય છે. તથા ગતિ-સ્થિતિ-અવગાહના કરતા જીવ-પુદ્ગલોને સહાયક થવાના પર્યાયમાં આ ત્રણે દ્રવ્યો વર્તે છે તેથી પણ પરિણામી છે.

## પંદરમી ઢાળમાં :-

'જ્ઞાનગુણ' એ જીવનમાં ઉદ્યોત-પ્રકાશ લાવનાર છે. અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરનાર છે. ભવસાગરમાં જહાજ સમાન છે. જ્ઞાન વિનાની ક્રિયા ખજુઆ સમાન છે અને ક્રિયા વિનાનું જ્ઞાન સૂર્યસમાન છે. જ્ઞાનગુણ યુક્ત ક્રિયાસંપન્ન જે મુનિઓ છે તે ધન્ય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે જે ગીતાર્થનિશ્રાએ વિહાર કરે છે તે મુનિઓ પણ ધન્ય છે. જે જ્ઞાનમાર્ગ પ્રાપ્ત કરવાની ઉપેક્ષા કરીને અજ્ઞાનમાં જ રચ્યા-પચ્યા રહેતા છતા કપટપૂર્વક ક્રિયા કરી માન વહન કરે છે તે નિર્દોષ માર્ગ નથી. જ્ઞાનદશાની ઉપેક્ષા કરી સ્વતંત્રપણે વિચરતા અને બાહ્યભાવમાં જ રાચતા મુનિઓને આ ઢાળમાં ઘણો ઉપાલંભ આપ્યો છે. જે ખરેખર ભાવથી મનન કરવા જેવો છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સોળમી ઢાળમાં :-

'દ્રવ્યાનુયોગ'નું જ્ઞાન એ સામાન્ય નથી. આ તો બ્રહ્માણી છે અર્થાત્ પરમાત્મા વીતરાગદેવની પવિત્ર વાણી છે. માટે ગીતાર્થ ગુરુઓ પાસે જ ભણવાનું કહ્યું છે ભણ્યા પછી પણ તુચ્છબુદ્ધિવાળાને આવા ગંભીર મહાન અર્થવાળા અનુયોગ ભણાવવા નહીં એવી આજ્ઞા કરી છે. કારણ કે સામાન્ય માણસને કિંમતી વસ્તુ આપવાથી વસ્તુની કિંમત ઘટે છે. તે જીવને આવી મહામૂલ્યવાન વસ્તુઓની કિંમત હોતી નથી. આવા પ્રકારના ગંભીર અર્થવાળા દ્રવ્યાનુયોગના ઘણા ભાવો તો કેવલી ભગવાન જ જાણે છે. છતાં સંક્ષેપમાં ગુરુગમથી અને અનુભવબળથી કેટલાક ભાવો આ ગ્રંથમાં વર્ણવ્યા છે આવો દ્રવ્યાનુયોગ ભણવાથી પાપની શ્રેણી નાશ પામે છે. મુક્તિ પટરાણી પ્રાપ્ત થાય છે. તલને જેમ ઘાણી પીલે તેમ ઘનઘાતી કર્મો પીલાય છે. તથા દુર્જન માણસો આવા ગ્રંથો જોઈને ટીકા-નિંદા અવશ્ય કરશે જ. કારણ કે જેને જ્ઞાનરુચિ નથી તે નિંદામાં જ મસ્ત હોય છે. તો પણ જ્ઞાનરુચિ એવા સજ્જન જીવોથી આ ગ્રંથ પણ જૈનશાસનમાં જરૂર પ્રતિષ્ઠા પામશે.

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## સત્તરમી ઢાળમાં :-

પૂજ્ય ગ્રંથકારશ્રી ઉપાધ્યાયજી મહારાજશ્રીએ પોતાની યશસ્વી ગુરુ પાટપરંપરા વર્ણવી છે. અકબર બાદશાહના પ્રતિબોધક ૧૬મા સૈકામાં થયેલા પૂજ્ય જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ.સાહેબના શિષ્ય- વર્ગમાં આચાર્યોના નામો જણાવીને પછી પૂજ્ય શ્રીકલ્યાણવિજયજી મ.સા.થી ઉપાધ્યાયનાં નામો જણાવીને તેમાં થયેલા પૂજ્ય શ્રીજિતવિજયજી મ.શ્રીના લઘુ ગુરુભાઈ શ્રી નયવિજયજી મ.શ્રીના વિનીતશિષ્ય શ્રી યશોવિજયવાચકની આ ગ્રંથરચના છે. આમ કહીને જે ગુરુકૃપાથી કાશીમાં ન્યાયશાસ્ત્રાદિ ભણવાની તથા દુર્બોધ એવા ન્યાયચિંતામણિ ગ્રંથના અભ્યાસની પ્રાપ્તિ થઈ. તે ગુરુપરંપરાનો ઉપકાર માની ગ્રંથ સમાપ્ત કરેલ છે.

આ પ્રમાણે આ ગ્રંથમાં તથા તેની એક એક ઢાળમાં શું શું વિષય આલેખાયો છે. તેની સામાન્ય રૂપરેખા આ સમજાવી છે. આ જ વિષય દિગંબરામ્નાયમાં પ્રવચનસાર અને નયચક્ર આદિ ગ્રંથમાં છે. પરંતુ તેમાં કેટલીક જે કલ્પનાઓ માત્ર કરવામાં આવી છે તે બરાબર નથી. તેથી આ ગ્રંથમાં તેની સમીક્ષા કરવામાં આવી છે. ગ્રંથકારશ્રીએ આ જ વિષયને સંસ્કૃતભાષામાં સમજાવતો **'અનેકાન્ત વ્યવસ્થા'** નામનો ગ્રંથ પણ બનાવ્યો છે. ગ્રંથકારશ્રીએ શ્રી વિશેષાવશ્યકભાષ્ય, સમ્મતિતર્ક, પ્રમાણનયતત્ત્વાલોક અને અનુયોગદ્વાર આદિ પૂર્વાચાર્યરચિત ગ્રંથોનો આધાર લઈને આ અપૂર્વ ગ્રંથરચના કરી છે. ગુજરાતી ભાષામાં કાવ્યરૂપે સુંદર અને રસપ્રદ એવી આ રચના છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## આ ગ્રંથ ભણવાની પ્રેરણા :-

શ્રી મહેસાણા પાઠશાળામાં મેં વિક્રમ સંવત ૨૦૦૪ થી ૨૦૧૦ સુધી કુલ ૭ વર્ષ સુધી સંસ્કૃત-પ્રાકૃત તથા ધાર્મિક કેટલાક ગ્રંથોનો અભ્યાસ કર્યો પરંતુ દ્રવ્યાનુયોગના ગ્રંથોનો અભ્યાસ કરવાનો યોગ ત્યાં આવ્યો ન હતો. વિક્રમ સંવત ૨૦૧૨માં અમદાવાદમાં આવવાનું થયું. ત્યાં ઉજમફઈની ધર્મશાળામાં વિક્રમ સંવત ૨૦૧૩માં પૂજ્ય આચાર્યદેવ શ્રી **ચંદ્રસાગરસૂરીશ્વરજી** મ.સા. ચાતુર્માસ હતા. તેઓશ્રીની નિશ્રામાં પૂજ્ય સાધુભગવંતોને તથા પૂજ્ય મૃગેન્દ્રશ્રીજી મ. સા. આદિ સાધ્વીજી મ.શ્રીઓને પંડિતવર્ય શ્રી **શાન્તિલાલ કેશવલાલ શાહ** આ રાસનું વિવેચન સમજાવતા હતા. આચાર્ય મહારાજશ્રીએ મને આ ધાર્મિક વર્ગમાં બેસવાનું સૂચન કર્યું ત્યારે સૌથી પ્રથમ મને આ ગ્રંથનો યત્કિંચિત્ સ્પર્શ થયો.

ત્યારબાદ પંડિતજી શ્રી શાન્તિભાઈ પાસે મેં આ ગ્રંથનો પદ્ધતિસર અભ્યાસ કર્યો. તેઓશ્રીની અંદરથી વાત્સલ્યભરી અમૃતસરખી પણ બહારથી કંઈક કડવી લાગતી વાણીથી કંઈક વિશેષ અર્થ-બોધ થયો. પરંતુ તેઓની જ પ્રેરણાથી અમારી પાઠશાળામાં જ આ પાઠ ભણાવવાનો મેં ચાલુ કર્યો. તેમાં તેઓશ્રી લગભગ દરરોજ આવતા. આ રીતે તેઓશ્રીની પાસેથી મને આ ગ્રંથ કંઈક વધારે સમજાયો. વારંવાર ભણાવવાથી અને શ્રી શાન્તિભાઈની પુરેપુરી કૃપાદૃષ્ટિથી તથા વર્ગમાં ભણવા આવતાં બુદ્ધિશાળી પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓની સહાયથી આ ગ્રંથ કંઈક અંશે હું જાણી શક્યો છું. આ સમયે આ સર્વેનો હું ઉપકાર તથા આભાર માનું છું.

## વિવેચન લખવાની પ્રેરણા :-

પાઠશાળામાં વારંવાર આ ગ્રંથ ભણાવવાથી અંતઃસ્ફુરણા થઈ કે જો આ ગ્રંથનું વિવેચન લખી શકાય તો ઘણું સારૂં થાય. વળી આ વર્ગમાં અભ્યાસ કરતા પૂજ્ય સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓએ પણ વારંવાર ઘણી જ પ્રેરણા કરી કે આ ગ્રંથનું વિવેચન સરળભાષામાં તૈયાર કરો. તથા આ વર્ગમાં પ્રતિદિન સાંભળવા આવતા થરાદનિવાસી શેઠશ્રી રસિકલાલ કાળીદાસ વોરા, શેઠ શ્રી બાબુભાઈ મોહનલાલ તથા સંઘવી શ્રી પ્રવિણભાઈ વાઘજીભાઈ આદિએ પણ વારંવાર વિશેષ પ્રેરણા કરી. છેલ્લા ૭-૮ વર્ષોથી એટલે કે વિક્રમ સંવત ૨૦૫૨-૨૦૫૩ થી જ આ ગ્રંથ ઉપર વિવેચન લખવાનું શરૂ કરેલું. પરંતુ બીજાં કેટલાંક કારણોસર આ લખાણનું કામકાજ ધીમું પડી ગયેલું. છેલ્લા બે વર્ષોથી એકધારી આ વિવેચન તૈયાર કરવામાં મહેનત કરી છે. ગ્રંથ લાંબો અને કંઈક કઠીનાઈ ભર્યો હોવાથી વિવેચન પણ કંઈક લાંબુ થઈ ગયું છે. કારણકે શક્ય બની શકે તેટલી ભાષાની સરળતા અને વિષયને સમજવા-સમજાવવામાં વધારે સ્પષ્ટતા કરવા પ્રયત્ન કર્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## સંદિગ્ધ અર્થો ઉકેલવામાં ઉપકારી પુરુષો :-

કોઈ કોઈ ગાથાઓ ઘણી જ દુર્ગમ છે. જેમ કે નવમી ઢાળની ગાથા ૧૧-૧૨ અને ૧૩ તથા સ્વોપજ્ઞ ટબામાં તો ઘણી પંક્તિઓ અત્યન્ત દુર્ગમ છે. વારંવાર બેસાડવા છતાં તેમાં કહેલો વિષય સ્મૃતિ અને ધારણા બહાર ચાલ્યો જાય છે. તેથી આવી ગાથાઓના ભાવાર્થો તથા ટબાની કઠીન પંક્તિઓના અર્થો ઉકેલવામાં પૂ. આ. મ. શ્રી ચંદ્રગુપ્તસૂરીશ્વરજી મ. સા., પૂજ્ય આ. મ. શ્રી શીલચંદ્રસૂરીશ્વરજી મ. સા., પૂજ્ય આચાર્યદેવશ્રી જયસુંદરસૂરીશ્વરજી મ.સા. તથા પૂજ્ય શ્રી યશોવિજયજી ગણિવરજી આદિ મુનિ ભગવંતો તથા પૂજ્ય સાધ્વીજી મ.શ્રી શીલવર્ષાશ્રી મ.સા (લીંબડાના ઉપાશ્રયવાળા) આ મહાત્માઓએ મારા ઉપર ઘણો જ ઉપકાર કર્યો છે. અત્યન્ત વાત્સલ્યભાવથી વિષય સ્ફુટ કરીને મને સમજાવવા તેઓશ્રીએ પ્રયત્ન કર્યો છે. તથા જરૂરી સાહિત્ય સામગ્રી પણ પુરી પાડી છે. આ સમયે આ સર્વે ઉપકારી મહાત્માઓને ભાવપૂર્વક વંદના કરી તેઓશ્રીનો ઉપકાર સ્વીકારવા પૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

## પ્રકાશનમાં સહયોગ :-

ગ્રંથ મોટો છે. અર્થવિવેચન ઘણું લાંબું છે. પ્રકાશન ખર્ચ પણ સવિશેષ છે. છતાં આ કાર્ય સહેલાઈથી સમાપ્ત થયું છે. આ ગ્રંથ જેમ જેમ લખાતો જતો હતો તથા જેમ જેમ છપાતો જતો હતો ત્યારે નીચેના મહાત્મા પુરુષોએ તથા અમેરિકામાં વસતા તત્ત્વજિજ્ઞાસુ ભાઈ-બહેનોએ યથાયોગ્ય કોપીઓ નોંધાવીને પ્રકાશનકાર્યમાં સુંદર સહયોગ આપેલ છે. પહેલેથી જ કોપીઓ નોંધાવી સહકાર આપી વિવેચન લખવામાં મને ઉત્સાહિત કરવા બદલ આ અવસરે તે સર્વેનો પણ હું આભાર માનું છું.

(૧) આ. શ્રી સુરેન્દ્રસૂરીશ્વરજી જૈન તત્ત્વજ્ઞાન શાળા - અમદાવાદ
પૂજ્ય ગચ્છાધિપતિ આ. મ. શ્રી રામસૂરીશ્વરજી મ. સા.(ડહેલાવાળા)ની પ્રેરણાથી (૫૦ કોપી)

(૨) પરમ પૂજ્ય આચાર્ય, મ. શ્રી યશોવિજયસૂરીશ્વરજી મ. સા. (૧૦૦ કોપી)

(૩) પ. પૂ. આચાર્ય, મ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મ.સા. તથા પૂ. કલ્યાણબોધિવિજયજી મ. સા. (૨૦૦ કોપી)

(૪) પરમ પૂજ્ય આ. શ્રી જયંતસેનસૂરીશ્વરજી મ. સા. (ત્રિસ્તુતિક) (૧૦૦ કોપી)

(૫) પરમ પૂજ્ય ગણિવર્ય શ્રી સાગરચંદ્રસાગરજી મ.સા. (૧૫૦ કોપી)

(૬) શ્રી કીરીટભાઈ દફતરી પરિવાર (૧૦૦ કોપી) વેક્કો, યુ.એસ.એ.

(૭) દેવયાની ચંદ્રકાન્તભાઈ શાહ. શામ્બર્ગ, યુ.એસ.એ. (૧૦૦ કોપી)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**૫૦ તથા તેથી ઓછી યથોચિત કોપીઓ નોંધાવીને**
**નીચેના ભાઈઓ-બહેનોએ સાથ સહકાર આપેલ છે.**

(૧) શ્રી રમણીકભાઈ ગોહેલ તથા રસિલાબેન. સન્ફ્રાન્સીસકો, યુ.એસ.એ. અમેરિકા
(૨) એક સાધર્મિક મુમુક્ષુભાઈ-યુ.એસ.એ. એલ એ. અમેરિકા
(૩) શ્રી રાજેન્દ્રભાઈ અને ગીતાબેન મોદી (ખેડાવાળા) સન્ફ્રાન્સીસકો., યુ.એસ.એ.
(૪) વત્સલાબેન ચંપકલાલ ડાહ્યાલાલ શાહ (સુસ્મિતાબેન) જૈનસ્ટ્રીટ, વાપી. તથા યુ. એસ. એ.
(૫) કિરીટ આર. શાહ-રાલે., નોર્થ કેરેલા, યુ.એસ.એ.
(૬) શ્રી રમેશભાઇ અમુલખભાઇ થરાદવાળા (યુ. એસ. એ.)
(૭) થરાદનિવાસી વોરા કાળીદાસ ત્રિકમભાઇ (હ. : આર. કે.)

**બીજી કેટલીક સહાયકતા**

પરમ પૂજ્ય ગ્રંથકાર શ્રી યશોવિજયજી મ.સા. ના જીવનચરિત્રને લગતા ૮ થી ૧૦ સારા અને સુંદર ફોટાઓની કોપી આપી આ પુસ્તકની શોભા વધારનાર પાલીતાણામાં બીરાજમાન પ. પૂ. આ. મ. શ્રી ભદ્રસેનસૂરીશ્વરજી મ. સા. નો પણ આ અવસરે આભાર માનું છું. જેઓશ્રીએ પૂજ્ય ઉપાધ્યાયજી મ. સા. ના જીવન વિષેના ૧૦ ફોટાઓ આ પુસ્તકમાં છાપવા માટે લાગણીપૂર્વક આપ્યા છે. તથા કોબામાં પૂજ્ય કલ્યાણસાગરસૂરીશ્વરજી અને પૂજ્ય પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ના સદુપદેશથી થયેલ જૈન પુસ્તકાલયની લાયબ્રેરીએ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની હસ્તલેખિત આખી પ્રતની ઝેરોક્ષ કોપી કાઢી આપીને ગ્રંથ સુધારવામાં સહાયકતા કરી આપી છે. તે બદલ પૂ. આ. મહારાજશ્રીનો તથા કોબા જૈન પુસ્તકાલયનો (અને તેઓના કર્મચારીઓનો) પણ આભાર માનું છું.

અર્થો લખવામાં, વિવેચન વિસ્તારવામાં ઘણો જ ઉપયોગ રાખ્યો છે. બહુ જ કાળજી અને સાવધાનીપૂર્વક કામકાજ કર્યું છે. એટલા માટે જ આ પુસ્તકનું ચાર વાર પ્રુફરીડીંગનું કામ પણ મેં પોતે જાતે જ કર્યું છે. તથા લખીને તૈયાર થયેલા મેટરને પણ પૂજ્ય સાધ્વીજી મ. **શ્રી શીલવર્ષાશ્રીજી** મ.શ્રીએ (કે જેઓ સુંદર અભ્યાસી છે તથા અનેક સાધ્વીજી મ.શ્રીઓને ન્યાયના વિષયો ભણાવે છે. તેઓએ) ઘણી જ ચોકસાઈપૂર્વક સુધારી આપ્યું છે. આમ છતાં ઉપયોગની શૂન્યતાએ તથા છદ્મસ્થપણાના કારણે જે કંઈ ભૂલચૂક રહી ગઈ હોય તે બદલ સકલસંઘ સમક્ષ ક્ષમા માગું છું. તથા જે કોઈ ભૂલ જણાય તે તુરત મને જણાવવા કૃપા કરશો કે જેથી બીજી આવૃત્તિમાં સુધારો કરી શકાય.

સુંદર ટાઈપસેટીંગ તથા વ્યવસ્થિત છાપકામ બદલ 'ભરત ગ્રાફીક્સ-અમદાવાદ' પ્રેસના માલિક શ્રી ભરતભાઈ, મહેન્દ્રભાઈ તથા તેમના સ્ટાફનો પણ આભાર માનું છું.

**એજ લિ.**
**ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**
ફોન : (૦૨૬૧) ૨૬૮૮૯૪૩

૭૦૨, રામસા ટાવર, અડાજણ પાટીયા,
સુરત-૩૯૫૦૦૯ Gujarat, (India)
તા. ૨૨/૧૨/૨૦૦૪, મૌન એકાદશી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

''દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ''

નામના આ મહાગ્રંથના

વિવેચન વિષે આવેલા

મહાત્મા પુરુષોનાં

આશીર્વાદ વચનો

તથા

વિદ્વાન પંડિતોના

અભિપ્રાયો....

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્રવ્યગુણપર્યાયની વિભાવના

પૂજ્ય શ્રી ઉપાધ્યાયજી મહારાજાની સાહિત્ય-શાસ્ત્રયાત્રામાં આવતાં અનેક (જ્ઞાત-અજ્ઞાત-૧૪૩) તીર્થો પૈકીનું એક તીર્થ એટલે **દ્રવ્યગુણપર્યાયનો રાસ.**

પદ્યબદ્ધ નોખી અનોખી કૃતિ કહી શકાય, ગુજરાતી માતૃભાષામાં રચાયેલી હોવા છતાં કઠિન હોવાથી તે ભાવોને સ્પષ્ટ કરવા માટે ગ્રંથકારશ્રીએ પોતે જ (સ્વોપજ્ઞ) ગુજરાતી ટબો (સ્તબક) રચી દીધો. તો પણ આ કૃતિને સમજવા પંડિતજનો પણ માથું ખંજવાળે? તીક્ષ્ણ બુદ્ધિ બન્યા વિના સામાન્યજન માટે તો આ કૃતિ દુર્ગમ અને દુર્બોધ ગણી શકાય.

પ્રભુશાસનના સિદ્ધાંતને પૂર્વમહાપુરુષોએ ૪ વિભાગમાં વિભાજિત કરેલ, તેમાં સૌથી કઠિન વિભાગ એટલે દ્રવ્યાનુયોગ. સર્વ અનુયોગોમાં પ્રધાન-સર્વ અનુયોગોનો રાજા. એટલે દ્રવ્યાનુયોગ. આ દ્રવ્યાનુયોગના વિષયને સમજવા માટે ઉપયોગી આકરગ્રંથો સૂયગડાંગસૂત્ર, સંમતિતર્ક, તત્ત્વાર્થ વગેરે છે.

દ્રવ્યાનુયોગમાં મુખ્યવિષય છે આ જગતના દૃશ્ય-અદૃશ્ય છ દ્રવ્યો (ગુણપર્યાયનો આધાર, ત્રણે કાલે એક સ્વરૂપે રહે તે દ્રવ્ય) તથા તેના સહભાવી (યાવદ્ દ્રવ્યભાવી) અનંતા ગુણો અને ક્રમભાવી (અયાવદ્ દ્રવ્યભાવી) અનંતા પર્યાયો. પ્રત્યેક પદાર્થો દ્રવ્યગુણપર્યાય સ્વરૂપ જ હોય છે. તેથી ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ ત્રિપદીમય પણ છે.

દ્રવ્ય-ગુણ-પર્યાય, આમ આ ત્રણ પદાર્થની તલસ્પર્શી-સર્વગ્રાહી-ચરમબિંદુની વિભાવના જો થઈ જાય, તો લોકાલોક હસ્તામલકવત્ પ્રત્યક્ષ દીસે. પરંતુ આવી સર્વોત્કૃષ્ટ વિભાવના આપણા જેવા સામાન્ય જીવો માટે યોજનોનાં યોજનો દૂર છે. છતાં, પ્રયત્ન સાધ્ય એવી આ વિભાવનાનો મહાપુરુષોએ કંડારેલી કેડી જેવા કેટલાક ગ્રંથોથી રસાસ્વાદ ચાખી શકાય છે. તેમાં પણ આ ઉપાધ્યાયજી મહારાજનો બનાવેલો દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ તો વિભાવના માટેનો વિષયપ્રવેશ કરાવનારો મૌલિક ગ્રંથ કહી શકાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા ગ્રંથની તાત્ત્વિક વિભાવના આપણી મેઘા-પ્રજ્ઞા-બુદ્ધિને સતેજ અને સૂક્ષ્મ બનાવે છે. તેથી ગૂઢ અને ગહન શાસ્ત્રોના રહસ્યને પામવા સમર્થ બની શકાય છે.

જો કે આવા ગહન-શ્રમસાધ્ય વિષયોના અભ્યાસુઓ અલ્પ હોય છે. આજથી ૨૫ વર્ષ પહેલાં તો આ ગ્રંથનો પ્રચાર નહિવત્ હતો. પરંતુ **પં. શ્રી શાંતિભાઈ** તથા **પં. શ્રી ધીરૂભાઈ** જેવા કેટલાક સુજ્ઞ આત્માઓ ખાસ કરીને આ ગ્રંથને સ્વાધ્યાયમાં લાવ્યા છે. આજે ઘણા સાધુ-સાધ્વીજીઓ પણ આ ગ્રંથના અભ્યાસી બન્યા છે અને તેઓ આ ગ્રંથ અન્ય સાધુ-સાધ્વીજીઓને ભણાવે પણ છે.

આ ગ્રંથ ઉપર જુદા-જુદા ૨-૩ અન્ય વિવેચનો પણ ઉપલબ્ધ છે. પં. શ્રી ધીરૂભાઈએ કરેલ વિવેચન વિસ્તારની દૃષ્ટિએ તથા આધુનિક સંદર્ભમાં દાખલા-દૃષ્ટાંતો-યુક્તિઓ પૂર્વકનું હોઈ સરલતાની દૃષ્ટિએ પૂર્વના વિવેચનો કરતા અલગ તરી આવે તેવું છે. તેમણે ગ્રંથમાં રહેલી કઠિનતા-ગહનતાને સરલ કરી આ ગ્રંથને વધુ અધ્ય-યનોપયોગી બનાવેલ છે. ૭૦ વર્ષની વયે પણ તેમનો અધ્યયન-અધ્યાપન પ્રત્યેનો ઉદ્યમ-ઉત્સાહ-અપ્રમત્તતા આદિ ગુણો સાધુજનો માટે પણ અનુકરણીય અને અનુમોદનીય છે. તેમણે કરેલા પ્રયત્નની અનુમોદના કરી સાધુવાદ આપુ છું.

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પ્રભુ શ્રી પાર્શ્વ જન્મકલ્યાણક દિન
પોષ દશમી, સં. ૨૦૬૧,
ગોપીપુરા, સુરત.

**વિજયરામસૂરિ (ડહેલાવાળા)**
**તથા જગચ્ચંદ્રસૂરિ**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

॥ अर्हम् नमः ॥

# मंगल कामना के दो शब्द

मुझे यह जानकर प्रसन्नता हुई कि सरस्वती के वरद पुत्र न्यायविशारद महामहोपाध्याय श्री यशोविजयजी म. रचित **द्रव्य गुण पर्याय रास** का संपादन एवं विवेचन समर्थ जैन विद्वान् **पं. श्री धीरजलाल डाह्यालालभाई महेता** ने किया हे । ग्रंथ के रचनाकार महामहोपाध्याय श्री प्रसिद्ध-प्रखर विद्वान थे । काशी के विद्वान् पंडितोंने जिनको अभिनंदित किया है। जिसकी साहित्य-काव्य-न्याय-दर्शन आदि साहित्य की रचना अद्वितीय है । तदुपरांत बालजीवों को तत्त्व का बोध सरलता से हो सके इस भावना से लोकभाषा में भी रास-चउपाई-स्तवन-पद-सज्झाय आदि की रचना करके महत् उपकार किया है । उनकी रचनाएं तत्त्वसभर एवं भावपूर्ण है । शब्द की रचना अपूर्व प्रकार की है। रचनाओं में प्रभु को पाने की प्यास छिपी है । संयम रस के आनंद का भाव भी पदों में व्यक्त किया है। वे अपने समय के प्रभावक एक महापुरुष थे । चलते-फिरते विश्व विद्यालय जैसे थे । द्रव्य-गुण-पर्याय रास उनकी श्रेष्ठ रचना है । आत्मद्रव्य की परिपूर्णता का परिचय इस ग्रन्थमें मिलता है । भिन्न-भिन्न दृष्टिकोण से आत्मादि द्रव्य-गुण और उसके पर्याय को समझाने का सुंदर प्रयास किया गया है । अलग अलग ढालों में द्रव्यार्थिक -पर्यायार्थिक नयों के द्वारा दार्शनिक दृष्टि से द्रव्य-गुण-पर्याय का सुंदर निरुपण किया है। आत्मा और आत्मा से संबंधित गुण-पर्याय के अस्तित्व का बोध यह ग्रन्थ देता है । सम्यक् विचारों से समृद्ध-सुसज्जित यह ग्रन्थ है । ग्रन्थ के स्वाध्याय करनेवाले व्यक्ति को अपूर्व स्वाद की अनुभूति प्रदान करता है । मुझे विश्वास है कि यह ग्रन्थ तत्त्व-जिज्ञासु आत्माओं की प्यास को बुझायेगा ।

इस ग्रन्थ के विद्वान् विवेचक **पं. श्री धीरजलालभाई महेता** ने बहुत सुंदर सरल तरीके से ग्रन्थ के तत्त्व रहस्य को समझाने का प्रयास किया है, जो अभिनंदनीय है । वे स्वयं अच्छे लेखक एवं विवेचनकार हैं । देश-विदेश में अनेक आत्माओं को ज्ञानामृत का पान करा रहे हैं । स्वभाव से विनम्र-ज्ञान दान में उदार आचारसंपन्न धार्मिक शिक्षक हैं । इस ग्रन्थ के लिए किया गया उनका प्रयास सफल हो यही मंगल कामना.... ।

**आचार्य पद्मसागरसूरि**

दि. १६-१-२००५

JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# સર્જક અને સર્જનનો સરવાળો

પરમાત્માની અને પરમાત્માના શાસનની એક વિશિષ્ટ બલીહારી કહો કે પૂન્યાઈ કહો, જે સમયે જેવા વ્યક્તિત્વવાળા નોખા-અનોખા મહાપુરુષની જરૂર હોય છે તે સમયે તે પુરુષનો અવતાર શાસનની પુણ્યાઈથી થઈ જતો હોવાથી શાસનનું નાવડુ અબાધિત પણે આગળ વધતું જ રહે છે. આ. ભ. શ્રી હરિભદ્રસૂરિજી, આ. ભ. શ્રી હેમચંદ્રસૂરિજી, આ. ભ. શ્રી હીરવિજયસૂરિજી..... જેવા ધુરંધરો નિયત અને જરૂરી સમયાંતરે થયા છે.

આ. શ્રી હરિભદ્રસૂરિજી પછી લગભગ હજાર વર્ષ બાદ આવા જ ધુરંધર ઉપા. શ્રી યશોવિજયજી મ. થયા. જેમણે કુમતોના અપપ્રચારો, વલ્લભાચાર્ય જેવાના શ્રૃંગારપ્રધાન ધર્મની પ્રરૂપણા, પ્રતિમા વિરોધીઓના હુમલાઓ, ચૈતન્યવાસીઓના શિથીલાચાર વિ. અનેકવિધ પડકારોનો જબ્બર સામનો કરી શાસ્ત્રીય અને સત્યમાર્ગની પ્રરૂપણા અને આચરણા દ્વારા જિનશાસનની આબાદીને ચાર ચાંદ લગાવ્યા હતા.

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

દીક્ષા બાદ ૧૧ વર્ષ નયવિજયજી ગુરૂ પાસે ભણ્યા. ધનજી સૂરાના આર્થિક લાભથી, પંડિતોના રોજના ૧ રૂા. પગારથી ત્રણ વર્ષ કાશીમાં ભણ્યા, 'ન્યાયવિશારદ' બન્યા. બાદ ચાર વર્ષ આગ્રામાં પંડિતો પાસે રહી તર્કશાસ્ત્રોનો તલસ્પર્શી અભ્યાસ કરી તાર્કિકશીરોમણી બન્યા. કુલ ૧૮ વર્ષ સુધી જૈન-જૈનેતર તમામ ધર્મનો સાહિત્યિક અને દાર્શનિક અભ્યાસ કર્યો. ન્યાય-વૈશેષિક-સાંખ્ય-બૌદ્ધ-જૈમિની વિ. ના સિદ્ધાંતોનો અભ્યાસ કરી 'વિબુધચુડામણી' બન્યા. અમદાવાદ રાજનગરમાં અષ્ટાવધાન કરી મોગલ સુબાઓને આશ્ચર્યમાં ગરકાવ કરી દીધા. 'કુર્ચાલસરસ્વતીના' બિરૂદને ધારણ કરનારા યશોવિજયજીને ૧૭૧૮માં વાચક + ઉપાધ્યાય પદથી અલંકૃત કરાયા.

સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં તેમણે અઢળક સાહિત્યનું સર્જન કર્યું. કોઈપણ દર્શન કે કોઈપણ વિષય તેમનાથી વણખેડાયેલો ન હતો. જૈન તર્કભાષા જેવા ગ્રંથો રચી જૈનેતરના તર્કસંગ્રહ વિ. ગ્રંથોની ખોટ પૂરી હતી. નયપ્રદીપ-નયરહસ્ય, ન્યાયાલોક-ન્યાયખંડનખંડખાદ્ય અષ્ટસહસ્રીતાત્પર્ય વિવરણ-જેવા તાર્કિક ગ્રંથો રચી પોતાની તર્ક શક્તિની ઉત્કૃષ્ટ ખીલાવટને જગત સમક્ષ મૂકી હતી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

'રહસ્ય' પદથી અંકિત ૧૦૦ જેટલા ગ્રંથોની રચના કરી (જે રચવાની ઈચ્છા તેમણે ભાષા રહસ્ય નામક ગ્રંથમાં વ્યક્ત કરી છે) જૈનદર્શનને ન્યાયના વિષયમાં ટોચ ઉપર બિરાજીત કરવાનું યશસ્વી કાર્ય કર્યું હતું. તેમના સમકાલીન થયેલા લાભાનંદજી (આનંદઘનજી) મહારાજાના સહવાસથી તર્ક સાથે તેમની આધ્યાત્મિક અનુભૂતિની ચેતના પણ સોળે કળાએ ખીલી ઉઠી હતી.

તેમના જ શબ્દોમાં :–

**ભવ ખપાઈ સુજસ વિલાસ, ભયે સિદ્ધ સ્વરૂપ લીયે ધસમસ,**
**આનંદઘન કે સંગ સૂજશ હી મિલે જબ, તબ આનંદસમ ભયો સજસ....**

આવી અધ્યાત્મ ચેતનામાંથી જ અધ્યાત્મસાર-જ્ઞાનસાર-અધ્યાત્મોપનિષદ્ જેવા ગ્રંથોના નિષ્યંદો, સર્જન થયા છે. બાકી અધ્યાત્મ વગરના તર્કમાં શુષ્કતા અને જડતા આવી જતાં વાર નથી લાગતી.

ઉપા. યશોવિજયજી મ. ઉપર 'ગુરૂકૃપા' ની મહેર તો હતી જ. સાથે જ માઁ સરસ્વતીની મહેર પણ અપરંપાર હતી. "ऐँ" આ મંત્રના બીજાક્ષરથી માતા સરસ્વતીએ તુષ્ટ થઈને ગંગાનદીના કાંઠે તેમને તર્ક-કાવ્યનું વરદાન આપ્યું હતું. ભારતીની આ કૃપાથી તેમનું બુદ્ધિબળ-તેમની વિચક્ષણતા આસમાને પહોંચી હતી. આ સરસ્વતીદત્ત મંત્રકૃપાને જીવંત રાખવા માટે જ તેઓ પોતાના દરેક ગ્રંથોની રચનાનો પ્રારંભ "ऐँद्र" શબ્દાંતગર્ત "ऐँ" શબ્દથી કરતા.

કૃપાબળ અને બુદ્ધિબળના જોરે ઉપાધ્યાયજીએ સંસ્કૃત-પ્રાકૃત અને ગુજરાતી ભાષામાં અઢળક સાહિત્ય સર્જન કર્યું. તેમના સર્જનમાં સૂક્ષ્મતા, સ્પષ્ટતા અને સમન્વયતાનો સુભગ સમાગમ દિવા જેવો સ્પષ્ટ દેખાય છે. એક બાજુ વિદ્વાનોને પણ સમજાવવામાં ભેજાનું દહીં થઈ જાય તેવા તર્ક ભરપૂર ગ્રંથો સર્જન કરવા, તો બીજી બાજુ અભણ માણસો પણ સરળતાથી ગાઈ શકે, અધ્યાત્મ ભક્તિમાં ભીંજાઈ શકે, એવા સરળ ગુજરાતી ભાષાબદ્ધ સ્તવનોના સર્જન કરવા..... આ જ તેમની કોઈક વિશિષ્ટ વિશેષતા હતી.

ગુર્જરભાષાનાં સ્તવનો, કાવ્યો, અધ્યાત્મિક પદો, ગીતો ઉપરાંત રાસોની રચના પણ તેમને રસાળ શૈલીમાં કરી છે જેનાથી સર્વતોવ્યાપ્ત તેમની વિદ્વતા પ્રગટ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપાધ્યાયજીએ અનેક રાસોની સાથે "દ્રવ્યગુણપર્યાયનો રાસ" આ નામના ગ્રંથનું બેનમુન સર્જન કરીને તો કમાલ કરી છે. સામાન્યતયા રાસનો અર્થ થાય છે કે "ચારિત્રના માધ્યમે કથાનાયકોના ગુણગાન કરવા." અહી રાસનો આ અર્થ નથી. અહી કોઈનું ચરિત્ર નથી કે કોઈ ચરિત્રનાયક નથી અહીં તો બુદ્ધિને કસે એવા કર્કશ પદાર્થોનું ગુર્જર કાવ્યમાં પદ્યમય સચોટ અને સરળ નિરૂપણ છે. દ્રવ્યાનુયોગના ભરપૂર પદાર્થોને રાસના બિબામાં ઢાળવાના કપરા કાર્યની જહેમત ઉઠાવવાનું પહેલું બીડુ ઉપાધ્યાયજી મ.શ્રીએ જ ઝડપ્યું લાગે છે.

તર્ક સંબદ્ધ પદાર્થોને ગુર્જર કાવ્યમાં ઓછામાં ઓછા શબ્દોમાં વધુમાં વધુ બોધ થાય અને કોઈ પદાર્થના રહસ્યોને અન્યાય ન થાય અર્થાત છૂટી ન જાય એ રીતે પદ્યનિબદ્ધ કરવા એ કોઈ નાની સુની વાત નથી.

ગુરુકૃપા અને માઁ સરસ્વતીની કૃપાથી અશક્ય લાગતું આ સર્જન શક્ય બન્યું છે. આજે પરિસ્થિતિ એવી છે કે ગુર્જર ભાષાનિબદ્ધ આ રાસના અભ્યાસુઓ પણ જૂજ છે. ગુજરાતી રાસને પણ સમજવો ઘણુ કઠણ કાર્ય લાગે છે. પંડિતવર્ય **શ્રી ધીરૂભાઈ** જેવા શાસનપ્રેમી, આચારસંપન્ન અને શાસ્ત્ર-સંનિષ્ઠ વિદ્વાનો આજે જૈન સંઘના ગૌરવરૂપ છે. જેઓ દેશ-વિદેશમાં આવા ઉંચા ગ્રંથોના અધ્યાપન દ્વારા જ્ઞાનદાનના માધ્યમે જબરજસ્ત શાસનસેવા કરી રહ્યા છે. સમાજનું-સાધુ-સાધ્વીજી ભગવંતોનું જ્ઞાનસ્તર ઉચું લાવવાનો ભગીરથ પ્રયાસ તેઓ વર્ષોથી કરી રહ્યા છે. આ કાર્ય માટે તેમને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. કારણ કે બહારથી અનેક ક્ષેત્રે ખૂબજ સમૃદ્ધ લાગતો આપણો આ જૈન સંઘ જ્ઞાનના ક્ષેત્રે ખૂબ જ દરિદ્ર હોય એવું અચૂક લાગે છે. ત્યારે ઉચ્ચ ગ્રંથોના અધ્યાપનનું તેઓનું આ કાર્ય ઘણું અનુમોદનીય અને સરાહનીય બની શકે છે.

તેમણે 'દ્રવ્યગુણપર્યાયનો રાસ' આ ગ્રંથનું અધ્યયન કર્યું. અનેક ગુરૂભગવંતોને અધ્યાપન કરાવ્યું. વિદેશમાં રહી સમયનો સદુપયોગ કરી તેના ઉપર વિવેચન તૈયાર કર્યું. અનેક વિદ્વાન ગુરૂભગવંતો પાસે શંકાના નિવારણાદિ દ્વારા લખાણનું સંમાર્જનાદિ કર્યું અને કરાવ્યું. પ્રૂફો વિગેરે જોયા. સૈકાઓ સુધી ઉપયોગી બની રહે એવા એક અમૂલ્ય ગ્રંથરત્નની ભેટ આજે તેઓ સંઘના કરકમલોમાં ધરી રહ્યા છે તે ઘણો જ આનંદનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શાસનદેવ તેમને દીર્ઘ આયુષ્ય અને પૂર્ણ સ્વાસ્થ્ય અર્પણ કરે, કે જેના દ્વારા હજી તેઓ ઉત્તરોત્તર વિશિષ્ટ ગ્રંથોના સંશોધન-સંપાદન-સર્જન કરી સંઘના જ્ઞાનવારસાને સમૃદ્ધ કરી શકે.

અમારા પૂજ્ય ગુરુદેવશ્રી **આ. વિજયહેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા**ની પ્રેરણાથી ચાલતા શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટને તેઓના આવા જ્ઞાનવર્ધક કાર્યો ઉપર પહેલેથી જ પૂર્ણ સદ્ભાવ છે. તેઓના આવા સર્જનકાર્યમાં ટ્રસ્ટ યથાયોગ્ય સહયોગ આપી કૃતાર્થ બની રહ્યું છે.

પ્રાંતે એટલું જ કહીશ, કે કઠણ લાગતા અને નામ સાંભળીને જ ગભરાટ ઉભો કરતા આ 'રાસ'નું વિવેચન જ્યારે થઈ જ ચુક્યું છે. તેનાથી કઠણ લાગતો ગ્રંથ ઘણો સરળ થઈ ગયો છે. ત્યારે અનેક જ્ઞાનપિપાસુ આત્માર્થી આત્માઓ આ ગ્રંથનો અભ્યાસ કરી સૂક્ષ્મબોધ દ્વારા મતિને પરિકર્મીત કરે, આત્માને શુદ્ધ કરે અને શીઘ્ર શુદ્ધ દ્રવ્યગુણપર્યાયના આસામી બને એજ એક અંતરની અભ્યર્થના.....

जैन साइट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

પિંડવાડા
કા. સુ. ૧, સં, ૨૦૬૧

પૂ. આ. વિ. હેમચંદ્રશિશુ
પં. કલ્યાણબોધિવિજયજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# દ્રવ્યાનુયોગની મહત્તા

મહામહોપાધ્યાય શ્રી યશોવિજયગણિવિરચિત **'દ્રવ્યગુણપર્યાયનો રાસ'** ગુજરાતી ગ્રન્થ પંડિતવર્ય **શ્રી ધીરુભાઈ** આલેખિત વિવેચનથી અલંકૃત બની સુંદર રીતે સમ્પાદિત થઈને પ્રકાશિત થઈ રહ્યો છે, તે અત્યંત હર્ષદાયી ઘટના છે.

દ્રવ્યાનુયોગના નામે કે નિશ્ચયનયના નામે કે પછી છેતરામણી આત્મદ્રવ્યની સિદ્ધિના નામે જિનાજ્ઞા નિરપેક્ષ ભળતી જ વાતો શાસ્ત્રીયતાની રંગે રંગીને આજે ઘણે સ્થાને પ્રચારિત થવાથી જ્યારે અનેક ધર્માર્થીઓ ગુમરાહ બની રહ્યા છે ત્યારે સાચા ધર્માર્થી જ્ઞાન-પિપાસુઓને માટે આ ગ્રન્થ અંધારામાં પ્રકાશ પાથરશે.

જૈન શાસનમાં જ્ઞાન-ક્રિયાના સમન્વયથી મોક્ષની પ્રાપ્તિ ભાખેલી છે. શ્રી દશવૈકાલિક સૂત્રમાં 'पढमं नाणं तओ दया' એવું માર્મિક સૂચન ઉપલબ્ધ છે. નવપદની ઢાળમાં પણ 'પ્રથમ જ્ઞાનને પછી અહિંસા' 'શ્રી સિદ્ધાન્તે ભાખી' એમ કહ્યું છે. જ્ઞાન વગરની માત્ર ક્રિયા આંધળી છે અને ક્રિયાશૂન્ય જ્ઞાન પાંગળું છે. તેથી નિષ્કર્ષ એ થાય છે કે મોક્ષપ્રાપ્તિ માટે બંનેનો (નહીં કે ગમે તે એકનો) ઉચિત સમન્વય જોઈએ. જોઈએ ને જોઈએ જ. બન્નેનો સમન્વય જ મોક્ષસાધક છે.

**(અ)** કઠીયારાનું કામ કરવા માટે કુઠાર તો જોઈએ જ. કુઠાર એટલે કે જે ઘન નક્કર લોહાગ્રનો ભાગ છે તે આગળ, -એની પાછળ હાથો પણ હોવો જોઈએ. એકલા હાથાથી કે એકલા લોહાગ્રથી કાષ્ઠ છેદન ન થાય. બેનો ઉચિત સમન્વય એટલે કાષ્ઠ તરફ લોહાગ્ર અને પાછળ પકડવાનો હાથો હોવો જોઈએ. હાથામાં હાથ દ્વારા બળ પૂરાય તે લોહાગ્રમાં પહોંચે અને તે બળનો પ્રયોગ કાષ્ઠ ઉપર થાય એટલે કાષ્ઠ છેદાય. **(બ)** તથા ઘરમાં સાફસૂફી કરવા માટે પ્રકાશની (જ્ઞાનની) હયાતીમાં સાવરણી (ક્રિયા)નો પ્રયોગ કરવો પડે. એકલા પ્રકાશ કે પ્રકાશની ગેરહાજરીમાં એકલી સાવરણીથી અપેક્ષિત સાફસૂફી ન થાય. 'પ્રથમ જ્ઞાન અને પછી ક્રિયા' એ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંક્તિનું હાર્દ આ છે કે સાવરણી ફેરવતી વખતે પ્રકાશ પાથરવો જોઈએ-હોવો જોઈએ. પહેલી વયમાં માણસ પ્રકાશ પાથર્યા કરે અને પાછલી વયમાં માત્ર સાવરણી ફેરવ્યા કરે એવો અર્થ જરા પણ સંગત નથી. તાત્પર્ય એ છે કે જ્ઞાન અને ક્રિયા બંને સમસામયિક હોવા જોઈએ. પરંતુ જેમ ઘોડાગાડીમાં ઘોડો પહેલા અને પછી ગાડી જોડી હોય તો સવારી સારી થાય અને ઇચ્છિત સ્થાને શીઘ્ર પહોંચાય. એમાં પહેલાં એકલો ઘોડો આગળ ચાલે અને પાછળ ઘોડાથી દૂર એકલી ગાડી ચાલ્યા કરે એવું બનવાનું નથી. બંનેએ ચાલવાનું તો સમકાળે જ છે. ઘોડો આગળ ભાગે અને ગાડી પાછળ ઊભી રહે તો ગાડીમાં બેઠેલા ઠેરના ઠેર રહી જાય. 'પ્રથમ જ્ઞાન ને પછી ક્રિયા' આ શાસ્ત્રકથનને આ રીતે વિચારવાથી તેનું ખરું હાર્દ પામી શકાશે. સદા બન્નેનો સહયોગ જ રહેવો જોઈએ.

શાસ્ત્રોમાં ઘણા ઠેકાણે કહ્યું છે કે વાણી (કે લેખન) ક્રમિક હોય છે. એક સાથે બધું સમકાળે કહી નંખાતુ નથી. ઘોડા-ગાડીનું વર્ણન કરવાનું હોય તો ક્રમશઃ પહેલાં પાનાના પાના ભરીને ભાગ-૧ રૂપે ઘોડાનું વર્ણન થાય અને પછી ભાગ-૨માં પાનાના પાના ભરીને ગાડીનું વર્ણન થાય. કદાચ બે ગ્રન્થના નામ જુદા પડે એકનું નામ 'અશ્વ' હોય, બીજાનું નામ 'ગાડી' હોય. પણ સૂક્ષ્મબુદ્ધિ પરીક્ષક સમજી શકે છે કે આ બન્ને ગ્રન્થ ભેગા થઈને એક સમન્વિત 'ઘોડાગાડી'નું વર્ણન કરે છે. પરીક્ષક એ પણ સમજી શકે છે કે આ રીતે બોલવામાં, લખવામાં કે વાંચવામાં ભલે ઘોડા-ગાડીનો કાળ ભિન્ન ભિન્ન હોય, પણ તેના વપરાશ વખતે ઘોડો અને ગાડી બંનેને એક સાથે જ પ્રયોજવાનાં છે. ઓપરેટ કરવાનાં છે. અલગ અલગ કાળમાં નહીં.

જ્ઞાન-ક્રિયાનું પણ એવું જ છે– એના વ્યુત્પાદક ગ્રન્થો ભલે અલગ અલગ હોય પણ મોક્ષપ્રાપ્તિ માટે બંનેને સાથે જ પ્રયોજવાના છે. એકલા જ્ઞાનને કે એકલી ક્રિયાને કે બંનેને પરસ્પર નિરપેક્ષ પ્રયોજવાથી મોક્ષ ન જ મળે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજે ચરણ-કરણાનુયોગને દર્શાવનારા માર્ગપરિશુદ્ધિ, યતિધર્મસમુચ્ચય વગેરે ઘણા ગ્રન્થો રચ્યા છે. તે ગ્રન્થોમાં ચારિત્રક્રિયા-ચરણકરણાનુયોગની મહત્તા સ્થાપિત કરી છે. જ્યારે દ્રવ્યાનુયોગના ગ્રન્થોમાં દ્રવ્યાનુયોગની મહત્તા સ્થાપિત કરી છે. એટલે દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં પહેલી ઢાળમાં દ્રવ્યાનુયોગના પુષ્કળ ગુણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાયા છે. એને સર્વોપરિ જણાવ્યો છે. આ એક નયદેશના છે. વાચકવર્ગ જો અનેકાન્તવાદથી નિરપેક્ષપણે પહેલી ઢાળ વાંચશે તો તે નયવાદ ન સમજવાના કારણે ગેરમાર્ગે દોરાય તેવો સંભવ છે. પછી એ વાચકવર્ગ દ્રવ્યાનુયોગ પર ચઢી જઈને ક્રિયાયોગને ફેંકી પણ દે અથવા ક્રિયાયોગના આરાધકોને તુચ્છ દૃષ્ટિથી જોવા માંડે તો એવાને આ દ્રવ્યાનુયોગના અભ્યાસથી કંઈ લાભ નહીં થાય.

જ્ઞાન-ક્રિયા બંને સમન્વિત રીતે ઉપયોગી હોવા છતાં પણ જેમ ઘોડો ચાલે એ રીતે ગાડીને ચાલવાનું છે, નહીં કે ગાડીને સ્વતંત્રપણે ચાલવાનું હોય, એ રીતે જ્ઞાન-ક્રિયા બંને ઉપયોગી હોવા છતાં **સમ્યગ્જ્ઞાન દોરે એ રીતે ક્રિયા કરવાની છે**—એટલે જ શાસ્ત્રકારોએ ચરણકરણાનુયોગ કરતાં દ્રવ્યાનુયોગની મહત્તાના ગુણગાન કર્યા છે.

આ પરમાર્થ હૃદયમાં રાખીને સૌ કોઈ જિજ્ઞાસુ આરાધક પુણ્યાત્માઓ મુક્તિમાર્ગે પ્રગતિ કરવા માટે આ ગ્રન્થનો સુંદર અભ્યાસ કરી આત્માને કર્મના ભારથી હળવો કરે એ જ પવિત્ર ભાવના. આ ગ્રન્થના વિવેચક **પંડિત શ્રી ધીરુભાઈને** તથા તેમાં સહાયક બનનારાં સાધ્વીજીઓ વગેરે સૌને શત શત અભિનંદન... **શિવમસ્તુ સર્વજગતઃ**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**લિ. શ્રી જયસુંદરસૂરિ**
**વડોદરા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અરિહંત પદ ધ્યાતો થકો,
# દવ્વહ-ગુણ-પજ્જાયો રે

પરમ કૃપાળુ પરમાત્મા શ્રી મહાવીર મહારાજાના શ્રીમુખે ત્રિપદીને પામી શ્રી ગૌતમસ્વામીજી આદિ અગ્યારેય ગણધરોએ અંતર્મુહૂર્ત માત્રમાં જ ચૌદપૂર્વ સમેત સમસ્ત દ્વાદશાંગીની રચના કરી. પરમાત્માએ પોતાની કૈવલ્ય દૃષ્ટિથી એને પરિપૂર્ણ સુંદર જાણી-જોઈ એના પર પ્રામાણિકતાની મહોરછાપ મારી. તીર્થ પ્રવર્તન થયું. શ્રુત એના વહનનું અમોઘ સાધન બન્યું.

સમગ્ર શ્રુતમાં ચાર-ચાર અનુયોગો સમાયેલ હતા. જે ભાવિકાલીન શ્રમણોની પ્રજ્ઞા-હીનતાને લક્ષમાં લઈ યુગપ્રધાન, સાધિક નવ પૂર્વધર પૂ. શ્રી**આર્યરક્ષિતસૂરીશ્વરજી** મહારાજાએ પૃથક્ પૃથક્ કરી આપ્યા. આ ચાર અનુયોગો છે. (૧) દ્રવ્યાનુયોગ (૨) ચરણકરણાનુયોગ (૩) ગણિતાનુયોગ (૪) ધર્મકથાનુયોગ.

**દ્રવ્યાનુયોગમાં** નવતત્ત્વ, ષડ્દ્રવ્ય, લોક, કર્મ, અધ્યાત્મ, યોગ, ધ્યાન, લેશ્યા જેવા ગહન પદાર્થોનો સમાવેશ થાય છે.

**ચરણકરણાનુયોગમાં** આત્માને કર્મથી જુદો કરી સહજ સ્વરૂપને પામવા જરૂરી ચારિત્રાચાર-ક્રિયામાર્ગનો મુખ્યત્વે સમાવેશ થાય છે.

**ગણિતાનુયોગમાં** ક્ષેત્રનાં માપો, કાળનું સ્વરૂપ વગેરે ગણિત સંબંધિ ઝીણવટભરી માહિતિઓનો સમાવેશ થાય છે. જ્યારે–

**ધર્મકથાનુયોગમાં** વિવિધ કથાઓ, પ્રસંગો, દૃષ્ટાંતો, ઉદાહરણો, ઉપમાઓ આદિ દ્વારા ધર્મોપદેશ કરાતો હોય છે.

જીવવિશેષને આશ્રયીને તે તે અનુયોગ દ્વારા ધર્માચાર્યો તે તે જીવને પ્રતિબોધ કરી આત્મકલ્યાણના માર્ગે ચડાવતા-ચલાવતા હોય છે. **અનુયોગ એટલે વ્યાખ્યાન પદ્ધતિ.** વ્યાખ્યાન-વિવેચન કરવાની શૈલિવિશેષ.

આ ચારેય અનુયોગોમાં 'દ્રવ્યાનુયોગ' કઠણતાની દૃષ્ટિએ અવ્વલ નંબરે છે. એમાં સમજવા-સમજાવવામાં બુદ્ધિને ખૂબ કસવી પડે છે. મતિજ્ઞાનાવરણીય તેમજ શ્રુતજ્ઞાનાવરણીય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મનો સવિશેષ ક્ષયોપશમ જેમનો હોય એવા જ સાધકો આ અનુયોગમાં પ્રગતિ સાધી શકે છે. સમ્યગ્દર્શનની વિશિષ્ટ કક્ષાની શુદ્ધિને કરનાર આ અનુયોગ હોવાથી ચારિત્રી આત્માઓને દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવા માટે શાસ્ત્રકારોએ કેટલીક વિશિષ્ટ છૂટછાટો પણ આપેલી છે. તેનાથી પણ આ અનુયોગનું મહત્ત્વ સ્પષ્ટ થાય છે.

દ્રવ્યાનુયોગ એટલે દ્રવ્યનો અનુયોગ. જગતમાં જેટલાં પણ દ્રવ્યો છે તેમનું દરેક નય-નિક્ષેપા-પ્રમાણ આદિના પરિપ્રેક્ષ્યમાં સાંગોપાંગ જ્ઞાન પ્રાપ્ત કરવું-કરાવવું.

નવપદની આરાધનામાં પ્રથમ શ્રી અરિહંતપદને આરાધતા આરાધકો એક દુહો બોલે છે–

**"અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ-ગુણ-પજ્જાયો રે,**
**ભેદ-છેદ કરી આતમા, અરિહંતરૂપી થાયો રે."**

આ દુહો દ્રવ્ય-ગુણ-પર્યાય અંગે વાત કરે છે. 'અરિહંત'-દ્રવ્યમાં દ્રવ્યપણું કયું? એના ગુણ કયા? અને એના પર્યાયો કયા? એ બધું જાણી, તેનું ધ્યાન ધરી, અરિહંત અને પોતાના આત્માનો ભેદ જાણી તે ભેદનો છેદ કરવાથી જ આત્મા પોતે અરિહંતરૂપી થાય છે. આ એનો પરમાર્થ છે.

દ્રવ્યાનુયોગનું સ્થાન દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણવા પુરતું છે. એનું ધ્યાન ચરણકરણાનુંયોગમાં સમાવેશ પામે છે. એ ધ્યાનથી જ અરિહંત અને સ્વની વચ્ચેનો ભેદ છેદાય છે. અને આત્માની અરિહંત સ્વરૂપ પ્રાપ્તિ એનું અંતિમ ફળ છે. એ પ્રાપ્ત કરવા માટે જ દ્રવ્યાનુયોગને જાણવાનો છે.

પૂ. ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ, લઘુહરિભદ્ર ઉપમા પ્રાપ્ત, કલિકાલમાં શ્રુતકેવળીના જ્ઞાનનું સ્મરણ કરાવનાર, મહામહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજે દ્રવ્યાનુયોગના અર્ક સમો દ્રવ્ય-ગુણ-પર્યાયનો જ્ઞાનના નિચોડ સમો રાસ ગુજરાતી ભાષામાં બનાવ્યો છે. તેજ આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ છે. આ ગ્રંથની મહત્તા એટલી બધી વિશિષ્ટ છે કે ગુજરાતી એવા આ ગ્રંથનો અનુવાદ **પંડિત ભોજસાગરે** સંસ્કૃતમાં કર્યો. **દ્રવ્યાનુયોગ-તર્કણા** નામે એ ગ્રંથ પૂ. ઉપાધ્યાયજી મહારાજના પુરૂષાર્થને સો-સો સલામી ભરે છે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજની આ કૃતિ ભલે ગુજરાતીમાં, ગેય ઢાળીયા રૂપે રચાયેલ છે પણ એની પંક્તિએ-પંક્તિ વિદ્વાનોને માથાં ડોલાવવાં પડે તેવી નક્કર છે. એઓ શ્રીમદ્ના ગંભીર આગમ-ઉદધિના ઊંડા અવગાહન બાદ, સ્વદર્શનના રહસ્યોથી પરિણત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થયેલ માર્ગાનુસારી બુદ્ધિના ઉદ્ભવ બાદ, ન્યાયગ્રંથ, દર્શનગ્રંથ, કાવ્યગ્રંથ, વ્યાકરણગ્રંથ આદિ અનેકાનેક જ્ઞાન-વિજ્ઞાન શાખાના મૂળ સુધી પહોંચીને સંપ્રાપ્ત કરેલ વિશિષ્ટ પ્રતિભાના પ્રકાશ બાદ રચાયેલ અનેક કૃતિ પૈકીની આ એક કૃતિ છે.

આમાં સર્વનયાત્મક, પ્રમાણ પુરસ્કૃત, શ્વેતાંબર જૈન મત માન્ય સિદ્ધાંતોનું જબરદસ્ત મંડન છે. આ મંડન કરવા માટે એમણે અગાધ શ્વેતાંબર આગમરાશિમાંથી કિંમતી રત્નોનો સહારો લીધો છે. તેમ જ દિગંબર ગ્રંથકારોની અને અજૈન દર્શનકારોની વિધવિધ વિષયક પંક્તિઓનો પણ ઉપયોગ કર્યો છે. આમ કરવા છતાં એ અધૂરા અપ્રમાણ મિથ્યાદર્શનોને અને તેમના દર્શનાનુયાયીઓની મોટી વાતોને ક્યાંય ટેકો ન મળી જાય તેની પૂરતી કાળજી પણ રાખી છે.

આ રાસગ્રંથ દ્રવ્યાનુયોગમાં પ્રવેશ કરવા માટે દ્વાર તુલ્ય હોઈ સાધકો અનુકૂળતા મેળવી એનો અભ્યાસ કરતા આવ્યા છે. જૂજ જ સંખ્યામાં એનો અભ્યાસ કરાવતા પ્રજ્ઞાપુરુષો મળે છે. તેમ અભ્યાસકોની સંખ્યા પણ જૂજ જ હોય છે. છતાં પણ આમાં જે પડે છે તે જ આનો આસ્વાદ માણી શકે છે. સૂરિપુરંદર પૂ. આ. શ્રીમદ્ **હરિભદ્રસૂરીશ્વરજી** મહારાજા સમ્યગ્દર્શન માટે સુખારંભ શબ્દ પ્રયોજે છે. તો સમ્યગ્દર્શનની સવિશેષ શુદ્ધિ-નિર્મળતા કરનારા આવા ગ્રંથોના અવગાહનથી તો એ સુખમાં કેટલી ગણી વૃદ્ધિ થતી હશે તે તો અનુભવી જ જાણી-માણી શકે છે.

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ રાસ ગ્રંથની ગહનતા જોઈ પૂ. ઉપાધ્યાયજી મહારાજે જ એના ઉપર ટબા (સ્તબક-બાલાવબોધ)ની એટલે કે ગુજરાતી ટીકાની સમ્યગ્રચના કરી સ્વકૃત પદ્ય કૃતિનો પરમાર્થ ગદ્યમય શૈલીમાં ખોલી આપ્યો છે છતાં એ પણ મધ્યમ બુદ્ધિ-સાધકો માટે દુરુહ બનતાં એના પર જૂદાં જૂદાં વિવેચનો-ભાષાંતરો પણ લખાયાં છે. જેની અનેક આવૃત્તિઓ આ પૂર્વે બહાર પડેલી છે. પ્રકાશિત થયેલી છે.

આમ છતાં **પંડિતવર્ય શ્રી ધીરુભાઈએ** બુઝર્ગ ગણી શકાય એવી વયે જ્ઞાનનો સતત પુરુષાર્થ જારી રાખી આ વિદ્વદ્ભોગ્ય રાસ-ગ્રંથ પર સુવિસ્તૃત વિવેચન લખી અનુમોદનીય કાર્ય કર્યું છે.

છેલ્લા કેટલાક વર્ષોથી ચતુર્વિધ શ્રીસંઘને તેઓ પોતાની જ્ઞાનલક્ષ્મીનો સુંદર લાભ આપી રહ્યા છે. અધ્યાપન ક્ષેત્રે કાર્ય કરતાં કરતાં જે જે મુશ્કેલીઓનો સામનો અભ્યાસુ વર્ગને કરવો પડે છે તેનો અનુભવ તેમને થતાં એ મુશ્કેલીઓ ઓછી થાય એવા ઉદ્દેશથી તેઓ વર્ષોથી અભ્યાસ ગ્રંથોના સરળ વિવેચનો-ભાષાંતરો કરી સંઘ સમક્ષ ધરતા આવ્યા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એનાથી તેમને જ્ઞાનભક્તિનો ઉત્તમ લાભ મળવા સાથોસાથ અભ્યાસુ વર્ગને પણ અભ્યાસનું એક આધારભૂત આલંબન સાંપડે છે.

ગ્રંથ આકર છે, પદાર્થ ગહન છે, નય-નિક્ષેપા-ન્યાયની પ્રાચીન અને નવ્યશૈલીનો પ્રચુર ઉપયોગ છે. વિવિધ દર્શન શાસ્ત્રોના પદાર્થો અને ઉદાહરણો આદિથી સભર છે. તેથી એનું ભાષાંતર અને વિવેચન કરવું એ કાર્ય સહેલું તો નથી જ. તે તે વિષયોનું સુંદર જ્ઞાન, તેનો પરમાર્થ કાઢવાની વિરલ આવડત અને વિદ્વત્શેખરો સુધીના વાચકો માટે રસાળ છતાંય સરળ બની રહે એવું વિવેચન કરવાની ક્ષમતા. આવી અનેકવિધ આવડત હોય તો જ આ કામ શક્ય બની શકે છે.

વૃદ્ધવયમાં પણ દેવ-ગુરુની કૃપા ઝીલી તેઓએ આ સઘન પુરુષાર્થ કર્યો છે તેની અનુમોદના કરવાપૂર્વક ભાવીમાં પણ તેઓના હાથે આવા ગ્રંથો સરળ વિવેચનાદિ રૂપે લખાય-પ્રકાશિત થાય એવી અભિલાષા વ્યક્ત કરું છું.

સમયના અભાવે આ વિવેચનનું માત્ર ઉપરછલ્લું જ અવલોકન શક્ય બન્યું છે. છતાં એમાં જે જે વાંચવાનું બન્યું છે તે પ્રામાણિકપણે ગ્રંથ સાપેક્ષ રહીને જ લખવાનો પ્રયાસ કર્યો છે એવું મને સ્પષ્ટ જણાયું છે. આમ છતાં આ આકર વિવેચન ગ્રંથમાં કોઈ વિદ્વાનને કોઈ પંક્તિ કે નિરૂપણમાં કચાશ કે શાસ્ત્ર અસંગતતા લાગે તો તે બાબત પંડિતજીને લખી જણાવશે તો તેઓ જરૂર એ બાબત વિચારી નૂતન આવૃત્તિ આદિમાં એ અંગેનો જરૂરી સુધારો કરશે એવો વિશ્વાસ છે.

સં. ૨૦૬૧,<br>
કારતક સુદ-૧<br>
શ્રી ગૌતમસ્વામિજી<br>
કૈવલ્યપ્રગટન દિન<br>
સુરત,

એજ લિ.<br>
વિજયકીર્તિયશસૂરિ

જૈન સાઈટ JAINSITE.com જ્ઞાનમ્ જ્યોતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પરમાત્માની ધ્યાનસાધનાનાં અમી છાંટણાં-સમો ગ્રંથ

દેવાધિદેવ શ્રી મહાવીરપ્રભુએ ચારિત્રધર્મ અંગીકાર કર્યા પછી આશરે સાડા બાર વર્ષો પર્યન્ત મૌનપણે આત્મસાધના કરી તેવું આપણે શાસ્ત્રકારોના મુખે સાંભળીએ છીએ. ભગવાને કરેલા ઘોર-કઠિન તપનું વર્ણન પણ આપણને આગમગ્રંથો દ્વારા જાણવા મળે છે. તો એ વર્ષોના સાધનાકાળ દરમ્યાન ભગવાને આત્માના શુદ્ધ ગુણોને ઉજાગર કરવાની કેવી આત્મસાધના કરી, તેનું બયાન પણ કલ્પસૂત્રના સૂત્રોમાં વિશદરૂપે મળે છે. એમાં ભગવાને અનુત્તર જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, અનુત્તર આલય, અનુત્તર સત્ય-સંયમ, અનુત્તર આર્જવ-માર્દવ, તપ, ક્ષમા વગેરે ગુણોને કેવા ઉજાગર કર્યા તેની વાતો પ્રેરણાદાયક ઢંગથી કરવામાં આવી છે.

વળી, આ વર્ષો દરમ્યાન પરમાત્માએ ધર્મધ્યાનની ધારામાં આગળ વધતા વધતા શુક્લધ્યાનના બે ચરણની સાધના કરી હતી, તેનું પણ શાસ્ત્રોમાં પ્રતિપાદન થયેલું છે. આજ્ઞા, અપાય, વિપાક અને સંસ્થાનના સ્વરૂપનું ચિંતન-મનન-નિદિધ્યાસન કરતાં કરતાં તેનો સાક્ષાત્કાર કહી શકીએ તે હદે બોધ મેળવીને પછી જ્યારે શુક્લધ્યાનની ધારામાં પ્રભુ પ્રવેશ્યા હોય, ત્યારે દ્રવ્ય-ગુણ અને પર્યાયના સૂક્ષ્મ ચિંતન-અવલોકનની પ્રક્રિયા આપોઆપ આરંભાઈ જ હોય. ઘણીવાર ઘણા સવાલ પૂછે છે કે પરમાત્માએ આ બાર વર્ષમાં કાયોત્સર્ગ કર્યા, તેમાં શું ચિંતવ્યું હશે? તેનો જવાબ આ છે : પરમાત્માએ શુક્લધ્યાનના રૂપમાં જગતમાં વર્તતાં ષડ્દ્રવ્યોના તેમજ તેના ગુણ-પર્યાયોના સ્વરૂપનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરીક્ષણ, ચિંતન તેમજ અનુભૂતિ કર્યા છે.

જગતના જે ભાવો જેવા સ્વરૂપે હતા, તેવા જ સ્વરૂપે પ્રભુએ જોયા-જાણ્યા, અને પછી તેનું યથાતથ પ્રતિપાદન જગત સમક્ષ કર્યું, માટે જ પ્રભુને આપ્તપુરુષ, સર્વજ્ઞ કે યથાર્થવક્તા તરીકે આપણા શાસ્ત્રકારોએ નવાજ્યા છે તથા ઓળખાવ્યા છે.

પરમાત્માના તે યથાર્થ દર્શનની તેમજ તેમણે કરેલા યથાતથ પ્રતિપાદનની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આછી-પાતળી ઝલક દરેક જિજ્ઞાસુ જીવને મળી રહે તે હેતુથી આપણા જ્ઞાની પુરુષોએ અનેક અનેક શાસ્ત્રોની રચના કરી છે. એમાં દ્વાદશાંગી પ્રવચન તો મુખ્ય છે જ. પરંતુ તે ઉપરાંત પણ સન્મતિતર્ક તથા નયચક્ર જેવા આકર ગ્રંથો પશ્ચાદ્વર્તી શ્રુતધર પુરુષોએ રચ્યા છે, જેનું અધ્યયન કરનારને દ્રવ્ય, ગુણ, પર્યાયના સ્વરૂપનો તથા તેને જોવા-જાણવા માટેની નય-પ્રમાણાદિરૂપ દૃષ્ટિનો પરિચય મળી રહે તેમ છે.

મહાપુરુષોના રચેલા એ ગ્રંથોના આધારે ચાલનારા તથા તેનો આધાર લઈને અનેક શાસ્ત્રગ્રંથોની રચના કરનારા અનેક જ્ઞાનીપુરુષો આપણે ત્યાં થયા છે. જેમાં મહોપાધ્યાય **શ્રી યશોવિજયજી ગણિ**નું નામ અગ્રક્રમે લઈ શકાય તેમ છે. તેઓએ સંસ્કૃત-પ્રાકૃતમાં તો અસંખ્ય શાસ્ત્રો રચ્યા જ છે. પરંતુ સાથે જ, બાળભોગ્ય દેશી-ગુજરાતી કે મારુગુર્જર-કહી શકીએ તેવી ભાષામાં, તે પણ ગેય સ્વરૂપમાં, પણ કેટલાક વિશિષ્ટ ગ્રંથોની રચના કરી છે. પ્રસ્તુત **'દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ'** તે પણ તેમાંની જ એક મહત્ત્વપૂર્ણ કૃતિ છે.

આ કૃતિનું પરિશીલત-અધ્યયન કરવાથી આપણને સમજાય છે કે પ્રભુએ સાડાબાર વર્ષ સુધી જે ધ્યાન-ચિંતન કર્યું હશે તેનો વિષય, તેની પ્રક્રિયા તથા તેનું સ્વરૂપ કેવાં હશે. તેમની સમક્ષ પણ કણાદ, ગૌતમ, જૈમિનિ, કપિલ વગેરે કેટકેટલા મતમંતાંતરો હશે, ને તે બધાએ નક્કી કરી નાખેલા દ્રવ્યાદિનું સ્વરૂપ અને તેની સામે પ્રભુને પોતાને પોતાની ધ્યાનધારામાં પ્રત્યક્ષ થતું દ્રવ્યાદિનું સ્વરૂપ તે બેમાં કેટલો બધો પાયાનો તફાવત હશે. તે બધાનો આપણને આછેરો અણસાર મળી રહે છે.

વધુમાં, પરમાત્માના સમયમાં જે અજૈન ચિંતકો ને ગ્રંથકારો ન હોતા, જે પાછળથી થયા, તેમના ચિંતનની તથા દિગંબરોના 'મૌલિક' કહી શકાય તેવા ચિંતનની વાતો કરવાની, તેમજ તે વાતોની અયોગ્યતા પુરવાર કરવાની, તક આ ગ્રંથના ગ્રંથકારશ્રીએ જે રીતે આ રાસ-ગ્રંથમાં ઝડપી લીધી છે તે પણ આપણને, યુગે યુગે ઉદ્ભવતા-બદલાતા રહેતા મત-મતાંતરો સાથે/સામે, કેવી રીતે કામ પાડવું, તેની ચાવી બતાવી આપનારૂં છે.

સાચો જિજ્ઞાસુ તો આ રાસ-ગ્રંથના માધ્યમથી દ્રવ્યાદિના સ્વરૂપનો પરિચય પામીને તીવ્રપણે લાલાયિત થાય કે જો આ નાનકડા ગ્રંથમાં પણ આટલું ગહન રહસ્ય ખૂલતું હોય ને તેથી તત્ત્વદર્શનનો મહાન આનંદ અનુભવાતો હોય તો, ખરેખર જ્યારે શુક્લધ્યાનની ધારામાં વર્તીને દ્રવ્યાદિના પરમ ગૂઢ રહસ્યોનો પ્રત્યક્ષ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાક્ષાત્કાર કરવાની સ્થિતિ આવે ત્યારે કેવો રોમાંચ દેહ-મનના અણુ-અણુમાં વ્યાપી જાય! અને તે સ્થિતિ- તે 'અર્પૂવ અવસર' આપણને ક્યારે સાંપડશે?

દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસનું અધ્યયન કરનાર માટે સન્મતિતર્ક જેવા મહાન દાર્શનિક ગ્રંથનાં દ્વાર ખુલ્લાં થઈ જાય છે. આ રાસ બરાબર ભણવામાં આવે તો આકર ગ્રંથો પણ પ્રમાણમાં સુગમ થઈ પડે. આજે આપણા સંઘમાં આ રાસનું વિપુલ પ્રમાણમાં અધ્યયન થવા માંડ્યું છે તેનું શ્રેય **પ. પૂ. ધર્મધુરન્ધરસૂરિજી મ.સા., પં. શાંતિલાલ કેશવલાલ શાહ તથા પં. ધીરુભાઈ** જેવા વિદ્વાન શ્રાવકોને ઘટે છે.

આ કૃતિનું નામ તો 'રાસ' છે. પરંતુ તેનું પોત તો એક ગૂઢ કે કઠિન દાર્શનિક ગ્રંથ જેવું છે. તેનું અધ્યયન, માત્ર મધ્યકાલીન રાસ સાહિત્યનો પરિચય હોય તેટલા માત્રથી થઈ શકે તેમ નથી. તેના અધ્યયન માટે તો જૈન દર્શન ઉપરાંત અન્ય છએ દર્શનોની તેમજ જૈનોમાં પણ બે શાખાઓના સિદ્ધાંતો તથા મતોની જાણકારી હોવી એ અનિવાર્ય હોય છે. વળી, તેવી જાણકારી હોય તો પણ આ રાસ બરોબર સમજાય જ તેવું તો નથી જ. આ સ્થિતિમાં આવી ગંભીર રાસ-રચના ઉપર એક વિશદ વિવેચન હોય તો તે આવશ્યક ગણાય.

અલબત્ત, વિવેચનો તો પૂર્વસૂરિઓનાં રચેલાં છે જ અને તે જિજ્ઞાસુઓને ઉપકારક પણ બની જ રહ્યાં છે, છતાં એક વધુ વિશદ, વધુ વિસ્તૃત ને વધુ બાળ-ભોગ્ય વિવેચન અત્યંત આવશ્યક હતું. જેની પૂર્તિ **પંડિત શ્રી ધીરુભાઈ**એ આ વિવેચનગ્રંથ દ્વારા કરી છે. તે ઘણા આનંદની વાત બને છે. પં. ધીરુભાઈનું આ પ્રદાન જૈન સંઘના જ્ઞાનપિપાસુ જીવો માટે અત્યંત ઉપકારક બની રહેશે. શ્રીસંઘને શ્રુતાભ્યાસના કાર્યમાં સહાયક બનવાનું આ પુણ્ય છે અને તે ધીરુભાઈને સંઘમાં ચિરસ્મરણીય બનાવશે તેમાં કોઈ શંકા નથી.

લિ.
**વિજયશીલચન્દ્રસૂરિ**

સં. ૨૦૬૧,
માગશર વદિ-૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જ્ઞાનયોગનો રણકાર

કેવલજ્ઞાનના નિર્મલ પ્રકાશમાં ષડ્દ્રવ્યાત્મક લોકનું દર્શન કરી પરમતારક, દેવાધિદેવ શ્રી તીર્થંકર પરમાત્મા લોકના યથાર્થ સ્વરૂપને પ્રકાશિત કરે છે. તારક તીર્થંકર પરમાત્માની વાણી સ્યાદ્વાદમય હોય છે. પરમવિનેયી શ્રી ગણધર ભગવંતોને **"उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा"** આ ત્રિપદી આપી ષડ્દ્રવ્યાત્મક લોકના યથાર્થ સ્વરૂપનું દર્શન કરાવે છે. મહાન ગ્રંથકાર પૂજ્યપાદ ભગવાન ઉમાસ્વાતિજી તત્ત્વાર્થાધિગમસૂત્રના **"उत्पाद-व्यय-ध्रौव्ययुक्तं सत्"** આ સૂત્રમાં ત્રિપદીનું રહસ્ય ખોલે છે. વિશ્વમાં જે પદાર્થોનું અસ્તિત્વ છે તે દરેક ઉત્પત્તિ, વિનાશ અને સ્થિર ધર્મવાળા પ્રતિસમયમાં છે. અર્થાત્ સર્વપદાર્થ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. પદાર્થ દ્રવ્ય સ્વરૂપે નિત્ય છે. પરંતુ સહભાવી એવા ગુણોમાં પ્રતિસમયે હાનિ-વૃદ્ધિરૂપ થતા પર્યાયોની અપેક્ષાએ તે દ્રવ્ય અનિત્ય પણ છે.

સંસ્કૃતભાષાના પ્રકાંડ વિદ્વાન ન્યાયવિશારદ પૂજ્યપાદ મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મ. સાહેબ દ્રવ્યગુણ પર્યાયના રાસમાં ત્રિપદીનું રહસ્ય, દ્રવ્યથી ગુણ અને પર્યાયનો ભેદ તથા અભેદ, દ્રવ્ય-ગુણ-પર્યાયનું લક્ષણ અને નય-સપ્તભંગીના વિષયો જણાવવા સાથે આત્મસ્વરૂપ પ્રગટ કરવામાં દ્રવ્યાનુયોગના ગ્રન્થોનું અધ્યયન, મનન, પરિશીલન આ જ મુખ્યમાર્ગ છે આવું ભારપૂર્વક ગુજરાતી પદ્યના આ ગ્રન્થમાં સ્પષ્ટપણે કહે છે.

દ્રવ્ય કદાપિ ગુણ-પર્યાય રહિત ન હોય અને ગુણ-પર્યાયો દ્રવ્ય વિના સ્વતન્ત્ર ક્યારેય ન હોય. ગુણ અને પર્યાય ભિન્ન નથી. દ્રવ્ય સહભાવી (દ્રવ્યની સાથે જ રહેનાર) તે ગુણ છે અને ક્રમભાવી (ક્રમશઃ થતી દ્રવ્યની નવી નવી અવસ્થા અર્થાત્ પૂર્વ અવસ્થાનો વ્યય તથા ઉત્તર અવસ્થાની ઉત્પત્તિ) તે પર્યાય છે. **द्रव्याश्रया निर्गुणा गुणाः, तद्भावः परिणामः** (તત્ત્વાર્થસૂત્ર) રાસની બીજી ઢાળની કેટલીક પંક્તિઓ આ જ હકીકત સ્પષ્ટ કરે છે...

**ગુણ-પર્યાય તણું જે ભાજન, એકરૂપ ત્રિહું કાલિ રે,**
**ધરમ કહી જઈ ગુણ સહભાવી, ક્રમભાવી પર્યાયો રે.**

અપેક્ષાવિશેષથી સર્વપદાર્થો ભિન્ન પણ છે-અભિન્ન પણ છે તથા ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપવાળા છે. દેખાતી વિરોધી આવી અનેક બાબતો પરમાર્થથી અવિરોધી છે આવી સમન્વય દૃષ્ટિ સાધી આપનાર સ્યાદ્વાદ સિદ્ધાન્તમય જૈનદર્શન વિશ્વનું અદ્વિતીય-લોકોત્તર દર્શન છે. રાસની પહેલી ઢાળમાં પૂજ્યપાદ્ ઉપાધ્યાયજી મ. સાહેબે દ્રવ્યાનુયોગના ગ્રન્થોના (સમ્મતિતર્ક, તત્ત્વાર્થાધિગમસૂત્ર, વિશેષાવશ્યકભાષ્ય, ધર્મસંગ્રહણી, કમ્મપયડી આદિના) અધ્યયન ઉપર ભાર મૂકી શ્રુતધર મહાપુરુષોના ટંકશાળી વચનોની સાક્ષી આપી જ્ઞાનયોગની પ્રધાનતા સમજાવી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**चरण-करणप्पहाणा, ससमय-परसमयमुक्कवावारा ।**
**चरण-करणस्स सारं, निच्छयशुद्धं न जाणंति ॥** (સમ્મતિપ્રકરણ)

દ્રવ્યાનુયોગના ગ્રન્થોના અભ્યાસ, ચિંતન અને મનનની જો ઉપેક્ષા છે તો મહાવ્રતાદિના પાલનરૂપ ધર્મક્રિયાઓ સર્વકર્મક્ષયરૂપ મોક્ષફળને આપવા અસમર્થ છે. પૂજ્યપાદ ઉપાધ્યાયજી મ. સાહેબ ઉપદેશપદાદિ ગ્રન્થોની સાક્ષી આપી આજ વાત પુષ્ટ કરે છે.....

**શુદ્ધ આહારાદિક તનુયોગ, મોટો કહીઓ દ્રવ્ય અનુયોગ,**
**એ ઉપદેશ પદાદિક ગ્રંથિ, સાખી લહી ચાલો શુભપંથિ.**

બેંતાલીસ દોષ રહિત શુદ્ધ આહાર, પડિલેહણ, પ્રતિક્રમણાદિ બાહ્યક્રિયા એ નાનો યોગ છે. આત્મા અને દેહ ભિન્ન છે, રાગ-દ્વેષ આ જ જીવના સંસારનું કારણ છે. કષાયો જેમ--જેમ મંદ થાય તેમ-તેમ આત્મગુણો પ્રગટ થાય છે. કષાયોથી મુક્ત થવું એ જ મોક્ષ છે. આવી જ્ઞાનસાધના કરવી એ જ મહાન યોગ છે. ટૂંકમાં ક્રિયામાર્ગ એ સાધના છે. જ્ઞાનમાર્ગ એ સાધ્ય છે. સાધ્યની સિદ્ધિમાં સાધન જરૂરી છે પરંતુ સાધ્યના ધ્યેય વિનાનું સાધન પરમાર્થથી સાધન જ નથી. તથા સાધન વિના સાધ્યની સિદ્ધિ થતી નથી.

**એ યોગિં જો લાગઇં રંગ, આધાકર્માદિક નહીં ભંગ,**

પંચકલ્પભાષ્યની સાક્ષી આપી પૂજ્યપાદ ઉપાધ્યાયજી મ. સાહેબ જણાવે છે કે....

દ્રવ્યાનુયોગના વિચારરૂપ જ્ઞાનયોગમાં જે પુણ્યાત્માને રંગ લાગે છે. અર્થાત્ જ્ઞાનાભ્યાસમાં મગ્ન બને છે. તેઓ ક્યારેક સંયમની સુરક્ષા આદિના કારણે આધાકર્માદિકથી દોષિત આહાર ગ્રહણ કરે તો પણ ચારિત્રનો ભંગ થતો નથી. દ્રવ્યાનુયોગના ગ્રન્થોના પરમાર્થને પામવા મતિ-શ્રુતજ્ઞાનાવરણીયનો તીવ્ર ક્ષયોપશમ જરૂરી છે. તીવ્ર ક્ષયોપશમવાળા જિજ્ઞાસુઓને પણ દ્રવ્યાનુયોગના ઊંડા અભ્યાસી એવા જ્ઞાની ગુરુનો યોગ જો મળે તો જ અધ્યાત્મના રહસ્યોને તેઓ પામી શકે છે.

દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસની તથા સ્વોપજ્ઞ ટબાની ગુજરાતી ભાષા સાધિક ત્રણસો વરસ પહેલાની છે. જે સમજવી કઠીન હોવાથી ભૂતકાળમાં વિદ્વાન ગુરુ ભગવંતો અને વિદ્વાન શ્રાવકો તરફથી વર્તમાન ગુજરાતી ભાષામાં વિવેચન લખાયાં છે. પરંતુ આ વિવેચનની ભાષા પણ વિદ્વદ્‌ભોગ્ય જેવી જ છે.

વિદ્વાન છતાં સ્વભાવે સૌમ્ય, સરળ અને અમારા જેવા અધ્યાપકો માટે હૃદયમાં લાગણી ધરાવતા **પંડિતવર્ય શ્રી ધીરુભાઈએ** સ્વોપજ્ઞ ગુજરાતી ટબાની પંક્તિઓ સાથે રાખી, બની શકે તેટલું સરળ ભાષામાં દૃષ્ટાન્તો આપી જે આ વિવેચન લખ્યું છે. તે ઘણું જ અનુમોદનીય કાર્ય છે. વિદેશમાં મળતા સમયનો સદુપયોગ કરી આ જ રીતે કર્મગ્રન્થાદિ વિવિધ ૨૪ ગ્રન્થો ઉપર પણ સરળ વિવેચન તેઓએ લખ્યું છે. જે અધ્યાપકો અને અભ્યાસકોને અતિ ઉપયોગી બન્યું છે. શારીરિક સ્વાસ્થ્યની અનુકૂળતા સાથે પંડિતજી જ્ઞાનસાધનામાં ઉત્તરોત્તર આગળ વધે એવી ભગવતી સરસ્વતી માતાજીને પ્રાર્થના.....

**-વસંતલાલ મફતલાલ દોશી-અમદાવાદ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# જ્ઞાનદીપનાં અજવાળા

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. માત્ર જૈન નભોમંડળનાં જ નહીં પરંતુ સમગ્ર ભારતીય દાર્શનિક પરંપરાના નભોમંડળના તેજસ્વી સિતારા છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની જ્ઞાન સાધનાની સૂચિ જોતાં કોઈને પણ આશ્ચર્ય ઉપજે. અનેક વિષયોનું સૂક્ષ્મ જ્ઞાન અને અનેક વિષયોનું મૂલાવગાહી જ્ઞાન, પંડિતો અને વિદ્વાનોને મુગ્ધ કરી દે તેવું છે. આશ્ચર્ય ઉપજાવે તેવું છે. આવી અનેરી વિદ્વત્તા ધરાવતા ઉપાધ્યાયજીની એક વિશિષ્ટ વિશેષતા સહુ કોઈને આશ્ચર્ય ઉપજાવે તેવી છે તે તેમની ગુજરાતી ભાષામાં સરળ અને સહજ શૈલીમાં રચવામાં આવેલી કૃતિઓ. ગહનતમ વિષયોને પણ સરળ-ગેય-ગુજરાતી ભાષામાં લખવાની તેમની કળા અદ્‌ભુત છે. દર્શનનો વિષય અત્યંત શુષ્ક ગણાય, સામાન્યજનને કંટાળો ચડે તેવી વાતો જેમાં કરવામાં આવી હોય, તર્કની તિક્ષ્ણતા અને વિચારોની જટિલતા સામાન્ય જનને થકવી નાંખે તેવી હોય તેમ છતાં તેવી ગંભીર વાતોને ગુજરાતી સરળ ભાષામાં રચવાની કળાને લીધે પણ ગુજરાત સદાય ઉપાધ્યાયજીનું ઋણી રહેશે. ૧૨૫, ૧૫૦, ૩૫૦ ગાથાના સ્તવનોમાં પણ સૈદ્ધાંતિક વિષયને ખૂબ જ સુંદર રીતે વર્ણવ્યો છે. નિશ્ચય-વ્યવહારનયની વાતને સરળ ભાષામાં પ્રસ્તુત કરી છે. જૈનદર્શનના નયને સમજાવવા તેમણે "દ્રવ્ય-ગુણ પર્યાયના રાસ" નામની આ ગુજરાતી કૃતિ રચી છે.

ઉપા. યશોવિજયજીએ નય સિદ્ધાંતને સ્પષ્ટ કરવા સંસ્કૃત ભાષામાં જ ત્રણ કૃતિઓ રચી છે. તે ઉપરાંત સ્યાદ્વાદ કલ્પલતા, અષ્ટસહસ્રીતાત્પર્ય વિવરણ અને ન્યાયખંડન ખંડ ખાદ્યમાં નયોની ચર્ચા પ્રચુર માત્રામાં કરી છે. નય ઉપર તેમનું ચિંતન આશ્ચર્ય ઉપજાવે તેવું છે. આથી જ કહેવાયું પણ છે કે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની વાણી એક પણ નયથી અધૂરી નથી. અર્થાત્ સંપૂર્ણ નયોથી ભરપૂર છે. નયનો સિદ્ધાંત જૈન ધર્મનો વિશિષ્ટ સિદ્ધાંત છે. વર્તમાનકાળે નૈગમાદિ સાત નયો શ્વેતાંબર અને દિગંબર પરંપરાઓમાં સુપ્રસિદ્ધ છે. પરંતુ પૂર્વકાળે સાતસો નયોની પરંપરા પણ પ્રચલિત હતી તેવા ઉલ્લેખો દ્વાદશાર નયચક્ર અને આવશ્યક નિર્યુક્તિ ગ્રંથોમાંથી પ્રાપ્ત થાય છે. દ્વાદશાર નયચક્રમાં વિધિ, નિયમ આદિ ૧૨ નયોની એક અન્ય પરંપરા પણ પ્રાપ્ત થાય છે. આજે તો તે પરંપરા લુપ્ત થઈ ગઈ છે. આ ઉપરાંત દિગંબર પરંપરામાં માઈલ્લ ધવલ અને આ. દેવસેને નયચક્ર નામના ગ્રંથો રચ્યા છે. આ નયચક્રમાં તેઓએ પ્રચલિત નય વિભાજનની પરંપરાથી અલગ જ સ્વમતિ કલ્પિત નવી પરંપરા ઊભી કરી છે. તે પરંપરા પ્રમાણે તેમણે નયોના સાત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરતાં વધુ ભેદો પાડી બતાવ્યા છે. આ ભેદો શાસ્ત્રીય રીતે ખરા કે નહીં ? તેની વિચારણા આ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં કરવામાં આવી છે. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સાહેબે આ. દેવસેનના નયચક્રની તાર્કિક સમાલોચના કરી છે. અકાટ્ય તર્કો દ્વારા તેમણે દિગંબર સંમત નયવિભાજનને દોષપૂર્ણ બતાવ્યું છે. આ ઉપરાંત દ્રવ્ય, ગુણ, પર્યાયને શાસ્ત્રીય રીતે મૂલવ્યા છે. સન્મતિ આદિ અનેક ગ્રંથોનો આધાર-હવાલા આપી વિષયને વધુ સુંદર રીતે સ્પષ્ટ કર્યો છે. ગેય એવા રાસ શૈલીમાં રચાયેલી આ કૃતિનો અર્થ સમજાય તેવો સરળ હોવા છતાં પણ કાવ્યાત્મક હોવાને કારણે ક્યાંક ક્યાંક કઠીન પણ ભાસે છે. તે કઠીનતાને દૂર કરવા પૂ. યશોવિજયજી મ. સાહેબે સ્વયં પોતે જ ટબો રચ્યો છે. તેમ છતાં વર્તમાનકાળે ગુજરાતી ભાષામાં સરળ રીતે સમજી શકાય તેવા વિવેચનની આવશ્યકતા હતી જ. આ ગ્રંથ ઉપર પૂર્વે **પૂ. આ. શ્રી ધર્મધુરંધરસૂરિજી મ.** સાહેબે વિસ્તૃત વિવેચન લખ્યું હતું પણ તે કૃતિ હાલ પ્રાપ્ય ન હોવાથી અભ્યાસુને ગ્રંથનો અભ્યાસ કરવામાં કઠીનતાનો અનુભવ કરવો પડતો હતો. આ કઠીનાઈ દૂર કરવા માટે એક નૂતન વિવેચનની આવશ્યકતા હતી જ, આ ખોટ પ્રસ્તુત વિવેચનથી પૂર્ણ થઈ જશે.

**પં. શ્રી ધીરુભાઈ** છેલ્લા પાંચ દાયકાથી નિરંતર પૂ. સાધુ-સાધ્વીજી મ. સા.ને અધ્યયન-અધ્યાપન કરાવતા રહ્યા છે. તેમના જૈન સાહિત્ય, સિદ્ધાંત અને દર્શન વિષયક જ્ઞાનથી અનેક આત્માઓ લાભાન્વિત થયા છે. છેલ્લાં કેટલાક વર્ષોથી તેઓશ્રી અમેરિકામાં વસતા જૈન ભાઈ-બહેનોને સ્વાધ્યાય કરાવવા જાય છે. તેમની વાણીથી ત્યાંના અનેક ગૃહસ્થો તત્ત્વરુચિવાળા બન્યા છે. વિશુદ્ધ ધર્મ જાણવાની જિજ્ઞાસા પ્રગટી છે. સ્વાધ્યાય સિવાયના સમયમાં પંડિતજી ગ્રંથોના અનુવાદ, વિવેચન આદિ લખવાનો સ્વાધ્યાય કરે છે. છેલ્લા દાયકામાં તેમણે ૨૪ થી વધુ ગ્રંથોનું વિવેચન કર્યું છે. ગ્રંથરૂપે પ્રકાશિત કર્યા છે. તે શ્રેણીમાં આજે એક વધુ છોગું ઉમેરાય છે. તેમણે સરળ ભાષામાં છણાવટ કરી પ્રત્યેક વિષયને સ્પષ્ટ કરવાનો અદ્ભુત પ્રયાસ કર્યો છે. જરૂર જણાય ત્યાં મૂળ ગ્રંથોના પાઠો અને વાદોને પણ સ્પષ્ટ કર્યા છે. તેમણે કરેલું વિવેચન પૂ. સાધુ-સાધ્વીજી ભગવંતોને તથા જિજ્ઞાસુઓને ઉપયોગી નિવડશે. આ માટે પંડિતજીને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા છે. ભવિષ્યમાં બીજા ઉપયોગી ગ્રંથોનાં વિવેચન પણ તેમના તરફથી પ્રાપ્ત થતાં રહેશે તેવી શુભેચ્છા રાખીએ.

**લિ.**
**ડૉ. જિતેન્દ્ર શાહ**
**અમદાવાદ**

જૈન साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com　For Private & Personal Use Only　info@jainsite.com

# પ્રાક્ કથન

જૈનશાસનમાં ચાર પ્રકારના અનુયોગ જણાવ્યા છે. તેમાં સર્વથી મહત્ત્વનો ચરણકરણાનુયોગ છે. કારણકે અજ્ઞાન-મોહવશ આત્મામાં પડેલા અનાદિના કુસંસ્કારોને ચરણકરણાનુયોગ જ શુભક્રિયાઓના વારંવાર સેવનના બલથી દૂર કરી આત્મિક સંસ્કારોના ઘડતરની ભૂમિકા તૈયાર કરે છે.

પરંતુ જે આત્માઓએ આત્મિક ઘડતરની ભૂમિકા તૈયાર કરી લીધી છે તેવા આત્માઓને તે ભૂમિકા ઉપર સંસ્કારોનું દૃઢ મંડાણ કરવામાં દ્રવ્યાનુયોગ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે.

એટલે કે ચરણકરણાનુયોગની સફળતા માટે દ્રવ્યાનુયોગની જ પ્રધાનતા છે.

તેથી દ્રવ્યાનુયોગ માટે યોગદૃષ્ટિ, પ્રમાણનયતત્ત્વ, નયકર્ણિકા, કર્મગ્રન્થો, દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ આદિ તાત્ત્વિક ગ્રન્થોનું અધ્યયન જરૂરી છે. કેમકે જ્યાં સુધી કર્મના સંસ્કારોની પ્રબલતા ઘટતી નથી ત્યાં સુધી ચિત્તની સ્થિરતા = સમાધિ પ્રાપ્ત થતી નથી. એ ચિત્તની સ્થિરતા પ્રાપ્ત કરવા માટે દ્રવ્યાનુયોગપૂર્વકની શુભક્રિયાઓ સમર્થ બને છે.

ઉપા. શ્રી યશોવિજયજી મ.સાહેબે ધર્મપરીક્ષા ગાથા-૧૦૩માં જણાવ્યું છે કે–

**अण्णे पुग्गलभावा, अण्णो एगो य नाणमित्तो हं।**
**सुद्धो एस वियप्पो, अवियप्पसमाहिसंजणओ॥**

(દેહાદિ) પૌદ્ગલિકભાવો મારાથી ભિન્ન છે અને જ્ઞાનમાત્ર સ્વરૂપવાળો હું (આત્મા) તેનાથી ભિન્ન છું. શુદ્ધ (નયસાપેક્ષ) આ વિચાર નિર્વિકલ્પ સમાધિને ઉત્પન્ન કરનાર છે.

જ્યાં સુધી પુદ્ગલ અને આત્મા-આદિનું સ્વરૂપ જાણીએ નહિ ત્યાં સુધી આ શુદ્ધ (નયસાપેક્ષ) વિચાર ઘટી શકતો નથી. માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ જરૂરી છે.

આ જ દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસમાં કહ્યું છે કે–

**દ્રવ્યાદિક ચિંતાઈ સાર, શુક્લધ્યાન પણ લહિઈ પાર,**
**તે માટિં એહ જ આદરો, સદ્ગુરુ વિણ મત ભૂલા ફરો ।૧-૬।**

(દ્રવ્યાનુયોગ દ્વારા) દ્રવ્ય-ગુણ-પર્યાયની ભેદ વિચારણા દ્વારા શુક્લધ્યાનનો પ્રથમ પાયો અને અભેદ વિચારણા દ્વારા શુક્લધ્યાનનો બીજો પાયો અને શુદ્ધ દ્રવ્ય-ગુણાદિના ચિંતન દ્વારા શુક્લધ્યાનનું ફળ પણ પ્રાપ્ત કરાય છે. માટે આ દ્રવ્યાનુયોગનો આદર કરો. પરંતુ સદ્ગુરુની હાજરી વિના સ્વમતિકલ્પના દ્વારા ભટકતા ન રહેશો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહિં ઉપાધ્યાયજી મ. દ્રવ્યાનુયોગની ખાસ ભલામણ કરે છે. આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ દ્રવ્યાનુયોગનો અણમોલ ખજાનો છે. તો ઉપા. મ. શ્રી જૈનશાસનનું મહામૂલું રતન છે. તેમણે જે જ્ઞાનવારસો આપ્યો છે તેમાંના એક-એક ગ્રંથ અમૂલ્ય રત્નોની મંજુષા-પેટી સમાન છે. પૂ. આ. શ્રી. હરિભદ્રસૂરિજી મ.સા. અને પૂ. ઉપા. મ.સા. વગેરેએ આ જ્ઞાનવારસો આપ્યો ન હોત તો ખરેખર આપણે શાસ્ત્રજ્ઞાનની બાબતમાં ખૂબ રાંક બની ગયા હોત.

આ મહાપુરુષોની કેવી વિશિષ્ટ પ્રજ્ઞાશક્તિ હશે? અને કેવી જીવંત અપ્રમત્તતા હશે? ક્યારે તેઓશ્રીએ આવશ્યક ક્રિયાઓ કરી હશે? ક્યારે વ્યાખ્યાન-વાચનાઓ આપી હશે? ક્યારે લોકોની સાથેના યથોચિત વ્યવહારો કર્યા હશે. તો ક્યારે આ ગ્રન્થોની રચના કરી હશે? અને ક્યારે પોતાની જનેતા પાછળ કોટિ નમસ્કાર મહામંત્રોનો જાપ કર્યો હશે? ગ્રન્થોની રચનાઓ પણ કેવી વિશિષ્ઠ! જાણે ટંકશાળી વચનો! વધારાની વાત નહિ તો પૂર્વાચાર્યોની સાક્ષી સિવાયનું વચન નહિ?

આ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ એ પણ પૂ. ઉપાધ્યાયજી મ.ની જ રચના છે. પૂજ્યશ્રીનું જીવનચરિત્ર પ્રસ્તાવનામાં આપેલ છે. તેમાં જ તેમની રચના-કૃતિઓ પણ જણાવી છે. વિશિષ્ટ પ્રજ્ઞાબળે શતાવધાન અને અષ્ટાવધાન પણ જૈનશાસનની પ્રભાવના માટે તેઓશ્રીએ રાજસભામાં કરેલ.

વર્તમાન પ્રતિક્રમણવિધિ પૂ. તપાગચ્છાધિપતિ શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં ગોઠવાઈ હતી. તેમાં તેઓશ્રીની સાથે જે વિદ્વાન સ્થવિર મહાત્માઓ હતા તેમાં પૂ. શ્રી જ્ઞાનવિમલસૂરીશ્વરજી મ.સા. સાથે પૂ. ઉપાધ્યાયજી મ.સા. પણ હાજર હતા. એવો રાધનપુર કડવામતિના ભંડારની હસ્તલિખિત પ્રતમાં ઉલ્લેખ છે.

આવા પૂ. ઉપા. મ.સા.ની આ રચનામાં ગુજરાતી ભાષા હોવા છતાં પણ પદાર્થનું એટલું ઊંડાણ છે કે તેના ઉપર વિશિષ્ટ વિવેચન સિવાય પ્રાકૃતજનની ચાંચ પણ ડૂબે નહિ. તેથી માનનીય **પંડિતજી શ્રી ધીરુભાઈ**એ વિવેચન લખવાનો જે પ્રયત્ન કર્યો છે. તે પણ ખૂબ અનુમોદનીય છે તથા સુંદર અને સરળ રીતે વિવેચન લખવું તે તો અત્યંત સરાહનીય છે. સમય કાઢી આવું વિવેચન લખવા બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

પ્રાન્તે આ રાસના વાંચન-મનન-નિદિધ્યાસન દ્વારા દ્રવ્યાનુયોગમાં સ્થિર બની ભવ્યાત્માઓ ચરણકરણાનુયોગની સફળતાને પ્રાપ્ત કરે એજ અભિલાષા.

૨૦૪, કુંદન એપા. ગોપીપુરા, સુરત.
પોષ દશમી
પ્રભુ પાર્શ્વનાથ જન્મકલ્યાણ.

**રતિલાલ ચીમનલાલ દોશી**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# રાસના અભ્યાસની આવશ્યકતા

અનાદિકાલથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવોએ માનવ જન્મ પ્રાપ્ત કર્યા પછી આત્માના શુદ્ધ સ્વરૂપને પ્રાપ્ત કરવા માટે સવિશેષ પ્રયત્ન કરવો જોઈએ. જૈનશાસનમાં કથાનુયોગ આદિ ચાર અનુયોગ જણાવ્યા છે. સ્યાદ્વાદ શૈલીવાળા જૈનદર્શનમાં ચારે અનુયોગો ઉપકારી હોવાં છતાં ચરણકરણાનુયોગ ક્રિયા સ્વરૂપે અને દ્રવ્યાનુયોગ દ્રવ્યોના જ્ઞાન સ્વરૂપે જીવોનો સવિશેષ ઉપકાર કરે છે. બહિર્મુખદશામાંથી અંતર્મુખદશા અને વિભાવદશામાંથી સ્વભાવદશા પ્રાપ્ત કરવા માટે દ્રવ્યાનુયોગનો અભ્યાસ અતિશય ઉપયોગી છે.

મહામહોપાધ્યાય અને ન્યાયવિશારદ શ્રી યશોવિજયજી મ. શ્રીએ આ રાસની રચના કરીને દ્રવ્યાનુયોગના અભ્યાસનું શ્રેષ્ઠતમ સાધન શ્રી સંઘને અર્પણ કરેલ છે. તેઓએ કરેલી જ્ઞાનપ્રાપ્તિમાં શ્રેષ્ઠિવર્ય શ્રી ધનજી સુરાએ દાખવેલી ઉદારતા ઘણી અનુમોદનીય છે. પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીએ અધ્યાત્મમત પરીક્ષા-પ્રતિમા શતક આદિ વિદ્વદ્ભોગ્ય, સંસ્કૃત ભાષામાં અનેક ગ્રંથોની રચના કરીને ગુજરાતી ભાષામાં પણ સ્તવનચોવીશી, આઠ દૃષ્ટિની સજ્ઝાય, સમકિતની સજ્ઝાય, ૧૨૫-૩૫૦ ગાથાનાં સીમંધરસ્વામિનાં સ્તવનો આદિ બાલભોગ્ય સાહિત્ય પણ ઘણું બનાવ્યું છે. આવા પ્રકારના ભક્તિયોગ દ્વારા પરમાત્મા સાથે તાદાત્મ્યભાવ સાધવા સુંદર પ્રયત્ન કર્યો છે.

**''गुणपर्यायवद् द्रव्यम्'' ''द्रव्याश्रया निर्गुणा गुणाः''** ઈત્યાદિ તત્ત્વાર્થસૂત્રમાં જણાવેલા સૂત્રોને અનુસારે છ દ્રવ્યો, તેના ગુણ-પર્યાયો, તેઓના ભેદાભેદ, સાતનય, સપ્તભંગી ઈત્યાદિ અનેક વિષયો, આ રાસમાં સુંદર રીતે ચર્ચેલા છે. ગુરુનિશ્રાની આવશ્યકતા, દરેક ઢાળોમાં કયો કયો વિષય કેવી સુંદર શૈલિથી વર્ણવેલો છે. તે બાબત પ્રસ્તાવનામાં જણાવેલ છે. આ ગ્રન્થના સરળ ગુજરાતી અનુવાદની ખાસ આવશ્યકતા હતી. પંડિત શ્રી ધીરુભાઈ દ્રવ્યાનુયોગના સારા અભ્યાસક છે. અભ્યાસ કરવા-કરાવવામાં સતત પ્રયત્નશીલ પંડિતજીએ અધ્યયનની સાથે ગહન ગ્રન્થોનો અભ્યાસ ચાલુ રાખી અધ્યાપકની સજ્જનતા પ્રાપ્ત કરી છે. તાત્ત્વિક વિષયના હાર્દ સુધી પહોંચવા અને અભ્યાસકોને પણ તેટલા જ ઊંડાણમાં લઈ જવા આગવી શૈલિથી તત્ત્વજ્ઞાનના વિષયને સુંદર રીતે રજુ કરે છે. તેથી તથા સરળતા, વિનય, વિવેક આદિ ગુણોથી અભ્યાસકોમાં તથા વિદ્વાનોમાં આદરપાત્ર સ્થાન મેળવેલ છે.

સંયમી જીવનમાં સ્વાધ્યાય, તપશ્ચર્યા, વૈયાવચ્ચ અને ધર્માનુષ્ઠાનો આદિ બધા યોગોમાં સ્વાધ્યાય સવિશેષ ઉપયોગી છે. આ ગ્રન્થના પ્રકાશનથી દ્રવ્યાનુયોગના અભ્યાસી આત્માઓને ઘણી સરળતા થશે. **પંડિતજી શ્રી ધીરુભાઈએ** રત્નાકરાવતારિકા ભાગ- ૧, ૨, ૩ તથા યોગદૃષ્ટિ સમુચ્ચય અને દ્રવ્ય-ગુણ-પર્યાયના રાસ જેવા ઉત્તમ અને ગહન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગ્રંથોનું સંપાદન કરી જ્ઞાન તરફની ઘણી લાગણી વ્યક્ત કરી છે. આવા જ બીજા સુંદર ગ્રંથોનો અનુવાદ તૈયાર કરી જૈન સંઘને અર્પણ કરે અને તે માટે શાસનદેવ તેઓનું સ્વાસ્થ્ય સારું રાખવામાં સહાયક થાય. એ જ આશા.....

લિ.
**માણેકલાલ હરગોવનદાસ સોનેથા**
સાહિત્યશાસ્ત્રી, ડી. બી. એડ.
(પ્રથમવર્ગ - વિશેષયોગ્યતા સાથે)

૫, રત્નસાગર એપાર્ટમેન્ટ,
ગોપીપુરા, કાજીનું મેદાન,
સુરત. તા. ૬-૧૨-૨૦૦૪

## દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ એટલે જગતત્ત્વ

અરિહંત પરમાત્મા કેવલજ્ઞાન પામ્યા પછી **"ઉપન્નેઇ વા, વિગમેઇ વા, ધુવેઇ વા"** આ ત્રિપદી આપવા દ્વારા ગણધર ભગવંતોની તથા શ્રી ચતુર્વિધ સંઘરૂપ તીર્થની સ્થાપના કરે છે. ગણધર ભગવંતો ત્રિપદીને પ્રાપ્ત કરીને દ્વાદશાંગી રચે છે. જેમાં જગતના સર્વ પદાર્થોનું ષડ્દ્રવ્યનું સ્વરૂપ સમજાવવામાં આવે છે. પરંતુ દ્વાદશાંગી ભણવાના અનધિકારી જીવોના ઉપકાર માટે પૂર્વાચાર્યો નાના-મોટા અનેક પ્રાકરણિક ગ્રંથો રચે છે.

ભગવાન મહાવીરસ્વામી પછી પૂ. શ્રી હરિભદ્રસૂરિજી, પૂ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મ. આદિ મહાત્માઓએ અનેક ગ્રંથો બનાવ્યા છે. સત્તરમા સૈકામાં થયેલા ન્યાયાચાર્ય પૂ. ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ. શ્રીએ છ દ્રવ્યોના વિસ્તૃત વર્ણન સ્વરૂપે આ "રાસ" બનાવ્યો છે. આ મહાત્માએ સંસ્કૃત ભાષામાં તો અનેક ગ્રંથો બનાવ્યા છે. પરંતુ ગુજરાતી ભાષામાં પણ બાલભોગ્ય ઘણુ સાહિત્ય બનાવ્યું છે. તેમાં આ "રાસ" એ અદ્વિતીય કૃતિ છે. ગુજરાતી હોવા છતાં તેના ભાવો સમજવા ઘણા જ કઠીન છે તેથી અમારા વડીલબંધુ **પં. શ્રી ધીરુભાઈ**એ સરળ ભાષામાં સમજાય તેવું જે વિવરણ કર્યું છે તે ઘણું જ અનુમોદનીય છે.

છ દ્રવ્યોના યથાર્થ જ્ઞાનથી અજ્ઞાન નાશ પામે છે. સાચુ સ્વરૂપ જાણવાથી જીવ-અજીવનો ભેદ સમજાય છે. રાગ-દ્વેષ ઘટે છે અને આત્મા શુદ્ધ-બુદ્ધ બને છે. સાગર સમાન અને ન્યાયયુક્ત આ ગ્રંથને સરળ ભાષામાં સમજાવવાનો શ્રી ધીરુભાઈનો જે આ પ્રયત્ન છે. તે પ્રશંસનીય છે અને તેની ભુરી-ભુરી અનુમોદના કરું છું.

**એજ લિ.**
**મહેતા રસિકલાલ શાન્તિલાલ**

**શ્રી કુમુદચંદ્ર એપાર્ટમેન્ટ**
**સોની ફળીયા–ગોપીપુરા, સુરત.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીના ફોટોઓનો સંક્ષિપ્ત પરિચય

(૧) અષાઢી મેઘના સતત વરસાદથી માતા સૌભાગ્યદેવીને ત્રણ ઉપવાસ થયા છે. ભક્તામરના શ્રવણ વિના માતા ભોજન લેતાં નથી, તેજસ્વી બાળ જસવંત આ વાત જાણીને નિર્દોષ ભાવે વિનંતી કરે છે અને ભક્તામર શુદ્ધ રીતે સંભળાવે છે. માતા ખુશ-ખુશ થાય છે.

(૨) પૂજ્ય શ્રી નયવિજયજી મ. સાહેબની વૈરાગ્યમય વાણી સાંભળી બન્ને ભાઈઓ સંયમના પંથે વિચરવા તૈયાર થયા. પૂ. આ. શ્રી દેવસૂરીશ્વરજી મ. ની પાવન નિશ્રામાં સંયમ સ્વીકારી શ્રી પદ્મવિજયજી અને શ્રી યશોવિજયજીના નામે ઘોષિત થયા.

(૩) જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ.શ્રીના શિષ્ય પૂ. શ્રી કલ્યાણવિજયજી, તેમના શિષ્ય પૂ. શ્રી લાભવિજયજી, તેમના શિષ્ય પૂ. શ્રી નયવિજયજી મ., તેમના શિષ્ય પૂ. શ્રી યશોવિજયજી મ. થયા. આ મહાત્મા મહામહોપાધ્યાય બન્યા.

(૪) એક જ માતાના બે બાળકોમાંથી એક મહાન જ્ઞાની બન્યા અને બીજા અધ્યાત્મરસિક, ભદ્રિકપરિણામી આરાધક બન્યા. ડભોઈમંડણ શ્રી લોઢણ પાર્શ્વનાથ પ્રભુની આરાધના-જાપમાં વિશેષ જોડાયા. ચૈત્યવંદન-દેવવંદન આદિ અનેકવિધ ગુજરાતી કાવ્યોના કર્તા બન્યા.

(૫) ગુરુ મહારાજની આજ્ઞાથી અમદાવાદમાં વિ. સં. ૧૬૯૯માં (ઉં. વર્ષ ૨૧) જૈન સંઘ સમક્ષ અષ્ટાવધાનનો પ્રયોગ કર્યો. જેથી પ્રસન્ન થયેલા ધનજી સુરા પૂજ્ય ઉપાધ્યાયજી મ.ને ન્યાય-વ્યાકરણાદિના વિશિષ્ટ અભ્યાસ નિમિત્તે કાશી મોકલવાની ગુરુજીને વિનંતી કરે છે અને ખર્ચનો લાભ મને આપો એમ કહે છે.

(૬) વિ. સં. ૧૭૦૧માં કાશીનગરમાં પ્રવેશ. ગંગાતટે ઐં મંત્રબીજપૂર્વક સરસ્વતી માતાની સાધના, માતાની પ્રસન્નતા, તર્કશાસ્ત્ર, કાવ્યશાસ્ત્રમાં નિપુણતાના સરસ્વતી માતાના આશીર્વાદ.

(૭) ત્રણ વર્ષ કાશીમાં અને ચાર વર્ષ આગ્રામાં વિદ્યાભ્યાસ. અન્ય દર્શનના પ્રખર પંડિત સાથે વાદ-વિવાદ, વાદીનો પરાભવ કરી જીત મેળવીને જૈનશાસનની પ્રભાવના કરી. તે સમયે કાશીના વિદ્વાનોએ ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદની પદવી આપી.

(૮) વિ. સં. ૧૭૦૮માં પૂ. આ. મ. શ્રી સિંહસૂરીશ્વરજીએ સાધુ સંસ્થામાં પ્રવેશેલી શિથિલતા દૂર કરવા પૂજ્ય શ્રી સત્યવિજયજી મ.સા.ને પ્રેરણા કરી તથા આ ભગીરથ કાર્યમાં સહાયક થવા પૂ. શ્રી યશોવિજયજી મ. શ્રીને પણ સૂચના કરી.


(૯) પ્રખર વિદ્વાન પૂ. ઉપાધ્યાયજી મ. શ્રીએ સંસ્કૃત-પ્રાકૃત-ગુજરાતી અને બીજી કેટલીક ભાષાઓમાં અદ્‌ભૂત સાહિત્ય રચના શરૂ કરી. અધ્યાત્માદિ અનેક વિષયનાં ઘણાં શાસ્ત્રો બનાવ્યાં.

(૧૦) પૂજ્ય આચાર્ય શ્રી મલ્લવાદીજી કૃત નયચક્રગ્રંથની અલભ્ય એક પ્રત ૧૫ દિવસ માટે જ મળતાં વિક્રમ સંવત ૧૭૧૦માં સાત મુનિઓએ સાથે મળીને તેની કોપી કરી લીધી. (૧) પૂ. નયવિજયજી મ., (૨) પૂ. બાલવિજયજી મ. (૩) પૂ. જયસોમવિજયજી મ., (૪) પૂ. કીર્તિરત્ન ગણિ., (૫) પૂ. તત્ત્વવિજયજી મ. (૬) પૂ. રવિવિજયજી મ. અને (૭) પૂ. શ્રી યશોવિજયજી મ. સા.

(૧૧) પૂજ્ય ઉપાધ્યાય મહારાજશ્રીનું તથા પૂજ્ય આનંદઘનજી મ.નું પરસ્પર મીલન અને ધર્મચર્ચા દ્વારા અધ્યાત્મરસની વિશેષ વૃદ્ધિ.

(૧૨) પૂ. આ. મ. શ્રી વિજયપ્રભસૂરીશ્વરજી મ. શ્રીના હાથે વિ. સં. ૧૭૧૮માં પૂજ્ય યશોવિજયજી મ.શ્રીની ઉપાધ્યાય પદવી. પદવી એવી શોભાવી કે પોતે તે જ નામે પ્રસિદ્ધ થયા. વિ. સં. ૧૭૪૩ મહા સુદ ૫ ના દિવસે ડભોઈમાં ૧૧ દિવસના અનશનના અંતે સ્વર્ગવાસ થયા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



બાલ જશવંત માતાને
ભક્તામર સ્તોત્ર
સંભળાવી રહ્યા છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




जैन साईट
JAINSITE .com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




जैन साईट JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




કાશી તથા આગ્રામાં વિદ્યા-અભ્યાસ કરી
ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદની પદવી મેળવી.

www.jainsite.com
For Private & Personal Use Only
info@jainsite.com





www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com



પૂજ્યશ્રીને ઉપાધ્યાય પદવીની પ્રાપ્તિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી પરિપૂજિતાય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
અનંતલબ્ધિનિધાનાય શ્રી ગૌતમસ્વામિને નમઃ
શ્રી શ્રુતજ્ઞાનાધિષ્ઠાયિકાયૈ સરસ્વતીદેવ્યૈ નમઃ
ॐ ह्रीँ ऐँ नमः

न्यायविशारद-न्यायाचार्य-महामहोपाध्याय
परमपूज्य श्री यशोविजयજી મ. સા. વિરચિત

# દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ

जैन साईट JAINSITE .com

## (સ્વોપજ્ઞ ટબા સહિત ઢાળ-પહેલી)

જૈનમ્ જયતિ શાસનમ્

**શ્રી ગુરુ જિતવિજય મન ધરી, શ્રી નયવિજય સુગુરુ આદરી ।**
**આતમ અરથીનઇં ઉપકાર, કરું દ્રવ્ય અનુયોગ વિચાર ॥૧-૧॥**

*ગાથાર્થ–* વડીલ ગુરુમહારાજશ્રી જિતવિજયજી તથા મારા પોતાના ગુરુમહારાજ શ્રીનયવિજયજી મહારાજશ્રીને હૈયામાં ભાવપૂર્વક ધારણ કરીને આત્માર્થી જીવોના ઉપકાર માટે હું આ ગ્રંથમાં દ્રવ્યાનુયોગનો વિચાર કરું છું. ॥ ૧-૧ ॥

સ્વોપજ્ઞ ટબાનું મંગળાચરણ–

ऐन्द्रश्रेणिनतं नत्वा, जिनं तत्त्वार्थदेशिनम् ।
प्रबन्धे लोकवाचाऽत्र, लेशार्थः कश्चिदुष्यते ॥ १ ॥

*શ્લોકાર્થ–* ઈન્દ્રોની હારમાળા વડે નમસ્કાર કરાયેલા, તત્ત્વભૂત પદાર્થોની દેશના આપનારા એવા વીતરાગ પરમાત્માને નમસ્કાર કરીને આ ટબામાં ગુજરાતી એવી લોકભોગ્ય ભાષા દ્વારા આ ગ્રન્થના કંઈક આંશિક અર્થને હું સમજાવીશ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો–** તિહાં પ્રથમ ગુરુનઈં નમસ્કાર કરીનઈં પ્રયોજન[1] સહિત અભિધેય દેખાડઈ છઈ.–

શ્રી જિતવિજય પંડિત અનઈં શ્રી નયવિજય પંડિત. એ બેહુ ગુરુનઈં ચિત્તમાંહિ સંભારીનઈં આતમાર્થી = જ્ઞાનરુચિ જીવના ઉપકારનઈં હેતઈં દ્રવ્યાનુયોગનો વિચાર કરું છું. અનુયોગ કહિઈં - સૂત્રાર્થવ્યાખ્યાન. તેહના ૪ ભેદ શાસ્ત્રઈં કહિયા.

૧. ચરણકરણાનુયોગ – આચાર વચન, આચારાંગ પ્રમુખ.
૨. ગણિતાનુયોગ – સંખ્યા શાસ્ત્ર, ચંદ્રપ્રજ્ઞપ્તિ પ્રમુખ.
૩. ધર્મકથાનુયોગ – આખ્યાયિકાવચન, જ્ઞાતા પ્રમુખ.
૪. દ્રવ્યાનુયોગ – ષડ્દ્રવ્ય વિચાર, સૂત્રમધ્યે-સૂત્રકૃતાંગ.
પ્રકરણમધ્યે-સમ્મતિ-તત્ત્વાર્થ પ્રમુખ મહાશાસ્ત્ર.

તે માટે એહ પ્રબંધ કીજઈ છઈ, તિહાં પણ દ્રવ્ય ગુણ પર્યાય વિચાર છઈ, તેણે એ દ્રવ્યાનુયોગ જાણવો. ૧-૧.

*વિવેચન*– तिहां प्रथम गुरुनइ नमस्कार प्रयोजन सहित अभिधेय देखाडई छइ. ત્યાં સૌથી પ્રથમ ગુરુઓને નમસ્કાર કરીને પ્રયોજન સહિત અભિધેય વિગેરે દેખાડે છે– કોઈ પણ ગ્રંથના પ્રારંભમાં પૂર્વર્ષિ મહાપુરુષો મંગળાચરણ, વિષય, (અભિધેય) સંબંધ અને પ્રયોજન એમ આ ચાર ભાવો અર્થાત્ અનુબંધચતુષ્ટય અવશ્ય જણાવે જ છે. ગ્રંથના પઠન, પાઠન, વાંચન અને મનનમાં આત્માર્થી જીવો જેનાથી દત્તચિત્ત બને તે અનુબંધચતુષ્ટય કહેવાય છે.

(૧) *મંગલાચરણ*– નિર્વિઘ્ને ગ્રંથની સમાપ્તિ થાય, શિષ્ટાચારનું પાલન થાય, અને ઈષ્ટ અર્થની સિદ્ધિ થાય તેટલા માટે ગ્રંથના પ્રારંભમાં મંગળાચરણ કરાય છે. કોઈ કોઈ ગ્રંથો મહાગ્રંથરૂપ હોય છે. ત્યારે તે ગ્રંથના અભ્યાસમાં શિષ્યોની વધુ સ્થિરતા થાય તેટલા માટે મધ્યમાં પણ મંગળ કરાય છે. અને પાછળની શિષ્ય પરંપરામાં સદાકાળ આ ગ્રંથ ભણાતો જ રહે તેમ ગ્રંથના અવ્યવચ્છેદના નિમિત્તે અન્તિમ મંગળ પણ કરાય છે. "मंगल" શબ્દના અનેક અર્થો શ્રી વિશેષાવશ્યક ભાષ્યમાં ગાથા -૨૨ થી ૨૪માં લખ્યા છે. માં

૧. ગ્રંથકારશ્રીની પોતાની ટિપ્પણી- પહેલઈ બિપદે મંગલાચરણ દેખાડયું. નમસ્કાર કર્યો તે ૧. આત્માર્થી ઈહાં અધિકારી ૨. તેહનઈં અવબોધ થાસ્યઈ-ઉપકારરૂપ પ્રયોજન ૩. દ્રવ્યનો અનુયોગ તે ઈહાં અધિકાર. ૪ તેનો અર્થ આ પ્રમાણે છે- ગ્રંથકારશ્રીએ પોતે જ આવી ટીપ્પણી લખી છે કે પ્રથમનાં બે પદો વડે મંગલાચરણ જણાવ્યું છે. ગુરુજીને જે નમસ્કાર કર્યો તે મંગળાચરણ, આત્માર્થી જીવો અહીં અધિકારી જાણવા. તે જીવોને જે બોધ થશે તથા તેઓનો જે ઉપકાર થશે તે પ્રયોજન, તથા દ્રવ્યાનુયોગનો વિષય જે અહીં કહેવાશે, તે અધિકાર જાણવો = વિષય જાણવો.

जैन शासनम् JAINSITE .com जिनम् जयति शासनम्

**भवाद् गालयतीति मंगलम्** (૧) મને ભવથી ગાળે (પાર ઉતારે) તે મંગલ. (૨) જેનાથી આત્માનું હિત સધાય તે મંગલ. (૩) જેનાથી ધર્મની પ્રાપ્તિ થાય તે મંગલ. (૪) જે આત્માને સંસારથી મુક્ત કરાવે તે મંગલ. (૫) જેનાથી વિઘ્નોનો નાશ થાય તે મંગલ. (૬) જેમ ગળણીથી ઘી વિગેરે પદાર્થો ગળાઈને ચોખ્ખા થાય તેમ જેનાથી આ આત્મા ગળાઈને ચોખ્ખો થાય (કર્મમલ રહિત થાય) તે મંગલ. એમ મંગલ શબ્દના ઘણા અર્થો છે.

(૨) *વિષય*— આ ગ્રંથમાં શું કહેવાનું છે તે વિષય કહેવાય છે. તથા તેને અભિધેય પણ કહેવાય છે. આ ગ્રંથમાં શું કહેવાશે ? તે વિષય જો ગ્રંથના પ્રારંભમાં સૂચવ્યો હોય તો જ તેના અર્થી જીવો તે ગ્રંથને ધ્યાનપૂર્વક ભણે-ગણે અને મનન કરે એટલા માટે વિદ્વાન પુરુષોના ગ્રંથ પ્રવેશ અર્થે વિષય બતાવવામાં (કહેવામાં) આવે છે.

(૩) *સંબંધ*— "આ ગ્રંથમાં જે કંઈ કહેવાશે તે કયા ગ્રંથોના આધારે કહેવાશે ? અથવા કઈ ગુરુપરંપરાથી પ્રાપ્ત થયેલો વિષય કહેવાશે ? તે પણ જણાવવું જરૂરી છે. કારણકે આ ગ્રંથોમાં લખનારા બધા જ વક્તાઓ છદ્મસ્થ હોય છે. અને જૈન શાસનમાં છદ્મસ્થ આત્માઓને સ્વકલ્પના પ્રમાણે કહેવાનો અધિકાર નથી. કારણકે નિરાવરણ ન હોવાથી અસત્ય બોલાઈ જવાનો સંભવ છે. તે માટે પૂર્વપુરુષોના ગ્રંથોનો આધાર બતાવવો જરૂરી બને છે."

(૪) *પ્રયોજન*— આ ગ્રંથ શા માટે બનાવ્યો ? તે પણ જણાવવું જરૂરી છે. કારણકે મહાપુરુષો નિરર્થક કોઈ પણ કાર્ય કરતા નથી. તેથી ગ્રંથ રચનાનું પ્રયોજન બતાવવું આવશ્યક છે. આ પ્રમાણે આ ચારે અનુબંધ ચતુષ્ટય કહેવાય છે. તે અનુબંધ ચતુષ્ટય દરેક ગ્રંથોના પ્રારંભમાં હોય જ છે. અને જો આ ચાર બાબતો હોય તો જ તે ચારે બાબત વાંચીને તેના અર્થી વિદ્વાનપુરુષો ગ્રંથપ્રવેશ કરે છે. અહીં આ દ્રવ્ય ગુણ પર્યાયના રાસમાં પણ આ ચાર બાબત છે જ. તે આ પ્રમાણે છે—

**श्री जितविजय पंडित अनइं श्री नयविजय पंडित, ए बेहु गुरुनइं चित्तमांहिं संभारीनइं,**= પોતાના વડીલગુરુ પંડિત શ્રી જિતવિજયજી મહારાજ સાહેબ, તથા પોતાના ગુરુ, પંડિત એવા શ્રીનયવિજયજી મહારાજ સાહેબ, આ બન્ને ગુરુભાઈ એવા ધર્મગુરુઓને મનમાં બહુમાનયુક્ત, ભાવપૂર્વક સંભાળીને = સ્મૃતિપથમાં લાવીને હું આ ગ્રંથ બનાવું છું. પ્રથમનાં આ બે પદોમાં મંગળાચરણ તથા સંબંધ છે. આ ગ્રંથ બનાવનાર પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજશ્રી છે. તેમના ગુરુજી શ્રી નયવિજયજી છે. તેમના વડીલ ગુરુભાઈ શ્રી જિતવિજયજી મહારાજ છે. એટલે યશોવિજયજી મહારાજશ્રીના આ બન્ને વડીલ ગુરુઓ છે. તેઓનો તેમના ઉપર અસીમ ઉપકાર છે. તેઓએ જ યશોવિજયજી મહારાજશ્રીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાનદાન કર્યું છે. કરાવ્યું છે. તેથી ઉપકારી વડીલોને ગ્રંથના પ્રારંભમાં સ્મૃતિપથમાં લાવવા તે મંગળાચરણ થયું. તથા તેઓ પાસેથી જ પરંપરાએ આવેલું જ્ઞાન મને મળ્યું છે. અને તે જ આ ગ્રંથમાં હું કહેવાનો છું. આમ ગુરુ પરંપરાનો સંબંધ પણ થયો. આ બધા મુનિઓ પૂજ્ય હીરસૂરીશ્વરજી મ. સા. ની પાટપરંપરામાં થયેલા છે. ટબામાં જુની ગુજરાતી ભાષા છે. એટલે વર્તમાન ગુજરાતી ભાષામાં જ્યાં જ્યાં ए બોલાય છે. ત્યાં ત્યાં પ્રાચીન ગુજરાતી ભાષામાં अइ બોલાતો હશે એમ લાગે છે. તેથી જ ટબામાં अने ને બદલે अनइ છે. અને गुरुने એવા પદને બદલે गुरुनइ છે. હવે પછી આગળ સર્વત્ર આમ સમજવું. અમે ટબાની તે રચનાને યથાવત્ સાચવી રાખવા તે ભાષા રૂપે જ ટબો અહીં પ્રદર્શિત કર્યો છે.

**आतमार्थी = ज्ञानरुचिजीवना उपकारनइं हेतइं** = આ પ્રયોજન સૂચકપદ છે. જે જે આત્માર્થી જીવો છે. એટલે કે આત્મતત્ત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાની રૂચિવાળા જીવો છે. તેઓના જ ઉપકારને હેતુએ મેં આ ગ્રંથ બનાવ્યો છે. આ ગ્રંથમાં આચારસંહિતાની કે ગણિત ગણવાની કે કોઈ ધર્મ કથાઓની વાતો નથી. દ્રવ્ય-ગુણ અને પર્યાયની ઝીણવટભરી ધર્મચર્ચા છે આ ચર્ચા તે જ જીવોને રૂચે તેમ છે કે જે જીવો સમ્યગ્જ્ઞાનના રસીયા છે. *સાંસારિક સુખના રાગનો અને દુઃખના દ્વેષનો નાશ કરે એવું જે જ્ઞાન તે જ સમ્યગ્જ્ઞાન કહેવાય છે.* એટલે સુખ-દુઃખના રાગ-દ્વેષને ત્યજી ફક્ત આત્મતત્ત્વની નિર્મળતાની સાધના જેને પ્યારી છે. એવા મુમુક્ષુ આત્માર્થી અધ્યાત્મપ્રેમી જીવોનો જ આ ગ્રંથથી ઉપકાર થવાનો છે. માટે હું તેઓના ઉપકાર અર્થે આ ગ્રંથ બનાવું છું. આ પ્રયોજન સૂચવ્યું છે.

**द्रव्यानुयोगनो विचार करूं छुं** = આ વિષયસૂચક પદ છે. આ ગ્રંથમાં હું દ્રવ્યાનુયોગના જ વિચારો જણાવીશ. અનુયોગ શબ્દનો અર્થ વ્યાખ્યાન-વિવેચન-વિસ્તૃત પ્રરૂપણા થાય છે. દ્રવ્યોનો અનુયોગ એટલે કે છએ દ્રવ્યોનું વિસ્તૃતવિવેચન કરવું. તે છએ દ્રવ્યોને ઉત્પાદ-વ્યય-ધ્રુવથી સમજાવવું, ભિન્નાભિન્ન રીતે સમજાવવું. લક્ષણોથી અને ગુણ પર્યાયોથી સમજાવવું તે દ્રવ્યાનુયોગ કહેવાય છે. આવો વિષય આ ગ્રંથમાં હું કહીશ. આ વિષય અર્થાત્ અભિધેય સૂચવ્યું છે. આ પ્રમાણે અહીં અનુબંધચતુષ્ટય સમજાવ્યા છે. મૂલ ગાથાના પ્રથમ બે પદમાં મંગલાચરણ અને સંબંધ છે. ત્રીજા પદમાં પ્રયોજન છે. અને ચોથા પદમાં વિષય છે.

**अनुयोग कहिइं = सूत्रार्थव्याख्यान, तेहना ४ भेद शास्त्रइं कहिया.** દ્રવ્યાનુયોગ શબ્દમાં જે અનુયોગ શબ્દ છે. તેનો અર્થ "સૂત્રના અર્થનું વ્યાખ્યાન કરવું" તે કહેવાય છે. *સૂત્રોના અર્થો સ્પષ્ટપણે સમજાવવા.* જૈન શાસ્ત્રોમાં આ અનુયોગના ચારભેદો કહ્યા છે. ૧. ચરણકરણાનુયોગ. ૨. ગણિતાનુયોગ. ૩. ધર્મકથાનુયોગ. અને ૪. દ્રવ્યાનુયોગ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**चरणकरणानुयोग-आचारवचन, आचाराङ्गप्रमुख १. गणितानुयोग-संख्याशास्त्र. चन्द्रप्रज्ञप्ति प्रमुख. २.** પ્રથમ ચરણકરણાનુયોગ છે. તેનો અર્થ-ચરણસિત્તરી અને કરણસિત્તરી રૂપ આચારોના સ્વરૂપને સમજાવનારાં જે જે શાસ્ત્રવચનો છે, તેને ચરણકરણાનુયોગ કહેવાય છે. આ વિષયને સમજાવનારાં આચારાંગ સૂત્ર અને **પ્રમુખ** શબ્દથી દશવૈકાલિક આદિગ્રંથો જાણવા. તથા બીજો ગણિતાનુયોગ છે. તેનો અર્થ સંખ્યાના ગુણાકાર-ભાગાકાર-સરવાળા-બાદબાકી-વર્ગમૂળ-વર્ગ વિગેરે દ્વારા શાસ્ત્રોનાં વચનોને સમજાવનારા જે જે ગ્રંથો છે તે. જેમકે ચંદ્રપ્રજ્ઞપ્તિ વિગેરે. અહીં પણ **પ્રમુખ** શબ્દથી સૂર્ય પ્રજ્ઞપ્તિ, જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ, ક્ષેત્રસમાસ, લોકપ્રકાશ વિગેરે ગ્રંથો જાણવા.

**धर्मकथानुयोग = आख्यायिकावचन, ज्ञाता प्रमुख. ३. द्रव्यानुयोग = षड्द्रव्यविचार, सूत्रमध्ये सूत्रकृतांग, प्रकरणमध्ये सम्मति तत्त्वार्थप्रमुख महाशास्त्र ४.** = ત્રીજો ધર્મકથાનુયોગ છે. તેનો અર્થ એ છે કે આખ્યાયિકા એટલે ધર્મકથાઓ, પૂર્વે થઈ ગયેલા અનેક સંત મહાત્માપુરુષો તથા ધર્મમયપરિણતિવાળા જીવો, તેઓનાં ચરિત્રો (કથાઓ)ને કહેનારાં વચનો-શાસ્ત્રો તે ધર્મકથાનુયોગ કહેવાય છે. જેમકે જ્ઞાતાધર્મકથા તથા **પ્રમુખ** શબ્દથી ત્રિષષ્ઠિ શલાકા પુરુષ ચરિત્ર, સમરાઈચ્ચકહા તથા ઉપદેશ પ્રાસાદ વિગેરે ગ્રંથો જાણવા. ચોથો દ્રવ્યાનુયોગ છે. તેનો અર્થ = છ એ દ્રવ્યોના સ્વરૂપને ઝીણવટપૂર્વક સમજાવનારા જે જે ગ્રંથો છે તે. જેમ કે ગણધરભગવંતકૃત સૂત્રોની અંદર બીજું અંગ સૂત્રકૃતાંગ. (સૂયગડાંગ). અને પછીના ૨૫૦૦ વર્ષના ગાળામાં થયેલા શાસનપ્રભાવક ગીતાર્થ મહાન આચાર્યોના બનાવેલા પ્રાકરણિક ગ્રંથોમાં સમ્મતિતર્ક તથા તત્ત્વાર્થાધિગમસૂત્ર વિગેરે મહાન અને ગંભીરગ્રંથો છે. તે દ્રવ્યાનુયોગ જાણવો. **પ્રમુખ** શબ્દથી વિશેષાવશ્યક ભાષ્ય કર્મગ્રંથો-કમ્મપયડી ધર્મસંગ્રહણી વિગેરે ગ્રંથો પણ દ્રવ્યાનુયોગના જાણવા. તથા દિગંબરામ્નાયમાં સમયસાર પ્રવચનસાર નિયમસાર ગોમ્મટસાર વિગેરે ગ્રંથો પણ દ્રવ્યાનુયોગના જાણવા.

આ ચારે અનુયોગો જીવોને ધર્મમાર્ગમાં પ્રવેશ કરાવવામાં ઘણા જ ઉપકારી છે. બાલજીવો અને અજ્ઞાત અવસ્થામાં રહેલા જીવોનો ધર્મકથાઓથી પ્રથમ ધર્મમાર્ગમાં પ્રવેશ થાય છે. ધર્મ તરફ રૂચિ વધે છે. ચરણકરણાનુયોગથી ચારિત્ર નિર્મળ બને છે. જીવન પવિત્ર થાય છે. ધર્મસંસ્કારો સુદૃઢ બને છે અને નિરતિચાર જીવન તરફ જીવ આગળ વધે છે. ગણિતાનુયોગથી બુદ્ધિ સ્થિર, સૂક્ષ્મ, તીક્ષ્ણ અને તન્મયતાવાળી બને છે. તથા દ્રવ્યાનુયોગથી વસ્તુનુ સ્વરૂપ સ્પષ્ટ જણાય છે અજ્ઞાન નાશ પામે છે. અવિસંવાદી યથાર્થજ્ઞાન પ્રગટ થાય છે. આ જ્ઞાન સંવેગ-નિર્વેદ-વૈરાગ્ય અને મુક્તિપ્રાપ્તિનું અવન્ધ્ય બીજરૂપ કારણ બને છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**તે માટિં એ પ્રબંધ કીજઇં છઇં. તિહાં પણ દ્રવ્ય ગુણ પર્યાય વિચાર છઇ. તેણઇં એ દ્રવ્યાનુયોગ જાણવો.** આ ચારે અનુયોગો જીવને ધર્મપ્રાપ્તિ દ્વારા મુક્તિહેતુ બને છે.તો પણ દ્રવ્યાનુયોગ જટિલ અને ગૂઢ છે. તથા તેને જાણવો પણ અતિશય આવશ્યક છે. કારણ કે તે જ વિશેષે કરીને સંવેગ-નિર્વેદ અને વૈરાગ્યાદિનું કારણ બને છે. તે માટે અમે આ પ્રબંધ (ગ્રંથરચના) કરીએ છીએ. આ દ્રવ્યગુણપર્યાય નામના ગ્રંથમાં પણ છ દ્રવ્યોના ગુણોના અને પર્યાયોના વિચારો ભરેલા છે. અંદર ગુંથેલા છે તે કારણે આ ગ્રંથ પણ દ્રવ્યાનુયોગ જ છે. એમ જાણવું.

આ પ્રમાણે મંગળાચરણાદિ ચાર અનુબંધચતુષ્ટય સમજાવી આ ગ્રંથ દ્રવ્યાનુયોગના વિષયવાળો છે. એમ કહીને હવે દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવો તે અતિશય આવશ્યક છે. તેના ઉપર હવે પછીની ગાથાઓમાં તેના અભ્યાસની અનિવાર્યતા અને મહત્તા સમજાવે છે. ॥ ૧ ॥

**વિના દ્રવ્ય અનુયોગ વિચાર, ચરણ કરણનો નહીં કો સાર ।**
**સમ્મતિ ગ્રંથે ભાષિઉં ઈસ્યૂં, તે તો બુધ જન મનમાં વસ્યૂં ॥ ૧-૨ ॥**

*ગાથાર્થ*− દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના ચરણકરણાનુયોગનો કોઈ સાર (ફળ) નથી. એવું સમ્મતિ પ્રકરણ નામના ગ્રંથમાં કહ્યું છે. પરંતુ તે વાત તો વિદ્વાન પુરુષોના (તત્ત્વદૃષ્ટિવાળાના) જ હૈયામાં વસે છે. ॥ ૧-૨ ॥

**ટબો− એહનો મહિમા કહઈ છઈ. "દ્રવ્ય-અનુયોગ-વિચાર વિના કેવલ ચરણસિત્તરી-કરણસિત્તરીનો સાર કોઈ નહીં." એહવું સમ્મતિ ગ્રંથનઈં વિષઈં કહિઉં, તે તો બુધજનના મનમાંહિ વસિઉં. પણિ બાહ્યદૃષ્ટિના ચિત્તમાં ન વસઈ. યથા−**

चरणकरणप्पहाणा, ससमय-परसमयमुक्कवावारा ।
चरणकरणस्स सारं, निच्छयशुद्धं न जाणंति ॥ ३. काण्डे ६७ ગાથા सम्मतौ ॥१-२ ॥

*વિવેચન*− एहनो महिमा कहइ छइ ગ્રંથકાર શ્રી યશોવિજયજી મહારાજશ્રી તાર્કિકશિરોમણિ શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજીકૃત સમ્મતિપ્રકરણની સાક્ષી આપીને હવે एहनो આ દ્રવ્યાનુયોગના અભ્યાસનો महिमा कहइ छइ=મહિમા કહે છે. કે જે જે આત્માઓ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતા નથી. અને માથાકુટીયો વિષય લાગવાથી તથા કંઈક કઠીનાઈભર્યો અભ્યાસ હોવાથી આવા અભ્યાસથી જેઓ વિમુખ થઈ ગયા છે. જે જીવો દ્રવ્યાનુયોગના અભ્યાસ તરફ ઉપેક્ષા - ઉદાસીનતા સેવે છે. તેઓનાં મહાવ્રતપાલન, સમિતિ ગુપ્તિનું પાલન, તપ સંયમાદિ ક્રિયાનુષ્ઠાનનું પાલન વિગેરે ધર્મકાર્યોના આચરણનું કોઈ ફળ નથી. (સર્વકર્મક્ષય થવા રૂપ મુક્તિફળ ન હોવાથી કંઈ ફળ નથી એમ જાણવું.)

જૈન સાહિત્ય JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણ કે દ્રવ્યાનુયોગનો અભ્યાસ છોડીને, તે તે શાસ્ત્રોનું શ્રવણ, ચિંતન, મનન અને નિદિધ્યાસન ત્યજીને, ક્રિયા માત્ર કરવારૂપ ધર્માચરણમાં જ એટલે કે કેવળ એકલા વ્યવહાર માત્રમાં જ જેઓ મગ્ન છે. તેઓ, તે કરાતા ધર્માચરણનું આંશિક કર્મોના ક્ષયરૂપ નિર્જરા અને સર્વકર્મોના ક્ષયરૂપ મુક્તિ ફળ પામતા નથી. કારણ કે મારાથી વ્રતો બરાબર પલાયાં કે નહીં ? બાહ્ય પંચાચાર બરાબર પલાયા કે નહીં ? ક્રિયાચરણ યથાર્થ થયું કે નહીં ? આવા પ્રકારની ચિંતામાં અને વિચારણામાં રહે છે. અને જે કંઈ ધર્મકાર્ય કર્યું, તેની જ સંખ્યા ગણીગણીને મેં આ કર્યું, મેં આ કર્યું, એવાં ગાણાં ગાઈ ગાઈને માન વહન કરે છે. પરંતુ તે ક્રિયાઓના ફળરૂપે વિકારો-વાસનાઓ-કષાયોની હાનિ કેટલી થઈ ? વિભાવદશા કેટલી તુટી ? સ્વભાવદશા કેટલી પ્રગટી ? ઈત્યાદિરૂપ મોહના નાશની પ્રાપ્તિરૂપ ફળની વિચારણા પણ તે જીવો જ્ઞાનોપયોગ દ્વારા કરતા નથી અને તેઓ ફળ પામતા પણ નથી. કારણ કે તે બાજુનુ લક્ષ્ય જ નથી. માત્ર આચારપાલનમાં જ ઓતપ્રોત છે. અને તેના વડે જ પોતાની જાતને મહાન અને કૃતકૃત્ય માને છે. તેઓ અનુષ્ઠાનની ગણનામાં જ રચ્યા પચ્યા વર્તે છે.

જે જે વ્રતનિયમાદિનું પાલન છે. તે તે સાધના છે, આરાધના છે, અને તેના દ્વારા મોહના વિકારોનો ક્ષય કરવો એ સાધ્ય છે. સાધ્યનું લક્ષ્ય રાખીને એટલે કે સાધ્યની સિદ્ધિ થાય તે રીતે કરાતી જે સાધના તે જ સાચી સાધના છે. આરાધના છે અને તે જ મોહનીય કર્મનો ક્ષયોપશમભાવ છે. તથા આ સાધનાથી જે સાધ્યની સિદ્ધિ થાય એટલે કે મોહનીયકર્મનો પરિપૂર્ણ પણે ક્ષય થાય તે ક્ષાયિકભાવ છે. આ અંતિમ સાધ્ય છે. ક્ષાયોપશમિકભાવ અને ક્ષાયિકભાવ આ બન્ને શુદ્ધ આત્મદશાનાં સાધક તત્ત્વો છે. અને શુદ્ધ આત્મદશા એ જીવનું પોતાનું સ્વરૂપ છે તે શુદ્ધદશાના સાધનને પણ કારણમાં કાર્યનો ઉપચાર કરીને જીવનું સ્વરૂપ કહેવાય છે. તત્ત્વાર્થસૂત્રમાં કહ્યું છે કે **"औपशमिकक्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वम्"** તેથી જ તે સાધ્યસાધન દાવ વાળી સાધના હોવાથી સાચી સાધના કહેવાય છે. દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના સાધ્યની અપેક્ષાવાળી સાધના જીવનમાં આવતી નથી. ધર્માચરણ કરીને પણ વર્તમાનભવમાં આ જીવ માન વહન કરે છે. બીજા લોકોનું સાનુકુળ વર્તન ન થાય તો ક્રોધાદિમાં જાય છે. ભવાન્તરમાં સાંસારિકસુખની વાંછાઓ કરે છે. ઈત્યાદિ રીતે દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના મોહને પોષનારી આ સાધના બની જાય છે. જે ઔદયિકભાવની થઈ જાય છે. જ્યાં સાધ્યની અપેક્ષા રાખવાને બદલે સાધનની જ માત્ર અપેક્ષા રાખીને સાધના કરાય છે. એ સાધના મોહવર્ધક થવાથી બાધક થાય છે. તેથી આત્મજાગૃતિ લાવવા માટે આ દ્રવ્યાનુયોગ ભણવો અત્યન્ત આવશ્યક છે. આ જ વાત ગ્રંથકારશ્રી જણાવે છે કે–

**"द्रव्य-अनुयोग विचार विना केवल चरणसित्तरी-करणसित्तरीनो सार कोइ नहीं="** **एहवुं सम्मति ग्रंथनइं विषइं कहिउं**=દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના કેવળ એકલા આચાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પાલનનો અને ક્રિયામાત્રનો કોઈ સાર નથી. આવું સ્પષ્ટપણે સમ્મતિપ્રકરણ નામના ગ્રંથને વિષે કહેલું છે. દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના આ શરીરથી આત્મદ્રવ્ય ભિન્ન છે. આવું આત્મદ્રવ્યનું ભેદજ્ઞાન થતું નથી. તેના વિના સંસારનું યથાર્થભાન, સંસારની અસારતાનું ભાન, સાંસારિક સુખો પ્રત્યે વૈરાગ્ય, ભવ પ્રત્યે ઉદ્વેગ=ભવનિર્વેદ વિગેરે ઉત્તમભાવો હૈયામાં પ્રગટતા નથી. તેના વિના મોહના ક્ષયોપશમ અને ક્ષય સ્વરૂપ સાધ્યની સિદ્ધિ થતી નથી. ઉલટું આ તરફનું લક્ષ્ય ન હોવાથી કરાતી ધર્મક્રિયાઓ વડે પોતાની જાતને મોટી માની, તે ધર્માચરણ વિનાના જીવો પ્રત્યે લઘુતા માની, આત્મપ્રશંસા અને પર પ્રત્યેના નાખુશીના-તિરસ્કારના ભાવો આ જીવમાં આવે છે. સ્વપ્રશંસા અને પરનિંદામાં ગરકાવ થઈ જતાં આ જ સાધના બાધકરૂપ બની જાય છે. પરંતુ બાહ્યદૃષ્ટિવાળા જીવને **"આ તત્ત્વ"** સમજાતું જ નથી કે જે તત્ત્વ મોહના ક્ષયનું કારણ છે. તેને જ આ જીવ દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના મોહના બંધનું કારણ બનાવી દે છે. સાધ્યને ઓળખવાને બદલે સાધનના જ રૂપ-રંગમાં અને લાલન પાલનમાં જ અંજાઈ જાય છે. દાખલા તરીકે ઓઘાની કે ચરવળાની દશીઓ મુલાયમ કેમ હોય ? પડિલેહણ બરાબર કેમ થાય ? તેની બાંધણી બરાબર કેમ થાય ? ઈત્યાદિ સારવારમાં જ ધર્મ માની લે છે. પરંતુ તેના દ્વારા પળાતી જયણાનું લક્ષ્ય આ જીવ ચૂકી જાય છે. દશીઓ મેલી થઈ જશે તેવા ભયથી તે જીવ સાધ્ય તરફનું લક્ષ્ય ચૂકી જાય છે. આ રીતે સર્વત્ર સમજવું. તત્ત્વદૃષ્ટિ આવ્યા વિના બાહ્યદૃષ્ટિ જીવને બહારનો ભભકો જ વધારે ગમે છે. અંતરની શુદ્ધિ એટલી ગમતી નથી. તેથી જ "દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના ચરણકરણાનુયોગનો કોઈ સાર નથી" એટલે કે આ અભ્યાસ વિના ચરણકરણાનુયોગનો સાર આ જીવ પામી શકતો નથી. પરંતુ આ વાત બુધજનને જ (તત્ત્વદૃષ્ટિ જીવને જ) ગમે છે. બાહ્યદૃષ્ટિ જીવને ગમતી નથી.

**ते तो बुधजनमनमांहिं वसिउं पणि बाह्यद्दष्टिना चित्तमां न वसइ यथा**=ઉપર કહેલી તે વાત તો બુધજનના (તત્ત્વદૃષ્ટિવાળા જીવના) મનમાં જ વસે છે. પરંતુ બાહ્યદૃષ્ટિ (સાધનમાત્રની દૃષ્ટિ)વાળા જીવના મનમાં આ વાત વસતી નથી. પૂજ્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજશ્રી સમ્મતિપ્રકરણમાં કહે છે કે

**चरणकरणप्पहाणा**=ચરણસિત્તરી અને કરણસિત્તરીના આચારપાલનમાં અને ધર્મક્રિયાઓ કરવામાં જે જીવો પ્રધાન છે.

**ससमयपरसमयमुक्कवावारा**=પરંતુ સ્વશાસ્ત્ર (જૈનાગમોમાં) અને પરશાસ્ત્રોમાં (ઈતરદર્શનનાં શાસ્ત્રોમાં) શું શું કહ્યું છે. તે જાણવા-ભણવાનો મુકી દીધો છે વ્યવસાય જેઓએ અથવા સ્વભાવદશા અને પરભાવદશા જાણવાનો ત્યજી દીધો છે વ્યવસાય જેઓએ તે જીવો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**चरणकरणस्स**=ચરણસિત્તરી અને કરણસિત્તરીના આચારપાલનનો અને ધર્મક્રિયાનો

**सारं निच्छयशुद्धं**=નિશ્ચયથી શુદ્ધ એવો સાર (ફળ)

**न जाणइ**=જાણતા જ નથી એટલે યથાર્થ ફળ પામતા પણ નથી.

દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના સંસારપ્રત્યે નિર્વેદગુણ પ્રગટતો નથી અને તેના કારણે મુક્તિ પ્રત્યે યથાર્થ સંવેગભાવ આવતો નથી. (સંસારનાં દુઃખો જોઈને દુઃખોના ભયથી ભાગીને મુક્તિમાં જવાની ઘણીવાર ઈચ્છા થઈ જાય છે. પરંતુ તે સાચો સંવેગગુણ નથી. એટલે કે જ્યાં સુખનો રાગ છે અને દુઃખનો દ્વેષ તથા ભય છે તે સંવેગગુણ નથી.) સંવેગગુણ અને નિર્વેદગુણ આવ્યા વિના દેહાધ્યાસ છુટતો નથી. શરીરની મમતા ઘટતી નથી, એટલે કરાતી સર્વ ધર્મકરણી ઈહલૌકિક પારલૌકિક સુખોની ઝંખનાઓમાં અને દુઃખોથી છુટકારામાં આ જીવ જોડી દે છે. દુઃખોના ભયથી ત્યાંથી છટકવા અને સુખો પ્રાપ્ત કરવા ઘણીવાર ધર્મ કરે છે. પરંતુ સંસારનાં સુખો જ અસાર છે. હેય છે. દુઃખરૂપ છે આવું જાણીને સુખોથી ઉભગીને આ જીવ ધર્મ કરતો નથી. તે માટે આ અભ્યાસ કરવો અત્યન્ત જરૂરી છે.

વર્તમાનકાળમાં મોહદશાને ઘટાડવાના લક્ષ્યની (નિશ્ચય ધર્મની) ઘણી ઘણી ઉપેક્ષા કરાઈ રહી છે. તેના જ કારણે ક્રિયા માત્રના આગ્રહથી ભિન્ન ભિન્ન ક્રિયાના વિવાદને લીધે ઘણા સંપ્રદાયો ઉભા થયા છે અને થાય છે. જેઓને નિશ્ચયધર્મ રૂચતો જ નથી. તેઓ આ કરે છે. તેવી જ રીતે નિશ્ચયના એકાન્તવાદીઓને ક્રિયાધર્મ રૂચતો નથી. તેવા જીવો એકાન્ત નિશ્ચયધર્મ તરફ જ વળીને નવા નવા પક્ષો (મઠો) થાપે છે. એટલે તે પણ એકાન્તનિશ્ચયના રાગી થયા છતા આત્માની જ માત્ર વાત કરતા છતા ક્રિયામાર્ગના ઉત્થાપક થયા છે. અને થાય છે. તથા કેટલાક દ્રવ્યાનુયોગના ઝીણવટભર્યા અભ્યાસની ઉપેક્ષા કરીને ક્રિયામાત્રના રાગી થયા છતા જ્ઞાનમાર્ગના ઉત્થાપક થઈ રહ્યા છીએ. સાચો માર્ગ એ છે કે જ્ઞાનમાર્ગની ઉપાસના કરવા પૂર્વક નિશ્ચિત સાધ્યને સાધવા તેનું પુરેપુરૂ લક્ષ્ય રાખીને તેને અનુસરતો ક્રિયા માર્ગ સ્વીકારવો. ક્રિયામાર્ગ એવો આદરવો કે જેનાથી જ્ઞાનમાર્ગની સાધના થાય. જ્ઞાનમાર્ગ એ ક્રિયામાર્ગની શુદ્ધિ કરનારો છે. અને વિવેકી બનાવનારો છે. તથા ક્રિયામાર્ગ એ જ્ઞાનમાર્ગને લાવનારો અને પ્રાપ્ત થયેલા જ્ઞાનમાર્ગની પુષ્ટિ તથા વૃદ્ધિ કરનારો માર્ગ છે.

આવુ નહી સમજનારા જીવો બાહ્યકરણી ઘણી કરે છે. પરંતુ કરણીમાં જ મસ્ત રહ્યા છતા તેઓ તેની જ આળ-પંપાળમાં રચ્યા પચ્યા રહે છે. મોહના વિકારોને ત્યજીને આત્મશુદ્ધિ તરફ વિકાસ પામતા નથી. આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ તો એટલો બધો મહાન છે કે ગાઢ મિથ્યાત્વી જીવની પણ દૃષ્ટિ બદલી નાખીને, રાગીને પણ વૈરાગી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બનાવે, ભોગીને પણ યોગી બનાવે, વિચારધારાનું સમૂલ પરિવર્તન લાવી દે. તેટલા માટે આ દ્રવ્યાનુયોગના અભ્યાસ અર્થે કોઈ કોઈ મુનિઓને કોઈ કોઈ ગામમાં સ્થિર વાસ કરવો પડે અથવા શુદ્ધ આહારાદિની પ્રાપ્તિના સંજોગો ન હોય ત્યારે આધાકર્માદિ દોષવાળો આહાર લેવો પડે. તો પણ *"મોહના દોષો ન લાગે"* એટલા માટે શાસ્ત્રમાં તેને શ્રેષ્ઠમાર્ગ છે એમ કહ્યું છે. જે વાત ગ્રંથકારશ્રી પોતે જ હવે પછીની ગાથામાં જણાવે છે. ॥૨॥

## શુદ્ધ આહારાદિક તનુયોગ, મોટો કહીઓ દ્રવ્ય અનુયોગ ।
## એ ઉપદેશપદાદિક ગ્રંથિ, સાખી લહી ચાલો શુભપંથિ ॥ ૧-૩ ॥

*ગાથાર્થ–* આહારાદિની શુદ્ધિ જાળવવી એ નાનો યોગ છે. અને દ્રવ્યાનુયોગ મેળવવો એ મોટો યોગ છે. આ બાબતમાં ઉપદેશપદ વિગેરે ગ્રંથોનો આધાર લઈને (સાક્ષીભૂત કરીને) શુભમાર્ગે ચાલો. ॥ ૧-૩ ॥

**ટબો– એ કહિઉં. તેહ જ દૃઢઈ છઈ. શુદ્ધાહાર=૪૨ દોષરહિત આહાર, ઈત્યાદિક યોગ છઈ. તે તનુ કહેતાં-નાન્હા કહીઈં. દ્રવ્યઅનુયોગ- જે સ્વસમય પરસમય પરિજ્ઞાન, તે મોટો યોગ કહીઓ. જે માટઇં-શુદ્ધાહારાદિક સાધન સ્વાધ્યાયનું જ છઈ. એ સાખિ ઉપદેશપદાદિક ગ્રંથઈં લહીનઈં શુભપંથિ-ઉત્તમમાર્ગિ ચાલો. બાહ્યવ્યવહાર પ્રધાન કરીનઈં જ્ઞાનની ગૌણતા કરવી, તે અશુભ માર્ગ. જ્ઞાન પ્રધાનતા રાખવી, તે ઉત્તમ માર્ગ. अत एव જ્ઞાનાદિક ગુણહેતુ-ગુરુકુલવાસ છાંડી શુદ્ધાહારાદિક યતનાવંતનઇ મહાદોષઇં ચારિત્રહાનિ કહી છઇં.**

गुरुदोषारम्भितया लध्वकरणयत्नतो निपुणधीभिः ।
सन्निन्दादेश्च तथा ज्ञायते एतन्नियोगेन ॥ ૧-૯ ષોડશકે ॥ ૧-૩ ॥

*વિવેચન–* વિશિષ્ટ આત્માઓ માટે ચરણકરણાનુયોગ અને દ્રવ્યાનુયોગ એમ બે યોગ વિશેષ ઉપકારક છે. બેંતાલીસ દોષ રહિત આહાર-પાણી લેવાં, તપશ્ચર્યા કરવી. પ્રતિક્રમણ, પડિલેહણ, તપ અને વિહારાદિ ધર્મક્રિયાઓ કરવી તે સઘળો ચરણકરણાનુયોગ છે. અને શુદ્ધ આત્મતત્ત્વની પ્રાપ્તિનું લક્ષ્ય રાખીને છએ દ્રવ્યોના ગુણધર્મોનો અને લક્ષણાદિનો અભ્યાસ કરવો, તેનું ચિંતન મનન કરવું. સ્વદ્રવ્ય-પરદ્રવ્યના ભેદને જાણવો. પરદ્રવ્યને પરદ્રવ્ય જાણી દેહાધ્યાસ ત્યજી તેના તરફનો મોહ તોડવો તે સઘળો દ્રવ્યાનુયોગ છે.

ચરણકરણાનુયોગ એ ક્રિયામાર્ગ છે. દ્રવ્યાનુયોગની પ્રાપ્તિનું સાધન છે. તેથી તેને વ્યવહાર માર્ગ કહેવાય છે. અને દ્રવ્યાનુયોગ એ જ્ઞાનમાર્ગ છે. ચરણકરણાનુયોગનું તે સાધ્ય છે. તેથી તેને નિશ્ચયમાર્ગ કહેવાય છે. આ બન્ને યોગ અનુક્રમે ક્રિયા અને જ્ઞાનરૂપ છે. સાધન અને સાધ્યરૂપ છે તથા વ્યવહાર માર્ગ અને નિશ્ચયમાર્ગ સ્વરૂપ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મુક્તિપ્રાપ્તિના ઉપાયો

| ચરણકરણાનુયોગ | દ્રવ્યાનુયોગ |
| --- | --- |
| ક્રિયામાર્ગ | જ્ઞાનમાર્ગ |
| સાધનભૂત | સાધ્યભૂત |
| વ્યવહારમાર્ગ | નિશ્ચયમાર્ગ |

જ્યારે જ્યારે આત્માર્થી આત્માઓ દ્રવ્યાનુયોગનું લક્ષ્ય રાખીને તેની સાધના જીવનમાં વધારે ને વધારે કેમ થાય ? તે રીતે ચરણકરણાનુયોગનું સેવન કરે છે. ત્યારે તો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. એટલે કે જે સાધક આત્મા સાધનને સાધ્યસાધવામાં જોડે અને સાધ્યનું પુરેપુરૂ લક્ષ્ય રાખીને તે સાધ્યની સિદ્ધિ થાય એ રીતે સાધનને પ્રયુંજે ત્યારે તો કોઈ સવાલ જ ઉઠતો નથી. પરંતુ કોઈ કોઈ આત્માઓ આ બે યોગોમાંથી એકના ભોગે બીજાને પ્રધાન કરે ત્યારે ત્યાં કયો માર્ગ ઉપકારક થાય ? આવો પ્રશ્ન ઉઠે છે. દ્રવ્યાનુયોગને જતો કરીને ચરણકરણાનુયોગ સેવે તે યથાર્થમાર્ગ કહેવાય ? કે ચરણકરણાનુયોગને જતો કરીને તેના ભોગે દ્રવ્યાનુયોગની ઉપાસના કરે તે યથાર્થમાર્ગ કહેવાય ? સારાંશ કે આ બન્ને યોગમાં કયો યોગ લઘુ (નાનો) અને કયો યોગ ગુરૂ (મોટો) કહેવાય ? આ પ્રશ્નનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે—

**ए कहिउं, तेह ज दृढइ छइ**="દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના ચરણકરણાનુયોગનો કોઈ સાર (ફળ) નથી" એવું જે બીજી ગાથામાં કહ્યું છે. એ જ વાતને ગ્રંથકારશ્રી વધારે દૃઢ કરતાં=સંપૂર્ણ સત્ય છે એમ સિદ્ધ કરતાં જણાવે છે કે—

**शुद्धाहार-४२ दोषरहित आहार, इत्यादि योग छइ ते "तनु" कहेतां नान्हा कहिइं**=શુદ્ધ આહાર લેવો. એટલે કે ગોચરીના આધાકર્માદિ ૪૨ દોષોથી રહિત આહાર લેવો. ઇત્યાદિ શબ્દથી તપશ્ચર્યા કરવી. પ્રતિક્રમણ-પડિલેહણ આદિ ધર્મ ક્રિયાઓ કરવી, એવા પ્રકારનો જે યોગ (ચરણકરણાનુયોગ) છે. તે તનુ યોગ છે. અર્થાત્ નાનો યોગ છે. લઘુ યોગ છે. જેટલો દ્રવ્યાનુયોગ મહાન યોગ છે. તેટલો તે ચરણકરણાનુયોગ મહાન નથી. અને **द्रव्यानुयोग-जे स्वसमय-परसमयपरिज्ञान ते मोटो योग कहिओ**=જે દ્રવ્યાનુયોગ છે કે જે સ્વકીય જૈન આગમોનો અને પરકીય ઈતરદર્શનશાસ્ત્રોનો અભ્યાસ કરવો અથવા સ્વભાવદશા અને પરભાવદશાનો ઉપાદેય અને હેયપણે યથાર્થ પરિણામયુક્ત બોધ થવો તે યોગ જૈનશાસ્ત્રોમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટો કહ્યો છે. **जे माटइं शुद्धाहारादिक साधन स्वाध्यायनुं ज छइ**=કારણકે ૪૨ દોષરહિત શુદ્ધ આહારાદિક લેવા. તે પણ સ્વાધ્યાયનું જ સાધન છે. સાધન અને સાધ્યમાં સાધ્યના ભોગે સાધનની રક્ષા કરવી એ શુભમાર્ગ નથી. પરંતુ સાધનને ગૌણ કરીને પણ સાધ્યને પ્રધાન કરવું, એ જ શુભમાર્ગ છે. જેમ કે– કારણવશાત ગ્રામાન્તર જવું પડે તે સાધ્ય છે. અને પ્લેન ટ્રેન કાર વિગેરે સાધન છે. પ્લેન ન મળે તો ટ્રેન, ટ્રેન ન મળે તો બસ. બસ ન મળે તો ટેક્ષી. અને ટેક્ષી ન થઈ શકે તેમ હોય તો પગપાળા. પરંતુ બહારગામ જવાનું જે પ્રયોજન ઉપસ્થિત થયું છે. તેના કારણે તે કામ બંધ રખાતું નથી. તેવી રીતે અભ્યાસ કરવો એ સાધ્ય છે. ભણાવનાર, પુસ્તક, અનુકૂળ ક્ષેત્ર, અને અનુકૂળ કાળ વિગેરે સાધન છે. ભણાવનાર આદિની પ્રતિકૂળતાએ જો ભણવાનું સાધ્ય સિદ્ધ થતું ન હોય તો ભણાવનાર આદિ સાધન સામગ્રી બદલી શકાય છે. પરંતુ ભણવાનું સાધ્ય ન બદલી શકાય, તેમ અહીં સાધ્યભૂત દ્રવ્યાનુયોગને ગૌણ કરાય નહીં.

બન્ને યોગો જો સાધ્ય-સાધનરૂપે અનુક્રમે ગોઠવાઈ જતા હોય તો તો તે ઘણો જ ઉત્તમમાર્ગ છે. પરંતુ એકને જતો કરીને (ગૌણ કરીને) બીજાને પ્રધાન કરવો પડે એવો સમય જો આવે તો સાધ્યભૂત દ્રવ્યાનુયોગને ગૌણ કરવો અને સાધનભૂત ચરણકરણાનુયોગને પ્રધાન કરવો તે ઉત્તમમાર્ગ નથી. પરંતુ સાધ્યભૂત દ્રવ્યાનુયોગને મુખ્ય કરવો અને સાધનભૂત ચરણકરણાનુયોગને ગૌણ કરવો એ જ એક શ્રેષ્ઠ માર્ગ છે. દ્રવ્યાનુયોગને પ્રધાન કરવો એટલે જ્ઞાનમાર્ગને પ્રધાન કરવો. તેથી ઉત્તમોત્તમ અધ્યાત્માદિ શાસ્ત્રોના જ્ઞાનાભ્યાસ માટે સાધક આત્માએ ગુરુકુલવાસાદિમાં જ રહેવું જોઈએ. ગુરુકુલવાસમાં વસવાથી ઘણા સાધુ-સંતોની મોટી સંખ્યા સાથે હોવાથી આધાકર્માદિદોષ રહિત શુદ્ધાહારાદિકની પ્રાપ્તિ, નિહાર માટે શુદ્ધભૂમિની પ્રાપ્તિ ઈત્યાદિ ચારિત્રગુણની (ચરણકરણાનુયોગની) વિશિષ્ટ પ્રકારે સેવના કદાચ શક્ય ન પણ બને. તો પણ ગુરુ આજ્ઞાનું પાલન, શાસ્ત્રાભ્યાસ, તપસ્વીઓની અને વૃદ્ધોની વૈયાવચ્ચ, વડીલો સાથે હોવાથી વિનય, વિવેક, સંસ્કારી જીવન ઈત્યાદિ ઘણા ગુણો આવવાનો સંભવ છે. જે એકલવાયા જીવનમાં શક્ય નથી. તેથી જે આત્માઓ આધાકર્માદિ દોષોના જ ત્યાગમાત્ર રૂપ ચારિત્રની પ્રધાનતા કરીને ગુરુકુલવાસ અને જ્ઞાનમાર્ગાદિ ત્યજી દે છે. તે આત્માઓ શુભમાર્ગે નથી. આ વાતમાં પૂર્વ ગ્રંથોની સાક્ષી આપે છે.

**ए साखि उपदेशपदादिक ग्रंथइं लहीनइं शुभपंथि-उत्तममार्गि चालो.** આ બાબતમાં સાક્ષીભૂત એવા ઉપદેશપદ વિગેરે ગ્રંથોની સાક્ષી લઈને ઉત્તમ માર્ગમાં તમે ચાલો. આ વિષયમાં પૂ. હરિભદ્રસૂરિજીકૃત ઉપદેશપદની ગાથા ૬૭૭ થી ૬૮૨ સુધીની જોવી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે શાસ્ત્રપાઠની સાક્ષીથી પણ જ્ઞાનયોગની પ્રધાનતા કરવી એ જ ઉત્તમ માર્ગ છે. કારણ કે તે દ્રવ્યાનુયોગ *આશયશુદ્ધિજનક* છે. અને આશય શુદ્ધિ અવશ્ય આચારશુદ્ધિને લાવે જ છે.

**बाह्यव्यवहार प्रधान करीनइं ज्ञाननी गौणता करवी. ते अशुभ मार्ग. ज्ञानप्रधानता राखवी, ते उत्तम मार्ग**=બાહ્ય વ્યવહારને (શુદ્ધાહારાદિકની ગવેષણા વિગેરે ક્રિયામાર્ગને) પ્રધાન કરીને જ્ઞાનમાર્ગની (દ્રવ્યાનુયોગના અભ્યાસની) ગૌણતા કરવી તે અશુભમાર્ગ છે. કારણ કે દ્રવ્યાનુયોગના અભ્યાસ વિના તીવ્ર આશય શુદ્ધિ ન આવવાથી કરાતો ક્રિયામાર્ગ અહંકાર, સ્વપ્રશંસા અને પરનિંદા આદિ દોષો લાવનાર બને છે. માટે જ્ઞાનમાર્ગની પ્રધાનતા રાખવી જોઈએ એ જ શ્રેષ્ઠ માર્ગ છે.

**अत एव ज्ञानादिकगुणहेतु-गुरुकुलवास छांडी शुद्धाहारादिक यतनावंतनइं महादोषइं चारित्रहानि कही छइं**=આ કારણથી જ જ્ઞાનાદિ રત્નત્રયી રૂપ ગુણોની સાધના કરવામાં હેતુભૂત (પરમસાધનભૂત) એવા ગુરુકુલવાસને છોડીને કેવળ એકલા શુદ્ધાહારાદિકની (આહાર-નિહાર-વિહારાદિની) જ જયણા પાળવાવાળા જીવોને સ્વતંત્રતા મળવાથી મોહરાજાના ઘણા મોટાદોષો પ્રવેશ પામવાથી ચારિત્રની હાનિ શાસ્ત્રોમાં કહી છે. આ બાબતમાં પૂ. સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિજીકૃત ષોડશકની સાક્ષીગાથા આ પ્રમાણે છે–

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**गुरुदोषारम्भितया, लब्धकरणयत्नतो निपुणधीभिः ।**
**सन्निन्दादेश्च तथा, ज्ञायते एतन्नियोगेन ॥१-९ षोडशके ॥**

**गुरुदोषारम्भितया**=જે આત્માઓ દ્રવ્યાનુયોગના અભ્યાસ રૂપ જ્ઞાનમાર્ગને ગૌણ કરીને ક્રિયામાર્ગમાત્રને જ પ્રધાન કરે છે તેઓ ગુરુકુલવાસ ત્યજીને વિચરતા છતા સ્વચ્છંદ થવાથી "મોટા દોષોને સેવનારા બનતા હોવાથી" તથા **लध्वकरणयत्नतो**=( **लघु**= )નાના નાના કાયિક દોષોનું (**अकरण**) અસેવન કરવામાં જે માત્ર પ્રયત્નશીલ (રચ્યા પચ્યા) હોવાથી, **सन्निन्दादेश्च**=સજ્જન-(જ્ઞાનયોગે જે જે મહાનપુરુષો છે. પરંતુ ક્રિયામાં જે કંઈક ન્યૂન છે તેવા) આત્માઓની (ક્રિયાન્યૂનતા દેખીને) નિંદા-પરાભવ વિગેરે કરનારા હોવાથી, **ज्ञायते एतन्नियोगेन** નિપુણબુદ્ધિવાળા પુરુષો દ્વારા આ અશુભ માર્ગ છે. આમ નક્કી જણાય છે. માટે સાધક આત્માઓએ દ્રવ્યાનુયોગનો અભ્યાસ અવશ્ય કરવો જોઈએ. અને તેના માટે અવશ્ય ગુરુકુલવાસ સ્વીકારવો જોઈએ. પરંતુ આહારાદિની શુદ્ધિને પ્રધાન કરીને ગુરુકુલવાસ છોડવો જોઈએ નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગુરુકુલવાસમાં થતા લાભો–*

જે જે આરાધક આત્માઓ ગુરુકુલવાસમાં વસે છે. તે તે આત્માઓને (૧) ઉત્તમોત્તમ મહાગ્રંથોનો અભ્યાસ કરવાનો લાભ થાય છે. (૨) સાથે રહેલા વિદ્વાન ગીતાર્થ સાધુ સંતોની સાથે ધર્મચર્ચા કરવા દ્વારા બહોળો અનુભવ પ્રાપ્ત થાય છે. (૩) માંદા-ગ્લાન-વૃદ્ધ સાધુસંતોની અને ગીતાર્થ ગુરુભગવંતોની વૈયાવચ્ચનો લાભ પ્રાપ્ત થાય છે. (૪) સમૂહમાં સાથે રહેવાથી વિકાર વાસનાઓ, એકાકીપરિચય, વ્યક્તિવિશેષના સંબંધો આદિ દોષો પ્રવેશતા નથી. (૫) મન સ્વચ્છંદમાર્ગે ચાલનારૂ બનતું નથી. (૬) બેસવામાં, શયનમાં વસ્ત્રાદિ પહેરવામાં, અને લોકપરિચયમાં, ઘણો વિવેક જળવાય છે. (૭) અન્ય વ્યક્તિઓ સાથે થતા ગાઢ પરિચયો, લજ્જા આદિથી પણ બંધ થઈ જાય છે. (૮) ગુરુ આજ્ઞા આદિનું સવિશેષ પાલન થાય છે. (૯) નિત્ય વ્યાખ્યાનશ્રવણ આદિથી અધ્યાત્મમાર્ગ સવિશેષ પુષ્ટ બને છે. (૧૦) ગુરુ સાથે રહેવાથી શાસ્ત્રાનુસારી વક્તૃત્વકલા ખીલે છે. ઈત્યાદિ ઘણા લાભો થાય છે. માત્ર આહાર-નિહાર અને વિહારના કોઈ કોઈ દોષો સેવવા પડે છે. જે દોષો કાયિકમાત્ર હોવાથી આલોચના-પ્રાયશ્ચિત આદિથી દૂર કરી શકાય છે. વળી તે દોષો વિષયોની રસિકતા રહિતપણે સેવાય છે તેથી તીવ્રકર્મબંધ કરાવનારા બનતા નથી પરંતુ ગુરુકુલવાસ વિના સ્વતંત્ર વિચરવાથી સ્વચ્છંદતા. નિરંકુશતા, સંસારીઓનો ગાઢપરિચય, અને તેનાથી વિકાર વાસનાઓ, માન સન્માનની ભાવનાઓ ઈત્યાદિ મોહરાજાના ઘણા સૈનિકોનો આત્મામાં પ્રવેશ થઈ જાય છે. કાયિક દોષો કરતાં મનમાં પ્રવેશેલા મોહરાજાના દોષો ઘણા તીવ્ર છે. આકરા છે. પ્રવેશેલાને દૂર કરવા ઘણા દુષ્કર છે. અને સ્વાધ્યાયાદિ ઉપરોક્ત ગુણોની પ્રાપ્તિનો લાભ સર્વથા અટકી જાય છે. માટે આત્માર્થી મુમુક્ષુ સાધક મહાત્માઓએ ગુરુકુલવાસ ત્યજવો નહીં. સાડા ત્રણસો ગાથાના સ્તવનમાં કહ્યું છે કે–

ગીતારથ વિના ભૂલા ભમતા, કષ્ટ કરે અભિમાને રે ।
પ્રાયે ગ્રંથિ લગે નવિ આવ્યા, તે ખૂતા અજ્ઞાને રે ।
શ્રી જીન તું આલંબન જગને ॥ ૫-૨ ॥

આ સ્તવનની ઢાળ પાંચમી ગાથા ૧ થી ૨૩ સુધીમાં ગુરુકુલવાસમાં કેટલા લાભ છે ? અને સ્વચ્છંદતામાં કેટલાં નુકશાન છે ? તેનું બહુ સુંદર રીતે વર્ણન કરેલુ છે. આત્માર્થી મહાત્માઓએ આ પાંચમી ઢાળ વાંચવા યોગ્ય છે. ॥ ૩ ॥

**એ યોગિં જો લાગઈ રંગ, આધાકર્માદિક નહીં ભંગ ।**
**પંચકલ્પ ભાષ્યઈ ઈમ ભણિઉં. સદ્‌ગુરુ પાસ ઈસ્યું મેં સુણિઉં ॥ ૧-૪ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ*– આ દ્રવ્યાનુયોગમાં જો રંગ (પ્રીતિ) લાગી જાય. તો આધાકર્માદિ ભંગ (દોષ) લાગતા નથી. આ પ્રમાણે પંચકલ્પભાષ્યમાં કહેલું છે. અને મેં સદ્ગુરુઓ (ધર્મગુરુઓ) પાસે સાંભળેલું પણ છે. ॥ ૧-૪ ॥

**ટબો– એ યોગિં- દ્રવ્યાનુયોગવિચારરૂપ જ્ઞાનયોગઈં, જો રંગ-અસંગસેવારૂપ લાગઈં. સમુદાયમધ્યે જ્ઞાનાભ્યાસ કરતાં કદાચિત્ આધાકર્માદિ દોષ લાગઈં. તો હિ ચારિત્રભંગ ન હોઈ. ભાવશુદ્ધિ બળવંત છઈ, તેણઈ. ઇમ પંચકલ્પભાષ્યઈં ભણિઉં તથા સદ્ગુરુ પાસઈં સાંભલિઉં. अत एव કલ્પ્યાકલ્પ્યનો અનેકાન્ત શાસ્ત્રઈં કહિઓ છઈ.**

आहागडाइं भुंजंति, अण्णमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा, अणुवलिते त्ति वा पुणो । २-५-८ ।
एएहिं दोहिं ठाणेहिं, ववहारो न विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणए ॥ २-९ ॥

(સૂયગડાંગ-૨ અંગે) ૨૧ અધ્યયને

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात्, स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं औषधं भेषजाद्यं वा ॥ १४५ ॥

देशं कालं पुरुषमवस्थामुपयोगशुद्धिपरिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात् कल्प्यते कल्प्यम् ॥१४६॥

प्रशमरतौ ॥ १-४ ॥

*વિવેચન*– સાધુ-સાધ્વીજી મહારાજશ્રીઓ શરીર ટકાવવાના આશય માત્રથી જ જે આહાર ગ્રહણ કરે છે તેમાં ગોચરીના ૪૨ દોષો ન લાગે તેની પરિપૂર્ણસાવધાની રાખે છે. આ ૪૨ દોષોમાં "આધાકર્મિક દોષ" સવિશેષ પ્રધાન છે. સાધુ સાધ્વીજી મહારાજશ્રીના જ નિમિત્તે બનાવેલો આહાર તે આધાકર્મિક દોષવાળો આહાર કહેવાય છે. આધાકર્મિકદોષના ઉલ્લેખથી બાકીના ૪૨ દોષો પણ સ્વયં સમજી લેવા. આહાર બનાવતી વેળાએ ગૃહસ્થે લગાડેલા જે દોષો તે *ઉદ્ગમના* ૧૬ દોષો કહેવાય છે. અને આહાર ગ્રહણ કરતી વેળાએ સાધુએ મોહસંજ્ઞાથી લગાડેલા જે દોષો તે *ઉત્પાદના* ૧૬ દોષો કહેવાય છે. અને આહાર બનાવતી વેળાએ તથા આહાર ગ્રહણ કરતી વેળાએ ગૃહસ્થ વડે તથા સાધુ વડે એમ બન્ને વડે લગાડાયેલા જે ૧૦ દોષો છે. તે *એષણાના* ૧૦ દોષો કહેવાય છે. આમ ગોચરીના ૪૨ દોષો છે. વિશેષાધિકાર સાધુસમાચારીથી જાણવો.

આત્મતત્ત્વની સાધના કરનારા મુનિમહારાજાઓ હંમેશાં ઉપરોક્ત ૪૨ દોષ રહિત આહારગ્રહણ કરે છે. શરીર એ પૌદ્ગલિક હોવાથી, અશુચિમય હોવાથી અને મોહહેતુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોવાથી જેમ અસાર છે, તુચ્છ છે, અને કર્મબંધનું કારણ છે. તેમ ધર્મસાધનાનું અને યોગદશાની પ્રાપ્તિનું પણ અનન્ય સાધન હોવાથી સંવર-નિર્જરા સાધવામાં સહાયક તરીકે સાધન પણ છે. તેથી મુનિમહારાજાઓ મોહના દોષને પોષ્યા વિના નિર્દોષ આહારથી શરીરની સુરક્ષા પણ કરે છે. "*આહાર તેવા ઓડકાર*" એવી કહેવતના અનુસારે દોષિત આહારગ્રહણ કરનારાને આચારોમાં મંદતા-શિથિલતા વિષયાભિમુખતા વધતી જાય છે. અને કાલાન્તરે સંયમથી પતન પણ થાય છે. તેટલા માટે દશવૈકાલિક પિંડનિર્યુક્તિ આદિ ગ્રંથોમાં નિર્દોષ આહાર ઉપર ઘણો ભાર મુકવામાં આવ્યો છે. જે આહારમાં હિંસાની માત્રા નહીંવત્ હોય અને રસાસ્વાદાદિની માત્રા ન હોય, અને સંયમની સાધના સવિશેષ હોય તે આહાર શુદ્ધ અને કલ્પ્ય આહાર કહેવાય છે. અને શેષ આહાર અશુદ્ધ અને અકલ્પ્ય આહાર કહેવાય છે. આ શુદ્ધાશુદ્ધ અને કલ્પ્યાકલ્પ્ય આહાર માટે શાસ્ત્રોમાં દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને આશ્રયી ઘણા ઉત્સર્ગ-અપવાદો જણાવ્યા છે.

"*નિર્દોષ આહારગ્રહણ*" એ સંયમની સાધનાનું પ્રબળ અંગ છે. પરંતુ જ્યારે નિર્દોષ આહારગ્રહણનો જ આગ્રહ રાખવાથી સંયમ ટકાવવો મુશ્કેલ બને. જેમ કે બાલમુનિ હોય, વૃદ્ધ મુનિ હોય, ગ્લાન (માંદા-રોગી) મુનિ હોય ત્યારે નિર્દોષ આહારનો જ આગ્રહ રાખે અને એવા આહારનો યોગ ન મળે ત્યારે ઉપવાસ થતાં આર્ત્તધ્યાન રૌદ્રધ્યાન વધતાં સંયમ પ્રત્યેનો અહોભાવ ગુમાવી બેસે અને તેનાથી આ જીવ દુર્લભબોધિ પણ થઈ જાય. નિર્દોષ આહારગ્રહણના વિધાન પાછળની શાસ્ત્રકારોની જે ભાવના અને આશય છે. તેને ન સમજતાં જડતાપૂર્વક એકાન્તમાર્ગે જો તેનો આગ્રહ જ રાખવામાં આવે તો સંયમ ભાવની વૃદ્ધિ થવાને બદલે હાનિ થવાનો સંભવ છે. તેથી એકાન્તમાર્ગ ન લેતાં અનેકાન્તમાર્ગ સ્વીકારવો જોઈએ. નિર્દોષ આહારગ્રહણ પણ સંયમની સુરક્ષા અને પુષ્ટિ માટે જ હતું. તો જ્યારે તે રીતે તે શક્ય ન જ હોય તો તે જ સંયમની સુરક્ષા અને પુષ્ટિ માટે યતનાપૂર્વક આહારગ્રહણમાં પણ મુનિને આધાકર્માદિક ભંગ (દોષ) લાગતો નથી. ઉત્સર્ગમાર્ગે જે સાધ્ય સાધી શકાય તેમ ન હોય ત્યારે તે જ સાધ્ય સાધવા માટે બીજો માર્ગ (અપવાદ માર્ગ) આદરણીય બને છે.

જેમ બાળ, નવદીક્ષિત, વૃદ્ધ, ગ્લાન અને દેશવિશેષોમાં જન્મેલા મુનિઓ માટે "સંયમની સુરક્ષા અને પુષ્ટિ" એ સાધ્ય સાધવા પ્રથમ ઉત્સર્ગ માર્ગ (નિર્દોષ આહારગ્રહણ કરવો તે) છે. અને તે શક્ય ન હોય તો બીજો અપવાદ માર્ગ (આધાકર્માદિક દોષથી દોષિત આહાર લેવો તે) છે. તેવી જ રીતે ગચ્છમાં, સમુદાયમાં, ગુરુકુલવાસમાં જ્ઞાનાભ્યાસાદિ માટે રહેતા મુનિઓને આહારશુદ્ધિ સાચવવી. એ પ્રથમ ઉત્સર્ગમાર્ગ છે. પરંતુ જ્યારે તે શક્ય ન જ હોય ત્યારે બીજો અપવાદ માર્ગ (આધાકર્માદિક દોષવાળો આહારગ્રહણ)

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સેવીને પણ જ્ઞાનાભ્યાસાદિ રત્નત્રયીની પ્રાપ્તિ કરવી તે બીજો અપવાદમાર્ગ પણ શુદ્ધમાર્ગ છે.

આધાકર્માદિક દોષવાળો આહારગ્રહણ કરવાથી દ્રવ્ય આશ્રવ જરૂર થાય છે. પરંતુ રસાસ્વાદ માણવાની મનોવૃત્તિ ન હોવાથી કાષાયિક પરિણામના અભાવે તીવ્ર સ્થિતિબંધ-રસબંધ થતા નથી. એટલે "કુરગડુઋષિની જેમ કર્મ બંધ થતો નથી" એમ જ કહેવાય છે. માત્ર કાયિકક્રિયાજન્ય કર્મ આવે છે એટલે આશ્રવ થાય છે. પરંતુ આશ્રવના પરિણામ ન હોવાથી ચીકણો બંધ થતો નથી. (ક્રિયાએ કર્મ, પરિણામ એ બંધ એ પદ અહીં લાગુ પડે છે.) તેથી ઉપાધ્યાયજી મહારાજશ્રી કહે છે કે—

**ए योगिं**=આ યોગમાં, એટલે કે **द्रव्यानुयोग विचाररूप ज्ञानयोगइं**=દ્રવ્યાનુયોગનો વિચાર કરવા સ્વરૂપ જ્ઞાનયોગમાં, **जो रंग-असंगसेवारूप लागइं**=જો રંગ લાગી જાય. તન્મયતા આવી જાય એટલે કે પૌદ્ગલિક ભાવો પ્રત્યે અસંગસેવા (અનાસક્તિ ભાવ) સ્વરૂપ જ્ઞાનયોગની લીનતા આવી જાય તો, **समुदायमध्ये ज्ञानाभ्यास करतां कदाचित् आधाकर्मादिक दोष लागइं**=સાધુઓની સાથે સમુદાયમાં રહીને જ્ઞાનાભ્યાસ કરતાં કદાચ આધાકર્માદિ દોષો લાગી જાય, **तो हि चारित्रभंग न होई, भाव-शुद्धि बलवंत छइ**=તો પણ ચારિત્રનો ભંગ થતો નથી. કારણકે આશયમાં રહેલી ભાવશુદ્ધિ જ (ઘણી) બળવાન છે. **इम पञ्चकल्पभाष्यइं भणिउं, तथा सद्गुरु पासइं सांभलिउं**=આ પ્રમાણે પંચકલ્પભાષ્યને વિષે કહેલું છે. અને સદ્ગુરુજી પાસે મેં સાંભળેલું છે. **अत एव कल्प्याकल्प्यनो अनेकान्त शास्त्रइं कह्यो छइ**=આ કારણથી જ આહારના કલ્પ્યાકલ્પ્યની બાબતમાં અનેકાન્તમાર્ગ શાસ્ત્રમાં કહ્યો છે.

સંયમની સાધનામાં સહાયક થાય, સુરક્ષા કરનાર બને, વૃદ્ધિ-પુષ્ટિ કરનાર બને તે કલ્પ્ય કહેવાય છે. અને સંયમની સાધનામાં બાધક બને તે અકલ્પ્ય કહેવાય છે. આ નિશ્ચયનયની દૃષ્ટિએ વ્યાખ્યા છે. આધાકર્માદિ દોષોથી રહિત જે આહાર હોય તે શુદ્ધ આહાર કહેવાય છે. અને આધાકર્માદિ દોષોથી સહિત જે આહાર હોય તે અશુદ્ધ આહાર કહેવાય છે. આ વ્યવહારનયની દૃષ્ટિએ વ્યાખ્યા છે. હવે આધાકર્માદિ દોષોથી રહિત હોવાથી જે આહાર શુદ્ધ છે. છતાં જો રસાસ્વાદાદિ મોહની પુષ્ટિ કરવા દ્વારા સંયમમાં બાધક બનતો હોય તો તે આહાર અકલ્પ્ય બની જાય છે. અને આધાકર્માદિ દોષોથી યુક્ત હોય એવો જે આહાર છે કે જે સામાન્યથી અશુદ્ધ આહાર કહેવાય છે. છતાં પણ જ્ઞાન યોગાદિમાં રંગત જમાવેલા મુનિને સંયમની સાધનાનો હેતુ બનતો હોય ત્યારે કલ્પ્ય કહેવાય છે. એટલે કે સામાન્યથી ઉત્સર્ગમાર્ગે જે શુદ્ધ આહાર તે કલ્પ્ય, અને જે અશુદ્ધ આહાર તે અકલ્પ્ય, પરંતુ અપવાદમાર્ગે શુદ્ધ આહાર પણ સંયમની સાધનામાં બાધક થાય ત્યારે



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અકલ્પ્ય બને છે અને અશુદ્ધ આહાર પણ સંયમની સાધનાનું અંગ બને ત્યારે કલ્પ્ય બને છે. માટે આહારની બાબતમાં શુદ્ધાશુદ્ધ અને કલ્પ્યાકલ્પ્યનો અનેકાન્ત સમજવો. અશુદ્ધ આહાર છે તેથી અકલ્પ્ય અને શુદ્ધ આહાર છે તેથી કલ્પ્ય એમ માની લેવું જોઈએ નહીં આ બાબતમાં પંચકલ્પ નામના શાસ્ત્રમાં ગાથા ૧૬૧૫ તથા ૧૬૧૬ વિગેરેમાં જોઈ લેવું.

તથા સૂયગડાંગ (બીજા નંબરના આગમ અંગ) ના ૨૧મા અધ્યયનમાં કહ્યું છે કે–

आहागडाइं भुंजंति, अण्णमण्णे सकम्मुणा ।
उवलित्ते वियाणिज्जा, अणुवलित्ते वा पुणो ॥
एएहिं दोहिं ठाणेहिं, ववहारो न विज्जइ ।
एएहिं दोहिं ठाणेहिं, अणायारं तु जाणाए ॥

આધાકર્માદિ દોષો વાળો આહાર જે મુનિઓ સ્વીકારે છે. અને જે દાતાઓ આપે છે. તે બન્ને આત્માઓ કર્મબંધોની સાથે લેપાય છે એમ પણ જાણવું. અને કર્મબંધોની સાથે નથી લેપાતા એમ પણ જાણવું (મોહાધીનતાથી જો લે અને આપે તો લેપાય છે. અને અશક્યપરિહારતાના કારણે લે તથા આપે તો ન લેપાય.)

આધાકર્માદિ દોષોવાળો આહાર લેનાર મુનિઓ કર્મોથી લેપાય જ છે. અથવા નથી જ લેપાતા, એમ આ બે સ્થાનોમાંથી કોઈ પણ એક સ્થાન માત્ર વડે વ્યવહાર થઈ શકતો નથી. (કારણ કે તેમ કરવાથી તે એકાન્તમાર્ગ થાય છે.) તેથી આ બે સ્થાનોમાંથી એકાન્ત એવા કોઈપણ એકમાર્ગની પ્રરૂપણા કરવી તે અનાચાર જાણવો. (ઉત્સૂત્ર પ્રરૂપણા સમજવી.)

પૂજ્ય ઉમાસ્વાતિજી મહારાજશ્રી પણ પ્રશમરતિપ્રકરણમાં આ પ્રમાણે જણાવે છે–

किञ्चिच्छुद्धं कल्प्यमकल्प्यं स्यात्, स्यादकल्प्यमपि कल्प्यम् ।
पिण्डः शय्या वस्त्रं पात्रं, औषधं भेषजाद्यं वा ॥१४५॥
देशं कालं पुरुषमवस्थामुपयोग शुद्धि परिणामान् ।
प्रसमीक्ष्य भवति कल्प्यं, नैकान्तात् कल्प्यते कल्प्यम् ॥१४६॥

આહારનો પિંડ, શય્યા, વસ્ત્ર, પાત્ર, ઔષધ અથવા ભેષજ (દવા) વિગેરે કોઈ પણ વસ્તુઓ શુદ્ધ હોય તો પણ કલ્પ્ય પણ છે અને અકલ્પ્ય પણ છે, તેવી જ રીતે જે વસ્તુ અકલ્પ્ય હોય તે પણ કલ્પ્ય હોઈ શકે છે. ૧૪૫

તેથી કલ્પ્યવસ્તુ પણ દેશ, કાળ, પુરુષ, અવસ્થા, ઉપયોગશુદ્ધિ, અને ભાવિ પરિણામ =ભાવિમાં આવનાર ફળ (અથવા ભાવાત્મક પરિણામ) વિગેરે ભાવો જોઈને જ કલ્પ્ય બને છે. પરંતુ કલ્પ્યવસ્તુ છે. તેટલામાત્રથી તે કલ્પ્ય જ બને એવો એકાન્તમાર્ગ નથી. ૧૪૬.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પૂજ્ય ઉપાધ્યાયજી મ. શ્રીએ પણ અધ્યાત્મસારમાં કહ્યું છે કે–

**जिनैर्नानुमतं किञ्चित्, निषिद्धं वा न सर्वथा ।**
**कार्ये भाव्यमदम्भेन, त्वेषाज्ञा पारमेश्वरी ॥**

જિનેશ્વર ભગવંતોએ સર્વથા કોઈની અનુમતિ આપી નથી અને સર્વથા કોઈનો નિષેધ કર્યો નથી. પરંતુ દંભ વિના સર્વ કાર્યો કરવાં. આ જ પરમેશ્વરની આજ્ઞા છે.

પંચકલ્પભાષ્ય, સૂયગડાંગ સૂત્ર અને પ્રશમરતિ આદિના સાક્ષીપાઠો જોતાં અવશ્ય સમજાશે કે કલ્પ્ય વસ્તુ પણ જો વિકારક થાય તેમ હોય, આરોગ્યને બાધા પહોંચાડે તેમ હોય, વાસના વધારે તેમ હોય તો અકલ્પ્ય જ બને છે. અને અકલ્પ્ય વસ્તુ હોય પરંતુ સંયમભાવની વૃદ્ધિ-પુષ્ટિ-રક્ષા કરનાર હોય, અશક્યપરિહાર દશા હોય, આરોગ્યવર્ધક હોય, જ્ઞાનાદિયોગો સાધવામાં ઉપકારક હોય અથવા મોહસંજ્ઞાને તોડનાર હોય તો તે અકલ્પ્ય પણ કલ્પ્ય બને છે. આ બાબતમાં તે તે દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવે તે તે ગીતાર્થ જ્ઞાની ગુરુઓની આજ્ઞા જ પ્રમાણભૂત ગણાય છે.

"અસંગસેવા" એવો જે શબ્દ ટબામાં જણાય છે તે અધ્યાત્મદશાના યોગગ્રંથોનો એક પારિભાષિક શબ્દ છે. આ આત્માનો ચૈતન્યમય જે ઉપયોગ છે તે કાં તો બહિર્મુખી હોય અથવા કાં તો અન્તર્મુખી હોય, આમ બે પ્રકારનો હોય છે. એટલે કે પરદ્રવ્યોમાં અર્થાત્ પર એવા પુદ્ગલદ્રવ્યો અને પર એવાં જીવદ્રવ્યોની પ્રીતિ-અપ્રીતિમાં અને તેના ઉપરની ઈષ્ટાનિષ્ટ બુદ્ધિને અનુસારે પ્રાપ્તિ તથા પરિહારમાં જ રમતો હોય ત્યારે તે બહિર્મુખી ઉપયોગ કહેવાય છે અને જ્યારે પરના સંયોગથી વિમુખ થઈને અંતર્મુખી થયો છતો નિજાત્મસ્વભાવદશામાં રમતો હોય ત્યારે તે અન્તર્મુખી ઉપયોગ કહેવાય છે. આમ ઉપયોગ બે પ્રકારે છે. તે બેમાંથી જ્યારે અંતર્મુખ ઉપયોગ હોય, ત્યારે એટલે કે જ્યારે આત્માનો ચૈતન્યમય ઉપયોગ પરથી વિમુખ થઈ અંતર્મુખદશાવાળો બની નિજસ્વભાવમાં રમતો હોય છે. ત્યારે આત્માની તે ઉપયોગદશાને *અસંગસેવા* કહેવાય છે. ॥ ૪ ॥

## બાહ્યક્રિયા છઈ બાહિરયોગ, અંતરક્રિયા દ્રવ્ય અનુયોગ ।
## બાહ્યહીન પણિ જ્ઞાન વિશાલ, ભલો કહિયો મુનિ ઉપદેશમાલ ॥ ૧-૫ ॥

*ગાથાર્થ*– બાહ્ય ધર્મક્રિયા કરવી (ચરણકરણાનુયોગ) તે બાહ્યયોગ છે. અને દ્રવ્યાનુયોગ એ અંતર્યોગ છે. બાહ્ય યોગમાં હીન એવા પણ મુનિ જો જ્ઞાનદશાની તન્મયતામાં (દ્રવ્યાનુયોગમાં) અધિક (વિશાળ) હોય તો ધર્મદાસગણિજીએ પોતાની ઉપદેશમાલામાં તે આત્માને ભલો (શ્રેષ્ઠ-સારો) કહ્યો છે. ॥ ૧-૫ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો- બાહ્યયોગ, આવશ્યકાદિરૂપ બાહ્યયોગ છઈં, દ્રવ્ય-અનુયોગ=સ્વસમય પરિજ્ઞાન, તે અંતરંગક્રિયા છઈ. બાહ્યક્રિયાઈં હીન, પણિ જે જ્ઞાનવિશાલમુનીશ્વર, તે ઉપદેશમાલા મધ્યે ભલો કહિયો છઈ. યતઃ—**

नाणाहिओ वरतरं, हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥ ४२३ ॥

તથા

हीणस्सवि सुद्धपरूवगस्स, नाणाहिअस्स कायव्वं ।
(जण-चित्तग्गहणत्थं, करंति लिंगावसेसे वि) ॥ ३४८ ॥

**તે માટે ક્રિયાહીનતા દેખીનઈં પણિ જ્ઞાનવંતની અવજ્ઞા ન કરવી. તે જ્ઞાનયોગઈ કરી પ્રભાવક જાણવો. ॥ ૧-૫ ॥**

*વિવેચન*– बाह्ययोग-आवश्यकादिरूप बाह्ययोग छई=ગાથામાં જે બાહ્યયોગ કહ્યો છે તે છ આવશ્યકોની ક્રિયા કરવા આદિ રૂપ બાહ્યયોગ સમજવાનો છે. એટલે કે સામાયિક-ચઉવિસત્થો, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પચ્ચક્ખાણ એમ છ આવશ્યક કરવાં તથા આદિ શબ્દથી દેવવંદન, વિહાર, વૈયાવચ્ચ આદિ ધાર્મિક શુભક્રિયાઓ જે કરવી તે સઘળો ચરણકરણાનુયોગ છે. તે સકલક્રિયાઓ કાયા અને વચન દ્વારા કરાતી હોવાથી તથા બહારથી લોકગમ્ય હોવાથી બાહ્યક્રિયા અથવા બાહ્યયોગ કહેવાય છે. આ સર્વે ધર્મક્રિયાઓ વિશેષે કરીને વચન અને કાયાની શુદ્ધિથી થાય છે. તથા વચન અને કાયાની વિશેષ શુદ્ધિને કરનાર પણ છે.

द्रव्यानुयोग-स्वसमयपरिज्ञान, ते अंतरंगक्रिया छइ. = અને જે દ્રવ્યાનુયોગ છે. એટલે કે વીતરાગ તીર્થંકર પરમાત્માઓ વડે કહેવાયેલી દ્વાદશાંગીરૂપ શ્રુત છે. તથા તેના આધારે પૂર્વાચાર્યોએ બનાવેલાં પ્રાકરણિક જે શાસ્ત્રો છે.જેને સ્વસમય = જૈન શાસનનું શ્રુત કહેવાય છે. તેવા શાસ્ત્રોનું નિરંતર શ્રવણ, મનન, ચિંતન અને નિદિધ્યાસન કરવું. આ સઘળો દ્રવ્યાનુયોગ એટલે કે શાસ્ત્રોનું ચિંતન-મનન અને નિદિધ્યાસન આત્માની અંદર મન દ્વારા થાય છે, બહાર કંઈ દેખાતું નથી, લોકગમ્ય પણ નથી, તેથી તેને અંતર્યોગ કહેવાય છે. આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ મનદ્વારા થતો હોવાથી અંતરંગક્રિયા સ્વરૂપ છે. મનની શુદ્ધિ કરનાર છે. આત્માના હૃદયની (એટલે કે આશયવિશેષની) શુદ્ધિ કરનાર છે. ક્રિયામાર્ગ એ બાહ્યયોગ છે. અને જ્ઞાનમાર્ગ એ અંતર્યોગ છે. આ બન્ને યોગો સાધન-સાધ્યદાવવાળા હોવાથી પરસ્પર ઉપકારી છે અને ઉપયોગી છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એટલે જે મહાત્માઓમાં આ બન્ને યોગો હોય છે. તેઓના જીવન વિષે તો કોઈ પ્રશ્ન જ ઉઠતો નથી. તેઓ તો વિશેષે આરાધક અને સાધક છે જ.

પરંતુ કોઈ એક મુનિએ ક્રિયામાર્ગમાં વિકાશ સાધ્યો હોય અને જ્ઞાનમાર્ગમાં આગળ ન વધ્યા હોય, તેવા હોય. તથા બીજા કોઈ એક મુનિએ જ્ઞાનમાર્ગમાં વિકાસ સાધ્યો હોય અને ક્રિયામાર્ગમાં એટલા આગળ ન વધ્યા હોય તેવા હોય, તો આ બન્ને મુનિઓમાં કયા મુનિ ભલા (સારા-શ્રેષ્ઠ-ઉત્તમ) કહેવાય ? આ પ્રશ્નનો ઉત્તર આ ગાથામાં આપ્યો છે કે હંમેશાં બાહ્યશુદ્ધિ કરતાં અભ્યંતરશુદ્ધિ ચઢીયાતી હોય છે. ક્રિયાયોગ એ બાહ્યયોગ છે. અને જ્ઞાનયોગ એ અભ્યંતર યોગ છે. આ માટે બન્નેમાં ક્યારેક એકની પ્રધાનતા કરવાનો સમય આવે તો દ્રવ્યાનુયોગની (જ્ઞાનયોગની) સદા પ્રધાનતા કરવી. તે કારણથી

**बाह्यक्रियाइ हीन, पणि जे ज्ञानविशाल मुनीश्वर, ते उपदेशमालामध्ये भलो कहियो छइ, यतः-** જે મુનિઓ બાહ્યક્રિયામાં હીન છે. (જ્ઞાનાભ્યાસને કારણે તથા શારીરિક પરિસ્થિતિ આદિના કારણે ક્રિયામાં ન્યૂનતા હોય), તો પણ જો તેઓ જ્ઞાનાભ્યાસમાં વિશાળ હોય, જ્ઞાનયોગમાં આગળ વધ્યા હોય તેવા મુનીશ્વરો ભલા છે. (ઉત્તમ છે) એમ ઉપદેશમાલા નામના ગ્રંથમાં ધર્મદાસગણિજીએ કહ્યું છે. ધર્મદાગણિજી ઉપદેશમાલા ગ્રંથના કર્તા છે. પરમાત્મા મહાવીરપ્રભુના હાથે દીક્ષિત થયેલા અવધિજ્ઞાની મહાત્મા છે. તેઓશ્રીએ ઉપદેશમાલા ગ્રંથમાં કહ્યું છે કે–

जैन साईट JAINSITE जयति शासनम्

नाणाहिओ वरतरं, हीणो वि हु पवयणं पभावंतो ।
ण य दुक्करं करंतो, सुट्ठु वि अप्पागमो पुरिसो ॥४२३॥
हीणस्सवि सुद्धपरूवगस्स, नाणाहिअस्स कायव्वं ।
(जण-चित्त-ग्गहणत्थं, करंति लिंगावसेसे वि ॥३४८॥ ·

ચરમકરણાનુયોગમાં હીન પણ જ્ઞાનદશામાં અધિક એવા મુનિ જૈન શાસનની પ્રભાવના કરતા છતા વરતર (શ્રેષ્ઠ) છે. પરંતુ દુષ્કર એવા તપાદિ અનુષ્ઠાનોને કરતા મુનિ પણ જો અલ્પ આગમવાળા હોય તો તે શ્રેષ્ઠ નથી. ॥ ૪૨૩ ॥

ચારિત્રમાં હીન એવા પણ મુનિ શાસનની શુદ્ધ પ્રરૂપણા કરનારા જો હોય તો તેઓની વૈયાવચ્ચ અવશ્ય કરવી. (લોકોના ચિત્તને રંજિત કરવા માટે એટલે કે લોકઅપવાદ નિવારવા માટે ઉત્તમપુરુષો લિંગધારકની પણ વૈયાવચ્ચ કરે છે.) ॥૩૪૮॥

**ते माटिं–क्रियाहीनता देखीनइं पणि ज्ञानवंतनी अवज्ञा न करवी. ते ज्ञानयोगइं करी प्रभावक जाणवो.**=તે માટે જે મુનિઓના જીવનમાં જ્ઞાનાભ્યાસ તથા શારીરિક પરિસ્થિતિ

આદિના કારણે દંભ વિના જો હીનતા (શિથિલતા) હોય તો તે હીનતા દેખીને પણ જ્ઞાનવંત મહાત્માની અવજ્ઞા કદાપિ કરવી નહીં. કારણ કે તે મહાત્મા પુરુષ જ્ઞાનયોગ દ્વારા જગતમાં જૈનશાસનની પ્રભાવના કરનારા છે. એમ જાણવું.

જ્ઞાનયોગમાં હીન હોય અને ચારિત્રમાર્ગમાં અધિક હોય અથવા ચારિત્ર માર્ગમાં હીન હોય અને જ્ઞાનયોગમાં અધિક હોય આ બન્ને જીવોમાં પ્રથમને આગીયા સમાન અને બીજાને સૂર્યસમાન આ જ રાસની ૧૫મી ઢાળના દુહા-ગાથા ૨૪૮/૨૪૯ તથા ૨૫૦માં કહ્યા છે. તથા શ્રી યોગદૃષ્ટિસમુચ્ચયગ્રંથમાં શ્રી સૂરિપુરંદર હરિભદ્રસૂરિજી મ. શ્રી પણ આ પ્રમાણે કહે છે–

तात्त्विकः पक्षपातश्च, भावशून्या च या क्रिया ।
अनयोरन्तरं ज्ञेयं, भानुखद्योतयोरिव ॥ योगदृष्टि समु० २२३॥

એક જીવ તત્ત્વનો પક્ષ પાતી હોય એટલે કે જ્ઞાન યોગી હોય, અને બીજો જીવ ભાવશૂન્ય ક્રિયાવાળો હોય તો આ બન્નેની અંદર સૂર્ય અને આગીયા જેટલું અંતર જાણવું.

આ પ્રમાણે આ બન્ને જીવોમાં અંતર સમજીને જ્ઞાનીઓમાં ક્રિયાની કંઈક અંશે ન્યૂનતા દેખીને પણ જ્ઞાનયોગી મહાત્માની અવજ્ઞા કરવી નહીં. જ્ઞાનગુણ સ્વ-પર પ્રકાશક છે. ॥ ૫ ॥

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

**દ્રવ્યાદિક ચિંતાઈ સાર, શુક્લધ્યાન પણિ લહિઈ પાર ।**
**તે માટિં એહિ જ આદરો, સદ્‌ગુરુ વિણ મત ભૂલા ફરો ॥ ૧-૬ ॥**

*ગાથાર્થ*– દ્રવ્ય ગુણ પર્યાયની ચિંતવણા કરનારો આત્મા શ્રેષ્ઠ એવા શુક્લ ધ્યાનનો પણ પાર પામે છે. તે માટે આ દ્રવ્યાનુયોગનો જ વધારે આદર કરો. અને તેમાં સદ્‌ગુરુ વિના (સ્વમતિકલ્પના પ્રમાણે) ભૂલા ન ભટકો. ॥ ૧-૬ ॥

***ટબો***– **કોઈ કહસ્યઈ, જે "ક્રિયાહીન જ્ઞાનવંતનઈં ભલો કહિયો, તે દીપક-સમ્યક્ત્વની અપેક્ષાઈં, પણિ ક્રિયાની હીનતાઈં જ્ઞાનથી પોતાનો ઉપકાર ન હોઈ" તે શંકા ટાલવાનઈં "દ્રવ્યાદિ જ્ઞાન જ શુક્લધ્યાન દ્વારઈં મોક્ષકારણ, માટિં ઉપાદેય છઈ-ઇમ, કહઈ છઈ.–**

**દ્રવ્યાદિકની ચિંતાઈં શુક્લધ્યાનનો પણિ પાર પામિઈ, જે માટિં-આત્મદ્રવ્ય-ગુણ-પર્યાયભેદ ચિંતાઈં શુક્લધ્યાનનો પ્રથમ ભેદ હોઈ, અનઈં તેહની અભેદચિંતાઈં દ્વિતીય પાદ હોઈ, તથા શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાયની ભાવનાઈં "સિદ્ધસમાપત્તિ" હોઈ તે તો શુક્લધ્યાનનું ફલ છઈ.**

प्रवचनसारेऽप्युक्तम्-

जो जाणदि अरिहंते, दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।

सो जाणदि अप्पाणं, मोहो खलु जादि तस्स लयं ॥ १-८० ॥

**તે માટિં-એહ જ દ્રવ્યાનુયોગ આદરો, પણિ સદ્‌ગુરુ વિના સ્વમતિ કલ્પનાઇં ભૂલા મ ફિરસ્યો. ॥ ૧-૬ ॥**

*વિવેચન*— પાંચમી ગાથામાં ક્રિયામાં હીનતાવાળો અને જ્ઞાનયોગમાં વિશાળતાવાળો જીવ *"જૈન શાસનનો પ્રભાવક છે" માટે અધિક છે. તેની અવજ્ઞા ન કરવી."* એમ જે કહેવામાં આવ્યું છે. ત્યાં **कोई कहस्यइ**=કોઈક શિષ્ય આવી શંકા કરીને કદાચ કહેશે કે જે **क्रियाहीन ज्ञानवंतनइं भलो कहियो, ते दीपकसम्यक्त्वनी अपेक्षाइं**=ક્રિયાથી હીન એવા જ્ઞાનવંત જીવને તમે જે ભલો કહ્યો, તે દીપકસમ્યક્ત્વની અપેક્ષાએ કહ્યો છે. **पणि क्रियानी हीनताई ज्ञानथी पोतानो उपकार न होइ**=પરંતુ ક્રિયાની હીનતા હોવાથી કેવળ એકલા જ્ઞાનમાત્રથી પોતાના આત્માનો તો ઉપકાર થશે જ નહીં. કારણ કે જે તરવાની કલા જાણે પણ તળાવ કે સરોવરમાં પડીને હાથ પગ ચલાવવાની ક્રિયા ન કરે તે તારક હોય તો પણ તરે નહી. તેની જેમ. **ते शंका टालवानई "द्रव्यादि ज्ञान ज शुक्लध्यान द्वारइं मोक्षकारण, माटिं उपादेय छइ-इम कहइ छइ**=આવી શંકા ટાળવાને માટે "દ્રવ્યાદિ (દ્રવ્ય-ગુણ પર્યાયો)નું જ્ઞાન જ શુક્લધ્યાન પ્રાપ્ત કરાવવા દ્વારા મુક્તિનું કારણ બને છે તે માટે જ્ઞાનમાર્ગ જ વિશેષે ઉપાદેય છે. એમ હવે સમજાવે છે—

જ્ઞાનયોગીને જેવો ભલો કહ્યો, એવો ક્રિયાયોગીને ભલો ન કહ્યો તેથી કોઈ શિષ્યને સ્વાભાવિકપણે આવી શંકા થાય છે કે જેમ દીપકનો પ્રકાશ ચારે તરફ અજવાળું પાથરે છે પરંતુ પોતાની નીચે તો (કોડીયાવાળા તેલના અથવા ફાનસના દીવાની અપેક્ષાએ) અંધારૂં જ હોય છે. તેવી રીતે આવા જ્ઞાનયોગી આત્મા પણ દીપકસમ્યક્ત્વવાળા કહેવાય છે. કે જે જ્ઞાન દ્વારા પરને બોધ આપે. પરંતુ પોતે તો ક્રિયાહીન હોવાથી પોતાનો ઉપકાર ન જ કરે, તેવા કેવળ એકલા જ્ઞાનયોગથી આત્માને શું લાભ ? વળી જ્ઞાનયોગીને શાસન પ્રભાવક કહીને ભલો કહ્યો તો શાસ્ત્રોમાં આઠ પ્રકારના પ્રભાવક કહ્યા છે. એટલે જ્ઞાન દ્વારા જૈન શાસનના પ્રભાવક જેમ બને તેમ તપ આદિ ક્રિયા દ્વારા પણ પ્રભાવક થઈ શકે છે. તો ક્રિયાવાળાને પણ ભલા કહેવા જોઈએ આવી શંકા અહીં કોઈ શિષ્ય કરી શકે છે.

સમ્યક્ત્વ ત્રણ પ્રકારનાં છે. ૧ કારક. ૨ રોચક. ૩ દીપક. ત્યાં જે આત્મા ક્ષાયિકાદિ ત્રણમાંના કોઈ પણ સમ્યક્ત્વવાળો થયો છતો શ્રદ્ધાગુણ પૂર્વક જિનાજ્ઞાનુસાર વ્રત-નિયમાદિ ધર્મક્રિયાઓ કરે છે તે *કારક સમ્યક્ત્વ* કહેવાય છે. જિનવચનમાં પરિપૂર્ણ શ્રદ્ધા હોતે છતે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્રત-નિયમ અને સંયમાદિ લેવાની તીવ્ર મહેચ્છા હોવા છતાં પણ અપ્રત્યાખ્યાનાવરણ કષાયના ઉદયથી તથા સાંસારિક બંધનોના કારણે જે વ્રત-નિયમ-સંયમાદિ લઈ ન શકે પરંતુ લેવાની તીવ્ર રૂચિ હોય તે *રોચકસમ્યક્ત્વ* કહેવાય છે. જે જીવને જિનાજ્ઞા રૂચતી ન હોય, પરમાત્માનાં વચનો પ્રત્યે પ્રીતિ-વિશ્વાસ ન હોય. પરંતુ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમના લીધે શાસ્ત્રાભ્યાસ સારો હોય, બોલવાની વાક્પટુતા સારી હોય, સમજાવવાની શૈલી સારી હોય, તેના બળે શ્રોતાવર્ગમાં મિથ્યાત્વરૂપી અંધકાર ટાળીને સમ્યક્ત્વરૂપી દીપક પ્રગટાવે તેવા મિથ્યાત્વી જીવને (પછી ભલે તે ભવ્ય હોય કે અભવ્ય હોય એમ બન્ને પ્રકારના જીવને) *દીપક સમ્યક્ત્વ* વાળા કહેવાય છે અહીં પોતાનામાં સમ્યક્ત્વ નથી. પરંતુ પરને પ્રગટાવી આપે છે. તેથી પોતાનામાં તેનો ઉપચાર કરાયો છે. કારકસમ્યક્ત્વવાળા જીવો પાંચમાથી ઉપરના ગુણસ્થાનકવાળા છે. રોચકસમ્યક્ત્વવાળા ચોથા ગુણસ્થાનકે છે અને દીપકસમ્યક્ત્વવાળા જીવો પહેલા ગુણઠાણે છે. એમ જાણવું. તથા શાસન પ્રભાવક=૧ પ્રાવચનિક. ૨ ધર્મકથી. ૩ વાદી. ૪ નૈમિત્તિક. ૫ તપ ૬ વિદ્યા. ૭ સિદ્ધ. અને ૮ કવિ પ્રભાવક એમ આઠ પ્રકારના પ્રભાવક જાણવા. આ આઠ પ્રભાવકનું સ્વરૂપ પૂ. શ્રી હરિભદ્રસૂરિજીકૃત સમ્યક્ત્વસપ્તતિકા અને પૂજ્ય ઉ. યશોવિજયજી મ. કૃત સમ્યક્ત્વની સડસઠબોલની સજ્ઝાયમાંથી જાણી લેવું.

*ઉત્તર*– ઉપર કરેલી શંકાનો ઉત્તર ગ્રંથકારશ્રી આપે છે કે– જ્ઞાનમાર્ગ જ વધારે ઉપકારક છે. જીવ અજીવ પુણ્ય પાપ આદિ નવતત્ત્વ અને છ દ્રવ્યોનું જૈન શાસ્ત્રાનુસાર પ્રાપ્ત કરેલું જ્ઞાન જીવને શુક્લધ્યાન પ્રાપ્ત કરાવનારૂ છે. અને તેના દ્વારા મુક્તિપ્રાપ્તિનું અસાધારણ કારણ બને છે. માટે જ્ઞાનમાર્ગ જ સવિશેષ આદરણીય (ઉપાદેય) છે. છએ દ્રવ્યો અને નવે તત્ત્વો સંબંધી દ્રવ્ય ગુણ પર્યાયના ભેદની પ્રધાનતાએ ચિંતવના આ જીવ જ્યારે કરે છે. ત્યારે શુક્લધ્યાનનો પ્રથમ પાયો, અને અભેદની પ્રધાનતાએ જ્યારે ચિંતવણા કરે છે. ત્યારે શુક્લધ્યાનનો બીજો પાયો પ્રાપ્ત થાય છે. શુક્લધ્યાન એ કેવલજ્ઞાન અને મુક્તિનું પ્રધાનતમ કારણ છે. ક્રિયામાર્ગ પણ અવશ્ય શાસન પ્રભાવક છે. પરંતુ તે અલ્પ પ્રમાણમાં છે. જ્ઞાનમાર્ગ સવિશેષ પ્રમાણમાં પ્રભાવક છે. આઠ પ્રભાવકમાં પણ લગભગ બધા ભેદો (તપ પ્રભાવકને છોડીને) જ્ઞાન પ્રભાવકતાના છે. તેથી ચરણકરણાનુયોગ કરતાં દ્રવ્યાનુયોગ એ સવિશેષે આદરણીય (ઉપાદેય) છે. ટબામાં ઉપાધ્યાયજી મહારાજશ્રી જણાવે છે કે–

**द्रव्यादिकनी चिंताइं शुक्लध्याननो पण पार पामिइ**=દ્રવ્ય-ગુણ-પર્યાયની વિચારણા કરતાં કરતાં આ જીવ શુક્લધ્યાનનો પણ પાર પામે છે. **जे माटिं आत्मद्रव्य गुण पर्याय भेदचिंताइं शुक्लध्याननो प्रथमभेद होइ** કારણકે આત્મદ્રવ્ય તથા તેના ગુણ પર્યાયોની ભેદપ્રધાન વિચારણા દ્વારા શુક્લધ્યાનનો પ્રથમભેદ આવે છે. **अनइं तेहनी अभेदचिंताइं**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દ્વિતીય પાદ હોઇ=**અને તે દ્રવ્ય ગુણપર્યાયની અભેદપ્રધાન ચિંતવણા દ્વારા શુક્લધ્યાનનો બીજો પાયો (ભેદ) આવે છે. તેથી જ્ઞાનમાર્ગ એ પ્રધાનમાર્ગ છે.

**તથા શુદ્ધ દ્રવ્યગુણપર્યાયની ભાવનાઇં "સિદ્ધસમાપત્તિ" હોઇ તે તો શુક્લધ્યાનનું ફલ હોઇ. પ્રવચનસારેઽપ્યુક્તમ્**-શુદ્ધ દ્રવ્ય ગુણ અને પર્યાયની ભાવના ભાવતાં ભાવતાં આ આત્મા સિદ્ધસમાપત્તિ દશાને પ્રાપ્ત કરે છે. તે *સિદ્ધસમાપત્તિ* દશા પ્રાપ્ત કરવી તે તો આ શુક્લધ્યાનનું ફળ છે. આ બાબત કંઈક સૂક્ષ્મતાથી જોઈએ.

મંદ કષાયોના ઉદયવાળું સરાગસંયમ (રાગવાળું હોવાથી) વિશિષ્ટ પ્રકારના દેવભવની પ્રાપ્તિનું કારણ બને છે. દૈવિકસુખ એ પણ પૌદ્ગલિક હોવાથી એક પ્રકારનું બંધન જ છે. અને શુદ્ધ આત્મસ્વરૂપના આનંદનું બાધક પણ બને છે જ્યારે જે જ્ઞાનરમણતા છે, તે અતીન્દ્રિય આનંદ આપનાર છે. સ્વાધીન સુખ છે. નિત્ય, અનુપમ, નિર્વ્યાબાધ, સંપૂર્ણ અને અનંતકાળ રહેનાર છે. તેથી જ્ઞાનસુખ એ પરમાનંદ સ્વરૂપ છે. ચેતના એ આત્માનો મૂલ ગુણ છે. આ ચેતના જ્યારે મોહના ઉદયથી મિશ્ર (ભળેલી) હોય છે. ત્યારે તે ચેતના અનુપમ જ્ઞાન સુખ અને પરમાનંદની પ્રાપ્તિમાં બાધક બને છે. અને જીવને પુદ્ગલાનંદ તરફ ખેંચી જાય છે. પુદ્ગલના વિષયો, તેની પ્રાપ્તિ-અપ્રાપ્તિના સંકલ્પ વિકલ્પો અને તેના દ્વારા હર્ષ-શોકના ભાવોમાં જીવને ડુબાડી દે છે. આવી ઉલટી બુદ્ધિ કરવામાં, ચેતનામાં ભળેલો "*મોહનો ઉદય*" પ્રધાનકારણ છે. આત્માની આ પરાભિમુખતા છે. તેને ટાળવાનો પ્રયત્ન કરવો એ જ મોહનીયકર્મનો ક્ષયોપશમ અને ક્ષય કહેવાય છે.

અનાદિકાળથી પરપદાર્થોના સંયોગ વિયોગમાં રાચતા અને રમતા આ આત્માની ચેતનાને અરિહંત પરમાત્માના નિરાવરણ શુદ્ધદ્રવ્ય-ગુણ-પર્યાયના ચિંતન તરફ વાળવા દ્વારા પરમાત્માના સ્વરૂપના ચિંતનમાં લયલીન કરવી એ જ એક ઉપાય ચેતનાને શુદ્ધ કરવાનો છે. આવા પ્રકારના ચિંતનમાં વર્તતાં વર્તતાં કાળક્રમે સ્થિર થતો આ આત્મા વારંવાર આવા ચિંતનના અભ્યાસથી પોતાના આત્માનું પણ પરમાત્મપણું (પરમાત્મા સમાન સ્વરૂપવાળા પણું) સમજે છે. અને બાહ્યભાવમાં ભટકતી ચેતનાને અંતર્મુખવૃત્તિવાળી બનાવી દે છે. આ દશાને અંતરાત્મદશા કહેવાય છે. અંતર્મુખવૃત્તિની પ્રબળતા થતાં આ જીવની ચેતનામાં ભળેલી મોહની દશા ક્ષીણ થવા લાગે છે. અને કાળાન્તરે આત્માની આ ચેતના મોહરહિત બને છે. ચેતનાને શુદ્ધ બનાવવાનો આ જ પરમ ઉપાય છે. અરિહંત પરમાત્માના દ્રવ્ય ગુણ પર્યાયની સાથે પોતાના આત્માનો અભેદ વિચારતાં, પોતાના સ્વરૂપપ્રાપ્તિની ઝંખના લાગતાં, પરદ્રવ્ય પ્રત્યેના ભાવો તુટી જતાં, નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરીને આ આત્મા ભાવથી "સિદ્ધની સમાન અવસ્થાને" પામે છે. આને જ *સિદ્ધસમાપત્તિ* કહેવાય છે. સિદ્ધ પરમાત્માની સમાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અવસ્થાની પ્રાપ્તિ થવી તે સિદ્ધસમાપત્તિ છે. આવી અવસ્થા પ્રાપ્ત કરવી એ જ શુક્લધ્યાનનું ફળ છે. શુક્લધ્યાન પૂર્વધરને જ હોય છે. અને પૂર્વધર ન હોય તેવા મુનિને શુક્લધ્યાન હોતુ નથી પરંતુ ધર્મધ્યાન હોય છે. આ બન્ને ધ્યાનદશા મોહનો નાશ કરાવનારી છે. જેમ જેમ પોતાના આત્મતત્ત્વના દ્રવ્યગુણ પર્યાયો અરિહંત પરમાત્માના દ્રવ્યગુણ પર્યાયની સાથે સમાન સમજાતા જાય, અંતરાત્મામાં જામતા જાય, તેમ તેમ આ આત્મા પરમાત્માની સાથે પડેલા ભેદનો છેદ કરીને પરમાત્મા જેવી જ દશાને પામે છે. તેને "*સિદ્ધસમાપત્તિ*" કહેવાય છે. આ દશા પ્રાપ્ત કરવી એ જ શુક્લ ધ્યાનનું ફળ છે. શાસ્ત્રોમાં આવાં પદો આવે છે કે–

जो जाणदि अरिहंते, दव्वत्त-गुणत्त-पज्जयत्तेहिं ।
सो जाणादि अप्पाणं, मोहो खलु जादि तस्स लयं ॥१-८०॥

પરમાત્મા મહાવીર પ્રભુ પછી ૫૧૬ વર્ષે થયેલા, અને દિગંબરામ્નાયમાં અતિશય વધારે પ્રતિષ્ઠા ધરાવનારા શ્રી કુંદકુંદાચાર્યે સમયસાર નિયમસાર અને *પ્રવચનચાર* આદિ મહાગ્રંથો બનાવ્યા છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રી તે દિગંબરાચાર્યકૃત પ્રવચનસારની સાક્ષી આપતાં કહે છે કે પ્રવચનસારમાં પણ (પ્રથમ અધ્યાયની ૮૦મી ગાથામાં) કહ્યું છે કે–

जो जाणदि अरिहंते, दव्वत्तगुणत्तपज्जयत्तेहिं=જે ભવ્યાત્મા દ્રવ્યત્વ ગુણત્વ અને પર્યાયત્વ વડે અરિહંત પરમાત્માને જાણે છે. सो जाणदि अप्पाणं=તે આત્મા જ પોતાના આત્માને (તેવો=અરિહંત સમાન) જાણે છે. मोहो खलु जादि तस्स लयं=તે આત્માનો મોહ અવશ્ય લયને (ક્ષયને) પામે છે.

પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી કૃત નવપદની પૂજામાં પણ આ જ ભાવાર્થને સમજાવતી ગાથા છે. તે આ પ્રમાણે

અરિહંત પદ ધ્યાતો થકો, દવ્વહ ગુણ પજ્જાય રે ।
ભેદ છેદ કરી આતમા-અરિહંત રૂપી થાય રે ॥

આ રીતે જ્ઞાનમાર્ગની સાધનામાં ક્રિયામાર્ગ અવશ્ય ઉપકારક (સાધન) છે. પરંતુ આત્મતત્ત્વની શુદ્ધદશા પ્રાપ્ત કરવામાં, પરાભિમુખતા ટાળવામાં, અંતરાત્મદશા મેળવવામાં, મોહના નખરા દૂર કરવામાં, જ્ઞાનમાર્ગ અતિશય વધારે ઉપકારક છે. જ્ઞાનમાર્ગ ખેતરમાં ઉગેલા ધાન્યસમાન છે અને ક્રિયામાર્ગ તેની સુરક્ષા માટે કરાયેલી કાંટાની વાડ તુલ્ય છે.

ते माटिं एह ज द्रव्यानुयोग आदरो=તે કારણે પ્રધાનતાએ આ દ્રવ્યાનુયોગને જ સ્વીકારો. पणि सद्गुरु विना स्वमतिकल्पनाइं भूला म फिरस्यो=પરંતુ સદ્ગુરુજીની નિશ્રા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિના પોતાની મતિકલ્પના પ્રમાણે ભૂલા ન ફરશો. આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કઠીન છે. દુર્ગમ છે. અને બહુ નયસાપેક્ષતાવાળો હોવાથી ગંભીર છે. તેથી તેની પ્રાપ્તિ માટે અવશ્ય સદ્ગુરુની નિશ્રામાં જ રહેજો. તેઓની પાસે જ સ્થિરબુદ્ધિ કરીને ભણજો. પરંતુ પોતાની મતિકલ્પના પ્રમાણે શાસ્ત્રોના અર્થો કરવાની ભૂલ કરીને આ અનંતસંસારમાં ભૂલા ન ફરશો.

જે આત્મા આરાધક હોય, શુદ્ધધર્મનું વિધિપૂર્વક પાલન કરતો હોય પરંતુ માત્ર ગુરુની નિશ્રામાં ન રહેતો હોય તો તે આત્મા આરાધક નથી પણ વિરાધક છે. કારણ કે પરમાત્મા વીતરાગદેવની ગેરહાજરીમાં ગુરુમહારજશ્રી પોતે તેઓની આજ્ઞાનું પાલન કરનારા છે અને શિષ્યો પાસે પાલન કરાવનારા છે. વીતરાગવાણી પોતાના હૈયામાં ઉતારનારા છે અને અન્યના હૈયામાં ઉતરાવનારા છે. તેથી સાચે જ ગુરુમહારાજશ્રી તીર્થંકરપરમાત્માના પ્રતિનિધિ છે. તેથી ગુરુમહારાજશ્રીની નિશ્રાનો અભાવ એટલે તેમના પ્રત્યે અનાદરભાવ થયો. ગુરુમહારાજશ્રી પ્રત્યે અનાદરભાવ એટલે તીર્થંકરભગવાન પ્રત્યે અનાદરભાવ થયો. અને તીર્થંકર ભગવાન પ્રત્યે અનાદરભાવવાળો આત્મા આરાધક ન કહેવાય પણ વિરાધક કહેવાય. વળી ગુરુની નિશ્રા ન સ્વીકારતાં આત્મામાં સ્વચ્છંદતા, અહંભાવ અને મતિકલ્પના પ્રમાણે સૂત્રાર્થ કરવાની પાપિષ્ટ વૃત્તિ વિગેરે ઘણા દૂષિતભાવો જન્મે છે. કાળાન્તરે પોતાના દોષોના બચાવવાળા અર્થો કરવાની ભાવના પ્રગટે છે. તથા વૈયાવચ્ચ કરવાના લાભનો અભાવ, વિનય વિવેકનો અભાવ, જ્ઞાન ગોષ્ઠીદ્વારા અનુભવપ્રાપ્ત કરવાનો અભાવ ઈત્યાદિ દોષો જીવનમાં આવે છે. આવા આવા દોષો ન આવે અને ગુણો આવે તેટલા માટે સદ્ગુરુની નિશ્રા જ ઉપકારક છે. આરાધક આત્માએ સંયમમાં આધાકર્માદિક થોડાક દોષો કદાચ લાગતા હોય તો પણ ગુરુનિશ્રા કદાપિ ત્યજવી નહીં. એમ પૂ. ઉપાધ્યાયજી મ. શ્રી ગંભીર હિતશિક્ષા અને ચેતવણી પણ આપે છે. આ વિષયનો વધારે વિસ્તાર સાડાત્રણસો ગાથાના સ્તવનમાં પાંચમી ઢાળમાં છે. ત્યાંથી જાણવો. ॥ ૬ ॥

**એહનો જેણઈં પામિઓ તાગ, ઓઘઈં એહનો જેહનઈં રાગ ।**
**એ બે વિણ ત્રીજો નહીં સાધ, ભાખિઓ સમ્મતિ અરથ અગાધ ॥ ૧-૭ ॥**

*ગાથાર્થ*– આ દ્રવ્યાનુયોગનો જે આત્માઓ તાગ (છેડો-પાર) પામ્યા છે. અથવા ઓઘે ઓઘે (સામાન્ય પણે) જે આત્માઓને આ દ્રવ્યાનુયોગ ભણવાનો (જાણવાનો) અદમ્ય ઉત્સાહ (રાગ) વર્તે છે. આ બે પ્રકારના જીવો વિના ત્રીજો કોઈ સાચો સાધક (સાધુ) નથી. એવું અગાધઅર્થવાળા સમ્મતિતર્કમાં કહ્યું. છે. ॥ ૧-૭ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**_ટબો_– જ્ઞાન વિના ચારિત્રમાત્રિં જે સંતુષ્ટ થાઇ છઇં, તેહનઇં શિક્ષા કહઈ છઈ:-**

**"એહનો-દ્રવ્યાનુયોગનો, જેણઇં તાગ પામિઓ, સમ્મતિ પ્રમુખ તર્કશાસ્ત્ર ભણીનઈં જે ગીતાર્થ થયો તેહ, તથા ઓઘઈ-સામાન્ય પ્રકારઈં, એહનો-દ્રવ્યાનુયોગનો જેહનઈં રાગ છઈ. તે ગીતાર્થનિશ્રિત. એ બે વિના ત્રીજો સાધુ (સાધક) નહીં." એહવો અગાધ અર્થ સમ્મતિ મધ્યે ભાષિઓ છઈ. તે માટઈં જ્ઞાનવિના ચારિત્ર જ ન હોઈ.**

उक्तं च—

गीयत्थो य विहारो, बीओ गीयत्थनिस्सिओ भणिओ ।
इत्तो तइयविहारो, नाणुण्णाओ जिणवरेहिं ॥ વ્યવહારસૂત્ર ૨-૩૦ ॥

એટલો વિશેષ– જે ચરણકરણાનુયોગદૃષ્ટિં નિશિથ-કલ્પ-વ્યવહાર-દૃષ્ટિવાદાધ્યયનઈં જઘન્યમધ્યમોત્કૃષ્ટ ગીતાર્થ જાણવા. દ્રવ્યાનુયોગદૃષ્ટિ (એ) તે સમ્મત્યાદિ તર્કશાસ્ત્રપારગામી જ ગીતાર્થ જાણવો. તેહની નિશ્રાઈં જ અગીતાર્થનઈં ચારિત્ર કહિયું. ॥ ૧-૭ ॥

_વિવેચન_– ક્રિયાયોગ સાધવામાં માત્ર શારીરિક પરિશ્રમ વેઠવો પડે છે પરંતુ જ્ઞાનયોગ સાધવામાં બુદ્ધિ અને શરીર એમ બન્નેનો અતિશય પરિશ્રમ વેઠવો પડે છે. જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરુની પરવશતા સેવવી પડે છે. ઈચ્છાનુસાર સ્વતંત્રભાવે વર્તન કરાતું નથી. ગુરુ તરફથી લજ્જા, ઉપાલંભ અને તાડન-મારણ આદિના ભયો પણ વર્તે છે. જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી પણ સદા તેને ચિરંજીવ રાખવા માટે પુનરાવર્તન વિગેરે ઉપાયો પણ અપનાવવા પડે છે. જ્ઞાની આત્માઓને ઘણા અજ્ઞાની આત્માઓ નિરંતર પ્રશ્નો પૂછતા રહે છે. એટલે જ્ઞાનીને આહાર અને નિદ્રામાં સ્ખલના પણ થાય છે. આવા પ્રકારનાં અનેક કારણોસર જ્ઞાનયોગ વિષમ, દુ:ખદાયી બોજારૂપ અને માથાકુટીયો પણ લાગે છે. તેના કારણે ઘણા લોકો આ યોગમાંથી ઉભગી જાય છે. અને ક્રિયાયોગમાં ઉપરોક્ત બધી મુશ્કેલીઓનો અભાવ છે. કોઈની પરાધીનતા નથી. આહાર-નિદ્રામાં સ્ખલના નથી. કોઈ પણ વ્યક્તિ કંઈ પણ પૂછવા આવતી નથી. તથા સેવેલા ક્રિયાયોગની સંખ્યા ગણીને આ જીવ રાજી થાય છે. કરેલી ક્રિયા લોકો દેખે છે તેથી માન પણ મળે છે. આવા કારણસર ક્રિયાયોગ જીવને વધુ પ્રિય થઈ પડે છે. તથા કેટલાક આરાધક આત્માઓ જ્ઞાનયોગને વિષમ સમજીને ત્યજી દઈ ક્રિયાયોગ (ચારિત્રપાલન) માત્રથી જ ખુશ ખુશ થઈ જાય છે. અને પોતાની જાતને મોટી માની લે છે.

**ज्ञान विना चारित्रमात्रिं जे संतुष्ट थइ छइ, तेहनइं शिक्षा कहइ छइ**=જે જે આરાધક આત્માઓ જ્ઞાનયોગ સેવન કર્યા વિના કેવલ એકલા ચારિત્રપાલન માત્રથી જ ખુશ ખુશ થઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાય છે. પોતાના આત્માને આરાધક માની લે છે. તેવા આત્માઓને પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રી હિતશિક્ષા અર્થાત્ ચેતવણી આપતાં કહે છે કે– ''**एहनो-द्रव्यानुयोगनो जेणइं ताग पामिओ, सम्मति प्रमुख तर्कशास्त्र भणीनइं जे गीतार्थ थयो तेह.**'' આ દ્રવ્યાનુયોગનો જે જીવે તાગ (પાર-છેડો ઉંડાણ પૂર્વક અંત) પ્રાપ્ત કર્યો છે. સમ્મતિતર્ક વિગેરે તર્કશાસ્ત્રો ભણીને જે મહાત્મા ગીતાર્થ બન્યા છે. તે મહાત્મા પ્રથમ સાધક છે. **तथा ओघइं=सामान्यप्रकारइं, एहनो-द्रव्यानुयोगनो जेहनइं राग छइं, ते गीतार्थनिश्रित.** તથા ઓઘે ઓઘે એટલે કે સામાન્ય રીતિએ આ દ્રવ્યાનુયોગનો જે જે આત્માઓને (તે સંબંધી જ્ઞાનપ્રાપ્તિનો) હૈયામાં રાગ વર્તે છે. અને તેના કારણે દ્રવ્યાનુયોગના અભ્યાસ માટે જે સતત પ્રયત્નશીલ છે. તે ગીતાર્થનિશ્રિત નામે બીજા સાધક જાણવા. **ए बे विना त्रीजो साधु (साधक) नहीं.** ''આ બેમાં પ્રથમ ગીતાર્થ અને બીજા ગીતાર્થનિશ્રિત એમ બે પ્રકારના સાધક સિવાય અન્ય કોઈ ત્રીજા પ્રકારના આત્માઓ સાચા સાધક નથી. અર્થાત્ આત્મતત્ત્વના સાચા સાધક નથી.'' **एहवो अगाध अर्थ सम्मतिमध्ये भाषिओ छइं. ते माटइं ज्ञान विना चारित्र ज न होइ**=આવો ભાવાર્થ અગાધ અર્થવાળા સમ્મતિતર્કની અંદર કહેલો છે. તે માટે ઉત્તમ પ્રકારના જ્ઞાનયોગ વિના (વિવેકબુદ્ધિ ન પ્રગટવાના કારણે અને અહંકાર તિરસ્કાર આદિ ભાવો જન્મવાના કારણે) ચારિત્ર જ ન હોય.

**उक्तं च**=વ્યવહાર સૂત્ર કે જેને છેદસૂત્ર કહેવાય છે. તેના બીજા અધ્યયનની ૩૦મી ગાથામાં પણ આ જ હકીકત વર્ણવેલી છે. તેનો સાક્ષીપાઠ આ પ્રમાણે છે.

**गीयत्थो य विहारो**=પહેલો ગીતાર્થ વિહાર, **बीओ गीअत्थनिस्सिओ भणिओ**=અને બીજો ગીતાર્થનિશ્રિત વિહાર. આ બે જ વિહાર સાધક છે. **इओ तइयविहारो नाणुण्णाओ जिणवरेहिं**=આ બેથી ત્રીજા કોઈપણ પ્રકારના વિહારની જિનેશ્વરપરમાત્માઓ વડે અનુજ્ઞા કરાઈ નથી. ॥ ૨-૩૦ ॥

સંસારમાં પણ સામાન્ય નિયમ એવો છે કે જે વસ્તુ મેળવવી હોય, તે વસ્તુના કાંતો જાણકાર થવું પડે અથવા તે વસ્તુના જાણકારને સાથે રાખવો પડે છે. તો જ ભૂલા ન પડીએ. જેમ કે હીરા ખરીદવા હોય તો ઝવેરી થવું પડે અથવા ઝવેરીને સાથે રાખવા પડે. સોના-ચાંદી ખરીદવાં હોય તો પણ તે જ રીતે અનુભવી થવું પડે અથવા અનુભવીને સાથે રાખવા પડે. એક ગામથી બીજે ગામ જવું હોય તો રસ્તો જાણવો પડે અથવા ભોમીયાને સાથે રાખવો પડે. અન્યથા છેતરાઈ જવાય. તેવી જ રીતે જો શુદ્ધ આત્મતત્ત્વ પ્રાપ્ત કરવું હોય તો કાંતો મોહાદિ આત્મશત્રુઓના નાશ માટે પોતે જ ગીતાર્થ થવું જોઈએ અથવા ગીતાર્થ થયેલા બીજા જ્ઞાનીની નિશ્રા સ્વીકારવી જોઈએ. અન્યથા પોતે અજ્ઞાની હોય અને એકાકી વિહાર કરે અથવા અજ્ઞાનીઓના ટોળામાં રહીને વિહાર કરે તો સ્વચ્છંદતા, લોકસંપર્ક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેઓની સાથેના રાગાદિ ભાવો, સ્વમતિકલ્પનાકૃત સૂત્રાર્થો, અહંભાવ. અન્ય પ્રત્યે તિરસ્કારભાવ ઈત્યાદિ ભાવશત્રુઓના શિકાર બનવાનો પ્રસંગ આવે.

*પ્રશ્ન*— ગીથાર્થ કોને કહેવાય ?

*ઉત્તર*— ગીત=પ્રાપ્ત કર્યો છે. અર્થ=સૂત્રોનો ઐદંપર્ય અર્થ જેઓએ તે ગીતાર્થ. જે મહાત્મા પુરુષો દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવના, ઉત્સર્ગ અપવાદના જાણ છે. તથા મહાપુરુષો વડે રચાયેલાં આગમશાસ્ત્રો તથા તેના ગંભીર સૂક્ષ્મ ભાવાર્થો જેઓએ અવગાહ્યા છે. તેઓ *ગીતાર્થ* કહેવાય છે. તે ગીતાર્થતા બે રીતે વિચારાય છે. એક ચરણકરણાનુયોગની અપેક્ષાએ, અને બીજી દ્રવ્યાનુયોગની અપેક્ષાએ. ત્યાં પ્રથમ ચરણકરણાનુયોગની અપેક્ષાએ જઘન્ય-મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારના ગીતાર્થ સમજાવે છે.

**एटलो विशेष—जे चरणकरणानुयोगदृष्टिं—निशिथ-कल्प-व्यवहार दृष्टिवादाध्ययनइं जघन्य-मध्यमोत्कृष्ट गीतार्थ जाणवा.** ગીતાર્થપણામાં આટલી વિશેષતા છે કે જે ચરણકરણાનુયોગ છે. તેની દૃષ્ટિએ ત્રિવિધે (ત્રણ પ્રકારે) ગીતાર્થ છે.

૧. નિશિથ સૂત્રના જાણકાર મહાત્માઓ જઘન્ય ગીતાર્થ જાણવા.
૨. કલ્પવ્યવહારસૂત્રના જાણકાર મહાત્માઓ મધ્યમ ગીતાર્થ જાણવા.
૩. દૃષ્ટિવાદ નામના અધ્યયનના (બારમા અંગના) જાણકાર ઉત્કૃષ્ટગીતાર્થ જાણવા.

**द्रव्यानुयोगदृष्टि ( ए ) ते सम्मत्यादि तर्कशास्त्रपारगामी ज गीतार्थ जाणवो. तेहनी निश्राइं ज अगीतार्थनइं चारित्र कहियुं** દ્રવ્યાનુયોગની દૃષ્ટિએ સમ્મમિતર્ક તથા તત્ત્વાર્થસૂત્ર આદિ મહાતર્કશાસ્ત્રો જૈન દર્શનમાં જે છે. તેનો પારગામી જે આત્મા બન્યો હોય, તે જ આત્મા ગીતાર્થ જાણવો. જૈન-જૈનેતર દર્શનશાસ્ત્રોમાં નિષ્ણાત, મહાતર્કશાસ્ત્રોના જ્ઞાતા પુરુષ જ ગીતાર્થ કહેવાય છે. આવા જીવો પોતાના જ્ઞાનયોગે આરાધક જાણવા. અને આવા પ્રકારના ગીતાર્થની નિશ્રાએ જ વર્તનારા અગીતાર્થ આત્માઓ પણ આરાધક જાણવા. તેથી આવા પ્રકારના અગીતાર્થ આત્માને પણ (હિતાહિતમાં પ્રવર્તક નિવર્તક એવા ગુરુની નિશ્રા હોવાથી) ચારિત્ર હોય છે. એમ કહેવું. હાલ વર્તમાનકાળે ઠાણાંગ-સૂયગડાંગ આદિ સૂત્રોના જ્ઞાતા પુરુષને પણ દ્રવ્યાનુયોગની અપેક્ષાએ મધ્યમગીતાર્થ કહેવાય છે. એમ ગુરુગમથી જણાય છે. ઉત્તરાધ્યયન સૂત્ર અધ્યયન ૩૨ ગાથા પાંચમીમાં આવું જ જણાવ્યું છે કે

**न वा लभेज्जा निउणं सहायं, गुणाहियं वा गुणतो समं वा ।**
**एक्को वि पावइ विवज्जयंतो, विहरेज्ज कामेसु अ सज्जमाणो ॥**

( ઉત્તરાધ્યયન સૂત્ર-૩૨-૫ )

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શંકા "ગુણોમાં આપણાથી અધિક અથવા સમાનગુણવાળા એવા નિપુણપુરુષનો યોગ ન જ મળે તો વિષયોમાં આસક્ત ન બની જવાય અને પાપોથી દૂર રહેવાય તેવી રીતે એકાકી વિહાર કરવો" તે આ ગાથાથી અગીતાર્થ મહાત્માને પણ એકાકી વિહાર કરવાની અનુજ્ઞા હોવાથી અગીતાર્થ મુનિ એકાકી વિહાર કરે તો આરાધક કેમ ન કહેવાય ?

*ઉત્તર–* આ ગાથા અગીતાર્થ માટે નથી પરંતુ ગીતાર્થ માટે છે. ગીતાર્થ મુનિએ પણ ગુણોની વૃદ્ધિ માટે અધિકગુણી અથવા સમાનગુણીની સાથે જ વિચરવું જોઈએ. જેથી મોહરાજાના સૈનિકો આ આત્માને મલીન ન કરે. પરંતુ જો અધિકગુણી કે સમાનગુણીનો યોગ ન જ મળે તો સ્વયં પોતે ગીતાર્થ હોવાથી ગીતાર્થ વડે એકાકી પણ વિહાર કરી શકાય. પરંતુ વિષયોમાં અનાસક્ત રહેવું અને પાપોથી દૂર રહેવું. એમ ગીતાર્થને પણ આ ગાથામાં લાલબત્તી ધરી છે. એકાકી વિચરવાની ગીતાર્થને અનુજ્ઞા જરૂર આપી છે. પરંતુ સજાગ રહેવાની ચેતવણી પણ સાથે સાથે આપી છે. આ રીતે આ ગાથા ગીતાર્થને એકાકી વિહારની અનુજ્ઞા આપનાર છે. આ ગાથા અગીતાર્થ માટે નથી. અગીતાર્થને તો એકાકી વિહાર થાય જ નહીં. સ્વતંત્ર વિચરવામાં ઘણા દોષો છે.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

આ પ્રમાણે જે આત્માઓ આ દ્રવ્યાનુયોગનો તાગ પામીને ગીતાર્થ બન્યા છે તે, તથા જેઓને ઓઘે ઓઘે પણ આ દ્રવ્યાનુયોગનો રાગ છે અને તે જાણવા માટે ગીતાર્થની સાથે રહે છે એવા જે ગીતાર્થનિશ્રિત છે તે, આવા બે જ પ્રકારના મુનિઓ શુદ્ધ આત્મ તત્ત્વની પ્રાપ્તિના આરાધક છે. સાધુ છે. સાચા સાધક છે. ॥ ૭ ॥

## એ કારણિં ગુરુચરણ-અધીન, સમય સમય ઈણિ યોગઈ લીન ।
## સાધૂં જે કિરિયા વ્યવહાર, તેહ જ અમ્હ મોટો આધાર ॥ ૧-૮ ॥

*ગાથાર્થ–* આ કારણે ગુરુજીના ચરણોમાં આધીનપણે રહીને પ્રતિસમયે આ જ્ઞાનયોગ પ્રાપ્ત કરવામાં અમારી જે લયલીનતા છે અને સાધુને ઉચિત સર્વધર્મ ક્રિયાઓને પાલન કરવાનો વ્યવહાર જે અમે કરીએ છીએ. તે (જ્ઞાન અને ક્રિયા એમ ઉભયની આરાધના) જ અમારા જેવા જીવોને માટે મોટા આધારભૂત છે. ॥ ૧-૮ ॥

**ટબો– "એ દ્રવ્યાનુયોગની લેશથી પ્રાપ્તિં પોતાના આત્માનઇં કૃતકૃત્યતા કહઇ છઇ"– તે કારણિં દ્રવ્યાનુયોગની બળવત્તાનઇં હેતઇં ગુરુચરણનઇં અધીન થકા, એણઇં કરી મતિકલ્પના પરિહરી-સમય સમય ઇણિ યોગઇ દ્રવ્યાનુયોગઇં, લીન-આસક્ત થકા, જે ક્રિયાવ્યવહાર સાધું છું તેહિ જ અમ્હનઇં મોટો આધાર છઇં, જે માટિં-ઇમ ઇચ્છાયોગ સંપજઇં. तल्लक्षणम्**

**कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः ।**
**विकलो धर्मयोगो यः, इच्छायोग उदाहृतः**(લલિતવિસ્તરાદૌ) **શ્રી યોગદષ્ટિ સમુચ્ચય ॥ ३ ॥**

**ઇમ ઇચ્છાયોગઇં રહી અમ્હે પર ઉપકારનઇં અર્થિ દ્રવ્યાનુયોગ વિચાર કહું છું. પણિં એતલઇં જ સંતુષ્ટિ ન કરવી. "વિશેષાર્થીઇં ગુરુસેવા ન મૂકવી" ઈમ હિતશિક્ષા કહઈ છઈ– ॥ ૧-૮ ॥**

*વિવેચન*– ગીતાર્થ અને ગીતાર્થનિશ્રિત એમ બે જ પ્રકારના આત્માઓ આરાધક કહેવાય છે. આ સ્વરૂપ જાણતાં એટલું ચોકસ સમજાય છે કે દ્રવ્યાનુયોગ સંબંધી સૂક્ષ્મજ્ઞાનનું અવશ્ય અવગાહન કરવું જોઈએ. આ જ્ઞાન વિના દેહાધ્યાસ છુટતો નથી. શરીર અને આત્મદ્રવ્યને આ જીવ ભિન્નપણે યથાર્થતયા ઓળખતો નથી. મોહદશા મોળી પડતી નથી. ભેદજ્ઞાન થતું નથી. વૈરાગ્યદશા વૃદ્ધિ પામતી નથી, આત્મતત્ત્વ પ્રાપ્ત કરવાનો લક્ષ્ય જામતો નથી. વિવેકબુદ્ધિ વિકસતી નથી. અહંભાવ ઓગળતો નથી. તે માટે દ્રવ્યાનુયોગના અભ્યાસ માટે આ જીવે નિરંતર પ્રયત્નશીલ રહેવું જોઈએ. આ યોગનો એક અંશ પણ જો જીવનમાં પ્રાપ્ત થઈ જાય તો આ ચિત્ત (મન) અવશ્ય સાંસારિકભાવોમાંથી ઉભગી જાય. સંવેગ-નિર્વેદ થયા વિના રહે જ નહીં. સંવેગ-નિર્વેદની પ્રાપ્તિ થાય. આ જ મનુષ્યજીવનની કૃતકૃત્યતા=ધન્યતા (સફળતા) છે. આ જ હકીકત ગ્રંથકારશ્રી જણાવે છે–

**ए द्रव्यानुयोगनी लेशथी प्राप्ति पोताना आत्मानइं कृतकृत्यता कहइ छइं**=આ દ્રવ્યાનુયોગની જો લેશથી (અંશમાત્રથી) પણ પ્રાપ્તિ થાય તો પોતાના આત્માની કૃતકૃત્યતા (સફળતા-ધન્યતા) સમજવી. આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ મોહદશા રૂપી સર્પના વિષને ઉતારવામાં ગારુડિક મંત્ર સમાન છે. અંશમાત્ર પણ જો દ્રવ્યાનુયોગના ગ્રંથો ભણીએ તો અવશ્ય મોહદશા ઢીલી પડે જ છે. આવો દ્રવ્યાનુયોગનો પ્રભાવ છે. **તે कारणिं द्रव्यानुयोगनी बलवत्तानइं हेतइ गुरुचरणनइं अधीन थका, एणइं करी मतिकल्पना परिहरी**=તે કારણે દ્રવ્યાનુયોગની આટલી બલવત્તરતા છે. તે હેતુએ કરીને મારા વડીલ ગુરુઓ (શ્રી પૂ. જિતવિજયજી મ. તથા પૂ. નયવિજયજી મ. સાહેબ આદિ ગુરુઓ)ના ચરણકમળને આધીન થયો થકો, તેઓએ મને જે રીતે દ્રવ્યાનુયોગ ભણાવ્યો છે. અને ગુરુગમથી પૂર્વાચાર્યોની પરંપરાથી જે રીતે મને આ દ્રવ્યાનુયોગ પ્રાપ્ત થયો છે. તે રીતે, આ કારણે સ્વતંત્ર મતિકલ્પના પણે કહેવાની પદ્ધતિને ત્યજી દઈને, **समय समय इणि योगइं–द्रव्यानुयोगइं, लीन–आसक्त थका**=પ્રતિસમયે આ દ્રવ્યાનુયોગમાં લયલીન-એકાગ્ર થયો થકો, જે **क्रियाव्यवहार साधुं छुं. तेहि जे अम्हनइं मोटो आधार छइं**=જે સાધુસમાચારીનો ક્રિયા વ્યવહાર પંચમહાવ્રત-પંચાચારાદિનું પાલન કરવાનો વ્યવહાર છે. તેને હું સાધુ છું. અર્થાત્ દ્રવ્યાનુયોગમાં લીન બન્યો છતો હું યથાશક્તિ ચરણકરણાનુયોગ સાધું છું. આ જ (રીતે બન્ને યોગોનો સમન્વય કરીને સાધના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવી એ જ) અમારા માટે મોટો આધાર છે. **इम इच्छायोग संपजइ-तल्लक्षणम्**= આ પ્રમાણે આત્મતત્ત્વની સાધનાનો હું *ઈચ્છાયોગ*વાળો છું.

ભાવાર્થ એવો છે કે– જે યશોવિજયજી મ. શ્રી જૈનદર્શન અને બાકીનાં તમામ જૈનેતર દર્શનોના તલસ્પર્શી અભ્યાસવાળા હતા, પ્રખર વિદ્વાન હતા, કાશી દેશમાં જૈનેતર પંડિતોએ જેઓને ન્યાયાચાર્ય અને ન્યાયવિશારદનાં બિરૂદ આપ્યાં હતાં એવા શાસ્ત્રવિશારદ મહાત્મા પોતાના આત્માને "દ્રવ્યાનુયોગના જ્ઞાનનો લેશમાત્ર પામેલા ઈચ્છાયોગી" તરીકે આ ગાથામાં ઉલ્લેખ કરે છે. કેટલી તેઓની લઘુતા, નમ્રતા અને નિરહંકારિતા ? આ પદો જોતાં તેઓ પ્રત્યે અહોભાવ પ્રગટ્યા વિના રહેતો જ નથી. એમના પ્રત્યે સહેજે સહેજે માથુ ઝુકી જાય તેમ છે. તેઓનો આ ગાથામાં કહેવાનો સૂર એવો છે કે "દ્રવ્યાનુયોગના અભ્યાસની મારી આ સાધના અત્યંત અંશ માત્ર છે. તે અંશમાત્રની પ્રાપ્તિથી હું મારા જીવનને ધન્ય ધન્ય અને કૃતકૃત્ય માનું છે. તે અંશમાત્રપ્રાપ્તિને જ વધારે બળવત્તર બનાવવા માટે સ્વચ્છંદ મતિકલ્પનાનો ત્યાગ કરી ગુરુચરણાધીનપણે રહીને પ્રતિસમયે આ દ્રવ્યાનુયોગની નિરંતર સાધના કરૂં છું. અને તેની સાથે સાથે સાધુપણાને ઉચિત ક્રિયાવ્યવહારરૂપ ચરણકરણાનુયોગ પણ સાધુ છું કારણકે અમારા જેવા માટે આ પ્રમાણે બન્ને યોગોની સમન્વયાત્મકપણે સાધના કરવી એ જ મોટા આલંબનરૂપ છે. આ જ અમારી ઈચ્છા છે. મુક્તિના પરમસાધનભૂત એવા આ બન્ને યોગોની સાધના કરવાની જે પ્રબળ ઈચ્છા થઈ છે. તેથી અમે ઈચ્છાયોગી છીએ કે જેનાથી શાસ્ત્રયોગી થવા દ્વારા સામર્થ્યયોગી બની શકાશે. યોગ ત્રણ પ્રકારના છે. ૧ ઈચ્છાયોગ, ૨ શાસ્ત્રયોગ ૩ સામર્થ્યયોગ. તેનું કંઈક સ્વરૂપ આ પ્રમાણે છે–

(૧) ધર્મ આરાધના કરવાની તીવ્ર ઈચ્છાવાળો જીવ હોય, ગુરુભગવંતો પાસે વારંવાર ધર્મતત્ત્વ સાંભળીને શ્રુતનો કંઈક અંશ પામેલો સમ્યગ્દષ્ટિ આત્મા હોય, પરંતુ પ્રમાદના કારણે જેની ધર્મારાધના કંઈક વિકલ (ન્યૂનતાવાળી) હોય. અપૂર્ણ હોય, આવા પ્રકારના આવી પ્રાથમિક કક્ષાના યોગીની જે આંશિક આરાધના છે, તે *ઈચ્છાયોગ* કહેવાય છે.

(૨) જે આત્માઓએ શાસ્ત્રોનો સૂક્ષ્મબોધ કર્યો છે. જે શ્રદ્ધાવંત છે તથા યથાશક્તિ નિરતિચાર ધર્મારાધન કરે છે, સતતપણે શાસ્ત્રોનું શ્રવણ મનન નિદિધ્યાસન કરતો થકો તે તે વિષયમાં ઓતપ્રોત છે. તે *શાસ્ત્રયોગ* કહેવાય છે.

(૩) શાસ્ત્રોના નિરંતર આલંબનથી જે આત્મામાં સ્વયં પોતાનું એવું આત્મસામર્થ્ય પ્રગટ્યું છે કે જેમાં શાસ્ત્રની અપેક્ષા રહેતી નથી એવો શાસ્ત્રાતીત વચનાગોચર પોતાનામાં પ્રગટેલો સામર્થ્યરૂપ અનુભવયોગ તે સામર્થ્યયોગ કહેવાય છે. (જુઓ યોગદષ્ટિ સમુચ્ચય ગાથા ૩-૪-૫)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા મહાપ્રખર વિદ્વાન ગ્રંથકારશ્રી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ પોતાની જાતને શાસ્ત્રયોગી કે સામર્થ્યયોગી ન કહેતાં માત્ર ઈચ્છાયોગી કહે છે. આ જ તેઓની ઘણી નમ્રતા છે. તેથી તેઓ ઈચ્છાયોગનું જ માત્ર લક્ષણ યોગદૃષ્ટિસમુચ્ચય અને લલિતવિસ્તારની ગાથા આપીને જણાવે છે–

कर्तुमिच्छोः श्रुतार्थस्य, ज्ञानिनोऽपि प्रमादिनः
विकलो धर्मयोगो यः, इच्छायोग उदाहृतः ( લલિતવિસ્તરાદૌ )

कर्तुमिच्छोः=ધર્મ આરાધના કરવાની ઈચ્છાવાળા, श्रुतार्थस्य ગુરુપાસે જેણે નિરંતર શાસ્ત્રાર્થ સાંભળ્યા છે એવા, ज्ञानिनः=આ જ કારણથી સમ્યગ્જ્ઞાની બનેલા એવા પરંતુ प्रमादिनः=સંસારની પરાધીનતાના કારણે પ્રમાદી (વિષયસુખમાં વર્તનારા) એવા જીવનો यः विकलः धर्मयोगः=જે કંઈક ન્યૂનતાવાળો ધર્મયોગ, (ધર્મક્રિયા) ( सः ) इच्छायोग उदाहृतः તે ઈચ્છાયોગ કહેલો છે.

इम इच्छायोगइं रही=આ પ્રમાણે ઈચ્છાયોગમાં રહેલો એવો, अम्हे=હું, परउपकारनइं अर्थि=પરના ઉપકારના પ્રયોજનથી, द्रव्यानुयोगविचार=આ દ્રવ્યાનુયોગના વિચારવાળા (દ્રવ્યગુણ પર્યાયના રાસ નામના)ગ્રંથને, कहुं छुं=કહું છું. पणि एतलइं ज संतुष्टि न करवी=પરંતુ આ રાસ માત્ર ભણી જવાથી મને દ્રવ્યાનુયોગ આવડી ગયો છે. એમ સંતોષ ન કરવો. આ તો લેશમાત્ર જ છે. विशेषार्थीइं गुरु सेवा न मुकवी=તેથી દ્રવ્યાનુયોગના વિશેષ અભ્યાસના અર્થી જીવે ગુરુસેવા (ગીતાર્થગુરુની નિશ્રા) ન ત્યજવી. કારણકે આ દ્રવ્યાનુયોગનો વિશેષ અભ્યાસ ગુરુગમથી જ થાય છે. इम हितशिक्षा कहइ छइ=આ પ્રમાણે ગ્રંથકારશ્રી શ્રોતાવર્ગને હિતશિક્ષા કહે છે. દ્રવ્યાનુયોગ ભણવાનો અને તે માટે સતત ગુરુચરણે રહેવાનો તથા યથાશક્તિ ક્રિયાવ્યવહાર પાળવાનો આગ્રહ રાખવો. શાસ્ત્રોના ગંભીર અર્થો ગુરુગમથી જ જણાય છે. સૂત્રાર્થ માત્રથી જણાતા નથી. આવા પ્રકારના આરાધક સાધક આત્માઓ જ અમને મોટા આધારરૂપ છે. તેઓના આલંબને જ અમે સંસારસાગર તરી શકવાના છીએ.

આ આઠમી મૂલ ગાથામાંથી બીજો પણ એક અર્થ નીકળી શકે છે કે–

જે *ગીતાર્થનિશ્રિત* મુનિઓ છે તેઓ આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ પ્રાપ્ત કરવા માટે ગુરુચરણોને આધીન રહીને જે ક્રિયાવ્યવહાર (ચરણકરણાનુયોગ) સાધે છે. તથા જે પોતે સ્વયં *ગીતાર્થ* મુનિઓ છે તેઓ પ્રતિસમયે આ દ્રવ્યાનુયોગના ચિંતનમનનમાં લીન રહીને અપ્રમત્ત ભાવે જે ક્રિયાવ્યવહાર (ચરણકરણાનુયોગ) સાધે છે આ બન્ને પ્રકારના મુનિઓ અમારા જેવા બાળ જીવો માટે મોટા આધારરૂપ છે. ॥ ૮ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમ્મતિ તત્ત્વારથ મુખ ગ્રન્થ, મોટા જે પ્રવચન નિર્ગ્રન્થ ।**
**તેહનો લેશમાત્ર એ લહો, પરમારથ ગુરુ વયણે લહો ॥ ૧-૯ ॥**

*ગાથાર્થ*– સમ્મતિપ્રકરણ, તત્ત્વાર્થાધિગમસૂત્ર વિગેરે જે જે વીતરાગ પરમાત્માની વાણીરૂપ મોટા મોટા ગ્રંથો છે. તે ગ્રંથોનો આ રાસ તો લેશમાત્ર અંશરૂપ છે. આનો પરમાર્થ તો ગુરુમુખની વાણીમાં જ રહેલો છે. ॥ ૧-૯ ॥

**ટબો– સમ્મતિ-તત્ત્વાર્થ પ્રમુખ જે મોટા નિર્ગ્રન્થ-પ્રવચનરૂપ છઈ. તેહનો લવલેશમાત્ર એ લહો. જે એ પ્રબંધમાંહિં બાંધ્યો છઈ. પણિ-પરમારથઈં ગુરુવચનઈં રહ્યો. થોડુ જાણીનઈં ગર્વ મ કરસ્યો. अधनेन धनं प्राप्तं, तृणवत् मन्यते जगत् । એ દૃષ્ટાન્તઈં. અત એવ ઉપરિલ્યા ચ્યાર નય અતિગંભીર ઘણાનઈં ન પરિણમઈ, ઈમ જાણીનઈં સિદ્ધાન્તઈં પહિલા દેખાડિયા નથી. અનઈં ગંભીર ગુરુઅધીનતાઈં જ લેવા-દેવા કહિયા છઈ ॥ ૧-૯ ॥**

*વિવેચન*– દ્રવ્યાનુયોગના અભ્યાસમાં નિપુણ (ગીતાર્થ) થઈને અથવા નિપુણની નિશ્રાએ (ગીતાર્થની નિશ્રાએ) જ વિહાર કરવાનું જેમ જણાવ્યું. તેમ હવે એક બીજી પણ હિતશીખામણ આપે છે કે સમ્મતિતર્ક-તત્ત્વાર્થાધિગમસૂત્ર વિશેષાવશ્યક ભાષ્ય વિગેરે કેટલાક મહાગ્રંથો તથા તેના આધારે રચાયેલા કેટલાક પ્રાકરણિક ગ્રંથો, એ પરમાત્મા શ્રી વીતરાગદેવની વાણીને સમજાવનારા આધારભૂત મોટા મોટા દાર્શનિક ગ્રંથો છે. આવા ગ્રંથો ઉપર શ્વેતાંબર-દિગંબર આમ્નાયમાં પૂર્વાચાર્યોએ ઘણી ઘણી સંસ્કૃત ટીકાઓ બનાવી છે. આવા અનેકગ્રંથોમાં ભરેલી વીતરાગવાણીની વિચારણા કેવળ એકલા શાસ્ત્રપાઠથી સાંપડતી નથી. આવા ગ્રંથોના અભ્યાસમાં અવશ્ય ગુરુગમ લેવો જોઈએ. ગુરુગમથી તે શાસ્ત્રોના અર્થોની અનેક ચાવીઓ મળે છે. સૂત્રોમાંથી નીકળતા અનુભવગમ્ય અર્થો તો ગુરુના મુખથી જ સમજવા જેવા હોય છે. તેથી શ્રોતાઓએ કદાગ્રહ ત્યજીને, અનાદિની સ્વચ્છંદતા મુકીને, મધ્યસ્થવૃત્તિવાળા બનીને, અતિશય ગંભીરતા અને નિપુણતા પ્રાપ્ત કરીને, નય અને પ્રમાણના જ્ઞાનમાં વિશારદ, જ્ઞાનગોષ્ટિ અને ચારિત્રપાલનમાં અપ્રમત્ત, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જાણ, ઉત્સર્ગ-અપવાદના અનુભવી અને ગીતાર્થ એવા ગુરુઓ પાસે આવા મહાગ્રંથો ભણવા જોઈએ. અને તે જ્ઞાન પ્રાપ્ત કરવા માટે તેવા ગુરુઓના ચરણકમળની સેવામાં સતત સ્થિર થવું જોઈએ. કદાપિ ગુરુસેવા ત્યજવી નહીં. નાના નાના આહાર નિહાર કે વિહારસંબંધી ક્ષુદ્ર દોષો દેખીને તેને જ પર્વત જેવા મોટા બનાવીને તેના બ્હાના નીચે ગુરુકુલવાસ છોડવો જોઈએ નહીં.

આ દ્રવ્યગુણ પર્યાયનો રાસ પણ ઉપરોક્ત મહાગ્રંથોના એક અંશરૂપ છે. અર્થગાંભીર્ય ઘણું છે. તેથી પ્રત્યેક પંક્તિઓનો પરમાર્થ તો પરમગુરુઓના (મુખમાંથી જ એટલે કે) પ્રવચનોમાંથી જ જાણવા યોગ્ય છે. અલ્પ સૂત્રાર્થ માત્ર આવડી જાય એટલે ગર્વ કરવા જેવું

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નથી. આવા ગ્રંથોનો વારંવાર અભ્યાસ કરવો કે જેનાથી દ્રવ્યાનુયોગની અપૂર્વરસિકતા જ પ્રગટે અને શેરડીના રસથી પણ આ વાણી અતિમધુર લાગે. તે વાત જણાવે છે કે–

**सम्मति-तत्त्वार्थ प्रमुख जे मोटा निर्ग्रन्थ प्रवचनरूप छई, तेहनो लवलेशमात्र ए लहो, जे( ए ) प्रबन्धमांहिं बांध्यो छइ**=આ દ્રવ્યગુણ પર્યાયના રાસ નામના ગ્રંથની રચનામાં જે સ્વરૂપ બાંધ્યું (સમજાવ્યું) છે. તે સ્વરૂપ, સમ્મતિપ્રકરણ અને તત્ત્વાર્થાધિગમસૂત્ર વિગેરે જે જે વીતરાગપરમાત્માની વાણીના પ્રવચન સ્વરૂપ મોટા મોટા ગ્રંથો છે. તે ગ્રંથોના અતિશય અલ્પ અંશ સ્વરૂપ માત્ર જ છે. **पणि परमारथइं गुरुवचनइ रह्यो**=પરંતુ આ રાસમાં લખેલા દ્રવ્યાદિના સ્વરૂપનો પરમાર્થ (રહસ્યાર્થ) તો ગુરુજીઓના વચનોમાં જ રહેલો હોય છે. એટલે **थोडुं जाणीनइ गर्व न करस्यो, अधनेन धनं प्राप्तं, तृणवत् मन्यते जगत् ए दृष्टान्तइं**=આ ગ્રંથ ભણવાથી થોડોક સૂત્રાર્થ માત્ર જાણીને અહંકાર ન કરશો. જેમ નિર્ધન માણસ દ્વારા ધન પ્રાપ્ત કરાય ત્યારે આખા જગતને તૃણની જેમ માને છે. એવા દૃષ્ટાન્તથી આ વાત સમજી લેવી. માટે અલ્પ અર્થ જાણીને ગર્વ ન કરતાં વધારે જાણવા માટે ગુરુસેવા કદાપિ છોડશો નહીં. ગુરુના ચરણકમલને આધીન રહીને દ્રવ્યાનુયોગનો સૂક્ષ્મતા પૂર્વકનો અભ્યાસ કરજો અને તેઓની આજ્ઞાનુસાર ચરણકરણાનુયોગનું પાલન કરજો એ જ સંસારસાગરતરણનો ઉપાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**अत एव उपरिल्या च्यार नय अतिगंभीर घणानइं न परिणमइं, इम जाणीनइं, सिद्धान्तइं पहिलां देखाडिया नथी, अने गंभीर-गुरुअधीनताइं ज ( लेवा )-देवा कहिया छइं॥** આ કારણથી જ ઉપરના ઋજુસૂત્ર-શબ્દ-સમભિરૂઢ અને એવંભૂત એમ ચાર નયોનું સ્વરૂપ અતિશય ગંભીર છે. ઘણા જીવોને ન સમજાય (ન પરિણામ પામે) તેવું છે. એમ સમજીને જ સિદ્ધાન્તમાં આ ચાર નયો પ્રારંભમાં દેખાડ્યા નથી. અને ગંભીરપ્રકૃતિવાળા આત્માઓને ગુરુની આધીનતાએ જ (ગુરુ પાસેથી જ) લેવા-દેવાનું શાસ્ત્રોમાં કહેલું છે.

પ્રથમના ત્રણ નયો સ્થૂલ છે. લોકભોગ્ય છે. સુખે સમજાય તેવા છે. માટે પ્રારંભમાં તે જ નયો સમજાવાય છે. ધર્મની કરણી પણ પ્રથમના ત્રણ નયોથી જ સમજાવાય છે. ઉપરના ઋજુસૂત્રાદિ ચાર નયો અતિશય ગંભીર છે. સૂક્ષ્મ છે વિદ્વદ્ભોગ્ય છે. બાલાદિ ઘણા જીવોને ન સમજાય તેવા છે. અથવા સમજનાર-સમજાવનાર બરાબર ન હોય તો ઉલટુ સમજાઈ જાય તેવા આ નયો છે. તેથી આ નયો ગંભીર છે એમ જાણીને જ શાસ્ત્રોમાં આ ચાર નયોનું સ્વરૂપ અથવા આ ચાર નયોની અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ પ્રારંભમાં ભણાવાતું નથી જ્યારે વારંવાર નયોના અભ્યાસથી બુદ્ધિ પરિપક્વ થાય છે. સંસ્કારી બને છે. સૂક્ષ્માર્થગ્રાહિણી બને છે ત્યારે જ આ નયો ભણાવાય છે. અને તે પણ ગંભીરપ્રકૃતિવાળા પુરુષોને ગંભીર પ્રકૃતિવાળા ગુરુપાસેથી જ ભણવાના (લેવા-દેવાના) કહ્યા છે. કારણકે તે નયોનો સાપેક્ષતાગર્ભિત ગંભીર પરમાર્થ ગુરુવાણીમાં જ માત્ર રહેલો છે. તે માટે ગુરુચરણસેવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કદાપિ મૂકવી નહીં. અન્યથા અધુરો ઘડો ઘણો છલકાય તેની જેમ પ્રાપ્ત કરેલું સર્વ પ્રકારનું જ્ઞાન નિષ્ફળ થઈ જાય અને પ્રાપ્ત થયેલું આ જ્ઞાન સ્વચ્છંદતા તથા અહંકારાદિના કારણે સંસારવૃદ્ધિનું જ કારણ બને.

આ પ્રમાણે આ પ્રથમઢાળમાં ચાર પ્રકારના અનુયોગ જણાવીને તેમાં ચરણકરણાનુયોગ તથા દ્રવ્યાનુયોગ મુખ્ય છે એમ કહ્યું. તે બેમાં પણ દ્રવ્યાનુયોગ મોહના નાશમાં ગારૂડિકમંત્ર સમાન હોવાથી અતિશય પ્રધાન છે. તેની પ્રાપ્તિની ખાતર ચરણકરણાનુયોગ ગૌણ કરવામાં આવે તો દોષ નથી. પરંતુ દ્રવ્યાનુયોગ જો ગૌણ કરવામાં આવે તો દોષ છે. માટે સતત આ દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરવાની સૂચના કરી. તથા આ દ્રવ્યાનુયોગ ભણીને ગીતાર્થ થઈને વિચરો અથવા ભણવાનો રાગ રાખીને તેની પ્રાપ્તિ માટે ગીતાર્થ ગુરુની નિશ્રાએ વિચરો. આ બે વિના બાકીનો કોઈ ઉપાય સારો નથી. તથા જે ગીતાર્થ બન્યા છે. તેઓએ પણ સમયે સમયે આ યોગમાં લીન થઈને જ વિચરવું, પરંતુ પ્રમાદી બનવું નહીં. અને જે ગીતાર્થ બન્યા નથી તેઓએ ગીતાર્થની નિશ્રામાં રહીને ગુરુચરણાધીન થયા થકા આ યોગદશાની પ્રાપ્તિનો અભ્યાસ કરવો, સ્વયં સૂત્રાર્થમાત્ર ભણીને સંતુષ્ટ ન થઈ જવું. ગુરુ પ્રત્યે અનાદરભાવ કે અહંકારનો ભાવ ન કરવો. આવા મહાગ્રંથોનો સૂક્ષ્મ ગૂઢ અને ફલિતાર્થવાળો અર્થ ગુરુની અનુભવવાળી વાણીમાં જ રહેલો હોય છે અને ગીતાર્થ ગુરુઓએ પણ શિષ્યોની મોહદશા ઓગળી જાય, તેનામાં વિશેષ વિશેષ વૈરાગ્ય પ્રગટે એવી રીતે નિરંતર દ્રવ્યાનુયોગ ભણાવવાની વાચના આપવી. શિષ્યોને સતત વાચના આપવી એ જ ગુરુનું કર્તવ્ય છે. શિષ્યો પાસે કામકાજ કરાવવાં કે કામકાજ કરાવવા માટે શિષ્યો કરવા એ ગુરુનુ કાર્ય નથી. **गृणाति तत्त्वमिति गुरुः** શિષ્યોને જે હિત સમજાવે તે ગુરુ કહેવાય છે. તેથી ગુરુએ સદાકાળ શિષ્યોને વાચના શાસ્ત્રપાઠ અને હિતશિક્ષા જ આપવાની હોય છે. કામકાજ કરાવવાનાં કે તે કરવા માટેની આજ્ઞા કરવાની હોતી નથી. તેમાં આજ્ઞાપનિકી ક્રિયાનો આશ્રવ લાગે. ફક્ત શિષ્યો તે તે ધર્મક્રિયા કરવા માટે **इच्छाकारेण संदिसह भगवन्** પદ બોલવા પૂર્વક આજ્ઞા માગે, ત્યારે લાભાલાભ જોઈને અનુમતિ અપાય, જેને ઈચ્છકાર સમાચારી કહેવાય છે. પરંતુ ગુરુ પાસેથી નિર્મળ વાચના પામેલા અને તેથી જ વિનીત તથા વિવેકી બનેલા શિષ્યો ગુરુ પ્રત્યે એવા અહોભાવવાળા બને છે કે ગુરુનાં સઘળાં કામકાજ સ્વયં ઉપાડી લે છે. ભક્તિ કરવાની સ્વયં ઈચ્છા પ્રદર્શિત કરે છે. જેને ઈચ્છકાર સમાચારી કહેવાય છે. આ પ્રમાણે ગુરુને અને શિષ્યને એમ બન્નેને હિતશિક્ષા આપી ને હવે પછીની ઢાળોમાં ગ્રંથકારશ્રી દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપનું પ્રતિપાદન શરૂ કરે છે. ॥ ૯ ॥

## પહેલી ઢાળ સમાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઢાળ – બીજી

ગુણ પર્યાયતણું જે ભાજન, એકરૂપ ત્રિહું કાલિં રે ।
તેહ દ્રવ્ય નિજ જાતિં કહીઇં, જસ નહી ભેદ વિચાલઈં રે ॥
જિનવાણી રંગઈં મનિ ધરિઈં ॥ ૨-૧ ॥

*ગાથાર્થ*– ગુણ અને પર્યાયનો જે આધાર છે. અને ત્રણે કાળે જે એકસ્વરૂપ રહે છે. તે દ્રવ્ય કહેવાય છે. આ દ્રવ્ય પોતાની જાતિની અપેક્ષાએ એકરૂપ છે. વચમાં વચમાં (પર્યાયની જેમ) જેના ભેદ નથી. જિનેશ્વર પરમાત્માની વાણી ઘણા જ આનંદ અને ઉત્સાહથી મનમાં ધારણ કરીએ. ॥ ૨-૧ ॥

**ટબો**– ગુણ નઈં પર્યાયનું ભાજન કહતાં સ્થાનક, જે ત્રિહું કાલિં–અતીત અનાગત–વર્તમાન કાલિં એક સ્વરૂપ હોઈ. પણિં-પર્યાયની પરિ ફિરઇં નહીં. તેહ દ્રવ્ય કહિઇં. નિજ જાતિં કહતાં પોતાની જાતિં. જિમ જ્ઞાનાદિક ગુણ-પર્યાયનું ભાજન જીવદ્રવ્ય, રૂપાદિક ગુણપર્યાયનું ભાજન પુદ્‌ગલ દ્રવ્ય, રક્તત્વાદિ-ઘટાદિ-ગુણપર્યાયનું ભાજન મૃદ્‌દ્રવ્ય, તંતુ પટની અપેક્ષાઈં  દ્રવ્ય, તંતુ (સ્વ) અવયવની અપેક્ષાઇં પર્યાય. જે માટે પટનઇં વિચાલઇં પટાવસ્થા મધ્યઇં તંતુનો ભેદ નથી. તંતુ અવયવ અવસ્થા મધ્યઇં અન્યત્વરૂપ ભેદ છઈ. તે માટઇં પુદ્‌ગલસ્કંધમાંહિ દ્રવ્યપર્યાયપણું અપેક્ષાઇં જાણવું. આત્મતત્ત્વવિચારઇં પણિ-દેવાદિક આદિષ્ટ દ્રવ્ય, સંસારિ દ્રવ્યની અપેક્ષાઇં પર્યાય થાઇ.

કોઈ કહસ્યઈં. જે "ઈમ દ્રવ્યત્વ સ્વાભાવિક ન થયું. આપેક્ષિક થયું" તો કહિઇં જે "શબલ વસ્તુનો અપેક્ષાઇં જ વ્યવહાર હોઈ" ઈહાં દોષ નથી. જે સમવાયિકારણત્વ પ્રમુખ દ્રવ્યલક્ષણ માનઈં છઈં. તેહનઈં પણિં અપેક્ષા અવશ્ય અનુસરવી. "કુણનું સમવાયિકારણ ?" ઇમ આકાંક્ષા હોઈ. તો કુણનું દ્રવ્ય ? એ આકાંક્ષા કિમ ન હોઈ ?

"ગુણ પર્યાયવદ્ દ્રવ્યમ્" તત્ત્વાર્થે (અ. ૫, સૂત્ર ૩૭) એ જિનવાણી રંગઈં-વિશ્વાસઈં મનમાંહિં ધરિઇં ॥ ૨-૧ ॥

*વિવેચન*– પ્રથમ ઢાળમાં ચાર અનુયોગમાં બે અનુયોગ શ્રેષ્ઠ છે. એમ કહ્યું. અને બે અનુયોગમાં પણ દ્રવ્યાનુયોગ શ્રેષ્ઠ છે એમ કહીને દ્રવ્યાનુયોગની મહત્તા સમજાવી. હવે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ ઢાળથી આ ગ્રંથનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય "દ્રવ્ય-ગુણ-પર્યાય" સમજાવે છે તે ત્રણમાં સૌથી પ્રથમ દ્રવ્ય એટલે શું ? દ્રવ્ય કોને કહેવાય ? તેની વ્યાખ્યા (લક્ષણ) જણાવે છે.

આ ટબામાં જ્યાં જ્યાં "કહતાં" શબ્દ આવે તેનો અર્થ "*કહેતાં*" થાય છે. અને કહેતાંનો અર્થ "*એટલે*" એવો કરવો. તથા "*જે માટઈ*" શબ્દ આવે તેનો અર્થ "*જે માટે*" થાય છે. જે માટેનો અર્થ "*કારણ કે*" થાય છે. તથા જ્યાં જ્યાં "*અઈ*" આવે ત્યાં ત્યાં "*એ*" અર્થ કરવો જેમ કે "અનઈ" એટલે "અને" સમજવું. હવે પછીની વાક્યરચનાઓ જોઈશું ત્યારે આ વાત સ્વયં વધારે સ્પષ્ટ થશે. તે સમયની ગુજરાતી ભાષા આવી હશે. એમ અનુમાન કરાય છે.

**गुण नइं पर्यायनुं भाजन कहतां स्थानक**,=ગુણો અને પર્યાયોનું જે ભાજન છે. એટલે કે સ્થાનક (સ્થાન-આધાર) છે. (ભાજન કહેતાં સ્થાનક સમજવું. અર્થાત્ ભાજન એટલે સ્થાનક=આધાર છે.) **जे त्रिंहुं कालिं अतीत अनागत-वर्तमानकालिं एकस्वरूप होइ**=તથા જે પદાર્થ ત્રણે કાળે એટલે કે ભૂતકાળ, ભાવિકાળ અને વર્તમાનકાળમાં એકસ્વરૂપ જ રહે છે. **पणिं पर्यायनी परिं फिरइं नहीं**=પરંતુ પર્યાયની પેઠે જે ફરે નહીં. **तेह द्रव्य कहिइं**=તેને દ્રવ્ય કહેવાય છે. સારાંશ કે જે પદાર્થ ગુણ અને પર્યાયોનો આધાર છે અને ત્રણે કાળે એકસ્વરૂપ જ રહે છે. પર્યાય (અવસ્થા)ની પેઠે જે પોતાનું અસલી સ્વરૂપ બદલતો નથી તે પદાર્થને દ્રવ્ય કહેવાય છે. જેમ કે જે જીવદ્રવ્ય છે. તે જ્ઞાનાદિ ગુણો અને દેવાદિ પર્યાયોના આધારભૂત પણ છે. અને ત્રણે કાળે દેવાદિ અવસ્થાઓ બદલાવા છતાં "*જીવપણું*" બદલાતું નથી. જીવ એ જીવ મટીને જડ થતો નથી. તેથી જીવ એ ત્રણે કાળે એકરૂપ હોવાથી એક પ્રકારનું દ્રવ્ય છે. આ પ્રમાણે પુદ્ગલ, ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય આકાશાસ્તિકાયને વિષે પણ જાણવું. **गुणपर्यायवत्त्रिकालैकस्वरूपं द्रव्यम्** આવું સંસ્કૃત ભાષામાં દ્રવ્યનું લક્ષણ થયું.

*પ્રશ્ન*— આવા પદાર્થને "*દ્રવ્ય*" શબ્દથી સંબોધિત કેમ કર્યો ?

*ઉત્તર*— "દ્રવ્ય" શબ્દનો જે વ્યુત્પત્તિસિદ્ધ અર્થ છે તે અર્થ તે પદાર્થમાં લાગુ પડે છે. **द्रवति=पर्यायान् प्राप्नोति इति द्रव्यम्**=જે દ્રવીભૂત થાય અર્થાત્ નવા નવા પર્યાયોને (પરિવર્તનોને) જે પામે તે દ્રવ્ય. અથવા **द्रूयते प्राप्यते पर्यायैः यत् तद् द्रव्यम्**=પર્યાયો વડે જે પ્રાપ્ત કરાય તે દ્રવ્ય. જે દ્રવીભૂત થાય એટલે કે એક રૂપમાંથી બીજા રૂપમાં જે આવે. રૂપાન્તર થાય. અવસ્થાન્તર થાય તેનું નામ દ્રવ્ય કહેવાય છે. આ દ્રવ્ય પ્રતિસમયે નવા નવા પર્યાયો પામવા છતાં પોતાના મૂળભૂત જીવત્વ પુદ્ગલત્વ વિગેરે સ્વરૂપને ત્યજતો નથી. સદા પોતાના અસલી એક સ્વરૂપમાં જ વર્તે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**निज जातिं कहतां-पोतानी जातिं, जिम-ज्ञानादिगुणपर्यायनुं भाजन जीवद्रव्य, रूपादिक गुणपर्यायनुं भाजन पुद्‌गलद्रव्य.** આ સર્વે દ્રવ્યો નિજજાતિ કહેતાં પોતાની જાતિની અપેક્ષાએ સમજવાં. અર્થાત્ પોતાની મૂળભૂત જાતિની અપેક્ષાએ જીવ પુદ્‌ગલ આદિ છ દ્રવ્યો જાણવાં, પોત પોતાના ગુણ પર્યાયો, તે જ પોતાની જાતિ જાણવી. જીવના જ્ઞાનાદિગુણો અને તેની હાનિવૃદ્ધિરૂપ પર્યાયો, તે જ જીવત્વ જાતિ જાણવી. જીવત્વ જાતિવાળું જે દ્રવ્ય તે જીવદ્રવ્ય, પુદ્‌ગલત્વ જાતિવાળું જે દ્રવ્ય તે પુદ્‌ગલદ્રવ્ય. એમ મૂલભૂત ૬ દ્રવ્યો છે પરંતુ તેના ઉત્તરભેદની વિવક્ષાએ અનેક દ્રવ્યો છે. જેમ કે મનુષ્યપણું એ પણ વિવક્ષાથી દ્રવ્ય કહેવાય છે. તેવી રીતે બાલપણું એ પણ પર્યાય હોવા છતાં સ્તનંધયત્વાદિ પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય કહેવાય છે. આ જ રીતે મૂલભૂત જાતિની અપેક્ષાએ પુદ્‌ગલ દ્રવ્ય એક જ છે. પરંતુ ઉત્તરભેદની અપેક્ષાએ લોખંડ, સુવર્ણ, રૂપુ, તાંબુ પત્થર ઈત્યાદિ અનેકરૂપે પુદ્‌ગલ દ્રવ્ય છે. આ આપેક્ષિક દ્રવ્યો કહેવાય છે. મૂલભૂત દ્રવ્ય તો જીવ-પુદ્‌ગલ વિગેરે ૬ જ છે. અને તે પોતપોતાની જાતિની અપેક્ષાએ જાણવું. ઉપર સમજાવ્યા પ્રમાણે આપેક્ષિક દ્રવ્યો અનેક છે. આ *દ્રવ્યનું* લક્ષણ સમજાવ્યું હવે *જીવદ્રવ્ય* અને *પુદ્‌ગલદ્રવ્ય* કોને કહેવાય ? તે સમજાવે છે.

જ્ઞાનાદિગુણ-પર્યાયનું જે ભાજન તે જીવદ્રવ્ય કહેવાય છે જે દ્રવ્યમાં ચૈતન્ય નામનો ગુણ છે. અને તેની હાનિ-વૃદ્ધિ થવા રૂપ પર્યાયો જેમાં વર્તે છે તે જીવ દ્રવ્ય જાણવું. તથા રૂપાદિક ગુણપર્યાયનું જે ભાજન છે તે પુદ્‌ગલદ્રવ્ય કહેવાય છે. રૂપ-રસ-ગંધ અને સ્પર્શ આ ચાર ગુણોના આધારભૂત તથા રક્ત, નીલ, પીત, શ્વેત, કૃષ્ણ આદિ ઉત્તરભેદ રૂપ પર્યાયના આધારભૂત જે દ્રવ્ય છે. તે પુદ્‌ગલદ્રવ્ય જાણવું. જ્ઞાનાદિની હાનિ-વૃદ્ધિ એ જીવદ્રવ્યના ક્ષાયોપશમિકભાવના પર્યાય કહેવાય છે. અને દેવ-નારકાદિ જે ભવો છે. તે જીવદ્રવ્યના ઔદયિકભાવના પર્યાય કહેવાય છે. આ પ્રમાણે મૂલભૂત ૬ દ્રવ્યો જાણવાં.

**रक्तत्वादि-घटादि-गुणपर्यायनुं भाजन मृद्‌द्रव्य. तंतु, पटनी अपेक्षाइं द्रव्य. तंतु, ( स्व ) अवयवनी अपेक्षाइं पर्याय, जे माटे पटनइं विचालइं पटावस्थामध्यइं तंतुनो भेद नथी. तंतु अवयव अवस्थामध्यइं अन्यत्वरूप भेद छइ=**જીવ દ્રવ્યમાં મૂલજાતિની અપેક્ષાએ જેમ જીવદ્રવ્ય અને મનુષ્યપણુ-બાલપણું વિગેરે પર્યાય હોવા છતાં તેને આપેક્ષિકદ્રવ્ય કહેવાય છે. તેવી રીતે પુદ્‌ગલાસ્તિકાયમાં મૂલજાતિની અપેક્ષાએ "પુદ્‌ગલ" દ્રવ્ય છે. પરંતુ મૃદ્ અને તંતુ એ આપેક્ષિક દ્રવ્ય છે. તે આ પ્રમાણે– રક્તતા (કૃષ્ણતા) આદિ વર્ણાદિ ગુણો અને ઘટ (કપાલ) આદિ પર્યાયોના ભાજનભૂત જે દ્રવ્ય છે. તે મૃદ્‌દ્રવ્ય જાણવું. આ રીતે મૃદ્ (માટી) પણ રક્તત્વાદિ તથા ઘટાકારતા આદિ ગુણ-પર્યાયનું ભાજન હોવાથી દ્રવ્ય કહેવાય છે. તથા તંતુ પણ પટની અપેક્ષાએ પટપર્યાયના આધારભૂત હોવાથી દ્રવ્ય કહેવાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે અને તે જ તંતુ, પોતાના અવયવભૂત કપાસ રૂ. પુણી આદિની અપેક્ષાએ પર્યાય કહેવાય છે. કારણ કે પટની વિચારણાના કાળે એટલે કે તંતુઓમાંથી જ્યારે પટ બને છે. ત્યારે પટાત્મક અવસ્થા મધ્યે તંતુઓ તો તંતુરૂપે રહે જ છે. તંતુઓનું તંતુપણું કંઈ નાશ પામતું નથી કે બદલાતુ નથી જેમ સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ અને કપાલાદિ પર્યાયો બદલાવા છતાં મૃદદ્રવ્ય તો તેનુ તે જ રહે છે. તેવી રીતે પટાવસ્થામાં તંતુઓ તંતુરૂપે તેના તે જ રહે છે. તંતુઓનો ભેદ થતો નથી માટે પટપર્યાયની અપેક્ષાએ તંતુ એ તંતુ પણે અપરિવર્તનીય હોવાથી દ્રવ્ય છે. પરંતુ તે જ તંતુ સ્વઅવયવભૂત કપાસ-રૂ-પુણી વિગેરેમાંથી નિપજ્યા છે. બન્યા છે. અવસ્થા બદલાઈ છે. કપાસ અવસ્થા કે રૂ અવસ્થા હવે કહેવાતી નથી. તેથી કપાસ, રૂ, પુણી ઈત્યાદિ અવયવો તે દ્રવ્ય, અને તેમાંથી નિપજેલો તંતુ એ નવો અપૂર્વ પદાર્થ બન્યો, તેથી "અન્યત્વ" આવ્યું, આમ અન્યપણું પામવારૂપ ભેદ છે *તેથી કપાસાદિમાંથી બનેલો તંતુ પર્યાય કહેવાય છે.* સારાંશ કે પટની અપેક્ષાએ તંતુ એ દ્રવ્ય છે અને કપાસ રૂ આદિ પોતાના અવયવની અપેક્ષાએ તંતુ અવયવી રૂપ હોવાથી કાર્યરૂપે નીપજતો હોવાથી અન્યત્વરૂપ ભેદ થવાથી પર્યાય કહેવાય છે.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**તે माटइं पुद्गलमांहि द्रव्यपर्यायपणुं अपेक्षाइं जाणवुं. आत्म-तत्त्वविचारइं पणि-देवादिक आदिष्टद्रव्य, संसारिद्रव्यनी अपेक्षाइं पर्याय थाइं**=*અવસ્થાભેદ તે પર્યાય, અને અવસ્થાવાન તે દ્રવ્ય,* આ રીતે જોતાં સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ એ જુદી જુદી અવસ્થાઓ માટીની થાય છે. માટે માટી એ દ્રવ્ય. પરંતુ એ જ માટી પુદ્ગલાસ્તિકાયની અપેક્ષાએ પર્યાય કહેવાય છે. તથા તંતુ એ પટાપેક્ષાએ દ્રવ્ય છે. અને એ જ તંતુ, સ્વાવયવની અપેક્ષાએ પર્યાય છે. આમ જે આ દ્રવ્ય-પર્યાય છે તે ગુરુ-શિષ્ય, પિતા-પુત્રની જેમ પરસ્પર સંકળાયેલા સ્વરૂપવાળા છે. કોઈપણ એક સ્વરૂપમાં બીજાસ્વરૂપની, અને બીજા સ્વરૂપમાં પ્રથમના સ્વરૂપની અપેક્ષા લેવી જ પડે છે. શિષ્ય વિના ગુરુમાં ગુરુત્વ હોતુ નથી. પુત્ર વિના પિતામાં પિતૃત્વ હોતુ નથી. તેમ પર્યાયો વિના દ્રવ્યત્વ, કે દ્રવ્ય વિના પર્યાયત્વ સંભવતું નથી. તે માટે તંતુને દ્રવ્ય પણ કહ્યું અને પર્યાય પણ કહ્યું તેમ સમસ્ત પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં ઘટ-પટ આદિ જે દ્રવ્યો છે. તે સર્વને દ્રવ્ય પણ કહેવાય છે અને પર્યાયો પણ કહેવાય છે. તે સર્વ દ્રવ્યપર્યાયપણું આપેક્ષિક જાણવું એવી જ રીતે આત્મતત્ત્વની બાબતની વિચારણામાં પણ આપેક્ષિક દ્રવ્યપર્યાયપણું જાણવું. જેમ કે "સંસારી જીવ" એ દેવ-નરક-તિર્યંચ અને મનુષ્ય આદિ પર્યાયોની અપેક્ષાએ (આદિષ્ટ=) આદેશ (વિચારણા) કરવામાં આવે તો દેવાદિ અવસ્થાઓનો ભેદ છે પરંતુ સંસારિજીવતત્ત્વનો તે પર્યાયોમાં (અન્ય થવારૂપ) ભેદ થતો નથી માટે દેવાદિ અવસ્થાઓની અપેક્ષાએ "સંસારી જીવ" એ દ્રવ્ય છે. અને દેવાદિ અવસ્થાઓ એ પર્યાય છે. પરંતુ આત્મદ્રવ્યની બે અવસ્થા, એક સંસારિત્વ અને બીજી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સિદ્ધત્વ, આ પ્રમાણે સંસારિત્વને જીવની એક અવસ્થા સ્વરૂપે વિવક્ષા કરીએ ત્યારે "આત્મા" એ દ્રવ્ય, અને સંસારિત્વ અને સિદ્ધત્વ એ પર્યાય કહેવાય છે. આ રીતે જીવ અને પુદ્ગલમાં જીવત્વ અને પુદ્ગલત્વ એ મૂલભૂત દ્રવ્ય છે. તથા દેવાદિક (દેવ-મનુષ્ય-તિર્યંચ અને નારકી) આદિ પર્યાયો હોવા છતાં પણ તેના પોતાના ઉત્તરભેદોની અપેક્ષાએ આ દેવાદિક જે દ્રવ્ય છે. તે પણ સંસારિત્વની અપેક્ષાએ પર્યાય બને છે. અને તેના ઉત્તરભેદો જે જીવ-પુદ્ગલના પર્યાયો છે છતાં તે પણ સ્વપર્યાયની અપેક્ષાએ આપેક્ષિક દ્રવ્ય કહેવાય છે. તેથી જ ૬ દ્રવ્યોમાં જીવ-પુદ્ગલ નામનાં જે મૂલભૂત બે દ્રવ્યો છે. તે મૂલભૂત રીતે બે જ દ્રવ્ય હોવા છતાં વ્યવહારમાં સુવર્ણ-પીત્તળ-રૂપુ-ઘટ-પટ આદિ અનેક આપેક્ષિક દ્રવ્યો કહેવાય છે.

**कोइ कहस्यइं-जे इम द्रव्यत्व स्वाभाविक न थयुं. आपेक्षिक थयुं ॥** ઉપર જે સમજાવવામાં આવ્યું. તેમાં કોઈ શિષ્ય મનમાં શંકા લાવીને કદાચ આમ કહેશે (પુછશે) કે જો આમ જ હોય તો આ જીવ પુદ્ગલમાં જે દ્રવ્યપણું છે તે સ્વાભાવિક નથી એમ જ સિદ્ધ થયું. પરંતુ માત્ર અપેક્ષાકૃત જ દ્રવ્યપણું છે. એવો જ અર્થ થયો. અર્થાત્ મૂલભૂત સ્વરૂપે દ્રવ્યત્વ નથી, પરંતુ પરસ્પરની અપેક્ષાએ જ દ્રવ્યપણું છે એવો અર્થ થશે. જેમ બે ભાઈઓમાં નાનાપણું અને મોટાપણું આપેક્ષિક છે વસ્તુતઃ કોઈ નાનો નથી અને કોઈ મોટો નથી તેમ અહીં પણ થશે વાસ્તવિક દ્રવ્યત્વ રહેશે જ નહીં.

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

**तो कहइं जे- ''शबल वस्तुनो अपेक्षाईं ज व्यवहार होइ'' इहां दोष नथी. जे समवायिकारणत्व प्रमुख द्रव्यलक्षण मानइं छइं. तेहनइं पणिं अपेक्षा अवश्य अनुसरवी. ''कुणनुं समवायिकारण ?'' इम आकांक्षा होइ. तो कुणनुं द्रव्य ? ए अपेक्षा किम न होइ ?''** ઉપરના પ્રશ્નનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે "સઘળી વસ્તુઓનો જે કોઈ વ્યવહાર થાય છે તે સઘળો વ્યવહાર અપેક્ષાએ જ થાય છે. અપેક્ષા સ્વીકારવામાં કોઈ દોષ નથી. જગતનું સ્વરૂપ જ અપેક્ષાથી ભરેલું છે. સઘળાં દ્રવ્યોમાં જે દ્રવ્યપણું છે તે પોતપોતાના પર્યાયોની અપેક્ષાએ જ છે. જે વસ્તુ જેમ છે. તે વસ્તુને તેમ માનવામાં કહેવામાં સમજવામાં અને સમજાવવામાં યથાર્થવાદ છે. પરંતુ કોઈ દોષ લાગતો નથી."

જે જે દર્શનકારો અપેક્ષાવાદને (સ્યાદ્વાદને) નથી માનતા. તેઓને પણ ગર્ભિત રીતે અપેક્ષાવાદ સ્વીકારવો જ પડે છે. જેમ કે ન્યાય-વૈશેષિક દર્શનકારો દ્રવ્યનું લક્ષણ **समवायिकारणत्व** માને છે. તેને પણ અપેક્ષા અવશ્ય સ્વીકારવી જ પડે છે. દ્રવ્યના લક્ષણની બાબતમાં તેઓનું કહેવું એમ છે કે જો **"गुणवत्त्वं"** (ગુણવાળાપણું) આવું દ્રવ્યનું લક્ષણ કરીએ તો અવ્યાપ્તિદોષ આવે. કારણકે સર્વે દ્રવ્યોમાં ઉત્પત્તિના પ્રથમ

સમયે તેઓના મતે ગુણો હોતા નથી. બીજા સમયથી ગુણો આવે છે. કારણકે ગુણ-પર્યાયો એ કાર્ય છે. અને દ્રવ્ય એ કારણ છે. કાર્ય નિયતપૂર્વવૃત્તિ હોય તે જ કારણ બને છે. માટે દ્રવ્ય પ્રથમ સમયમાં નિર્ગુણ-નિષ્ક્રિય હોય છે. તથા ગુણો આધેય છે અને દ્રવ્ય આધાર છે. તેથી પ્રથમ આધાર આવે. પછી જ અંદર આધેય આવે. જેમ ઘટમાં જલ. તેથી **उत्पन्नक्षणावच्छिन्नं द्रव्यं निर्गुणं निष्क्रियं** "એટલે પ્રથમસમયવર્તી દ્રવ્યમાં આ ગુણવત્વ લક્ષણ સંભવતું નથી, માટે અવ્યાપ્તિ થાય છે. "**द्रव्यत्वजातिमत्त्वं**" આવું જો દ્રવ્યનું લક્ષણ કરીએ તો અન્યોન્યાશ્રય દોષ આવે છે. દ્રવ્યનું લક્ષણ પુછનારો માણસ દ્રવ્યને જાણતો નથી તેથી દ્રવ્યત્વજાતિને પણ જાણશે નહીં અને જાતિને જાણ્યા વિના આ લક્ષણ કરવા છતાં દ્રવ્યને જાણશે નહીં. માટે દ્રવ્યના જ્ઞાન વિના દ્રવ્યત્વનું જ્ઞાન ન થાય. અને દ્રવ્યત્વના જ્ઞાન વિના દ્રવ્યનું જ્ઞાન ન થાય. એમ અન્યોન્યાશ્રય દોષ આવે છે. તેથી "**समवायिकारणत्व**" લક્ષણ બરાબર છે. એમ તેઓ કહે છે. સમવાયિકારણ એટલે ગુણો-અને પર્યાયો પ્રગટ થવામાં મૂલભૂત કારણ. સમવાય સંબંધથી (નિત્યસંબંધથી) ગુણો જેમાં રહેલા છે તે દ્રવ્ય કહેવાય છે. આ લક્ષણ દોષ વિનાનું છે. કારણકે સમવાયિકારણ દ્રવ્ય જ બને છે. આમ, નૈયાયિક વૈશેષિકોનું કહેવું છે.

ગ્રંથકારશ્રી કહે છે કે આવું દ્રવ્યનું લક્ષણ કરનારા એવા તેઓને પણ *અપેક્ષાવાદ* તો સ્વીકારવો જ પડે છે માટી એ સમવાયિકારણ છે પરંતુ કોનુ સમવાયિકારણ ? આમ જાણવાની આકાંક્ષા (અભિલાષા) અવશ્ય થાય જ છે. માટી એ ઘટનું જ સમવાયિકારણ છે એમ તેઓ કહે છે પરંતુ પટનું સમવાયિકારણ નથી. તથા તંતુ એ પટનું જ સમવાયિકારણ છે, પણ ઘટનું સમવાયિકારણ નથી. એટલે "સમવાયિકારણ" આવું દ્રવ્યનું લક્ષણ માનનાર નૈયાયિક વૈશેષિકોને પણ છેવટે અપેક્ષાવાદ સ્વીકારવો જ પડે છે. તો પછી મૃદ્ અને તંતુ કોનું દ્રવ્ય છે ? એવી અપેક્ષા કેમ ન હોય ? અર્થાત્ હોય જ. મૃદ્ એ ઘટની અપેક્ષાએ દ્રવ્ય છે. અને તંતુ એ પટની અપેક્ષાએ દ્રવ્ય છે. તેથી આપેક્ષિકદ્રવ્ય માનવામાં કંઈ દોષ નથી.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

પૂજ્ય વાચકપ્રવર ઉમાસ્વાતિજી મ.શ્રીએ તત્ત્વાર્થાધિગમસૂત્રમાં પણ દ્રવ્યનું લક્ષણ આ પ્રમાણે જ કર્યું છે. **गुणपर्यायवद् द्रव्यम्** (અધ્યાય ૫, સૂત્ર ૩૭). **ए जिनवाणी रंगइं-विश्वासइं मनमांहि धरिइं** = આ પ્રમાણે જિનેશ્વર પરમાત્માની આ વાણી છે. તે વાણીને અત્યન્ત રંગેરંગે ઉલ્લાસ પૂર્વક ઘણા બહુમાન અને વિશ્વાસ સાથે મનમાં ધારણ કરીએ. કારણ કે આ વાણી સામાન્ય નથી. દોષમુક્ત-પૂર્વાપર અવિરુદ્ધ-લોકોત્તર વાણી છે. તેના પ્રણેતા વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર પ્રભુ હોવાથી પરિપૂર્ણ પણે શ્રદ્ધેય છે. ॥૧૦॥

**ધરમ કહીજઈ ગુણ-સહભાવી, ક્રમભાવી પર્યાયો રે ।**
**ભિન્ન અભિન્ન ત્રિવિધ ત્રિયલક્ષણ, એક પદારથ પાયો રે ॥**
**શ્રી જિનવાણી રંગઈ મનિ ધરિઈં ॥૨-૨॥**

*ગાથાર્થ*– જે સહભાવી ધર્મ તે ગુણ કહેવાય છે. અને જે ક્રમભાવી ધર્મ તે પર્યાય કહેવાય છે. આ ગુણ અને પર્યાયો દ્રવ્યથી ભિન્નાભિન્ન છે. દરેક પદાર્થો દ્રવ્ય ગુણ અને પર્યાય એમ ત્રિવિધ છે. તથા ઉત્પાદ-વ્યય-ધ્રુવ એમ ત્રણ લક્ષણોથી યુક્ત છે. જગતમાં રહેલા એક એક પદાર્થો આવા છે. ॥૨-૨॥

**ટબો– સહભાવી કહતાં- યાવદ્દ્રવ્યભાવી જે ધર્મ, તે ગુણ કહિઇં, "જિમ જીવનો ઉપયોગ ગુણ, પુદ્‌ગલનો ગ્રહણ ગુણ, ધર્માસ્તિકાયનો ગતિહેતુત્વ, અધર્માસ્તિકાયનો સ્થિતિહેતુત્વ, આકાશનો અવગાહના હેતુત્વ, કાલનો વર્તના હેતુત્વ." "ક્રમભાવી કહતાં અયાવદ્દ્રવ્યભાવી, તે પર્યાયકહિઇં. જિમ-જીવનઈં નર-નારકાદિક, પુદ્‌ગલનઈં રૂપરસાદિક પરાવૃત્તિ." ઇમ દ્રવ્યાદિક ૩ ભિન્ન છઇં-લક્ષણથી, અભિન્ન છઇં-પ્રદેશના અવિભાગથી, ત્રિવિધ છઇં, નવવિધ ઉપચારઇં, એક એકમાં ૩ ભેદ આવઇં તેહથી, તથા ત્રિલક્ષણ-ઉત્પાદ વ્યય-ધ્રૌવ્ય સ્વરૂપ છઇં. એહવો એક પદાર્થ જૈન પ્રમાણઇં પામ્યો એ દ્વારરૂપ પદ જાણવાં. ॥૨-૨॥**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

*વિવેચન*– પ્રથમ ગાથામાં દ્રવ્યનું લક્ષણ કરીને આ ગાથામાં પ્રથમ ગુણનું અને પછી પર્યાયનું લક્ષણ બાંધીને ત્યારબાદ આ ગ્રંથમાં કહેવા યોગ્ય દ્વારો સમજાવે છે.

**सहभावी कहतां-यावद्द्रव्यभावी जे धर्म, ते गुण कहिइं** = પદાર્થોમાં જે *સહભાવી* ધર્મ છે. તે ગુણ કહેવાય છે. સહભાવી કહેતાં યાવદ્ દ્રવ્યભાવી ધર્મ સમજવો. એટલે કે દ્રવ્યની સાથે રહેનારો ધર્મ. અર્થાત્ "જ્યાં સુધી દ્રવ્ય રહે ત્યાં સુધી તેની સાથે રહેનારો જે ધર્મ" તે ગુણ કહેવાય છે.

**जिम-जीवनो उपयोगगुण, पुद्गलनो ग्रहणगुण, धर्मास्तिकायनो गतिहेतुत्व, अधर्मास्तिकायनो स्थितिहेतुत्व, आकाशनो अवगाहनाहेतुत्व, कालनो वर्तनाहेतुत्व.** જેમ કે જીવનો ગુણ ઉપયોગ. પુદ્‌ગલનો ગુણ પુરણ-ગલન અર્થાત્ ગ્રહણ-મોચન, ધર્માસ્તિકાયનો ગુણ ગતિમાં સહાયકતા સ્વરૂપ ગતિહેતુતા, અધર્માસ્તિકાયનો સ્થિતિમાં સહાયકતા સ્વરૂપ સ્થિતિહેતુતા, આકાશાસ્તિકાયમાં અવગાહનામાં સહાયકતા સ્વરૂપ અવગાહનાહેતુતા, અને કાલદ્રવ્યનો ગુણ વર્તનામાં હેતુતા થવી તે છે. છ એ દ્રવ્યોના ગુણો ભિન્ન ભિન્ન છે અને ગુણો તે તે દ્રવ્યની સાથે સહભાવી છે યાવદ્દ્રવ્યભાવી છે. તે તે દ્રવ્ય આ સંસારમાં જ્યાં

સુધી રહેશે ત્યાં સુધી તે તે ગુણો તે તે દ્રવ્યમાં રહેનાર છે. તેથી તેને ગુણો કહેવાય છે. તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં ગુણનું લક્ષણ "द्रव्याश्रया निर्गुणा गुणाः" આવું કરેલું છે. જે દ્રવ્યના આશ્રયે વર્તે અને સ્વયં પોતે નિર્ગુણ હોય અર્થાત્ જેમાં પોતાનામાં ગુણો ન રહે તે ગુણ કહેવાય છે.

**क्रमभावी कहतां-अयावद्द्रव्यभावी, ते पर्याय कहिइं, जिम-जीवनइं नरनारकादिक, पुद्गलनइं रूपरसादिकपरावृत्ति.** જે જે ક્રમભાવી ધર્મો છે. અર્થાત્ એક પછી એક ધર્મ આવે છે. જ્યાં સુધી દ્રવ્ય રહે ત્યાં સુધી સદા જે ધર્મો રહેતા નથી. વારાફરતી બદલાયા કરે છે તે પર્યાય કહેવાય છે. જેમકે જીવમાં મનુષ્ય-નારક-તિર્યંચ દેવપણુ ઇત્યાદિ. પુદ્ગલ દ્રવ્યમાં રૂપ રસ ગંધ અને સ્પર્શ આદિ ચારેનો બદલો થવો તે પર્યાય. જેમ કે કાળુ-ધોળુ-નીલુ-પીળુ-શ્વેત વિગેરે રૂપો વારાફરતી બદલાય છે. માટે તે પર્યાય કહેવાય છે. તેવી જ રીતે રસના ઉત્તરભેદોની પરાવૃત્તિ વિગેરેને પર્યાયો કહેવાય છે. તથા ધર્મ-અધર્મ અને આકાશ દ્રવ્યમાં ગમનાગમન કરનારાં, સ્થિર રહેનારાં અને નિયતક્ષેત્રે અવગાહના લેનારાં દ્રવ્યો જેમ જેમ બદલાય છે. તેમ તેમ આ ત્રણે દ્રવ્યોમાં સહાય લેનારાં ભિન્ન ભિન્ન દ્રવ્યોને આશ્રયી ગતિ-સ્થિતિ અવગાહના આપવાનો ધર્મ પણ બદલાય છે. તે તેના પર્યાયો જાણવા. એ જ રીતે કાલદ્રવ્યમાં જીવ-પુદ્ગલાદિ દ્રવ્યના વિવક્ષિત તે તે પર્યાયો જેમ બદલાય છે. તેમ તે તે પર્યાયની વર્તના પણ બદલાય છે. આ કાલદ્રવ્યના પર્યાય જાણવા.

JAINSITE.com जैनम् जयति शासनम्

**इम द्रव्यादिक ३ भिन्न छइ-लक्षणथी, अभिन्न छइ-प्रदेशना अविभागथी. त्रिविध छइ-नवविध उपचारइं. एक एकमां ३ आवइं-तेहथी.** = આ પ્રમાણે દ્રવ્ય-ગુણ અને પર્યાય આ ત્રણે પરસ્પર ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે. લક્ષણોની દૃષ્ટિએ ભિન્ન છે. અને એક પ્રદેશના અવિભાગથી (એક ક્ષેત્રાવગાહિપણાથી) અભિન્ન છે. દ્રવ્યનું લક્ષણ **गुणपर्यायवत्** છે. ગુણનું લક્ષણ **सहभावित्व** છે. અને પર્યાયનું લક્ષણ **क्रमभावित्व** છે. આમ, ત્રણેનાં પોતપોતાનાં લક્ષણો ભિન્ન ભિન્ન છે. તેથી આ ત્રણે કથંચિદ્ ભિન્ન છે તથા જે આકાશપ્રદેશોમાં દ્રવ્ય વર્તે છે, તે જ આકાશપ્રદેશોમાં ગુણો અને પર્યાયો વર્તે છે. ત્રણેને રહેવાનું ક્ષેત્ર-પ્રદેશ જે છે તેનો વિભાગ (ભેદ) નથી અર્થાત્ આ ત્રણે એક ક્ષેત્રાવગાહી છે. તેથી કથંચિદ્ અભિન્ન પણ છે.

આ રીતે દ્રવ્ય ગુણ અને પર્યાય સ્વલક્ષણથી ભિન્ન છે. એકક્ષેત્રાવગાહીપણાથી અભિન્ન છે. એટલે કે કથંચિદ્ભિન્ન છે. અને કથંચિદ્ અભિન્ન છે. આ બન્ને હોવાથી કથંચિદ ભિન્નાભિન્ન છે. એમ સિદ્ધ થયું. ૧ કથંચિદ્ભિન્નત્વ ૨ કથંચિદ્ અભિન્નત્વ, અને ૩ કથંચિદ્ભિન્નાભિન્નત્વ આમ *ત્રિવિધ* છે. તથા વળી દ્રવ્ય-ગુણ અને પર્યાય આમ પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રણ પ્રકાર છે. તેને પરસ્પર ગુણવાથી નવવિધ પણ ઉપચારે થાય છે. ૧ ગુણ પર્યાયથી દ્રવ્ય કથંચિદ્ ભિન્ન, ૨ કથંચિદ્ અભિન્ન અને ૩ કથંચિદ્ભિન્નાભિન્ન છે. તથા દ્રવ્યપર્યાયથી ગુણ ૪ કથંચિદ્ભિન્ન, ૫ કથંચિદ્અભિન્ન, ૬ કથંચિદ્ભિન્નાભિન્ન છે. તથા દ્રવ્યગુણથી પર્યાય ૭ કથંચિદ્ભિન્ન, કથંચિદ્ અભિન્ન અને કથંચિદ્ ભિન્નાભિન્ન છે. આમ નવવિધ પણ થાય છે.

અથવા સંસારવર્તી એકે એક પદાર્થ દ્રવ્યાત્મક પણ છે. ગુણાત્મક પણ છે. અને પર્યાયાત્મક પણ છે. આમ ત્રિવિધ છે. તથા દ્રવ્યમાં દ્રવ્યનો આરોપ, દ્રવ્યમાં ગુણનો આરોપ અને દ્રવ્યમાં પર્યાયનો આરોપ એવી જ રીતે ગુણમાં દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો આરોપ, તથા પર્યાયમાં દ્રવ્યનો, ગુણનો અને પર્યાયનો આરોપ આમ પણ ઉપચારે નવવિધ થાય છે. જેમ કે જીવદ્રવ્ય શરીર સાથે ભળ્યું છતું જૈનાગમોમાં જીવને પુદ્ગલ પણ (જડ પણ) કહ્યો છે. (આ રાસની ઢાળ ૭મી ગાથા ૬ઠ્ઠી). તથા જીવ, અરૂપી હોવા છતાં શરીર સાથે ભળ્યો છતો ઉપચારે રૂપી પણ કહેવાય છે. તેવી જ રીતે શરીર સાથે ભળ્યો છતો પાંચ-છ ફુટની ઉંચાઈ, એક-દોઢ ફુટની પહોળાઈ, અને અડધા ફુટની કે એકફુટની જાડાઈ, અવા પ્રકારના સંસ્થાન રૂપ પર્યાયવાળો પણ કહેવાય છે આ રીતે જીવદ્રવ્યમાં પુદ્ગલદ્રવ્યનો, પુદ્ગલના ગુણોનો, અને પુદ્ગલના પર્યાયોનો ઉપચાર કરવાથી દ્રવ્યના ત્રણ ભેદ થયા તેવી જ રીતે ગુણમાં પણ દ્રવ્યાદિ ત્રણનો, અને પર્યાયમાં પણ દ્રવ્યાદિ ત્રણનો ઉપચાર કરી શકાય છે. જેથી ઉપચારે નવવિધ પદાર્થ પણ સિદ્ધ થાય છે. (વિશેષ ઉદાહરણો ૭મી ઢાળની ગાથા ૬ થી ૧૧માં અર્થાત્ ગાથા ૯૫ થી ૧૦૦માં જુઓ) આ રીતે એક એકમાં ત્રણ ત્રણ ભેદ આવે છે. તેથી નવભેદો પણ ઉપચારે થાય છે.

**तथा त्रिलक्षण-उत्पाद-व्यय-ध्रौव्य स्वरूप छइ. एहवो एक पदार्थ जैन प्रमाणइं पाम्यो. ए द्वार रूप पद जाणवां** = તથા સર્વ પદાર્થો ઉત્તર સમયવર્તી પર્યાયની અપેક્ષાએ ઉત્પાદવાળા, પૂર્વ સમયવર્તી પર્યાયની અપેક્ષાએ વ્યયવાળા અને દ્રવ્યની અપેક્ષાએ ધ્રુવતાવાળા છે. આમ, એકે એક પદાર્થનું ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યાત્મક સ્વરૂપ છે. આવો (એકે) એક પદાર્થ છે પોત-પોતાના ગુણ-પર્યાયથી ભિન્નાભિન્ન છે. ત્રિવિધ પણ છે. ઉપચારે નવવિધ પણ છે. અને ત્રણે લક્ષણોથી યુક્ત પણ છે. આવો એક એક પદાર્થ છે એમ જૈનદર્શન જણાવે છે. અને તે જ પ્રમાણે પ્રત્યક્ષ-અનુમાન આદિ પ્રમાણોથી સિદ્ધ પણ થાય છે. આ ગાથાનાં આ સર્વે પદો દ્વારરૂપ સમજવાં. એટલે કે આ રાસમાં (૧) દ્રવ્ય-ગુણ-પર્યાયોનો પરસ્પર ભેદ-અભેદ સમજાવાશે. (૨) દ્રવ્ય-ગુણ-પર્યાય (ના ભેદ-પ્રતિભેદો) સમજાવાશે. અને (૩) ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય એમ ત્રણ લક્ષણો સમજાવાશે આ ગ્રંથમાં શું સમજાવાશે ? તે જણાવવા આ દ્વારોનું પ્રતિપાદન કર્યું છે. એમ જાણવું. ॥૧૧॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**જિમ મોતી ઉજ્જવલતાદિકથી, મોતીમાલા અલગી રે ।**
**ગુણ-પર્યાયવ્યક્તિથી જાણો, દ્રવ્યશક્તિ તિમ વલગી રે ॥**
**જિનવાણી રંગઈં મનિં ધરિઈં ॥૨-૩॥**

*ગાથાર્થ—* મોતીથી અને ઉજ્જવલતાદિથી જેમ મોતીની માલા કથંચિદ્ અળગી (ભિન્ન) છે તેવી જ રીતે ગુણ અને પર્યાયાત્મક વ્યક્તિઓથી દ્રવ્યની શક્તિ કથંચિદ્ અળગી (ભિન્ન) જાણવી. છતાં એક પ્રદેશાવગાહ સંબંધે અભિન્ન પણ છે. અર્થાત્ વળગેલી છે. ચોંટેલી પણ છે. ॥૨-૩॥

**ટબો— તિહાં પ્રથમ એ ઢાલમાંહિ દ્રવ્ય-ગુણ પર્યાયનો ભેદ યુક્તિ દેખાડઈં છઈં જિમ-મોતીની માલા, મોતી-થકી તથા મોતીના ઉજ્જ્વલતાદિક ધર્મથી અળગી છઈ. તિમ દ્રવ્યશક્તિ ગુણ-પર્યાયવ્યક્તિથી અળગી છઈ. તથા એક પ્રદેશ સંબંધઈં વલગી છઈ. ઈમ જાણો. મોતી પર્યાયનઈં ઠામિં. ઉજ્જ્વલતાદિક ગુણનઈં ઠામિ, માલા દ્રવ્યનઈં ઠામિ, ઇમ દૃષ્ટાન્ત જોડવો. ઘટાદિ દ્રવ્ય પ્રત્યક્ષ પ્રમાણઇં સામાન્યવિશેષરૂપ અનુભવિઇં છઇં. તે સામાન્ય ઉપયોગઇં મૃત્તિકાદિ સામાન્ય જ ભાસઈ છઈ. વિશેષ ઉપયોગઇં ઘટાદિ વિશેષ જ ભાસઇં છઇં. તિહાં સામાન્ય તે દ્રવ્યરૂપ જાણવું. વિશેષ, તે ગુણ-પર્યાય રૂપ જાણવાં. ॥૨-૩॥**

JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

*વિવેચન—* तिहां प्रथम ए ढालमांहिं द्रव्य-गुण-पर्यायनो भेद-युक्ति देखाडइ छइ = ત્યાં હવે સૌથી પ્રથમ આ બીજી ઢાળની અંદર દ્રવ્ય-ગુણ અને પર્યાયનો જે અપેક્ષાએ ભેદ છે. તે ભેદની યુક્તિ દેખાડે છે. હવે પ્રથમ ભેદ દ્વાર સમજાવવાની શરૂઆત કરે છે. યુક્તિપૂર્વક ભેદ સિદ્ધ કરે છે.

**जिम-मोतीनी माला, मोती-थकी तथा उज्वलतादिक धर्मथी अलगी छइं. तिम द्रव्यशक्ति गुण-पर्यायव्यक्तिथी अलगी छइ. तथा एकप्रदेशसंबंधइं वलगी छइं. इम जाणो** = જેમ મોતીની એક માળાનું ઉદાહરણ લઈએ. જે મોતીની માળા છે. તે માળા, મોતીના મણકાથી અને મોતીઓમાં રહેલી ઉજ્જ્વલતાદિક ધર્મોથી કંઈક અળગી (ભિન્ન) છે. ૧૦૮ દાણા (મણકા) બરાબર દોરામાં પરોવાઈને જે પદાર્થ બને છે તેને માળા કહેવાય છે. એક એક છુટા છુટા જે દાણા (મણકા) હોય છે. તે મોતી કહેવાય છે. અને તે મણકામાં જે ઉજ્જ્વલતા, વર્તુલાકારાદિ ધર્મો છે. તે તેના ગુણો છે. જો મણકા એ જ માળા હોત તો એક એક મણકાને પણ માળા કહેવાત. અથવા પ્યાલામાં ભેગા કરેલા અને દોરામાં ન પરોવાયેલા ૧૦૮ મણકાને પણ માળા કહેવાત. પરંતુ એમ કહેવાતું નથી. તેથી મણકા માત્ર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે માળા નથી. મણકાઓનું વ્યવસ્થિત ગોઠવાયેલું જે વિશિષ્ટ સ્વરૂપ તે માળા છે. તેથી મણકાથી માળા કંઈક ભિન્ન છે. (માળા એવી એકાન્ત ભિન્ન નથી કે માળા એક બાજુ હોય અને મણકા બીજી બાજુ હોય. પરંતુ કથંચિદ્ ભિન્ન છે.) તેવી જ રીતે ઉજ્વલતા-વર્તુલાકારતા ઈત્યાદિ જે ગુણો છે. અર્થાત્ ધર્મો છે. અને મોતીની માળા એ ધર્મી છે. તેથી આધાર આધેય ભાવ હોવાથી ઉજ્જ્વળતા અને માળા પણ એવી જ રીતે કંઈક ભિન્ન છે. આ રીતે જેમ માળા-મોતી-ઉજ્જ્વળતાદિક. આ ત્રણે પરસ્પર કંઈક ભિન્ન છે. તેમ દ્રવ્યાત્મકશક્તિ પણ ગુણ-પર્યાયાત્મક વ્યક્તિઓથી કંઈક ભિન્ન છે. (અળગી છે.) જેમ મૃદ્ દ્રવ્ય છે. શ્યામતા અને રક્તતા એ ગુણ છે. તથા ઘટ-કપાલાદિ આકારતા એ પર્યાય છે. અહીં મૃદ્દ્રવ્ય શ્યામતાદિ ગુણથી અને ઘટાકારાદિ પર્યાયથી કંઈક અળગું છે (ભિન્ન છે.) શ્યામાદિ ગુણો આધેય છે. માટી આધાર છે. માટે ભિન્ન છે. ઘટાકારાદિ પર્યાયો નાશ પામે છે. પરંતુ માટી નાશ પામતી નથી માટે ભિન્ન છે. આ રીતે સર્વ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયાત્મક વ્યક્તિઓથી (ધર્મોથી) કથંચિદ્ (અળગાં) ભિન્ન છે. છતાં તે ત્રણને કોઈ એકાન્ત ભિન્ન ન સમજે તે માટે કહે છે કે એકપ્રદેશના સંબંધે વળગેલી છે. જ્યાં મોતીની માળા છે ત્યાં જ મોતી છે. અને ત્યાં જ ઉજ્જ્વલતા છે. એવી રીતે જ્યાં માટી દ્રવ્ય છે. ત્યાં જ શ્યામતાદિ ગુણો છે અને ત્યાં જ ઘટાકારાદિ પર્યાય છે. આ રીતે એક પ્રદેશના સંબંધથી (અર્થાત્ એક જ ક્ષેત્રમાં અવગાહીને રહેવા પણે) આ ત્રણે પરસ્પર વળગેલા છે. ચોંટેલા છે. એકમેક થયેલા છે. અર્થાત્ કથંચિદ્ અભિન્ન પણ છે. આમ જાણો. અહીં ગ્રંથકારશ્રી ''वलगी'' શબ્દ મૂળ ગાથામાં વાપરીને એમ સૂચવે છે કે જેમ કપડાને મેલ વળગેલો હોય, ઘડાને ધૂળ વળગેલી હોય, કોઈ માણસને ભૂત વળગેલુ હોય, એક કાગળને બીજો કાગળ ચોંટેલો હોય ત્યાં બધે એકમેક હોવા છતાં પણ બે વસ્તુનો સ્પષ્ટ ભેદ છે. તેવી જ રીતે ''વળગેલી છે.'' એનો અર્થ જ એ છે કે બે વસ્તુ ભિન્ન ભિન્ન પણ છે અને પરસ્પર એકમેક થયેલી પણ છે. તેમ અહીં દ્રવ્યશક્તિ ગુણ-પર્યાયોને વળગેલી છે. એટલે કે અભિન્ન પણ છે. પરંતુ એકાન્ત અભિન્ન નથી. અર્થાત્ કથંચિદ્ ભિન્ન પણ છે. એમ જાણો.

**मोती पर्यायनइं ठामिं, उज्ज्वलतादिक गुणनइं ठामि, माला द्रव्यनइं ठामि, इम दृष्टान्त जोडवो.** = ઉપરના ઉદાહરણમાં જે મોતીના દાણા છે તે પર્યાયના સ્થાને સમજવા, ઉજ્જ્વલતાદિ જે ધર્મો છે તે ગુણના સ્થાને સમજવા. અને મોતીની જે માલા છે તે દ્રવ્યના સ્થાને સમજવી. આ પ્રમાણે આ દૃષ્ટાન્ત દ્રવ્ય-ગુણ-પર્યાયમાં જોડવું. મોતીના દાણા વારાફરતી બદલાય છે. જેમ જેમ માળા ગણો. તેમ તેમ મણકા અંગુઠા ઉપરથી બદલાતા રહે છે. પરંતુ માળા તેની તે જ રહે છે. તેની જેમ પર્યાયો બદલાતા રહે છે. પરંતુ દ્રવ્ય તો તેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે જ રહે છે. તેથી મોતી એ પર્યાય છે. અને માલા એ દ્રવ્ય છે. તથા ઉજ્જવલતા-વર્તુલાકાર આદિ માળાના ગુણો છે. આ પ્રમાણે ઉદાહરણ જાણવું. કારણ કે મોતીની માળામાં ઉજ્જવલતા અને વર્તુલાકાર આદિ ધર્મો સદા વર્તે છે. તેથી આધાર-આધેય ભાવ હોવાથી અને સહભાવિત્વ લક્ષણ ઘટતું હોવાથી ઉજ્જવલતાદિ ગુણો છે.

આ પ્રમાણે આ માળાનું ઉદાહરણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદને સમજાવનારૂં જાણવું.

ગ્રંથકારશ્રીએ ટબામાં સ્પષ્ટ લખ્યું છે કે માળા એ દ્રવ્ય, મોતી એ પર્યાય અને ઉજ્જ્વળતા આદિ ગુણ છે, આમ ઉદાહરણ જોડવું. કોઈ પણ પદાર્થનું સ્વરૂપ બે રીતે જોવાય છે એક સામાન્યથી અને બીજું વિશેષથી. આ બે ભાવો પદાર્થના સ્વરૂપની વિચારણામાં અવશ્ય હોય છે. ત્યાં જે સામાન્યની વિચારણા છે. તે દ્રવ્યપણાને જણાવે છે. અને વિશેષપણાની જે વિચારણા છે. તે ગુણપર્યાયને જણાવે છે કડુ-કુંડલમાં સુવર્ણ તેનું તે છે આવી જે સામાન્યપણાની દૃષ્ટિ છે તે દ્રવ્યત્વને સૂચવે છે. અને ઉજ્જવલતા-મલીનતા તથા કડુ-કુંડલ આદિ આકારરૂપે જે ભાવો દેખાય છે. તે વિશેષપણાની દૃષ્ટિ ગુણ-પર્યાયને સૂચવે છે. સામાન્ય તરફની દૃષ્ટિથી દ્રવ્ય, અને વિશેષ તરફની દૃષ્ટિથી ગુણ-પર્યાય જણાય છે.

અહીં મોતીને વિશેષ તરીકે અને માળાને સામાન્ય તરીકે વિવક્ષીને ગ્રંથકારે આ ઉદાહરણ આપ્યું છે. (જોડવાનું કહ્યું છે.) ક્રમશઃ ૧૦૮ મોતીના મણકા બદલાતા રહે છે અને માળા તેની તે જ રહે છે. માટે મોતી વિશેષ છે અને માળા સામાન્ય છે અથવા અનેક પદાર્થોની બનેલી અનેક માળાઓ જ્યાં પડી હોય ત્યાં માળાપણુ દરેક માળામાં સમાન છે સામાન્ય છે તેથી તે દ્રવ્ય કહેવાય છે. અને આ માળા મોતીની છે. આ માળા સુતરની છે. આ માળા ચાંદીની છે. ઈત્યાદિ રૂપે મોતી, સુતર અને ચાંદી વિશેષિત છે તેથી તે પર્યાય છે. અને ઉજ્જવલતાદિ ગુણ છે આ રીતે આ દૃષ્ટાન્ત સમજાવાયું છે. અહીં જો વિવક્ષા બદલીએ તો મોતી દ્રવ્ય અને માળા પર્યાય પણ થઈ શકે છે. જેમ કે મોતીનાં જ બનેલાં સેંકડો આભૂષણો હોય જેમકે માળા, કડુ-કુંડલ-કેયુર, કંદોરો ઈત્યાદિ તે સર્વ આભૂષણો મોતીનાં જ બનેલાં હોવાથી "મોતી" એ સામાન્ય છે તેથી તે દ્રવ્ય છે અને આ માળા છે. આ કડુ છે. આ કુંડલ છે. આ કંદોરો છે. ઈત્યાદિ ભાવે અલંકારો એ વિશેષિત છે. તેથી માળા આદિ પર્યાય થાય છે. આ રીતે વિચારતાં ધ્રુવ તરફની જે દૃષ્ટિ, એનો એજ આ પદાર્થ છે આવી જે દૃષ્ટિ, સામાન્ય રૂપે જે દૃષ્ટિ, એકીકરણ તરફની જે દૃષ્ટિ છે. તે દૃષ્ટિને કરાવનારી જે શક્તિ તે સઘળી દ્રવ્યત્વશક્તિ છે. અને ઉત્પાદ-વ્યય તરફની જે દૃષ્ટિ, પ્રતિસમયે પદાર્થ ભિન્ન ભિન્ન છે આવી જે દૃષ્ટિ, વિશેષ વિશેષ રૂપની જે દૃષ્ટિ, પૃથક્કરણ કરવાવાળી જે દૃષ્ટિ, આવી દૃષ્ટિને કરાવનારા જે ધર્મો તે સર્વે ગુણ-પર્યાયો છે. આમ તત્ત્વ જાણવું.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**घटादि द्रव्य प्रत्यक्ष प्रमाणइं सामान्यविशेष रूप अनुभविइं छइं ते सामान्य उपयोगइं मृत्तिकादि सामान्य ज भासइं छइं, विशेष उपयोगइं घटादि विशेष ज भासइं छइं, तिहां सामान्य, ते द्रव्यरूप जाणवुं, विशेष, ते गुणपर्याय रूप जाणवां ॥३॥**

દ્રવ્ય ગુણ પર્યાય આ ત્રણ ભાવો તથા તે ત્રણનો પરસ્પર ભેદ ઘટના ઉદાહરણથી પણ ગ્રંથકારશ્રી સમજાવે છે. કે ઘટ-પટ આદિ જે પદાર્થો છે. તે ચાક્ષુષ પ્રત્યક્ષપ્રમાણ વડે "સામાન્ય વિશેષ" એમ ઉભયરૂપે અનુભવાય જ છે. ઘટ-પટ-મઠ-જીવ આદિ કોઈ પણ ઈન્દ્રિય ગ્રાહ્ય પદાર્થો ઈન્દ્રિય પ્રત્યક્ષ વડે, અને અતીન્દ્રિય પદાર્થો અતીન્દ્રિય પ્રમાણ વડે સામાન્યાત્મક પણ જણાય છે અને વિશેષ રૂપે પણ જણાય જ છે. દ્રવ્ય સ્વરૂપે જોઈએ તો સામાન્યાત્મક જણાય છે. અને ગુણપર્યાય સ્વરૂપે જોઈએ તો વિશેષાત્મક પણ જણાય છે. ત્યાં જ્યારે "સામાન્ય ઉપયોગે" જોઈએ ત્યારે પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આદિ ભિન્ન ભિન્ન પયાર્યો બદલાવા છતાં પણ માટી જ દેખાય છે. તે સર્વે પર્યાયોમાં "માટી પણું" તો છે છે અને છે જ. માટી તો તેની તે જ છે. મૃત્તિકાદિ સ્વરૂપ જે સામાન્ય છે. તેને જો જોઈએ તો તે ને તે જ દેખાયા કરે છે. એવી રીતે કપાસ-રૂ-પુણી-તંતુ-પટ આદિ અવસ્થા બદલાવા છતાં પુદ્ગલ રૂપે તેનું તે જ છે. દેવ-નારક આદિ અવસ્થા બદલાવા છતાં જીવ દ્રવ્ય દ્રવ્યસ્વરૂપે તેનું તે જ છે. એમ સામાન્યોપયોગે સામાન્ય જ ભાસે છે. તથા વિશેષ ઉપયોગથી તેને જોઈએ તો પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આદિ જુદી જુદી અવસ્થાઓ જ (વિશેષો જ) દેખાય છે. પિંડ એ કંઈ સ્થાસ નથી, સ્થાસ એ કંઈ કોશ નથી. બધી જુદી જુદી અવસ્થાઓ જ દેખાય છે. તેમ પટાદિમાં પણ સમજવું. આ રીતે ત્યાં (ઘટાદિના ઉદાહરણમાં) જે સામાન્ય દેખાય છે. તે દ્રવ્યસ્વરૂપ જાણવું. મૃત્તિકાપણું તે દ્રવ્યસ્વરૂપ જાણવું. અને જે વિશેષ, પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલાદિ અવસ્થાઓ જણાય છે. તે સર્વે ગુણ-પર્યાયનું સ્વરૂપ જાણવું. જે સામાન્ય જણાય છે તે દ્રવ્ય છે. અને જે વિશેષ જણાય છે તે ગુણ-પર્યાયો છે. એમ જાણવું. સારાંશ કે સર્વે પદાર્થો સામાન્ય વિશેષ એમ ઉભયાત્મક છે. તેમાં જ્યારે પદાર્થને સામાન્યાત્મકભાવે જોઈએ ત્યારે તે દ્રવ્યાત્મક દેખાય છે. અને વિશેષાત્મક ભાવે જોઈએ ત્યારે તે ગુણ-પર્યાયાત્મક રૂપે દેખાય છે. વસ્તુના સ્વરૂપને જોનારાની જેવી દૃષ્ટિ, જેવી વિવક્ષા, તેવો પદાર્થ દેખાય છે. જેમકે સેંકડો જાતની માળાઓ પડી હોય તેમાંથી આ વિવક્ષિત માળા મોતીની છે. એમ જ્યારે વિચારીએ ત્યારે માળાપણું સર્વે માળાઓમાં સમાન હોવાથી "માળા એ સામાન્ય બને છે" અને "મોતીની છે પરંતુ સ્ફટિકની નથી" એમ જણાય છે. તેથી "મોતી" એ વિશેષ બને છે. આમ જાણવામાં માળા એ દ્રવ્ય થયું અને મોતી એ પર્યાય થયા તથા ઉજ્જ્વળતા એ ગુણો થયા. હવે આ અપેક્ષા બદલીને જો બીજી અપેક્ષાએ વિચારીએ- જેમ કે મોતીના જ સેંકડો પદાર્થો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાળીમાં પડેલા છે. માળા-બંગડી કુંડલ, મુદ્રિકા (વીંટી) ઈત્યાદિ અનેક જાતના અલંકારો મોતીના જ માત્ર છે ત્યાં મોતીપણું સર્વમાં સમાન છે. તેથી મોતી એ સામાન્ય થયું. અને દરેકમાં આભૂષણતા ભિન્ન ભિન્ન છે તેથી માળા એ વિશેષ થયું. આ રીતે વિચારતાં મોતી એ દ્રવ્ય બને છે અને માળા એ પર્યાય પણ બને છે.

તેવી જ રીતે ઘટમાં પણ સમજવું. માટીનાં જ્યારે અનેક વાસણો હોય, જેમ કે શરાવ-ઘટ-કુંભ-કળશ વિગેરે. ત્યાં માટી એ સામાન્ય છે. તેથી તે દ્રવ્ય કહેવાય છે અને શરાવ-ઘટાદિ વિશેષો છે માટે પર્યાય કહેવાય છે. પરંતુ વિવક્ષા બદલીએ અને સોનાના-રૂપાના-તાંબાના-માટીના-મોતીના વિગેરે અનેક જાતના ઘડા માત્ર જ હોય અને તેને જોઈએ ત્યારે તે સર્વ પદાર્થોમાં ઘટ એ સામાન્ય બની જાય છે. અને સોનુ-રૂપુ-તાંબુ વિશેષ બની જાય છે. ત્યારે ઘટ એ દ્રવ્ય અને સોનુ-રૂપુ-તાંબુ-માટી એ પર્યાય કહેવાય છે તેથી ભિન્ન ભિન્ન અપેક્ષાએ વસ્તુનું સ્વરૂપ ભિન્ન ભિન્ન છે. છતાં અરસ પરસ સંકળાઈને ત્રણે ભાવો રહેલા છે.

<u>સામાન્ય</u> એટલે કે અવસ્થા બદલાવા છતાં એકતાની જે બુદ્ધિ તે.
<u>વિશેષ</u> એટલે કે દ્રવ્ય એકને એક હોવા છતાં પણ બદલાતી જે અવસ્થા તે,

આ પ્રમાણે સંસારવર્તી સર્વે પણ પદાર્થો દ્રવ્ય-ગુણ-પર્યાયાત્મક છે એટલે કે સામાન્ય વિશેષાત્મક છે. માત્ર જોનારાની દૃષ્ટિવિશેષે તે તે સ્વરૂપ મુખ્યપણે જણાય છે અને શેષ સ્વરૂપ ગૌણપણે જણાય છે. ॥૧૨॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## ઉરધતા સામાન્ય શક્તિ તે, પૂરવ અપર ગુણ કરતી રે ।
## પિંડ કુશૂલાદિક આકારિં, જિમ માટી અણફિરતી રે ॥
## જિનવાણી રંગઈં મનઈં ધરિઈં ॥૨-૪॥

*ગાથાર્થ–* પૂર્વ અને અપર પર્યાયોને કરનારી જે સામાન્ય શક્તિ છે. તે ઉર્ધ્વતા સામાન્ય કહેવાય છે. જેમકે મૃત્પિંડ-કુશૂલ આદિ આકારો (બદલાવા છતાં) જે મૃદ્દ્રવ્ય અણફરતું છે. તે ઉર્ધ્વતા સામાન્ય છે. ॥૨-૪॥

**ટબો– સામાન્ય તે દ્રવ્ય કહિઉં. તે સામાન્ય ૨ પ્રકારઈં છઈં, તે દેખાડઈં છઈં =**

**ઉર્ધ્વતા સામાન્ય રૂપ દ્રવ્યશક્તિ તે કહીઈ, જે પૂર્વ કહિઈં – પહિલા, અપર ક. –(કહેતાં) આગિલા, ગુણ ક. (કહેતાં) વિશેષ, તેહનઈં કરતી, તે સર્વમાંહિ એકરૂપ રહઈં. જિમ-પિંડ-ક. (કહેતાં) માટીનો પિંડ, કુશૂલ-ક. (કહેતાં) કોઠી, તે પ્રમુખ અનેક**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મૃત્તિકાના આકાર ફિરઈ છઈ. પણિં તેહમાંહિં માટી ફિરતી નથી. તે પિંડ કુશૂલાદિક આકારનું ઉર્ધ્વતાસામાન્ય કહિઇં. "જો પિંડ-કુશૂલાદિક પર્યાયમાંહિ અનુગત એક મૃદ્દ્રવ્ય ન કહિઇં, તો ઘટાદિ પર્યાયમાંહિ અનુગત ઘટાદિ દ્રવ્ય પણિં ન કહવાઈ." તિ વારઇં-સર્વ વિશેષ રૂપ થાતાં ક્ષણિકવાદી બૌદ્ધનું મત આવઇં. અથવા સર્વ દ્રવ્યમાંહિ એક જ દ્રવ્ય આવઇં.

તે માટિં ઘટાદિદ્રવ્ય, અનઇં-તેહનાં સામાન્ય મૃદાદિ દ્રવ્ય, અનુભવનઇં અનુસારઇં પરાપર ઉર્ધ્વતાસામાન્ય અવશ્ય માનવાં, ઘટાદિ દ્રવ્ય થોડા પર્યાયનઇં વ્યાપઇં છઇં. અનઇં મૃદાદિદ્રવ્ય ઘણા પર્યાયનઇં. "ઇમ નર-નારકાદિક દ્રવ્ય, જીવ દ્રવ્યનો પણિ વિશેષ જાણવો." "એ સર્વ નૈગમનયનું મત." શુદ્ધસંગ્રહનયનઇં મતઇં તો સદદ્વૈત વાદઈં એક જ દ્રવ્ય આવઇં, તે જાણવું ॥૨-૪॥

*વિવેચન*– सामान्य ते द्रव्य कहिउं. ते सामान्य २ प्रकारइं छइं, ते देखाडइं छइं = ઉપરની ગાથામાં "સામાન્ય તે દ્રવ્ય કહેવાય" એમ કહ્યું છે તે સામાન્ય બે પ્રકારે છે. તે બે પ્રકાર હવે જણાવે છે. સમાનપણાની બુદ્ધિ કરાવનારી દ્રવ્યમાં રહેલી જે શક્તિ છે. તે સામાન્ય કહેવાય છે. સર્વે દ્રવ્યોમાં પારિણામિકભાવે જ પોતપોતાના પરિણામોમાં (પર્યાયોમાં) પરિણામ પામવાની શક્તિ રહેલી છે. આ શક્તિ કોઈ કર્મકૃત કે ઈશ્વરકૃત નથી. સહજ જ છે. તે સામાન્યશક્તિને દ્રવ્યશક્તિ કહેવાય છે. આ દ્રવ્યશક્તિ બે પ્રકારની છે. ૧ ઉર્ધ્વતા સામાન્યશક્તિ અને ૨ તિર્યક્સામાન્ય શક્તિ.

ત્યાં કાળને આશ્રયી જણાતી જે સામાન્યશક્તિ છે. તે ઉર્ધ્વતાસામાન્ય શક્તિ છે. અને ક્ષેત્રને આશ્રયી જણાતી જે સામાન્ય શક્તિ છે. તે તિર્યક્સામાન્ય શક્તિ છે. ત્યાં પ્રથમ કાળને આશ્રયી જણાતી ઉર્ધ્વતા નામની જે સામાન્યશક્તિ છે. તેનું સ્વરૂપ આ પ્રમાણે છે–

उर्ध्वतासामान्यरूप द्रव्यशक्ति ते, कहीइं. जे पूर्व कहिइ-पहिलां, अपर क.-आगिलां, गुण क. विशेष, तेहनइं करती, ते सर्वमांहि एकरूप रहइं, जिम-पिंड क. माटीनो पिंडो, कुशूल क. कोठी, ते प्रमुख अनेक मृत्तिकाना आकार फिरइ छइ, पणि तेहमांहि माटी फिरती नथी. ते पिंड-कुशूलादिक आकारनुं उर्ध्वतासामान्य कहिइं = ઉર્ધ્વતા સામાન્ય શક્તિ તે કહેવાય છે કે જે પૂર્વ કહેતાં પહેલાં પસાર થઈ ગયેલા, અને અપર કહેતાં ભાવિમાં આગળ આવવાવાળા ગુણ કહેતાં જે જે વિશેષો અર્થાત્ પર્યાયો થયા છે અને થવાના છે તે સર્વે પર્યાયોને કરનારી = એટલે કે તે સર્વે ક્રમશઃ થનારા પર્યાયોમાં એક સ્વરૂપે રહેનારી પદાર્થગત જે શક્તિ છે. તે ઉર્ધ્વતાસામાન્ય કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ પિંડ કહેતાં માટીનો પિંડ, અને કુશૂલ કહેતાં કોઠી, તે વિગેરે પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આદિ જે જે માટીના આકારો (પર્યાયો) ક્રમશઃ ફરે છે. નવા નવા જે પર્યાયો થાય છે તે સર્વે પર્યાયોમાં માટી જે ફરતી નથી. માટી તેની તે જ રહે છે. આ જ પિંડ-કુશૂલાદિક આકારોનું ઉર્ધ્વતાસામાન્ય કહેવાય છે. કોઈપણ એક દ્રવ્ય કાળક્રમે અનેક પર્યાયો પામે છે. કાળક્રમે આવતા તે તે અનેક પર્યાયોમાં પર્યાય બદલાવા છતાં દ્રવ્ય જે બદલાતું નથી, તે દ્રવ્યમાં રહેલી ઉર્ધ્વતા સામાન્ય નામની શક્તિવિશેષ છે. દ્રવ્યનો આવા પ્રકારનો પારિણામિક ભાવે સ્વભાવ જ છે કે નવાં નવાં રૂપો (પર્યાયો) પ્રતિસમયે બદલાય જ છે. તો પણ આ રીતે પર્યાયો બદલાવા છતાં તે તે દ્રવ્ય પોત પોતાનું (અસલી સ્વરૂપ) દ્રવ્યપણું ત્યજે નહીં. આ પારિણામિક સ્વભાવ જાણવો. અહીં ઉર્ધ્વતા શબ્દ વાપરવાનું કારણ એ છે કે ઉપરા-ઉપર = અર્થાત્ એક પર્યાય પૂર્ણ થાય તેની ઉપર બીજો પર્યાય, તેની ઉપર ત્રીજો પર્યાય તેની ઉપર ચોથો પર્યાય, એમ ઉપર-ઉપર કાળના ક્રમે આવનારા પર્યાયોમાં દ્રવ્યની પોતાના મૂળરૂપે = એકના એકરૂપે રહેવાપણાની જે શક્તિ છે તે ઉર્ધ્વતાસામાન્ય કહેવાય છે.

જેમ માટીમાંથી ધારો કે ઘટ બનાવવાનો છે. તેમાં સૌથી પ્રથમ માટીમાં પાણી નાખીને તેને પીગાળવામાં આવે અને મસળીને એકાકાર બનાવવામાં આવે તે પિંડ. તેમાંથી રકાબી જેવો ગોળાકાર થાય, તે સ્થાસ, તેમાંથી કંઈક ઉંચી દિવાલો થાય, તે કોશ, તેમાંથી વધારે ઉંચી દિવાલો ચક્ર ઉપર ફેરવવાથી થાય તે કુશૂલ (કોઠી). તેમાંથી પેટે પહોળો અને ઉપર નીચે સાંકડા આકારવાળો જે ઘડો બની જાય તે ઘટ. અને ઘટ ફુટી જતાં જે ઠીકરાં થાય તે કપાલ. આ એક ઉદાહરણ માત્ર જ છે. આ માટીમાંથી આવા પ્રકારના નવા નવા પર્યાયો કાળક્રમે ઉપરાઉપર=એક પછી એક પામવા છતાં, તે સર્વે પર્યાયોમાં માટી માટીપણે જે ફરતી નથી, તેની તે જ માટી રહે છે. આ માટીદ્રવ્યમાં રહેલી ઉર્ધ્વતા સામાન્ય નામની શક્તિવિશેષ છે. તેવી જ રીતે કપાસ-રૂ-પુણી-તંતુ-પટ આદિ નવા નવા પર્યાયો પામવા છતાં પુદ્ગલ દ્રવ્ય તેનું તે જ જે રહે છે તે ઉર્ધ્વતા સામાન્ય છે. દેવ-તિર્યંચ-નારકી અને મનુષ્યાદિ પર્યાયો બદલાવા છતાં જીવપણું સદા તેનું તે જ રહે છે તે સઘળું ઉર્ધ્વતા સામાન્ય છે.

આ ઉર્ધ્વતા સામાન્યમાં કોઈ પણ દ્રવ્ય એક જ હોય છે અને તેના કાળક્રમે આવનારા પર્યાયો અનેક હોય છે. તે પર્યાયો ભિન્ન ભિન્ન આકારવાળા હોવા છતાં પણ દ્રવ્યનું દ્રવ્યપણે જે સ્વરૂપ છે તે કંઈ પણ ફરતું નથી. ન ફરવાવાળું દ્રવ્યનું જે સ્વરૂપ છે. તે ઉર્ધ્વતાસામાન્ય છે. બાળક જ્યારે બાળક મટીને યુવાન થાય છે ત્યારે બાલ્યાવસ્થાનો નાશ થવા છતાં તેની સાથે મનુષ્યપણાનો નાશ જે નથી થતો તે દ્રવ્યનો પારિણામિક (સહજ) સ્વભાવ છે. તેવી જ રીતે જીવ વારંવાર મૃત્યુ પામીને દેવ-નારકી-તિર્યંચ-મનુષ્ય આદિ અવસ્થાઓ પામવા છતાં પણ તે તે અવસ્થાઓના નાશની સાથે અવસ્થાવાળા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવનો નાશ થતો નથી પણ તેનું જીવત્વ સદા તેનું તે જ રહે છે. જીવત્વ કદાપિ નાશ પામતું નથી કે જીવ જીવપણે મટીને અજીવ થતો નથી, તે તેનું પારિણામિકભાવે (દ્રવ્યના પોતાના સહજ સ્વભાવે) રહેલું આ ઉર્ધ્વતાસામાન્ય છે.

આ ઉર્ધ્વતાસામાન્યમાં દ્રવ્ય એક જ હોય છે. પર્યાયો ભિન્ન ભિન્ન રૂપે અનેક હોય છે. કાળ બદલાતો જાય છે. એક જ દ્રવ્યના ક્રમશઃ થનારા ભિન્ન ભિન્ન પર્યાયોમાં દ્રવ્યના એકત્વની (અન્વયપણાની) જે બુદ્ધિ તે ઉર્ધ્વતાસામાન્ય છે. જ્યારે હવે સમજાવાતા તિર્યક્સામાન્યમાં દ્રવ્ય અનેક આવશે. પર્યાયો એકસરખા સમાન હોવાથી એક જ લાગશે. કાળ એક વર્તમાન જ આવશે. ભિન્ન ભિન્ન દ્રવ્યનો એક જ કાળે થયેલો એક સરખો સમાન જે પર્યાય. તેમાં જે પર્યાય પણે એકાકારતારૂપે સમાન બુદ્ધિ જે શક્તિથી થાય છે. તે શક્તિને તિર્યક્સામાન્ય કહેવાય છે. એવું સમજાવાશે. ગ્રંથકારશ્રીએ ઘટનું ઉદાહરણ ઉર્ધ્વતાસામાન્ય સમજાવવામાં આપ્યું છે. જેમ કે પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આદિ નવા નવા કાળક્રમે થનારા પર્યાયોમાં માટી તેની તે જ વર્તે છે. માટી અણફરતી અર્થાત્ ન ફરતી જે માટી છે તે ઉ૦સામાન્ય છે. આ અનુભવસિદ્ધ પ્રત્યક્ષ પ્રમાણથી સમજાય તેવી વાત છે. આ જ ઉર્ધ્વતાસામાન્ય કહેવાય છે. "अनुगताकारप्रतीतिरुर्ध्वता-सामान्यम्" આ માટી દ્રવ્ય તેનું તે જ છે. તેનું તે જ છે એવી અનુગતાકારની (અન્વયપણાની) બુદ્ધિ જેનાથી થાય છે. તે ઉર્ધ્વતાસામાન્ય છે.

આ ઉર્ધ્વતાસામાન્યના કારણે જ પર્યાયોને આશ્રયી દ્રવ્ય બદલાતું પણ કહેવાય છે. અનિત્ય છે. વિશેષાત્મક છે. અને દ્રવ્યને આશ્રયી દ્રવ્ય બદલાતું નથી, નિત્ય છે. અને સામાન્યાત્મક છે. જો આ ઉર્ધ્વતા સામાન્ય ન માનીએ તો અન્વયપણાની (અનુગતાકારની) જે અનુભવસિદ્ધ પ્રતીતિ થાય છે. તે ન થાય. મૃત્પિંડ-સ્થાશ-કોશ-કુશૂલ-ઘટ-કપાલને પરસ્પર કોઈ સંબંધ જ ન રહે. બધા જ પર્યાયો સ્વતંત્ર થઈ જાય. એક પુરુષે બીજા પુરુષને ૫૦ રૂપીયા રવિવારે આપ્યા અને સોમવારે માગ્યા, ત્યારે લેનાર-દેનાર બદલાઈ ગયા હોવાથી કંઈ માંગવાનું કે પાછું આપવાનું રહે જ નહીં. આવી અવ્યવસ્થા થઈ જાય. એક ઘટ બન્યા પછી જ્યાં સુધી તે ઘટ ફુટે નહી ત્યાં સુધી પણ પુરણ-ગલન રૂપ પર્યાયો બદલાતા હોવાથી પ્રતિસમયે ઘટ નવો નવો જ બને. અને તેથી *આ એકનું એક ઘટદ્રવ્ય છે.* આવો વ્યવહાર થશે નહીં. આ જ વાત શાસ્ત્રકાર મહારાજશ્રી સમજાવે છે.

**"जो पिंड-कुशूलादि पर्यायमांहि अनुगत एक मृद्द्रव्य न कहिइ तो घटादिपर्याय मांहि अनुगत घटादि द्रव्य पणिं न कहवाई" ति वारइं-सर्व विशेषरूप थातां क्षणिकवादी बौद्धनुं मत आवइ.** = પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ વિગેરે રૂપે થતા ભિન્ન ભિન્ન પર્યાયોમાં જો "मृद्" નામનું અનુગતાકારવાળું (સર્વ પયાયોમાં અનુસરવાવાળું) એક દ્રવ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એમ ન કહીએ તો, અર્થાત્ મૃદ્નામનું અન્વય દ્રવ્ય કોઈ નથી જ, આમ જ માની લઈએ તો તે અવસરે આ બધા જ પર્યાયો *"દોરો પરોવ્યા વિનાના મણકાની જેવા થવાથી"* પૂર્વાપર સંબંધ વિનાના સ્વતંત્ર થઈ જાય. અને જો એમ જ હોય તો ચૈત્રે કરેલો કોઈ પણ વસ્તુનો અનુભવ જેમ મૈત્રને સ્મરણમાં આવતો નથી, કારણકે તે ભિન્ન દ્રવ્ય છે. તેવી જ રીતે પ્રથમ દિવસના ચૈત્રે કરેલો અનુભવ બીજા દિવસના તે ચૈત્રને પણ સ્મરણમાં ન જ આવવો જોઈએ. કારણ કે પ્રતિદિનનો ચૈત્ર ભિન્ન ભિન્ન દ્રવ્ય થયું. એવી જ રીતે એક ઘટ બન્યા પછી તે ઘટ ફુટે નહી ત્યાં સુધી પણ પ્રતિસમયે પુરણ ગલનરૂપ પર્યાયો થતા હોવાથી તે પર્યાયોમાં પણ અનુગત એવું એક ઘટદ્રવ્ય છે. એમ પણ નહીં કહેવાય. પ્રતિસમયે નવા નવા ઘટ છે. એવો જ અર્થ થશે. અને તેમ હોય તો કાણા ઘટના સ્થાને બીજા સમયે સર્વથા નવો જ ઘટ થતો હોવાથી સાજો ઘટ પણ થવો જોઈએ કારણ કે તે ભિન્ન ઘટ છે. તથા જગતને તેના તે ઘટની જે પ્રતીતિ થાય છે. તે પણ વિરોધ પામે.

તથા જો આમ પ્રતિસમયે નવા નવા પર્યાયો જે થાય છે. તે જ સ્વતંત્ર પદાર્થરૂપ છે. એમ જો માની લઈએ અને તેમાં કોઈ સામાન્ય અનુગતાકાર દ્રવ્ય નથી આમ માની લઈએ તો સર્વે વિશેષો જ રહેશે. તેમાં અન્વયાત્મક સામાન્ય ન માનતાં ક્ષણિકવાદી બૌદ્ધનો મત જ સિદ્ધ થાય. પરંતુ આ મત યુક્તિથી અને અનુભવથી વિરુદ્ધ હોવાથી સિદ્ધ થતો નથી. કારણ કે જેમ દોરા વિના મણકાઓની ધારા ટકતી નથી. વૃક્ષત્વ માન્યા વિના મૂલ, થડ, શાખા-પ્રશાખા ફુલ-ફળ અને બી ઘટતાં નથી. તેમ અન્વયિદ્રવ્ય માન્યા વિના એકલા વિશેષો પણ સંભવતા નથી. તેથી પ્રતિસમયના વિશેષોમાં અન્વયિદ્રવ્ય (સામાન્ય) પણ છે જ.

અથવા **सर्वद्रव्यमांहि एक ज द्रव्य आवइं** = અથવા જો મૃદ્ દ્રવ્ય અન્વયરૂપે છે. એમ ન માનીએ તો પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આ બધા અત્યન્ત ભિન્ન ભિન્ન વિશેષો જ છે એમ થશે. અને અત્યન્ત ભિન્ન ભિન્ન વિશેષો માત્ર હોવા છતાં *"આ એક માટી દ્રવ્ય જ છે"* "આ એક માટી દ્રવ્ય જ છે" એમ જે જણાય છે. તેમ ઘટ પટ-મઠ-ખુરશી-ટેબલ-કબાટ વિગેરે પદાર્થો પણ ભિન્ન ભિન્ન દ્રવ્ય હોવા છતાં તે સર્વે પણ માટી દ્રવ્યની જેમ એકદ્રવ્યરૂપ જ છે. એમ માનવાની આપત્તિ આવશે. એટલે કે એક દ્રવ્યના ક્રમશઃ આવતા વિશેષોને *માત્ર વિશેષરૂપે* જ માનવા જતાં તેમાં (તે વિશેષો જ છે. છતાં તેમાં) જેમ એક જ દ્રવ્યપણાની પ્રતીતિ થાય છે. તેવી જ રીતે ઘટ-પટ આદિ સર્વે વિજાતીય દ્રવ્યો પણ વિશેષ વિશેષ રૂપે પ્રતીત થતાં હોવા છતાં તે સર્વે પણ એક દ્રવ્ય રૂપ જ છે. એમ માનવાની આપત્તિ આવશે. સર્વે દ્રવ્યો એક દ્રવ્યરૂપ થઈ જશે. અને જગતમાં આમ મનાતું નથી. અને દેખાતુ નથી માટે સજાતીય પર્યાયોમાં દ્રવ્યનો અન્વય છે. વિજાતીય પર્યાયોમાં દ્રવ્યનો અન્વય નથી. તેથી સર્વે ભિન્ન ભિન્ન દ્રવ્ય સિદ્ધ થાય છે. મૃદ્દ્રવ્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પર્યાયોમાં મૃદ્દ્રવ્ય છે. તંતુદ્રવ્ય નથી. અને તંતુદ્રવ્યના પર્યાયોમાં તન્તુદ્રવ્ય છે. મૃદ્દ્રવ્ય નથી. બાલાદિ પર્યાયોમાં અનુગતાકારે આત્મદ્રવ્ય છે. પરંતુ પુદ્ગલદ્રવ્ય નથી. આ રીતે જો અન્વયિદ્રવ્ય સ્વીકારશો તો ઉપરોક્ત કોઈ દોષ આવશે નહીં.

**ते माटिं घटादिद्रव्य, अनइं तेहनां सामान्यमृदादि द्रव्य अनुभवइं अनुसारइं परापर उर्ध्वतासामान्य अवश्य मानवां. घटादि द्रव्य थोडा पर्यायनइं व्यापइं छइं, अनइं-मृदादिद्रव्य घणां पर्यायनइं**= તે માટે *ઘટાદિ દ્રવ્ય* પણ માનવાં અને તેના સામાન્યભૂત *મૃદાદિ દ્રવ્ય* પણ અનુભવને અનુસારે માનવાં. સારાંશ કે ઘટ બને ત્યારથી ફુટે નહી ત્યાં સુધીના પ્રતિસમયે થતા વિશેષ વિશેષ પર્યાયોમાં *"આ એક ઘટદ્રવ્ય છે"* એમ ઘટાત્મક અન્વયિદ્રવ્ય સ્વીકારવું. અને પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આદિ અનેક અવસ્થા વિશેષોમાં *"આ એક માટી દ્રવ્ય જ છે"* એમ મૃદાત્મક અન્વયિ દ્રવ્ય માનવું. તફાવત માત્ર એટલો જ છે કે ઘટનો જીવંતકાળ મૃદ્‌ના જીવંત કાળ કરતાં ઓછો છે. અને મૃદનો જીવંતકાળ ઘટના જીવંતકાળ કરતાં અધિક છે. તેથી મૃદ્દ્રવ્યની અપેક્ષાએ ઘટદ્રવ્ય અલ્પ પર્યાયોમાં વ્યાપ્ત થાય છે. અને ઘટદ્રવ્ય કરતાં મૃદ્દ્રવ્ય અધિક પર્યાયોમાં વ્યાપ્ત થાય છે. તેથી મૃદ્દ્રવ્ય પરસામાન્ય (મોટુ સામાન્ય = પરઉર્ધ્વતા સામાન્ય) કહેવાય છે. અને ઘટદ્રવ્ય અપર સામાન્ય (નાનુ સામાન્ય = અપર ઉર્ધ્વતા સામાન્ય) કહેવાય છે. આમ પરાપર સ્વરૂપે સઘળું ઉર્ધ્વતા સામાન્ય જ છે.

**इम नर-नारकादिकद्रव्य जीवद्रव्यनो पणि विशेष जाणवो. ए सर्व नैगमनयनुं मत. शुद्धसंग्रहनयनइं मतइं तो सदद्वैतवादइं एक ज द्रव्य आवइं ते जाणवुं. ॥२-४॥** તથા જેમ ઘટદ્રવ્ય અપર સામાન્ય છે. અને મૃદ્દ્રવ્ય પરસામાન્ય છે. તેમ મૃદ્દ્રવ્ય-અને પુદ્ગલદ્રવ્યમાં મૃદ્દ્રવ્ય અપર સામાન્ય છે અને પુદ્ગલ દ્રવ્ય પરસામાન્ય છે. તેવી જ રીતે જીવદ્રવ્યમાં પણ બાલાદિ પર્યાયોની અપેક્ષાએ મનુષ્યત્વ એ સામાન્ય છે. એ જ મનુષ્યત્વ જીવદ્રવ્યની અપેક્ષાએ અલ્પકાળવર્તી હોવાથી (બાલ-યુવાન-વૃદ્ધત્વની અપેક્ષાએ સામાન્ય હોવા છતાં પણ) જીવદ્રવ્યની અપેક્ષાએ આ જ મનુષ્યપણું વિશેષ સમજવો. એવી જ રીતે નર-નારક-તિર્યંચ અને દેવ આદિ સર્વે અવસ્થાઓ પોત પોતાના વિશેષ પર્યાયોની અપેક્ષાએ ભલે સામાન્ય છે. પરંતુ જીવદ્રવ્યત્વ નામના સામાન્યની અપેક્ષાએ વિશેષરૂપ છે. અને જીવદ્રવ્યત્વ એ પરસામાન્ય બને છે. આ રીતે બનતાં પુદ્ગલદ્રવ્ય એ સામાન્ય (પરસામાન્ય) અને તેની અપેક્ષાએ મૃદ્દ્રવ્ય, ઘટદ્રવ્ય, રક્તઘટદ્રવ્ય વિશેષ વિશેષ હોવા છતાં પણ પોતપોતાના અવાન્તર પર્યાયોની અપેક્ષાએ અવાન્તર અવાન્તર (અપર અપર) સામાન્ય પણ બને છે. આ રીતે સામાન્ય પણ પરતમ, પરતર, પર, અપર, અપરતર, અપરતમ એમ અનેક પ્રકારનું છે એવું નૈગમનય માને છે. એકબાજુ *સામાન્ય* કહેવું અને તેને જ બીજી બાજુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનેક કહેવું તે ઉપર છલ્લી રીતે વિરુદ્ધ દેખાય છે. છતાં ઉપચારને પ્રધાન કરનારા નૈગમનયથી આ વાત સંભવી શકે છે. કારણ કે એક અપેક્ષાએ જે સામાન્ય છે તે જ બીજી અપેક્ષાએ વિશેષ થઈ શકે છે. અને એ જ રીતે જે વિશેષ છે. તેમાં બીજી અપેક્ષાઓ જોડો તો સામાન્યનો ઉપચાર પણ કરી શકાય છે આમ, નૈગમનય ઉપચારવિશેષગ્રાહી હોવાથી નાનાં-મોટાં (એટલે કે પર અને અપર એમ) અનેક સામાન્ય માને છે.

પરંતુ શુદ્ધસંગ્રહનય એકીકરણગ્રાહી હોવાથી અર્થાત્ અભેદપ્રધાન દ્રષ્ટિવાળો હોવાથી "પરસામાન્ય" નામનું એક જ અન્તિમ સામાન્ય માત્ર માને છે. મૃત્પિંડ સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ હોય કે મૃદ્દ્રવ્ય હોય, કડુ-કુંડલ હોય કે સુવર્ણ હોય, બાલ-યુવાન-વૃદ્ધ હોય કે જીવદ્રવ્ય હોય. આ સર્વે "સત્" રૂપે એક જ છે. પુદ્ગલ હોય કે જીવ હોય અથવા પુદ્ગલના કે જીવના ઉત્તરભેદો હોય તે સર્વેમાં "સત્" પણાનો (હોવાપણાનો–અસ્તિત્વસ્વરૂપનો) કોઈ ભેદ નથી. તેથી "સત્" એવું અદ્વૈત દ્રવ્ય છે. તેને સદદ્વૈતવાદ (એક સત્ માત્ર વિના બીજું કંઈ જ નથી.) એ રૂપ દ્રવ્ય છે. એમ જાણવું. આ પ્રમાણે આ ગાથામાં ઉર્ધ્વતાસામાન્ય સમજાવ્યું. જે નૈગમ નયની દૃષ્ટિએ અપેક્ષાવિશેષે પર-અપર આદિ અનેક પ્રકારનું છે. અને શુદ્ધસંગ્રહ નયની દૃષ્ટિએ "સત્તા" ધર્મની અપેક્ષાએ સદદ્વૈતવાદ રૂપ એકપ્રકારનું દ્રવ્ય છે. ॥૧૩॥

JAINSITE .com

## ભિન્ન વિગતિમાં રૂપ એક જે, દ્રવ્યશક્તિ જગિ દાખઈ રે ।
## તે તિર્યક્સામાન્ય કહિજઈ. જિમ ઘટ ઘટ પણ રાખઈ રે ॥
## જિનવાણી રંગઈ મનિ ધરિઈ ॥૨-૫॥

*ગાથાર્થ*– ભિન્ન ભિન્ન વ્યક્તિમાં એકરૂપતા (એકાકારતા) સ્વરૂપ જે દ્રવ્યશક્તિ જગતમાં દેખાય છે. તેને તિર્યક્સામાન્ય કહેવાય છે. જેમ "આ પણ ઘટ, આ પણ ઘટ" ઈત્યાદિરૂપે જગતમાં જે જણાય છે. ॥૨-૫॥

**ટબો**– **ભિન્ન વિગતિમાં-ભિન્નપ્રદેશી વિશેષમાં જે દ્રવ્યની શક્તિ એકરૂપ-એકાકાર દેખાડઇ છઇ, તેહનઇં તિર્યક્સામાન્ય કહિઇં. જિમ ઘટ, ઘટપણું- ઘટત્વ રાખઇ છઇ.**

**હિવઇ કોઇ ઇમ કહસ્યઇ જે "ઘટાદિકભિન્ન વ્યક્તિમાં જિમ ઘટત્વાદિક એક સામાન્ય છઇ. તિમ પિંડ-કુશૂલાદિક ભિન્ન વ્યક્તિમાં મૃદાદિક એક સામાન્ય છઇ. તો તિર્યક્સામાન્ય-ઉર્ધ્વતા સામાન્યનો સ્યો વિશેષ ?" તેહનઇં કહિઇ જે- "દેશભેદઇં જિહાં**

**એકાકાર પ્રતીતિ ઉપજઈ. તિહાં તિર્યક્સામાન્ય કહિઈ. જિહાં કાલભેદઈ-અનુગતાકાર પ્રતીતિ ઉપજઈ. તિહાં ઉર્ધ્વતા સામાન્ય કહિઇં."**

**કોઈ દિગંબરાનુસારી ઈમ કહઈ છઈ, જે "ષટ્ દ્રવ્યનઇં કાલપર્યાય રૂપ ઉર્ધ્વતાસામાન્યપ્રચય છઈ. કાલ વિના પાંચ દ્રવ્યનઈં અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચય છઈ" તેહનઇં મતઇં "તિર્યક્પ્રચયનો આધાર ઘટાદિક તિર્યક્સામાન્ય થાઈ. તથા પરમાણુરૂપ અપ્રચયપર્યાયનું આધાર ભિન્ન દ્રવ્ય જોઈઈ" તે માટિં-૫ દ્રવ્યનઇં ખંધ દેશ પ્રદેશ ભાવઇં એકાનેક વ્યવહાર ઉપપાદવો. પણિ તિર્યક્પ્રચય નામાન્તર ન કહવું. ॥૨-૫॥**

*વિવેચન*– **भिन्न विगतिमां-भिन्नप्रदेशी विशेषमां जे द्रव्यनी शक्ति एकरूप-एकाकार देखाडइं छइं. तेहनइं तिर्यक्सामान्य कहिइं जिम घट-घटपणुं-घटत्व राखइ छइ** = એક જ કાળે ભિન્ન ભિન્ન એવી અનેક વ્યક્તિઓમાં (વસ્તુઓમાં) અર્થાત્ ભિન્ન ભિન્ન પ્રદેશોથી બનેલી વસ્તુઓમાં એકરૂપતા એટલે એકાકારતા જણાવવા સ્વરૂપ દ્રવ્યની જે સામાન્ય = સમાન પણાની શક્તિ દેખાય છે. તેહને તિર્યક્સામાન્ય કહેવાય છે. એકજ કાળમાં વર્તતા, એક સરખા સમાન આકારવાળા, ભિન્ન ભિન્ન દ્રવ્યોના બનેલા, પદાર્થોમાં "એકાકારપણાની" સમાન પ્રતીતિ જે શક્તિ કરાવે છે તે દ્રવ્યશક્તિને તિર્યક્ સામાન્ય કહેવાય છે. જેમ કે સોનાના, રૂપાના, તાંબાના, સ્ટીલના, પિત્તળના અને માટીના બનાવેલા અનેક ઘડાઓમાં "ઘટાકારતા પણે" આ પણ ઘટ છે આ પણ ઘટ છે. એવી પ્રતીતિ જેનાથી (જે શક્તિથી) થાય છે. તે તિર્યક્સામાન્ય કહેવાય છે. આ તિર્યક્સામાન્યમાં એકજ કાળે, દૃષ્ટિ સામે પડેલા હજારો ઘડાઓ ઘટપણે સમાનરૂપે જે દેખાય છે. ત્યાં કાળભેદ નથી. પરંતુ સેંકડો-હજારો ઘડા છે. તેથી તે ઘડાઓને રહેવાનું ક્ષેત્ર જુદુ જુદુ છે. માટે ક્ષેત્રભેદ છે. તથા ભિન્ન ભિન્ન પ્રદેશોના બનેલા છે. કાપડની એક દુકાનમાં જુદા જુદા ખાનાઓમાં પડેલા તાકાઓને "આ સર્વે કાપડના તાકા પટપણે સમાન છે" આવી સમાનપણાની બુદ્ધિ જે શક્તિથી થાય છે તે શક્તિને તિર્યક્સામાન્ય કહેવાય છે.

**સામાન્ય**

| ઉર્ધ્વતાસામાન્ય | તિર્યક્સામાન્ય |
| --- | --- |
| अनुगताकारप्रतीतिः | एकाकारप्रतीतिः |
| એક જ દ્રવ્યના | ભિન્ન ભિન્ન દ્રવ્યનો |
| કાળક્રમે થતા અનેક પર્યાયમાં | એક જ કાળે થતો સમાન એક આકાર |
| ઉપર-ઉપર સામાન્યપણાની દૃષ્ટિ દોડે તે | તિર્છી અંગુલી દ્વારા જેનો નિર્દેશ થાય તે. |

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે સમજાશે કે આ બન્નેમાં બહુ તફાવત નથી. પરંતુ કંઈ જ તફાવત નથી એમ પણ નહીં. અર્થાત્ કંઈક તફાવત પણ અવશ્ય છે.

(૧) એક જ દ્રવ્યના કાળક્રમે વારાફરતી ઉપરાઉપર આવતા ભિન્ન ભિન્ન અનેક પર્યાયોમાં પિંડ-સ્થાન-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આદિ પર્યાયોમાં મૃદ્બુદ્ધિની જેમ એટલે કે માટી દ્રવ્ય તેનું તે જ છે. માટીદ્રવ્ય તેનું તે જ છે એવી અનુગતાકારની પ્રતીતિ જે સામાન્યથી થાય છે. તે ઉર્ધ્વતાસામાન્ય છે.

(૨) સોનું-રૂપુ-તાંબુ-પિત્તલ-માટી વિગેરે અનેક દ્રવ્યના એકજ વર્તમાન કાળમાં દ્રષ્ટિ સામે વિદ્યમાન એવા અનેક ઘડાઓમાં "આ પણ ઘટ છે આ પણ ઘટ છે" એવી સમાનપણે એકસરખા પર્યાયની એકાકાર પ્રતીતિ જેનાથી થાય છે તેને તિર્યક્સામાન્ય કહેવાય છે.

જો આ તિર્યક્સામાન્ય ન માનવામાં આવે તો ઘટ અને પટ જેમ અત્યન્ત ભિન્ન છે. ઘટનુ કામકાજ પટથી ન થાય અને પટનું કામકાજ ઘટથી ન થાય. તેમ એકઘટથી બીજો ઘટ પણ અત્યન્ત ભિન્ન થઈ જાય. જો કે એક ઘટથી બીજો ઘટ જરૂર કથંચિદ્ ભિન્ન છે. કારણ કે ભિન્ન ભિન્ન પરમાણુઓનો બનેલો છે. પરંતુ પટ જેવો ભિન્ન નથી. કંઈક ભિન્ન છે. અને સાથે સાથે કંઈક અભિન્ન પણ છે. ઘટ એ ઘડાની નાતનો પદાર્થ છે અને પટ એ પટની નાતનો પદાર્થ છે. એટલે બધા ઘડાને ઘટની નાતપણે એકરૂપે સમજાવનારુ જે તત્ત્વ છે. તે જ તિર્યક્ સામાન્ય કહેવાય છે. સર્વે ઘટમાં ઘટપણું અર્થાત્ ઘટત્વધર્મ જે રહેલો છે. તે જ તિર્યક્સામાન્ય છે.

**हिवइ कोइ इम कहस्यइ जे-घटादिक भिन्न व्यक्तिमां जिम घटत्वादिक एक सामान्य छइ, तिम-पिंड-कुशूलादिक भिन्न व्यक्तिमां मृदादिक एक सामान्य छइ, तो तिर्यक्सामान्य-उर्ध्वतासामान्यनो स्यो विशेष? तेहनइं कहिइं** = અહીં ગ્રંથકારશ્રીએ બે પ્રકારનાં સામાન્ય સમજાવ્યાં છે. પ્રથમ સામાન્ય, કાળક્રમે થતા પર્યાયોમાં દ્રવ્યની એકતા (સમાનતા). અને બીજું એક જ કાલે ભિન્નભિન્ન દ્રવ્યમાં (દ્રવ્યના આકારોમાં) પર્યાયની એકતા (સમાનતા) તે બાબતમાં કોઈ અજાણ્યા શિષ્યો આવો પ્રશ્ન કરે છે કે–

*પ્રશ્ન*– ભિન્ન ભિન્ન એવા અનેક ઘડામાં (ઘટ નામની અનેક વ્યક્તિઓમાં), જેમ ઘટત્વ એવું એક સામાન્ય રહેલું છે. અનેક પટમાં પટત્વ રહેલું છે તથા અનેક મઠોમાં મઠત્વ નામનું એક સામાન્ય જેમ રહેલું છે. તેવી જ રીતે પિંડ-સ્થાસ-કોશ-કુશૂલાદિક ભિન્ન-ભિન્ન વ્યક્તિઓમાં માટીપણું પણ એકપ્રકારનું સામાન્ય રહેલું છે. અર્થાત્ ઘટ-ઘટમાં જેમ ઘટત્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. પટ-પટમાં જેમ પટત્વ છે. મઠ-મઠમાં જેમ મઠત્વ છે. તેમ જ પિંડ-સ્થાસ કોશ-કુશૂલાદિકમાં મૃત્ત્વ રહેલું છે. કપાસ રૂ પુણીતન્તુ અને પટાદિકમાં પુદ્ગલત્વ રહેલું છે. આ રીતે સર્વત્ર સમાનતા રૂપ સામાન્ય રહેલું છે. બન્નેમાં આખરે "સમાનતા" જ છે. એટલે તે બન્ને સમાનતા જ જણાવે છે. તેથી તે બન્ને સરખા જ ભાસે છે. તેથી તિર્યક્સામાન્ય અને ઉર્ધ્વતાસામાન્યમાં શું વિશેષતા છે ? શું તફાવત છે ? અમને કોઈ વિશેષતા દેખાતી નથી તેવા પ્રશ્નકાર શિષ્યોની સામે ગુરુજી હવે ઉત્તર કહે છે.

*ઉત્તર*– **जे देशभेदइं-जिहां एकाकार प्रतीति उपजइ, तिहां तिर्यक् सामान्य कहिइ. जिहां कालभेदइं-अनुगताकार प्रतीति उपजइ, तिहां उर्ध्वतासामान्य कहिइं** જ્યાં ક્ષેત્રભેદે "એકાકાર પ્રતીતિ" ઉત્પન્ન થાય ત્યાં તિર્યક્સામાન્ય સમજવું. અને જ્યાં કાલભેદે અનુગતાકાર પ્રતીતિ ઉત્પન્ન થાય ત્યાં ઉર્ધ્વતાસામાન્ય કહેવું. તિર્યક્સામાન્ય એક જ કાળે ભિન્ન ભિન્ન દેશમાં (ક્ષેત્રમાં) વર્તતા અનેક ઘડાઓમાં એક સરખા સમાન આકારની પ્રતીતિ કરાવે છે. જ્યારે ઉર્ધ્વતાસામાન્ય કાળક્રમે થતા અર્થાત્ કાળભેદે થનારા એક મૃદ્દ્રવ્યના જ પિંડ-સ્થાસ-કોશ-કુશૂલાદિક પર્યાયોમાં મૃદ્દ્રવ્યના અન્વયની એટલે કે મૃદ્દ્રવ્યસંબંધી સમાનતાની પ્રતીતિ કરાવે છે. દેશભેદે એકાકાર પ્રતીતિ જેનાથી થાય તે તિર્યક્સામાન્ય, અને કાળભેદે અનુગતાકારપ્રતીતિ જેનાથી થાય તે ઉર્ધ્વતાસામાન્ય જાણવું.

**कोइक दिगंबरानुसारी इम कहइ छइ–जे "षट् द्रव्यनइं काल पर्यायरूप उर्ध्वतासामान्य प्रचय छइ, काल विना पांच द्रव्यनइं अवयवसंघातरूप तिर्यक्प्रचय छइ" तेहनइं मतइं "तिर्यक्प्रचयनो आधार घटादिक तिर्यक्सामान्य थाइ, तथा परमाणुरूप अप्रचयपर्यायनुं आधार भिन्नद्रव्य जोइइ" ते मांटि–५ द्रव्यनइं खंध-देश-प्रदेश-भावइं एकानेक व्यवहार उपपादवो. पणि तिर्यक्प्रचय नामान्तर न कहवुं.**

હવે દિગંબર મતને અનુસરનાર કોઈક આમ કહે છે. એટલે કે દિગંબરામ્નાય (દિગંબર પરંપરા) આમ માને છે કે છએ દ્રવ્યોમાં "કાળપર્યાય સ્વરૂપ" ઉર્ધ્વતાસામાન્યપ્રચય હોય છે. પરંતુ "અવયવોના સમૂહ સ્વરૂપ" તિર્યક્સામાન્યપ્રચય કાળ વિનાનાં પાંચ દ્રવ્યોમાં હોય છે. અહીં દિગંબરસંપ્રદાય એક "પ્રચય" શબ્દ નવો અધિક ઉમેરે છે. "પ્રચય" એટલે સમૂહ = ઉર્ધ્વતા સામાન્યનો સમૂહ તે ઉર્ધ્વતાસામાન્ય પ્રચય, અને તિર્યક્સામાન્યનો સમૂહ તે તિર્યક્સામાન્ય પ્રચય એમ જણાવે છે. છએ દ્રવ્યો અનાદિકાળથી છે અને અનંતકાળ રહેવાનાં છે. તેથી તે છએ દ્રવ્યોમાં ભૂત-ભાવિકાળને આશ્રયી અનંતકાળના અનંતા પર્યાયો વર્તે છે. તેથી કાળને આશ્રયી પર્યાયોના સમૂહ થયા. જેમકે કોઈએક જીવદ્રવ્યમાં ભૂત-વર્તમાન-ભાવિકાળમાં થયેલા થતા અને થનારા અનંતપર્યાયોનો સમૂહ છે. તેથી તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉર્ધ્વતાસામાન્યપ્રચય થયો. તેવી રીતે છએ દ્રવ્યોમાં ત્રણે કાળને આશ્રયી પોતપોતાના પર્યાયોનો સમૂહ રહેલો છે. તેથી આ સમૂહ સ્વરૂપ ઉર્ધ્વતા સામાન્ય પ્રચય કહેવાય છે. પરંતુ તિર્યક્સામાન્યનો પ્રચય જ્યાં અવયવોનો સંઘાત હોય છે. ત્યાં જ હોય છે. કાળદ્રવ્ય તેઓના મતે "અણુ" રૂપ જ છે. સમસ્ત ચૌદ રાજલોકના એક એક આકાશપ્રદેશમાં એક એક કાલાણુ દ્રવ્ય છે. તેઓનો પરસ્પર પિંડ બનતો નથી. આમ દિગંબર સંપ્રદાય માને છે. જેમ રેતીના દાણાથી ભરેલો ડબો હોય તેમ કાલાણુથી ભરેલો લોક છે. પરંતુ રેતીના કણોનો જેમ પિંડ બનતો નથી તેમ તે કાલાણુનો પિંડ બનતો નથી, બન્યો નથી બનશે પણ નહીં. તેથી તેમાં "અવયવસંઘાત" રૂપ તિર્યક્સામાન્ય પ્રચય સંભવતો નથી. બાકીના પાંચ દ્રવ્યોમાં અવયવોનો સંઘાત સંભવે છે કારણકે તે સર્વે દ્રવ્યો "અસ્તિકાય" સ્વરૂપ છે. આ રીતે "કાળપર્યાય રૂપ" ઉર્ધ્વતાપ્રચય અને "અવયવસંઘાતરૂપ" તિર્યક્પ્રચય આમ બન્ને પ્રચય છે. તેમાંથી પ્રથમનો એક પ્રચય છએ દ્રવ્યોમાં છે. અને બીજો પ્રચય કાલ વિના પાંચ દ્રવ્યોમાં છે. આવી દિગંબરસંપ્રદાયની માન્યતા છે.

*પ્રશ્ન*– ઉર્ધ્વતાપ્રચય અને તિર્યક્પ્રચય માનવાની આ માન્યતા દિગંબર આમ્નાયમાં કયા ગ્રંથમાં અને ક્યાં છે ?

*ઉત્તર*– વિક્રમ સંવતના પ્રારંભમાં (પ્રાયઃ પ્રથમ સૈકામાં) થયેલા અને દિગંબર આમ્નાયની દૃષ્ટિએ સર્વોત્કૃષ્ટ શ્રુતધરપણાનું માન પ્રાપ્ત કરી ચુકેલા શ્રી કુંદકુંદાચાર્ય રચિત ત્રણ મુખ્ય આગમગ્રંથો (આગમતુલ્ય ગ્રંથો) દિગંબર સંપ્રદાયમાં છે. ૧ સમયસાર, ૨ નિયમસાર અને ૩ પ્રવચનસાર. આ ત્રણ ગ્રંથમાંથી ત્રીજા પ્રવચનસારમાં ગાથા ૧ થી ૯૨માં જ્ઞાનતત્ત્વ, ગાથા ૯૩ થી ૨૦૦માં જ્ઞેયતત્ત્વ, અને ગાથા ૨૦૧ થી ૨૭૫માં ચરણાનુયોગતત્ત્વ સમજાવેલું છે. ત્યાં જ્ઞેયતત્ત્વના અધિકારમાં ગાથા નંબર-૧૪૧ અને ૧૪૨માં આ ઉર્ધ્વતાપ્રચય અને તિર્યક્ પ્રચય સમજાવેલા છે. તે ગાથા આ પ્રમાણે છે.

**एक्को व दुगे बहुगा, संखातीदा तदो अणंता य ।**
**दव्वाणं च पदेसा, संति हि समयत्ति कालस्स ॥१४१॥**

આ ગ્રંથ ઉપર લગભગ ૧૦મા સૈકામાં થયેલા શ્રી અમૃતચંદ્રાચાર્યે "તત્ત્વદીપિકા" નામની ટીકા લખી છે. તેમાં આ ગાથાની ટીકામાં લખ્યું છે કે **प्रदेशप्रचयो हि तिर्यक्प्रचयः, समयविशिष्टवृत्तिप्रचयस्तदूर्ध्वप्रचयः, तत्राकाशस्यावस्थितानन्तप्रदेशत्वाद् धर्माधर्मयोरवस्थितासंख्येयप्रदेशत्वाद् जीवस्यानवस्थितासंख्येयप्रदेशत्वात्, पुद्गलस्य द्रव्येणानेकप्रदेशत्वशक्तियुक्तैकप्रदेशत्वात् पर्यायेण द्विबहुप्रदेशत्वाच्चास्ति तिर्यक्प्रचयः । न पुनः कालस्य, शक्त्या व्यक्त्या चैकप्रदेशत्वात्, उर्ध्वप्रचयस्तु त्रिकोटिस्पर्शित्वेन सांशत्वाद्**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्रव्यवृत्तेः सर्वद्रव्याणा-मनिवारित एव । अयं तु विशेषः समयविशिष्टवृत्तिप्रचयः शेषद्रव्याणामुर्ध्वप्रचयः, समयप्रचय एव कालस्योर्ध्वप्रचयः । शेषद्रव्याणां वृत्तेर्हि समयादर्थान्तरभूतत्वादस्ति समय-विशिष्टत्वम् । कालवृत्तेस्तु स्वतः समयभूतत्वात्तद् नास्ति ॥१४१॥ વિશેષાધિકાર તે ગ્રંથથી જાણવો.

આવી માન્યતા ધારણ કરવામાં ક્યાં દોષ આવે છે ? તે હવે ગ્રંથકારશ્રી જણાવે છે કે તેઓના મત પ્રમાણે "કાળ વિનાનાં પાંચ દ્રવ્યોમાં તિર્યક્પ્રચય છે." એમ જે કહ્યું ત્યાં તિર્યક્પ્રચયના આધારભૂત ઘટપટ આદિ જે જે અવયવસમૂહાત્મક (સ્કંધાત્મક) પુદ્ગલ દ્રવ્યો છે. તેમાં તો તિર્યક્ પ્રચય છે એમ સિદ્ધ થશે. કારણકે અવયવ સમૂહ છે. પરંતુ તેમ થવાથી જે પુદ્ગલ, અવયવોના સમૂહસ્વરૂપ નથી. તેવા પરમાણુઓ એકલવાયા હોવાથી ત્યાં "પ્રચય" ઘટશે નહીં. તેથી પરમાણુઓ તો પ્રચયપર્યાયનો આધાર બનશે નહીં પણ અપ્રચય પર્યાયનો આધાર થશે. એટલે અપ્રચયપર્યાયના આધારભૂત પરમાણુદ્રવ્યમાં તિર્યક્પ્રચય ન ઘટવાથી તેને અલગ દ્રવ્ય માનવું પડશે. કારણ કે "કાળ વિનાનાં પાંચ દ્રવ્યોમાં તિર્યક્ પ્રચય હોય છે." એવી દિગંબરસંપ્રદાયની માન્યતા છે. હવે જો પરમાણુને પુદ્ગલ દ્રવ્યમાં અંતર્ગત કરે તો તિર્યક્પ્રચય માનવો પડે. અને તિર્યક્પ્રચય માને તો ત્યાં અવયવસંઘાત પણ માનવો પડે, અને તે તો છે નહીં. તેથી પરમાણુઓનો પુદ્ગલ દ્રવ્યમાં સમાવેશ ન થવાથી અલગ દ્રવ્ય માનવાની આપત્તિ આવશે.

આ દોષ ન આવે. તે માટે "પ્રચય" શબ્દ ઉમેરીને ગરબડ કરવી નહીં. ઘટ-પટાદિ દ્રવ્યો અને પરમાણુઓ સર્વે પુદ્ગલ દ્રવ્ય જ છે. એમ માનવું. ઘટપટાદિ દ્રવ્યો સ્કંધાત્મક પણે જોઈએ તો એક દ્રવ્ય છે. અને દેશ-પ્રદેશ રૂપે જોઈએ તો અનેકાત્મક છે. અને પરમાણુ પોતે સ્કંધ નથી, તથા અન્ય પરમાણુઓ સાથે ભળ્યો છતો તે સઘળા પરમાણુઓનો મળીને સ્કંધ બને છે. પરંતુ પોતે એકલો સ્કંધરૂપ બનતો નથી. સ્કંધ હોય તો જ દેશ-પ્રદેશ કહેવાય છે. પરંતુ સ્કંધ નથી માટે દેશ-પ્રદેશ પણ ત્યાં નથી. આ પ્રમાણે ઘટપટાદિ દ્રવ્યોમાં સ્કંધ-દેશ-પ્રદેશ આશ્રયી એક-અનેકપણાનો વ્યવહાર ઘટાડવો. પરંતુ "અવયવસંઘાત"રૂપ તિર્યક્પ્રચય કલ્પીને નવું નામાન્તર આપવા દ્વારા બુદ્ધિભેદ કરવાનું કામ ન કરવું. ઘટપટાદિ અનેક અણુઓનો સમૂહ છે તેથી ત્યાં સ્કંધ-દેશ-પ્રદેશ સંભવે છે. પરમાણુઓ એકલવાયા છે. તેથી ત્યાં સ્કંધાદિ ઘટતા નથી.[1] પરંતુ "આ પરમાણુ છે. આ પરમાણુ છે" એમ તિર્યક્ સામાન્ય ઘટી શકે છે. અવયવસંઘાતને તિર્યક્પ્રચય કહેવાથી પરમાણુઓમાં તિર્યક્સામાન્ય

૧. પરમાણુમાં પણ એકલવાયાપણુ હોવાથી એકનો અને વર્ણાદિ સ્વરૂપ ભાવપરમાણુને આશ્રયી અનેકનો વ્યવહાર થઇ શકે છે. માત્ર અવયવસમુહ રૂપ સ્કંધપણું પરમાણુમાં નથી પરંતુ દ્રવ્યપરમાણુ અને ભાવપરમાણુને આશ્રયી એકાનેકનો વ્યવહાર ત્યાં પણ સંભવી શકે છે.

જૈનમ્ જયતિ શાસનમ્
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સંભવશે જ નહીં. તેથી અવયવસંઘાતરૂપ તિર્યક્પ્રચય ન માનતાં एकाकारप्रतीति જેનાથી થાય તે તિર્યક્સામાન્ય માનવું એ જ ઉચિત અને નિર્દોષ માર્ગ છે. ॥૧૪॥

**શક્તિમાત્ર તે દ્રવ્ય સર્વની, ગુણ પર્યાયની લીજઈ રે ।**
**કારયરૂપ નિકટ દેખીનઈ, સમુચિત શક્તિ કહીજઈ રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરિઈ ॥૨-૬॥**

*ગાથાર્થ—* દ્રવ્યની અંદર રહેલી પોતપોતાના સર્વ-ગુણ-પર્યાયો પામવાની સત્તાગત જે શક્તિમાત્ર છે. તે ઓઘશક્તિ છે. અને કાર્યના સ્વરૂપને નજીક આવેલું જોઈને દ્રવ્યમાં જે શક્તિવિશેષ દેખાય છે. તે સમુચિતશક્તિ કહીજે. ॥૨-૬॥

**ટબો— હિવઈ ઉર્ધ્વતાસામાન્યશક્તિના ૨ ભેદ દેખાડઈ છઈ, દ્રવ્ય સર્વની આપ-આપણા ગુણ-પર્યાયની શક્તિમાત્ર લીજઈ, તે ઓઘશક્તિ કહીઈં, અનઈં જે કાર્યનું રૂપ નિકટ કહતાં-વહિલું ઉપજતું દેખીઈં, જે કાર્યની અપેક્ષાઈં તેહની સમુચિત શક્તિ કહિઈં, સમુચિત કહતાં-વ્યવહાર યોગ્ય. ॥૨-૬॥**

*વિવેચન—* हिवइ उर्ध्वता सामान्यशक्तिना २ भेद देखाडइ छइ. હવે જે ઉર્ધ્વતાસામાન્ય શક્તિ છે. તે શક્તિના ૨ ભેદો જણાવે છે. ચોથી-પાંચમી ગાથામાં ઉર્ધ્વતાસામાન્ય અને તિર્યક્સામાન્ય સમજાવવામાં આવ્યું છે. ત્યાં પ્રથમ ઉર્ધ્વતા સામાન્યમાં કંઈક સૂક્ષ્મતા સમજાવવા માટે આ વિષય વધારે ચર્ચે છે. કાળક્રમે પરિવર્તન પામતા પર્યાયોમાં વિવક્ષિત વસ્તુની એકતાની પ્રતીતિ કરાવનારૂં જે શક્તિ તત્ત્વ છે જેમ કે પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલમાં રહેતું જે માટીતત્ત્વ છે. એ ઉર્ધ્વતા સામાન્ય છે. તેના ગમે તેટલા પર્યાયો કાળ ક્રમે બદલાયા કરે પરંતુ માટી તો તેની તે જ છે. આ વાત સ્પષ્ટ સમજાય તેવી છે. પરંતુ કોઈ કોઈ વસ્તુઓમાં એવા એવા પર્યાયો કાળક્રમે બદલાતા જાય છે કે તે ભૂતકાળના અને ભાવિકાળના પર્યાયો બદલાય ત્યારે તે તે મૂળભૂત દ્રવ્યશક્તિ રહેલી છે. તે સ્પષ્ટ સમજી શકાતું નથી. કારણકે તે તે દ્રવ્યશક્તિ છુપાઈને (તિરોભાવે) રહેલી હોય છે. આ રીતે તિરોભાવે (છુપાઈને) રહેલી આ દ્રવ્યશક્તિ હોવાથી ભલે તે દ્રવ્યશક્તિ સમજાતી ન હોય, પરંતુ નથી એમ નહીં, છે તો ખરી જ. આ વાત સ્પષ્ટ સમજવા-સમજાવવા માટે એક ઉદાહરણ વિચારીએ.

પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ-કપાલ આ સર્વે પર્યાયોમાં જેમ મૃત્તત્ત્વ સ્પષ્ટ સમજાય છે. તેમ તૃણ-દુધ-દહીં-માખણ-ઘી આ પર્યાયોમાં પ્રથમ તૃણપર્યાયરૂપે રહેલા પુદ્ગલમાં

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘીની શક્તિ સ્પષ્ટ સમજાતી નથી. કોઈને કહીએ તો આ વાત તુરત તે માને પણ નહીં. પરંતુ તૃણમાં ઘીની શક્તિ નથી એમ નહિ. જો ન જ હોત તો તેનુ ભક્ષણ કરવાથી ગાય જે દૂધ આપે છે તે, તથા તેમાંથી કાળાન્તરે દુધ-દહી-માખણ બનવા દ્વારા જે ઘી થાય છે. તે બને નહીં. અને બને તો છે જ. માટે તૃણમાં પણ ઘીની શક્તિ છે. તલ અને રેતી બન્ને પદાર્થો દાણામાત્ર સ્વરૂપ છે. છતાં જેને તેલની જરૂર છે. તે તલ જ લાવે છે અને ઘાણીમાં પીલે છે. પરંતુ રેતી લાવતો નથી અને પીલતો નથી. તેથી માનવું જોઈએ કે તલમાં તેલ ભલે વ્યવહારથી ન દેખાય ન સમજાય તો પણ છુપાઈને (ગુપ્તપણે-તિરોભાવે) તે તલમાં તેલ અવશ્ય છે જ. જેમાં જે ન હોય (असत् હોય) તે કદાપિ નીપજે નહીં. જેમ રેતીમાંથી તેલ, ગધેડાના માથામાંથી શીંગડા, આકાશમાં ફુલ વિગેરે. તેથી વિવક્ષિત કોઈ પણ એક દ્રવ્યના ભૂત-ભાવિ પર્યાયોમાં તે તે દ્રવ્યશક્તિ સમજાય તો પણ છે અને ન સમજાય તો પણ છે. દૂર દૂરવર્તી કાર્યોની શક્તિ કારણોમાં ન સમજાય તેવી છે. અર્થાત્ તિરોભૂત-તિરોભાવે છે. અને કાર્યનું સ્વરૂપ જ્યાં અત્યન્ત નજીક આવવાનું થાય ત્યારે તે તે કાર્યની દ્રવ્યશક્તિ તેમાં પ્રગટપણે-અર્થાત્ આવિર્ભાવપણે છે. એમ જાણવું. એટલે તૃણમાં ઘીની શક્તિ તિરોભાવે છે. અને દુગ્ધાદિકમાં તે શક્તિ અનુક્રમે આવિર્ભાવરૂપે થતી જાય છે. જે ઘીકાળે પૂર્ણ આવિર્ભાવ પામે છે.

**द्रव्य सर्वनी-आप-आपणा गुण-पर्यायनी शक्तिमात्र लीजइं. ते ओघशक्ति कहिइ** = આ રીતે ઉર્ધ્વતાસામાન્યના બે ભેદ છે તે હવે સમજાવે છે— પ્રત્યેક દ્રવ્યોમાં પોત-પોતાના ભૂતકાળમાં થયેલા અને ભાવિ કાળમાં થવા વાળા સર્વે પણ ગુણ-પર્યાયો પામ્યાની અને પામવાની યોગ્યતામાત્ર સ્વરૂપે જે શક્તિ રહેલી છે. તે શક્તિને **ओघ**=ઓઘ અર્થાત્ સામાન્યમાત્ર પણે રહેલી ઊર્ધ્વતાસામાન્ય નામની શક્તિ કહેવાય છે. અર્થાત્ ઓઘ ઊર્ધ્વતાસામાન્ય કહેવાય છે. એમ સમજવું. કોઈ પણ એક એક પરમાણુમાં ઔદારિક આદિ આઠે ગ્રાહ્ય-અગ્રાહ્ય વર્ગણાપણે પરિણામ પામવાની જે શક્તિ રહેલી છે. પૌદ્‌ગલિક સર્વ કાર્યો રૂપે પરિણામ પામવાની જે યોગ્યતા રહેલી છે. તે "ઓઘશક્તિ" કહેવાય છે. નૈગમનયની દૃષ્ટિએ આ વાત સમજવી. નયસાર અને મરીચિના ભવમાં પ્રભુ શ્રી મહાવીર સ્વામિના જીવની તીર્થંકર થવાની જે યોગ્યતા માત્ર વર્તે છે. તે આ ઓઘશક્તિ જાણવી.

આ ઓઘશક્તિ વ્યવહારી જીવોના વ્યવહારને યોગ્ય નથી. કારણકે તે તે શક્તિ દેખવામાં અને માનવાનાં બાહ્ય કોઈ ચિહ્નો નથી. કોઈ પણ જાતનાં પ્રતીકો કે નિશાનીઓ નથી કે જેના આધારે વ્યવહારી જીવો તેમાં તે તે કાર્યની શક્તિ માની લે. જેમ તૃણમાં ઘીની જે શક્તિ છે. મરીચિના ભવમાં તીર્થંકર થવાની યોગ્યતા રૂપ જે શક્તિ છે. કપાસમાં પટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થવાની જે યોગ્યતારૂપ શક્તિ છે. ગોટલીમાં કેરી થવાની યોગ્યતારૂપ જે શક્તિ છે તે બધી વ્યવહારી જીવો વડે અગમ્ય હોવાથી ઓઘશક્તિ કહેવાય છે. અને આ નૈગમનયથી યોગ્યતા માત્રરૂપે કહેવાય છે. કારણકે નૈગમનય ઉપચારગ્રાહી હોવાથી દૂર દૂરના કારણમાં પણ કાર્યનો વ્યવહાર કરે છે.

જ્યાં બાહ્ય ચિહ્નો આવે, પ્રતીકોથી કાર્યનું હોવાપણું જણાય ત્યાં વ્યવહાર નય આવે છે.

**अनइं-जे कार्यनुं रूप निकट कहतां-वहिलुं उपजतुं देखीइं, ते कार्यनी अपेक्षाइं तेहनी समुचितशक्ति कहिइ. समुचित कहतां व्यवहार योग्य.** = અને કાર્યનું પ્રગટ થવાનું સ્વરૂપ અતિશય નિકટ આવેલું જોઈને એટલે કે વહેલું ઉત્પન્ન થવાનું જોઈને જે દ્રવ્યમાં જે શક્તિ દેખાય. તે શક્તિને તે તે કાર્યની અપેક્ષાએ સમુચિત શક્તિ કહેવાય છે. અહીં "સમુચિત" શબ્દનો અર્થ એકઠી થયેલી અર્થાત્ વ્યવહાર કરવાને યોગ્ય, એવો કરવો. જ્યાં કાર્યના ભાવો પ્રગટપણે દેખાવા લાગે, ચિહ્નો-નિશાનીઓ-દેખાવા લાગે ત્યારે તે તે દ્રવ્યમાં રહેલી કાર્યની પ્રગટ થવાની શક્તિ તે સમુચિત શક્તિ કહેવાય છે. જેમકે તૃણાદિમાં જે ઘીની શક્તિ છે તે ઓઘશક્તિ છે. પરંતુ દુધ-દહીં આદિમાં જે ઘીની શક્તિ છે તે સમુચિત શક્તિ જાણવી. મરીચિના ભવમાં તીર્થંકર થવાની યોગ્યતા તે ઓઘશક્તિ છે. અને મહાવીરસ્વામીના ભવમાં ઉંમર વર્ષ ૧ થી ૪૨માં જે તીર્થંકર થવાની યોગ્યતા છે તે સમુચિતશક્તિ સમજવી. કપાસમાં જે પટની શક્તિ છે તે ઓઘશક્તિ અને તંતુમાં જે પટની શક્તિ છે. તે સમુચિતશક્તિ. અમદાવાદથી મુંબઈ જતી ટ્રેનમાં નડીયાદ-આણંદમાં મુંબઈ આવવાની જે શક્તિ તે ઓઘશક્તિ અને બોરીવલીમાં મુંબઈ આવવાની જે શક્તિ તે સમુચિતશક્તિ જાણવી. આ પ્રમાણે અનેક ઉદાહરણો ઉપરથી ઊર્ધ્વતા સામાન્યના બે ભેદ સમજાય તેવા છે.

<u>ઓઘશક્તિ</u> = દૂર દૂર કારણમાં રહેલી કાર્યની શક્તિ. અર્થાત્ પરંપરા કારણમાં રહેલી કાર્યશક્તિ, જ્યાં કાર્યનાં પ્રગટ ચિહ્નો દેખાતાં નથી ત્યાં રહેલી જે શક્તિ તે.

<u>સમુચિતશક્તિ</u> = નજીકના કારણમાં રહેલી કાર્યની શક્તિ. અનંતર કારણમાં રહેલી કાર્યશક્તિ. જ્યાં કાર્ય પ્રગટ થવાનાં ચિહ્નો-પ્રતીકો દેખાય છે. તેવી શક્તિ. ॥૧૫॥

**ધૃતની શક્તિ યથા તૃણભાવઈં, જાણી પિણ ન કહાઈ રે ।**
**દુગ્ધાદિક ભાવઈ તે જનનઇં, ભાષી ચિત્ત સુહાઈ રે ॥**
**જિનવાણી રંગઇ મનિં ધરઇં ॥૨-૭॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ*– જેમ તૃણભાવમાં (ઘાસપણામાં) ઘીની શક્તિ જાણીએ છીએ પરંતુ લોકવ્યવહારમાં કહેવાતી નથી. દુગ્ધાદિકભાવમાં (દુધ વિગેરેના કાળમાં) લોકોને (ઘીની શક્તિ છે. એમ) કહી છતી તેઓના ચિત્તને સુખ આપનાર બને છે. ॥૨-૭॥

**ટબો– ઇહાં દૃષ્ટાન્ત કહઈ છઈ– જિમ ધૃતની શક્તિ તૃણભાવઇં-પુદ્ગલમાંહિ છઇં. નહીં તો તૃણ આહારથી ધેનુ દુધ દિઈ છઇ. તે દુધમાંહિ ધૃતશક્તિ કિહાંથી આવી ? "ઇમ અનુમાન પ્રમાણઇં તૃણમાંહિ જાણી" પિણ ધૃતશક્તિ કહવાઇં નહી. તે માટિં-તે ઓઘશક્તિ કહિઇં, અનઇં-તૃણનઇં દુગ્ધાદિક ભાવઇં=દુગ્ધ દધિ પ્રમુખ પરિણામઇં ધૃતશક્તિ કહીઇં તે ભાષી થકી જનનઇં-લોકનઇં ચિત્તિં સુહાઈ, તે માટિં તે સમુચિતશક્તિ કહિઇં, અનંતર કારણમાંહિ સમુચિત શક્તિ. પરંપરકારણમાંહિ ઓઘશક્તિં એ વિવેક.**

**એહ ૨ નું જ અનન્યકારણતા, પ્રયોજકતા એ બિ બીજાં નામ કહઈ છઈ. તે જાણવું. ॥૨-૭॥**

*વિવેચન*– **इहां दृष्टान्त कहइ छइं** આ જ વસ્તુ સમજાવવા દૃષ્ટાન્ત કહે છે. જો કે આ ગાથાનો ભાવાર્થ છઠ્ઠી ગાથાના વિવેચનમાં આવી જાય છે. છતાં સંક્ષિપ્ત અર્થ આ પ્રમાણે છે–

**जिम धृतनी शक्ति तृणभावइं-पुद्‌गलमांहि छइं. नही तो तृण आहारथी घेनु दुध दिइ छइ, ते दुधमांहिं घृतशक्ति किहांथी आवी ? ''इम अनुमानप्रमाणइं तृणमांहि जाणी'' पिण घृतशक्ति कहवाइं नही, ते माटिं-ते ओघशक्ति कहिइं.** જેમ ઘીની શક્તિ તૃણભાવે (ઘાસપણે) રહેલાં પુદ્‌ગલદ્રવ્યોમાંહે છે જ. એટલે કે તૃણપણે રહેલાં પુદ્‌ગલો પણ ધૃતની શક્તિયુક્ત છે. જો ઘૃતની શક્તિ ત્યાં ન હોય તો તૃણનો આહાર કરવાથી ધેનુ (ગાય) જે દૂધ દે છે (આપે છે) તે દૂધમાં ઘીની શક્તિ ક્યાંથી આવી ? જો મૂલબીજભૂત તૃણમાં ઘીની શક્તિ ન હોય તો તેના ફળભૂત દૂધ કાર્યમાં ભાવિના કાર્યની (ઘૃતની) શક્તિ ક્યાંથી આવે? તેથી મૂલબીજભૂત એવા તૃણમાં પણ ઘીની શક્તિ અવશ્ય છે જ. એમ અનુમાનપ્રમાણ દ્વારા તૃણમાં પણ ઘીની શક્તિ અવશ્ય જાણવી જોઈએ. તે અનુમાનપ્રયોગ આ પ્રમાણે છે.

**तृणानि** ( પક્ષ ), **घृतशक्तिवन्ति** ( સાધ્ય ), **तज्जन्यदुग्धादिषु घृतशक्तिदर्शनात्** (હેતુ). **नवनीतवत्** (ઉદાહરણ)

આ રીતે અનુમાન પ્રમાણ દ્વારા તૃણમાં પણ ઘીની શક્તિ છે જ. તથાપિ "**तत्र घृतमस्ति**" ત્યાં *"ઘૃતશક્તિ છે"* એવો વ્યવહાર લોકમધ્યે કહેવાતો નથી. કારણ કે તે શક્તિ પ્રતીતિરહિત હોવાથી લોકગમ્ય નથી. તે માટે તેને ઓઘશક્તિ કહેવાય છે. જ્યાં કાર્યની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શક્તિને પ્રદર્શિત કરનારાં ચિહ્નો ન દેખાય પરંતુ તિરોભાવે પણ શક્તિ હોય તો ખરી જ ત્યાં કાર્યની શક્તિ માનવી તે ઓઘશક્તિ છે.

**अनइ-तृणनइं दुग्धादिकभावइं=दुग्ध दधि प्रमुख परिणामइं घृतशक्ति कहीइं, ते भाषी थकी जननइं-लोकनइं चित्तिं सुहाइं, ते माटिं ते समुचितशक्ति कहिइं.** = અને તૃણના (ઘાસના) પરમાણુઓ જ્યારે દુગ્ધાદિકભાવે પરિણામ પામે એટલે કે દુધ-દહીં વિગેરે સ્વરૂપે પરિણામ પામે ત્યારે તે દુગ્ધાદિકમાં ઘીની શક્તિ છે એમ કહીએ તો તે તેમ (ભાષી છતી) કહી છતી લોકોને ચિત્તમાં સુખ ઉપજાવનારી બને અર્થાત્ લોકગમ્ય હોવાથી લોકો સુખે સુખે આ વાત સ્વીકારી લે છે. તે માટે ત્યાં દુગ્ધાદિકમાં જે ઘીની શક્તિ છે તે સમુચિતશક્તિ કહેવી. જ્યાં કાર્યની શક્તિને પ્રદર્શિત કરનારાં ચિહ્નો દેખાય છે. ત્યાં સમુચિત શક્તિ કહેવાય છે.

**अनंतरकारणमांहि समुचित शक्ति, परंपरकारणमांहि ओघशक्तिं ए विवेक. एह २ नुंज अनन्यकारणता प्रयोजकता ए बि बीजां नाम कहइ छइ. ते जाणवुं.** ॥ ૨-૭॥

સારાંશ કે અનંતર કારણમાં સમુચિતશક્તિ છે. અને પરંપરાકારણમાં ઓઘશક્તિ છે. એમ વિવેક કરવો. આ જ બન્ને શક્તિઓનાં અનન્યકારણતા અને પ્રયોજકતા એવાં બીજાં બે નામો અન્યગ્રંથોમાં કહ્યાં છે. આ વાક્યપ્રબંધમાં પ્રથમ સમુચિતશક્તિનો અને પછી ઓઘશક્તિનો ઉલ્લેખ છે. તેથી અનુક્રમે બે નામો જોડતાં સમુચિતશક્તિનુ નામ અનન્યકારણતા અને ઓઘશક્તિનું નામ પ્રયોજકતા છે. એમ જાણવું. *અનન્યકારણતા* એટલે અસાધારણકારણતા, અપૂર્વકારણતા, જ્યાં બીજાં કોઈ કારણો બાકી નથી તેવી સંપૂર્ણકારણતા, અર્થાત્ પરિપૂર્ણકારણતા. એવો અર્થ સમુચિતશક્તિનો થાય છે. અને *પ્રયોજકતા* એટલે દૂરવર્તી કાર્ય કરવામાં મૂલભૂત બીજરૂપે રહેલી પ્રયોજન ભૂત જે દ્રવ્યશક્તિ આ અર્થ ઓઘશક્તિમાં લાગુ પડે છે. ન્યાય-વૈશેષિક દર્શનશાસ્ત્રોમાં જે કારણને અનન્યથાસિદ્ધ કહેવામાં આવે છે તે જ આ બે કારણો છે. એક નિકટતમવર્તી કારણ છે અને એક દૂરતરવર્તી કારણ છે. પરંતુ કાર્ય કરવામાં બન્ને અતિશય આવશ્યક હોવાથી અનન્યથાસિદ્ધ છે એમ જાણવું.

અહીં પંડિતશ્રી શાન્તિભાઈના કરેલા વિવેચનમાં તથા કવિભોજસાગરજીકૃત દ્રવ્યાનુયોગતર્કણામાં **अन्यकारणता** એવો પાઠ ટબામાં છે. તથા પૂ. ધુરંધરસૂરિજી કૃત વિવેચનમાં ટબાની અંદર **अन्यकारणता** લખીને ફુટનોટમાં **अनन्यकारणा** લખેલી છે. પરંતુ અર્થસંગતિ **अनन्यकारणता** શબ્દથી વધારે ઉચિત બને છે. તેથી અમે તેને અનુસારે અર્થ કર્યો છે. છતાં વિદ્વાન મહાત્માઓએ વિશેષ વિચારવું. તથા દ્રવ્યાનુયોગતર્કણામાં બીજા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અધ્યાયની સાતમી ગાથામાં સંસ્કૃતટીકામાં ઓઘશક્તિનો ઉલ્લેખ પહેલાં કરીને સમુચિતશક્તિનો ઉલ્લેખ પછી કર્યો છે. તેને અનુસારે યથાસંખ્ય જોડીએ તો ઓઘશક્તિને અન્યકારણતા, અને સમુચિતશક્તિને પ્રયોજકત્તા કહેવાય. એમ બે નામો કહેલાં છે. આ અર્થ પ્રમાણે ઓઘશક્તિનું અન્યકારણતા, સમુચિતશક્તિનું પ્રયોજકત્તા નામ ઘટી શકે છે. ત્યાં અન્ય કારણતા એટલે સામાન્યકારણતા, જેમાં અન્ય (ઘણાં) કારણોની અપેક્ષા છે. આ અર્થ પ્રમાણે અન્યકારણતા પાઠ હોય એમ લાગે છે. છતાં જ્ઞાની ગીતાર્થો પાસેથી વિશેષ વિચારવું. ॥૧૬॥

## ધરમ શક્તિ પ્રાણીનઈં, પૂરવ પુદ્ગલનઈં આવર્તઈં રે ।
## ઓઘઈં, સમુચિત જિમ વલી કહિઈં, છેહલિં આવર્તઈં રે ॥
## જિનવાણી રંગઈં મનિં ધરઈં ॥૨-૮॥

પ્રાણીઓને પૂર્વ (અચરમ) પુદ્ગલપરાવર્તનોમાં "ધર્મશક્તિ" છે એમ જે કહીએ તે ઓઘશક્તિ છે. વળી છેલ્લા પુદ્ગલપરાવર્તને તે સમુચિત શક્તિ કહીએ. ॥૨-૮॥

**ટબો- આત્મદ્રવ્યમાંહિં એ બે શક્તિ ફલાવઈં છઈં-જિમ-પ્રાણીનઈં-ભવ્ય જીવનઈં પૂર્વ કહેતાં પહિલા પુદ્ગલપરાવર્તન અનંત વીત્યાં, તેહમાં પણિં ઓઘઈં-સામાન્યઈં, નહી તો છેહલઈં પુદ્ગલપરાવર્તનઈં તે શક્તિ ન આવઈં, "नासतो विद्यते भाव:" इत्यादिवचनात् અનઈં છેહલઈં પુદ્ગલપરાવર્તઈં ધર્મની સમુચિત શક્તિ કહિઈં अत एव—અચરમ પુદ્ગલપરાવર્ત ભવ-બાલ્યકાલ કહિઓ છઈ. અનઈં છેહલો પુદ્ગલપરાવર્ત ધર્મ યૌવનકાલ કહિઓ છઈ.**

अचरमपरिअट्टेसुं, कालो भवबालकालमो भणिओ ।
चरमो उ धम्मजुव्वणकालो, तहचित्तभेओ त्ति ॥
चतुर्थविंशतिविंशिकामध्ये ॥४-१९॥ ॥२-८॥

*વિવેચન*– સાતમી ગાથામાં તૃણ અને દુગ્ધમાં ઘીની શક્તિનું ઉદાહરણ આપીને નિર્જીવ વસ્તુમાં બે પ્રકારનું ઉર્ધ્વતા સામાન્ય સમજાવ્યું. તેની જેમ હવે આ ગાથામાં અચરમાવર્તમાં અને ચરમાવર્તમાં વર્તતા જીવમાં ધર્મની જે શક્તિ વર્તે છે. તે જ ઓઘ અને સમુચિત શક્તિરૂપે બે પ્રકારનું ઉર્ધ્વતા સામાન્ય છે. તે વાત સમજાવે છે.

**आत्मद्रव्यमांहि ए बे शक्ति फलावइं छइं, जिम प्राणीनइं–भव्यजीवनइं पूर्व कहेत्तां पहिला पुदगलपरावर्त अनंत बीतां, तेहमां पणि ओघइं–सामान्यइं, नहीं तो छेहलइं पुद्गलपरावर्तइं ते शक्ति न आवइ. "नासतो विद्यते भाव:" इत्यादिवचनात् =**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ પ્રાણીમાં એટલે કે ભવ્યજીવમાં પૂર્વના એટલે કે પહેલાનાં જે અનંતા પુદ્ગલ પરાવર્તન વીત્યાં છે. પસાર થયાં છે. તે સર્વ પુદ્ગલ પરાવર્તનમાં પણ ઓઘે એટલે કે ઓઘઉર્ધ્વતાસામાન્ય રૂપે ધર્મશક્તિ રહેલી છે. **नही तो** એટલે જો અચરમ પુદ્ગલ પરાવર્તનમાં ઓઘે ઓઘે પણ ધર્મશક્તિ ન હોય તો **छेहलइं** = છેલ્લા ચરમ પુદ્ગલ પરાવર્તમાં તે ધર્મશક્તિ પ્રાણીમાં આવે નહીં, કારણ કે પદાર્થમાં તિરોભાવે જે સ્વરૂપ **સત્** હોય છે. તે જ સ્વરૂપ કાળાન્તરે આવિર્ભાવે નીપજે છે. જે સ્વરૂપ તિરોભાવે પણ ઉપાદાનમાં ન હોય અને સર્વથા **અસત્** જ હોય છે તે સ્વરૂપ તે પદાર્થમાં કદાપિ નીપજતું નથી. જેમ કે રેતીમાં તેલ, સસલામાં શીંગડા વિગેરે, શાસ્ત્રમાં પણ કહ્યું છે કે "**न असतो विद्यते भावः**" જે સર્વથા અસત્ હોય છે. તેનો ભાવ (આવિર્ભાવ) કદાપિ થતો નથી. માટે ચરમ પુદ્ગલ પરાવર્તનમાં જીવની અંદર જો ધર્મશક્તિ આવિર્ભાવે પ્રગટ થતી દેખાય છે. તો તે ધર્મશક્તિ પૂર્વકાલમાં વીતેલાં અનંત પુદ્ગલ પરાવર્તનમાં પણ ઓઘે છે જ. અને અચરમ પુ. પ. માં ઓઘે પણ ધર્મશક્તિ છે તો જ તે શક્તિ છેલ્લા પુદ્ગલપરાવર્તમાં સમુચિતરૂપે આવિર્ભૂત થાય છે.

**अत एव—अचरमपुद्गलपरावर्त भव बाल्यकाल कहिओ छइ अनइं छेहलो पुद्गलपरावर्त धर्म यौवनकाल कहिओ छइ**

આ કારણથી જ અચરમ પુદ્ગલ પરાવર્તનવાળો જે કાળ છે. એ ધર્મને માટે સંસારી જીવનો બાલ્યકાળ જાણવો. અને છેલ્લુ પુદ્ગલ પરાવર્તન એ ધર્મને માટે જીવનો યૌવનકાલ જાણવો. પૂજ્યપાદ સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહરાજશ્રી પોતાની બનાવેલી વિંશતિવિંશિકા નામના ગ્રંથમાં ચોથી વિંશિકાના ૧૯મા શ્લોકમાં જણાવે છે કે−

**अचरमपरिअट्टेसुं कालो** = છેલ્લાની પૂર્વેના પુદ્ગલ પરાવર્તન સંબંધી જે કાલ,
**भवबालकालमो भणिओ** = તે સંસારમાં ધર્મ માટે બાલ્યકાળ જાણવો.
**चरमो उ धम्मजुव्वणकालो** = ચરમ આવર્ત એ ધર્મનો યૌવનકાળ જાણવો.
**तह चित्तभेओत्ति** = તે તે પ્રકારે જીવમાં ચિત્તનો (વિચારધારાનો) ભેદ થાય છે.

એક કાલે ગાઢ મિથ્યાત્વવાળું ચિત્ત હોય છે. બીજાકાલે સમ્યક્ત્વાભિમુખ ચિત્ત હોય છે.

મૂલગાથામાં "પ્રાણી" શબ્દ સામાન્યપણે સર્વજીવ વાચક હોવા છતાં પણ ટબામાં તેનો અર્થ સામાન્ય જીવ માત્ર ન કરતાં *"ભવ્ય જીવ"* એવો અર્થ જે કર્યો છે. તેનું કારણ એ છે કે ભવ્યજીવમાં જ અચરમ અને ચરમ પુદ્ગલપરાવર્તન સંભવે છે. અભવ્યમાં મુક્તિગમન ન હોવાથી ચરમપુદ્ગલ પરાવર્તન હોતુ નથી. તેથી ચરમ-અચરમનો વ્યવહાર ત્યાં (અભવ્યમાં) નથી. તેથી ટબામાં ભવ્યપ્રાણીનો ઉલ્લેખ કરેલો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે કોઈ પણ વિવક્ષિત દ્રવ્યમાં પોત પોતાના પર્યાયો પામવાની પારિણામિકભાવે જે શક્તિ વર્તે છે તે ઓઘશક્તિ છે. અને તે તે દ્રવ્યમાં વિવક્ષિત એવો તે તે પર્યાય પ્રગટ થવાનો કાલ પાકી ચુક્યો હોય, ઈતર સર્વકારણોની ઉપસ્થિતિ હોય ત્યારે તત્તત્સમયવર્તી યોગ્યતા તે સમુચિતશક્તિ છે. આ રીતે દ્રવ્યની અંદર પોત પોતાના કોઈ પણ પર્યાય (એટલે કાર્ય) પ્રગટ થવાની શક્તિ અવશ્ય રહેલી છે પરંતુ દૂર દૂર કારણમાં કાર્યની ઓઘશક્તિ અને નિકટતમ કારણમાં કાર્યની સમુચિતશક્તિ વર્તે છે. આ બન્ને પ્રકારની શક્તિ કાર્યની ઉત્પત્તિના પૂર્વકાળમાં (એક દૂરકાળમાં અને બીજી નજીકના કાળમાં) વર્તે છે. એક શક્તિ પરંપરાકારણમાં અને બીજી શક્તિ અનંતરકારણમાં વર્તે છે. અને તે બે શક્તિઓ દ્વારા જ અંતે કાર્ય નીપજે છે. આમ, પૂર્વાવસ્થામાં કારણ અને ઉત્તરાવસ્થામાં કાર્ય થાય છે. આ રીતે વ્યવહાર નય માને છે. તે વાત આગળલી ગાથામાં સમજાવે છે. ॥૧૭॥

"કારયભેદઇં શક્તિભેદ" ઈમ વ્યવહારિં વ્યવહરિઇં રે ।
નિશ્ચય "નાના કારય-કારણ એકરૂપ" તે ધરિઇં રે ॥
જિનવાણી રંગઇં મનિ ધરિઇં ॥૨-૯॥

*ગાથાર્થ–* કાર્યભેદે કારણભેદ છે. એમ વ્યવહારનયથી જાણવું. પરંતુ નિશ્ચયનયથી તો કાર્ય નાના (ભિન્ન ભિન્ન) = અનેક છે અને કારણ એક જ છે. ॥૨-૯॥

**ટબો– ઈમ એકેક કાર્યની ઓઘ-સમુચિત રૂપ અનેક શક્તિ એક દ્રવ્યની પામિઈં. તે વ્યવહારનયઇં કરીનઇં વ્યવહારિઈ. તે નય કાર્ય કારણ ભેદ માનઈ છઈ. નિશ્ચયનયથી દ્રવ્ય-નાનાકાર્ય કારણ એકશક્તિસ્વભાવ જ હૃદયમાંહિ ધરિઈ. નહીં તો સ્વભાવભેદઈં દ્રવ્યભેદ થાઈં. તે તે દેશ કાલાદિકની અપેક્ષાઈ-એકનઈં અનેકકાર્યકારણ સ્વભાવ માનતાં કોઈ દોષ નથી. કારણાંતરની અપેક્ષા પણિ સ્વભાવમાંહિં જ અંતર્ભૂત છઇ. તેણઇ-તેહનું પણિ વિફલપણું ન હોઈ**

**તથા "શુદ્ધનિશ્ચયનયનઇં મતઇં કાર્ય મિથ્યા છઇ." "आदावन्ते च यन्नास्ति, वर्तमानेऽपि तत्तथा" इति वचनात् કાર્ય-કારણકલ્પનારહિત શુદ્ધ અવિચલિતરૂપ દ્રવ્ય જ છઈ. તે જાણવું. ॥૨-૯॥**

*વિવેચન–* કાર્ય અને કારણનો ભેદ છે. કાર્ય ઉત્તરકાળે થાય છે. અને કારણ પૂર્વકાળમાં હોય છે. આમ વ્યવહારનય માને છે. તેથી જ કાર્યનો અર્થી જીવ તેને અનુરૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કારણસામગ્રી શોધે છે. એકઠી કરે છે. અને ભેગી કરેલી તે કારણસામગ્રીમાંથી પ્રયત્નવિશેષે કાર્ય નીપજાવે છે. જેમ કે માટી, દંડ, ચક્ર, ચીવર (કપડું) વિગેરે કારણસામગ્રી, ઘટના પૂર્વકાલમાં ઘટનો અર્થી જીવ પ્રાપ્ત કરે છે. અને તે સામગ્રી પ્રાપ્ત કર્યા પછી પ્રયત્નવિશેષ કરવાથી સર્વે કારણોનું યથાસ્થાને યુંજન વિશેષ કરવાથી તેમાંથી કાળાન્તરે ઘટાત્મક કાર્ય નીપજાવે છે. આ રીતે વ્યવહારનય માને છે અને સંસારમાં પણ આ રીતે જ કાર્યકારણની વ્યવસ્થા જીવોને દેખાય છે. કારણકે સંસારી લોકો વ્યવહાર નયને અનુસરનારા પ્રાયઃ હોય છે. જો આ વ્યવસ્થા ન માનવામાં આવે તો ઘટનો અર્થી માટી જ લાવે અને પટનો અર્થી તન્તુ જ લાવે, આમ કેમ ? ગમે તે કારણમાંથી ગમે તે કાર્ય જો બનતું હોય તો માટીમાંથી પટ, અને તન્તુમાંથી ઘટ પણ નીપજવો જોઈએ. પરંતુ આમ બનતું નથી. તેથી આ સંસારમાં કાર્યકારણભાવની જે નિયતવ્યવસ્થા છે. તે સઘળી વ્યવસ્થા આ ઓઘશક્તિ અને સમુચિતશક્તિને આભારી છે. અને આ સર્વે દ્રવ્યોનો પારિણામિક સ્વભાવ છે. આમ જાણવું. ઉપાદાન કારણભૂત દ્રવ્યમાં રહેલી તે તે કાર્યરૂપે પરિણામ પામવાની સામાન્ય યોગ્યતા અને ચરમ સમયનિષ્ઠયોગ્યતા, એ સઘળી દ્રવ્યશક્તિ કારણરૂપ છે. અને તે કાર્યના પૂર્વકાળવર્તી છે તથા તે બન્ને શક્તિદ્વારા પ્રગટ થનારો પર્યાયવિશેષ એ કાર્ય છે જે ઉત્તરસમયવર્તી છે. એમ કાર્યકારણનો ભેદ વ્યવહારનય માને છે. અને સ્થૂલ વ્યવહારી જીવોને આ વાત સમજાય તેવી છે. માટીમાંથી ઘટ, તન્તુમાંથી પટ, દુધમાંથી ઘી, સુવર્ણમાંથી મુદ્રાદિ નીપજે છે. આ જ વાત ગ્રંથકારશ્રી જણાવે છે–

**इम एकेक कार्यनी ओघ-समुचितरूप अनेकशक्ति एक द्रव्यनी पामिइं. ते व्यवहारनयइं करीनइं व्यवहारिइ. ते नय कार्यकारण भेद मानइ छइ. निश्चयनयथी द्रव्य नानाकार्यकारण एकशक्तिस्वभाव हृदयमांहि धरिइं.**

આ પ્રમાણે એક એક કાર્યની ઓઘશક્તિ અને સમુચિત શક્તિ સ્વરૂપ અનેક શક્તિઓ કારણરૂપે એક એક દ્રવ્યની અંદર પડેલી હોય છે. તૃણ નામના એક જ દ્રવ્યમાં દૂધ-દહીં-માખણ અને ઘી થવાની અનેક શક્તિઓ રહેલી છે. તેમાં કોઈ શક્તિ પોતાનું કાર્ય નિકટના કાળમાં કરે છે એટલે તેને સમુચિતશક્તિ કહેવાય છે. અને કોઈ શક્તિ પોતાનું કાર્ય દૂરતર કાળે કરે છે એટલે તેને ઓઘશક્તિ કહેવાય છે આમ કોઈ પણ એક દ્રવ્યમાં ભાવિમાં થનારૂં કાર્ય અવશ્ય સત્ છે. અને તેથી જ પૂર્વકાલમાં તે તે કાર્યની ઉત્પાદક શક્તિઓ પણ સત્ છે. આ રીતે કાર્ય કારણનો કાલ આશ્રયીને ભેદ છે એમ વ્યવહારનયે કરીને વ્યવહરવું (કહેવું-માનવું). કારણકે આ વ્યવહારનય કાર્ય-કારણનો ભેદ માને છે. પૂર્વકાળમાં કારણ અને ઉત્તરકાળમાં કાર્ય છે. આમ વ્યવહારનય માને છે.

જૈન સાહિત્ય JAINSITE જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે વ્યવહાર નયની માન્યતા હોવાથી કારણ પણ અનેક છે અને કાર્ય પણ અનેક છે. જેમ કે તૃણ કારણ દૂધ કાર્ય, દૂધ કારણ દહી કાર્ય, દહી કારણ માખણ કાર્ય, માખણ કારણ ઘી કાર્ય, ઘી કારણ મોદક કાર્ય, આ રીતે પૂર્વ પૂર્વ પર્યાય કારણ અને ઉત્તર ઉત્તર પર્યાય કાર્ય થાય છે. જેથી અનંતા પૂર્વપર્યાયો કારણ બને છે અને અનંતા ઉત્તર પર્યાયો કાર્ય બને છે. આમ **कारयभेदे शक्तिभेदे इम व्यवहारिं व्यवहरिइं**-કાર્યભેદ હોતે છતે કારણભેદ હોય છે. એમ વ્યવહારનયથી જાણવું *અનેક કારણ અને અનેક કાર્ય* આ વ્યવહારનયની માન્યતા છે.

પરંતુ નિશ્ચયનયની માન્યતા કંઈક જુદી જ છે. તેનું કહેવું છે કે—

કાર્ય અને કારણનો ભેદ નથી. પરંતુ દ્રવ્ય પોતે જ કારણભૂત છે. અને તે દ્રવ્ય પોતે જ જુદા જુદા કાર્યરૂપે પરિણામ પામે છે. જેમ કે તૃણ-દૂધ-દહી-માખણ-ઘી અને મોદક આ સર્વે પર્યાયો ક્રમશઃ પ્રગટ થતા હોવાથી, જીવ વડે કરાતા હોવાથી (**क्रियते यत् तद् कार्यम्**=જે કરાય તે કાર્ય) તે સર્વે પર્યાયોને કાર્ય જ કહેવાય છે. પર્યાયો અનંતા છે. માટે કાર્યો અનંતાં છે. પરંતુ તૃણ-દુગ્ધાદિ પર્યાય (કાર્ય) ભાવે પરિણામ પામનારૂં "પુદ્ગલાસ્તિકાય" એ જ એક મૂલ દ્રવ્ય કારણ છે. ત્યાં કારણભૂત પુદ્ગલદ્રવ્ય એક જ છે અનેક નથી. આ રીતે કાર્યો (પર્યાયો) અનેક છે. જે પૂર્વાપર રૂપે પ્રગટ થાય છે. અને નાશ પામે છે. અર્થાત્ ઉત્પાદ-વ્યયાત્મક છે. અને કારણ એક મૂલ દ્રવ્યમાત્ર જ છે. કે જે એકરૂપ છે. તથા જે દ્રવ્ય "અનેકકાર્યો કરવાના એક સ્વભાવવાળું જ માત્ર છે." દ્રવ્યનો પોતાનો એવો એક સ્વભાવ જ છે કે જે અનેક કાર્યો કરે. જેમ દૂધ એક દ્રવ્ય છે. તેનો એવો સ્વભાવ છે કે તેમાંથી પેંડા, દુધપાક, બાસુદી, ખીર, દહીં, ચા વિગેરે અનેકકાર્યો થાય છે. આ રીતે નિશ્ચયનયની દૃષ્ટિએ નાનાકાર્ય=અનેકકાર્યો છે. પરંતુ કારણ એક=વિવિધકાર્ય કરવાવાળું કારણ એક જ માત્ર છે. એટલે કે વિવિધકાર્ય કરવાના સ્વભાવથીયુક્ત એવું દ્રવ્ય એ કારણ છે. આવું હૃદયમાં અવશ્ય ધરીએ. તત્ત્વ સમજવું જોઈએ કે વ્યવહારનયે પૂર્વાપર પર્યાયોને જ કારણ-કાર્યરૂપે માન્યા છે. તેથી અનેકકારણ અને અનેકકાર્ય તે નય માને છે.

પરંતુ નિશ્ચયનય કહે છે કે જેમ ઉત્તર ઉત્તર પર્યાયો ઉત્પત્તિ વ્યયવાળા હોવાથી કાર્ય છે. તેમ પૂર્વ પૂર્વ પર્યાયો પણ ઉત્પત્તિ અને વ્યયવાળા હોવાથી કાર્ય જ છે. તે પૂર્વ-ઉત્તર સર્વે પર્યાયો ઉત્પાદ-વ્યયવાળા હોવાથી કારણ સ્વરૂપ નથી પણ કાર્યસ્વરૂપ છે તે પર્યાયો પામનારૂં (પર્યાય પામવાના એક સ્વભાવવાળું) જે મૂલભૂત દ્રવ્ય છે. તે કારણ છે. અને તે દ્રવ્ય તો સદા એક જ છે. માટે કારણ સદા એકરૂપ જ હોય છે. આ રીતે નિશ્ચય નયની દૃષ્ટિએ કાર્ય અનેક (નાના), અને કારણ દ્રવ્યમાત્ર સ્વરૂપ એક હોય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**नहीं तो स्वभाव भेदइं द्रव्यभेद थाइ. ते ते देश कालादिकनी अपेक्षाइं-एकनइ अनेककार्यकारणस्वभाव मानतां कोइ दोष नथी. कारणान्तरनी अपेक्षा पणिं स्वभावमांहि ज अंतर्भूत छइ. तेणइ-तेहनु पणि विकलपणुं न होइ.**

નિશ્ચયનયનું કહેવું છે કે પૂર્વાપર પર્યાયો પ્રાકટ્યમાન હોવાથી કાર્યાત્મક છે. અને તેમાં વણાયેલું મૂલબીજભૂત દ્રવ્ય તે એક જ કારણ છે. આમ જો ન માનીએ તો સ્વભાવભેદ થવાથી દ્રવ્યભેદ થાય. જેમ ઘટ અને પટ આ બન્ને દ્રવ્યો ભિન્ન ભિન્ન છે. કારણ કે ઘટ જલાધારનું કામ કરવાના સ્વભાવવાળો છે. અને પટ શરીરાચ્છાદન કરવાના સ્વભાવવાળો છે. ઘટનો જે જલાધારનો સ્વભાવ છે તે પટમાં નથી અને પટનો શરીરાચ્છાદનનો જે સ્વભાવ છે. તે ઘટમાં નથી. આમ જલાધાર અને શરીરાચ્છાદન કરવા સ્વરૂપ કાર્ય રૂપે સ્વભાવભેદ હોવાથી ઘટ-પટમાં દ્રવ્યભેદ છે. તેવી જ રીતે તૃણમાં દુધ ઉત્પાદનનો સ્વભાવ છે. દુધમાં દહી ઉત્પાદનનો સ્વભાવ છે એમ સર્વે પર્યાયોમાં ભિન્ન ભિન્ન કાર્ય કરવાનો સ્વભાવ હોવાથી સ્વભાવભેદ થયો. અને સ્વભાવભેદ થવાથી ઘટ પટની જેમ તૃણ-દુધ-દહીં-માખણ અને ઘી પણ સ્વતંત્ર ભિન્ન ભિન્ન દ્રવ્ય જ થઈ જશે અર્થાત્ વ્યવહાર નયના મતે ઘટ-પટની જેવો દૂધ દહીમાં પણ દ્રવ્યભેદ થશે. માટે વ્યવહારનયની માન્યતા બરાબર નથી. એમ નિશ્ચયનયનું કહેવું છે. તેથી એક મૂલભૂત દ્રવ્ય (પુદ્ગલાસ્તિકાય) જ છે. અને તે પોતે જ તૃણ-દૂધ આદિ અનેક કાર્યોમાં પરિણામ પામવારૂપે કારણ બને છે. એમ માનવું જ ઉચિત છે.

*પ્રશ્ન*– જો પુદ્ગલ દ્રવ્ય એક જ કારણ હોય અને તૃણ-દુગ્ધ-દધિ આદિ અનેક (પર્યાયો તે) કાર્ય હોય તો આ પુદ્ગલદ્રવ્ય નામના કારણમાંથી એકી સાથે તે તમામ કાર્યો કેમ નીપજતાં નથી ? ક્રમશઃ જ કેમ નીપજે છે ? તથા તૃણમાંથી દૂધકાર્ય કરવું હોય તો ગોભુક્તતા (ગાય વડે ઘાસનું ભક્ષણ કરાયેલું હોવું) જોઈએ અને દધિ બનાવવું હોય ત્યારે ખટાશનો યોગ જોઈએ. અને દધિમાંથી માખણ બનાવવું હોય તો રવૈયાનો યોગ જોઈએ. માખણનું ઘી બનાવવું હોય ત્યારે અગ્નિનો શેક જોઈએ. આવા ભિન્નભિન્ન બીજાં કારણાન્તરોની અપેક્ષા પણ કેમ છે ? જો એક જ કારણમાંથી અનેક કાર્યો નીપજતાં હોય તો એક જ કાલે નીપજવાં જોઈએ અને તે તે દ્રવ્યની પોતાની જ અનેક કાર્યકરણ શક્તિ હોવાથી ભિન્ન ભિન્ન કારણોની (કારણાન્તરોની) અપેક્ષા પણ ન રહેવી જોઈએ.

*ઉત્તર*– એક જ કારણ (મૂલભૂત દ્રવ્યશક્તિ) હોવા છતાં પણ તે તે કાર્ય કરવામાં (૧) કાળનો ક્રમ અને (૨) કારણાંતરોની અપેક્ષા જે રાખવામાં આવે છે તે પણ દ્રવ્યના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વભાવમાં જ અંતર્ભૂત કરવી. તૃણકાલે રહેલા પુદ્ગલોનો એવો સ્વભાવ જ છે કે તેમાંથી પ્રથમ દૂધ જ થાય, દધિ આદિ બનવાની શક્તિ હોવા છતાં પણ તે ન થાય અને તે દૂધ બનવામાં પણ ગોભુક્તતા કારણાંતર મળે તો જ થાય. તેવી જ રીતે દૂધ રૂપે રહેલાં પુદ્ગલોનો પણ એવો સ્વભાવ જ છે કે તેમાંથી દધિ જ થાય. બીજાં કાર્યો ન થાય. અને તે પણ ખટાશનો યોગ મળે તો જ થાય, આ રીતે તે તે દેશ-કાલાદિકની અપેક્ષાએ એક દ્રવ્યમાં જ અનેકકાર્ય કરણ-એટલેકે અનેક કાર્ય કરવાનો સ્વભાવ છે. એમ માનવામાં કોઈ દોષ નથી. અને કારણાંતરોની જે અપેક્ષા રાખવામાં આવે છે તે પણ સ્વભાવમાં જ અંતર્ભૂત ગણી લેવી. તે તે દ્રવ્યનો તેવો તેવો સ્વભાવ જ છે કે તે તે પ્રતિનિયત એવાં બીજાં કારણાંતરો મલે તો જ તે તે કાર્ય કરે એટલે દ્રવ્યમાં કાર્યની શક્તિ હોવા છતાં કારણાંતરની અપેક્ષાવાળી તે શક્તિ છે. આવો આ દ્રવ્યનો સ્વભાવ છે. **तेणइ**=તેથી **तेहनुं**=તે કારણાન્તરોનું પણ **विकलपणुं**=નિષ્ફળપણું **न होइ**=થતું નથી. કારણાન્તરો મળે તો જ દ્રવ્ય પોતાનું કાર્ય કરવાના સ્વભાવવાળું છે. આમ માનવાથી તે કારણાન્તરોનું પણ નિષ્ફળપણું થતું નથી. નિશ્ચયનયથી આ જે કંઈ સમજાવવામાં આવ્યું છે કે કારણભૂત દ્રવ્ય એક છે અને કાર્યભૂત પર્યાયો અનેક છે. તથા પોતાનાં અનંત કાર્ય કરવાનો (પર્યાય પામવાનો) દ્રવ્યમાં સ્વભાવ હોવા છતાં ક્રમશઃ જે થવાનું હોય તે જ કાર્ય કરે અને કારણાન્તરો મળે ત્યારે જ વિવક્ષિતકાર્ય કરે આ સઘળી વાત પણ અશુદ્ધ નિશ્ચયનયથી જાણવી. અર્થાત્ શુદ્ધ નિશ્ચયનયનું માનવું આ નય કરતાં વળી કંઈક જુદુ છે.

*પ્રશ્ન*— શુદ્ધ નિશ્ચયનયનું માનવું શું છે ? તે તો સમજાવો.

*ઉત્તર*— **तथा "शुद्धनिश्चयनयनइं मतइं कार्य मिथ्या छइ" "आदावन्ते च यन्नास्ति, वर्तमानेऽपि तत्तथा" इति वचनात्, कार्यकारणकल्पनारहित शुद्ध अविचलितरूप द्रव्य ज छइ. ते जाणवुं. ॥ २-९ ॥**

શુદ્ધ નિશ્ચયનયના મતે તો સર્વે પણ કાર્યો મિથ્યા છે. કાર્ય કારણ જેવું કંઈ છે જ નહીં. માત્ર પરિણામી સ્વભાવવાળું દ્રવ્ય જ છે. તૃણમાંથી દૂધ થયું એટલે વ્યવહારી લોકો દૂધને કાર્ય માને છે. પરંતુ વાસ્તવિક વિચારીએ તો દૂધ જેવું કોઈ કાર્ય જ નથી. કારણ કે તે દુગ્ધાત્મક કાર્ય, શું તૃણના પૂર્વકાળમાં હતું. અને થયું ? કે તૃણના અંતકાળમાં હતું અને થયું ? કે તૃણના વર્તમાનકાળમાં હતું અને થયું ? આમ ત્રણ પક્ષો છે. આ ત્રણમાંથી એક પણ પક્ષ યુક્તિ સંગત નથી. તે આ પ્રમાણે- તૃણના પૂર્વકાળમાં તો કાર્ય છે જ નહિ. આ વાત જગત્પ્રસિદ્ધ છે. હવે બીજો પક્ષ લહીએ કે તૃણના અંતકાળે છે. તો તે વાત પણ મિથ્યા છે. કારણકે તૃણનો નાશ થવાનો જે ચરમસમય છે. તે સમયે તૃણ નાશ પામતું હોવાથી

Jain Site जैनम् जयति शासनम्
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નશ્યમાન એવું પણ હજુ તૃણ છે. દૂધ બન્યુ નથી. તેથી દૂધ નથી અને પછીના સમયે જ્યારે દૂધ બને છે ત્યારે તૃણ જ રહ્યું નથી. કે જેથી તૃણમાંથી દૂધ બન્યું કહેવાય. અર્થાત્ તૃણના અન્તિમ સમયે તૃણ છે પરંતુ દૂધ નથી અને દુધના પ્રથમ સમયે દૂધ છે પરંતુ તૃણ નથી. તો તૃણમાંથી દૂધ બન્યુ એમ કેવી રીતે કહેવાય ? એટલે તૃણના અંતે પણ દૂધ નથી. હવે જે કાર્ય આદિમાં ન હોય અને અંતમાં પણ ન હોય, તો પછી તે કાર્ય વર્તમાનકાળમાં પણ તેમ જ હોય, એટલે કે પૂર્વમાં જેમ નથી, અંતમાં જેમ નથી તેમ વર્તમાનમાં પણ નથી જ, તેથી વર્તમાનકાળમાં પણ દૂધકાર્ય ન હોય તેવું જ છે. આ રીતે પૂર્વ-ઉત્તર પર્યાયોને વ્યવહારનય જે કાર્યરૂપે માને છે અને અશુદ્ધ નિશ્ચયનય પણ અનેક કાર્ય અને એક કારણ જે માને છે. તે સઘળી વાત શુદ્ધ નિશ્ચયનયની દૃષ્ટિએ મિથ્યા છે. આ રીતે કાર્ય જ કોઈ ન હોવાથી કારણ પણ નથી. કારણ શબ્દ કાર્યની અપેક્ષાવાળો છે. જેમ પિતા-પુત્ર, ગુરુ-શિષ્ય. જેને પુત્ર હોય તેને પિતા કહેવાય. જેને શિષ્ય હોય તેને ગુરુ કહેવાય. જેને પુત્ર-અને શિષ્ય નથી તેને જેમ પિતા અને ગુરુ કહેવાતા નથી તેમ જેમાંથી કાર્ય નીપજે તેને કારણ કહેવાય. પરંતુ કાર્ય જ કોઈ નથી તો કારણને કારણ કેમ કહેવાય ? માટે આ સંસારમાં કોઈ કાર્ય પણ નથી. અને કોઈ કારણ પણ નથી જ. ફક્ત પરિણામ પામવાના સ્વભાવવાળું દ્રવ્ય જ છે.

તેથી આ સંસારમાં કાર્ય-કારણની કલ્પના રહિત એવું શુદ્ધ દ્રવ્ય માત્ર જ છે. અને તે પણ પોત પોતાના મૂલભૂત સ્વરૂપથી અવિચલિત સ્વરૂપ વાળું છે. પોતાના *દ્રવ્યસ્વભાવથી* ચલિત ન થનારૂં દ્રવ્ય છે. આ નયની દૃષ્ટિએ નવા નવા પર્યાયરૂપે દ્રવ્ય ફક્ત આવિર્ભાવ-તિરોભાવ માત્ર જ પામે છે. જેમ સર્પ ઉત્ફણા કરે કે વિફણા કરે પરંતુ આખરે તે સર્પમાત્ર જ છે. ઉત્ફણા-વિફણાને વ્યવહારી લોકો કાર્ય-કારણ માની લે છે. પરંતુ તેમાં કાર્ય-કારણ જેવું કંઈ જ નથી. આ નયને બાહ્યવ્યવહારો ઈષ્ટ નથી. બાહ્ય ઉપચારો-આરોપો જે કરાય છે તે પણ ઈષ્ટ નથી. આન્તરિક પરિસ્થિતિ વધારે પ્રિય છે. એટલે નિશ્ચયનય પરિણતિપ્રધાન છે. અને વ્યવહારનય પ્રવૃત્તિપ્રધાન છે. પરિણતિ એ માનસિક પરિણામ છે. અને પ્રવૃત્તિ એ કાયિકધર્મ છે. એટલે જ પરિણતિ એ જ્ઞાનમય હોય છે. અને પ્રવૃત્તિ એ ક્રિયાત્મક હોય છે.

આ રીતે વિચારતાં અનેક કાર્ય અને અનેકકારણ છે એવી માન્યતા વ્યવહારનયની છે. અનેક કાર્ય અને એક કારણ છે. એવી માન્યતા અશુદ્ધનિશ્ચયનયની છે. અને કાર્ય-કારણ કંઈ છે જ નહીં. શુદ્ધ અવિચલિત દ્રવ્યમાત્ર જ છે. અને તે પરિણામી સ્વભાવવાળું છે. આવી માન્યતા શુદ્ધ નિશ્ચય નયની છે. એમ જાણવું. ॥૧૮॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગુણ પર્યાય વિગતિ બહુ ભેદઈ, નિજ નિજ જાતિં વરતઈ રે ।**
**શક્તિરૂપ ગુણ કોઈક ભાષઈ. તે નહી મારગી નિરતઈ રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરિઇં ॥૨-૧૦॥**

*ગાથાર્થ*– ગુણ અને પર્યાયની વ્યક્તિઓ અનેક પ્રકારની પોતપોતાની જાતિમાં (સ્વભાવમાં) વર્તે છે. કોઈક દર્શનકારો (દિગંબરો) ગુણને પણ (પરિવર્તન પામવાની) શક્તિસ્વરૂપ કહે છે. તે માર્ગી (માર્ગ ઉપર ચાલનારા) જીવો નિર્દોષ માર્ગે નથી. ॥૨-૧૦॥

**ટબો– ઇમ શક્તિરૂપઇં દ્રવ્ય વખાણિઉં. હવઈ-વ્યક્તિરૂપ ગુણપર્યાય વખાણઇં છઇં = ગુણ પર્યાય વ્યક્તિ બહુ ભેદઈં-અનેક પ્રકારિ, નિજ નિજ જાતિ-સહભાવી, ક્રમભાવી, કલ્પનાકૃત આપ આપણઇં સ્વભાવઇં વર્તઇં છઈં.**

**કોઈક દિગંબરાનુસારી શક્તિરૂપ ગુણ ભાષઈ છઈ. જે માટઈં તે ઈમ કહઈ છઈ જે - જિમ-દ્રવ્ય-પર્યાયનું કારણ દ્રવ્ય, તિમ ગુણપર્યાયનું કારણ ગુણ. દ્રવ્યપર્યાય = દ્રવ્યનો અન્યથા ભાવ. જિમ નર-નારકાદિક. અથવા દ્વયણુક-ત્ર્યણુકાદિક. ગુણપર્યાય=ગુણનો અન્યથાભાવ. જિમ મતિ-શ્રુતાદિ વિશેષ. અથવા સિદ્ધાદિ કેવલજ્ઞાન વિશેષ. ઇમ દ્રવ્ય ૧, ગુણ ૨, એ જાતિ શાશ્વત, અનઇં-પર્યાયથી અશાશ્વત. ઇમ આવ્યું.''**

**એહવું કહઈ છઈ, તે નિરતઈ-રૂડઈ માર્ગઈં નહીં. જે માટિં એ કલ્પના શાસ્ત્રિં તથા યુક્તિ ન મિલઈ. ॥૨-૧૦॥**

*વિવેચન*– આ પ્રમાણે ગુણ અને પર્યાયો પામવાની શક્તિવાળું દ્રવ્ય છે. એમ દ્રવ્યને શક્તિસ્વરૂપ સમજાવ્યું. હવે તેમાં ગુણ-પર્યાયો પ્રગટ થાય છે. વ્યક્ત થાય છે આવિર્ભૂત થાય છે. તેથી વ્યક્તિસ્વરૂપવાળા (વ્યક્ત થવાના સ્વરૂપવાળા) એવા ગુણ-પર્યાયોને ગ્રંથકારશ્રી જણાવે છે– તે તે ગુણો અને પર્યાયો પામવાની ઓઘ શક્તિ અને સમુચિતશક્તિ એમ બે પ્રકારની શક્તિયુક્ત દ્રવ્ય છે. અને તે કારણથી કારણાન્તરો પ્રાપ્ત થયે છતે અને કાર્ય કરવાનો કાળ પાકે છતે તે દ્રવ્યમાંથી પોતપોતાના સજાતીય ગુણ-પર્યાયો પ્રગટ થવા સ્વરૂપ કાર્ય ઉત્પન્ન થાય છે. તેથી સર્વે પણ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાય પામવાની શક્તિસ્વરૂપ છે. સુવર્ણદ્રવ્ય કડુ-કુંડલાદિ પર્યાય પામવાની શક્તિવાળું છે. મૃદ્દ્રવ્ય પિંડ-સ્થાસ-કોશાદિ પામવાની શક્તિવાળું છે. જીવદ્રવ્ય નર-નારકાદિ પામવાની શક્તિવાળાં દ્રવ્ય છે. આમ, એકે એક દ્રવ્યો પોતાનામાં રહેલા ગુણ પર્યાયો પામવાની શક્તિવાળાં છે. તેથી તે તે દ્રવ્યને તે તે ગુણ પર્યાયોનું ઉપાદાનકારણ કહેવાય છે. ઉપાદાન કારણભૂત દ્રવ્યમાં જ પોતપોતાના ગુણ-પર્યાયો પામવાની શક્તિમત્તા રહેલી છે. કારણાન્તરોની અપેક્ષા પણ સ્વસ્વભાવમાં જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અંતર્ગત જાણવી. દૂરતર કારણભૂત એવા ઉપાદાનમાં ઓઘશક્તિરૂપ (સામાન્યશક્તિરૂપ) અને નિકટતમ કારણભૂત ઉપાદાનમાં સમુચિતશક્તિરૂપ (પરિપક્વશક્તિરૂપ) યોગ્યતા રહેલી છે. તેથી દ્રવ્યમાં જ ગુણ પર્યાયો પ્રગટ થાય છે. અને દ્રવ્ય પોતે જ પોતપોતાના ગુણ પર્યાયો પામવાની અનંતશક્તિવાળું સ્વયં છે જ. આવા પ્રકારનો દ્રવ્યનો સ્વભાવ જ છે અને તે પણ પોતાનો પારિણામિક સ્વભાવ છે.

*પ્રશ્ન–* ગુણ અને પર્યાય એ શું છે ? બન્ને ઘટ અને પટની જેમ પરસ્પર ભિન્ન છે કે એકરૂપ છે ? જો ભિન્ન હોય તો એકાન્તભિન્ન છે કે વિવક્ષાકૃત ભિન્ન છે ? જો અભિન્ન હોય તો આવાં બે નામો કેમ ?

*ઉત્તર–* ગુણ અને પર્યાય ઘટ-પટની જેમ ભિન્ન પદાર્થ નથી પરંતુ દ્રવ્યાત્મક જે ધર્મી-પદાર્થ છે. તેની સાથે સદા કાળ રહેનારા જે ધર્મો છે તે ગુણ છે. અને તે ધર્મોનું જે પરિવર્તન થાય છે. તે પર્યાય છે. જેમ કે જીવ એ દ્રવ્ય છે. તે ધર્મી છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ જે ધર્મો છે. તે જીવની સાથે સદા વર્તતા હોવાથી ગુણો છે. તેને જ ધર્મો કહેવાય છે. તે ગુણોની પરાવૃત્તિ એટલે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન વિગેરે પર્યાયો છે. કારણકે જ્ઞાન જીવની સાથે સદા હોય છે. પરંતુ મતિજ્ઞાનોપયોગ કે શ્રુતજ્ઞાનોપયોગ સદા હોતો નથી. શ્રુતજ્ઞાનના ઉપયોગ કાળે મતિજ્ઞાનનો ઉપયોગ નથી. અવધિજ્ઞાન આદિના ઉપયોગકાલે મતિજ્ઞાનનો કે શ્રુતજ્ઞાનનો ઉપયોગ નથી આ રીતે મતિજ્ઞાનાદિની પરાવૃત્તિ છે. તેથી તેને પર્યાય કહેવાય છે. એવી જ રીતે પુદ્ગલાસ્તિકાયમાં રૂપ રસ ગંધ અને સ્પર્શ એ સદા રહેનાર હોવાથી ગુણો છે. પરંતુ શ્વેત-નીલ પીતાદિ પરાવૃત્તિ પામતા હોવાથી પર્યાય છે. આ રીતે "ધર્મ" પણે અભિન્ન અને સહભાવી-ક્રમભાવી પણે કથંચિદ્ ભિન્ન એવા ગુણ-પર્યાયો છે. પરંતુ ગુણોથી પર્યાયો અને પર્યાયોથી ગુણો અત્યન્ત ભિન્ન તત્ત્વ નથી. દ્રવ્યમાં રહેલા જે ધર્મો છે. તે ધર્મોને સહભાવી પણે જોઈએ તો તે ગુણ કહેવાય છે અને તે જ ધર્મોને ક્રમભાવીપણે જોઈએ તો તે પર્યાય કહેવાય છે. માટે ઘટપટની જેમ ગુણ અને પર્યાય અત્યન્ત ભિન્ન નથી. પરંતુ "ધર્મ" સ્વરૂપે વાસ્તવિક એક જ તત્ત્વ છે. માત્ર સહભાવી અને ક્રમભાવી રૂપે તેને જોતાં ગુણ અને પર્યાયમાં વિવક્ષાકૃત જ ભેદ છે. આ જ વાત આ ગાથામાં કહે છે–

**गुण पर्याय व्यक्ति बहु भेदइं-अनेक प्रकारिं निज निज जातिं सहभावी क्रमभावी कल्पनाकृत आप आपणइं स्वभावइं वर्तइं छइं.**

સર્વે દ્રવ્યોમાં પોત પોતાની જાતિને અનુસારે (પોત પોતાના સ્વભાવને અનુસારે) બહુ પ્રકારે ગુણો અને પર્યાયો રૂપ વ્યક્તિઓ વર્તે છે. તે સર્વેમાં સહભાવિત્વ અને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ક્રમભાવિત્વની કલ્પના વડે કરાયેલું ગુણ-પર્યાયમય સ્વરૂપ પોતપોતાના સ્વભાવે જ વર્તે છે. સારાંશ કે-ધર્મ અને ધર્મી એમ બે જ તત્ત્વ છે. આધાર રૂપ જે તત્ત્વ છે. તે ધર્મી છે. અને આધેય રૂપ જે તત્ત્વ છે. તે ધર્મ છે. આ ધર્મને જ્યારે સહભાવિ પણે નિરખીએ ત્યારે તે ગુણ કહેવાય છે. અને આ જ ધર્મને જ્યારે ક્રમભાવિ પણે નિરખીએ ત્યારે તે પર્યાય કહેવાય છે. તેથી ગુણ-પર્યાય ભિન્ન ભિન્ન નથી. પરંતુ સહભાવિ અને ક્રમભાવિ એવી કલ્પનાવડે કરાયેલો ભેદ છે. વાસ્તવમાં ભેદ નથી. ઘટ એ દ્રવ્ય છે. રૂપ રસાદિક એ ગુણ છે. રૂપ રસાદિકની પરાવૃત્તિ તે પર્યાય જાણવો. જીવ એ દ્રવ્ય છે. જ્ઞાનાદિક એ ગુણો છે અને તે જ્ઞાનાદિક ગુણોની જે પરાવૃત્તિ (હાનિ-વૃદ્ધિ વિગેરે) તે પર્યાય જાણવો. આ પ્રમાણે દ્રવ્ય નામનો ધર્મી પદાર્થ, ગુણ અને પર્યાય પામવાની શક્તિસ્વરૂપ છે. અને ગુણ-પર્યાયો તેમાં પ્રગટ થવાના સ્વરૂપવાળા છે. તેથી વ્યક્તિ સ્વરૂપ છે. (વ્યક્ત થવાના સ્વભાવવાળા છે.) આ રીતે દ્રવ્ય જ એક શક્તિ સ્વરૂપ છે. અને ગુણ-પર્યાયો વ્યક્તિસ્વરૂપ છે.

**कोइक दिगंबरानुसारी-शक्तिरूप गुण भाषइ छइ. जे माटइं-ते इम कहइ छइ. जे- "जिम द्रव्यपर्यायनुं कारण द्रव्य, तिम गुणपर्यायनुं कारण गुण. द्रव्यपर्याय=द्रव्यनो अन्यथाभाव, जिम-नर-नारकादिक, अथवा-द्व्यणुकत्र्यणुकादिक. गुणपर्याय=गुणनो अन्यथाभाव. जिम-मतिश्रुतादि विशेष. अथवा-सिद्धादिकेवलज्ञानविशेष. इम-द्रव्य-गुण ए जातिं शाश्वत, अनइं-पर्यायथी अशाश्वत, इम आव्युं"**

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

દિગંબર સંપ્રદાયને અનુસરનારા કોઈક આમ માને છે કે જેમ પર્યાયો પામવાની શક્તિવાળું દ્રવ્ય છે. તેવી જ રીતે ગુણો પણ પર્યાયો પામવાની શક્તિવાળા છે. અર્થાત્ જેમ દ્રવ્ય શક્તિરૂપ છે. તેમ ગુણ પણ (પર્યાયો પામવાની) શક્તિરૂપ છે. (જે માટે = એટલે) કારણકે તે દિગંબરાનુયાયી આમ કહે છે કે જેમ— "દ્રવ્યપર્યાયનું કારણ દ્રવ્ય છે. તેમ ગુણપર્યાયનું કારણ ગુણ છે. પર્યાય પામવાની શક્તિ જેવી દ્રવ્યમાં છે. તેવી જ ગુણમાં પણ છે. તેથી દ્રવ્ય અને ગુણ એ બે મૂલ જાતિ છે. અને તે બન્નેના જુદા જુદા પર્યાયો છે. દ્રવ્યના પર્યાયને દ્રવ્યપર્યાય કહેવાય છે. અને ગુણના પર્યાયને ગુણપર્યાય કહેવાય છે.

*દ્રવ્યપર્યાય* = એટલે દ્રવ્યનું અન્યથા થવું તે. દ્રવ્યનું રૂપાન્તર-પરિવર્તન.
*ગુણપર્યાય* = એટલે ગુણનું અન્યથા થવું તે. ગુણનું રૂપાન્તર-પરિવર્તન.

"આત્મા" નામનું જે દ્રવ્ય છે તેના મનુષ્ય, તિર્યંચ-નારકી આદિ જે જે પર્યયો થાય છે તે જીવદ્રવ્યના *દ્રવ્યપર્યાય* જાણવા. એવી જ રીતે "પુદ્ગલ" નામનું જે અજીવ દ્રવ્ય છે. તેના બે પરમાણુ-ત્રણ પરમાણુ સાથે મળીને જે દ્વયણુક-ત્ર્યણુકાદિ સ્કંધો બને છે. અથવા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મોટા સ્કંધો વિખેરાઈને જે નાના સ્કંધો બને છે તે સર્વે અજીવ દ્રવ્યના *દ્રવ્યપર્યાયો જાણવા* આ બધાં "દ્રવ્યપર્યાયનાં" ઉદાહરણો સમજવાં.

એવી જ રીતે "ગુણપર્યાય" એટલે ગુણોનો અન્યથા ભાવ. ગુણોનું બદલાવાપણું. જેમ કે "જ્ઞાન" એ જીવનો ગુણ છે. પરંતુ જ્ઞાનોપયોગમાં કોઈક કાળે મતિજ્ઞાનોપયોગ હોય, કોઈક કાળે શ્રુતજ્ઞાનોપયોગ હોય. કોઈક કાળે દર્શનોપયોગ હોય. એમ મતિ-શ્રુત આદિ ઉપયોગવિશેષ. અથવા મતિ-શ્રુત આદિ જ્ઞાનોની ક્ષયોપશમભાવે તરતમતારૂપ વિશેષતા. આ સઘળા ગુણપર્યાયો જાણવા અને કેવલજ્ઞાન પામી ચુકેલા કેવલી ભગવંતોમાં હીનાધિક્તા થવા રૂપ પર્યાયો સંભવતા નથી. પરંતુ તે કેવલજ્ઞાનમાં ભવસ્થ કેવલજ્ઞાન અને સિદ્ધસ્થકેવલજ્ઞાન. અથવા એકસમયાવચ્છિન્ન સિદ્ધસ્થ કેવલજ્ઞાન, દ્વિસમયાવચ્છિન્ન સિદ્ધસ્થ કેવલજ્ઞાન ઈત્યાદિ જ્ઞાનવિશેષતા સિદ્ધાવસ્થામાં પણ સંભવે. તેથી આ સર્વે જીવદ્રવ્યના જ્ઞાનાત્મક ગુણના પર્યાયો છે. તેથી *ગુણપર્યાયો કહેવાય* છે. તેવી જ રીતે ઘટ-પટ આદિ પુદ્ગલદ્રવ્યના રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ ગુણો છે. પરંતુ રૂપમાં નીલ-પીત-શ્વેત-રક્ત-કૃષ્ણાદિ ભાવે જે રૂપાન્તર થાય છે. તે ગુણપર્યાય છે. તથા ગંધ એ ગુણ છે. પરંતુ ગંધમાં સુરભિ-દુરભિ પણે જે રૂપાન્તર થાય છે. તે સઘળા *ગુણપર્યાય કહેવાય* છે. આ રીતે જીવ અને પુદ્ગલાત્મક દ્રવ્ય જેમ મૂલજાતિરૂપે શાશ્વત છે. તેવી જ રીતે જ્ઞાનાદિ જીવના ગુણો અને રૂપાદિ પુદ્ગલના ગુણો એ જાતિ પણ દ્રવ્યની જેમ જ શાશ્વત છે. અર્થાત્ દ્રવ્ય એક, અને ગુણ બીજી એમ બે મૂલજાતિ છે અને તે શાશ્વત (ધ્રુવ) છે. અને તે બન્નેનાં જે જે રૂપાન્તરો થાય છે. તે પર્યાયો છે અને તે પર્યાયો પણ દ્રવ્યપર્યાય અને ગુણપર્યાયના નામે દ્વિધા છે. અને તે પર્યાયો પરિવર્તન પામતા હોવાથી અશાશ્વત છે. આમ આ તત્ત્વ છે. આ પ્રમાણે દિગંબરાનુયાયી કહે છે—

*પ્રશ્ન*— દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય આમ પર્યાયના બે ભેદ છે. દ્રવ્યની જેમ ગુણમાં પણ પર્યાય પામવાની શક્તિ છે. આવી વાત દિગંબરોના શાસ્ત્રમાં ક્યાં કહી છે ? ક્યા ગ્રંથમાં અને કઈ ગાથામાં કહી છે.

*ઉત્તર*— શ્રી કુંદકુંદાચાર્ય વિરચિત પ્રવચનસાર નામના ગ્રંથમાં જ્ઞેયતત્ત્વાધિકાર નામના બીજા અધિકારમાં ૯૩મી ગાથામાં અને તેના ઉપર રચાયેલી શ્રી અમૃતચંદ્રાચાર્યની ટીકામાં આ વર્ણન છે. તે ગાથા તથા ટીકાનો પાઠ આ પ્રમાણે છે.

अत्थो खलु दव्वमओ, दव्वाणि गुणप्पगाराणि भणिदाणि ।
तेहिं पुणो पज्जाया, पज्जयमूढा हि परसमया ॥९३॥ પ્રવચનસાર ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ–* પદાર્થ ખરેખર દ્રવ્યમય છે. અને દ્રવ્યો ગુણાત્મક કહેલાં છે. તે બન્નેના વળી પર્યાયો છે. પર્યાયોમાં જે જીવો મોહાન્ધ થાય છે. તે પરસમય છે (પરભાવદશાવાળા જીવો છે.) ॥૯૩॥

ટીકા– *इह किल यः कश्चन परिच्छिद्यमानः पदार्थः सः सर्व एव विस्तारायात सामान्यसमुदायात्मना द्रव्येणाभिनिर्वृत्तत्वाद् द्रव्यमयः । द्रव्याणि तु पुनरेकाश्रयविस्तार-विशेषात्मकै र्गुणैरभिनिर्वृत्तत्वाद् गुणात्मकानि । पर्यायास्तु पुनरायत विशेषात्मका उक्तलक्षणै र्द्रव्यैरपि गुणैरप्यभिनिर्वृत्तत्वाद् द्रव्यात्मका अपि गुणात्मका अपि । तत्रानेकद्रव्यात्मकैक्य-प्रतिपत्तिनिबन्धनो द्रव्यपर्यायः । स द्विविधः, समानजातीयोऽसमानजातीयश्च । तत्र समान-जातीयो नाम यथा अनेकपुद्गलात्मको द्वयणुकस्त्र्यणुक इत्यादि, असमानजातीयो नाम यथा जीवपुद्गलात्मको देवो मनुष्य इत्यादि ।*

**गुणद्वारेणायतानैक्यप्रतिपत्तिनिबन्धनो गुणपर्यायः । सोऽपि द्विविधः, स्वभावपर्यायो विभावपर्यायश्च । तत्र स्वभावपर्यायो नाम समस्तद्रव्याणामात्मीयात्मीयागुरुलघुगुणद्वारेण प्रतिसमयसमुदीयमान षट्स्थानपतितवृद्धिहानिनानात्वानुभूतिः, विभावपर्यायो नाम रूपादीनां ज्ञानादीनां वा स्वपरप्रत्ययप्रवर्तमान-पूर्वोत्तरावस्थावतीर्णतारतम्योपदर्शित-स्वभाव विशेषानेकत्वापत्तिः । अथेदं दृष्टान्तेन द्रढयति—**

આ પાઠને અનુસારે દ્રવ્યના પર્યાયો અને ગુણના પર્યાયો એમ પર્યાયો બે જાતના છે. ત્યાં દ્રવ્યપર્યાયો સમાનજાતીય અને અસમાનજાતીય નામે બે પ્રકારના છે. દ્વયણુક-ત્ર્યણુકાદિ જે સ્કંધો થાય છે. તે એક પુદ્ગલ દ્રવ્ય માત્રજન્ય હોવાથી સમાન જાતીય પર્યાય કહેવાય છે. અને જીવ-પુદ્ગલ મળીને દેવ-મનુષ્યાદિ જે પર્યાયો દ્રવ્યના થાય છે તે અસમાનજાતીય પર્યાય કહેવાય છે. તેવી જ રીતે ગુણના પણ પર્યાયો છે. અને તેના બે ભેદ છે સ્વભાવપર્યાય તથા વિભાવપર્યાય. સર્વ દ્રવ્યોને પોતપોતાના અગુરુલઘુગુણ દ્વારા પ્રગટ થતું ષડ્ગુણહાનિ-વૃદ્ધિરૂપે નાનાપણું તે સ્વભાવગુણપર્યાય અને રૂપાદિ તથા જ્ઞાનાદિ ગુણોમાં સ્વપર (ઉપાદાન-નિમિત્ત)ના કારણે પ્રવર્તતી જે તારતમ્યતા, અને તેના કારણે થતું નાનાપણું તે વિભાવગુણપર્યાય કહેવાય છે. આમ દિગંબરામ્નાય માને છે. અહીં સુધી પ્રવચનસારના આધારે દિગંબર આમ્નાય શું માને છે. તે વાત કરી.

**एहवुं कहइ छइ, ते निरतइ = रुडइ मार्गइ नहीं जे माटिं-ए**
**कल्पना शास्त्रिं तथा युक्तिं न मिलइं ॥२-१०॥**

દિગંબરાનુસારી લોકો દ્રવ્ય અને ગુણને મૂલભૂત શાશ્વત જાતિ કહીને દ્રવ્યપર્યાય તથા ગુણપર્યાય જણાવીને જેમ દ્રવ્ય પર્યાય પામવાની શક્તિરૂપ છે. તેમ ગુણપણ પર્યાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પામવાની શક્તિરૂપ છે. એહવું જે કહે છે. તે નિરત માર્ગે એટલે કે નિર્દોષ માર્ગે=રૂડે માર્ગે નથી. જે માટે=કારણકે દિગંબરસંપ્રદાયની આ કલ્પના કલ્પના માત્ર જ છે. કારણકે શાસ્ત્રની સાથે આ વાત મળતી આવતી નથી તથા યુક્તિથી પણ આ વાત સંગતિ પામતી નથી. ત્યાં પ્રથમ શાસ્ત્રની સાથે કેવી રીતે સંગતિ થતી નથી તે હવે પછીની ગાથામાં સમજાવે છે. ॥૧૯॥

**પર્યાયથી ગુણ ભિન્ન ન ભાખીઓ, સમ્મતિ ગ્રંથિં વિગતિ રે ।**
**જેહનો ભેદ વિવક્ષાવશથી, તે કિમ કહિઈ શક્તિં રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરિઈ ॥૨-૧૧॥**

*ગાથાર્થ*– "પર્યાયથી ગુણ ભિન્ન કહ્યો નથી" આવું સ્પષ્ટવિધાન સમ્મતિ પ્રકરણમાં છે, વિવક્ષામાત્રના વશથી જ જેનો ભેદ કરવામાં આવ્યો હોય તેને શક્તિરૂપ (પર્યાય પામવાની શક્તિવાળો) કેમ માની લેવાય ? ॥૨-૧૧॥

***ટબો***– **પર્યાયથી ગુણ ભિન્ન કહતાં-જુદો ભાખીઓ નથી. સમ્મતિ ગ્રંથિં, વ્યક્તિ-પ્રગટ અક્ષરઇં. તથાહિ–**

परिगमणं पज्जाओ, अणेगकरणं गुणत्ति एगट्ठा ।
तह वि ण गुण त्ति भण्णई, पज्जवणयदेसणा जम्हा ॥३-१२॥

**"જિમ ક્રમભાવિપણું પર્યાયનું લક્ષણ છઈ, તિમ અનેક કરવું. તે પણિ-પર્યાયનું લક્ષણ છઈ. દ્રવ્ય તો એક જ છઈ. જ્ઞાન-દર્શનાદિક ભેદ કહઈ છઈ. તે પર્યાય જ છઈ, પણિ ગુણ ન કહિઈં. જે માટિં-દ્રવ્ય-પર્યાયની દેશના ભગવંતની છઈ. પણિ-દ્રવ્ય-ગુણની દેશના નથી" એ ગાથાર્થ.**

**"જો ઈમ-ગુણ, પર્યાયથી ભિન્ન નથી, તો "દ્રવ્ય-ગુણ-પર્યાય" એ ૩ નામ કિમ કહો છો ?" ઇમ કોઈ કહઇં. તેહનઇં કહિઇં જે "વિવક્ષા કહિઇં ભેદનયની કલ્પના, તેહથી. જિમ तैलस्य धारा" ઇહાં તેલ નઇં ધારા ભિન્ન કહી દેખાડ્યાં. પણિ ભિન્ન નથી. તિમ "સહભાવી ક્રમભાવી કહીનઇં ગુણ-પર્યાય ભિન્ન કહી દેખાડ્યાં. પણિ પરમાર્થઇં ભિન્ન નથી. ઈમ જેહનો ભેદ ઉપચરિત છઈ. તે શક્તિ કિમ કહિઇં ? જિમ ઉપચરિત ગાય દુઝેઈ નહીં, તિમ ઉપચરિત ગુણ શક્તિ ન ધરઈ. ॥ ૨-૧૧ ॥**

*વિવેચન*– જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ, અને કાલ આ મૂલ ૬ દ્રવ્યો છે. તે ૬માં જીવ અને પુદ્ગલ દ્રવ્ય સર્વને સમજાય તેમ હોવાથી મુખ્યત્વે તે બે દ્રવ્યને


www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આશ્રયી સમજાવવામાં આવે છે કે આત્મા એ જીવદ્રવ્ય છે. જ્ઞાનાદિ જીવના ગુણો છે. અને મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન આદિ જે પર્યાયો કહેવાય છે તે ગુણના પર્યાયો નથી. પરંતુ જીવદ્રવ્યના જ પર્યાયો છે. *મતિ-શ્રુતજ્ઞાનની હીનાધિકતા કે તરતમતા એ પણ ગુણના પર્યાયો નથી પરંતુ જીવના જ પર્યાયો છે.* ભવસ્થ કેવલજ્ઞાન કે સિદ્ધસ્થ કેવલજ્ઞાન ઈત્યાદિ પણ જીવના જ પર્યાયો છે. કારણકે ઉપરના સર્વે પર્યાયો ગુણને આશ્રયીને થાય છે. પરંતુ થાય છે તો જીવમાં જ, જીવનો જે જ્ઞાનોપયોગ મતિજ્ઞાન રૂપ હતો તે શ્રુતજ્ઞાનરૂપ થયો. જીવનું જે કેવલજ્ઞાન ભવસ્થસ્વરૂપવાળું હતું તે સિદ્ધસ્થ સ્વરૂપ બન્યું. એમ સર્વે પર્યાયો ગુણને આશ્રયી પ્રવર્તે છે. પરંતુ ગુણમાં પ્રવર્તતા નથી. જીવમાં જ પ્રવર્તે છે. નર-નારકાદિ જેમ ઔદયિક ભાવના જીવના પર્યાયો છે. અને ઔદાયિકભાવ જીવને જ હોય છે. તેમ મતિજ્ઞાનાદિ ગુણવિશેષો અને તેઓની હાનિ-વૃદ્ધિ રૂપ તરતમતા એ ક્ષાયોપશમિક ભાવના પર્યાયો છે. અને તે ક્ષાયોપશમિક ભાવ પણ જીવને જ હોય છે. તેવી જ રીતે ઘટ-પટ એ પુદ્ગલ દ્રવ્ય છે. રૂપ રસાદિક તેના ગુણો છે. અને નીલ-પીતાદિ રૂપે જે પરાવૃત્તિ થાય છે તે પરાવૃત્તિ પણ ઘટપટ દ્રવ્યના જ પર્યાયો છે. રૂપ-રસાદિકના તે પર્યાયો નથી. કારણકે *નીલ-પીતાદિ અને રૂપ એ કંઈ જુદી વસ્તુ નથી.* સુરભિ-દુરભિ અને ગંધ એ કંઈ ભિન્ન વસ્તુ નથી. ઘટપટનું જે નીલરૂપ હતું તે જ પીતરૂપે થયું. એટલે ઘડામાં જ પરિવર્તન આવ્યું. રૂપ રસ, ગંધ, સ્પર્શ, આ ચાર ગુણો, અને નીલ, પીત, શ્વેતાદિ તેના ઉત્તરભેદો કંઈ જુદા નથી. જે નીલ છે તે પણ રૂપ જ છે. જે પીત છે તે પણ રૂપ જ છે. જે શ્વેત છે તે પણ રૂપ જ છે. માટે નીલ-પીત શ્વેત-રક્ત અને કૃષ્ણને ક્રમભાવી પણે નીરખીએ ત્યારે તે બદલાતા દેખાય છે માટે પર્યાય કહેવાય છે. અને નીલ પણ રૂપ જ છે. પીત પણ રૂપ જ છે એમ સહભાવીપણે જ્યારે જોઈએ છીએ ત્યારે તે ગુણપણે જણાય છે તેથી વસ્તુત ગુણો એ કંઈ પર્યાયથી ભિન્ન તત્ત્વ નથી કે તેને દ્રવ્યની જેમ આધાર બનાવીને શક્તિરૂપ માની શકાય. આ જ વાત ગ્રંથકારશ્રી સમજાવે છે—

**પર્યાયથી ગુણ ભિન્ન કહતાં-જુદો ભાખિઓ નથી. સમ્મતિ ગ્રંથિં, વ્યક્તિં-પ્રગટ અક્ષરઇં, તથાહિ—**

**પરિગમણં પજ્જાઓ, અણેગકરણં ગુણત્તિ એગટ્ઠા ।**
**તહ વિ ણ ગુણત્તિ ભણ્ણઈ, પજ્જવણયદેસણા જમ્હા** ॥૩-૧૨॥ (સ.પ્ર.)

પર્યાયથી ગુણો એ ભિન્ન તત્ત્વ એટલે કે જુદો પદાર્થ શાસ્ત્રોમાં કહેલો નથી. પૂજ્યપાદ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ સમ્મતિપ્રકરણ નામના મહાગ્રંથના ત્રીજા કાંડની બારમી ગાથામાં આ વાત વ્યક્તપણે એટલે કે સ્પષ્ટ અક્ષરોથી કહી છે. તે આ પ્રમાણે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"પરિગમન, પર્યાય, અનેકકરણ, અને ગુણ આ ચારે શબ્દો એક જ અર્થવાળા છે. પર્યાયવાચી શબ્દો જ છે. છતાં "ગુણ" એવા શબ્દની પ્રસિદ્ધિ નથી પણ *"પર્યાય"* શબ્દની પ્રસિદ્ધિ છે. કારણકે ભગવાનની દેશના પર્યાયાર્થિકનયની છે." આ ગાથાથી સ્પષ્ટ સમજાય છે કે પર્યાય અને ગુણ બન્ને શબ્દો એકાર્થક જ છે. ખરેખર તો *"અનેકકરણ"* આ તેનું લક્ષણ છે. તો જેમ પર્યાયો દ્રવ્યને અનેકરૂપે કરે છે તેમ ગુણ પણ દ્રવ્યને અનેકરૂપે કરે જ છે. જેમ નર-નારકાદિ પર્યાયો જીવદ્રવ્યને અનેકપણે કરે છે. આ જીવ નર છે. આ જીવ નારકી છે. આ જીવ દેવ છે. ઈત્યાદિરૂપે જીવદ્રવ્યને જેમ પર્યાયો અનેકરૂપે વ્યવહારયોગ્ય બનાવે છે. તેમ ગુણો પણ તે દ્રવ્યને અનેકરૂપે કરે જ છે. જે જીવ પૂર્વે મતિજ્ઞાનવાળો હતો, તે જીવ હવે શ્રુતજ્ઞાનવાળો થયો, તથા જે જીવ શ્રુતજ્ઞાનવાળો હતો તે જીવ હવે કેવલજ્ઞાનવાળો થયો ઈત્યાદિ કહેવાય જ છે. તથા આ જીવ અલ્પજ્ઞાની, આ જીવ અધિકજ્ઞાની ઈત્યાદિ રીતે ગુણો પણ જીવદ્રવ્યને અનેકસ્વરૂપે સમજાવે જ છે.

જે રૂપ, રસાદિક ગુણો છે તે જ નીલ, પીત શ્વેત તથા તિક્ત કટુ આદિ સ્વરૂપે છે. રૂપરસાદિક અને નીલપીતાદિક ભિન્ન વસ્તુ નથી. તેથી દ્રવ્ય અને પર્યાય એમ બે જ વસ્તુ છે. પર્યાયોને સહભાવી પણે વિચારીએ ત્યારે તે ગુણપણે જણાય છે અને તે પર્યાયોને ક્રમભાવી પણે વિચારીએ તો પર્યાય રૂપે જણાય છે. એમ માત્ર સહભાવી ક્રમભાવીપણાની કલ્પના દ્વારા કરાયેલો ભેદ છે. વસ્તુતઃ ગુણો જ પર્યાય રૂપ છે. જ્ઞાન જ મત્યાદિરૂપ છે. તેથી આધારભૂત પદાર્થને દ્રવ્ય કહેવાય છે. અને આધેયભૂત ધર્મને પર્યાય કહેવાય છે. અને તે પર્યાયને સહભાવી લક્ષણથી જોઈએ ત્યારે તે પર્યાયને જ ગુણ કહેવાય છે.

ગુણો એ જ પર્યાયો છે. અને પર્યાયો એજ ગુણો છે માત્ર સહભાવિતા અને ક્રમભાવિતાના લક્ષણથી કથંચિદ્ ભેદ જણાય છે. પરમાર્થથી ભેદ નથી.

**जिम क्रमभाविपणुं पर्यायनुं लक्षण छइ, तिम अनेक करवुं. ते पणि पर्यायनुं लक्षण छइ, द्रव्य तो एक ज छइ. ज्ञान-दर्शनादिक भेद कहइ छइ. ते पर्याय ज छइ. पणि गुण न कहिइं, जे माटि द्रव्य-पर्यायनी देशना भगवंतनी छइ, पणि द्रव्य-गुणनी देशना नथी ए गाथार्थ ।**

સમ્મતિ પ્રકરણના ત્રીજા કાંડની ૧૨મી ગાથાનો અર્થ ટબાકારશ્રી પોતે જ ખોલે છે કે– જેમ *ક્રમભાવિત્વ* એ પર્યાયનું લક્ષણ છે. તેમ *"અનેક કરવું"* આ પણ પર્યાયનું લક્ષણ છે. દ્રવ્ય તો એક જ છે. જેમ કે- કોઈ પણ વિવક્ષિત જીવદ્રવ્ય તો એક જ છે. પરંતુ જ્ઞાન-દર્શનાદિક ગુણો તે જીવદ્રવ્યનો ભેદ (અનેક) કરે છે. જ્ઞાનાત્મા, દર્શનાત્મા, ચારિત્રાત્મા ઈત્યાદિ. તેથી પર્યાયનું **अनेककरण** એવું લક્ષણ જેમ પર્યાયમાં વર્તે છે તેમ અનેકકરણ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લક્ષણ ગુણમાં પણ વર્તે જ છે. માટે જે ગુણો છે. એ પર્યાય જ છે. અને જે પર્યાય છે. તે ગુણો જ છે. પરંતુ શાસ્ત્રોમાં અને વ્યવહારમાં જેવી પર્યાય તરીકેની પ્રસિદ્ધિ છે. તેવી "ગુણ"ની પ્રસિદ્ધિ કહેવાતી નથી.

કારણકે ભગવંતની ધર્મદેશના દ્રવ્ય-પર્યાયની છે. પરંતુ દ્રવ્ય-ગુણની દેશના નથી. દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક નયથી-પ્રભુની દેશના છે. પરંતુ ગુણાર્થિકનયથી દેશના હોય એવું કોઈ શાસ્ત્રોમાં સાંભળ્યું નથી. માટે ગુણ અને પર્યાય એક જ હોવા છતાં ગુણ તરીકે ઉલ્લેખ શાસ્ત્રોમાં નથી. પણ પર્યાય તરીકે ઉલ્લેખ છે.

**''जो इम गुण, पर्यायथी भिन्न नथी. तो ''द्रव्य गुण पर्याय'' ए ३ नाम किम कहो छो ? इम कोइ कहइं, तेहनइं कहिइं जे विवक्षा कहिइं=भेदनयनी कल्पना, तेहथी. जिम ''तैलस्य धारा'' इहां तेल नइं धारा भिन्न कही देखाड्यां, पणि भिन्न नथी. ''तिम सहभावी-क्रमभावी कहीनइं गुण पर्याय भिन्न कही देखाड्यां, पणि परमार्थइं भिन्न नथी'' इम जेहनो भेद उपचरित छइं, ते शक्ति किम कहिइं ? जिम उपचरित गाय दुझेइ नहीं, तिम उपचरित गुण शक्ति न धरइ'' ॥२-११॥**

*પ્રશ્ન–* જો ગુણ, એ પર્યાયથી ભિન્ન તત્ત્વ ન જ હોય, તો "દ્રવ્ય-ગુણ-પર્યાય" એમ ત્રણ નામો જે બોલાય છે. તે કેમ ઘટે ? તથા આ ગ્રંથનું પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ એવુ નામ જે પ્રવર્તે છે તે પણ કેમ બોલાય ? આવો કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે.

*ઉત્તર–* આવો જે શિષ્ય પ્રશ્ન કરે છે. તેહને ગ્રંથકાર શ્રી ઉત્તર આપે છે કે અહીં ભેદનયની વિવક્ષા માત્ર કરેલી છે. અર્થાત્ ભેદનયની કલ્પના કરેલી છે. પરંતુ વાસ્તવિકભેદ નથી. તેથી જેમ "તેલની ધારા" પડે છે આમ બોલાય છે. પરંતુ અહીં તેલ અને ધારા એમ બે ભિન્ન તત્ત્વ નથી. તેલ પોતે જ ધારા રૂપે થઈને પડે છે. ભલે બોલવામાં ભિન્ન કહીને જણાવ્યાં છે. પરંતુ બન્ને જુદાં તત્ત્વો નથી. વળી "પુદ્ગલનું શરીર" "માટીનો ઘડો" "ઘઉંનો લોટ" "સોનાનું કડું" ઈત્યાદિ ઘણાં વાક્યોમાં વસ્તુના સ્વરૂપને સમજવા સમજાવવા માટે આગળ ષષ્ઠયન્ત શબ્દ જોડીને ભેદથી નિર્દેશ કરાય છે પરંતુ પુદ્ગલ-શરીર, માટી-ઘટ, ઘઉં-લોટ, સોનુ-કડુ આ બધા બે બે પદાર્થો નથી. પુદ્ગલ પોતે જ શરીર રૂપે બન્યું છે. માટી પોતે જ ઘટરૂપે બની છે. ઘઉં પોતે જ લોટરૂપે બન્યા છે. સોનું પોતે જ કડુ બન્યું છે. ઈત્યાદિ ઉદાહરણોની જેમ ગુણો જ દ્રવ્યના આશ્રયે પરિવર્તન પામે છે. તેથી ગુણો જ પર્યાય રૂપે બને છે. જેમ કે ઘડાનું રૂપ જે પ્રથમ કૃષ્ણ હતું તે જ ભઠ્ઠીમાં પકવવાથી રક્ત બન્યું. આત્મામાં જે જ્ઞાન મતિરૂપ હતું તે જ શ્રુતરૂપ બન્યું તેથી ગુણો, એ પર્યાયથી ભિન્ન નથી. તેલ પોતે જ ધારા રૂપે થઈને પડે છે તેમાં છઠ્ઠી વિભક્તિ બોલવાથી ઉપચરિતપણે ભેદ જણાય છે. પરંતુ વાસ્તવિક ભેદ નથી. તેની જેમ ગુણ અને પર્યાયમાં સમજવું. બાલ્ય-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

યુવા-અને વૃદ્ધાવસ્થામાં અવસ્થા રૂપે જોઈએ તો ભેદ છે અને મનુષ્યપણે જોઈએ તો અભેદ છે. તેમ ગુણ અને પર્યાયોમાં સહભાવીપણે અને ક્રમભાવીપણે કહીને ભેદ દેખાડ્યો છે. પરંતુ પરમાર્થથી બે તત્ત્વ જુદાં હોય એવો ભેદ નથી.

આ રીતે ગુણ-પર્યાયનો જે ભેદ છે તે ઉપચારમાત્રથી (આરોપિતપણે) જ છે. પરમાર્થથી નથી. તેને શક્તિરૂપ પદાર્થ કેમ કહેવાય ? જેમ પત્થરની ગાય, સાચી ગાયની સાથે આકારમાત્ર પણે સમાન હોવાથી ઉપચારે ગાય કહેવાય છે. પરંતુ તેથી તે ગાય કંઈ દૂધ આપે નહીં. કારણ કે પરમાર્થથી તો તે ગાય જ નથી. તેમ ગુણો પણ ઉપચારથી જ ભિન્ન સમજાવ્યા છે. પરમાર્થથી ભિન્ન નથી. તેથી તે ગુણો દ્રવ્યની જેમ પર્યાય પામવાની શક્તિવાળા કેમ કહેવાય ? કારણ કે વાસ્તવમાં (પર્યાયથી ભિન્ન એવું) ગુણ નામનું કોઈ તત્ત્વ છે જ નહીં. જ્ઞાન અને મતિશ્રુતાદિવિશેષ, રૂપ અને નીલ પીતાદિ, પરસ્પર ભિન્ન ભિન્ન નથી. પરંતુ જ્ઞાનગુણ જ મતિ-શ્રુત રૂપે પર્યાયાત્મક છે. તથા રૂપગુણ જ નીલ-પીતાદિ ભાવે પર્યાયાત્મક છે. તથા વળી નર-નારકાદિ જે પર્યાયો છે તે જીવમાં જેમ ઔદયિકભાવના પર્યાયો છે તેમ જ મતિશ્રુતાદિ જે પર્યાયો છે. તે પણ જીવદ્રવ્યના જ પર્યાયો છે. સ્વતંત્રપણે ગુણના પર્યાયો નથી. ફક્ત તે ક્ષાયોપશમિક ભાવના પર્યાયો છે. અમુક પર્યાયો ઔદયિકભાવના છે. અને અમુક પર્યાયો ક્ષાયોપશમિકભાવના છે. પરંતુ બધા જ પર્યાયો જીવદ્રવ્યના છે. પણ ગુણના નથી ઈત્યાદિ સમજવું. ॥૨૦॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**જો ગુણ ત્રીજો હોઈ પદારથ, તો ત્રીજો નય લહિઈં રે ।**
**દ્રવ્યારથ પર્યાયારથ નય, દોઈ જ સૂત્રિં કહિઈં રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરિઈં ॥૨-૧૨॥**

*ગાથાર્થ*— જો "ગુણ" નામનો ત્રીજો પદાર્થ હોત તો નય પણ ત્રીજો જૈન શાસનમાં કહ્યો હોત. પરંતુ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ બે જ નયો સૂત્રોમાં કહેલા છે. (તેથી ત્રીજો પદાર્થ નથી એમ જાણવું.) ॥૨-૧૨॥

**ટબો— હવઈ જે ગુણ, પર્યાયથી ભિન્ન માનઈ છઈ, તેહનઈં દૂષણ દિઈ છઈ— જો ગુણ, ત્રીજો પદાર્થ-દ્રવ્ય પર્યાયથી જુદો ભાવ હોઈ, તો ત્રીજો નય લહીઇં-પામિઇં, અનઇં સૂત્રઇં તો દ્રવ્યાર્થ પર્યાયાર્થ એ બિહુ જ નય કહિયા છઈ. ગુણ હોઈ, તો ગુણાર્થ નય પણિ કહિઓ જોઇઇ. / उक्तं च सम्मत्तौ :**

दो उण नया भगवया, दव्वट्ठिय पज्जवट्ठिया णियया ।
जइ च पुण गुणो वि हुंतो, गुणट्ठिअ-नओवि जुज्जंतो ॥३-१०॥ (સ. પ્ર.)

जं च पुण भगवया, तेसु तेसु सुत्तेसु गोयमाईणं ।
पज्जवसण्णा णियया, वागरिया तेण पज्जाया ॥३-११॥ (સ. પ્ર.)

**રૂપાદિકનઇં ગુણ કહી સૂત્રિ બોલ્યા નથી. પણિ "वण्णपज्जवा गंधपज्जवा" ઇત્યાદિક પર્યાય શબ્દઈં બોલાવ્યા છઈં. તે માહિં તે પર્યાય કહિઇં, પણિ ગુણ ન કહિઇં. અનઈં "एकगुणकालए" ઇત્યાદિક ઠામિ જે ગુણ શબ્દ છઈં. તે ગણિત શાસ્ત્રસિદ્ધ પર્યાયવિશેષ સંખ્યાવાચી છઈં, પણિ તે વચન ગુણાસ્તિકનયનો વિષયવાચી નથી"**

उक्तं च सम्मतौ—

जंपंति अत्थि समये, एगगुणो दसगुणो अणंतगुणो ।
रूवाई परिणामो, भण्णइ तम्हा गुणविसेसो ॥३-१३॥ (સ. પ્ર.)
गुणसद्दमंतरेणवि, तं तु पज्जवविशेषसंखाणं ।
सिज्झइ णवरं, संखाण सत्थधम्मो ण य गुणोत्ति ॥३-१४॥ (સ. પ્ર.)
जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव ।
अहियम्मि गुणसद्दे, तहेव एयं पि दट्ठव्वं ॥३-१५॥ (સ. પ્ર.)

**"ઇમ ગુણ, પર્યાયથી પરમાર્થદૃષ્ટિં ભિન્ન નથી. તો તે દ્રવ્યની પરિ શક્તિરૂપ કિમ કહિઇં ?" ॥ ૨-૧૨ ॥**

*વિવેચન*– हवइ जे गुण, पर्यायथी भिन्न मानइ छइ तेहनइ दूषण दिइ छइ— હવે જે લોકો ગુણોને પર્યાયથી ભિન્ન માને છે અને તેના કારણે જ દ્રવ્યમાં જેમ પર્યાય પામવાની શક્તિ છે. તેમ ગુણમાં પણ પર્યાય પામવાની શક્તિ છે. એવું જે માને છે, તેઓને દોષ આપે છે.

આ સંસારમાં ૬ દ્રવ્યો એ મૂલપદાર્થ છે. અને પ્રતિસમયે તે ૬ દ્રવ્યોનું પરિવર્તન થવું-રૂપાંતર થવું નવા નવા સ્વરૂપમાં પલટાવું તે પર્યાય છે. આ બે જ તત્ત્વો છે. માત્ર કોઈ પુછે કે દ્રવ્યમાં જે જે પરિવર્તન થાય છે તે પરિવર્તન શેનુ થાય છે ? કોને આશ્રયી થાય છે ? તો જણાવે છે કે ગુણોને આશ્રયી પરિવર્તન થાય છે. કારણકે દ્રવ્ય તો દ્રવ્યસ્વરૂપે સદા ધ્રુવ જ છે. તો તેમાં બદલાયું શું ? તો સમજવું કે જે ગુણો છે તે બદલાયા છે, રૂપાન્તર પામ્યા છે. એટલે કે જે ગુણો છે અને તેનું બદલાવાપણું છે એ બે ભિન્ન તત્ત્વ નથી. જે જ્ઞાન મતિરૂપ હતું તે જ જ્ઞાન હવે શ્રુતરૂપ બન્યું. જે રૂપ નીલ હતું તે જ હવે પીતાત્મક બન્યું. આ રીતે ગુણો અને ગુણોનું પરિવર્તન એમ બે ભિન્ન ભિન્ન તત્ત્વ નથી. માત્ર *"ગુણોનું પરિવર્તન"* એમ બોલવામાં ષષ્ઠી વિભક્તિ દ્વારા જે ભેદ જણાવાય છે. તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપચારથી જ ભેદ જણાવાય છે. જેમ *મારા હાથની આંગળી પાકી છે* અહીં "હાથની આંગળી આમ બોલાય છે. પરંતુ હાથથી આંગળી ભિન્ન વસ્તુ નથી. પરંતુ વિવક્ષાકૃત ઉપચરિત ભેદ છે. તેમ અહીં સમજવું."

**जो गुण, त्रीजो पदार्थ-द्रव्य-पर्यायथी जुदो भाव होइ, तो त्रीजो नय लहीइं-पामीइं, अनइं सूत्रइं तो द्रव्यार्थ-पर्यायार्थ ए बिहु ज नय कहिया छइ. गुण होइ, तो गुणार्थ नय पणि कहियो जोइइ. उक्तं च सम्मत्तौ—**

આ સંસારમાં જો "ગુણ" નામનો કોઈ સ્વતંત્ર ત્રીજો પદાર્થ હોત, એટલે કે દ્રવ્ય અને પર્યાય નામના બે તત્ત્વોથી જુદો એવો "ગુણ" નામનો ત્રીજો પદાર્થ પણ ભાવાત્મકરૂપે (વાસ્તવિક પદાર્થપણે) હોત, તો જૈન દર્શનમાં વીતરાગસર્વજ્ઞ ભગવંતોએ ત્રીજો નય પણ કહેલો શાસ્ત્રોમાં ક્યાંઈક પણ પામત. કોઈક શાસ્ત્રોમાં પણ ત્રીજો નય લખેલો મળવો જોઈએ. અને સૂત્રોમાં તો માત્ર ૧ દ્રવ્યાર્થિક અને ૨ પર્યાયાર્થિક એમ બે જ નયો કહેલા છે. પરંતુ ત્રીજો નય ક્યાંઇ પણ કહ્યો નથી. **गुण होइ** = ગુણ નામનો ત્રીજો પદાર્થ જો હોત તો "ગુણાર્થિક" નામનો નય પણ કહેલો હોવો જોઈએ. જૈન શાસ્ત્રોમાં ક્યાંય પણ ગુણાર્થિક નામનો ત્રીજો નય કહ્યો નથી. તેથી ત્રીજો નય જો નથી તો ત્રીજો પદાર્થ પણ તત્ત્વરૂપે એટલે કે પરમાર્થપણે (તાત્ત્વિકતાએ) નથી. માત્ર વિવક્ષાવશથી ઉપચારે જ ભેદ જણાવાય છે. પૂજ્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજાએ સમ્મતિતર્કમાં કહ્યું છે કે—

JAINSITE.com जैनम् जयति शासनम्

**दो उण नया भगवया, दव्वट्ठिअ-पज्जवट्ठिया णियया ।**
**जइ च पुण गुणो वि हुंतो, गुणट्ठिअ नओवि जुज्जंतो ॥३-१०॥** (સ. પ્ર.)
**जं च पुण भगवया, तेसु तेसु सुत्तेसु गोयमाईणं ।**
**पज्जवसण्णा णियया, वागरिया तेण पज्जाया ॥३-११॥** (સ. પ્ર.)

ભગવંત શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માઓ વડે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ નિયતપણે (નિશ્ચયપણે) બે જ નયો કહેવાયા છે. જો ગુણ નામનો ત્રીજો પદાર્થ પણ આ સંસારમાં હોત, તો ત્રીજો નય પણ યોગ્ય પણે જોડ્યો હોત. (અર્થાત્ ત્રીજો નય પણ કહ્યો હોત.) ॥૩-૧૦॥

ભગવંત વડે તે તે સૂત્રોમાં ગૌતમગણધર આદિને (રૂપ, રસ, ગંધ, સ્પર્શ આદિ ગુણોને) જે કારણથી *"પર્યાય"* એવી જ સંજ્ઞા કહેલી છે. તેથી ગુણો તે ખરેખર પર્યાયો જ છે. ॥૩-૧૧॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમ્મતિ પ્રકરણ નામના મહાગ્રંથમાં ત્રીજા કાંડની ૧૦મી તથા ૧૧મી ગાથામાં સ્પષ્ટપણે જણાવેલું છે કે ભગવન્તોએ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક એમ બે જ નયો કહ્યા છે. માટે બે જ તત્ત્વ છે. જો ત્રીજો ગુણ નામનો પદાર્થ પણ તત્ત્વરૂપે ભિન્ન હોત તો ત્રીજો નય પણ કહ્યો હોત. પરંતુ "ગુણાર્થિક" એવો ત્રીજો નય કોઈ શાસ્ત્રમાં કહ્યો નથી. તેથી "ગુણ" નામનો સ્વતંત્ર પદાર્થ નથી.

ભગવતીજી આદિ આગમોમાં મહાવીરસ્વામી પ્રભુ અને ગૌતમસ્વામીની જે જે પ્રશ્નોત્તરી કહી છે. ત્યાં પણ ગૌતમસ્વામી (આદિ) ગણધરોને ભગવંતે ગુણોને પણ "પર્યાય" એવી સંજ્ઞાથી જ બોલાવ્યા છે. કહ્યા છે. (**वागरिया=व्याकृता=कह्या**) તેથી ગુણો એ પર્યાયો જ છે. પરંતુ પર્યાયોથી ગુણ નામનો ભિન્ન પદાર્થ નથી.

ચેતન એવા આત્માનો ગુણ જ્ઞાન (ચૈતન્ય) છે. પરંતુ તે જ્ઞાન ગુણ જ ઈન્દ્રિય–વિષયના સંયોગકાળે મતિજ્ઞાનાત્મક બને છે. તે જ જ્ઞાનગુણ વાચ્ય-વાચકના ભાવપૂર્વકના બોધકાળે શ્રુતજ્ઞાનાત્મક બને છે. તથા વળી તે જ શ્રુતજ્ઞાનાત્મક જ્ઞાનગુણ કાળાન્તરે જ્ઞાનાવરણીયના ક્ષયકાળે કેવલજ્ઞાનાત્મક બને છે. અને તે (ભવસ્થ) કેવલજ્ઞાનાત્મક જ્ઞાનગુણ જ મુક્તિગમન સમયે સિદ્ધસ્થ કેવલજ્ઞાનાત્મક બને છે. એવી રીતે ઘટ-પટ આદિ નિર્જીવ દ્રવ્યમાં રહેલો "રૂપ" નામનો ગુણ જે પૂર્વકાલે નીલાત્મક હતો તે જ કાળાન્તરે પીતાત્મક બને છે અને પીતાત્મક રૂપ કાળાન્તરે રક્તાત્મક બને છે. પરંતુ નીલ પીત રક્તાદિ પર્યાયો જુદા છે અને રૂપ નામનો ગુણ જુદો છે. એમ નથી. સમ્મતિ તર્કના ત્રીજા કાંડની ૧૦-૧૧ ગાથામાં ઉપર પ્રમાણે કહ્યું છે. તેથી સમજવું જોઈએ કે ગુણ એ પર્યાયથી ભિન્ન તત્ત્વ નથી.

**रूपादिकनइं गुण कही सूत्रिं बोल्या नथी, पणि "वण्णपज्जवा, गंधपज्जवा" इत्यादिक पर्यायशब्दइं बोलाव्या छइ, ते माटिं-ते पर्याय कहिइं, पणि गुण न कहिइं. अनइं-"एकगुणकालए" इत्यादिक ठामिं जे गुण शब्द छइं, ते गणितशास्त्रसिद्ध पर्यायविशेष संख्यावाची छइं. पणि ते वचन गुणास्तिकनय विषयवाची नथी. उक्तं च सम्मतौ—**

ભગવતીજી આદિ સૂત્રોમાં પરમાત્માની સાથે ગૌતમાદિ ગણધર ભગવંતોની પ્રશ્નોત્તરીના કાળે "રૂપ-રસ-ગંધ-સ્પર્શ" ઈત્યાદિ ગુણોને "ગુણ" સ્વરૂપે કહ્યા નથી. પરંતુ *વર્ણપર્યાય, ગંધપર્યાય, રસપર્યાય* અને *સ્પર્શપર્યાય* ઈત્યાદિ રીતે *પર્યાયશબ્દથી* જ સંબોધ્યા છે. કહ્યા છે. તે માટે તે રૂપાદિ ગુણોને ગુણ ન કહેતાં પર્યાય જ કહેવા જોઈએ અર્થાત્ પર્યાયો એ જ ગુણ છે અને ગુણ એ જ પર્યાય છે. માત્ર વિવક્ષાકૃત ભેદ છે. અને કોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોઈ સ્થાનોમાં આ પદાર્થથી આ પદાર્થ એકગુણ કાલો, બે ગુણ કાળો, ત્રણ ગુણ કાળો ઈત્યાદિ શબ્દોનો પ્રયોગ આવે છે. ત્યાં જે "ગુણ" શબ્દનો ઉલ્લેખ થયેલો છે. તે પણ ગણિતાનુયોગમાં એટલે કે ગણિત શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા "ગુણાકાર"રૂપ પર્યાયવિશેષને જ સૂચવનારો સંખ્યાવાચી શબ્દ છે. પરંતુ ત્યાં પણ તે કથન "ગુણાસ્તિક" નામના નયને સૂચવનારા એવા "ગુણ" નામના વિષયને (પદાર્થને) સૂચવનારો નથી. સારાંશ કે કાળા આદિ રંગોની તરતમતાને સૂચવનારો ગુણાકાર અર્થવાળો એ ગુણ શબ્દ છે. પરંતુ ગુણ નામના તત્ત્વને સિદ્ધ કરનારો આ ગુણ શબ્દ નથી. આ ઘટ પણ કાળો છે. અને પેલો ઘટ પણ કાળો છે. પરંતુ આ ઘટથી પેલો ઘટ બમણો કાળો છે. તે ઘટ ત્રણ ગણો કાળો છે. એમ ગુણાકાર અર્થનો સૂચક છે. પરંતુ ગુણ નામના વિષયનો સૂચક નથી. સમ્મતિપ્રકરણના ત્રીજા કાંડની ગાથા ૧૩-૧૪-૧૫માં કહ્યું છે કે–

> जंपंति-अत्थि समये, एगगुणो दसगुणो अणंतगुणो ।
> रूवाई परिणामो, भण्णई तम्हा गुणविसेसो ॥३-१३॥ (સ. પ્ર.)
> गुणसद्दमन्तरेण वि, तं तु पज्जवविसेससंखाणं ।
> सिज्झइ नवरं संखाण-सत्थधम्मो ण य गुणोत्ति ॥३-१४॥ (સ. પ્ર.)
> जह दससु दसगुणम्मि य, एगम्मि दसत्तणं समं चेव ।
> अहियम्मि वि गुणसद्दे, तहेव एयंपि दट्ठव्वं ॥३-१५॥ (સ. પ્ર.)

પૂર્વ પુરુષો કહે છે કે– શાસ્ત્રમાં એકગુણ (એકગણો), દશગુણ (દશગણો), અને અનંતગુણ (અનંતગણો) રૂપ-રસાદિનો પરિણામ (તરતમભાવ) કહેલો છે. તેથી ગુણ એ તરતમતા સૂચક વિશેષ છે. અર્થાત્ ગુણ એ એક પ્રકારના પર્યાય સ્વરૂપ કહેવાય છે. ૩-૧૩

ગુણશબ્દ (ગુણ નામના) વિષયને જણાવ્યા વિના પર્યાયોના વિશેષોની સંખ્યાને જ જણાવે છે. તેથી ગણિતશાસ્ત્રના ધર્મ તરીકે સિદ્ધ થાય છે પરંતુ "ગુણ" તરીકે સ્વતંત્ર પદાર્થ સિદ્ધ થતો નથી. ૩-૧૪

જેમ (એક એકની કિંમતવાળી) દશવસ્તુઓમાં, અને દશગણી કિંમતવાળી એક વસ્તુમાં, "ગુણ શબ્દ" અધિક વાપરવા છતાં પણ દશપણું સમાન જ છે. તેવી જ રીતે અહીં પણ સમજવું. ॥૩-૧૫॥

સારાંશ એ છે કે– ભગવતીજી આદિ આગમશાસ્ત્રોમાં "वण्णपज्जवा" ઈત્યાદિ પાઠોથી રૂપ-રસાદિકને પર્યાય શબ્દથી પ્રતિપાદન કરેલા છે. તથા વ્યવહારમાં પણ આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જીવમાં જ્ઞાનપર્યાય વધારે છે આ જીવમાં ચારિત્રપર્યાય વધારે છે. આ જીવમાં તપનો પર્યાય અધિક છે. ઈત્યાદિ રીતે ગુણોને પર્યાય તરીકે જ વ્યવહારાય છે. તેથી ગુણો એ પર્યાય જ છે. પર્યાયથી ભિન્ન નથી.

કદાચ અહીં કોઈ આવી શંકા કરે કે "एगगुणकालए" ઈત્યાદિશાસ્ત્રપાઠોમાં કાળા આદિ વર્ણોને *એકગુણકાળો, દશગુણકાલો, અનંતગુણોકાળો* એમ "ગુણ" શબ્દથી પણ પ્રતિપાદન કરેલું છે. તો તમે એમ કેમ કહો છો કે ગુણોને પર્યાય તરીકે જ કહ્યા છે ? તેનો ઉત્તર એ છે કે ગુણોનું આ પ્રતિપાદન ગણિતશાસ્ત્રોમાં આવતા સરવાળા-બાદબાકી-ગુણાકાર અને ભાગાકાર વિગેરે વિષયસંબંધી ગુણાકારને સૂચવનારૂં છે. પરંતુ ગુણ નામનો સ્વતંત્ર પદાર્થ છે. એમ જ્ઞેયવિષય તરીકે ગુણને સૂચવનારૂં નથી. અને જે ગુણાકાર અર્થ જણાવે છે. તે તરતમતારૂપ પર્યાય જ છે. તેથી ગુણાર્થિકનય થતો નથી. કારણ કે "જ્ઞેયને જણાવનારી જે દૃષ્ટિ તે નય," પરંતુ જ્ઞેય, દ્રવ્ય-પર્યાય એમ ઉભયાત્મક જ છે. માટે નયો પણ બે જ છે.

**"इम गुण, पर्यायथी परमार्थदृष्टि भिन्न नथी, तो ते द्रव्यनी परि शक्तिरूप किम कहिइं ?" ॥२-१२॥**

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે પરમાર્થદૃષ્ટિએ (વાસ્તવિકપણે) ગુણો, એ પર્યાયથી ભિન્ન તત્ત્વ નથી. ગુણો જ પર્યાયરૂપ બને છે. તો પછી તે ગુણોને દ્રવ્યની જેમ પર્યાય પામવાની શક્તિવાળા કેમ કહેવાય ? ગુણ અને પર્યાય એમ જે ભેદ કહેવાય છે. તે સહભાવી અને ક્રમભાવી પણાના લક્ષણને કારણે ઔપચારિક ભેદ છે. તાત્ત્વિકભેદ નથી. તેથી ગુણ એ પર્યાય પામવાની શક્તિરૂપ નથી. પરંતુ દ્રવ્ય પોતે જ ગુણોને આશ્રયી પર્યાય પામે છે. ॥ ૨૧ ॥

## જો ગુણ, દલ પર્યવનું હોવઈ, તો દ્રવ્યઇં સ્યૂં કીજઈ રે ।
## ગુણ-પરિણામ પટંતર કેવલ, ગુણ-પર્યાય કહીજઈ રે ॥
## જિનવાણી રંગઈ મનિ ધરીઈં ॥૨-૧૩॥

*ગાથાર્થ*– જો ગુણ એ પર્યાયનું દલ (ઉપાદાનકારણ) હોય તો દ્રવ્યમાં શું કાર્ય કરાય ? અર્થાત્ દ્રવ્ય કંઈ જ કરશે નહીં માટે "ગુણ-પર્યાય" આમ જુદા જે કહેવાય છે તે કેવળ ઔપચારિક (કાલ્પનિક) ગુણ-પરિણામનો પટંતર (ભેદ) છે. ॥૨-૧૩॥

**ટબો– "પર્યાયદલ માટિં" ગુણનઇં શક્તિરૂપ કહઇ છઇ, તેહનઇં દૂષણ દિઇં છઇં– જો ગુણ, પર્યાયનું દલ કહિતાં-ઉપાદાન કારણ હોઇ, તો દ્રવ્યઇં સ્યૂં કીજઇ ? દ્રવ્યનું કામ ગુણઇં જ કીધઉં. તિ વારઇં, ગુણ ૧. પર્યાય ૨. જ પદાર્થ કહો. પણિ ત્રીજો ન હોઇ.**

**કોઈ કહસ્યઇં "દ્રવ્યપર્યાય ગુણપર્યાય રૂપ કારય ભિન્ન છઈ, તે માટિં દ્રવ્ય ૧, ગુણ ૨, રૂપ કારણ ભિન્ન કલ્પિઇ" તે જૂઠું. જે માટિ-કાર્યમાંહિ કારણ શબ્દનો પ્રવેશ છઈ. તેણઇં કારણભેદઇં કાર્યભેદ સિદ્ધ થાઈ. અનઈં કાર્યભેદ સિદ્ધ થયો હોઈ, તો કારણભેદ સિદ્ધ થાઈ. એ અન્યોન્યાશ્રય નામઈં દૂષણ ઉપજઈ. "તે માટઇં ગુણ-પર્યાય જે કહિઈ, તે ગુણ-પરિણામનો જે પટંતર-ભેદ કલ્પનારૂપ, તેહથી જ કેવલ સંભવઈ. પણિ પરમાર્થઇં નહીં" અનઇં એ ૩ નામ કહઇં છઈ તે પણિ-ભેદોપચારઇં જ, ઇમ જાણવું. ॥૨-૧૩॥**

*વિવેચન–* "पर्यायदल माटिं" गुणनइं शक्तिरूप कहइ छइ, तेहनइं दूषण दिइ छइं— "ગુણો એ પર્યાયોનું ઉપાદાન કારણ છે. માટે" ગુણોને પણ દ્રવ્યની જેમ શક્તિ રૂપ છે. આમ જે કહે છે. તેમને દોષ આપે છે કે દ્રવ્યમાં જેમ પર્યાય પામવાની શક્તિ છે. તેમ ગુણમાં પર્યાય પામવાની શક્તિ નથી. કારણ કે દ્રવ્ય એ પર્યાયના આધારરૂપે સ્વતંત્ર (પર્યાયથી કંઈક ભિન્ન) પદાર્થ છે. તથા વળી द्रवति=पर्यायान् प्राप्नोति इति द्रव्यम् જે પર્યાયોને પામે તે દ્રવ્ય આ વ્યાખ્યા દ્રવ્યમાં સંભવે છે. પરંતુ ગુણ એ પર્યાયના આધાર રૂપે સ્વતંત્ર (પર્યાયથી ભિન્ન) પદાર્થ નથી. પણ ગુણ પોતે જ પર્યાયરૂપે બને છે. તેથી તેમાં પર્યાય પામવાની શક્તિ છે. આમ ન કહેવાય. આ રીતે દ્રવ્ય એ શક્તિરૂપ પદાર્થ છે. પરંતુ ગુણ એ શક્તિરૂપ પદાર્થ નથી.

JAINSITE.com जैनम् जयति शासनम्

વળી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પણ કહ્યું છે કે "द्रव्याश्रया निर्गुणा गुणाः" ગુણો પોતે દ્રવ્યના આશ્રયે વર્તે છે અને સ્વયં પોતે નિર્ગુણ છે આ લક્ષણમાં "નિર્ગુણ" શબ્દ ઉપર સવિશેષ ધ્યાન આપીએ તો સમજાશે કે ગુણો પોતે નિર્ગુણ છે. એટલે ગુણોમાં ગુણો વર્તતા નથી. હવે જો ગુણોમાં પર્યાય પામવાની શક્તિ વર્તતી હોત તો દ્રવ્ય જેમ શક્તિરૂપ ગુણવાળો પદાર્થ છે. તેમ ગુણ પણ શક્તિરૂપ ગુણવાળો પદાર્થ જ થયો. બન્ને પદાર્થો જો શક્તિરૂપ હોય તો દ્રવ્યના લક્ષણમાં गुणपर्यायवत् લખે છે અને ગુણના લક્ષણમાં निर्गुण શબ્દ ગ્રંથકારશ્રી જે લખે છે. તે ખોટા ઠરે. માટે તત્ત્વાર્થસૂત્રકારના આ શબ્દો ઉપર ઉંડાણથી જો વિચાર કરાય તો સમજાશે કે દ્રવ્ય અવશ્ય પર્યાય પામવાની શક્તિવાળું છે અને ગુણો દ્રવ્યની જેમ પર્યાય પામવાની શક્તિવાળા નથી. પરંતુ ગુણો પોતે જ પર્યાયરૂપે પરિણમે છે.

તથા વળી ગુણોમાં પર્યાય પામવાની શક્તિમત્તા નથી. આ વાત વધારે સ્પષ્ટ કરતાં પૂ. ઉ. યશોવિજયજી મ. શ્રી કહે છે કે–

जो गुण, पर्यायनुं दल कहितां–उपादानकारण होइ, तो द्रव्यइं स्यूं कीजइं ? द्रव्यनुं काम गुणइं ज कीधउं. ति वारइं–गुण १, पर्याय २, पदार्थ कहो, पणि त्रीजो न होइ.

જો "ગુણ" એ જ પર્યાયનું દલ છે (પર્યાય પામવાનું ઉપાદાન કારણ છે.) અર્થાત્ પર્યાયની શક્તિવાળું "ગુણ" તત્ત્વ છે. આમ જો માનીએ તો દ્રવ્ય શું કરશે ? દ્રવ્ય તો નિરર્થક જ બની જશે. કારણકે "દ્રવ્યનું જે કામકાજ હતું તે કામ ગુણે જ કીધુ (કર્યું). આમ, દ્રવ્ય નિષ્પ્રયોજન થઈ જશે અને તે કાળે ગુણ નામનું તત્ત્વ એક અને પર્યાય નામનું તત્ત્વ બીજું એમ સિદ્ધ થઈ જશે પરંતુ દ્રવ્ય નામનું ત્રીજું તત્ત્વ, તત્ત્વથી તો રહેશે જ નહીં.

દ્રવ્યમાં પર્યાય પામવાની શક્તિ છે. તેના કારણે દ્રવ્ય જ નવા નવા પર્યાયોને પામે છે. માટી દ્રવ્ય જ પિંડ-સ્થાસ-કોશ-કુશૂલાદિ આકારે પરિણામ પામે છે. જો આમ માનવામાં ન આવે અને ગુણોમાં પર્યાયની શક્તિ કલ્પવામાં આવે તો દ્રવ્યનું જે કામ હતું તે ગુણે જ કર્યું. એટલે દ્રવ્યને કંઈ કરવાનું રહેતું જ નથી. તેથી દ્રવ્ય નિરર્થક અને અપરિણામી થઈ જશે. એકાન્ત ધ્રુવ એકાન્ત નિત્ય પર્યાયવિનાનું બની જશે. આ વાત યુક્તિસંગત નથી. માટે માનવું જોઈએ કે દ્રવ્ય એ શક્તિરૂપ છે. પણ ગુણ એ શક્તિરૂપ નથી.

**"कोइ कहस्यइ "द्रव्यपर्यायः गुणपर्यायः" रूप कारय भिन्न छइ,**
**ते माटिं-द्रव्य १, गुण २, रूप कारण भिन्न कल्पिइ" ते जूठुं ।**

*શંકા*— અહીં કોઈ દિગંબર મતાનુયાયી શિષ્ય પ્રશ્ન કરે છે કે પર્યાયો બે પ્રકારના છે એક દ્રવ્યપર્યાય અને બીજા ગુણપર્યાય, આમ પર્યાયાત્મક *કાર્ય* ભિન્ન ભિન્ન છે. તે માટે તે બન્ને પ્રકારના પર્યાયાત્મક કાર્યનાં *કારણ* પણ ૧ દ્રવ્ય સ્વરૂપ અને ૨ ગુણ સ્વરૂપ એમ બે પ્રકારનાં ભિન્ન ભિન્ન કારણ કલ્પવાં જોઈએ. માટીમાંથી પિંડ-સ્થાસ-કોશ-કુશૂલાદિ જે બને છે તે દ્રવ્યપર્યાય કહેવાય છે અને રૂપમાં નીલ-પીતાદિ જે બને છે તે ગુણના પર્યાય કહેવાય છે. એવી જ રીતે જીવમાં નર-નારકાદિ જે પર્યાયો થાય છે તે દ્રવ્યના પર્યાય કહેવાય છે અને જ્ઞાન એ ગુણ છે. તેમાં મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-કેવલજ્ઞાનરૂપ જે પર્યાયો થાય છે. તે ગુણના પર્યાયો છે. આમ પર્યાયો રૂપ કાર્યની દ્વિવિધતાને લીધે કારણની પણ દ્રવ્ય-ગુણ રૂપે દ્વિવિધતા આપોઆપ સિદ્ધ થાય છે. તેથી દ્રવ્ય, ગુણ, આ બે શક્તિરૂપ તત્ત્વ છે. અને તેમાંથી જન્મ પામનારા પર્યાયો સ્વરૂપ કાર્ય બે પ્રકારનું છે. (૧) દ્રવ્યપર્યાય, અને (૨) ગુણપર્યાય. આમ કલ્પવું જોઈએ. કારણ પણ બે પ્રકારનું અને કાર્ય પણ બે પ્રકારનું. કાર્યભેદ સ્પષ્ટ દેખાય છે. તેથી કારણભેદ અવશ્ય હોવો જ જોઈએ. આ પ્રમાણે જે કોઈ શિષ્ય (દિગંબર) કહે છે. તે જૂઠુ છે. અર્થાત્ મિથ્યા છે. આ કલ્પના સાચી નથી.

**જે माटिं-कार्यमांहि कारणशब्दनो प्रवेश छइ, तेणइ-कारणभेदइं कार्यभेद सिद्ध थाइ, अनइं कार्यभेद सिद्ध थयो होइ, तो कारणभेद सिद्ध थाइ, ए अन्योन्याश्रय नामइं**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**दूषण उपजइ. ते माटइं-गुणपर्याय जे कहिइ, ते गुण परिणामनो पटंतर-भेदकल्पनारूप, तेहथी ज केवल संभवइ, पणि परमार्थइ नहीं ''अनइं-ए ३ नाम कहइ छइ, ते पणि-भेदोपचारइ ज, इम जाणवुं ॥२-१३॥''**

શિષ્યે (પ્રશ્નકારે) પ્રથમ બે પ્રકારનાં દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય નામનાં કાર્ય સમજાવ્યાં, ત્યારબાદ **''कार्यभेदे सति कारणभेद:''** કાર્યનો ભેદ હોતે છતે કારણનો પણ ભેદ હોય છે. એમ ન્યાય લગાડીને શક્તિરૂપ એક દ્રવ્ય, અને બીજું ગુણ એમ બે કારણ છે. આમ સિદ્ધ કર્યું. પરંતુ આ વાત ઉપરછલ્લીજ રમણીય છે. પરમાર્થે જુઠી છે. મિથ્યા છે. તે આ પ્રમાણે—

*''દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય''* નામનાં જે બે કાર્ય જણાવ્યાં. તે કાર્યમાં જ *''કારણ'' શબ્દનો પ્રવેશ છુપાયેલો છે.* સર્વે પર્યાયો પર્યાયપણે સમાન અને એક સ્વરૂપ જ છે. છતાં પર્યાયમાં (કાર્યમાં) જે ભેદ જણાય છે તે તેના કારણને લીધે જ છે. અર્થાત્ આ દ્રવ્યપર્યાય કહેવાય અને પેલા ગુણપર્યાય કહેવાય એવો જે પર્યાયોમાં (કાર્યમાં) ભેદ જણાવ્યો, તે જો દ્રવ્ય અને ગુણ નામનાં બે કારણો પ્રથમથી ન હોત તો ક્યાંથી જણાત ? તેથી નક્કી થાય છે કે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય નામનાં બે કાર્યો માનવામાં ''કારણનો ભેદ'' ગર્ભિત રીતે છુપાયેલો જ છે. (ગર્ભિત રીતે પ્રવિષ્ટ જ છે.) **तेणइ**=તે કારણથી *''દ્રવ્ય અને ગુણ''* નામનાં બન્ને કારણોને જો પ્રથમ સ્વીકારવામાં આવે તો જ **कारणभेदइं कार्यभेद सिद्ध थाइ**=દ્રવ્ય અને ગુણ નામનાં બે કારણો જુદાં જુદાં હોવાથી કારણભેદ હોતે છતે દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય નામનો કાર્યભેદ સિદ્ધ થાય. એટલે જ્યાં સુધી ''કારણભેદ'' નહી સ્વીકારીએ ત્યાં સુધી દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય નામનો કાર્યભેદ સિદ્ધ થતો નથી. આ એક વાત નક્કી છે. **अनईं**=અને—

આ વાતને માન્ય રાખવા ''દ્રવ્ય અને ગુણ'' નામના કારણભેદને પ્રથમ સ્વીકારી લેવા ધારો કે આપણે પ્રેરાઈએ, પરંતુ **कार्यभेद सिद्ध थयो होइ, तो कारणभेद सिद्ध थाइ** = દ્રવ્યપર્યાય અને ગુણપર્યાય નામનો કાર્યભેદ જો સિદ્ધ થયેલો હોય તો જ પર્યાયોની (કાર્યની) દ્વિવિધતાને લીધે કારણનો ભેદ (દ્રવ્ય-ગુણનો ભેદ) સિદ્ધ થાય. કાર્યનો ભેદ નિશ્ચિત થયા વિના કારણનો ભેદ માન્ય થાય નહીં આ રીતે જો પ્રથમ કારણભેદ થાય તો જ કાર્યભેદ સાબિત થાય છે. અને કારણભેદને સિદ્ધ કરવા તેની પૂર્વે કાર્યભેદ સિદ્ધ થયેલો હોવો જોઈએ આમ બન્ને અન્યોન્ય છે. પણ આમ બનવાનું નથી. એટલે જ્યારે એક વાત બીજા ઉપર અને બીજી વાત પ્રથમ ઉપર આધાર રાખતી હોય ત્યારે તે બન્નેમાં પહેલું કોણ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને કોના આધારે બીજું કોણ ? આમ બન્નેમાંથી એકનો પણ ભેદ સિદ્ધ થાય નહીં. આ રીતે કાર્યભેદ અને કારણભેદ એક બીજા ઉપર આધાર રાખતા હોવાના કારણે જે વસ્તુસ્થિતિ સિદ્ધ ન થાય. તેને શાસ્ત્રોમાં "અન્યોન્યાશ્રય" દોષ કહેલો છે. **ए अन्योन्याश्रय नामइं दूषण उपजइ** = આ અન્યોન્યાશ્રય નામનું દૂષણ આવે.

તથા વળી "મતિ-શ્રુત-કેવળ" આદિ જે જ્ઞાનના પર્યાય કહ્યા, અને નીલ-પીત રક્તાદિ જે રૂપાદિ ગુણના પર્યાય કહ્યા, પરંતુ ખરેખર તે ઉચિત નથી. કારણ કે મતિ-શ્રુત અને કેવળાદિ પર્યાયો જ્ઞાનમાં વર્તતા હોય, નીલ-પીત-શ્વેતાદિ ભાવો રૂપાદિગુણમાં વર્તતા હોય, તો તો તે તેના પર્યાય કહેવાય. પરંતુ મતિ-શ્રુત-કેવળ આદિ પર્યાયો જીવદ્રવ્યમાં વર્તે છે. જ્ઞાન ગુણમાં વર્તતા નથી. કારણકે ગુણો તો નિર્ગુણ હોય છે. ગુણોમાં ગુણો કે પર્યાયો વર્તતા નથી. ત્યાં આધાર આધેય ભાવ નથી એવી જ રીતે નીલ-પીતાદિ પર્યાયો પણ રૂપાદિ ગુણોમાં વર્તતા નથી. પરંતુ ઘટપટાદિ દ્રવ્યમાં વર્તે છે. જે પર્યાયો જેમાં વર્તે તે પર્યાયો તેના કહેવાય. મત્યાદિ પર્યાયો જીવદ્રવ્યમાં અને નીલ-પીતાદિ પર્યાયો ઘટપટમાં વર્તે છે. તેથી તે બધા પર્યાયો દ્રવ્યપર્યાયો જ છે. તે પર્યાયોનો ગુણની સાથે આધાર-આધેયભાવ નથી માટે ગુણપર્યાયો કહેવાતા નથી. પરંતુ દ્રવ્યમાં જે જે ગુણો વર્તે છે તે તે ગુણો પોતે જ તે તે પર્યાય સ્વરૂપે પરિણામ પામે છે. એવો કર્મધારય સમાસ છે. પરંતુ ષષ્ઠી કે સપ્તમી તત્પુરુષ સમાસ નથી. **गुणाः एव पर्यायीभवन्ति इति गुणपर्यायाः** આવો કર્મધારય સમાસ છે. પરંતુ **गुणस्य पर्यायाः, अथवा गुणेषु पर्यायाः इति गुणपर्यायाः** આવો સમાસ નથી. જ્યારે **द्रव्यपर्यायाः** શબ્દમાં આધાર-આધેય ભાવ છે. કારણ કે **गुणपर्यायवद् द्रव्यस्य लक्षणम्** છે. તેથી ત્યાં કર્મધારય સમાસ નથી. પરંતુ ષષ્ઠી-સપ્તમી તત્પુરુષ સમાસ છે. આ રીતે વિચારીશું તો જરૂર સમજાશે કે ગુણપર્યાય અને દ્રવ્યપર્યાય એવા બે જાતના પર્યાયો જ નથી. માત્ર એકલા દ્રવ્યના જ પર્યાયો છે. અને તે દ્રવ્યના પર્યાયો ગુણોને આશ્રયી પ્રવર્તે છે. અર્થાત્ *"આધારભૂત એવા દ્રવ્યમાં ગુણો પોતે જ રૂપાન્તર પામે છે."* એટલે કે આ પર્યાયો ક્યાં થયા ? તો દ્રવ્યમાં થયા. અને કોને આશ્રયી થયા ? તો ગુણોને આશ્રયી થયા-આમ જાણવું જોઈએ.

**ते माटइ** = તે કારણથી "ગુણપર્યાય" ગુણ અને પર્યાય એમ બન્ને જે **कहिइ** જે જુદા જુદા કહેવાય છે. **ते गुणपरिणामनो** = ગુણ અને પર્યાયનો **पटंतर** = કલ્પનાકૃત ભેદ અર્થાત્ ઉપચાર માત્રથી જ કાલ્પનિક ભેદ છે. "**तैलस्य धारा**"ની જેવો ભેદ ઘટે છે. આ રીતે **तेहथी ज** = ઉપચારમાત્રથી જ = કલ્પના માત્રથી જ **केवल संभवइ** = કેવળ આ ભેદ સંભવે છે. **पणि-परमार्थइं नही** = પરંતુ પરમાર્થથી ગુણ અને પર્યાયનો તાત્ત્વિકભેદ સંભવતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ કારણથી જ "દ્રવ્ય-ગુણ-પર્યાય" એવાં જે ત્રણ નામો પ્રવર્તે છે તે પણ ભેદોપચાર માત્રથી જ છે. પરમાર્થથી નથી. એમ ભાવાર્થ સમજવો. સારાંશ કે આધારભૂત જે પદાર્થ છે તે દ્રવ્ય છે. અને તેમાં જે જે પરિવર્તનો થાય છે. તે આધેયરૂપે રહેલા (ગુણોના બનેલા) પર્યાયો છે. આ રીતે દ્રવ્ય અને પર્યાય એ બે જ તત્ત્વો છે. ગુણ નામનો ત્રીજો કોઈ પદાર્થ નથી. પરંતુ કોઈ પૂછે કે આ પર્યાયો જે બન્યા, તે શાના બન્યા છે ? તેની ઓળખ આપવામાં આવે છે કે જે ગુણો છે તે જ પરિવર્તન પામ્યા છે. માટે ગુણોના (ગુણોને આશ્રયી) પર્યાયો થાય છે. પરંતુ તે પર્યાયો થાય તો છે દ્રવ્યમાં જ. આ રીતે ભાવાર્થ જાણવો. ॥૨૨॥

**એક અનેક રૂપથી ઈણિ પરિ, ભેદ પરસ્પર ભાવો રે ।**
**આધારાધેયાદિકભાવિં, ઈમજ ભેદ મનિ લ્હાવો રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરીઈ ॥૨-૧૪॥**

*ગાથાર્થ*– આ પ્રમાણે એક-અનેક રૂપથી દ્રવ્યનો તથા ગુણ-પર્યાયનો પરસ્પર ભેદ જાણો. તથા આધાર-આધેય વિગેરે રૂપે પણ આ જ રીતે ભેદ મનમાં સમજો. ॥૨-૧૪॥

**ટબો**– **એણિં પરિ દ્રવ્ય એક, ગુણ-પર્યાય અનેક, એ રૂપઈં પરસ્પર ક. માંહોમાંહિં ભેદ ભાવો-વિચારો, ઈમ જ આધાર આધેય પ્રમુખ ભાવ ક.-સ્વભાવ, તેણઈ કરી મનમાંહિં લ્યાવો, જે માટિં પરસ્પર અવૃત્તિધર્મ પરસ્પરમાંહિ ભેદ જણાવઈં ॥૨-૧૪॥**

*વિવેચન*– દિગંબરામ્નાયની સાથે ઉપરોક્ત લાંબી ચર્ચા કરીને એક વાત સિદ્ધ કરી કે "ગુણો અને પર્યાયો"ની વચ્ચે પારમાર્થિક ભેદ નથી. કાલ્પનિક ભેદ છે. વસ્તુસ્થિતિ ઓળખાવવા માટે જ ભેદ બોલાય છે. વસ્તુતઃ ગુણો પોતે જ તરતમભાવે થવારૂપે, હાનિ-વૃદ્ધિ થવા રૂપે, અથવા રૂપાન્તરપણે પરિણામ પામવા સ્વરૂપે પરિવર્તન પામે છે. તેને જ પર્યાય કહેવાય છે. એટલે ગુણો અને પર્યાયો વચ્ચે ભેદ સમજવાનો કે સમજાવવાનો છે જ નહીં. કારણ કે તે છે જ નહીં. પરંતુ આ ઢાળમાં દ્રવ્યનો તથા ગુણ-પર્યાયોનો ભેદ સમજાવાય છે, દ્રવ્યથી ગુણો, અને દ્રવ્યથી પર્યાયો કથંચિદ્ ભિન્ન છે. તે સમજાવાય છે. જો કે આ ભેદ પણ એકાન્તિક નથી પરંતુ ભેદાભેદ છે. એટલે કે ભેદ પણ છે. અને અભેદ પણ છે. અર્થાત્ અભેદ સાપેક્ષ એવો ભેદ દ્રવ્ય-ગુણ વચ્ચે તથા દ્રવ્ય-પર્યાય વચ્ચે પારમાર્થિકપણે છે ખરો, નથી એમ નહીં, કે કલ્પના માત્રકૃત ઔપચારિક ભેદ નથી. તાત્ત્વિક ભેદ છે. અને તે પણ અભેદસાપેક્ષ છે ત્યાં પ્રથમ આ ઢાળમાં ભેદ સમજાવે છે–

**एणिं परि द्रव्य एक, गुण-पर्याय अनेक ए रूपइं परस्पर क. मांहोमांहिं भेद भावो-विचारो. इम ज आधार आधेय प्रमुख भाव क. स्वभाव, तेणइ करी मनमांहिं ल्यावो.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવી રીતે વિચારતાં આધારભૂત દ્રવ્ય એક છે. અને તેમાં આધેયરૂપે વર્તતા ગુણ-પર્યાયો અનેક છે. જેમ કે કોઈ પણ એક આત્મામાં આત્મદ્રવ્ય એક જ છે. અને જ્ઞાન દર્શન ચારિત્ર તપ અને વીર્ય આદિ ગુણો, અને તે ગુણોની હાનિ-વૃદ્ધિ રૂપ ક્ષાયોપશમિકભાવના તથા નર-નારકાદિરૂપ ઔદયિકભાવના પર્યાયો અનેક છે. ઘટ-પટ આદિ કોઈ પણ વિવક્ષિત એક ઘટમાં-ઘડા સ્વરૂપ દ્રવ્ય એક જ છે. અને વર્ણ-ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાનાદિ ગુણો અનેક છે. તથા તેના જ પરિવર્તન રૂપ નીલ-પીતાદિ પર્યાયો પણ અનેક છે. આ રીતે દ્રવ્ય એક, અને ગુણો તથા પર્યાયો અનેક, એ સ્વરૂપે પરસ્પર કહેતાં માંહોમાંહે એટલે કે દ્રવ્યથી ગુણોનો અને દ્રવ્યથી પર્યાયોનો ભેદ છે. એમ ભાવો, અર્થાત્ મનમાં વિચારો કે અવશ્ય ભેદ છે જ. "ભેદ નથી અને માત્ર અભેદ જ છે" આવું નથી. (અભેદની સાથે) ભેદ પણ ચોક્કસ છે.

આ જ રીતે આધાર-આધેય વિગેરે જે ભાવો (એટલે કે જે જે સ્વભાવો) છે. તે ભાવોએ કરીને પણ ભેદ મનમાં માનો. જે દ્રવ્ય છે. તે ગુણ-પર્યાયોનો આધાર છે. અને જે ગુણ-પર્યાયો છે. તે દ્રવ્યમાં આધેય રૂપે રહેલા છે. આધાર એટલે રાખનાર, અને આધેય એટલે રહેનાર. જો દ્રવ્ય-ગુણપર્યાયોનો ભેદ ન માનીએ તો સમાનાધિકરણ પણે (સરખી વિભક્તિવાળા પણે) બોધ થવો જોઈએ, પરંતુ વ્યધિકરણપણે (ભિન્નવિભક્તિપણે) બોધ ન થવો જોઈએ. જેમ કે આત્મામાં જ્ઞાન છે. ઘટમાં રૂપ છે. સાકરમાં ગળપણ છે. અહીં પહેલુ પદ સપ્તમી વિભક્તિવાળું છે. અને બીજું પદ પ્રથમા વિભક્તિવાળુ છે. એમ વ્યધિકરણ બોધ હોવાથી "ઘડામાં જલ છે" આવું જ્ઞાન જેમ થાય છે. તેમ આત્મામાં જ્ઞાન છે. ઘટમાં રૂપ છે. ઈત્યાદિ બોધ થતો હોવાથી કંઈક ભેદ છે. જો આ ભેદ ન હોત તો "આત્મા એ જ જ્ઞાન છે" "ઘટ એજ રૂપ છે" "સાકર એજ ગળપણ છે" એમ સમાનાધિકરણપણે બોધ થાત. પરંતુ એવો બોધ થતો નથી. તેથી અવશ્ય કથંચિદ્ ભેદ છે જ.

મૂલગાથામાં લખેલા **आदि** શબ્દથી અને ટબામાં લખેલા "**प्रमुख**" શબ્દથી ભેદનાં અન્ય કારણો પણ સમજી લેવાં. જેમ કે (૧) ત્રણે કાળે એક રૂપે રહે તે દ્રવ્ય. અને ક્ષણે ક્ષણે બદલાય તે પર્યાય. (૨) ન્યાયદર્શનની દૃષ્ટિએ બે ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોય તે દ્રવ્ય અને એક એક ઈન્દ્રિયથી ગ્રાહ્ય હોય તે ગુણ અને પર્યાય. ઈત્યાદિ અનેક રીતે ભેદ જાણવો.

**जे माटिं परस्परावृत्तिधर्म परस्परमांहिं भेद जणावइं**=કારણ કે પરસ્પર એક બીજામાં ન રહેવાવાળો ધર્મ જ પરસ્પર ભેદને જણાવે છે. જેમ કે સો ગાયોમાં રહેનારો ગોત્વ ધર્મ સો અશ્વમાં રહેતો નથી. પરંતુ સોએ ગાયોમાં રહે છે. તેથી ગાયોમાં અને ઘોડામાં પરસ્પર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નહી રહેનારો ગોત્વધર્મ અથવા અશ્વત્વધર્મ ગાયો અને ઘોડાનો ભેદ જણાવે છે. પરંતુ ગોત્વધર્મ સોએ ગાયોમાં રહેતો હોવાથી ત્યાં તે ધર્મ ભેદ જણાવતો નથી. એવી જ રીતે સોએ અશ્વમાં રહેનારો અશ્વત્વધર્મ સો અશ્વમાં ભેદ જણાવતો નથી. ઘટત્વધર્મ પટમાં નથી અને પટત્વ ધર્મ ઘટમાં નથી માટે તે બન્નેમાં ન રહેનારો અર્થાત્ પરસ્પર અવૃત્તિ ધર્મ એવો ઘટત્વ અને પટત્વધર્મ તે બન્નેનો પરસ્પરભેદ જણાવે છે. તેવી જ રીતે "ગુણ-પર્યાયવાળા પણું અને ત્રણે કાળે એકસ્વરૂપે રહેવાપણું એવો જે દ્રવ્યનો ધર્મ છે. તે ધર્મ ગુણ-પર્યાયમાં નથી. અને ગુણ-પર્યાયમાં જે નિર્ગુણત્વ અને દ્રવ્યાશ્રયત્વ રૂપ ધર્મ છે તે દ્રવ્યમાં નથી. માટે બન્નેમાં પરસ્પર *અવૃત્તિભૂત એવો જે ધર્મ છે.* તે ધર્મ જ ધર્મીનો ભેદ જણાવે છે." ॥ ૨૩ ॥

**દ્રવ્ય આધાર ઘટાદિક દીસઈ, ગુણ પર્યાય આધેયો રે ।**
**રૂપાદિક એકેન્દ્રિયગોચર, દોહિં ઘટાદિક વેઓ રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરીએ ॥૨-૧૫॥**

ગાથાર્થ– ઘટ-પટાદિક દ્રવ્ય આધારરૂપે દેખાય છે. અને રૂપાદિક ગુણો તથા નીલ-પીતાદિ પર્યાયો આધેયરૂપે દેખાય છે. વળી રૂપાદિક ગુણો એક એક ઈન્દ્રિયગોચર છે. અને ઘટપટાદિક દ્રવ્યો બે ઈન્દ્રિયો વડે ગોચર છે. એમ દ્રવ્યથી ગુણ-પર્યાયોનો ભેદ જાણો. ॥ ૨-૧૫ ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ટબો– તેહિ જ વિવરી દેખાડઇં છઈ– દ્રવ્ય ઘટાદિક આધાર દીસઈ છઈ, જે માટઈં "એ ઘટઈં રૂપાદિક" ઇમ જાણીઈ છઈ. ગુણ-પર્યાય-રૂપ રસાદિક, નીલ-પીતાદિક આધેય=દ્રવ્ય ઉપરિ રહિયાં. ઈમ આધારાધેયભાવઈં દ્રવ્યથી ગુણપર્યાયનઈં ભેદ છઈ. તથા રૂપાદિક ગુણ-પર્યાય એક ઈન્દ્રિય-ગોચર ક. વિષય છઈ. જિમ રૂપ ચક્ષુરિન્દ્રિયઈં જ જણાઈં, રસ તે રસનેન્દ્રિયઈં જ, ઈત્યાદિક. અનઈં ઘટાદિક દ્રવ્ય છઈ. તે દોહિં-ચક્ષુરિન્દ્રિય. અનઈં સ્પર્શનેન્દ્રિયઃ એ ૨ ઇન્દ્રિયઈં કરીનઇં જાણો છો. એ નઈયાયિકમત અનુસરીનઈં કહિઉં. સ્વમતઇં ગંધાદિક પર્યાય દ્વારઈં ઘ્રાણેન્દ્રિયાદિકઇં પણિ દ્રવ્ય પ્રત્યક્ષ છઇં. નહી તો- "કુસુમ ગંધું છું" ઈત્યાદિ જ્ઞાનનઇં ભ્રાન્તપણું થાઈ. તે જાણવું.**

**"ઈમ-એક-અનેક, ઈન્દ્રિયગ્રાહ્યપણઇં દ્રવ્યથી ગુણ-પર્યાયનો ભેદ જાણવો. ગુણ-પર્યાયનઇં માંહોમાંહિ ભેદ, તે સહભાવી ક્રમભાવી એ કલ્પનાથી જ" ॥ ૨-૧૫ ॥**

*વિવેચન–* ॥ तेहि ज विवरी देखाडइं छइं- પૂર્વની ૧૪મી ગાથામાં દ્રવ્યથી ગુણોનો અને દ્રવ્યથી પર્યાયોનો આધાર-આધેય ભાવે જે પરસ્પર ભેદ મૂલગાથામાં કહ્યો છે. તે જ ઉદાહરણ આપીને આ ગાથામાં વિસ્તારથી સમજાવે છે–



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**द्रव्य घटादिक आधार दीसइ छइ, जे माटइं- ''ए घटइं रूपादिक'' इम जाणीइं छइ. गुण-पर्याय, रूप-रसादिक, नील-पीतादिक आधेय द्रव्य उपरि रहियां. इम आधाराधेयभावइं द्रव्यथी गुण-पर्यायनइ भेद छइ.'**

ઘટ-પટ વિગેરે જે દ્રવ્યાત્મક પદાર્થો છે. તે *આધાર* સ્વરૂપે (રાખનાર તરીકે) દેખાય છે. **जे माटइं** = કારણ કે "એ ઘટે રૂપાદિક છે" આ ઘટ-પટમાં રૂપ-રસ છે. આ ઘટ-પટમાં નીલ પીતાદિક છે. એમ વાક્યોચ્ચારણાદિમાં ઘટપટ દ્રવ્યો સપ્તમ્યન્ત તરીકે આધારરૂપે ભાસે છે. તેથી આ આધારની પ્રતીતિ થઈ.

હવે જે ગુણ-પર્યાયો છે. તેમાં રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિક જે છે તે ગુણો છે અને નીલ-પીત-શ્વેત, તિક્ત-મધુર, સુરભિ-દુરભિ, મૃદુ-કર્કશ, ઈત્યાદિ જે ઉત્તર ભેદો ૨૦ છે. તે પણ જો કે ગુણો જ છે. તથાપિ ક્રમભાવિત્વલક્ષણ વડે કરીને પર્યાયો કહેવાય છે. આ ગુણો અને પર્યાયો બે જુદી જુદી વસ્તુઓ નથી, માત્ર સહભાવિત્વ અને ક્રમભાવિત્વના લક્ષણ વડે કથંચિદ્ ભેદ છે. તે સર્વે દ્રવ્યમાં આધેયરૂપે રહેનારા છે. કારણકે (આધેય એટલે) દ્રવ્યની ઉપર વર્તે છે. અહીં દ્રવ્યની ઉપરનો અર્થ દ્રવ્યની માથે (ટોચે) વર્તે છે. એવો અર્થ ન કરવો. પરંતુ દ્રવ્યની અંદર લોહાગ્નિની જેમ વર્તે છે એમ અર્થ કરવો. જેથી ઘટમાં રૂપ છે. પટમાં રૂપ છે. ઘટમાં નીલ-પીત છે. ઈત્યાદિ પ્રતીતિ અનુભવસિદ્ધ છે. આ પ્રમાણે આધાર-આધેય ભાવ વડે દ્રવ્યથી ગુણ-પર્યાયનો ભેદ સિદ્ધ છે.

JAINSITE.com जैनम् जयति शासनम्

**तथा रूपादिक गुण-पर्यायः एक इन्द्रियगोचर क. विषय छइ. जिम रूप चक्षुरिन्द्रियइं ज जणाइं. रस, ते रसनेन्द्रियइं ज इत्यादिक. अनइं घटादिक द्रव्य छइं. ते दोहिं-चक्षुरिन्द्रिय अनइं स्पर्शनेन्द्रिय, ए २ इन्द्रियनइं करीनइं जाणो छो. ए नइयायिकमत अनुसरीनइं कहिउं.**

તથા ઘટ-પટ આદિ પુદ્ગલદ્રવ્યમાં આધેયભાવે રહેનારા રૂપ-રસ-ગંધ-સ્પર્શાદિ જે ગુણો છે અને નીલ-પીત-શ્વેતાદિ ૨૦ ઉત્તરભેદો રૂપ જે પર્યાયો છે. તે સઘળા ગુણો અને પર્યાયો એક એક ઈન્દ્રિયોથી જ ગોચર છે. એટલે કે એક એક ઈન્દ્રિયોના જ વિષય છે. જેમ કે રૂપ અને તેના ઉત્તરભેદો નીલ-પીતાદિ માત્ર એક ચક્ષુરિન્દ્રિયથી જ ગ્રાહ્ય છે. તથા રસ, અને તિક્ત-કટુ આદિ પેટાભેદો માત્ર એક રસના ઈન્દ્રિયથી જ ગ્રાહ્ય છે. એમ ગંધ અને ગંધના ભેદો ઘ્રાણેન્દ્રિયગ્રાહ્ય છે. સ્પર્શ અને સ્પર્શના ઉત્તરભેદો માત્ર સ્પર્શનેન્દ્રિયથી જ ગ્રાહ્ય છે. ઈત્યાદિ જાણી લેવું.

અને ઘટ-પટ આદિ દ્રવ્યો (કે જેગુણ-પર્યાયોનો આધાર છે. પરંતુ આધેય રૂપ નથી તે) **दोहिं=द्वाभ्याम्**=બે ઈન્દ્રિયો વડે એટલે કે ચક્ષુરિન્દ્રિય અને સ્પર્શનેન્દ્રિય વડે ગ્રાહ્ય છે.

આમ બે ઈન્દ્રિયો દ્વારા ગ્રાહ્ય છે. એમ જણાય છે. અંધારામાં પડેલો ઘટ સ્પર્શનેન્દ્રિયથી પણ જણાય છે. અને અજવાળામાં પડેલો ઘટ ચક્ષુથી પણ જણાય છે. એમ પટાદિક પદાર્થો પણ ચક્ષુ-સ્પર્શન આમ બે ઈન્દ્રિયોથી ગોચર છે. આ રીતે ગુણો અને પર્યાયો એક ઈન્દ્રિયગોચર અને દ્રવ્ય દ્વીન્દ્રિયગોચર હોવાથી પણ દ્રવ્યાદિનો ભેદ છે. અહીં ઘટ-પટ આદિ દ્રવ્યને અમે જે દ્વીન્દ્રિયગોચર કહ્યું છે. તે નૈયાયિક-વૈશેષિકોના મતને અનુસરીને કહેલું જાણવું. કારણકે તેઓ દ્રવ્યને દ્વીન્દ્રિયગોચર માને છે.

*પ્રશ્ન*— જો નૈયાયિક-વૈશેષિકોના મતે દ્રવ્યને દ્વીન્દ્રિયગોચર અહીં કહ્યું હોય તો સ્વમતે=જૈન દર્શનને અનુસારે દ્રવ્ય કેવું છે ? શું એકેન્દ્રિય ગોચર છે કે દ્વીન્દ્રિયગોચર છે કે કંઈ ત્રીજુ જ છે ?

*ઉત્તર*— જૈનદર્શનની દૃષ્ટિએ વ્યવહારનયથી (દ્રવ્ય-ગુણપર્યાયોનો કથંચિદ્ અભેદ માનો ત્યારે) *પાંચે ઈન્દ્રિયોથી ગોચર છે.* અને નિશ્ચયનયથી (દ્રવ્ય-ગુણપર્યાયોનો કથંચિદ્ ભેદ માનો ત્યારે) અતીન્દ્રિય છે. અર્થાત્ નયભેદે પાંચે ઈન્દ્રિયોથી ગોચર અને અગોચર એમ બન્ને છે. તે વાત વધારે સ્પષ્ટતાથી આ પ્રમાણે છે.

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

**स्वमतइं-गंधादिक पर्याय द्वारइं घ्राणेन्द्रियादिकइं पणि द्रव्य प्रत्यक्ष छइ. नही तो- ''कुसुम गंधु छुं'' इत्यादि ज्ञाननइं भ्रान्तपणुं थाइ. ते जाणवुं.**

**''इम-एक-अनेक इन्द्रियग्राह्यपणइं द्रव्यथी गुण-पर्यायनो भेद जाणवो. गुण पर्यायनइं मांहोमांहि भेद, ते सहभावी क्रमभावी ए कल्पनाथी ज. ॥२-१५॥**

જૈનદર્શનના સિદ્ધાન્તને અનુસારે તો દ્રવ્ય પાંચે ઈન્દ્રિયોથી ગોચર છે. પદાર્થમાં રહેલા રૂપ દ્વારા ચક્ષુ વડે અને સ્પર્શ દ્વારા સ્પર્શનેન્દ્રિય વડે જેમ દ્રવ્ય ગોચર થાય છે તેમ પદાર્થમાં રહેલી ગંધ દ્વારા ઘ્રાણેન્દ્રિય વડે, રસ દ્વારા રસનેન્દ્રિય વડે, અને શબ્દ દ્વારા શ્રોત્રેન્દ્રિય વડે, આમ, ગંધાદિક ગુણ-પર્યાયો દ્વારા ઘ્રાણેન્દ્રિયાદિ શેષ ઈન્દ્રિયો વડે પણ દ્રવ્યનું પ્રત્યક્ષજ્ઞાન (ઈન્દ્રિયજન્ય સાંવ્યવહારિક પ્રત્યક્ષજ્ઞાન) અવશ્ય થાય જ છે. જો ન થતું હોત તો ''હું ફુલ સુંઘુ છું'' એમ જે બોલાય છે, જણાય છે તે જ્ઞાનને ભ્રાન્તપણું થઈ જાય. અહીં ઘ્રાણેન્દ્રિયથી તો ગંધ જ જણાય છે કારણ કે ઈન્દ્રિયોના વિષયો તો ગુણો જ છે. તેથી "હું ફુલની ગંધ સુંઘું છું" એમ બોલવું જોઈએ. પરંતુ એમ ન બોલતાં "હું ફુલ સુંઘુ છું" એમ જે બોલાય છે અને એમ જે જણાય છે. તે ગંધ અને ફુલનો અભેદ પ્રધાન કરીને વ્યવહારનયથી બોલાય છે. માટે ફુલ નામનું દ્રવ્ય ઘ્રાણેન્દ્રિય ગોચર પણ થયું. એવી જ રીતે આ શાક (વ્યંજન) મોળુ છે કે ગળ્યું છે ? તે માટે ''હું શાક ચાખુ છું'' તથા ''આ પાણી

મીઠું છે" એમ હું જાણું છું. તથા "આ ઘરમાં અવશ્ય કોઈક પુરુષ છે" ઈત્યાદિક અનુભવો દ્વારા દ્રવ્ય પાંચે ઈન્દ્રિયોથી ગોચર થઈ શકે છે જ્યારે જ્યારે ગુણ-ગુણીના અભેદની પ્રધાનતા કરો ત્યારે ત્યારે તે તે ઈન્દ્રિયોથી ગુણો ગ્રહણ કરાયે છતે ગુણી પણ અવશ્ય ગ્રહણ કરાય જ છે. આ વાત વ્યવહારનયથી જાણવી.

*પ્રશ્ન–* દ્રવ્ય પાંચે ઈન્દ્રિયથી પ્રત્યક્ષ છે. આમ માનવાની વાત જો વ્યવહારનયથી છે. તો નિશ્ચયનયથી શું વાત છે, તે પણ સમજાવોને ? તથા કોઈ પણ એક જ દ્રવ્ય પાંચે ઈન્દ્રિયોથી પ્રત્યક્ષ થતું હોય એવું કોઈ ઉદાહરણ છે ?

*ઉત્તર–* નિશ્ચયનયથી તો રૂપ-રસ-ગંધ-સ્પર્શ અને શબ્દ આ પાંચ ગુણો જ તે તે ઈન્દ્રિયોથી ગ્રાહ્ય છે. ગુણી એવું દ્રવ્ય ઈન્દ્રિયગ્રાહ્ય નથી. પરંતુ અનુમાન ગ્રાહ્ય છે. તેથી દ્રવ્ય ઈન્દ્રિયપ્રત્યક્ષનો અવિષય હોવાથી અતીન્દ્રિય છે. તત્ત્વાર્થસૂત્ર અધ્યાય બીજામાં સૂત્ર ૨૧ માં "**स्पर्शरसगन्धवर्णशब्दास्तेषामर्थाः**" રૂપાદિ ગુણો જ ઈન્દ્રિયોના વિષય તરીકે જણાવ્યા છે. નૈયાયિક-વૈશેષિકો રસ અને ગંધનું ગ્રહણ રસનેન્દ્રિય અને ઘ્રાણેન્દ્રિય દ્વારા "સંયુક્ત સમવાય" સન્નિકર્ષથી માને છે. અને રસવાન્ શર્કરાદિ દ્રવ્યનું અને ગંધવાન્ પુષ્પાદિદ્રવ્યનું જ્ઞાન "સંયોગ સન્નિકર્ષ"થી ન માનતાં અનુમાનગોચર માને છે. તે આ નયની જ છાયા છે. દ્રવ્યની બાબતમાં તથા રૂપ અને સ્પર્શની બાબતમાં સંયોગસન્નિકર્ષ અને સંયુક્તસમવાય સન્નિકર્ષ એમ બન્ને સન્નિકર્ષો માનીને દ્રવ્યને ચક્ષુ તથા સ્પર્શનેન્દ્રિયગોચર જે કહ્યું છે. ત્યાં ગુણ-ગુણીનો એકાન્તભેદ-પ્રધાન નિર્દેશ કરીને દ્વીન્દ્રિય ગોચરતા કહી છે આ સઘળો વ્યવહારનયનો વિષય છે. પરંતુ પરમાર્થથી તો ગુણો જ ઈન્દ્રિયગોચર છે. ગુણી એવું દ્રવ્ય ઈન્દ્રિયગોચર નથી. આ નિશ્ચયનયની વાત છે. જો આંખ બંધ હશે તો નાક દ્વારા ગંધ જ જણાય છે. અને જણાતી ગંધને અનુસારે દ્રવ્યની કલ્પના કરવા સ્વરૂપ અનુમાન જ થાય છે. આમ રસનામાં અને શ્રોત્રમાં પણ સમજવું. માટે નિશ્ચયનયથી દ્રવ્ય અતીન્દ્રિય છે. છતાં વ્યવહારનયથી ગુણ-ગુણીનો અભેદ સમજીને જૈનદર્શન પ્રમાણે પાંચે ઈન્દ્રિયોથી ગોચર કહેવાય છે. અને ન્યાય-વૈશેષિક દર્શનકારો એકાન્તભેદવાદી હોવાથી દ્રવ્યને સંયોગસન્નિકર્ષથી દ્વીન્દ્રિયગોચર કહે છે અને ગુણો સંયુક્ત સમવાય સન્નિકર્ષથી તે તે ઈન્દ્રિય દ્વારા ગોચર કહે છે.

પાંચે ઈન્દ્રિયોથી એકી સાથે પ્રત્યક્ષ થતું હોય એવા દ્રવ્યના ઉદાહરણમાં શ્રી વિશેષાવશ્યક મહાભાષ્યમાં "સુકી અને મોટાવર્તુલ વાળી જલેબીનું ઉદાહરણ કહેલું છે." સુકી હોવાથી ખાતી વખતે બડબડ અવાજ આવે છે. માટે શ્રોત્રેન્દ્રિય ગોચર છે. મોટુ વર્તુલ હોવાથી આખુ મુખમાં પ્રવેશી શકે નહીં. અને અડધુ વર્તુલ મુખની બહાર હોઈ શકે, તેથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે ચક્ષુગોચર પણ છે. જલેબી ઉત્કટગંધવાળું દ્રવ્ય હોવાથી ઘ્રાણેન્દ્રિયગોચર પણ છે. અને રસનેન્દ્રિય તથા સ્પર્શનેન્દ્રિયગ્રાહ્ય તો સાક્ષાત્ અનુભવાય જ છે. આ પણ વ્યવહારનયથી જાણવું. નિશ્ચયનયથી તો જીવનો ઉપયોગ કોઈ પણ એક ઈન્દ્રિયના વિષયમાં હોય છે. ત્યારે બીજી ઈન્દ્રિયના વિષયમાં હોતો નથી પરંતુ જલ્દી જલ્દી ગોળ ગોળ ફેરવાતા ઉંબાડીયાનો અગ્નિ જેમ એક એક જગ્યાએ હોવા છતાં આખા વર્તુલાકારમાં દેખાય છે. તેમ ઉપયોગ વેગે વેગે ફરતો હોવાથી પાંચે ઈન્દ્રિયોનો ઉપયોગ એકી સાથે જણાય છે.

આ રીતે એક-અનેકપણાથી, તથા ઈન્દ્રિયગ્રાહ્યપણાથી દ્રવ્યથી ગુણોનો અને દ્રવ્યથી પર્યાયોનો ભેદ જાણવો. આ ભેદ કથંચિદ્ છે. એકાન્તિક નથી. પરંતુ કથંચિદ્ એવો જે ભેદ છે તે પારમાર્થિક છે. વાસ્તવિક છે. કાલ્પનિક નથી. જ્યારે ગુણ અને પર્યાયોની વચ્ચે માંહોમાંહે જે ભેદ સમજાવવામાં આવ્યો છે. તે માત્ર સહભાવિત્વ અને ક્રમભાવિત્વની અપેક્ષાએ છે. તે ભેદ કલ્પનામાત્રથી જ છે. પરમાર્થથી નથી. આવો વિવેક કરવો. ॥૨૪॥

**સંજ્ઞા સંખ્યા લક્ષણથી પણિ, ભેદ એહોનો જાણી રે ।**
**સુ-જસકારિણી શુભમતિધારો, દુરમતિ વેલી કૃપાણી રે ॥**
**જિનવાણી રંગઈ મનિ ધરીઈં ॥૨-૧૬॥**

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ગાથાર્થ– સંજ્ઞાથી, સંખ્યાથી અને લક્ષણથી પણ એહોનો (દ્રવ્યથી ગુણોનો તથા દ્રવ્યથી પર્યાયોનો) પરસ્પર ભેદ જાણીને સારા યશને કરનારી એવી શુભમતિ ધારણ કરો કે જે શુભમતિ, દુષ્ટબુદ્ધિરૂપી વેલડીને કાપવામાં કુહાડી સમાન છે. ॥૨-૧૬॥

**ટબો– તથા સંજ્ઞા ક. નામ, તેહથી ભેદ, "દ્રવ્ય" નામ ૧, "ગુણ" નામ ૨, "પર્યાય" નામ ૩. સંખ્યા-ગણના, તેહથી ભેદ, દ્રવ્ય ૬, ગુણ અનેક, પર્યાય અનેક. લક્ષણથી ભેદ-દ્રવણ-અનેકપર્યાય ગમન દ્રવ્યલક્ષણ, ગુણન-એકથી અન્યનઈં ભિન્નકરણ તે ગુણલક્ષણ, પરિગમન-સર્વતો વ્યાપ્તિ તે પર્યાય લક્ષણ, ઈમ એહોનો-દ્રવ્ય ગુણ પર્યાયનો, માંહોમાંહિ ભેદ જાણીનઈં, ઉત્તમ યશની કરણહાર ભલી મતિ ધરો. કેહવી છઈ ? જે દુરમતિ કહિઇં- જે દ્રવ્યાદ્વૈતપક્ષની માઠી મતિ, તે રૂપિણી જે વેલી, તેહનઈં વિષઈં કૃપાણી-કુહાડી.**

**એ ઢાલઈં-દ્રવ્ય-ગુણ-પર્યાયનો ભેદ દેખાડ્યો. હિવઈ-ત્રીજઈં ઢાલઈં એકાંતિ જે ભેદ માનઈ છઈ. તેહનઈં અભેદપક્ષ અનુસરીનઈં દૂષણ દિઈ છઈ. ॥૨-૧૬॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*વિવેચન*– હવે આ ઢાળનો ઉપસંહાર કરતાં જણાવે છે કે સંજ્ઞાથી, સંખ્યાથી અને લક્ષણથી આ દ્રવ્ય–ગુણ–પર્યાયનો પરસ્પર ભેદ જાણીને ઉત્તમ બુદ્ધિ (સ્યાદ્‌વાદ સાપેક્ષ બુદ્ધિ) ધારણ કરો. તે હવે સમજાવે છે.

**तथा संज्ञा क.-नाम, तेहथी भेद,- ''द्रव्य'' नाम १, ''गुण'' नाम २, ''पर्याय'' नाम ३.**

તથા સંજ્ઞા કહેતાં નામ સમજવું. તેનાથી (નામમાત્રથી) પણ દ્રવ્ય-ગુણ પર્યાયનો ભેદ જાણવો. એકનું નામ "દ્રવ્ય છે. બીજાનું નામ ગુણ છે. અને ત્રીજાનું નામ પર્યાય છે. આ રીતે ત્રણેનાં નામો જુદાં જુદાં હોવાથી દ્રવ્યથી-ગુણ અને પર્યાયોનો ભેદ છે. એમ જાણવું. જ્યાં જ્યાં "નામભેદ" હોય છે ત્યાં ત્યાં અવશ્ય કંઈક વસ્તુભેદ પણ હોય જ છે. જેમ કે ઘટ-પટ. આ બન્ને નામો જુદા જુદા હોવાથી વસ્તુ પણ જુદી જુદી જ છે. તેમ દ્રવ્ય-ગુણ-પર્યાય આવા પ્રકારનો નામભેદ હોવાથી વસ્તુભેદ પણ છે.

*પ્રશ્ન*– જો જ્યાં જ્યાં નામભેદ હોય ત્યાં ત્યાં અવશ્ય વસ્તુભેદ હોય જ છે. આવો ન્યાય હોય તો આત્મા-ચેતન-જીવ-વિગેરે શબ્દો બોલવામાં પણ નામભેદ હોવાથી વસ્તુભેદ છે. એમ સિદ્ધ થશે. તેવી જ રીતે ઘટ-કુંભ-કળશમાં પણ નામભેદ હોવાથી વસ્તુભેદ થશે. પરંતુ સંસારમાં આવો ભેદ જણાતો નથી. આત્મા અને ચેતન એક જ છે. ઘટ અને કુંભ પણ એક જ છે. "જ્યાં જ્યાં નામભેદ હોય ત્યાં ત્યાં વસ્તુભેદ હોય જ" એવી વ્યાપ્તિ નિર્દોષ જણાતી નથી. આત્મા અને ચેતન, તથા ઘટ અને કુંભ, જેમ એક જ વસ્તુના વાચક છે. તેવી જ રીતે દ્રવ્ય-ગુણ-પર્યાય આ શબ્દો પણ એક જ વસ્તુના વાચક હોય, અને ભેદ ન હોય એવું પણ કેમ ન બની શકે ? માટે નામભેદથી વસ્તુભેદ સિદ્ધ થતો નથી.

*ઉત્તર*– તમારી શંકા બરાબર છે. જ્યાં વસ્તુનો ભેદ ન હોય છતાં પણ નામભેદ હોય ત્યાં તે તે નામો પર્યાયવાચી કહેવાય છે. પર્યાયવાચી એટલે કે એક જ વસ્તુને જણાવનારાં જુદા જુદા નામો. જેમ કે नृप, भूप, नृपति, भूपति અને राजा આ બધા શબ્દોમાંથી કોઈ પણ શબ્દ બોલો પરંતુ તેનાથી એક જ પદાર્થ (રાજા જ) સૂચિત થાય. તેવી જ રીતે આત્મા ચેતન અને જીવ શબ્દો આત્મદ્રવ્ય માટે પર્યાયવાચી છે. ઘટ કુંભ અને કલશ શબ્દો ઘટદ્રવ્ય માટેના પર્યાયવાચી છે. દ્રવ્ય-ગુણ અને પર્યાય આ શબ્દો પર્યાયવાચી નથી. એક જ વસ્તુના વાચક નથી. દ્રવ્ય શબ્દથી ઘટ-પટ આદિ પદાર્થો સૂચિત થાય છે. પણ કંઈ ગુણ કે પર્યાય જણાતા નથી તથા તે ઘટ-પટ આદિ દ્રવ્યાત્મક પદાર્થો ગુણશબ્દ બોલવાથી કે પર્યાયશબ્દ બોલવાથી જણાતા નથી. તેવી જ રીતે ગુણશબ્દથી જ્ઞાનાદિ અને રૂપાદિ ભાવો જ સૂચિત થાય છે અને પર્યાય શબ્દથી આત્માની જુદી જુદી અવસ્થાઓ જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સૂચિત થાય છે અને ઘટ પટની નીલ-પીત શ્વેતાદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓ સૂચિત થાય છે. પરંતુ ઘટપટ આદિ પદાર્થો સૂચિત થતા નથી. તેથી "પર્યાયવાચી શબ્દો સિવાય જ્યાં જ્યાં નામભેદે હોય છે ત્યાં ત્યાં અવશ્ય વસ્તુભેદ હોય જ છે" તેથી આ શબ્દો પર્યાયવાચી ન હોવાથી શબ્દભેદ વસ્તુભેદ અવશ્ય જણાવે છે. આ ન્યાયનો ભંગ થતો નથી.

**संख्या-गणना, तेहथी भेद, "द्रव्य ६, गुण अनेक पर्याय अनेक."**

સંખ્યાથી પણ દ્રવ્ય તથા ગુણ-પર્યાયોનો ભેદ છે. સંખ્યા શબ્દનો અર્થ ગણના કરવી, ગણતરી કરવી, ગણવું. તેવા પ્રકારની ગણનાથી પણ આ દ્રવ્યાદિનો ભેદ છે. કારણકે આ સંસારમાં જાતિને આશ્રયી જીવ-પુદ્ગલ આદિ મૂલ દ્રવ્યો ૬ જ છે. વધારે નથી પરંતુ ગુણો અનંત છે અને પર્યાયો પણ અનંત છે. એક એક દ્રવ્યના અનંત-અનંત (અપાર) ગુણો અને પર્યાયો છે. જેમ કે વિવક્ષિત કોઈ પણ જીવદ્રવ્ય સંખ્યામાં ૧ છે. પરંતુ તેના જ ગુણો-જ્ઞાન દર્શન ચારિત્ર વીર્ય સુખ આનંદ અસ્તિત્વ વસ્તુત્વ આદિ અનેક છે. તથા આ ગુણોની જ ષડ્ગુણ હાનિવૃદ્ધિરૂપ ક્ષાયોપશમિકભાવના પર્યાયો, તથા નર-નારકાદિક ઔદયિકભાવના પર્યાયો અનેક (અનંત) છે. આ રીતે સંખ્યાથી પણ દ્રવ્યાદિનો ભેદ છે.

**लक्षणथी भेद-द्रवण-अनेकपर्यायगमन द्रव्यलक्षण, गुणन-एकथी अन्यनइं भिन्नकरण ते गुण लक्षण, परिगमन-सर्वतो व्याप्ति, ते पर्याय लक्षण.**

લક્ષણથી પણ આ દ્રવ્યાદિનો પરસ્પર ભેદ છે. ત્રણેનાં લક્ષણો જુદાં જુદાં છે.

(૧) દ્રવ્યનું લક્ષણ છે કે "**દ્રવણ**" થવું-દ્રવીભૂત થવું. જેમ થીજેલુ ઘી ગરમ કરવાથી પીગળી જાય તેને દ્રવીભૂત થયું કહેવાય. તેમ કોઈ પણ એકરૂપમાંથી બીજા રૂપમાં આવવું, રૂપાન્તર થવું, ભિન્ન ભિન્ન એવા અનેક પર્યાયોને પામવા. તેને દ્રવીભૂત થવું કહેવાય છે. આ જ દ્રવ્યનું લક્ષણ છે. અને તે લક્ષણ દ્રવ્યમાં જ લાગુ પડે છે. ગુણ-પર્યાયમાં લાગુ પડતું નથી. કારણ કે દ્રવ્ય જ દ્રવીભૂત થાય છે. નવા નવા પર્યાયને પામે છે.

(૨) ગુણનું લક્ષણ છે કે- "**ગુણન**" કરવું એટલે ભિન્નીકરણ કરવું-પૃથક્કરણ કરવું. અર્થાત્ એક વસ્તુને અન્ય વસ્તુઓથી અલગ કરવી તે ગુણનું લક્ષણ છે. જેમ "જ્ઞાન" એ જીવનો ગુણ છે. તેથી જ્ઞાનગુણ એ જીવને અન્ય એવા ઘટ-પટ આદિ પદાર્થોથી અલગ કરે છે. જેમાં જેમાં જ્ઞાનગુણ હોય તે જ જીવ સમજવા. તેનાથી અન્ય પદાર્થો જીવ ન કહેવાય. તેવી જ રીતે રૂપાદિગુણો પુદ્ગલદ્રવ્યને અન્ય દ્રવ્યોથી અલગ કરે છે. તેથી "પૃથક્કરણ કરવું" તે ગુણનું લક્ષણ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) પર્યાયનું લક્ષણ છે કે "**परिगमन**" થવું એટલે "**सर्वतो व्याप्ति**" થવી કોઈ પણ વિવક્ષિત એક દ્રવ્યનું સર્વ પ્રકારે એકરૂપમાંથી બીજા રૂપે રૂપાન્તર પણે વ્યાપ્ત થવું. દ્રવ્યનું સર્વથા રૂપાન્તર થવું. (આંશિક રૂપાન્તર નહીં) પરંતુ સર્વતઃ રૂપાન્તર થવું તે પર્યાય કહેવાય છે. જેમ કે હાલ જે મનુષ્ય છે. એ મનુષ્ય મટીને નારકી થાય, અથવા નારકી એ નારકી મટીને મનુષ્ય થાય તે પર્યાય કહેવાય છે કારણકે આ રૂપાન્તર આખા આત્મ દ્રવ્યનું થાય છે. આંશિક રૂપાન્તર થતું નથી.

તથા વળી મૂલ ટબામાં કહ્યાં નથી તો પણ પહેલાંની ગાથામાં આવાં ભિન્ન ભિન્ન લક્ષણો દ્રવ્યાદિનાં આવ્યાં છે કે- (૧) ગુણ અને પર્યાયનો જે આધાર હોય અને ત્રણે કાળે જે એકરૂપ રહે તે દ્રવ્ય, (૨) દ્રવ્યના આશ્રયે રહે અને સ્વયં નિર્ગુણ હોય તે ગુણ, અથવા સહભાવિત્વ લક્ષણ જેમાં હોય તે ગુણ. (૩) **तद्भावः परिणामः**=દ્રવ્યનું તે તે રૂપે રૂપાન્તર થવું તે પર્યાય કહેવાય છે. અથવા ક્રમભાવિત્વ એ પર્યાયનું લક્ષણ છે.

**इम एहोनो-द्रव्य गुण पर्यायनो, मांहोमांहि भेद जाणीनइं, उत्तमयशनी करणहार भली मति धरो. केहवी छइ ? जे दुरमति कहिइ-जे द्रव्याद्वैतपक्षनी माठी मति, ते रूपिणी जे वेली, तेहनइं विषइं कृपाणी-कुहाडी.**

આ પ્રમાણે-દ્રવ્યથી ગુણ-પર્યાયોનો માંહોમાંહે અરસ-પરસ અનેક રીતે ભેદ છે. તે ભેદ ઉપર સમજાવ્યો છે. છતાં સંક્ષેપમાં આ પ્રમાણે છે.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

(૧) દ્રવ્ય-ગુણ-પર્યાય એમ નામથી ભેદ છે. આ નામભેદ.

(૨) દ્રવ્ય સંખ્યામાં ૬ છે. ગુણ-પર્યાય અનંત છે. આ સંખ્યાભેદ.

(૩) દ્રવ્ય આધાર છે. ગુણ-પર્યાયો આધેય છે. આ આધારાધેયભેદ.

(૪) દ્રવીભૂત થવું એ દ્રવ્યનું લક્ષણ, પૃથક્કર કરવું એ ગુણનું લક્ષણ, અને રૂપાન્તર થવું એ પર્યાયનું લક્ષણ છે. આ લક્ષણભેદ.

(૫) દ્રવ્ય દ્વીન્દ્રિયગોચર છે (જૈન દર્શન પ્રમાણે વ્યવહારનયથી પંચેન્દ્રિયગોચર છે. નિશ્ચયનયથી અતીન્દ્રિય છે) અને ગુણ-પર્યાયો તે તે વિવક્ષિત એક જ ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. આ ઈન્દ્રિયગોચરતાથી ભેદ.

આ રીતે શાસ્ત્રોથી અને ગુરુગમથી આ દ્રવ્યાદિનો *કથંચિદ્* ભેદ જાણીને એવી સુંદર બુદ્ધિ ધારણ કરો, સદ્બુદ્ધિ લાવો, કે જે સદ્બુદ્ધિ ઉત્તમ એવા યશને કરનારી ભલી મતિ બને. કારણકે જે જે આત્માઓ સદ્બુદ્ધિવાળા બને છે. તેઓ યથાર્થ જ્ઞાનવાળા થયા છતા વસ્તુના સ્વરૂપનું શ્રોતા સમક્ષ યથાર્થ પ્રતિપાદન કરે છે. તેથી તેનો યશ (વગર કહ્યે) ચારે તરફ આપોઆપ વધે છે. યશ ગાવો પડતો નથી કે ગવરાવો પડતો નથી તથા વળી આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદ્બુદ્ધિ કેવી છે ? તો અનાદિકાળની મિથ્યાત્વમોહનીયની વાસનાથી વાસિત એવી જે દુર્બુદ્ધિ છે *"દ્રવ્યાદ્વૈતવાદની માઠી મતિ છે"* આ સંસારમાં દ્રવ્ય માત્ર જ છે. ગુણ-પર્યાય છે જ નહીં એવી દ્રવ્યના અદ્વૈતને (એકત્વમાત્રને) જ માનનારી માઠી મતિ અર્થાત્ દુર્બુદ્ધિ અથવા દ્રવ્ય એક જ છે. છ દ્રવ્યો નથી એવી જે દુર્બુદ્ધિ છે. કારણકે કેટલાક દર્શનશાસ્ત્રીઓ આ આખું વિશ્વ એક ઈશ્વરરૂપ જ છે. બીજું કંઈ છે જ નહીં **सत्यं ब्रह्म, जगन्मिथ्या** આવું પણ માને છે. ઈત્યાદિ અનેકપ્રકારની જે માઠી મતિ-ખોટી બુદ્ધિ, અર્થાત્ દુર્બુદ્ધિ છે. તે રૂપી જે વેલી (વેલડી) છે. તેહને વિષે (તે વેલડીને કાપવા માટે) આ સદ્બુદ્ધિ કૃપાણી સમાન છે. અર્થાત્ કુહાડી સમાન છે. આ સદ્બુદ્ધિ તે દુર્બુદ્ધિરૂપી વેલડીને કાપી નાખે છે. તે દુર્બુદ્ધિનાં મૂલીયાંને પણ ઉખેડી નાખે છે. આવા લક્ષણવાળી સદ્બુદ્ધિને હે ભવ્ય આત્માઓ! તમે ધારણ કરો.

**ए ढालइं-द्रव्य-गुण-पर्यायनो भेद देखाड्यो. हिवइ-त्रीजइं-ढालइं एकांति जे भेद मानइ छइ. तेहनइं अभेदपक्ष अनुसरीनइं दूषण दिइ छिइ ॥ २-१६ ॥**

આ બીજી ઢાળની અંદર "દ્રવ્ય-ગુણ-પર્યાયનો" કથંચિદ્ ભેદ જણાવ્યો. આ ભેદ સ્યાદ્વાદ મુદ્રાએ મુદ્રિત સાપેક્ષપણે જાણવો. પરંતુ નૈયાયિક, વૈશેષિક અને સાંખ્યદર્શનકારોની જેમ એકાન્તિક ભેદ ન જાણવો. તથા આવા પ્રકારની ભેદપક્ષની જ યુક્તિઓ સાંભળવાથી ઘણા દર્શનકારો આ ત્રણનો એકાન્તિક ભેદ માની લે છે. એટલે એકાન્ત ભેદ તરફ દૃષ્ટિ ઢળી જાય છે. તે ઢળી ન જાય તે માટે હવે ત્રીજી ઢાળમાં તેઓને (જે એકાન્તભેદ માને છે. તે દર્શનકારોને) અભેદપક્ષનો આશ્રય લઈને ગ્રંથકારશ્રી દૂષણ આપે છે.

જેઓ એકાન્તભેદ માને છે તેઓને સમજાવવા માટે ગ્રંથકારશ્રી પોતે અભેદપક્ષનો સ્વીકાર કરીને એટલે કે અભેદવાદી થઈને તે ભેદવાદીઓને એકાન્તભેદ માનવામાં કેવાં કેવાં દૂષણો આવે છે. તે દેખાડે છે.

અહીં ભેદભાવના એકાન્તપક્ષનો પરિહાર કરવા પુરતા જ ગ્રંથકારશ્રી અભેદવાદનો પક્ષ ગ્રહણ કરે છે. પરંતુ ગ્રંથકારશ્રી પોતે એકાન્ત અભેદવાદના પક્ષપાતી છે. એમ ન માની લેવું. તેઓ એકાન્ત અભેદવાદના (કે એકાન્ત ભેદવાદના) પક્ષપાતી નથી. તેઓશ્રી ભેદાભેદ એમ ઉભયવાદને સાપેક્ષપણે માનનારા છે. તથા વળી "સુજશકારિણી" શબ્દ આ ગાથામાં લખીને ગર્ભિત રીતે શ્રી યશોવિજયજી એવું પોતાનું કર્તા તરીકેનું નામ પણ સૂચવ્યું છે. ॥૨૫॥

**બીજી ઢાળ. સમાપ્ત**

# ઢાળ - ત્રીજી

એકાંતિં જો ભાષિઈજી, દ્રવ્યાદિકનો રે ભેદ ।
તો પરદ્રવ્ય પરિં હુઈજી, ગુણ-ગુણિભાવ ઉચ્છેદ રે ॥
ભવિકા, ધારો ગુરુ ઉપદેશ ॥૩-૧॥

*ગાથાર્થ*— દ્રવ્ય-ગુણ-પર્યાયનો જો એકાન્તે ભેદ કહીએ તો "પરદ્રવ્યની" પેઠે થઈ જાય અને તેથી ગુણ-ગુણીભાવનો ઉચ્છેદ થઈ જાય. હે ભવ્ય જીવો ! તાત્ત્વિક વાતો સમજવા માટે શ્રી ગુરુભગવંતોનો ઉપદેશ હૈયામાં ધારણ કરો. ॥૩-૧॥

**ટબો— "દ્રવ્યાદિકનો-દ્રવ્ય-ગુણ પર્યાયનો જો એકાંતઈં ભેદ ભાષિઈં. તો પરદ્રવ્યનઈં પરિં સ્વદ્રવ્યનઈં વિષે પણિ ગુણ-ગુણિભાવનો ઉચ્છેદ થઈ જાઈ" જીવ દ્રવ્યના ગુણ જ્ઞાનાદિક, તેહનો ગુણી જીવદ્રવ્ય, પુદ્ગલ દ્રવ્યના ગુણ રૂપાદિક, ગુણી પુદ્ગલદ્રવ્ય, એ વ્યવસ્થા છઈ. શાસ્ત્રપ્રસિદ્ધ.**

**ભેદ માનતાં તે લોપાઈ, જીવદ્રવ્યનઈં પુદ્ગલ ગુણસ્યું જિમ ભેદ છઈ તિમ નિજ ગુણસ્યું પણિ ભેદ છઈ, તો "એહનો એહ ગુણી, એહના એહ ગુણ" એ વ્યવહારનો વિલોપ થઈ આવઈ. તે માટઈં દ્રવ્ય ગુણ પર્યાયનો અભેદ જ સંભવઈ. એહવો અભેદનયનો ગુરુનો ઉપદેશ ભણીનઈં ભવ્ય પ્રાણી ધારો ॥૩-૧॥**

*વિવેચન*— આ સંસારમાં મુખ્યત્વે બે દ્રવ્યો છે. ૧ ચૈતન્યગુણવાળું જીવ દ્રવ્ય, અને ચૈતન્યગુણવિનાનું બીજુ અજીવદ્રવ્ય. ચૈતન્યનું હોવું અને ચૈતન્યનું ન હોવું એ જીવ-અજીવનું લક્ષણ સમજવું. જીવો અનંતા છે. સર્વે જીવો સ્વતંત્ર છે. પરમાણુઓનો પિંડીભાવ થઈને જેવો સ્કંધ બને છે. તેમ જીવોનો સાથે મળીને સ્કંધ બનતો નથી. આ રીતે જીવદ્રવ્યો વ્યક્તિની અપેક્ષાએ સંખ્યામાં અનંતાં હોવા છતાં પણ જાતિની વિવક્ષાએ એક જીવ દ્રવ્ય માનવામાં આવે છે.

અજીવદ્રવ્યના પાંચ ભેદ છે. ૧ ધર્માસ્તિકાય, ૨ અધર્માસ્તિકાય, ૩ આકાશાસ્તિકાય, ૪ કાળ, અને ૫ પુદ્ગલાસ્તિકાય. તે પાંચમાં પ્રથમના ચાર અરૂપી છે. વર્ણાદિ ગુણોથી

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રહિત છે. ઈન્દ્રિયોથી અગોચર છે. અને સૂક્ષ્મ છે. પ્રથમનાં બે દ્રવ્યો ચૌદ રાજલોકવ્યાપી છે. અને ત્રીજુ દ્રવ્ય લોકાલોક વ્યાપી છે. ચોથુ કાલ દ્રવ્ય જો કે વાસ્તવિક (પારમાર્થિક) દ્રવ્ય નથી. જીવ-અજીવની કોઈ પણ પર્યાયોમાં જે વર્તના તે કાળ છે. આ કાળ પર્યાયાત્મક હોવા છતાં પણ તેમાં કાળ દ્રવ્યનો ઉપચાર કરાય છે. કારણ કે સર્વે વ્યવહારોમાં તેની અતિશય ઉપયોગિતા છે. તેથી ઉપચારે વ્યવહારનયથી કાળ એ દ્રવ્ય છે. અને નિશ્ચયનયથી કાળ એ જીવ-અજીવની વર્તનાદિ પર્યાયાત્મક છે.

પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્ય રૂપી છે. વર્ણ-ગંધ રસ સ્પર્શવાળું છે. સ્થૂલ અને સૂક્ષ્મ એમ બન્ને પ્રકારનું છે. તે પરમાણુઓના પિંડાત્મક પણ છે અને છુટા છુટા પરમાણુ સ્વરૂપ પણ છે. પિંડાત્મકને સ્કંધ કહેવાય છે. તેમાં પરમાણુઓનું ગમનાગમન થાય છે. આ રીતે સામાન્યથી કુલ ૬ દ્રવ્યો છે. આ છએ દ્રવ્યો પરસ્પર ભિન્ન છે. કોઈ પણ એક દ્રવ્ય બીજા દ્રવ્યની સાથે ગમે તેટલા વર્ષો રહે તો પણ બીજા દ્રવ્ય રૂપે બની જતાં નથી.

આ છએ દ્રવ્યોને પોત પોતાના ગુણો છે. અને પોત પોતાના પર્યાયો છે. એક દ્રવ્યના ગુણ-પર્યાય બીજા દ્રવ્યના ગુણ-પર્યાયરૂપ બન્યા નથી. બનતા નથી. અને બનશે નહીં. સર્વે ગુણો અને સર્વે પર્યાયો પોત પોતાના વિવક્ષિત દ્રવ્યમાં જ રહે છે. પરદ્રવ્યમાં જતા નથી. જેમ કે "ચૈતન્ય" ગુણ જીવદ્રવ્યનો છે. તે ચૈતન્ય ગુણ જીવદ્રવ્યને છોડીને કદાપિ અજીવદ્રવ્યમાં જતો નથી. અને રૂપ-રસાદિ જે ગુણો પુદ્‌ગલદ્રવ્યના છે તે ગુણો પુદ્‌ગલ દ્રવ્યમાં જ રહે છે. કદાપિ અન્ય દ્રવ્યમાં જતા નથી. આ રીતે સર્વે દ્રવ્યોમાં પોત પોતાના ગુણો વર્તે છે. અને અનંત અનંત પર્યાયોથી યુક્ત એવાં ૬ દ્રવ્યોથી ભરેલું આ જગત છે. તથા છએ દ્રવ્યો પોતાના પારિણામિક સ્વભાવને લીધે પોતપોતાના ગુણ-પર્યાયોમાં પરિણામ પામ્યા જ કરે છે. આવા પ્રકારનો જગત સ્વભાવ છે.

જીવ-પુદ્‌ગલ આદિ તે તે દ્રવ્યોમાં રહેલા ચૈતન્ય અને રૂપાદિ ગુણો તથા તેની તરતમતા-હાનિવૃદ્ધિ રૂપ પર્યાયો તે તે વિવક્ષિત દ્રવ્યથી કથંચિદ્ ભિન્ન છે. આ વાત પૂર્વે બીજી ઢાળમાં સમજાવી છે. પરંતુ ભેદપક્ષની દલીલો સાંભળીને દ્રવ્યાદિકનો જો એકાન્તે ભેદ માની લેવામાં આવે તો અનેક આપત્તિઓ ઉભી થવાનો સંભવ છે. એટલે એકાન્તે ભેદ ન માની લેતાં કથંચિદ્ જ ભેદ મગજમાં રહે તેટલા માટે કથંચિદ્ અભેદ પણ સમજાવવો આવશ્યક છે. આ વાત આ ઢાળમાં સમજાવે છે.

"द्रव्यादिकनो-द्रव्य गुण पर्यायनो जो एकान्तइं भेद भाषिइं, तो परद्रव्यनइं परिं स्वद्रव्यनइं विषे पणि गुण-गुणिभावनो उच्छेद थइ जाइ" જીવદ્રવ્યના ગુણ જ્ઞાનાદિક,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तेहनो गुणी जीवद्रव्य, पुद्गलद्रव्यना गुण रूपादिक, गुणी पुद्गलद्रव्य, ए व्यवस्था छइ. शास्त्रप्रसिद्ध.**

દ્રવ્યાદિકનો ત્રણેનો પરસ્પર જો એકાન્તે ભેદ ભાખીએ તો, એટલે કે દ્રવ્યથી ગુણો, અને દ્રવ્યથી પર્યાયો એકાન્તે અત્યન્ત ભિન્ન જ છે. એમ જો માની લેવામાં આવે તો પરદ્રવ્યની પેઠે સ્વદ્રવ્યને વિષે પણ ગુણ-ગુણીભાવનો ઉચ્છેદ (વિનાશ) થઈ જાય. તે આ પ્રમાણે—

કોઈ પણ દ્રવ્યો પોત પોતાના ગુણથી અને પર્યાયથી ભરેલાં છે. જેમ કે જીવ દ્રવ્યના ગુણો જ્ઞાન-દર્શન-ચારિત્રાદિક. પુદ્ગલ દ્રવ્યના ગુણો વર્ણ-ગંધ-રસ-સ્પર્શાદિક, ધર્માસ્તિકાયાદિકના ગુણો ગતિસહાયકતાદિ. જીવ દ્રવ્યના પર્યાયો ક્ષાયોપશમિકભાવના મતિ-શ્રુતાદિ, ઔદયિકભાવના નર-નારકાદિ. પુદ્ગલાસ્તિકાયમાં ઘટાદિકના પર્યાયો સ્થાસ-કોશ-કુશૂલ-ઘટાદિ. આ પ્રમાણે અનાદિકાળથી તે તે દ્રવ્યોમાં તે તે ગુણો અને તે તે પર્યાયો સ્વતઃ જ રહેલા છે.

જીવદ્રવ્યના ગુણો જ્ઞાનાદિક, અને તે જ્ઞાનાદિક ગુણોનો ગુણી (સ્વામી-માલિક) જીવદ્રવ્ય. એવી જ રીતે પુદ્ગલદ્રવ્યના ગુણો રૂપ-રસાદિક, અને રૂપ-રસાદિક ગુણોનો ગુણી પુદ્ગલદ્રવ્ય આવી "ગુણ-ગુણીભાવની" વ્યવસ્થા છે કે જે વ્યવસ્થા શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. અને વ્યવહારમાં પણ અનુભવસિદ્ધ છે. આ વ્યવસ્થામાં ગુણો અને ગુણી વચ્ચે અવશ્ય કોઈક સંબંધ છે જ. અને તે સંબંધનું નામ છે અભેદસંબંધ અથવા તાદાત્મ્યસંબંધ છે.

જો અભેદસંબંધ ન માનીએ અને ગુણો તથા ગુણીનો એકાન્તભેદ જ માનીએ તો કોઈપણ વિવક્ષિત ગુણો જેમ પરદ્રવ્યથી ભિન્ન છે. તેના કારણે જ પર દ્રવ્યની સાથે તેનો ગુણ-ગુણીભાવ કહેવાતો નથી. તેની જેમ સ્વદ્રવ્યથી પણ જો તેવા જ ભિન્ન છે. એમ માનીએ તો તે ગુણોનો તે સ્વદ્રવ્યને વિષે પણ "ગુણ-ગુણીભાવ" મનાશે નહીં. હાલ જે સ્વદ્રવ્યની સાથે ગુણ-ગુણીભાવ મનાય છે તેનો ઉચ્છેદ થશે. જેમ કે જ્ઞાનાદિકગુણ પુદ્ગલદ્રવ્યથી ભિન્ન છે. તેથી જ્ઞાનાદિક ગુણોનો અને પુદ્ગલદ્રવ્યનો ગુણ-ગુણીભાવ સંભવતો નથી. તેવી જ રીતે જો તે જ જ્ઞાનાદિક ગુણો સ્વદ્રવ્ય-જીવદ્રવ્યથી પણ તેવા જ ભિન્ન હોય તો તે જ્ઞાનાદિગુણોનો અને જીવદ્રવ્યનો પણ ગુણ-ગુણીભાવ મનાશે નહીં.

તેથી વિવક્ષિત કોઈ પણ ગુણો જેવા પરદ્રવ્યથી ભિન્ન છે. તેવા જ જો સ્વદ્રવ્યથી પણ ભિન્ન માનીએ તો તે ગુણોને સ્વદ્રવ્ય પણ પરદ્રવ્ય જેવું જ થવાથી કોઈની પણ સાથે "ગુણ-ગુણીભાવ" ઘટશે નહીં. ચૈત્રમાં વર્તતું જ્ઞાન જેવું મૈત્રથી ભિન્ન છે. તેવું જ તે જ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો ચૈત્રથી પણ ભિન્ન જ માનવામાં આવે તો તે જ્ઞાનથી જેમ મૈત્ર કંઈ જાણી શકતો નથી. તેમ ચૈત્ર પણ કંઈ જાણી શકનાર બનશે નહીં. ધારો કે એક ઘટ રક્ત છે અને પટ શ્વેત છે. પરંતુ તે બન્ને રક્ત અને શ્વેત ગુણો અનુક્રમે પરદ્રવ્ય એવા પટથી તથા ઘટથી જેમ ભિન્ન છે. અને તેના જ કારણે પટ રક્ત નથી કહેવાતો અને ઘટ શ્વેત નથી કહેવાતો. તેવી જ રીતે તે રક્ત અને શ્વેત ગુણો જો સ્વદ્રવ્યથી (ઘટથી અને પટથી) પણ ભિન્ન જ હોય તો "આ ઘટ રક્ત છે" અને "આ પટ શ્વેત છે" એમ પણ કહેવાશે નહીં. અને કહેવાય તો છે જ. માટે પરદ્રવ્યની જેવો સ્વદ્રવ્યની સાથે ગુણોનો એકાન્તભેદ સંબંધ નથી. અવશ્ય કંઈક અભેદસંબંધ (તાદાત્મ્યસંબંધ) સ્વદ્રવ્યની સાથે છે.

**भेद मानतां ते लोपाइ, जीवद्रव्यनइं पुद्‌गलगुणस्युं जिम भेद छइ, तिम निज गुणस्युं पणि भेद छइ, तो ''एहनो एह गुणी'' ''एहना एह गुण'' ए व्यवहारनो विलोप थइ आवइ. ते माटइं ''द्रव्य गुण-पर्यायनो अभेद ज संभवइ.''**

**एहवो अभेदनयनो गुरुनो उपदेश-भणीनइं भव्य प्राणी धारो. ॥३-१॥**

ઉપર સમજાવ્યા પ્રમાણે વિવક્ષિત કોઈ પણ ગુણોનો પોતાના સ્વદ્રવ્યની સાથે ભેદ માનતાં શાસ્ત્રસિદ્ધ અને વ્યવહારસિદ્ધ ગુણ-ગુણીભાવની જે વ્યવસ્થા છે. તે વ્યવસ્થા લોપાઈ જાય. જેમ કે પુદ્‌ગલદ્રવ્યના ગુણો જે રૂપાદિ છે. તેનાથી જીવદ્રવ્યનો જેવો ભેદ છે. તેવો ભેદ જીવદ્રવ્યનો પોતાના ગુણો જે જ્ઞાનાદિક છે. તેની સાથે પણ છે એમ જો માની લઈએ તો "આ જ્ઞાનાદિક ગુણોનો આ જીવદ્રવ્ય ગુણી છે" તથા "આ જીવદ્રવ્યના આ જ્ઞાનાદિક ગુણો છે." એવા પ્રકારનો અનાદિસિદ્ધ અને સર્વજનાનુભવસિદ્ધ વ્યવહાર તથા આવા પ્રકારની ગુણ-ગુણીભાવની વ્યવસ્થાનો વિલોપ થઈ જાય. તે માટે દ્રવ્યથી ગુણોનો અને દ્રવ્યથી પર્યાયોનો કંઈક અભેદસંબંધ અવશ્ય છે જ. એમ અભેદસંબંધ માનવો જ જોઈએ. ॥૨૬॥

## દ્રવ્યઈં ગુણ પર્યાયનોજી, છઈ અભેદ સંબંધ ।
## ભિન્ન તેહ જો કલ્પિઈજી, તો અનવસ્થા બંધ રે ॥ભવિકા.॥૩-૨॥

*ગાથાર્થ*— દ્રવ્યની સાથે ગુણોનો અને પર્યાયોનો અભેદસંબંધ છે. જો તે ભિન્ન કલ્પીએ તો અનવસ્થા દોષનું બંધન થાય છે. ॥૩-૨॥

**ટબો**— **વળી અભેદ ઉપરિ યુક્તિ-કહઈ છઈ-દ્રવ્યઈં ક. દ્રવ્યનઈં વિષઈં, ગુણ-પર્યાયનો અભેદ સંબંધ છઈ. જો દ્રવ્યનઈં વિષઈં ગુણ-પર્યાયનો સમવાય નામઈં ભિન્ન સંબંધ કલ્પીઈં. તો અનવસ્થા દોષનું બંધન થાઈં. "જે માટઈં ગુણ-ગુણીથી અલગો**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સમવાય સંબંધ કહિઇં તો તે સમવાયનઇં પણિ અનેરો સંબંધ જોઈઈ. તેહનઈ પણ અનેરો, ઈમ કરતાં કિહાંઈ ઠઈરાવ ન થાઈ.'' અનઈ જો સમવાયનો સ્વરૂપ સંબંધ જ અભિન્ન માનો તો ગુણ-ગુણીનઈં સ્વરૂપસંબંધ માનતાં સ્યૂં વિઘટઈ છઈ ? જે ફોક નવો સંબંધ માનો છો. ॥૩-૨॥**

*વિવેચન*– वली अभेद उपरि युक्ति कहइ छइ તથા વળી અભેદસંબંધ સમજાવવા ઉપર યુક્તિ દેખાડે છે. દ્રવ્યથી ગુણોનો અને પર્યાયોનો કથંચિદ્ અભેદ સંબંધ છે તે માન્યા વિના "ગુણ-ગુણીભાવનો ઉચ્છેદ થવાનો દોષ આવે છે" તે વાત પૂર્વની ગાથામાં કહી છે. હવે આ ગાથામાં પણ તે અભેદસંબંધ જો ન માનો તો બીજો દોષ જણાવે છે.

**द्रव्यइं क. द्रव्यनइं विषइं, गुण–पर्यायनो अभेद संबंध छइ. जो द्रव्यनइं विषइं गुण–पर्यायनो समवाय नामइं भिन्नसंबंध कल्पीइं तो अनवस्था दोषनुं बंधन थाइं.**

દ્રવ્યમાં કહેતાં દ્રવ્યને વિષે (દ્રવ્યની અંદર) ગુણોનો અને પર્યાયોનો અભેદસંબંધ છે. અર્થાત્ ગુણો અને પર્યાયો દ્રવ્યની અંદર અભેદભાવે (સ્વરૂપસંબંધથી-તાદાત્મ્ય સંબંધથી) રહેલા છે. ગુણોનું અને પર્યાયોનું સ્વરૂપ જ એવું છે કે પોતાના ગુણીમાં તન્મયપણે જ રહે. અને ગુણીનું પણ સ્વરૂપ એવું જ છે કે પોતાના ગુણોને અને પર્યાયોને પોતાનામાં સહજભાવે જ રાખે છે. તે બન્નેની વચ્ચે તાદાત્મ્યપણું અર્થાત્ અભેદપણું છે.

*પ્રશ્ન*– કોઈક નૈયાયિક અથવા વૈશેષિક દર્શનાનુયાયી શિષ્ય પ્રશ્ન કરે છે કે "ગુણ અને ગુણીનો" જો અભેદસંબંધ ન માનીએ અને એકાન્ત ભેદ માનીએ તો શું દોષ આવે? કંઈ દોષ દેખાતો નથી. અમે જેમ કહીએ છીએ તેમ બીજી રીતે વ્યવસ્થા થઈ શકે છે. તે આ પ્રમાણે–

ધારો કે ગુણોથી અને પર્યાયોથી ગુણી એવુ દ્રવ્ય સર્વથા ભિન્ન છે. તો પણ તે બન્નેને જોડનાર તે બન્નેની વચ્ચે <u>*"સમવાય સંબંધ"*</u> નામનો એક અલગ પદાર્થ જ કલ્પીએ. જેમ બે કાગળને જોડનારો તે બેથી જુદો ગુંદર નામનો ત્રીજો પદાર્થ હોઈ શકે છે. અને તે ગુંદર બન્ને કાગળોને જોડવાનું કામકાજ કરે છે.તેવી રીતે આત્મા અને ચૈતન્યને, તથા ઘટપટ અને રૂપાદિને જોડવાનું કામકાજ "સમવાય સંબંધ" નામનો અલગ પદાર્થ કરશે. આ વ્યવસ્થાથી ગુણ-ગુણીભાવના ઉચ્છેદનો પ્રસંગ પણ નહીં આવે, માટે અભેદસંબંધ માનવાની શી જરૂર છે ? સમવાય સંબંધ એટલે નિત્યસંબંધ. કોઈ પણ બે વસ્તુઓની વચ્ચે જે નિત્યસંબંધ છે. તેને અમે સમવાય સંબંધ કહીશું અને આ બન્નેથી અલગ ત્રીજા પદાર્થ તરીકે ગુંદરની જેમ તેને સ્વીકારીશુ. આ રીતે એકાન્ત ભેદ માનીએ તો પણ સમવાય સંબંધ દ્વારા વ્યવસ્થા થઈ શકે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ઉત્તર*— जो द्रव्यनइ विषइं = જો દ્રવ્યને વિષે ગુણ અને પર્યાયોનો સંબંધ કરનાર "સમવાય સંબંધ" નામનો ત્રીજો પદાર્થ છે. આમ માનીને ભિન્નસંબંધ કલ્પીએ તો અનવસ્થા નામના દોષનું બંધન લાગે છે. તે આ પ્રમાણે—

**"जे माटइं गुणगुणीथी अलगो समवायसंबंध कहीइं, तो ते समवायनइं पणि अनेरो संबंध जोइइ, तेहनइं पण अनेरो, इम करतां किहांइ ठइराव न थाइ" अनइं जो समवायनो स्वरूपसंबंध ज अभिन्न मानो तो गुण-गुणीनइं स्वरूपसंबंध मानतां स्यूं विघटइ छइ ? जे फोक नवो संबंध मानो छो ॥३-२॥**

ગુણોને રાખનારં દ્રવ્ય અને દ્રવ્યમાં રહેનાર ગુણો, આ બન્નેને (જેમકે આત્મા+જ્ઞાન, ઘટપટ+રૂપાદિકને) જોડનાર "સમવાય સંબંધ" નામનો ત્રીજો પદાર્થ માનશો તો અમે તમને પુછીએ છીએ કે આ નવો માનેલો સમવાયસંબંધ નામનો ત્રીજો પદાર્થ, ગુણ-ગુણીથી અલગ (ભિન્ન) પદાર્થ છે ? કે ગુણ-ગુણથી અભિન્ન પદાર્થ છે ? જો પ્રથમપક્ષ એટલે કે ગુણગુણીથી સમવાયને અલગ (ભિન્ન) પદાર્થ માનવામાં આવે તો તે સમવાયસંબંધ માટે નવી વિચારણા કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય છે કે બન્નેથી ભિન્ન માનેલો આ સમવાયસંબંધ ગુણમાં રહે છે ? કે ગુણીમાં રહે છે ? કે બન્નેમાં રહે છે ? જો એકલા ગુણમાં જ રહે અને ગુણીને સ્પર્શે નહીં તો બન્નેનો સંબંધ કરી ન શકે. એવી જ રીતે એકલા ગુણીમાં જ વર્તે અને ગુણને સ્પર્શે નહીં તો પણ બન્નેનો સંબંધ તે કરી ન શકે. તથા વળી બે પદાર્થો (ગુણ-ગુણી) જે અત્યન્ત અલગ છે. વૈરાયમાનવૃત્તિવાળા છે. તે બન્નેને ભેગા કરવાનું કામ કરનારાને એકમાં રહેવું પાલવે નહીં, એકમાં રહેવાથી પક્ષપાતી બનવાથી બન્નેનો સંબંધ થતો હોય તો પણ અસંભવિત બની જાય.

હવે જો બન્નેમાં આ સમવાય સંબંધ વર્તે છે એમ માનશો તો જેમ ગુણ-ગુણીને જોડવા ત્રીજા પદાર્થ તરીકે આ સમવાયસંબંધ લાવ્યા. તેમ આ "સમવાય સંબંધને" ગુણ-ગુણીમાં જોડવા માટે કોઈ અન્ય ચોથો પદાર્થ હોય ? કે સમવાય સંબંધ સ્વયં પોતે જ ગુણ-ગુણીમાં જોડાઈ જાય ? જો પ્રથમપક્ષ કહો કે ગુણ-ગુણીમાં સમવાય સંબંધને જોડવા માટે બીજો એક નવો સમવાય સંબંધ આવે કે જે પહેલા સમવાયને ગુણ-ગુણીમાં જોડી આપે તો બીજો સમવાયસંબંધ પણ પ્રથમ સમવાયના જેવો અનેરો (અલગ) સમવાય જ છે. તેથી તે બીજાને જોડવા અનેરો ત્રીજો સમવાય સંબંધ જોઈશે. અને તે (ત્રીજા)ને પણ જોડવા અનેરો (ચોથો) સમવાય જોઈશે. એમ કરતાં કરતાં ક્યાંય ठहराव=ઠેરવાનું=અટકવાનું નહી થાય. ક્યાંય પણ અંત આવશે નહીં તેથી "અનવસ્થા" નામનો પારિભાષિક દોષ આવશે જ.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને આ અનવસ્થાના દોષથી બચવા માટે જો એમ કહેશો કે ગુણ ગુણીને જોડનારો જે આ પ્રથમ સમવાય છે તેનું સ્વરૂપ જ એવું છે કે તે ગુણ-ગુણીને પણ જોડે છે અને તે પોતે પણ સ્વયં જ ગુણ-ગુણીમાં જોડાઈ જાય છે. તેને જોડવા બીજો સમવાય લાવવો પડતો નથી. અને તેથી અનવસ્થા આવતી નથી આ રીતે જો પ્રથમસમવાયનો સ્વરૂપ સંબંધ જ એવો છે. અર્થાત્ અભિન્ન સંબંધ છે આમ જો માનો એટલે કે પ્રથમ સમવાય સંબંધનું સ્વરૂપ જ એવું છે કે અન્ય સમવાયની સાહાય્ય વિના સ્વયં પોતે જ ગુણ-ગુણીમાં જોડાઈ જાય છે. તો પછી ગુણ અને ગુણીનું જ સ્વરૂપ આવું માનીએ તો શું દોષ ? જે આ ગુણ-ગુણી છે. તે જ પ્રથમ સમવાયની સાહાય્ય વિના સ્વયં પોતે જ જોડાઈ જાય છે એવું તે ગુણ ગુણીનું જ સ્વરૂપ છે આમ ગુણ-ગુણીનો જ સ્વરૂપ સંબંધ માનતાં શું નુકશાન થાય છે ? જે ફોગટ નવો સમવાયસંબંધ માનીને ગુંચવાડો અને અવ્યવસ્થા ઉભી કરો છો.

ગુંદરનું દૃષ્ટાન્ત પણ અહીં બીનઉપયોગી છે. કારણ કે જે બે કાગળો છે. તે બન્ને દ્રવ્યો છે. બે દ્રવ્યોને જોડવા ત્રીજા દ્રવ્યની જરૂર પડે, પરંતુ આ બન્ને દ્રવ્યો નથી. ગુણ-ગુણી છે. વિરુદ્ધ ઉદાહરણ આપીને વિરુદ્ધ વસ્તુની સિદ્ધિ ન કરી શકાય. કપડાંના બે ટુકડાને સાંધવા સોય-દોરો જોઈએ. પરંતુ વસ્ત્રને અને વસ્ત્રનારૂપને જોડવા સોય-દોરો ન જોઈએ. માટે તમારી સમવાયની કલ્પના નિરર્થક છે અને અનવસ્થા દોષના બંધન વાળી છે. ॥૨૭॥

JAINSITE.com જૈન સાઈટ જૈનમ્ જયતિ શાસનમ્

## "સ્વર્ણ કુંડલાદિક હુઉં જી," "ઘટ રક્તાદિક ભાવ"
## એ વ્યવહાર ન સંભવઈજી, જો ન અભેદસ્વભાવ રે
## ॥ ભવિકા ॥ ૩-૩ ॥

*ગાથાર્થ*– "સુવર્ણ એ જ કુંડલ આદિ અલંકારરૂપે બન્યું" "જે ઘટ છે. તે લાલ આદિ રંગવાળો બન્યો" જગતમાં ચાલતા આ વ્યવહારો, જો અભેદ સ્વભાવ ન માનીએ તો સંભવતા નથી. ॥૩-૩॥

**ટબો– વળી અભેદ ન માનઈ, તેહનઈ બાધક કહઈ છઈ– "સોનું તેહ જ કુંડલ થયું" "ઘડો પહિલાં શ્યામ હુતો, તેહ જ રાતો વર્ણઈ થયો" એહવો સર્વલોકાનુભવસિદ્ધ વ્યવહાર ન ઘટઈ, જો અભેદસ્વભાવ દ્રવ્યાદિક ૩ નઈં ન હુઈ તો. ॥૩-૩॥**

*વિવેચન*– वली ( द्रव्यादि त्रणनो ) अभेद जे न मानइं तेहनइं बाधक कहे छे = વળી દ્રવ્યાદિ ત્રણનો અભેદ જે ન માને તેને બાધક દોષ કહે છે– દ્રવ્યાદિ ૩નો પરસ્પર કથંચિદ્ અભેદ અવશ્ય છે જ. જો આ "કથંચિદ્ અભેદ" ન માનીએ તો કેટલી મુશ્કેલીઓ આવે ? તે સમજવા શાન્તચિત્તે નીચેની કેટલીક બાબતો વિચારવા જેવી છે.

સુવર્ણ (સોનું) એ પુદ્ગલાસ્તિકાય દ્રવ્ય છે. અને તેમાંથી બનતાં કંકણ, કેયુર, કડુ, કુંડલ ઈત્યાદિ પર્યાયો છે. આ વાત સંસારમાં પ્રસિદ્ધ છે. એવી જ રીતે માટી એ દ્રવ્ય છે અને સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ આ સર્વે માટી દ્રવ્યના પર્યાય છે. આ દ્રવ્ય-પર્યાયનું ઉદાહરણ છે. ઘડો જ્યારે માટીમાંથી નવો નીપજ્યો ત્યારે શ્યામ હોય છે અને ભઠ્ઠીમાં પકવવામાં આવે છે. ત્યારે રક્ત (લાલ) થાય છે. અહીં ઘટ રૂપે રહેલી માટી જે પ્રથમ શ્યામ હતી તે જ રક્ત બને છે. ત્યાં ઘટ (ઘટરૂપે રહેલી માટી) એ દ્રવ્ય છે અને શ્યામ-રક્તતા ઈત્યાદિ ગુણો છે. મૂલગાથામાં આ બે ઉદાહરણો છે. પ્રથમ ઉદાહરણ દ્રવ્ય-પર્યાયના અભેદનું છે. અને બીજું ઉદાહરણ દ્રવ્ય-ગુણના અભેદનું છે.

**''सोनुं तेह ज कुंडल थयुं'' ''घडो पहिलां श्याम हुतो, तेह ज रातो वर्णइं थयो.'' एहवो सर्वलोकानुभवसिद्ध व्यवहार न घटइं, जो अभेद स्वभाव द्रव्यादिक ३ नइं न हुइ तो. ॥३-३॥**

સોનામાંથી જ્યારે કુંડલાદિ અલંકારો બનાવાય છે. ત્યારે સહજપણે એક પ્રશ્ન થાય છે કે કુંડલ બને ત્યારે સોનુ ભિન્ન રહે કે સોનુ પોતે જ કુંડલ બની જાય છે. ? જો ભિન્ન રહે તેમ માનીએ તો અનેક મુશ્કેલીઓ આવે.

(૧) પ્રત્યક્ષવિરોધ આવે. કારણકે પ્રત્યક્ષપ્રમાણે ભિન્ન રહેતુ દેખાતું નથી.
(૨) કુંડલને રહેવા અને સોનાને રહેવા ભિન્ન ભિન્ન જગ્યા જોઈએ.
(૩) અલંકારો બનાવનારા પુરુષો ધનવાન જ થઈ જાય. કારણકે સોનું તો તેનું તે જ રહે અને તેમાંથી ભિન્ન ભિન્ન એવા અલંકારો બને.

આ દોષોના કારણે સોનુ અને કુંડલ ભિન્ન રહેતાં હોય કે ભિન્ન છે. આ વાત કોઈ પણ ડાહ્યા માણસને ગળે ઉતરે તેમ નથી. હવે જો ભિન્ન રહે છે એમ ન માનીએ અને અભેદ સ્વીકારીએ તો અર્થાત્ "સોનુ પોતે જ કુંડલ થયું છે" એમ માનીએ તો ઈષ્ટ હોય કે ઈષ્ટ ન હોય પરંતુ દ્રવ્ય અને પર્યાયનો અભેદ સંબંધ આવ્યો જ. સુવર્ણ પોતે જ કુંડલાદિક બન્યુ, માટી પોતે જ ઘટાત્મક બની, તન્તુઓ પોતે જ પટાત્મક બન્યાં. આ સઘળા વ્યવહારો કે જે સર્વલોકોના અનુભવસિદ્ધ વ્યવહારો છે. તે ભેદ માનવાથી ઘટશે નહીં. માટે અભેદ પણ છે. એમ માનો. આ દ્રવ્યથી પર્યાયના અભેદનું ઉદાહરણ આપ્યું. હવે દ્રવ્યથી ગુણના અભેદનું ઉદાહરણ કહે છે–

"જે ઘડો પહેલાં શ્યામ હતો. તે જ આ ઘટ હવે રક્ત બન્યો" આમ જે બોલાય છે તે ઘટદ્રવ્ય અને રક્તગુણના અભેદસ્વભાવ વિના ઘટી શકે નહીં, જો અભેદસ્વભાવ ન હોય તો "ઘડો રક્ત થયો" એમ સમાનાધિકરણ પણે જે બોલાય છે. તે બોલાવું જોઈએ નહીં.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ઘટ અને જલ" આ બન્ને ભિન્ન પદાર્થો છે. ત્યાં "ઘડો એ જલ છે." એમ બોલાતું નથી પરંતુ "ઘડામાં જલ છે" એમ બોલાય છે. તેથી ત્યાં ભેદ જરૂર છે. પરંતુ આવો જ ભેદ જો ઘટ અને રક્તમાં હોત તો "ઘટમાં રક્ત થયું" આમ જ બોલાત. પણ એમ બોલાતું નથી માટે અભેદસ્વભાવ છે. એમ માનવું જોઈએ, જે ફળ પૂર્વે કાચુ હતું તે જ ફળ હવે પાક્યું, "મગ સીઝ્યા" "પટ લાલ બન્યું" "ગોળ ગળ્યો છે" "સાકર ગળી છે" આ બધા વ્યવહારો અભેદસ્વભાવ ઉપર નિર્ભર છે માટે દ્રવ્યનો ગુણ-પર્યાયની સાથે અભેદસ્વભાવ અવશ્ય છે. ॥૨૮॥

**ખંધ દેશ ભેદઈં હુઈ જી, બિમણી ગુરુતા રે ખંધિ ।**
**પ્રદેશ ગુરુતા પરિણમઈજી, ખંધ અભેદહ બંધ રે ॥ભવિકા. ॥૩-૪॥**

*ગાથાર્થ*– સ્કંધ (અવયવી) અને દેશ (અવયવ)નો ભેદ માને છતે બમણી (દ્વિગુણ-ડબલ) ગુરુતા સ્કંધમાં થવી જોઈએ. પરંતુ તેમ થતુ નથી. અને પ્રદેશોની (અવયવોની) જે ગુરુતા છે તે જ ગુરુતા સ્કંધમાં પરિણામ પામે છે. તેથી અવયવ-અવયવીનો અભેદસંબંધ છે. ॥૩-૪॥

**ટબો– વળી બીજુ બાધક કહઈ છઈ- ખંધ-કહિઈ-અવયવી, દેશ કહિઈ અવયવ, એહોનઈં જો ભેદ માનઈં તો બિમણો ભાર ખંધમાંહિ થયો જોઈઈ, જે માટિં શત તંતુના પટમાંહિ-શતતંતુનો જેટલો ભાર, તેટલો પટમાંહિં પણિ જોઈઈ.**

**અનઈં જે કોઈ નવા નઈયાયિક ઈમ કહઈ છઈ "જે અવયવના ભારથી અવયવીનો ભાર અત્યન્ત હીન છઈ" તે માટઈં, તેહનઈં મતઈં "દ્વિપ્રદેશાદિક ખંધમાંહિં કિહાંઈ ઉત્કૃષ્ટ ગુરુતા ન થઈ જોઈઈ. જે માટઈં દ્વિપ્રદેશાદિક ખંધ એકપ્રદેશાદિકની અપેક્ષાઈં અવયવી છઈ. અનઈં પરમાણુમાંહિં જ ઉત્કૃષ્ટ ગુરુત્વ માનિંઈં, તો રૂપાદિક વિશેષ પણિ પરમાણુમાંહિં માન્યા જોઈઈ, દ્વિપ્રદેશાદિકમાંહિ ન માન્યાં જોઈઈ"**

**અભેદનયનો બંધ માનઇં-તો પ્રદેશનો ભાર તેહ જ ખંધભારપણઈં પરિણમઈ, જિમ-તંતુરૂપ પટરૂપપણઈ, તિવારઈ ગુરુતા વૃદ્ધિનો દોષ કહિઓ, તે ન લાગઈ. ॥૩-૪॥**

*વિવેચન*– વળી બીજું બાધક કહઇ છઇ=વળી બીજો દોષ જણાવે છે. કોઈ પણ પુદ્‌ગલ દ્રવ્યમાંથી કાળક્રમે જે જે રૂપાન્તરો એટલે કે નવા નવા આકારો બને છે તેને જૈનદર્શનમાં પર્યાય કહેવાય છે. અન્યદર્શનોમાં તે બન્નેને અવયવ-અવયવી કહેવાય છે. જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે માટી દ્રવ્યને અવયવ અને ઘટ પર્યાયને અવયવી અન્યદર્શનકારો કહે છે. તંતુ એ દ્રવ્ય છે તેને અવયવ કહેવાય છે. અને તેમાંથી બનતું પટ એ પર્યાય છે તેને અવયવી કહેવાય છે, અહીં જૈનદર્શનમાં જેને દ્રવ્ય-પર્યાય કહ્યા છે. તેને જ ન્યાયદર્શનાદિમાં અવયવ-અવયવી કહ્યા છે. તેઓ ભેદવાદી છે, એટલે અભેદ માનતા નથી, દ્રવ્યથી પર્યાય એકાન્તે ભિન્ન છે. અવયવથી અવયવી એકાન્તે ભિન્ન છે. એમ નૈયાયિકાદિ માને છે. અને એકાન્તભેદ માનવામાં તેઓને કોઈ અન્ય દર્શનકારો જે જે દોષો આપે છે. તેના નિવારણ અર્થે સમવાય સંબંધ આદિની કલ્પના કરવા દ્વારા કુતર્કો કરીને ખોટે રસ્તે પોતે જાય છે. અને બીજાને લઈ જાય છે. પણ સાચું (કથંચિદ્) અભેદવાદનું સ્વરૂપ સ્વીકારતા નથી. તેઓને દોષ જણાવે છે.

**खंध कहिइ–अवयवी, देश कहिइ अवयव, एहोनइं जो भेद मानइं, तो बिमणो भार खंधमांहि थयो जोइइं, जे माटिं–शततंतुना पटमांहि–शततंतुनो जेटलो भार, तेटलो पटमांहि पणि जोइइ.**

जैन साईट JAINSITE

જો દ્રવ્યથી પર્યાય (અવયવથી અવયવી) એકાન્તે ભિન્ન હોય તો માટીમાંથી થતો ઘટપર્યાય અને માટીદ્રવ્ય, તંતુમાંથી થતો પટપર્યાય અને તંતુદ્રવ્ય એકાન્તે ભિન્ન છે. એવો અર્થ થયો. હવે જે ઘટ, પટ પર્યાયો ઉત્પન્ન થયા તે જૈનદર્શનની ભાષામાં સ્કંધ કહેવાય છે. અસંખ્ય પ્રદેશોનો પિંડ તે સ્કંધ કહેવાય છે. અને તેના મૂલ કારણભૂત માટી-તંતુ જે દ્રવ્ય છે. તેને અવયવરૂપે પ્રદેશ કહેવાય છે. કારણકે તે પ્રદેશોનું યથાસ્થાને નિયોજન કરવાથી જ ઘટ પટ ઉત્પન્ન થાય છે. ન્યાયદર્શનની ભાષામાં ઘટ-પટને અવયવી કહેવાય છે. અને માટી-તંતુને અવયવ કહેવાય છે.

| કારણ | કાર્ય | કારણ | કાર્ય | |
|---|---|---|---|---|
| માટી | ઘટ | તંતુ | પટ | |
| પ્રદેશ | સ્કંધ | પ્રદેશ | સ્કંધ | જૈન દર્શનના પારિભાષિક શબ્દો. |
| અવયવ | અવયવી | અવયવ | અવયવી | ન્યાયાદિ દર્શનોના પારિભાષિક શબ્દો. |

સ્કંધ કહેતાં અવયવી (ઘટ-પટ) અને પ્રદેશ કહેતાં અવયવ (માટી-તંતુ) આ બન્નેનો (અવયવી-અવયવનો) જો એકાન્ત ભેદ માનીએ તો અવયવીરૂપે બનનારા (ઘટ-પટાત્મક) સ્કંધમાં બમણો ભાર (બમણું વજન-દ્વિગુણ તોલ) થવો જોઈએ. કારણ કે જ્યારે માટી (અવયવ)માંથી ઘટ (અવયવી) બને છે. ત્યારે માટી અવયવ તો રહે જ છે. તે કંઈ ચાલી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જતી નથી, અને ઘટ (નામનો અવયવી) જે ન હતો તે તેમાં પ્રગટ થાય છે. એટલે ધારો કે (બે) કીલો માટી (અવયવ) લાવ્યા, તેમાંથી ઘડો બનાવ્યો, ત્યારે માટી (અવયવ) તો છે જ, તેથી તેનું ૨ (બે) કીલો વજન તો છે જ, તદુપરાંત તેમાંથી ઘટ (અવયવી) નિપજ્યો, તેનું વજન પણ ૨ (બે) કીલો થાય. અને અવયવ-અવયવી એકાન્તે ભિન્ન હોવાથી ૨ (બે) કીલો વજન માટીનું (અવયવનું) અને ૨ (બે) કીલો વજન ઘટનું (સ્કંધનું-અવયવીનું) એમ બન્ને મળીને ઘટકાળે ૪ કીલો (દ્વિગુણ વજન) થવું જોઈએ.

એવી જ રીતે ૧૦૦ તંતુઓમાંથી ૧ પટ બનાવ્યો. ૧૦૦ તંતુઓનું વજન ધારો કે ૨ કીલો છે. તે ૨ કીલો વજનવાળા ૧૦૦ તંતુમાંથી (અવયવ-પ્રદેશમાંથી) સુંદર ૧ પટ (સ્કંધ-અવયવી) બનાવ્યો. પરંતુ પટ બને ત્યારે પણ તંતુઓ (અવયવ) તો અંદર રહે જ છે. તેથી તે ૧૦૦ તંતુઓનું (અવયવનું) ૨ કીલો વજન તો રહેશે જ, અને તેમાંથી અત્યન્તભિન્ન પણે જન્મ પામતા પટ (નામના સ્કંધનું-અવયવી)નું વજન પણ બીજા ૨ કીલો થશે. જેથી તંતુ-પટનું (સ્કંધ-પ્રદેશનું અર્થાત્ અવયવ-અવયવીનું)મળીને કુલ વજન ૪ કીલો થવું જોઈએ. **जे माटइ** = કારણકે ૧૦૦ તંતુના બનેલા પટમાં ૧૦૦ તંતુનો જેટલો ભાર (વજન) છે. તેટલો જ ભાર (વજન) પટનો પણ જુદો આવ્યો. કારણકે તંતુ અને પટને તમે અત્યન્ત ભિન્ન માન્યા છે. આથી બમણી ગુરુતા થવાનો દોષ નૈયાયિકને આવશે.

પરંતુ સર્વ લોકોને પ્રત્યક્ષસિદ્ધ અનુભવ તો એવો જ છે કે પ્રદેશોની (અવયવોની-માટીની તથા તંતુની) જે ૨ કીલો ગુરુતા હોય છે. તે જ ગુરુતા સ્કંધમાં (અવયવીમાં-ઘટ-પટમાં) પરિણામ પામે છે. તેથી અવયવ-અવયવીનો, પ્રદેશ-સ્કંધનો, અભેદસંબંધ છે. પણ એકાન્ત ભેદ સંબંધ નથી એમ સ્વીકારવું જોઈએ.

**अनइं जे कोइ नवा नइयायिक इम कहइ छइ ''जे अवयवना भारथी अवयवीनो भार अत्यन्त हीन छइ'' ते माटइं, तेहनइं मतइं ''द्विप्रदेशादिक स्कंधमांहि किहांइ उत्कृष्ट गुरुता न थइ जोइइ. जे माटइं द्विप्रदेशादिक खंध एकप्रदेशादिकनी अपेक्षाइं अवयवी छइं, अनइं परमाणुमांहि ज उत्कृष्टगुरुत्व मानिइं. तो रूपादिक विशेष पणि परमाणुमांहिं मान्या जोइइं, द्विप्रदेशादिकमांहि न मान्यां जोइइं''**

નૈયાયિકોને એકાન્તભેદ માનવાના કારણે "બમણી ગુરુતા"નો દોષ આવે જ છે. ખરેખર તો પોતાની માન્યતામાં દોષ દેખાય તો પોતાનો કદાગ્રહ ત્યજીને સાચો માર્ગ (અભેદસંબંધ પણ) સ્વીકારી લેવો જોઈએ. પરંતુ મિથ્યા કદાગ્રહવાળા જીવો એમ કરવાને બદલે પોતાની ખોટી વાતને સાચી કરવા નવા-નવા કુતર્કો અને મનમાની નવી નવી કલ્પનાઓ દોડાવે છે. યેન કેન પ્રકારે પોતાના મતને સાચો ઠેરવવા બાલિસ પ્રયત્ન કરે છે. તેમ અહીં પણ નવીન નૈયાયિકોનો મત (કદાગ્રહ) ગ્રંથકારશ્રી પ્રથમ જણાવે છે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"બમણી ગુરુતાનો દોષ" નૈયાયિકોને આવે જ છે. અને તેમાંથી બચવા માટે જે કોઈ નવા નૈયાયિકો આ પ્રમાણેની કલ્પના કરે છે કે "અવયવના ભારથી અવયવીનો ભાર અતિશય હીન (અલ્પ જ) હોય છે. અર્થાત્ નહીવત જ હોય છે. તે માટે અમને (નૈયાયિકોને) બમણી ગુરુતાનો દોષ આવતો નથી. કારણકે અવયવભૂત માટીનું અને તંતુનુ જે ૨ કીલો વજન હતું, તે જ વજન અવયવીભૂત (ઘટ-પટનું) હોય છે. અવયવીનું વજન અત્યન્ત અલ્પ હોવાથી તે ગણનામાં આવતું નથી. આ પ્રમાણે માનનારા નવ્યનૈયાયિકોને ગ્રંથકારશ્રી બીજો દોષ આપે છે કે—

જો અવયવ કરતાં અવયવીનો ભાર અત્યન્ત હીન (અલ્પ) હોય અને તેના કારણે તે વજન ગણાતું ન હોય અને તેથી બમણી ગુરુતાનો દોષ ન આવે એમ જો તમે કહેતા હો, તો તેનો અર્થ એ થયો કે અવયવોમાં જ વજન અધિક હોય, ઉત્કૃષ્ટ ગુરુતા (વધારે વજનવાળા પણું) અવયવોમાં જ આવે. અવયવીમાં ન આવે. બે પરમાણુઓ (અવયવો) સાથે મળીને જ્યારે દ્વયણુક (અવયવી) બને છે. એવી જ રીતે ત્રણ પરમાણુઓ સાથે મળીને જ્યારે ત્ર્યણુક બને છે. ત્યારે દ્વિપ્રદેશી આદિ (દ્વિપ્રદેશી-ત્રિપ્રદેશી-ચતુઃપ્રદેશી વિગેરે) સ્કંધોમાં (અવયવીઓમાં) ક્યાંય પણ ઉત્કૃષ્ટ ગુરુતા (અધિક વજનતા) ન થવી જોઈએ. જે **માટઇં**=કારણકે આ દ્વિપ્રદેશાદિક સ્કંધો (ભલે મોટા સ્કંધો કરતાં નાના સ્કંધો હોય તો પણ) એક પ્રદેશની અપેક્ષાએ તો અવયવી જ છે. અર્થાત્ દ્વિપ્રાદેશિક-ત્રિપ્રાદેશિક-ચતુષ્પ્રાદેશિક સ્કંધો એ અવયવી કહેવાય અને એકપ્રદેશ એટલે કે પરમાણુ એ અવયવ કહેવાય. તમારો મત છે કે અવયવીનું વજન અલ્પ હોય અને અવયવનું વજન અધિક હોય. આ મતને અનુસારે ચતુષ્પ્રદેશી સ્કંધ કરતાં ત્ર્યણુકનું વજન, ત્ર્યણુક કરતાં દ્વિપ્રદેશીનું વજન, અને દ્વિપ્રદેશી સ્કંધ કરતાં પરમાણુનુ વજન અધિક-અધિક થશે. કારણ કે તે તે અવયવો છે. એટલે ઉત્કૃષ્ટ ગુરુતા (ઘણુ વધારે વજન) પરમાણુમાં જ માનવું પડશે. અને પરમાણુ અતિશય અલ્પ વજનવાળો છે આ હકીકત લોકપ્રસિદ્ધ છે અને નવ્યનૈયાયિકોને પણ સ્વીકૃત છે. તેથી કાંતો પરમાણુમાં ઉત્કૃષ્ટગુરુતા સ્વીકારો (કે જે લોકવિરુદ્ધ છે) અથવા અવયવીનો ભાર અલ્પ હોય છે આ માન્યતાનો ત્યાગ કરો. અને જો અવયવીનો ભાર અલ્પ હોય છે એ માન્યતાનો ત્યાગ નહીં કરો તો *"પરમાણુમાં ઉત્કૃષ્ટ ગુરુતા માનવાનો"* દોષ આવશે જ.

અને જો "અવયવીનો ભાર અવયવ કરતાં અલ્પ હોય છે" આ માન્યતાને આગ્રહથી પકડી રાખશો તો પરમાણુમાં (છેલ્લા અવયવમાં) અધિકભાર માનવાની જેમ આપત્તિ આવે છે. તેમ રૂપાદિક વિશેષો પણ પરમાણુમાં જ માનવાની આપત્તિ તમને આવશે. જેમ

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"ગુરુતા" એ ગુણ છે. તેમ રૂપ-રસ-ગંધ-સ્પર્શ વિગેરે પણ ગુણો જ છે. હવે જો ગુરુતા નામનો ગુણ, સ્કંધ (અવયવી) કરતાં પ્રદેશમાં (અવયવમાં-પરમાણુમાં) અધિક હોય, તો રૂપાદિ ચારે ગુણો પણ અધિક પ્રમાણમાં પરમાણુમાં (અવયવમાં જ) માનવાના રહ્યા, પરંતુ દ્વિપ્રદેશી આદિ સ્કંધોમાં (અવયવીમાં) માનવાના ન રહ્યા. તેથી પરમાણુમાં (ન્યાયમતને અનુસારે) સાતે પ્રકારનું રૂપ, બન્ને પ્રકારની ગંધ, છએ પ્રકારનો રસ, અને ત્રણે પ્રકારનો સ્પર્શ માનવાનો રહ્યો. અને અવયવી ભૂત સ્કંધોમાં એકરૂપ, એકરસ, એકગંધ અને એકસ્પર્શ માનવાનો રહ્યો. અર્થાત્ જે ગુરુતા અને જે રૂપાદિ ગુણ વિશેષો હાલ અવયવીમાં દેખાય છે તે અવયવમાં (પરમાણુમાં) માનવાના રહ્યા, અને જે અલ્પગુરુતા અને અલ્પરૂપરસાદિક ગુણો અવયવમાં (પરમાણુમાં) દેખાય છે. તે અવયવીમાં (દ્વિપ્રદેશી આદિમાં) માનવાના રહ્યા. જે વાત લોકવિરુદ્ધ, શાસ્ત્રવિરુદ્ધ, અને યુક્તિવિરુદ્ધ હોવાથી ઉચિત નથી.

**अभेदनयनो खंध मानइं-तो प्रदेशनो भार, तेह ज खंधभार पणइं परिणमइ, जिम-तंतुरूप पटरूपपणइ, तिवारइ-गुरुतावृद्धिनो दोष कहिओ, ते न लागइ ॥३-४॥**

પોતાની ખોટી માન્યતાને, કદાગ્રહને, અને અહંકારને પોષવા નવી નવી કલ્પનાઓ કરીએ તો પણ દોષોથી અને આપત્તિઓથી કંઈ બચી શકાતું નથી. તેના બદલે કદાગ્રહને ત્યજીને સાચો માર્ગ સ્વીકારવામાં જ લાભ, યશ, ગૌરવ અને શોભા છે. તેથી અવયવ-અવયવીનો, સ્કંધ-પ્રદેશનો, એટલે કે દ્રવ્ય અને પર્યાયનો જો અભેદસંબંધ માનીએ તો કોઈપણ દોષ આવતો નથી. કારણકે પ્રદેશોનો (અવયવોનો) જે ભાર છે તે જ ભાર સ્કંધપણે પરિણામ પામે છે. પ્રદેશો જે છે તે જ સ્કંધ રૂપે બને છે. જે અવયવ છે. તે જ અવયવી બને છે. તેથી અવયવોની જે ગુરુતા છે તે જ અવયવીની ગુરુતા બને છે. જેમ તંતુઓનું (અવયવોનું) જે રૂપ છે. તે જ રૂપ પટના (અવયવીના) રૂપપણે પરિણામ પામે છે આવો અભેદસંબંધ માનો તે વારે (ત્યારે) વજનવૃદ્ધિનો દોષ જે પૂર્વે કહ્યો હતો તે હવે લાગતો નથી. માટે દ્રવ્ય-પર્યાયનો અવશ્ય કથંચિદ્ અભેદ સંબંધ છે જ. અને તે અભેદ સંબંધ અહંકાર કદાગ્રહ ત્યજીને સ્વીકારી લેવો જોઈએ. ॥૨૯॥

## ભિન્ન દ્રવ્યપર્યાયનઈં જી, ભવનાદિકનઈં રે એક ।
## ભાષઈ, કિમ દાખઈ નહી જી, એક દ્રવ્યમાં વિવેક રે ॥ભવિકા॥૩-૫॥

*ગાથાર્થ*— ભિન્ન ભિન્ન દ્રવ્યોના પર્યાયાત્મક પણે બનેલા ભવનાદિકમાં "આ એક પ્રાસાદ" છે એમ જો એકત્વ (અભેદ) તમે કહો છો. તો પછી એક જ દ્રવ્યના બનેલા પર્યાયમાં અભેદ માનવાનો વિવેક કેમ દાખવતા નથી. ॥૩-૫॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો– દ્રવ્યાદિકનઇં અભેદ ન માનઈ છઈ, તેહનઇં ઉપાલંભ દિઇં છઈ– ભિન્ન દ્રવ્ય-જે પાષાણ, કાષ્ટ, પૃથિવી, જલાદિક. તેહનો પર્યાય જે ભવનાદિક-ઘરપ્રમુખ, તેહનઇં તું "એક" કહઈ છઈ. "એક ઘર એ" ઈત્યાદિ લોકવ્યવહાર માટઇં. તો એક દ્રવ્યમાં-દ્રવ્ય, ગુણ, પર્યાયનઇં અભેદ હોઈ. એહવો વિવેક કાં નથી કહિતો ? જે માટઈ-આત્મદ્રવ્ય, તેહ જ આત્મગુણ, તેહ જ આત્મપર્યાય, એહવો વ્યવહાર અનાદિસિદ્ધ છઈ. ॥૩-૫॥**

*વિવેચન*– **द्रव्यादिकनइं अभेद न मानइं छइ, तेहनइं उपालम्भ दिइं छइ** = જે નૈયાયિકાદિ દર્શનકારો દ્રવ્યાદિનો અભેદ સંબંધ માનતા નથી. અને એકાન્તભેદ માને છે તેઓને ઉપાલંભ (ઠપકો) આપે છે. દ્રવ્ય ગુણ અને પર્યાયનો અભેદ સમજાવવા આશ્ચર્યકારી એવી સુંદર એક નવી યુક્તિ ગ્રંથકારશ્રી સમજાવે છે–

**भिन्न द्रव्य जे पाषाण, काष्ट, पृथिवी, जलादिक, तेहनो पर्याय जे भवनादिक-घरप्रमुख, तेहनइं तुं "एक" कहइ छइ. "एक घर ए" इत्यादि लोकव्यवहार माटइं. तो एकद्रव्यमां द्रव्य-गुण-पर्यायनइं अभेद होइ. एहवो विवेक कां नथी कहितो ? जे माटइं आत्मद्रव्य, तेह ज आत्मगुण, तेह ज आत्मपर्याय, एहवो व्यवहार अनादिसिद्ध छइ ॥૩-૫॥**

જે ભિન્ન ભિન્ન દ્રવ્યો છે. જેમ કે ૧. પત્થર ૨. લાકડું, ૩. માટી ૪. પાણી. આદિ શબ્દથી સિમેન્ટ લોખંડ, ચુનો વિગેરે. આવા પ્રકારના અનેક ભિન્ન ભિન્ન પદાર્થોના પર્યાયરૂપે બનેલા મકાનને (ભવનને-હવેલીને-બંગલાને) હે નૈયાયિક ! એક જ પદાર્થરૂપે (એક મકાન સ્વરૂપે) તું માને છે. "આ એક ઘર છે" એમ તું પણ સ્વીકારે છે. કારણ કે તે સઘળા પદાર્થો એકરૂપ બની ગયા છે. લોકવ્યવહાર પણ "આ એક ઘર છે" એવો જ પ્રવર્તે છે. હવે જો અનેક દ્રવ્યોના બનેલા પર્યાયને "આ એક છે" આમ કહેવાય છે. તો પછી એક જ દ્રવ્યમાં ગુણ-પર્યાયોનો એટલે કે એક જ દ્રવ્યનો પોતાના ગુણ પર્યાયોની સાથે અભેદ હોય, એમ માનવામાં હે નૈયાયિક ! તું વિવેકબુદ્ધિ કેમ નથી કરતો ?

સંક્ષેપમાં સાર એ છે કે "ભિન્ન ભિન્ન દ્રવ્યોના બનેલા ભવનાદિકને" "આ એક ઘર છે" એમ લોકવ્યવહાર પણ છે અને તું પણ માને છે તો પછી એક જ દ્રવ્યના ગુણ-પર્યાયો પોતાના દ્રવ્યની સાથે "એકરૂપ છે" અભેદ સંબંધવાળા છે. એમ કેમ માનતો નથી? **जे माटइं** = કારણકે જે આ આત્મદ્રવ્ય છે. તે જ આત્મદ્રવ્ય ગુણમય છે. અને તે જ આત્મદ્રવ્ય પર્યાયમય છે. આવો વ્યવહાર અનાદિકાળથી સ્વયં સહજસિદ્ધ જ છે. તેથી આ ત્રણેનો અભેદ માનવો જોઈએ. ॥૩૦॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

## ગુણ પર્યાય અભેદથી જી, દ્રવ્ય નિયત વ્યવહાર ।
## પરિણતિ જે છઈ એકતા જી, તેણિં તે એક પ્રકાર રે ॥ ભવિકા ॥ ૩-૬ ॥

*ગાથાર્થ*— (દ્રવ્યની સાથે) ગુણો અને પર્યાયોનો અભેદ સંબંધ હોવાથી દ્રવ્યોનો નિયત વ્યવહાર થઈ શકે છે. આ ત્રણે તત્ત્વો એકરૂપે પરિણામ પામેલાં છે. તેથી તે ત્રણે તત્ત્વો એકરૂપ છે. ॥૩-૬॥

**ટબો**— **જીવદ્રવ્ય અજીવદ્રવ્ય, ઇત્યાદિ જે નિયત કહતાં વ્યવસ્થા સહિત વ્યવહાર થાઇ છઇં. તે ગુણ પર્યાયના અભેદથી. જ્ઞાનાદિક ગુણ પર્યાયથી અભિન્ન દ્રવ્ય તે જીવદ્રવ્ય, રૂપાદિક-ગુણપર્યાયથી અભિન્ન તે અજીવદ્રવ્ય, નહી તો દ્રવ્ય સામાન્યથી વિશેષસંજ્ઞા ન થાઇ. દ્રવ્ય ગુણ પર્યાય એ ૩ નામ છઇ. "પણિં સ્વજાતિં ૩ નઇં એકત્વ પરિણામ છઇં, તે માટિ-તે ૩ પ્રકાર એક કહઇં" જિમ આત્મદ્રવ્ય, જ્ઞાનાદિક ગુણ, તત્પર્યાય એ સર્વ એક જ કહિઇં, જિમ રત્ન ૧, કાન્તિ ૨, જ્વરાપહાર શક્તિ ૩, પર્યાયનઇં, એ ૩ નઇં એક જ પરિણામ છઇ, તિમ-દ્રવ્ય-ગુણ-પર્યાયનઇં ઇમ જાણવું ॥૩-૬॥**

*વિવેચન*— આ સંસારમાં જીવ-પુદ્ગલ-ધર્મ-અધર્મ-આકાશ અને કાલ એમ કુલ ૬ દ્રવ્યો છે. તે છએ દ્રવ્યો પોત પોતાના ગુણોથી અને પોત પોતાના પર્યાયોથી (કથંચિદ્) અભેદભાવવાળાં છે. અને જો આ અભેદભાવ સ્વીકારીએ તો જ "આ જીવ છે" "આ જીવ છે." તથા "આ ઘટ છે" અને "આ પટ છે" ઈત્યાદિ પ્રતિનિયત વ્યવહાર ઘટી શકે છે. જો કેવળ એકલો "ભેદસ્વભાવ" જ હોય તો "જ્ઞાન" ગુણ જેવો પુદ્ગલથી ભિન્ન છે. તેવો જ જીવથી પણ ભિન્ન જ માનવો પડે, અને જો ગુણો આવા પ્રકારે ભિન્ન હોય તો "આ દ્રવ્ય જીવ છે" અને "આ દ્રવ્ય અજીવ છે" આવા વ્યવહાર કેમ થશે ? તથા પર્યાયો જો દ્રવ્યથી ભિન્ન હોય તો "આ દ્રવ્ય ઘટ છે" અને "આ દ્રવ્ય પટ છે" ઈત્યાદિ વ્યવહારો પણ ઘટશે નહીં

તથા વળી જીવ-જ્ઞાન, અને ઘટ-રૂપને એકાન્તે ભિન્ન માનીને પ્રસિદ્ધ એવો નિયત વ્યવહાર ઘટાડવા માટે "સમવાય સંબંધ" આદિ કોઈ અન્ય પદાર્થની કલ્પના કરવામાં આવે તો તે કલ્પના ઉલટી ઘણી જ આપત્તિઓથી ભરેલી છે. જ્ઞાન અને આત્માને જોડનારો, તથા ઘટ અને રૂપને જોડનારો નવો માનેલો તે સમવાય સંબંધ આત્મામાં રહે ? કે જ્ઞાનમાં રહે? કે બન્નેમાં રહે ? એવી જ રીતે આ સમવાય સંબંધ ઘટમાં રહે ? કે રૂપમાં રહે ? કે બન્નેમાં રહે ? કોઈ પણ એકમાં તો રહે જ નહીં. કારણકે એકમાં જ જો રહે તો બન્નેને જોડવાનું કામકાજ થાય જ નહીં. હવે જો બન્નેમાં સમવાયસંબંધ રહે તો ભેદસંબંધથી રહે કે અભેદ સંબંધથી રહે ? ભેદ સંબંધથી જો રહે તો તે સમવાયને જોડવા બીજો સમવાય, અને તે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બીજાને જોડવા ત્રીજો સમવાય માનવો જ પડે, અને એમ માનતાં અનવસ્થા દોષ આવે. હવે જો આ પ્રથમ સમવાય જ ગુણ-ગુણીમાં અભેદભાવે જોડાય એમ માનો તો આગળ જઈને પણ અંતે તો "અભેદભાવ"નો જ આશ્રય લેવો પડે છે. તો પ્રથમથી જ તે અભેદભાવનો આશ્રય લઈને ગુણ-ગુણીનો અભેદ સંબંધ માનવો શું ખોટો છે ? નાહક લાંબી કલ્પના કરવી તે લાઘવપ્રિય નૈયાયિકોને કેમ સાર્થક કહેવાય ? આ જ વાત આ ગાથામાં સમજાવે છે.

**जीवद्रव्य, अजीवद्रव्य इत्यादि जे नियत कहतां व्यवस्था सहित व्यवहार थाइ छइ, ते गुण-पर्यायना अभेदथी, ज्ञानादिक गुण-पर्यायथी अभिन्नद्रव्य ते जीवद्रव्य, रुपादिक गुण-पर्यायथी अभिन्न ते अजीवद्रव्य. नही तो सामान्यथी विशेषसंज्ञा न थाइ**

"આ જીવદ્રવ્ય છે." અને "આ અજીવ (પુદ્ગલ) દ્રવ્ય છે." ઈત્યાદિ જે નિયત કહેતાં નિશ્ચિતપણે વ્યવસ્થાયુક્ત જે વ્યવહાર થાય છે તે વ્યવહાર "ગુણ-પર્યાયના અભેદથી જ" સંભવે છે. અન્યથા આ વ્યવહાર સંભવતો નથી. યુક્તિથી ઘટતો નથી. કારણકે જો જ્ઞાનાદિ ગુણ-પર્યાયો જીવ દ્રવ્યથી ભિન્ન જ હોય, એટલે કે તે ગુણ-પર્યાયો જેવા અજીવદ્રવ્યથી ભિન્ન છે. તેવા જ જીવદ્રવ્યથી પણ ભિન્ન છે. આમ માનીએ તો જ્ઞાનાદિ ગુણ-પર્યાયોથી બન્ને દ્રવ્યો (જીવ-પુદ્ગલ) એકાન્તે ભિન્ન જ થયાં. તો આ જીવદ્રવ્ય છે અને આ અજીવદ્રવ્ય છે એમ કેવી રીતે કહેવાય ? એવી જ રીતે રૂપાદિ ગુણો જો અજીવદ્રવ્યથી ભિન્ન જ હોય તો તે રૂપાદિગુણો જેવા જીવદ્રવ્યથી ભિન્ન છે તેવા જ અજીવથી પણ ભિન્ન જ થયા. રૂપાદિગુણોને જેમ જીવની સાથે કોઈ સગપણ નથી તેવું જ અજીવની સાથે પણ કોઈ સગપણ ન રહ્યું. તેથી આ રૂપાદિગુણોવાળુ પુદ્ગલદ્રવ્ય છે અને રૂપાદિ ગુણરહિત જે છે તે જીવદ્રવ્ય છે. આમ કેવી રીતે કહેવાશે ? તેથી જ્ઞાનાદિગુણ-પર્યાયોને જીવદ્રવ્યની સાથે અને રૂપાદિ ગુણોને પુદ્ગલદ્રવ્યની સાથે અનાદિકાળથી સ્વયંસિદ્ધ કંઈક અંશે "અભેદસંબંધ" છે જ. તો જ આ વ્યવહાર સંભવે છે. આ કારણે જ્ઞાનાદિ ગુણ-પર્યાયોથી જે અભિન્નદ્રવ્ય છે તેને જીવદ્રવ્ય કહેવાય છે. અને રૂપ-રસાદિક ગુણ-પર્યાયોથી જે અભિન્નદ્રવ્ય છે તેને અજીવદ્રવ્ય (પુદ્ગલદ્રવ્ય) કહેવાય છે.

**नही तो** = જો આમ ન માનીએ તો છએ દ્રવ્યો સામાન્યથી દ્રવ્ય માત્ર જ રહેશે. પરંતુ આ જીવ, આ પુદ્ગલ, એમ વિશેષ સંજ્ઞા કોઈ પણ દ્રવ્યની થાય જ નહીં. જો ગુણ-પર્યાયો પોત પોતાના મૂલદ્રવ્યથી અભિન્ન ન માનીએ અને એકાન્તે ભિન્ન જ માનીએ તો છએ દ્રવ્યો દ્રવ્ય માત્ર રૂપે જ રહેશે. આમ "દ્રવ્ય સામાન્ય" જ કહેવાશે જીવ-અજીવ-ધર્મ-અધર્મ આદિપણાનો ભેદ પડશે નહી કારણકે તે વિશેષ નામો પોત પોતાના ગુણ-પર્યાયોના અભેદને લીધે જ કહેવાય છે. અને આ અભેદ ન માનવાથી તેઓને જીવ-અજીવ આદિ રૂપે વિશેષસંજ્ઞા કહેવાશે નહીં.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्रव्य-गुण पर्याय ए ३ नाम छइ, ''पणि स्वजातिं ३ नइं एकत्वपरिणाम छइ. ते माटि ते ३ प्रकार एक कहइ'' जिम आत्मद्रव्य, ज्ञानादिकगुण, तत्तत्पर्याय ए सर्व एक ज कहिइं. जिम रत्न १, कान्ति २, ज्वरापहारशक्ति ३ पर्यायनइं, ए ३ नइं एकज परिणाम छइ, तिम द्रव्य-गुण-पर्यायनइं इम जाणवुं ॥३-६॥

જો કે આધારભૂત પદાર્થ દ્રવ્ય છે. આધેયભૂત સહભાવી ધર્મ તે ગુણ છે અને આધેયભૂત ક્રમભાવી ધર્મ તે પર્યાય છે. એમ દ્રવ્ય-ગુણ-પર્યાય એવાં જુદાં જુદાં ૩ નામો પ્રવર્તે છે. એટલે પોતપોતાના લક્ષણોથી કથંચિદ્ ત્રણે ભિન્ન છે. એવો પ્રતિભાસ પણ થાય છે. અને કથંચિદ્ ભિન્ન છે પણ ખરાં, તો પણ સ્વજાતીય એવા આ ૩ નો એકત્વપરિણામ પણ છે. જીવદ્રવ્ય તથા તેના જ્ઞાનાદિક ગુણો, અને જ્ઞાનની હાનિ-વૃદ્ધિરૂપ ક્ષાયોપશમિકભાવના પર્યાયો તથા નર-નારકાદિકરૂપ ઔદયિકભાવના પર્યાયો જેવા (જીવની સાથે) એકમેક છે. તેવા અજીવદ્રવ્યની સાથે એકમેક નથી તેવી જ રીતે રૂપાદિગુણો અને અજીવ દ્રવ્યના પર્યાયો જેવા અજીવદ્રવ્યની સાથે એકમેક છે તેવા તે ગુણો અને પર્યાયો જીવદ્રવ્યની સાથે એકમેક નથી. તે માટે સ્વજાતીય દ્રવ્ય-ગુણ અને પર્યાય એ ત્રણની એકતા કહેવી જોઈએ. અને માનવી જોઈએ જેમ આત્મદ્રવ્ય, તેના જ્ઞાનાદિગુણો, અને તેના પર્યાયો આ સર્વે એક રૂપ જ છે. એકમેક છે. અભેદસ્વભાવવાળા છે. એમ માનવું જોઈએ. કોની જેમ આ અભેદ છે ? એવો કોઈ શિષ્ય પ્રશ્ન કરે તો કહે છે કે– ૧ રત્ન (દ્રવ્ય), ૨ તે રત્નની કાન્તિ (ગુણ), અને જવરાપહાર શક્તિ (તાવને દૂર કરવાની શક્તિ) નામનો પર્યાય, આમ આ ત્રણે તત્ત્વોનો જેમ એકત્ત્વપરિણામ છે. તેવો જ એકત્વપરિણામ દ્રવ્ય, ગુણ અને પર્યાયનો પણ છે એમ જાણવું જોઈએ. અને એકાન્ત ભેદનો હઠાગ્રહ ત્યજી દેવો જોઈએ. ॥૩૧॥

## જો અભેદ નહીં એહોનો જી, તો કારય કિમ હોઈ ? ।
## અછતી વસ્તુ ન નીપજઈજી, શશવિષાણ પરિ જોઈ રે
## ॥ ભવિકા ॥ ૩-૭ ॥

*ગાથાર્થ*– જો આ દ્રવ્ય ગુણ પર્યાયનો અભેદ ન હોય તો કાર્ય કેમ થાય ? કારણકે સસલાના શિંગડાની જેમ અસત્ વસ્તુ કદાપિ ઉત્પન્ન થતી નથી. ॥૩-૭॥

**ટબો– વળી અભેદ ન માનઈં, તેહનઈં દોષ દેખાડઈ છઈ– ''જો એહનઈં-દ્રવ્ય-ગુણ પર્યાયનઈં અભેદ નથી. તો કારણ કારયનઈં પણિ અભેદ ન હોઈ'' તિ વારઈં મૃત્તિકાદિક કારણથી ઘટાદિકાર્ય કિમ નીપજઈં ? કારણમાંહિ કાર્યની શક્તિ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**હોઈ, તો જ કાર્ય નીપજઈં, કારણમાંહિ અછતી કાર્યવસ્તુની પરિણતિ ન નીપજઈ જ. જિમ-શશવિષાણ. જો કારણમાંહિં કાર્યસત્તા માનિઇં. તિવારઈં અભેદ સહજિ જ આવ્યો. ॥૩-૭॥**

*વિવેચન*– **वली अभेद न मानइं, तेहनइं दोष देखाडइ छइ** = તથા વળી દ્રવ્ય, ગુણ અને પર્યાયનો જો અભેદ ન માનીએ તો જે દોષ આવે છે તે દેખાડે છે– જે દર્શનકારો દ્રવ્ય-ગુણ અને પર્યાયનો અભેદ ન માને પરંતુ એકાન્તે ભેદ માને, તેઓના મતે કાર્ય-કારણનો પણ અભેદ ન જ હોય, કારણથી કાર્ય એકાન્તે ભિન્ન જ માનવાનું રહે છે. કારણકે દ્રવ્ય એ કારણ છે. અને તેમાંથી પ્રગટ થતા પર્યાયો એ કાર્ય છે જેમ કે માટી-ઘટ, તંતુ-પટ, આ બન્ને ઉદાહરણોમાં માટી અને તંતુ આ બન્ને દ્રવ્ય છે. તથા કારણ છે. અને તેમાંથી ઉત્પન્ન થનાર ઘટ અને પટ આ બન્ને પર્યાય છે તથા કાર્ય છે. હવે જો માટી અને તંતુ નામના દ્રવ્યમાં (કારણમાં) ઘટ-પટ નામના પર્યાય (કાર્ય) અભેદભાવે રહેલા નથી આમ માનીએ, તો તેમાંથી તે કેમ પ્રગટ થાય ? જો કારણમાં (દ્રવ્યમાં), કાર્ય (પર્યાય) અભેદભાવે રહેલા ન માનીએ તો જેમ માટીમાં ઘટ નથી. તેમ તંતુમાં પણ ઘટ નથી. હવે જો અભેદભાવે પણ દ્રવ્યમાં પર્યાય ન હોય અને પ્રગટ થતો હોય તો જેમ માટીમાં અભેદભાવે નહી રહેલો ઘટ ઉત્પન્ન થાય છે તેમ તંતુમાંથી પણ ઘટ ઉત્પન્ન થવો જોઈએ. તથા તેવી જ રીતે તંતુમાં અભેદભાવે પણ ન રહેલો પટ જો ઉત્પન્ન થતો હોય તો તે જ પટ માટીમાંથી પણ થવો જોઈએ. પરંતુ થતો નથી. માટે દ્રવ્યમાં પર્યાય એટલે કે કારણમાં કાર્ય અભેદભાવે રહેલું છે. અને પ્રગટ થાય છે. એમ માનવું જોઈએ.

ઘટનો અર્થી જીવ માટી જ લેવા જાય છે. તંતુ લેવા જતો નથી. અને પટનો અર્થી જીવ તંતુ જ લેવા જાય છે માટી લેવા જતો નથી. તેનો અર્થ જ એ છે કે માટીમાં અપ્રગટપણે પણ ઘટ રહેલો છે. અને તંતુમાં તે અપ્રગટપણે પણ રહેલો નથી. તથા તંતુમાં અપ્રગટપણે પણ પટ રહેલો છે. તેવો અપ્રગટપણે પટ માટીમાં રહેલો નથી. આ પ્રમાણે આ સર્વે કાર્ય કારણની વ્યવસ્થા અનાદિની સહજ સિદ્ધ છે. આ કારણથી જ માટીમાં અપ્રગટપણે (અભેદભાવે-તિરોભાવે) ઘટની સત્તા (વિદ્યમાનતા) છે. અને તંતુમાં તિરોભાવે પટની સત્તા છે. તો જ તે તે કાર્ય તે તે કારણમાંથી નીપજે છે. આ જ હકિકત ગ્રંથકારશ્રી ટબામાં ખોલે છે કે–

**"जो एहनइं-द्रव्य, गुण, पर्यायनइं अभेद नथी, तो कारण-कार्यनइं पणि अभेद न होइ" ति वारइं-मृत्तिकादिक कारणथी घटादिककार्य किम नीपजइ ? कारणमांहिं कार्यनी शक्ति होइ, तो ज कार्य नीपजइं, कारणमांहि अछती कार्य वस्तुनी परिणति न नीपजइ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ज. जिम-शशविषाण. जो कारणमांहिं कार्यसत्ता मानिइं, तिवारइं अभेद सहजि ज आव्यो ॥३-७॥**

"જો આ દ્રવ્ય-ગુણ-પર્યાયને વિષે અભેદ નથી, (અને એકાન્ત ભેદ જ છે) તો કારણ-કાર્યને વિષે અભેદ ન જ હોય" કારણકે જે દ્રવ્ય છે. તે જ કારણ બને છે. અને જે પર્યાયો પ્રગટ થાય છે. તે જ કાર્ય બને છે. પર્યાયો પ્રગટ થનારા-ઉત્પન્ન થનારા હોવાથી કાર્ય કહેવાય છે. હવે જો કારણ-કાર્યને વિષે અભેદ ન જ હોય તો તેનો અર્થ એ થયો કે મૃત્તિકાદિ કારણમાં ઘટાદિ કાર્ય અસત્ છે. અવિદ્યમાન છે. અર્થાત્ નથી અને થાય છે. આવો અર્થ થશે. ति वारइं = તે વારે = ત્યારે મૃત્તિકાદિ કારણમાંથી ઘટાદિક કાર્ય કેમ ઉત્પન્ન થશે ? કારણમાં કાર્ય પ્રગટ થવાની અભેદભાવે શક્તિ રહેલી હોય, તો જ તે કારણમાંથી તે કાર્ય પ્રગટ થાય છે. જે કારણમાં જે કાર્ય પ્રગટ થવાની શક્તિ નથી હોતી, તેવા પ્રકારની અછતી કાર્યવસ્તુની પરિણતિ (પ્રગટતા) બનતી નથી જ. અર્થાત્ અસત્ એવું કાર્ય કદાપિ ઉત્પન્ન થતું નથી જેમ સસલાનાં શીંગડાની ઉત્પન્ન થવાની શક્તિ કોઈ પણ કારણ દ્રવ્યમાં (સસલામાં) નથી. તેથી કોઈ પણ કારણદ્રવ્યથી (કોઈપણ સસલામાંથી) શશશૃંગ નીપજતાં નથી. જેનામાંથી જે કંઈ નીપજે છે. તેનામાં તે તિરોભાવે પણ સત્ છે. તો જ નીપજે છે. એટલે જો કારણભૂત દ્રવ્યમાં કાર્ય પ્રગટ થવાની સત્તા તિરોભાવે છે. એમ માનો, તો જ જગતમાં ચાલતી વ્યવસ્થા ઘટી શકે એન આમ અભેદ માનો તો તે વારે = ત્યારે "અભેદભાવ" માનવાનો પ્રસંગ સ્હેજે સ્હેજે આવી જ ગયો.

સારાંશ કે કારણમાં (દ્રવ્યમાં) કાર્ય (પર્યાય) પ્રગટ થવાની શક્તિ છે જ. તો જ કાર્ય નીપજે છે. જે કાર્યની શક્તિ કારણમાં હોતી નથી. તે કાર્ય તે કારણમાંથી પ્રગટ થતું જ નથી. કારણમાં કાર્ય સત્ છે. તો જ થાય છે. જો કાર્ય અસત્ હોય તો થાય જ નહીં. તેથી દ્રવ્યમાં ગુણ અને પર્યાયો અભેદભાવે સત્ છે જ. તો જ થાય છે. જો સત્ ન હોત તો તે દ્રવ્યમાંથી તે પર્યાયો પ્રગટ થાત નહીં. ॥ ૩૨ ॥

## દ્રવ્યરૂપ છતી કાર્યની જી, તિરોભાવની રે શક્તિ ।
## આવિર્ભાવઈ નીપજઈ જી, ગુણ પર્યાયની વ્યક્તિ રે ॥ભવિકા.॥ ૩-૮ ॥

*ગાથાર્થ*– સર્વે દ્રવ્યોમાં પોત પોતાનાં કાર્યો (પર્યાયો) પ્રગટ થવાની દ્રવ્યરૂપે શક્તિ તિરોભાવે છતી (રહેલી) છે. કાલાદિ સામગ્રી પ્રાપ્ત થતાં તે આવિર્ભાવે નીપજે છે ત્યારે ગુણ-પર્યાયરૂપે વ્યક્ત થાય છે. ॥ ૩-૮ ॥

**ટબો– "કારણમાંહિં કાર્ય ઉપના પહિલાઇં જો કાર્યની સત્તા છઇં તો કાર્યદર્શન કાં નથી થાતું ?" એ શંકા ઉપરિ કહઇં છઇં– કાર્ય નથી ઉપનું, તિ વારઇં**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કારણમાંહિ કાર્યની દ્રવ્યરૂપઇં-તિરોભાવની શક્તિ છઇં, તેણઇં કરી છઇં. પણિ-કાર્ય જણાતું નથી, સામગ્રી મિલઇ, તિ વારઇં-ગુણ પર્યાયની વ્યક્તિથી આવિર્ભાવ થાઇ છઇં, તેણઇં કરી-કાર્ય દીસઇ છઇં. "આવિર્ભાવ-તિરોભવ પણિ દર્શન-અદર્શન નિયામક કાર્યના પર્યાય વિશેષ જ જાણવા" તેણઇં કરી આવિર્ભાવનઇં સત્, અસત્ વિકલ્પઇં દૂષણ ન હોઇ, જે માટઇં અનુભવનઇં અનુસારઇં પર્યાય કલ્પિઇં. ॥ ૩-૮ ॥**

*વિવેચન— कारणमांहि कार्य उपना पहिलाइं जो कार्यनी सत्ता छइ, तो कार्य दर्शन कां नथी थातुं ? ए शंका उपरि कहइ छइं—* ભેદવાદીઓ અભેદવાદીને પ્રશ્ન કરે છે કે જો કાર્ય ઉત્પન્ન થયા પહેલાં પણ દ્રવ્યમાં એટલે કારણમાં કાર્યની સત્તા (વિદ્યમાનતા) હોય છે. તો તે કાળે તે કાર્યનું દર્શન કેમ થતું નથી ? માટીમાંથી ઘડો બન્યા પહેલાં જ જો ઘટકાર્યની સત્તા માટીમાં છે તો બન્યા પૂર્વના કાળમાં તે ઘટનું દર્શન કેમ થતું નથી. એવી જ રીતે તંતુમાં તંતુકાળે પણ જો પટની સત્તા છે તો પટ બન્યા પહેલાં તે પટ દેખાતો કેમ નથી ? આવી શંકા ટાળવા માટે તેના ઉપર ઉત્તર કહે છે કે– ઉપરની ગાથામાં અભેદવાદ માનનારાએ એ સિદ્ધ કર્યું છે કે માટીમાં (કારણમાં અર્થાત્ દ્રવ્યમાં) ઘટ (કાર્ય) ઉત્પન્ન થયા પહેલાં પણ અભેદભાવે તે તેમાં રહેલું છે. ઘટકાર્યની સત્તા માટીમાં છે. તેવી જ રીતે તંતુકારણમાં પટકાર્યની સત્તા છે. તો તે કાર્ય તે કાળે દેખાતું કેમ નથી ? આવી શંકા થવી સંભવિત છે. તેનો ઉત્તર આ પ્રમાણે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**कार्य नथी उपनुं, तिवारइं कारणमांहिं कार्यनी द्रव्यरूपइं तिरोभावनी शक्ति छइं, तेणइं करी, "छइ" पणि कार्य जणातुं नथी. सामग्री मिलइ, तिवारइं-गुण पर्यायनी व्यक्तिथी आविर्भाव थाइ छइ, तेणइ करी कार्य दीसइ छइ.**

જે જે કારણમાંથી (માટી-તંતુ આદિ દ્રવ્યોમાંથી) (ઘટ-પટાત્મક પર્યાય સ્વરૂપ) કાર્ય હજુ ઉત્પન્ન થયું નથી. પ્રગટ થયું નથી. પરંતુ તિરોભાવે રહેલું છે. તે વારે = ત્યારે કારણમાં કાર્યની સત્તા દ્રવ્ય સ્વરૂપે છે. એટલે કે કારણમાં કાર્યની સત્તા *અવ્યક્તપણે* રહેલી છે. જેને જૈનશાસ્ત્રોમાં *તિરોભાવે શક્તિ* છે એમ કહેવાય છે. તિરોભાવ એટલે જ અવ્યક્તભાવ. હવે જે તિરોભાવે (અવ્યક્તપણે) હોય તે કેવી રીતે દેખાય ? અને જો દેખાય તેવી સત્તા હોત તો તેને તિરોભાવે કેમ કહેવાત ? માટે "તિરોભાવે છે" એટલે અવ્યક્તપણે છે. એટલે તે ઘટપટ સ્વરૂપે વ્યક્તપણે ન દેખાય તેવી સત્તા છે. જો આ પ્રમાણે અવ્યક્તપણે પણ તે કાર્ય પોત પોતાના કારણમાં હોય છે એમ ન માનીએ તો માટીમાંથી જેમ ઘટ નીપજે છે તેમ તંતુમાંથી પણ ઘટ નીપજવો જોઈએ. પણ આમ બનતું નથી. પોત પોતાના કારણમાંથી જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિવક્ષિત કાર્ય નીપજે છે. તેથી તિરોભાવે તે તે કારણમાં તે તે કાર્યની શક્તિ સત્ છે. **તેણઇ કરી** = તેથી કરીને "કારણમાં કાર્ય (છઇ) છે જ એમ માનવું જોઈએ"

પરંતુ તે તે કારણમાં તે તે કાર્ય તિરોભાવે (અવ્યક્તપણે) છે. તેથી કાર્ય જણાતું નથી. જ્યારે તે કાર્યને પ્રગટ કરવાની સામગ્રી મળશે ત્યારે તે તે કારણમાંથી તે તે ગુણો અને પર્યાયો વ્યક્ત થવાથી-પ્રગટ થવાથી તેનો *"આવિર્ભાવ"* થયો છે એમ કહેવાય છે. માટીમાં જે ઘટ દબાયેલો હતો, છુપાયેલો હતો, તે જ ઘટ સામગ્રી મળવાથી પ્રગટ થયો છે. જે તંતુમાં પટકાર્ય છુપાયેલું હતું, તે જ પટકાર્ય સામગ્રી મળવાથી આવિર્ભાવને પામ્યુ છે. આ રીતે સર્વે પણ કારણોમાં (પોત પોતાના કારણભૂત દ્રવ્યોમાં) તે તે વિવક્ષિત કાર્યો (ગુણ-પર્યાયો) અવ્યક્ત પણે (તિરોભાવે) રહેલાં જ છે. અને જો રહેલાં છે એમ માનીએ તો જ સામગ્રી મળે છતે પ્રગટ (આવિર્ભાવ) થાય છે. આ વાત સંગત થાય. અને યુક્તિ પણ તેમ જ બેસે છે. વસ્તુનું આવું જ સ્વરૂપ છે. અને વસ્તુનુ તે સ્વરૂપ સહજ છે. અનાદિસિદ્ધ છે. અને સ્વતઃ જ છે. વસ્તુનો તેવો તેવો પારિણામિક સ્વભાવ છે.

**"आविर्भाव तिरोभाव-पणि दर्शन अदर्शन नियामक कार्यना पर्याय विशेष ज जाणवा" तेणइं करी आविर्भावनइं सत् असत् विकल्पइं दूषण न होइ, जे माटइं-अनुभवनइं अनुसारइं पर्याय कल्पिइं ॥ ३-८ ॥**

કારણકાળે કાર્ય તિરોભાવે હતું અને સામગ્રી મળવાથી તે કાર્ય "આવિર્ભાવને" પામ્યું. આવું પદાર્થનું સ્વરૂપ છે. એમ પૂર્વે સમજાવ્યું. ત્યાં કોઈક ભેદવાદી દર્શનકાર અભેદવાદીને ગુંચવણની જાળમાં ફસાવવા પુછે છે કે કાર્યનો જે આવિર્ભાવ થયો તે આવિર્ભાવ શું છે ? તથા તિરોભાવ એ શું છે ?

*ઉત્તર*— તિરોભાવ અને આવિર્ભાવ એ પણ કાર્યના એક પ્રકારના પર્યાય વિશેષ જ છે. તેમાં આવિર્ભાવ એ દર્શનનો નિયામક પર્યાયવિશેષ જ છે અને તિરોભાવ એ અદર્શનનો નિયામક પર્યાય વિશેષ છે. તેથી તિરોભાવકાળે કાર્ય અદૃશ્ય છે. અને આવિર્ભાવકાળે કાર્ય દૃશ્ય છે. કાર્યને અદૃશ્ય રાખવામાં એક પર્યાય સાધન છે. અને કાર્યને દૃશ્ય રાખવામાં બીજો પર્યાય નિયામક (સાધન) છે.

*પ્રશ્ન*— જો આવિર્ભાવ અને તિરોભાવ એ પર્યાયવિશેષ જ હોય. તો તે પર્યાયો શું સત્ છે કે અસત્ છે ? જો સત્ માનો તો પણ દૂષણ આવે છે અને અસત્ માનો તો પણ દૂષણ આવે છે. તે આ પ્રમાણે— જો માટીમાં ઘટનો આવિર્ભાવ પર્યાય સત્ છે. તો ઘટ બન્યા પૂર્વે પણ આવિર્ભાવ સત્ (વિદ્યમાન) હોવાથી ઘટ દેખાવો જોઈએ. પરંતુ ઘટ દેખાતો નથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી આવિર્ભાવપર્યાય સત્ નથી. હવે જો આવિર્ભાવ પર્યાય અસત્ હોય તો કદાપિ ઘટ પ્રગટ થવો જ ન જોઈએ. કારણ કે શશશૃંગની જેમ જે અસત્ હોય છે. તે કદાપિ પ્રગટતો નથી. તેથી આ આવિર્ભાવ પર્યાયને સત્ માનવામાં પણ દોષ છે અને અસત્ માનવામાં પણ દોષ છે. એવી જ રીતે તિરોભાવ પર્યાય પણ જો સત્ હોય તો તે હવે કાયમ સત્ જ રહેવો જોઈએ, જવો જ ન જોઈએ. તિરોભાવનો નાશ થવો જ ન જોઈએ. એટલે ઘટ થશે જ નહીં. અને જો તિરોભાવ અસત્ હોય તો પિંડકાળમાં ઘટનો તિરોભાવ કેમ દેખાય છે ? કારણકે જે અસત્ હોય તે ન જ હોય ઈત્યાદિ વિચારણા કરતાં આવિર્ભાવ તિરોભાવને સત્-અસત્ માનતાં બન્નેમાંનો કોઈ પણ પક્ષ માનવામાં દૂષણ જ આવે છે.

*ઉત્તર*— આ આવિર્ભાવ અને તિરોભાવ એ પણ કાર્યના દર્શન અદર્શનના નિયામક પણે (કારણરૂપે) એક પ્રકારના પર્યાય વિશેષ જ છે. તેણે કરીને તે પર્યાયોને કેવળ એકલા સત્ કે કેવળ એકલા અસત્ જ છે. આમ માનીએ તો દૂષણ આવે પણ આમ ન માનતાં સદસત્ એમ ઉભયાત્મક છે. આમ માનતાં સત્પક્ષનાં કે અસત્પક્ષનાં કોઈ દૂષણો આવતાં નથી.

જે માટે અનુભવને અનુસારે તે તે કારણભૂત દ્રવ્યમાં તે તે કાર્યભૂત પર્યાયો અવશ્ય છે જ. એમ જાણવું. જે કારણમાં જે કાર્ય તિરોભાવે પણ રહેલું હોય છે તો જ તે કાર્ય તે કારણમાંથી સામગ્રી મળવાથી પ્રગટ થાય છે જે કારણમાં જે કાર્ય તિરોભાવે પણ રહેલું હોતું નથી. તે કાર્ય તે કારણમાંથી ત્રણે કાળે પણ નીપજતું નથી. ॥૩૩॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

## નઈયાયિક ભાષઈ ઈસ્યું જી, "જિમ અછતાનું રે જ્ઞાન ।
## હોવઈ વિષય અતીતનું જી, તિમ કારય સહી નાણ રે
## ॥ ભવિકા ॥ ૩-૯॥

*ગાથાર્થ*— નૈયાયિકો કહે છે કે— જેમ ભૂતકાળનો વિષય અછતો હોવા છતાં પણ તેનું સ્મરણાત્મક જ્ઞાન થાય છે. તેવી જ રીતે અછતું જ કાર્ય ઉત્પન્ન થાય છે. એમ હે સખી! તું જાણ. ॥ ૩-૯ ॥

**ટબો**— **ઈહાં નૈયાયિક એહવું ભાષઈ છઈ "જિમ-અતીત વિષય જે ઘટાદિક, અછતા છઈ, તેહનું જિમ જ્ઞાન હોઈ, તિમ-ઘટાદિક કાર્ય અછતાં જ, મૃત્તિકાદિક દલથકી સામગ્રી મિલ્યઈ નીપજસ્યઈ. અછતાની જ્ઞપ્તિ હોઈ, તો અછતાની ઉત્પત્તિ કિમ ન હોઈ ? ઘટનું કારણ દંડાદિક અમ્હે કહું છું. તિહાં લાઘવ છઈ, તુમ્હારિ મતિં**

**"ઘટાભિવ્યક્તિનું દંડાદિક કારણ કહવું તિહાં ગૌરવ હોઈ. બીજુ અભિવ્યક્તિનું કારણ ચક્ષુઃપ્રમુખ છઈ. પણિ દંડાદિક નથી. તે માટિં ભેદ પક્ષ જ. દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ દંડ, ભાવઘટાભિવ્યક્તિનું કારણ ચક્ષુઃ, તિહાં ગૌરવ છઈ. તે ન ઘટઈ. ॥ ૩-૯ ॥**

*વિવેચન*— દ્રવ્યમાં (કારણમાં) પર્યાયો (કાર્યો) દ્રવ્યાર્થિકનયથી તિરોભાવે છતા છે. તો જ સામગ્રી મળવાથી આવિર્ભાવે નીપજે છે. આ વાત અનુભવસિદ્ધ છે. અને આગલી ગાથામાં અનેકરીતે આ સ્વરૂપ સમજાવાયું છે. તો પણ પોતાના કદાગ્રહને નહીં મૂક્તા એકાન્ત ભેદને જ માનનારા અસત્કાર્યવાદી (કારણમાં કાર્ય નથી જ, અને સામગ્રી મળે છતે ઉત્પન્ન થાય છે. એવું માનનારા) નૈયાયિકો અભેદવાદીની સામે નવી નવી દલીલો કરીને ખોટી ગૂંચવણ જ ઉભી કરે છે. તેઓ આ પ્રમાણે દલીલ કરે છે—

ઘટ બન્યા પૂર્વે જે "મૃત્પિંડ" છે તે ઘટની પૂર્વાવસ્થા, અને ઘટ ભાંગી ગયા પછી જે કપાલાવસ્થા (ઠીકરાં વાળી અવસ્થા) છે. તે ઘટની પાછળની અવસ્થા. આ બન્ને અવસ્થાઓમાં "ઘટ કાર્ય દેખાતું નથી". છતાં રસ્તામાં ઘડો ફુટ્યા પછી પડેલાં "ઠીકરાં" જોઈને હાલ વર્તમાનકાળે ત્યાં ઘટ નથી. કારણકે ઘટ તો અતીતકાળનો વિષય થઈ ગયો. તો પણ ઘટનું સ્મરણ થાય છે. અહીં કોઈકનો ઘટ ફુટેલો હોય એમ લાગે છે. આ રીતે જેમ કપાલ જોઈને અતીતકાળના વિષયવાળા ઘટનું અછતો હોવા છતાં સ્મરણ થાય છે. તેવી જ રીતે "મૃત્પિંડ" જોઈને અહીં ભાવિમાં ઘટ થશે. તેવું પણ સ્મરણ થાય છે. આ અનુભવસિદ્ધ હકીકત છે. આ સ્મરણ નામનું જ્ઞાન જેમ અછતા ઘડાનું થાય છે. તેની જેમ "મૃત્પિંડમાં" ઘટ અછતો જ માની લઈએ. અને સામગ્રી મળવા માત્રથી જ અછતા એવા ઘટની ઉત્પત્તિ થઈ. એમ માની લઈએ તો શું દોષ આવે ? સારાંશ કે જેમ કપાલકાલે તથા મૃત્પિંડકાલે અછતા ઘટની જ્ઞપ્તિ=ઘટનું સ્મરણ થાય છે. તેમ મૃત્તિકામાંથી અછતા ઘટની ઉત્પત્તિ માનીએ તો કંઈ દોષ દેખાતો નથી. આ પ્રમાણે નૈયાયિકનું કહેવું છે. ટબાનો અર્થ આ પ્રમાણે—

**इहां नैयायिक एहवुं भाषइ छइ, ''जिम अतीत विषय जे घटादिक, अछता छइ, तेहनुं जिम ज्ञान होइ, तिम घटादिक कार्य अछतां ज, मृत्तिकादिक दल थकी सामग्री मिल्यइ नीपजस्यइ. अछतानी ज्ञप्ति होइ, तो अछतानी उत्पत्ति किम न होइ ?**

અહીં નૈયાયિક આ પ્રમાણે અભેદવાદીની સામે દલીલ કરે છે કે— "જેમ અતીત કાળનો વિષય ઘટાદિક (ફુટેલાં કપાલ=ઠીકરામાં ઘટ ભૂતકાળનો વિષય થયો. એટલે વર્તમાનકાળે તે ઘટ નથી તેથી) અછતો છે. તેહનું (કપાલ જોઈને) સ્મરણાત્મક જ્ઞાન જેમ થાય છે. (તથા મૃત્પિંડ જોઈને ઘટ અછતો હોવા છતાં પણ ભાવિમાં આ માટીમાં અવશ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટ થશે. એમ ભૂતકાળમાં અનુભવેલા ઘટના સાધર્મ્યથી ભાવિના વિષયનું પણ સ્મરણાત્મક જ્ઞાન થાય છે) તો આ રીતે જેમ અછતા ઘટનુ જ્ઞાન થાય છે. તેમ "મૃત્પિંડમાં" ઘટાદિક કાર્ય સર્વથા અછતું જ છે. અને તે મૃત્પિંડ આદિ ઉપાદાન કારણમાંથી સામગ્રી મળવાથી સર્વથા અછતા ઘટાદિક કાર્ય નીપજે છે. એમ જો માનીએ તો શું દોષ આવે ? તેમાં અમને કંઈ પણ દોષ દેખાતો નથી. જેમ અછતા પદાર્થની જ્ઞપ્તિ (જ્ઞાન) થાય છે તેમ અછતા ઘટાદિક કાર્યની ઉત્પત્તિ પણ ઉપાદાનમાંથી સામગ્રી મળે છતે હો. તો પછી અછતાની ઉત્પત્તિ કેમ ન હોઈ શકે ?

**घटनुं कारण दंडादिक अम्हे कहुं छुं, तिहां लाघव छइ, तुम्हारि मतिं "घटाभिव्यक्तिनुं दंडादिक कारण कहवुं. तिहां गौरव होइ"**

તથા વળી નૈયાયિકો કથંચિદ્ અભેદવાદી એવા જૈનોને બીજો પણ એક દોષ બતાવતાં કહે છે કે અભેદવાદી એવા હે જૈન ! તમારી માન્યતામાં ગૌરવ છે. અને અમારી (નૈયાયિકોની) માન્યતામાં લાઘવ છે. તે આ પ્રમાણે– અમે નૈયાયિકો માટીમાં ઘટ નથી જ (અસત્ જ છે) અને સામગ્રી મળવાથી નવો જ ઉત્પન્ન થાય છે. એમ માનીએ છીએ, એટલે દંડ-ચક્ર-કુંભકાર-ચીવર (વસ્ત્ર) અને દોરી વિગેરે સામગ્રી "ઘટનું" કારણ છે. એમ કહીએ છીએ. એટલે (ઘટનું આમ) ત્રણ અક્ષરવાળા પદનું કારણ દંડાદિક થયાં, તેથી ત્યાં શરીરકૃત લાઘવ થાય છે. અને તમે જૈનો મૃત્પિંડમાં ઘટ સત્ (વિદ્યમાન) માનો છો. એટલે તમારા મતે ઘટ નવો ઉત્પન્ન થવાનો રહેતો જ નથી. કારણકે પ્રથમથી છે જ. પરંતુ સામગ્રી મળવાથી તે ઘટ પ્રગટ થાય છે. આવિર્ભૂત થાય છે. એટલે કે ઘટની અભિવ્યક્તિ થાય છે. તેથી તમારા મતે તે દંડાદિક સામગ્રી "ઘટનું" કારણ બનતી નથી પરંતુ "ઘટાભિવ્યક્તિનું" કારણ બને છે એટલે (ઘટાભિવ્યક્તિ નું) છ અક્ષરવાળા પદનું કારણ બને છે. તેથી તમારા મતમાં "ઘટાભિવ્યક્તિનું" કારણ દંડાદિક તમે કહ્યું છે. આ પ્રમાણે ત્યાં (તમારા મતમાં) શરીરકૃત ગૌરવ થયું. આ તમને બીજો દોષ આવશે. અમારા (નૈયાયિકોના) મતે "ઘટનું" કારણ દંડાદિક સામગ્રી થશે. અને તમારા (જૈનોના) મતે ઘટાભિવ્યક્તિનું કારણ દંડાદિક સામગ્રી થશે. તેથી તમોને શરીરકૃત ગૌરવ થશે. અહીં અક્ષરોના બનેલા પદને શરીર કહ્યું છે.

**बीजु अभिव्यक्तिनुं कारण चक्षुःप्रमुख छइ, पणि दंडादिक नथी. ते माटिं भेद पक्ष ज. द्रव्यघटाभिव्यक्तिनुं कारण दंड, भावघटाभिव्यक्तिनुं कारण चक्षुः, तिहां गौरव छइ, ते न घटइ. ॥३-९॥**

તથા વળી હે જૈન ! તમે મૃત્પિંડમાં પ્રથમથી જ ઘટ "સત્" માનેલ હોવાથી ઉત્પન્ન કરવાનો છે જ નહીં. તમારા મતે તો અભિવ્યક્ત (આવિર્ભાવ) જ થાય છે. એટલે દંડાદિક



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સામગ્રીને તમે ઘટાદિકની અભિવ્યક્તિનું કારણ માનેલું છે. ત્યાં એક તો શરીરકૃત ગૌરવનો દોષ તો આવે જ છે. વળી પ્રત્યક્ષથી વિરુદ્ધ (વિરોધ) નામનો દોષ પણ આવે છે. કારણકે જે વસ્તુ સંસારમાં હોય જ, વિદ્યમાન જ હોય. તેને અભિવ્યક્ત કરવી હોય, એટલે જાણવી હોય જોવી હોય તો ત્યાં ચક્ષુ તથા પ્રકાશ વિગેરે કારણો છે. ઓરડામાં પડેલા ઘટ-પટની અભિવ્યક્તિ કરવામાં (દેખવામાં) ચક્ષુ જોઈએ, પ્રકાશ જોઈએ. પરંતુ દંડ-ચક્રાદિ ન જોઈએ. જ્યારે તમે તો માટીમાં રહેલા ઘટની અભિવ્યક્તિનું (દેખવાનું) કારણ દંડાદિ માન્યા છે. જે કોઈ રીતે ઘટી શકતા નથી. માટે વિરોધ દોષ પણ આવશે.

"પ્રત્યક્ષ વિરુદ્ધ" = વિરોધ નામના દોષમાંથી બચવા માટે હે જૈન ! કદાચ તમે (જૈનો) ઘટ બે પ્રકારના કલ્પશો. ૧ દ્રવ્ય ઘટ, અને ૨ ભાવઘટ, ત્યાં જે ઘટ હજુ બન્યો નથી પરંતુ બનવાનો છે. તેના માટેનો જે મૃત્પિંડ છે. તે દ્રવ્યઘટ, અને જે ઘટ બની ચુક્યો છે. વિદ્યમાન ઘટ છે તે ભાવઘટ, આમ બે ઘટ કલ્પીને દ્રવ્યઘટની અભિવ્યક્તિનું કારણ દંડાદિક સામગ્રી અને ભાવઘટની અભિવ્યક્તિનું કારણ ચક્ષુ-પ્રકાશ વિગેરે જો માનશો તો વધારે ગૌરવ દોષ આવશે. કારણ કે તમારી દૃષ્ટિએ દ્રવ્યઘટાભિવ્યક્તિનું કારણ દંડાદિકસામગ્રી અને ભાવઘટની અભિવ્યક્તિનું કારણ ચક્ષુ-પ્રકાશાદિ થવાથી બન્નેની અભિવ્યક્તિનાં કારણ ભિન્ન ભિન્ન થવાથી ગૌરવદોષ આવશે. જ્યારે અમારે નૈયાયિકોને મૃત્પિંડકાલે ઘટ સત્ ન હોવાથી દ્રવ્યઘટ તો છે જ નહીં. અને બન્યા પછી ભાવઘટ છે. તે કાલે અભિવ્યક્તિનું (દેખવાનું) કારણ ચક્ષુ-પ્રકાશ, આમ એક જ કારણ થશે. જેથી અમને લાઘવ થશે. માટે ગૌરવ દોષ આવવાથી તે તમારી બે ઘટ માનવાની કલ્પના પણ ઘટતી નથી. આ પ્રમાણે એકાન્તભેદવાદી નૈયાયિકે કથંચિદ્ અભેદવાદી એવા જૈનદર્શનકારને દોષો આપ્યા. ॥ ૩૪ ॥

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## તે મિથ્યા, નહીં સર્વથાજી, અછતો વિષય અતીત ।
## પર્યાયારથ તે નહીં જી, દ્રવ્યારથ છઈ નિત્ય રે ॥ ભવિકા ॥ ૩-૧૦ ॥

*ગાથાર્થ*– નૈયાયિકની ઉપરોક્ત વાત મિથ્યા છે. કારણ કે અતીતકાળનો (અને ભાવિકાળનો) વિષય સર્વથા અછતો નથી. ફક્ત પર્યાયાર્થિકનયથી તે નથી. પરંતુ દ્રવ્યાર્થિકનયથી તે નિત્ય છે. ॥ ૩-૧૦ ॥

**ટબો– હવઈ એ મત દૂષઇ છઈ– "અછતાની જ્ઞપ્તિની પરિ અછતાની ઉત્પત્તિ હોઈ" ઈમ કહિઉં, તે મત મિથ્યા, જે માટઈ-અતીત વિષય ઘટાદિક સર્વથા અછતો નથી, તે પર્યાયારથથી નથી, દ્રવ્યારથથી નિત્ય છઈ, નષ્ટ ઘટ પણિ મૃત્તિકારૂપઈ છઈ, સર્વથા ન હોઈ તો શશશૃંગ સરખો થાઈ. ॥ ૩-૧૦ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*વિવેચન–* हवइ ए मत दूषइं छइं મૃત્પિંડ અને કપાલ આ બન્ને ઘટની અનુક્રમે પૂર્વાવસ્થા અને પશ્ચાદવસ્થા છે. જેમ પશ્ચાદવસ્થામાં કપાલ (ઠીકરાં) દેખીને પૂર્વે ઘટ હતો એમ અછતા ઘટની અતીતવિષયની સ્મૃતિ થવા રૂપ જ્ઞપ્તિ થાય છે. તેમ પૂર્વાવસ્થામાં (મૃત્પિંડમાં) પણ ઘટ અછતો જ છે. તેથી અછતા એવા તે ઘટની ઉત્પત્તિ પણ હો. આવા પ્રકારની નૈયાયિકની માન્યતા છે. તેથી તે સત્-અસત્ એમ ઉભયરૂપે કાર્યને માનનારા જૈનોને નીચે મુજબ દોષો આપે છે. (૧) જ્ઞપ્તિની જેમ અછતા ઘટની ઉત્પત્તિ માનવાનો, (૨) તેમ ન માનો અને ઘટાભિવ્યક્તિ માનો તો ગૌરવદોષ. તથા વિરોધ દોષ, (૩) અને દ્રવ્યઘટ-ભાવઘટની કલ્પના કરવામાં મહાગૌરવ તથા મહાવિરોધ દોષ આવે છે.

જૈન–તે નૈયાયિકે આપેલા સઘળા દોષો સર્વથા મિથ્યા છે. જૂઠા છે. એકાન્તદૃષ્ટિવાળા આત્માઓ મિથ્યાત્વના ઉદયની પરવશતાથી નિર્દોષને પણ દોષિત જ દેખે છે. અને દોષિત કરવા માટે કુતર્કો જ કરે છે. તેથી હવે તે મતને ગ્રંથકારશ્રી દૂષિત કરે છે.

**''अछतानी ज्ञप्तिनी परिं अछतानी उत्पत्ति होइ'' इम कहिउं, ते मत मिथ्या. जे माटइं-अतीत विषय घटादिक, सर्वथा अछतो नथी. ते पर्यायारथथी नथी, द्रव्यारथथी नित्य छइ. नष्ट घट पणि मृत्तिकारूपइं छइ. सर्वथा न होइ तो शशशृंग सरखो थाइ. ॥ ३-१० ॥**

*જૈન–* ઉપર નૈયાયિકે જે કંઈ કહ્યું. અને જે જે દોષો અભેદવાદ માનવામાં આપ્યા. તે સઘળું મિથ્યા છે. તેમણે જે કહ્યું કે *"કપાલાદિમાં અતીત કાળનો ઘટ અછતો છે"* છતાં તેની સ્મૃતિરૂપ જ્ઞપ્તિ જેમ થાય છે. તેમ મૃત્પિંડમાં પણ ઘટ અછતો જ છે. અને તેની ઉત્પત્તિ થાય છે. માટે પશ્ચાદવસ્થામાં અછતાની જેમ જ્ઞપ્તિ થાય છે. તેમ પૂર્વાવસ્થામાં સર્વથા અછતા એવા ઘટની ઉત્પત્તિ પણ હો. આવું નૈયાયિકે જે કહ્યું, તે તેનો મત સર્વથા મિથ્યા છે. કારણ કે ''કપાલાદિમાં અતીત કાળના વિષયભૂત એવો ઘટ સર્વથા અસત્ (અછતો) છે જ નહી'' કે જેની જ્ઞપ્તિના ઉદાહરણથી મૃત્પિંડમાં પણ અછતા ઘટની ઉત્પત્તિની સિદ્ધિ થાય. ખાટલે જ મોટી ખોડ છે. જે અછતા વિષયની જ્ઞપ્તિનું ઉદાહરણ તમે આપ્યું છે. તે જ ખોટુ છે. હવે જો દૃષ્ટાન્ત જ ખોટુ હોય તો દાર્ષ્ટાન્તિક કેમ કરી સિદ્ધ થાય ?

તેની વાત મિથ્યા એટલા માટે છે કે ''કપાલાદિમાં જે ઘટ દેખાતો નથી. એટલે ઘટાકારતા દેખાતી નથી તેથી તે અતીત કાળનો વિષય બન્યો, આ રીતે ન દેખાવા માત્રથી જ તે કપાલાદિમાં તે ઘટને તે નૈયાયિકાદિએ સર્વથા અછતો માની લીધો છે. પરંતુ અતીત કાળનો વિષય બનેલો તે ઘટાદિક પદાર્થ કપાલાદિમાં સર્વથા અછતો થતો જ નથી. ફક્ત તે પર્યાયાર્થિકનયથી નથી. પરંતુ દ્રવ્યાર્થિક નયથી તો કપાલાદિમાં પણ ઘટપર્યાય નિત્ય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘટાકારપણે નથી. પરંતુ ઘટાકારતા પર્યાય જેમાં બન્યો હતો તે દ્રવ્ય (માટી) તો રહે જ છે. તેથી જ તો તે દ્રવ્ય જોતાંની સાથે તેનો અતીતકાળનો ઘટપર્યાય સ્મૃતિગોચર થાય છે. બીજો કોઈ પદાર્થ સ્મરણમાં આવતો નથી. માટે કપાલાદિમાં ઘટપર્યાય સર્વથા અછતો નથી. જેમ કોઈ એક પુરુષે ૨૫ વર્ષની વયે ચોરી કરી હોય અથવા ખૂન કર્યું હોય, અને તેની વય ૫૦ વર્ષની થાય, હાલ તે શાહુકાર અને અહિંસક બન્યો હોય, તો પણ જો તે ચોરીનો કે ખૂનનો ગુન્હો પુરવાર થાય તો દંડ અને સજા તેને જ થાય છે. કારણકે હાલ વર્તમાનકાળે ચોરી કે ખૂન અછતા છે. પરંતુ તે તે ચોરી કરવાપણું અને ખૂન કરવાપણું ફક્ત પ્રગટ પર્યાયરૂપે અછતા છે. સર્વથા અછતા નથી. દ્રવ્યથી તો છે જ. જેણે ચોરી અથવા હિંસા કરી હતી તે જ આ દ્રવ્ય છે તેથી પર્યાયરૂપે પર્યાય અછતો હોવા છતાં પણ તે પર્યાય દ્રવ્યાર્થિક નયથી (દ્રવ્યસ્વરૂપે) અવશ્ય વિદ્યમાન જ રહે છે. તેથી તે ચોરી કરનારને અને હિંસા કરનારને જ ગુન્હો પકડાય ત્યારે દંડ થાય છે. તેમ અહીં કપાલાદિમાં પણ અતીતકાળનો વિષય ઘટાદિક પર્યાય દ્રવ્યાર્થિકનયથી છતો જ છે. માત્ર પર્યાયર્થિકનયથી અછતો છે. પરંતુ સર્વથા અછતો નથી.

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

તેથી જ નષ્ટ થયેલો ઘટ પણ મૃત્તિકારૂપે (માટી દ્રવ્યરૂપે) તો રહે જ છે. જો સર્વથા તે ઘટ અસત્ થતો હોત તો જેમ ઘટાકારતારૂપ પર્યાય ચાલ્યો ગયો. તેવી જ રીતે મૃત્તિકારૂપ દ્રવ્ય પણ ચાલ્યું જવું જોઈએ. અને સસલાના શિંગડાંના સરખો સર્વથા અભાવ થવો જોઇએ પરંતુ તેમ થતું નથી. તે માટે કપાલાદિમાં અતીત વિષયક ઘટ સર્વથા અછતો છે જ નહીં, કે જેના દૃષ્ટાન્તથી અછતાની ઉત્પત્તિ તમે સિદ્ધ કરી શકો. જે જે સર્વથા અછતો પદાર્થ હોય છે. તેની તો ઉત્પત્તિ પણ ન જ હોય અને જ્ઞપ્તિ પણ ન જ હોય જેમ કે શશશૃંગ, આકાશપુષ્પ, વન્ધ્યાપુત્ર ઈત્યાદિ. આ પદાર્થો કદાપિ ઉત્પન્ન થતા નથી તથા કદાપિ સ્મરણમાં પણ આવતા નથી. માટે આ પદાર્થો સર્વથા અછતા છે. પરંતુ ઘટ તેવો નથી. તેથી અહીં ઘટ સર્વથા અછતો નથી. દ્રવ્યાર્થિકનયથી કપાલાદિમાં છતો છે, તો જ તેની જ્ઞપ્તિ થાય છે. તેવી જ રીતે મૃત્પિંડાત્મક પૂર્વાવસ્થામાં પણ દ્રવ્યાર્થિકનયથી ઘટ છતો જ છે. તેથી જ તેની ઉત્પત્તિ થાય છે. અને પર્યાયરૂપે મૃત્પિંડકાલે ઘટ અછતો છે. તેથી જ તેની સામગ્રી મેળવવી પડે છે અને સામગ્રીથી તેની ઉત્પત્તિ કરવી પડે છે. આમ, સત્-અસત્-ઉભયાત્મક ઘટ છે. પરંતુ સર્વથા અસત્ નથી. માટીમાં ઘટનો સર્વથા અભાવ નથી. માત્ર પર્યાય રૂપે જ અભાવ છે.

હવે જો છતાની જ ઉત્પત્તિ થાય છે. આ વાત સ્વીકારવામાં આવે તો અભિવ્યક્તિ જ થઈ. નૈયાયિકને પણ આ રીતે અભિવ્યક્તિ જ માનવી પડશે. કારણકે પૂર્વાવસ્થામાં ઘટ દ્રવ્યાર્થિકનયથી છે જ. જે હોય તેને ઉત્પન્ન કરવાનો ન હોય. માત્ર પ્રગટ જ કરવાનો હોય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી અમે "(નૈયાયિકો) દંડ-ચક્રાદિને "ઘટનું" કારણ માનીએ છીએ અને તમે જૈનો "ઘટાભિવ્યક્તિનું" (છ અક્ષરના શરીરનું) કારણ માનો છો. તેથી તમને (જૈનોને) શરીરકૃત ગૌરવ આવશે. આવો દોષ નૈયાયિકોએ અમને જૈનોને જે પહેલાં આપેલો, તે આ દોષ અમને જૈનોને હવે રહેતો જ નથી. કારણકે બન્નેએ છ અક્ષરકૃત શરીરનું જ કારણ માન્યું. છતાં આ દોષ માનવામાં આવે તો નૈયાયિકને પણ આ દોષ લાગુ પડે જ છે. બીજું લાઘવની પ્રિયતા અને ગૌરવની અપ્રિયતા કંઈ વસ્તુના સ્વરૂપનો ઉચ્છેદ કરીને (ઉલ્લંઘન કરીને) તો ન જ કરાય. પ્રથમ વસ્તુનુ સ્વરૂપ પકડવું જોઈએ. પછી ગૌરવ-લાઘવ જોવાય. અન્યથા સર્વત્ર અવ્યવસ્થા જ થઈ જાય. જેમ કે "પોતાના પુત્રની પત્નીને" "પોતાની પત્ની" કહીએ તો શરીરકૃત લાઘવ હોવા છતાં પણ તેમ કહેવાતું નથી. પણ "મારા પુત્રની પત્ની" આમ જ કહેવાય છે. કારણકે વસ્તુસ્વરૂપ તેવુ છે. તે સ્ત્રી પોતાની પત્ની નથી પણ પોતાના પુત્રની જ પત્ની છે. આ રીતે વસ્તુના વાસ્તવિક સ્વરૂપને ઓળંગીને ગૌરવ-લાઘવ ન વિચારાય.

આ કારણે વિરોધદોષ પણ આવતો નથી. કારણકે દ્રવ્યમાં (કારણમાં) તિરોભાવે રહેલા કાર્યને આવિર્ભાવ કરવામાં (એટલે કે અભિવ્યક્તિ કરવામાં) દંડાદિક જ કારણ છે. અને અભિવ્યક્તિ થઈ ચુકેલા ઘટાદિકને દેખવામાં ચક્ષુ અને પ્રકાશાદિ કારણ છે. માટે શાન્તચિત્તે આ સ્વરૂપ વિચારવું જોઈએ. જૈનદર્શનકારે જે સત્-અસત્ ઉભયસ્વરૂપ સમજાવ્યું છે, તે જ સાચુ છે. તે જ સંપૂર્ણ સત્ય છે, તે જ વીતરાગ સર્વજ્ઞ એવા સંત પુરુષોની વાણી છે. અને સંપૂર્ણપણે યર્થાથ છે. ॥ ૩૫ ॥

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## અછતૂં ભાસઈં જ્ઞાનનઈં જી, જો "સ્વભાવિ સંસાર ।
## કહતો જ્ઞાનાકાર"તો જી, જીપઈ યોગાચાર રે ॥ ભવિકા ॥ ૩-૧૧ ॥

*ગાથાર્થ–* જો "જ્ઞાનમાં અછતો વિષય દેખાતો હોય" તો આ સઘળો સંસાર જે સ્વાભાવિક છે. તેને જ્ઞાનાકારપણે કહેનાર બૌદ્ધદર્શનના ત્રીજા ફીરકારૂપે રહેલા યોગાચારવાદીનો જ વિજય થાય. ॥૩-૧૧॥

**ટબો–** **"સર્વથા અછતો અર્થ જ્ઞાનમાંહિ ભાસઇ છઇ" એહવું કહઇ છઇ, તેહને બાધક દેખાડઇ છઇ = જો "જ્ઞાનનઈં સ્વભાવઇ, અછતો અર્થ અતીત ઘટ પ્રમુખ ભાસઈ" એહવું માનઈં, તો "સારો સંસાર જ્ઞાનાકાર જ છઈ, બાહ્ય આકાર અનાદિ અવિદ્યા વાસનાઈં અછતા જ ભાસઈ છઈ, જિમ-સ્વપ્નમાંહિ અછતા પદાર્થ ભાસઈ છઈ, બાહ્યાકાર રહિત શુદ્ધ જ્ઞાન, તે બુદ્ધનઈં જ હોઈ ઈમ કહતો યોગાચાર નામઈં ત્રીજો બૌદ્ધ જ જીપઈ, તે માટઈં=અછતાનું જ્ઞાન ન હોઈ. ॥૩-૧૧॥**

*વિવેચન– "सर्वथा अछतो अर्थ ज्ञानमांहि भासइ छइ," एहवुं कहइ छइ, तेहने बाधक देखाडइ छइ* = સર્વથા અછતો પદાર્થ જ જ્ઞાનમાં દેખાય છે. એવું કહેનાર નૈયાયિકને દોષ દેખાડે છે. પૂર્વે જેની સારી ચર્ચા થઈ ચુકી છે. એવો ભેદવાદી નૈયાયિક કપાલાદિમાં (સર્વથા) અછતા ઘટનું જ્ઞાન (જ્ઞપ્તિ) માને છે. અને તેના દૃષ્ટાન્તથી દાર્ષ્ટાન્તિક (મૃત્પિંડમાં અછતો ઘટ ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ) સિદ્ધ કરે છે. પરંતુ કપાલાદિમાં ઘટ સર્વથા અછતો નથી. માત્ર પર્યાયાર્થિકનયથી જ તે અછતો છે. દ્રવ્યાર્થિકનયથી તો છતો છે. એમ સમજાવ્યું છતાં નૈયાયિક માનતો જ નથી તેથી તેને બીજો દોષ ગ્રંથકારશ્રી જણાવે છે કે–

**जो "ज्ञाननइं स्वभावइ, अछतो अर्थ अतीत घट प्रमुख भासइ" एहवुं मानइं, तो "सारो संसार ज्ञानाकार ज छइ, बाह्य— आकार अनादि अविद्या वासनाइं अछता ज भासइ छइ-जिम स्वप्नमांहि अछता पदार्थ भासइ छइ-बाह्याकाररहित शुद्धज्ञान, ते बुद्धनइं ज होइ" इम कहतो योगाचार नामइं त्रीजो बौद्ध ज जीपइ. ते माटइं अछतानुं ज्ञान न होइ. ॥३-११॥**

જે નૈયાયિકો "અસત્" વસ્તુનુ (કપાલાદિમાં અસત્ = અછતા એવા ઘટનું) જ્ઞાન માને છે. અને તેઓ એમ કહે છે કે "જ્ઞાનનો એવો સ્વભાવ જ છે કે "જે અસત્ હોય તેને જણાવે"તેથી કપાલાદિમાં જે અતીત ઘટ વિગેરે પદાર્થોનું સ્મરણ થાય છે તે અછતો અર્થ (અસત્ પદાર્થ) છે. છતાં અસત્ ને જણાવવાનો જ્ઞાનનો સ્વભાવ હોવાથી જ્ઞાન તેને જણાવે છે. આ પ્રમાણે નૈયાયિકો માને છે. ગ્રંથકારશ્રી તેનો પરાભવ કરતાં કહે છે કે "જ્ઞાનમાં જે જણાય છે તે અસત્ છે અને અસત્પદાર્થને જ્ઞાન જણાવે છે" આમ માનશો તો "સારો ય આ સંસાર = જગદ્વર્તી સર્વે પણ પદાર્થો "જ્ઞાનાકાર સ્વરૂપ જ માત્ર છે" ઝાંઝવાના જળ સમાન છે. કોઈ પણ પદાર્થો સત્ છે જ નહીં. જેમ દૂર-દૂરથી ઝાંઝવાના જળમાં જળ નથી છતાં જલાકાર ભાસે છે. તેમ પ્રત્યેક પદાર્થો જ્ઞાન માત્રમાં આકારરૂપે પ્રતિબિંબિત જ થાય છે. પણ વાસ્તવિક પદાર્થ છે જ નહીં એવું માનનારા બૌદ્ધદર્શનના "યોગાચાર" નામના ત્રીજા ભેદનો મત સિદ્ધ થશે.

બૌદ્ધ દર્શનના ચાર સંપ્રદાયો છે. ૧ સૌત્રાન્તિક, ૨ વૈભાસિક, ૩ યોગાચાર, અને ૪ માધ્યમિક. આ ચારમાં પ્રથમના બેની એવી માન્યતા છે કે ઘટ-પટ આદિ પદાર્થો પદાર્થરૂપે સત્ છે પરંતુ તે ક્ષણિક માત્ર છે. "सर्वं क्षणिकम्" સર્વે વસ્તુઓ ક્ષણિક છે. ધ્રુવ-અન્વયિભૂત કોઈ પણ નિત્ય પદાર્થ નથી. ત્રીજા યોગાચાર વાદીનું કહેવું એવું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે આ સંસારમાં જે ઘટ-પટ આદિ પદાર્થો જણાય છે. તે પદાર્થો પદાર્થરૂપે સાચા છે જ નહીં. માત્ર દેખનારાના જ્ઞાનમાં તેવા તેવા જ્ઞેયપદાર્થોના આકારો પ્રતિબિંબિત થાય છે. આ સમસ્ત વિશ્વ માત્ર જ્ઞાનાકાર (જ્ઞાનના જ બનેલા આકારવાળું) છે. જ્ઞેય કોઈ છે જ નહીં. ઘટ-પટ આદિ જ્ઞેયપદાર્થો નથી, છતાં તે રૂપે જે બાહ્ય આકારો ભાસિત થાય છે તે અનાદિ કાળની આત્મામાં રહેલી અવિદ્યાવાસના (અવિદ્યા એટલે મિથ્યાજ્ઞાન મિથ્યાવિદ્યા-ઉલટી બુદ્ધિ) ના જોરે અછતા જ પદાર્થો જણાય છે. જેમ સ્વપ્નમાં "હું રાજા થયો, લોકોએ મારો રાજ્યાભિષેક કર્યો, મને રાજ મુગુટ પહેરાવ્યો, લોકોએ ચામર વીંજ્યાં" ઈત્યાદિ અનેક પ્રકારનાં સ્વપ્નો લોકોને આવે છે. પરંતુ જેવાં સ્વપ્નો આવે છે. તેવા પદાર્થો હોતા નથી. તેથી સ્વપ્નમાં જેમ અછતા જ પદાર્થો જણાય છે તેવા પ્રકારના સ્વપ્નજ્ઞાનની જેમ અથવા ઝાંઝવાના જળજ્ઞાનની જેમ જ્ઞાનમાં જે કંઈ પણ જણાય છે. તે જ્ઞાન આકાર માત્ર જ છે. જ્ઞેય કંઈ છે જ નહીં. અને અછતો પદાર્થ જ જ્ઞાનમાં ભાસે છે. સંસારી સર્વે જીવો અનાદિકાળની આવા પ્રકારની મિથ્યાવાસનાવાળા જ છે. તે વાસનાના બળથી બાહ્યાકારોથી યુક્ત એવું ભ્રમાત્મક જ્ઞાન સંસારી જીવોને થાય છે.

આવા પ્રકારના બાહ્ય આકારોના ભ્રમવાળું જ જ્ઞાન સર્વસંસારી જીવોને થાય છે. ફક્ત એક બુદ્ધ ભગવાન જ એવા છે. કે જેમને આવો ભ્રમ ચાલ્યો ગયો છે. એવું બાહ્યાકાર રહિત શુદ્ધ ચોખ્ખુ નિર્મળ જ્ઞાન વર્તે છે. અવિદ્યાની વાસનાવાળા સંસારી જીવોનું જ્ઞાન ડહોળાયેલા પાણી જેવું છે. અને બુદ્ધ ભગવંતનું જ્ઞાન નિર્મળ પાણી જેવું છે. તેથી પદાર્થો જગતમાં કોઈ છે જ નહીં. જ્ઞાનમાત્ર જ છે. અને તે જ્ઞેયાકાર રૂપે ભાસે છે. આવું યોગાચારવાદી નામનો બૌદ્ધનો ત્રીજો ભેદ માને છે. અને ચોથા માધ્યમિકોનું કહેવું છે કે જ્ઞેય પણ સંસારમાં નથી અને જ્ઞાન પણ નથી, સર્વ શૂન્ય જ છે. જ્ઞેય જ જો ન હોય તો જ્ઞાન પણ ક્યાંથી હોય ? ઈત્યાદિ.

આ પ્રમાણે હે નૈયાયિક ! જો તું કપાલાદિમાં સર્વથા અછતો એવો ઘટ જણાય છે એમ માનીશ. તો બૌદ્ધદર્શનનો યોગાચારવાદી નામનો ત્રીજો ભેદ વિજય પામશે. (તેનો મત સાચો ઠરશે.) તમારામાં અને બૌદ્ધ દર્શનના ત્રીજા ભેદમાં કંઈ તફાવત નહી રહે. જે બૌદ્ધ તમારા પ્રતિવાદી છે. તેના જેવો જ તમારો મત થશે. તે માટે હે નૈયાયિક! કંઈક સમજો કે સર્વથા અછતાનું જ્ઞાન ક્યારેય પણ થતું નથી. જો કપાલમાં ઘટ અસત્ જ હોય અને છતાં તેનું જ્ઞાન થતું હોય તો કપાલ જોઈને ઘટ જ કેમ સ્મરણમાં આવે છે. ગાય-ભેંસ, ઘોડો-ગધેડો-હાથી-માણસ-પટ-મઠ વિગેરે ઈતર પદાર્થો કેમ સ્મરણમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવતા નથી ? કાચના તુટેલા ગ્લાસના ટુકડાઓમાં "ગ્લાસ" જ કેમ સ્મરણમાં આવે છે ? ઘટ-પટ કેમ દેખાતા નથી? ચૈત્રના મૃતકદેહમાં ચૈત્ર જ કેમ સ્મરણમાં આવે છે ? મૈત્ર કેમ દેખાતો નથી ? માટે કંઈક સમજો કે પાછળના અને આગળના દ્રવ્યનિક્ષેપામાં ભૂતકાળનો અને ભાવિકાળનો ભાવનિક્ષેપો સર્વથા અછતો નથી. માત્ર પર્યાયાર્થિક નયથી તે તે પર્યાય સ્વરૂપે (આવિર્ભાવ પણે) તે અસત્ છે. પરંતુ દ્રવ્યાર્થિકનયથી દ્રવ્યસ્વરૂપે તો તે તે પર્યાયો સત્ છે જ. ॥ ૩૬ ॥

## "હમણાં જાણ્યો અર્થ તે જી," ઈમ અતીત જે જણાઈ ॥
## વર્તમાન પર્યાયથી જી, વર્તમાનતા થાઈ રે ॥ ભવિકા ॥ ૩-૧૨ ॥

*ગાથાર્થ–* "મેં અતીત ઘટ હમણાં જાણ્યો" એમ જે અતીતઘટનું વર્તમાનરૂપે જ્ઞાન થાય છે. તે વર્તમાનમાં જ્ઞેયાકારરૂપ પર્યાય આવવાથી થાય છે. અથવા તે અતીત પર્યાયમાં વર્તમાનનો આરોપ કરવાથી "વર્તમાનતા" થાય છે. ॥ ૩-૧૨ ॥

**ટબો– "જો અછતાનું જ્ઞાન ન હોઇ, તો હમણાં મંઈ અતીત ઘટ જાણ્યો" ઇમ કિમ કહવાઇ છઇ ? તે ઉપરિ કહઇ છઇ– "તે અતીત ઘટ મંઈ હમણાં જાણ્યો" ઈમ જે જણાઈ છઈં, તિહાં દ્રવ્યથી છતા અતીત ઘટનઈં વિષઈં વર્તમાનજ્ઞેયાકારરૂપ પર્યાયથી "હમણાં" અતીત ઘટ જાણ્યો જાઈ છઈ. અથવા "નૈગમનયથી અતીતનઈં વિષઈં વર્તમાનતાનો આરોપ કીજઈ છઈ. પણિ સર્વથા અછતી વસ્તુનું જ્ઞાન ન થાઇ" ॥ ૩-૧૨ ॥**

*વિવેચન– "जो अछतानुं ज्ञान न होइ, तो हमणां मइं अतीत घट जाण्यो" इम किम कहवाइ छइ ? ते उपरि कहइ छइ—* નૈયાયિક જૈનદર્શનકારને પ્રશ્ન કરે છે કે "જો અછતી વસ્તુ (અસત્ પદાર્થ)નું જ્ઞાન ન થતું હોય તો" "મેં હમણાં જ અતીત ઘટને જાણ્યો" આવો વ્યવહાર કેમ થાય ? તે ઉપર જણાવે છે કે નૈયાયિકો ભેદવાદી છે. તેથી મૃત્પિંડમાં ઘટકાર્ય ન હતું અને ઉત્પન્ન થયું છે. અને કપાલાત્મક પશ્ચાદવસ્થામાં ઘટ નષ્ટ થવાથી સર્વથા અસત્ છે. છતાં અસત્ એવા ઘટનું સ્મરણાત્મક જ્ઞાન કપાલ કાલે થાય છે. એમ નૈયાયિક માને છે તેથી કપાલાવસ્થાના કાળે જેમ અછતા ઘટનું જ્ઞાન થાય છે તેમ મૃત્પિંડ અવસ્થામાં અછતા એવા ઘટની ઉત્પત્તિ પણ થાય છે. આમ અછતા ઘટની જ્ઞપ્તિને અનુસારે અછતા ઘટની ઉત્પત્તિ નૈયાયિકો માને છે. જો અછતાની જ્ઞપ્તિ થાય, તો અછતાની ઉત્પત્તિ કેમ ન થાય ? આમ નૈયાયિકોનું કહેવું છે.

જો કે કપાલમાં ઘટ સર્વથા અછતો નથી. માત્ર પર્યાયરૂપે જ અસત્ છે. પરંતુ દ્રવ્યરૂપે તો સત્ જ છે. અને તેથી જ કપાલ દેખીને ઘટની જ સ્મૃતિ થાય છે. પટાદિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અન્ય દ્રવ્યની સ્મૃતિ થતી નથી. કારણકે પટાદિ અન્ય પદાર્થો તે કપાલમાં સર્વથા અસત્ છે. જે સર્વથા અસત્ હોય છે તેનું જ્ઞાન પણ થતું નથી. જો કપાલમાં પટની જેમ ઘટ પણ સર્વથા અસત્ હોત તો ઘટનું જ્ઞાન પણ થાત નહીં. એમ ગ્રંથકારશ્રીએ પૂર્વે જવાબ આપ્યો છે. છતાં નૈયાયિક એકાન્ત ભેદવાદી હોવાથી આ જ હકીકતને જુદી જુદી રીતે રજુ કરીને પ્રશ્ન કરે છે કે–

જો અછતા પદાર્થનું જ્ઞાન ન જ થતું હોય, અને જેનુ જેનું જ્ઞાન થાય છે. તે સઘળા પદાર્થો જો સત્ જ હોય તો કપાલ કાલે "મેં હમણાં અતીત ઘટને જાણ્યો" આવો વ્યવહાર કેમ થાય છે ? આમ નૈયાયિક પૂછે છે. કારણકે જે ઘટ પર્યાય વિદ્યમાન હતો તે તો ફુટી જવાથી અસત્ જ થયો છે. હવે તો માત્ર કપાલ જ છે. ઘટ તો છે જ નહીં. ઘટ અસત્ જ છે. છતાં ઘટના અભાવ કાલે પણ અતીત ઘટનું જ્ઞાન તો થાય છે. અત્યારે હમણાં ઘટનાં ઠીકરાં (કપાલ) જોઈને મારો ભૂતકાળનો ઘટ મને યાદ આવ્યો. "આ કપાલ મારા ઘટનાં છે" એમ કપાલમાં વર્તમાનકાળે અસત્ એવા અતીતકાળના ઘટનું સ્મરણાત્મક જ્ઞાન થાય છે. આવો અનુભવ તો દરેકને થાય જ છે. તે અસત્ પદાર્થના જ્ઞાનને જો નહી માનો તો કેમ ઘટાવશો ? અર્થાત્ વર્તમાનકાળમાં વર્તતા એવાં કપાલમાં ભૂતકાલીન અને અત્યારે અસત્ એવા ઘટનું સ્મરણાત્મક જ્ઞાન થાય છે. તેથી અસત્નું જ્ઞાન માનવું જોઈએ. અને જો "અસત્" પદાર્થનું જ્ઞાન થાય છે. આમ માનો તો જ "હમણાં મેં અતીત ઘટ જાણ્યો" આ વાક્ય સંગત થાય. તેથી અસત્નું જ્ઞાન થાય છે. આમ નૈયાયિકનું કહેવું છે.

તેનો ઉત્તર ગ્રંથકારશ્રી આ ગાથામાં આપે છે કે કપાલકાલે ઘટનું સ્મરણાત્મક જ્ઞાન અવશ્ય થાય છે. પરંતુ ત્યાં ઘટ સર્વથા અસત્ નથી. અતીતકાળનો ઘટ પણ સર્વથા અસત્ નથી. દ્રવ્યરૂપે સત્ છે. અને સત્ છે તેથી જ બોધ થાય છે. તેમાં વર્તમાનતાનો આરોપ છે.

**"ते अतीतघट मइं हमणां जाण्यो" इम जे जणाइं छइं, तिहां द्रव्यथी छता अतीतघटनइ विषइं वर्तमानज्ञेयाकाररूप पर्यायथी "हमणां" अतीतघट जाण्यो जाइ छइ.**

"તે અતીતકાળનો ઘટ મેં "હમણાં" (વર્તમાનકાળે-કપાલક્ષણોમાં) જાણ્યો (સ્મરણમાં લાવ્યો)" આ પ્રમાણે જે જણાય છે. ત્યાં પણ (કપાલમાં) દ્રવ્યથી છતો જ ઘટ છે. સર્વથા અસતો નથી જ.

દ્રવ્યથી છતા એવા અતીતકાળના ઘટને વિષે વર્તમાનકાલીન જ્ઞેયાકારરૂપ પર્યાય આવવાથી "હમણાં" હાલ-અત્યારે અતીતકાલનો પણ ઘટ જાણેલો થાય છે. જે વસ્તુ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અત્યારે વર્તમાનકાળે પર્યાયથી વિદ્યમાન નથી. તેથી જ પર્યાયને આશ્રયી તે અતીત કહેવાય છે. તે અતીત ઘટાકાર સ્વરૂપ જ્ઞેયાકારનો વર્તમાનકાળમાં (વર્તમાનકાળે વર્તતા એવા જ્ઞાનમાં) આરોપ કરીને ઘટાકારતાનો બોધ કરાય છે. તેથી જ અતીતકાળ સંબંધી ઘટાકારતા રૂપ જ્ઞેયાકારતા, વર્તમાનકાલીન જ્ઞાનમાં જણાતી હોવાથી "વર્તમાનતા" રૂપે વ્યવહારાય છે.

સર્વે પણ દ્રવ્યો દ્રવ્યથી અન્વયવાળાં જ છે. સદા ધ્રુવ જ છે. છતાં પર્યાયોથી અવશ્ય પરિવર્તન પામે જ છે. અતીત અનાગત અને વર્તમાન એ પણ વસ્તુના પર્યાય વિશેષો જ છે. ઘટ બનાવતો કુંભકાર મૃત્પિંડકાલે પણ ભાવિમાં બનાવવા ધારેલા ઘટને મનમાં સંકલ્પરૂપે જાણે જ છે. ત્યાં પણ ઘટ દ્રવ્યથી સત્ છે માટે જણાય છે. તેમ કપાલકાલે પણ ભૂતકાળના અતીત ઘટને મનમાં સંકલ્પરૂપે લાવીને વર્તમાનમાં જ્ઞેયાકાર સ્વરૂપે જાણે છે. આ રીતે દ્રવ્યથી જે સત્ છે તેનું જ જ્ઞાન થાય છે. સર્વથા અસત્ હોય તેનું જ્ઞાન થતું નથી.

**અથવા "नैगमनयथी अतीतनइं विषइं वर्तमानतानो आरोप कीजइ छइ, पणि सर्वथा अछती वस्तुनुं ज्ञान न होइ" ॥ ३-१२ ॥**

અથવા વર્ષો પૂર્વે મહાવીર પ્રભુ નિર્વાણ પામ્યા છે, જે વિષય અતીત કાળનો કહેવાય છે. છતાં (ગુજરાતી) આસો વદી અમાવાસ્યા આવે ત્યારે દીવાલીના દિવસે "આજે મહાવીર પ્રભુનો નિર્વાણ દિવસ છે" એમ જે કહેવાય છે. તે અતીતકાળના પ્રસંગને વર્તમાનતારૂપે આરોપ કરવા સ્વરૂપ નૈગમનય છે. સંસારી લોકો જે જન્મ દિવસ (બર્થડે), લગ્નનો દિવસ, અથવા દીક્ષાનો દિવસ વિગેરે જે ઉજવે છે. તે સઘળો વર્તમાનમાં ભૂતકાળના પ્રસંગનો આરોપ હોવાથી નૈગમનય છે. તે નયથી વર્તમાનકાળમાં (ઉજવાતા દિવસમાં જન્મ-લગ્ન-દીક્ષા ન હોવા છતાં પણ) ભૂતકાળના બનેલા વિષયનો ઉપચાર કરીને આજે મારો જન્મદિવસ છે. આજે મારો લગ્નનો દિવસ છે. આજે મારો દીક્ષાનો દિવસ છે. ઈત્યાદિ જેમ મનાય છે. તે કંઈ સર્વથા અસત્ નથી. તેમ અહીં પણ નૈગમનયની અપેક્ષાએ અતીત કાળના વિષયને વિષે (ભૂતકાલીન ઘટને વિષે) વર્તમાનપણાનો આરોપ કરીને "હમણાં" જાણ્યો એમ કહેવાય છે. ભૂતકાળનો ઘટ આ જ કપાલમાં હતો, તે ઘટ પર્યાયવાળું જ આ દ્રવ્ય છે. તેથી દ્રવ્યથી ઘટ તેમાં સત્ છે જ. અને તો જ તેનું સ્મરણાત્મક જ્ઞાન થાય છે.

એકાન્તભેદવાદ માનનારા નૈયાયિકના મતમાં અનેક મુંઝવણો અને મુશ્કેલીઓ ઉભી થાય છે. કારણકે જો મૃત્પિંડમાં સર્વથા અછતો જ ઘટ માની લઈએ અને સામગ્રીના

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મીલનથી ઉત્પન્ન થયો એમ માનીએ તો અસત્ એવાં શશશૃંગાદિ પણ તે મૃત્પિંડમાંથી કેમ ન જન્મ્યાં ? અને ઘટ જ કેમ જન્મ્યો. તથા કપાલ જોઈને ઘટનું જ સ્મરણ કેમ થયું? પટાદિ ઈતરપદાર્થોનું સ્મરણ કેમ ન થયું ? આ બધા દોષોના નિવારણનો આ એક જ ઉપાય છે કે મૃત્પિંડકાલે અને કપાલકાળે પર્યાયથી (આકાર સ્વરૂપે) ઘટ અસત્ હોવા છતાં પણ દ્રવ્ય સ્વરૂપે (ત્રણે અવસ્થામાં માટી તેની તે જ છે. માટીનો અન્વય સદા ધ્રુવ છે માટીમાં તે ઘટ પર્યાય બનવાનો છે. અને બન્યો હતો એમ માનીને) ઘટ સત્ પણ છે જ. એમ સત્-અસત્ ઉભયવાદ જ માનવો ઉચિત છે. ॥ ૩૭ ॥

**ધર્મી, અછતઈં ધર્મ જો જી, અછતઈં કાલિં સુહાઈ ॥**
**સર્વકાલિં નિર્ભયપણઈં જી, તો શશશૃંગ જણાઈ રે**
**॥ ભવિકા ॥ ૩-૧૩ ॥**

*ગાથાર્થ*– જો ધર્મ ન હોય તેવા અછતા કાળને વિષે પણ ધર્મી જણાતો હોય તો નિર્ભયપણે સર્વકાળને વિષે શશશૃંગ પણ જણાવાં જોઈએ. ॥ ૩-૧૩ ॥

**ટબો**– **"ધર્મી અતીત ઘટ, અછતઈં ધર્મ-ઘટત્વ, અછતઈં કાલિં ઘટનઈં અભાવ કાલઈં ભાસઈં છઈં. અથવા ધર્મી અતીત ઘટ, અછતઈં-ધર્મ-જ્ઞેયાકાર, અછતઈં કાલઈં છઈં "ઈમ જો તુજને ચિત્તમાંહિ" સુહાઈ, તો સર્વ-અતીત અનાગત વર્તમાન કાલઈં નિર્ભયપણઈં અદૃષ્ટશંકારહિતપણઈં શશશૃંગ પણિ જણાણું જોઈઈ. ॥ ૩-૧૩ ॥**

*વિવેચન*– દ્રવ્ય એ ધર્મી છે. અને ગુણ-પર્યાયો એ ધર્મ છે. **ગુણપર્યાયવદ્ દ્રવ્યમ્** આ પ્રમાણે દ્રવ્યનું લક્ષણ તત્ત્વાર્થસૂત્રમાં છે. તથા અહીં બીજી ઢાળમાં પણ **"ગુણ-પર્યાયતણું જે ભાજન"** એટલે ગુણ-પર્યાયનો જે આધાર તે દ્રવ્ય આમ કહેલું છે. તેથી ગુણ-પર્યાયો આધેય હોવાથી ધર્મ કહેવાય છે. અને દ્રવ્ય આધાર હોવાથી ધર્મી કહેવાય છે. એટલે ઘટ એ ધર્મી છે. ત્યારે જ્ઞેયાકારતા એ પર્યાય છે. અર્થાત્ ધર્મ છે. ઘટ એ જ્ઞેયાકારતાનો આધાર છે તેથી ધર્મી છે. અને જ્ઞેયાકારતા એ ઘટમાં આધેયરૂપે વર્તે છે. તેથી જ્ઞેયાકારતા એ ધર્મ છે.

કપાલાવસ્થામાં "જ્ઞેયાકારતા" નામનો ધર્મ નથી. કારણકે જ્ઞેયાકારતા નષ્ટ થઈ ગઈ છે. એવી જ રીતે મૃત્પિંડાવસ્થામધ્યે પણ જ્ઞેયાકારતા રૂપ ધર્મ નથી. કારણકે હજુ જ્ઞેયાકારતા અનુત્પન્ન છે. તેથી આ બન્ને અવસ્થામાં કપાલાવસ્થામાં તથા મૃત્પિંડાવસ્થામાં "જ્ઞેયાકારતા" નામનો ધર્મ ન હોવાથી ધર્મી એવો ઘટ પણ નથી. અર્થાત્ આ બન્ને

અવસ્થામાં ઘટના (ધર્મીના) અભાવવાળો કાળ છે. (જો કે જૈનદર્શનની દૃષ્ટિએ આ બન્ને અવસ્થામાં પણ પર્યાયરૂપે જ (ઘટાકારતા રૂપે જ) ઘટનો અભાવ છે. સર્વથા ઘટનો અભાવ નથી,માટી દ્રવ્ય રૂપે તો ઘટ છે જ. તો પણ નૈયાયિકની દૃષ્ટિએ ધર્મ ન હોવાથી ધર્મી એવા ઘટનો પણ સર્વથા અભાવ છે.) તેવા કાળમાં એટલે કે ધર્મનો અભાવ હોવાથી ધર્મીના પણ અભાવવાળા કાળમાં જો ધર્મી એવા અતીતઘટનું સ્મરણાત્મક જ્ઞાન થાય છે. તો સદાકાળ નિર્ભય પણે શશશૃંગનું પણ જ્ઞાન થવું જોઈએ. કારણકે જેમ અસત્ એવા ધર્મી ઘટનું સ્મરણ થાય છે. તેમ અસત્ એવા શશશૃંગાદિનું પણ સ્મરણાત્મક જ્ઞાન થવું જોઈએ. આવો દોષ ગ્રંથકારશ્રી નૈયાયિકને આપે છે.

**धर्मी-अतीत घट, अछतई धर्म-घटत्व, अछतइं कालिं=घटनइं अभाव कालइं भासइं छई.**

**अछतई धर्म-घटत्व** ઘટાકારતા સ્વરૂપ (ઘટત્વ) ધર્મ જ્યારે અછતો છે ત્યારે (ઘટાકારતા જ્યાં દેખાતી નથી એવા) **अछतइं कालिं = घटनइं अभाव कालइं** નૈયાયિકના મતે ઘટના સર્વથા અભાવવાળા કપાલકાળમાં પણ જો **धर्मी-अतीतघट**=ધર્મી એવો ભુતકાળનો ઘટ નૈયાયિકની દૃષ્ટિએ સર્વથા અસત્ હોવા છતાં પણ **भासइ छइ** = જણાય છે. સ્મરણમાં આવે છે. તો (ધર્મ ન હોવાથી ધર્મીનો સર્વથા અભાવ જ માત્ર છે) તેવું માનનારા નૈયાયિકને તેવા કપાલકાળમાં ધર્મી એવા ઘટનું જ્ઞાન (સ્મરણ) જો થાય છે. તો કોઈ પણ જાતની શંકા વિના, વાદીઓ તરફથી કોઈ પણ જાતનો ભય રાખ્યા વિના સસલાનાં શીંગડાં, આકાશનું પુષ્પ ઈત્યાદિ સર્વથા અસત્ પદાર્થો પણ દેખાવા જોઈએ.

સારાંશ કે જ્ઞેયાકારતા ધર્મ કપાલકાળે નથી. ધર્મ ન હોવાથી નૈયાયિકની દૃષ્ટિએ કપાલકાળમાં સર્વથા ઘટધર્મીનો પણ અભાવ જ છે એમ તેઓ માને છે. છતાં તે કાળે સર્વથા અસત્ એવા ઘટનું જ્ઞાન (જ્ઞપ્તિ) થાય છે. એમ નૈયાયિક માને છે. તો અમે જૈનો તેઓને કહીએ છીએ કે નિર્ભયપણે અસત્ એવા શશશૃંગાદિકનું પણ જ્ઞાન થવું જોઈએ? આવો દોષ નૈયાયિકને આવશે. અમને જૈનોને આ દોષ આવશે નહીં. કારણકે અમે જૈનો જ્ઞેયાકારતારૂપ ધર્મ જે કાળે નથી. તે કાળે એટલે કપાલકાળે પણ ધર્મી એવા અતીતઘટનો સર્વથા અભાવ માનતા નથી. તે કાલે પણ ધર્મી એવો ઘટ પર્યાયથી નથી. પણ દ્રવ્યથી સત્ છે. માટે તેનું જ્ઞાન થાય છે. શશશૃંગ સર્વથા અસત્ છે. માટે તેનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જ્ઞાન ન થાય. પરંતુ નૈયાયિકે તો સર્વથા અસત્ એવા ઘટનું જ્ઞાન માન્યું છે. તેથી સર્વથા અસત્ એવા શશશૃંગનું જ્ઞાન પણ થવું જોઈએ.

**"अथवा धर्मी अतीतघट, अछतइं, धर्म-ज्ञेयाकार, अछतइं कालइं छइं" इम जो तुजने चित्तमांहि सुहाइ, तो सर्व-अतीत अनागत वर्तमान कालइ निर्भयपणइं अदृष्टशंकारहितपणइं शशशृंग पणि जणाणुं जोइइ. ॥ ३-१३ ॥**

અથવા અમે જૈનો તો કપાલકાલમાં અતીતઘટનો જ્ઞેયાકારતા રૂપ ધર્મ વર્તમાનકાળમાં પણ તિરોભાવે છે. અને તેથી ધર્મી ઘટ પણ (દ્રવ્યાર્થિકનયથી) સત્ છે એમ માનીએ છીએ. એટલે અમને તો કોઈ દોષ આવશે નહીં. પરંતુ નૈયાયિક જ્ઞેયાકારતારૂપ ધર્મ ત્યાં સર્વથા અછતો છે. એમ માને છે તેથી તે નૈયાયિકને જ્ઞેયાકારતા રૂપ ધર્મ સર્વથા અસત્ માનેલ હોવાથી અતીતઘટનો પણ સર્વથા અભાવ જ છે તેવા કાળમાં જો સર્વથા અસત્ એવો અતીતઘટ રૂપ ધર્મી કપાલમાં જણાય છે જ. એવું તમારા ચિત્તમાં જો સુસંગત લાગે છે, તો પછી કોઈ પણ જાતની અદૃષ્ટની (પુણ્ય-પાપ લાગશે એવી) શંકા રહિતપણે સર્વકાલે ભૂત-ભાવિ અને વર્તમાન કાલે આમ ત્રણે કાળે નિર્ભયપણે શશશૃંગ પણ જણાવાં જોઈએ. કારણકે શશશૃંગ પણ સર્વથા અસત્ છે. તેનું જ્ઞાન પણ અસત્ એવા ઘટત્વ ધર્મની જેમ થવું જોઈએ.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જ્યાં ધર્મ (ઘટાકારતા અથવા જ્ઞેયાકારતા) દૃશ્યમાન ન હોય ત્યાં ધર્મી સર્વથા અસત્ માનશો અને કપાલમાં અતીતઘટ ધર્મી સર્વથા અસત્ છે. અને તેનું જ્ઞાન થાય છે એમ માનશો તો નિર્ભયપણે શશશૃંગ પણ જાણવાપણાની આપત્તિ આવશે. એવી જ રીતે મૃત્પિંડમાં પણ ઘટાકારતા અથવા જ્ઞેયાકારતા રૂપ ધર્મ દૃશ્યમાન ન હોવાથી ધર્મી એવા ભાવિઘટને સર્વથા અસત્ માનશો અને સામગ્રી મળવાથી તેની ઉત્પત્તિ માનશો તો શશશૃંગાદિ પણ તેવું જ છે. માટે નિર્ભયપણે શશશૃંગાદિની પણ ઉત્પત્તિ થવી જોઈએ. શશશૃંગ પર્યાયથી અને દ્રવ્યથી એમ બન્ને રીતે અસત્ છે એટલે સર્વથા અસત્ છે. માટે તેનું પણ જ્ઞાન અને ઉત્પત્તિ ઘટની જેમ થવી જોઈએ. પરંતુ સર્વથા અસત્ એવા શશશૃંગાદિની જ્ઞપ્તિ કે ઉત્પત્તિ થતી નથી. અને ઘટની ઉત્પત્તિ તથા જ્ઞપ્તિ થાય છે. માટે ઘટ એ દ્રવ્યથી અને પર્યાયથી એમ બન્ને રીતે અસત્ નથી. ફક્ત પર્યાયથી જ અસત્ છે. પણ દ્રવ્યથી સત્ છે. માટે નૈયાયિકની વાત સાચી નથી.

નૈયાયિકો મૃત્પિંડકાલમાં અને કપાલકાલમાં ઘટાકારતા અને જ્ઞેયાકારતા રૂપ માત્ર પર્યાયને અસત્ માનતા નથી. પરંતુ પર્યાયની સાથે અતીત ઘટ અને ભાવિઘટ રૂપ ધર્મીને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ સર્વથા અસત્ માને છે. કારણ કે તે ભેદવાદી છે. કારણથી કાર્યને સર્વથા ભિન્ન જ માને છે. તેથી સર્વથા અસત્ એવા અતીત ઘટની જ્ઞપ્તિ અને સર્વથા અસત્ એવા ભાવિ ઘટની ઉત્પત્તિ તેઓ માને છે. પરંતુ આ વાત બરાબર નથી. કારણકે અસત્‌ની જ્ઞપ્તિ અને ઉત્પત્તિ જો થતી હોય તો તેની જેમ શશશૃંગાદિ પદાર્થોની પણ જ્ઞપ્તિ અને ઉત્પત્તિ થવી જોઈએ. આવો દોષ નૈયાયિકોને આવે છે. ॥ ૩૮ ॥

**તે માટઈં અછતા તણોજી, બોધ ન, જનમ ન હોઈં ।**
**કારય કારણનઈં સહીજી, છઈં અભેદ ઈમ જોઈ રે**
**॥ ભવિકા. ॥ ૩-૧૪ ॥**

*ગાથાર્થ*– તે માટે જે વસ્તુ સર્વથા અછતી છે. તેનો બોધ પણ થતો નથી અને ઉત્પત્તિ પણ થતી નથી. તેથી કાર્ય અને કારણની વચ્ચે હે સખી ! ઉપર કહ્યા પ્રમાણે અવશ્ય અભેદ સંબંધ છે. ॥ ૩-૧૪ ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ટબો– "ઈમ નથી" તે માટઈં અછતા અર્થનો બોધ ન હોઈ, જન્મ પણિ ન હોઈ, ઈમ નિર્ધાર કાર્ય-કારણનો અભેદ છઈ, તે દૃષ્ટાન્તઈં દ્રવ્ય, ગુણ, પર્યાયનો પણિ અભેદ છઈ. ઈમ સદ્દહવું. ॥ ૩-૧૪ ॥**

**એ ભેદના ઢાળ ઉપરિ અભેદનો ઢાળ કહિયો.**

**જે માટઈં ભેદનય પક્ષનો અભિમાન અભેદનય ટાલઈં, હવઈં એ બિહુ નયના સ્વામી દેખાડીનઈં સ્થિતપક્ષ કહઈં છઈ–**

*વિવેચન*– ઉપરની ગાથાઓમાં સવિસ્તૃત ચર્ચાથી સમજાવવામાં આવ્યું છે કે– ઘટાકારતા રૂપ પર્યાય (કાર્ય) અથવા જ્ઞેયાકારતા રૂપ ધર્મ જ્યારે અછતો હોય છે. ત્યારે ધર્મી એવો ઘટ જો સર્વથા અભાવવાળો જ હોય એટલે કે સર્વથા અસત્ જ હોય અને તેવા કાળમાં જો ધર્મી એવો અતીત ઘટ જણાતો હોય અને ધર્મી એવો ભાવિઘટ ઉત્પન્ન થતો હોય તો સર્વકાળે નિર્ભય પણે શશશૃંગ જણાવાં જોઈએ અને ઉત્પન્ન થવાં જોઈએ. પરંતુ

"इम नथी" ते माटइं अछता अर्थनो बोध न होइ, जन्म पणि न होइ, इम निर्धार कार्यकारणनो अभेद छइ. ते दृष्टान्तइ द्रव्य-गुण-पर्यायनो पणि अभेद छइ. इम सद्दहवुं. ॥३-१४॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"આમ થતું નથી" શશશૃંગ કે આકાશપુષ્પાદિ જેવી અસત્ વસ્તુઓ કપાલાદિમાં જણાતી નથી. અને મૃત્પિંડાદિમાંથી ઉત્પન્ન થતી નથી. પરંતુ તે જ કપાલાદિમાં ઘટ જણાય છે. અને તે જ મૃત્પિંડાદિમાંથી ઘટ ઉત્પન્ન થાય છે. હવે જો ઘટ પણ શશશૃંગાદિના જેવો સર્વથા અસત્ હોત તો તે ઘટની પણ શશશૃંગાદિની જેમ જ જ્ઞપ્તિ અને ઉત્પત્તિ ન થવી જોઈએ. પરંતુ થાય છે જ. માટે કપાલાદિમાં અને મૃત્પિંડાદિમાં ઘટ સર્વથા અસત્ નથી. પરંતુ કથંચિદ્ અસત્ છે. અને કથંચિદ્ સત્ પણ છે. તેથી કપાલાદિમાં અને મૃત્પિંડાદિમાં ઘટકાર્ય દ્રવ્યથી રહેલું છે. ફક્ત પર્યાયથી જ તે અસત્ છે. આ રીતે કાર્ય કારણનો અભેદ સંબંધ છે.

જે સર્વથા અસત્ હોય છે. તેનો બોધ પણ ન થાય અને તેની ઉત્પત્તિ પણ ન થાય. કપાલાદિમાં અને મૃત્પિંડાદિમાં ઘટનો બોધ પણ થાય છે અને ઘટની ઉત્પત્તિ પણ થાય છે. તેથી ઘટ એ શશશૃંગની જેવો સર્વથા અસત્ નથી આ પ્રમાણે નિશ્ચય થાય છે કે કારણભૂત એવા મૃત્પિંડમાં કાર્યભૂત એવો ઘટ તિરોભાવે રહેલો છે. તેથી અભેદ છે. તથા કપાલમાં પણ ઘટ તિરોભાવે રહેલો છે. તેથી કાર્ય-કારણનો પરસ્પર અભેદ છે. તે દૃષ્ટાન્તને અનુસારે દ્રવ્યમાં ગુણો અને પર્યાયો પણ અભેદભાવે વર્તે છે. આવી પાકી શ્રદ્ધા કરવી.

**એ ભેદના ઢાલ ઉપરિ અભેદનો ઢાલ કહિયો. જે માટઇં ભેદનયપક્ષનો અભિમાન અભેદનય ટાલઇં. હવઇ એ બિહુ નયના સ્વામી દેખાડીનઇં સ્થિતપક્ષ કહઇ છઇ—**

દ્રવ્ય-ગુણ અને પર્યાયનો પરસ્પર ભેદ છે. તેને સમજાવનારી બીજી ઢાળ પૂર્વે કહી. તે ભેદને સમજાવનારી બીજી ઢાળની ઉપર દ્રવ્ય-ગુણ-પર્યાયના અભેદને સમજાવનારી આ ત્રીજી ઢાળ કહી. કારણ કે ભેદનયના પક્ષનું જે અભિમાન હોય છે, કે હું જ સાચો છું. દ્રવ્ય-ગુણ અને પર્યાયનો ભેદ જ છે અને તે જ સાચો છે. આવું જે ભેદનયવાળાને બીજી ઢાળની દલીલો સાંભળવાથી અભિમાન થાય છે, તે અભિમાન અભેદનય જ ટાળે. એટલે કે ભેદ નયના અભિમાનને અભેદનય જ તોડી શકે. તે માટે તે અભિમાનને ટાળવા આ અભેદનયને સમજાવનારી આ ત્રીજી ઢાળ કહી. ॥ ૩૯ ॥

હવે - એકાન્તભેદનય કોણ માને છે ? અને એકાન્ત અભેદનય કોણ માને છે? એમ બન્ને એકાન્તવાદના સ્વામી દેખાડે છે. અને તે દેખાડીને તે બન્નેની વચ્ચે સાચો સ્થિર થાય તેવો સ્થિત પક્ષ કયો છે ? અને તે કોણ માને છે ? તે સમજાવે છે—

**ભેદ ભણઈ નઈયાયિકોજી, સાંખ્ય અભેદ પ્રકાશ. ।**
**જઈન ઉભય વિસ્તારતો જી, પામઈ સુજશ વિલાસ રે**
**॥ ભવિકા ॥ ૩-૧૫ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ*— નૈયાયિકો એકાન્તભેદ માને છે. સાંખ્ય એકાન્ત અભેદ માને છે. અને જૈન દર્શન ઉભયને (ભેદાભેદ બન્નેને) સમજાવતો છતો, જગતમાં જેમ જેમ પોતાની દૃષ્ટિનો વિસ્તાર કરે છે. તેમ તેમ સારા યશના વિલાસને પામે છે. ॥ ૩-૧૫ ॥

**ટબો-** ભેદ, તે નૈયાયિક ભાસઈ, જે માટઈં તે અસત્કાર્યવાદી છઈ. સાંખ્ય, તે અભેદનય પ્રકાશઈ છઈ. જઈન, તે બેહુનય સ્યાદ્‌વાદઈં કરીનઈં વિસ્તારતો ભલા યશનો વિલાસ પામઈ. જે માટિં-પક્ષપાતી બિહુનય માંહોમાંહિ ઘસાતાં, "સ્થિતપક્ષ=અપક્ષપાતી= સ્યાદ્‌વાદીનો જ દીપઈ. उक्तं च—

अन्योन्यपक्षप्रतिपक्षभावाद् यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन् न पक्षपाती समयस्तथा ते ॥ ३० ॥
तथा—
य एव दोषाः किल नित्यवादे, विनाशिवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ॥ २६ ॥
( कलिकालसर्वज्ञश्री हेमचन्द्राचार्यकृत्-अन्ययोगव्यवच्छेदिका ) ॥३-१५॥

*વિવેચન*— નૈયાયિક-વૈશેષિકો એકાન્તભેદવાદી છે. તેથી તેઓ અસત્કાર્યવાદી કહેવાય છે. અને સાંખ્યો અભેદવાદી છે. તેથી તેઓ સત્કાર્યવાદી કહેવાય છે જૈનદર્શન ભેદાભેદવાદી છે. તેથી સદસત્કાર્યવાદી છે. તે આ પ્રમાણે—

भेद, ते नैयायिक भासइ, जे माटइं ते असत्कार्यवादी छइ. सांख्य, ते अभेदनय प्रकाशइ छइ. जइन, ते बेहुनय स्याद्‌वादइं करीनइं विस्तारतो भला यशनो विलास पामइ. जे माटिं-पक्षपाती बिहुनय-मांहोमांहि घसातां "स्थितपक्ष-अपक्षपाती-स्याद्‌वादीनो ज दीपइ." उक्तं च-

કાર્ય- કારણનો, દ્રવ્યથી ગુણો અને પર્યાયોનો જે કથંચિદ્ ભેદ છે. તેને એકાન્તે માનનાર નૈયાયિક વૈશેષિક દર્શનો છે. ન્યાયદર્શન અક્ષપાદ ઋષિનુ અને વૈશેષિકદર્શન કપિલ ઋષિનું જણાવેલું છે. તે બન્નેમાં કંઈક કંઈક તફાવત છે. તેઓનું માનવું છે કે— उत्पन्नक्षणावच्छिन्नं द्रव्यं निर्गुणं निष्क्रियं तिष्टति = ઉત્પન્ન થતું કોઈ પણ દ્રવ્ય પ્રથમ સમયે નિર્ગુણ હોય છે અને નિષ્ક્રિય હોય છે. દ્રવ્ય આધાર છે. ગુણો અને ક્રિયા આધેય છે. આધાર બન્યા વિના આધેય બને તો પણ તે ક્યાં રહે ? માટે પ્રથમ આધારભૂત દ્રવ્ય ઉત્પન્ન થાય છે. અને દ્રવ્ય ઉત્પન્ન થયા પછી બીજા સમયે તેનાથી અત્યન્ત ભિન્ન એવા ગુણો અને પર્યાયો (કાર્ય) તેમાં ઉત્પન્ન થાય છે. તથા તેઓના મતે કાર્યનું આવું લક્ષણ છે કે "कार्यनियतपूर्ववृत्ति कारणम्" તેથી કારણ એવો ધર્મી (ઘટાદિ) પૂર્વ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સમયમાં છે. અને તેના ગુણોને તથા પર્યાયોને સમવાયસંબંધ નામનું તત્ત્વ દ્રવ્યની સાથે જોડી આપે છે. જેમ ગાયને ખીલે બાંધવામાં સાંકળ કામ કરે છે. તેમ અહીં ગુણ-પર્યાયોને દ્રવ્યમાં બાંધવાનું કામ સમવાય સંબંધ કરે છે. તેઓ કહે છે કે જો કાર્ય અને કારણ તથા દ્રવ્ય-ગુણ-પર્યાયો જૈનો કહે છે તેમ એકી સાથે ઉત્પન્ન થતા માનીએ તો તેમાં કાર્ય-કારણભાવ ઘટે નહીં. કારણકે કારણ સદા પૂર્વસમયવર્તી હોય છે. અને કાર્ય સદા પશ્ચાત્સમયવર્તી હોય છે. જેમ કે માટી-અને ઘટ, તથા તંતુ અને પટ, પૂર્વાપર સમયવર્તિતા જ્યાં હોય ત્યાં જ કાર્યકારણભાવ ઘટે છે. તેને લીધે કારણથી કાર્યનો, દ્રવ્યથી ગુણ-પર્યાયોનો ભેદ માનવો એ જ ઉચિત છે. ભેદ હોવાથી કારણકાલે કાર્ય નથી. પછીથી સામગ્રી મળવાથી કાર્ય ઉત્પન્ન થાય છે. માટે માટી કારણમાં ઘટકાર્ય નથી (અસત્ છે) અને દંડાદિ સામગ્રી મળવાથી ઘટ ઉત્પન્ન થયો. તેથી પૂર્વે અસત્ એવું કાર્ય સામગ્રી મળવાથી જન્મે છે. જો માટીકાળે ઘટકાર્ય સત્ હોય તો તો ઘટ છે જ. તેને ઉત્પન્ન કરવાનું શું હોય ? સામગ્રી લાવવાની પણ જરૂરિયાત શું ? મૃત્પિંડકાલે પણ ઘટ સત્ હોવાથી જલાધારાદિ થવા જોઈએ. પરંતુ આમ બનતું નથી. તેથી કારણમાં કાર્ય સત્ નથી, અસત્ છે. તો જ તેને ઉત્પન્ન કરવાનું કામ કરવું પડે છે. આમ, કાર્ય-કારણનો ભેદ માને છે તથા કારણમાં કાર્ય અસત્ છે અને સામગ્રી મળવાથી જન્મે છે એમ માને છે. એટલે અસત્કાર્યવાદી કહેવાય છે.

સાંખ્યો અભેદવાદી છે. કાર્ય-કારણનો, દ્રવ્યથી ગુણ-પર્યાયોનો જે કથંચિદ્ અભેદ છે, તેને સાંખ્યો એકાન્તે અભેદ માને છે. સાંખ્યનું કહેવું એવું છે કે– કાર્ય અને કારણમાં, તથા દ્રવ્ય-ગુણપર્યાયોમાં પૂર્વાપરભાવ દૃષ્ટિગોચર થતો નથી. કોઈપણ દ્રવ્ય જ્યારે ઉત્પન્ન થાય છે. ત્યારે જ, તે જ સમયે કોઈને કોઈ ગુણ-પર્યાય સહિત જ ઉત્પન્ન થાય છે. મૃત્પિંડમાંથી ઘટપર્યાય ભલે દૂરકાળે ઉત્પન્ન થતો હોય, પરંતુ પિંડાકારતા સ્વરૂપ પર્યાય, અને કાળારંગ સ્વરૂપ (અથવા રક્તાદિ કોઈપણ) ગુણ માટીની સાથે હોય જ છે. માટી અને માટીના ગુણોમાં, તથા માટી અને માટીના કોઈપણ આકારમાં પૂર્વાપરભાવ નથી. તેથી કારણમાં કાર્ય છે જ. અને તો જ ઉત્પન્ન થાય છે. કારણમાં જે કાર્ય દ્રવ્યથી સત્ છે. તે જ કાર્ય આવિર્ભાવે ઉત્પન્ન થાય છે. જે ન હોય તે થતું હોય તો શશશૃંગાદિ પણ થવાં જોઈએ. પણ થતાં નથી. માટે કારણ-કાર્યનો સદા અભેદ જ છે.

આ પ્રમાણે તેઓ અભેદવાદ ગાય છે. અને કારણમાં કાર્ય રહેલું છે, તો જ થાય છે. માટીમાં ઘટ રહેલો છે. અને થાય છે. જો ન રહેલો હોત અને થતો હોત તો તે માટીમાંથી જેમ ઘટ થાય છે. તેમ પટ પણ થવો જોઈએ. પણ પટ થતો નથી. અને ઘટ થાય છે. માટે ઘટકાર્ય માટીકારણમાં સત્ છે. એમ સત્કાર્યવાદી છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જૈનદર્શન ભેદ-અભેદ એમ બન્નેને સ્વીકારે છે. અને તેથી જ સત્-અસત્-એમ ઉભયરૂપ કાર્યને માનનાર છે. કારણમાં કાર્ય દ્રવ્યાર્થિક નયથી સત્ છે. અભિન્ન છે. અંદર રહેલું છે, તો જ થાય છે. અને પર્યાયાર્થિક નયથી અસત્ છે. ભિન્ન છે. અંદર રહેલું નથી. માટે જ પ્રાપ્ત કરાય છે. ઉત્પન્ન કરાય છે. આમ, બન્ને નયોને સ્યાદ્‌વાદની દૃષ્ટિએ (અપેક્ષાવાદના આધારે) શ્રોતાઓ સમક્ષ વિસ્તારે છે. નિર્ભયપણે સમજાવે છે. અને વિશ્વની વ્યવસ્થા પણ ભેદાભેદ ઉપર જ નિર્ભર છે. તેથી પદાર્થનું સ્વરૂપ જેમ છે તેમ કહેતો જૈન યથાર્થવાદી છે. આ જ કારણે તે વિશ્વમાં ભલા યશને પામનાર બને છે.

એકાન્તભેદવાદ અને એકાન્ત અભેદવાદ પોતપોતાના અભિમાનમાં રાચે-માચે છે. પોતપોતાના આગ્રહને પકડીને એક બીજાને તોડી પાડવા ધારદાર દલીલો કરીને લડતા-ઝઘડતા જ રહે છે. પોતાના પક્ષના એકાન્ત આગ્રહના કારણે પરપક્ષના દૂષણો કાઢવામાં જ અને કાદવ ઉછાળવામાં જ સમય બરબાદ કરે છે. વૈરાયમાનવૃત્તિવાળા થવાથી વિશ્વમાં યશને પામતા નથી, જ્યારે જૈનદર્શન બન્ને નયોને સાપેક્ષપણે સ્વીકારે છે. કોઈપણ નય પ્રત્યે તેને ઝઘડવાનું નથી. વૈરવૃત્તિ નથી. સંસારમાં સર્વ વસ્તુઓ દ્રવ્યથી નિત્ય અને પર્યાયથી અનિત્ય છે. અને જૈનદર્શન જેમ છે. તેમ કહે છે. અને શ્રોતાવર્ગને પણ તેમ જ સમજાવે છે. એટલે યથાર્થવાદી હોવાથી વિશ્વમાં ભલા યશને પામે છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ભેદવાદી અને અભેદવાદી આ બન્ને પોતપોતાના એકાન્તપક્ષના આગ્રહી હોવાથી માંહોમાંહે જ ઘસાઈ જાય છે. તેથી સ્થિતપક્ષવાળું અર્થાત્ કોઈ પણ બાજુની દ્રષ્ટિ ઉપર પક્ષપાત વિનાનું એટલે કે અપક્ષપાતી એવું એક જૈનદર્શન જ છે. સાપેક્ષવાદને (સ્યાદ્‌વાદને) માનનારૂં તે જૈનદર્શન જ દીપે છે. ઉજ્જ્વળ યશને પામે છે. તેથી એકાન્તભેદવાદ કે એકાન્ત અભેદવાદ દોષિત છે. લડવૈયા છે. વૈરવૃત્તિવાળા છે. અને હેય છે. જ્યારે જૈનદર્શન સાપેક્ષવાદ હોવાથી નિર્દોષ છે. સમન્વયવૃત્તિવાળું છે. માટે ઉપાદેય છે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજશ્રીએ પોતાની બનાવેલી અન્યયોગવ્યવચ્છેદિકા નામની દ્વાત્રિંશિકામાં उक्तं च = કહ્યું છે કે–

अन्योन्यपक्षप्रतिपक्षभावाद्, यथा परे मत्सरिणः प्रवादाः ।
नयानशेषानविशेषमिच्छन्, न पक्षपाती समयस्तथा ते ॥३०॥
तथा
य एव दोषाः किल नित्यवादे, विनाशिवादेऽपि समास्त एव ।
परस्परध्वंसिषु कण्टकेषु, जयत्यधृष्यं जिन ! शासनं ते ॥२६॥ ॥३-१५॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરદર્શનોનાં વિધાનો પરસ્પર પક્ષ-પ્રતિપક્ષભાવવાળાં હોવાથી જેવાં "મત્સરી" (ઈર્ષ્યાળુ-દાઝથી ભરેલાં-વૈરવૃત્તિવાળાં) છે. જ્યારે હે વીતરાગ પ્રભુ ! સર્વ નયોને અવિશેષ પણે (સમાનપણે-પક્ષપાતરહિતપણે) જોડતું તમારૂં શાસન તેવું વૈરવૃત્તિવાળું નથી. તેમના જેવું મત્સરી તમારૂં શાસન નથી. અન્યદર્શનોનાં મંતવ્યો મત્સરી છે. તેનું કારણ પરસ્પર પક્ષ પ્રતિપક્ષભાવ છે. જ્યારે હે વીતરાગ પ્રભુ ! તમારૂં શાસન અમત્સરી છે. કારણ કે તમે સર્વ નયોને અવિશેષ પણે સ્વીકારો છો. યથાસ્થાને જણાવો છે.

તથા એકાન્ત નિત્યવાદમાં જે જે દોષો આવે છે, તે સઘળા ય દોષો વિનાશવાદમાં પણ (અનિત્યવાદમાં પણ) આવે જ છે. દોષો સમાન જ છે. આ કારણથી પરસ્પર એક બીજાનો ધ્વંસ કરનારા કંટકોમાં (કાંટા તુલ્ય આ દર્શનોમાં) આપશ્રીનું શાસન અનેકાન્તવાદી હોવાથી કોઈ જેની સામે હોડ ન કરે તેવું અજેયપણે શોભે છે.

આ ઢાળની છેલ્લી ગાથામાં ગ્રંથકારશ્રીએ "સુજશ વિલાસ" શબ્દ લખીને ગર્ભિત રીતે કર્તા તરીકે "શ્રીયશોવિજયજી" એવું પોતાનું નામ પણ સૂચવ્યું છે. ॥ ૪૦ ॥

जैन साईट JAINSITE .com

ત્રીજી ઢાળ સમાપ્ત

જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઢાળ - ચોથી

ભેદ અભેદ ઉભય કિમ માનો, જિહાં વિરોધ નિરધારો રે ।
એક ઠામિ કહો કિમ કરે રહવઈ, આતપનઈં અંધારો રે ।
શ્રુતધર્મઈ મન દૃઢ કરિ રાખો, જિમ શિવસુખફળ ચાખો રે ।
શ્રુતધર્મઈ મન દૃઢ કરિ રાખો. ॥ ૪-૧ ॥

*ગાથાર્થ*— ભેદ અને અભેદ આ બન્નેને એક જ સ્થાને કેમ માનો છો ? જ્યાં નક્કી વિરોધ દોષ આવે જ છે. જેમ આતપ અને અંધકાર પરસ્પર વિરોધી હોવાથી એકસ્થાનમાં ન રહે. તેમ ભેદ અને અભેદ પણ પરસ્પર વિરોધી હોવાથી કહો તો ખરા, કે તે બન્ને એક જ સ્થાને કેમ કરી રહે ? શ્રુતધર્મમાં (જિનેશ્વરપ્રભુના સ્યાદ્વાદમય પ્રવચનમાં) મનને અતિશય દૃઢ કરીને રાખો. જેનાથી તમે મોક્ષનાં સુખો રૂપી ફળને ચાખનારા બનો. ॥ ૪-૧ ॥

જૈનમ્ જયતિ શાસનમ્

**ટબો**— હવઈ ચઉથી ઢાલમાંહિ ભેદાભેદનો વિરોધ આશંકીનઈ ટાલઈ છઈ— પરવાદી કહઈ છઈ. "દ્રવ્યાદિકનઈં ભેદ-અભેદ બેહુ ધર્મ કિમ માનો છો ? જિહાં વિરોધ નિર્ધાર છઈ, ભેદ હોઈ તિહાં અભેદ ન હોઈ, અભેદ હોઈ તિહાં ભેદ ન હોઈ, એ બેહુ ભાવાભાવ રૂપઈ વિરોધી છઈ, વિરોધી બેહુ એક ઠામિ ન રહઈ. જિમ આતપ હોઈ, તિહાં અંધારો ન રહઈ. અંધારો હોઈ, તિહાં આતપ ન રહઈ. તિમ ભેદાભેદ એકત્ર ન હોઈ."

ઈહાં-શ્રુતધર્મઈ-સ્યાદ્વાદ પ્રવચનમાંહિ, મન દૃઢ વિશ્વાસવંત કરી રાખો. જિમ-શાસનશ્રદ્ધા દૃઢપણઈ. મોક્ષરૂપ-કલ્પવૃક્ષનાં ફળો સુખરૂપ ચાખો. શ્રુતધર્મ વિના ચારિત્રધર્મ ફળવંત ન હોઈ, "જે માટિં શંકા સહિત ચારિત્રીઓ પણિ સમાધિ ન પામઈ." उक्तं च— वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं ૫-૫ આચારાંગે ॥ ૪-૧ ॥

*વિવેચન*— हवइ चउथी ढालमांहि भेदाभेदनो विरोध आशंकीनइ टालइ छइ— હવે ચોથી ઢાળમાં ભેદાભેદનો પરસ્પર વિરોધ આવે છે એવી શંકા કરીને ટાળે છે.

બીજી ઢાળમાં દ્રવ્યનો અને ગુણ-પર્યાયોનો પરસ્પર ભેદ અનેક રીતે સમજાવ્યો. ત્રીજી ઢાળમાં દ્રવ્ય અને ગુણ પર્યાયોનો પરસ્પર અભેદ અનેક રીતે સમજાવ્યો. એક જ સ્થાનમાં ભેદનું હોવાપણું અને ત્યાં જ અભેદનું પણ હોવાપણું સાંભળીને કોઈક શિષ્ય ગુરુજીને પ્રશ્ન કરે છે–

**परवादी कहइ छइ "द्रव्यादिकनइं भेद-अभेद उभय किम मानो ? जिहां विरोध निर्धार छइ. भेद होइ, तिहां अभेद न होइ. अभेद होइ, तिहां भेद न होइ. ए बेहु भावाभावरूपइं विरोधी छइ.**

**"विरोधी बेहु एक ठामि न रहइ. जिम–आतप होइ, तिहां अंधारो न रहइ. अंधारो होइ, तिहां आतप न रहइ. तिम भेदाभेद एकत्र न होइ"**

પરવાદી એવો કોઈ વસ્તુસ્વરૂપનો અજ્ઞાની શિષ્ય પુછે છે કે– હે ભેદાભેદવાદી જૈન ! દ્રવ્યાદિકને (દ્રવ્યનો અને ગુણ-પર્યાયોનો) પરસ્પર ભેદ પણ હોય, અને અભેદ પણ હોય, એમ ઉભય બન્ને એકી સાથે કેમ માનો છો ? જ્યાં (ભેદાભેદ સાથે માનવામાં) વિરોધ નામનો દોષ નક્કી આવે જ છે. કારણ કે જ્યાં ભેદ હોય, ત્યાં વિરોધી હોવાથી અભેદ ન જ હોય. અને જ્યાં અભેદ હોય, ત્યાં વિરોધી હોવાથી ભેદ ન જ હોય. કારણકે આ ભેદ અને અભેદ બન્ને પરસ્પર ભાવ-અભાવાત્મક હોવાથી વિરોધી છે, જે ભેદ છે. તે અભેદના અભાવાત્મક છે. અને જે અભેદ છે તે ભેદના અભાવાત્મક છે. જેમ ઘટ અને ઘટાભાવ પરસ્પર વિરોધી હોવાથી એકી સાથે રહી શકે નહીં. તેમ અહીં પણ ભેદ-અભેદ સાથે રહી શકે નહીં.

કોઈ પણ પરસ્પર વિરોધી બે વસ્તુ એક સ્થાનમાં રહી શકે નહીં જેમ જ્યાં આતપ (પ્રકાશ) હોય ત્યાં અંધકાર ન રહે. અને જ્યાં અંધકાર હોય, ત્યાં આતપ ન રહે. સર્પ-નકુલ, વાઘ-બકરી, શીત-ઉષ્ણ, શ્વેત-કૃષ્ણ, આ બધા ભાવો પરસ્પર વિરોધી હોવાથી એક જ સ્થાનમાં એકી સાથે કદાપિ રહી શકતા નથી. તેમ ભેદ-અભેદ સાથે ન રહે. આવી કોઈ શિષ્ય શંકા કરે છે.

વાસ્તવિક વાત એ છે કે વિશ્વના સમસ્ત ભાવો ભેદવાળા અને અભેદવાળા, એમ ઉભયરૂપ છે. પરંતુ કોઈક દર્શનકારો પદાર્થોને એકાન્ત ભેદવાળા અને બીજા કોઈક દર્શનકારો પદાર્થોને એકાન્ત અભેદવાળા (મનફાવે તેમ) માને છે. પરંતુ જૈનદર્શનકારો ઈતરદર્શનકારોની જેમ મનની કલ્પનામાત્રથી ભેદાભેદ એમ ઉભયવાદ માને છે, આમ સમજવું નહીં. જૈન દર્શનકારોની પણ આવી કલ્પનામાત્રથી જ કરાયેલી આ *માન્યતા*

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે આમ ન સમજવું. પરંતુ ખરેખર જગદ્વર્તી સર્વે પદાર્થો સ્વતઃ જ આવા ભેદાભેદવાળા અનાદિના સ્વયંસિદ્ધ છે જ. જે પદાર્થો જેવા છે. તેને સર્વજ્ઞ પરમાત્માઓએ તેવા જોયા છે અને વિશ્વમાં તેવા પ્રકાશિત કર્યા છે. એટલે જૈનદર્શન કપોલકલ્પિત કલ્પનાવાળું નથી. પરંતુ યથાર્થદર્શી છે. અને યથાર્થવાદી છે. "માન્યતા" આ શબ્દ જ વ્યક્તિની છદ્મસ્થતાનો (અસર્વજ્ઞતાનો) સૂચક છે. જ્યારે જિનેશ્વર ભગવંતો સર્વજ્ઞ છે. એટલે તે જિનેશ્વર ભગવંતો આવી "માન્યતા"વાળા છે એમ કહેવું નહીં. કારણ કે આ પરમાત્માઓને કોઈ પણ પક્ષ તરફનો રાગ-દ્વેષ (પક્ષપાત) ચાલ્યો જ ગયો છે. તેથી પક્ષપાત હોતો જ નથી. તથા સર્વ દ્રવ્યોના ત્રણે કાળના સર્વ ભાવોના યર્થાથ જ્ઞાતા છે. માટે નૈયાયિક ભેદવાદી છે. સાંખ્યો અભેદવાદી છે. પરંતુ જૈન ઉભયવાદી છે એમ નહીં, કિન્તુ *"યથાર્થવાદી"* છે. કદાચ ક્યાંઈક ઉભયવાદી શબ્દનો પ્રયોગ કહેવાયો હોય તો *પણ તે ઉભયને માને છે. ઉભયની માન્યતા ધરાવે છે એવો અર્થ ન કરવો. પરંતુ વસ્તુમાં ઉભયસ્વરૂપ છે. અને જેવું છે તેવું જોનારા અને કહેનારા છે. માટે ઉભયવાદી છે. એવો અર્થ કરવો.*

વસ્તુના સ્વરૂપાત્મક આ *"ભેદાભેદવાદ"*ને સામાન્ય બુદ્ધિવાળા પણ જો પોતાનો આગ્રહ ન રાખે અને સમજવા ઈચ્છે તો સમજી શકાય તેવો છે. અને જેઓ પોતાની માન્યતાનો આગ્રહ રાખે તથા સાચુ સમજવાની ઈચ્છા ન હોય અને પોતાનું સમજેલું કુતર્કો દ્વારા બીજાને સમજાવવાની જ ઈચ્છા હોય એવા આગ્રહી જીવોને સમજાવવા માટે સૂક્ષ્મતર્ક અને તેનાથી વાસિત ઘણી બુદ્ધિ કામે લગાડે તો પણ તેનાથી ન સમજાય તેવો આ ભેદાભેદવાદ છે. સંક્ષેપમાં સાર એ છે કે—

"સમજવું હોય તેને સમજાવાય, સમજાવવું હોય તેને ન સમજાવાય"

વસ્તુનુ સાચુ તત્ત્વ સમજવા માટે નિર્મળ (એટલે કદાગ્રહ વિનાની) બુદ્ધિ હોવી જોઈએ. કોઈ પણ પક્ષ ઉપર પહેલેથી જ ગાંઠ બંધાઈ ગઈ હોય, તો તેનો બચાવ કરવામાં અને સામેના પક્ષનો ઉચ્છેદ કરવામાં જ બુદ્ધિ કામ કરતી હોય છે. જેથી વસ્તુનું સાચું સ્વરૂપ સમજાતું જ નથી. જ્યારે વક્તા ઉપર અને વક્તાની વાણી ઉપર શ્રદ્ધા (આન્તરિક પ્રીતિ) પૂર્વકની બુદ્ધિ જો હોય તો તે બુદ્ધિ વક્તાના વચનોને અનુસારે સત્ય શોધવામાં—સમજવામાં જ કામ કરે છે. શ્રદ્ધાપૂર્વકની બુદ્ધિ સત્યની ગવેષક છે. અને આગ્રહપૂર્વકની બુદ્ધિ સત્યની ઉચ્છેદક છે.

દાર્શનિકવાદો તો લગભગ લુપ્તપ્રાય થયા છે. પરંતુ આન્તરિકવાદો બહુ જોર પકડતા જાય છે. નિર્નાયક અથવા બહુનાયક જેવી દુઃખદ સ્થિતિ પ્રવર્તે છે. જ્ઞાનમાર્ગ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઘણો લુપ્તપ્રાય: થતો જતો દેખાય છે. પૂર્વાચાર્યોએ જેમાં પોતાની જીંદગી નીચોવી છે. તેવા ન્યાયનિપુણતર્ક શાસ્ત્રો, અધ્યાત્મશાસ્ત્રો, યોગના ગ્રંથો, અને આગમોના અભ્યાસો દિન-પ્રતિદિન ઘટતા જાય છે. તે વિષયના જ્ઞાનીઓ પણ ઘટતા જાય છે. વાચનાઓના વ્યવહારો લુપ્તતાને પામતા જાય છે. જૈનની અંદરના જ બીજા ફિરકાઓમાં જ્ઞાનમાર્ગનો વ્યવહાર અધિકાધિક થતો જાય છે. આપણો વર્ગ બાહ્યભાવના મહિમા તરફ ઢળતો જાય છે. વૈરાગ્યને વધારનાર પારમાર્થિક જ્ઞાનમાર્ગના અભાવે અનેક દૂષણોની પણ સંભાવના વધતી જાય છે. દ્રવ્ય અને ભાવ પુણ્યવાળા કોઈક શક્તિશાળી મહાત્મા પુરુષે આ વિષય ઉપર પ્રયત્ન કરવાનો કાળ પાકી ચુક્યો છે.

**इहां-श्रुतधर्मइं-स्याद्वाद प्रवचनमांहिं, मन दृढ-विश्वासवंत करी राखो, जिम-शासनश्रद्धादृढपणइ, मोक्षरूप-कल्पवृक्षनां फल सुखरूप चाखो. श्रुतधर्म विना चारित्रधर्म फलवंत न होइ, ''जे माटि-शंकासहित चारित्रीओ पणि समाधिं न पामइ'' उक्तं च आचाराङ्गे—**

**वितिगिच्छसमावन्नेणं अप्पाणेणं णो लभति समाहिं ५-५ (आचाराङ्ग) ॥४-१॥**

જો આત્મકલ્યાણ સાધવું જ હોય તો શ્રુતધર્મમાં એટલે કે વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના સ્યાદ્વાદની પ્રણાલિકાના રસથી ભરપૂર એવા *"પ્રવચનમાં"* જ મનને અત્યંત વિશ્વાસવાળું= શ્રદ્ધાસંપન્ન રાખો. કારણ કે *પ્રકૃષ્ટ વચન તે પ્રવચન, સર્વ શ્રેષ્ઠ વચન તે પ્રવચન,* સર્વ દોષ રહિત વચન તે પ્રવચન. આવું વચન વીતરાગ સર્વજ્ઞ પરમાત્માનું જ હોય છે. તેમના શાસન (આજ્ઞા-પ્રવચન-વાણી) પ્રત્યે શ્રદ્ધા કરવા પણા વડે મુક્તિરૂપી કલ્પવૃક્ષનાં અનંત અવ્યાબાધ સુખ સ્વરૂપ ફળને ચાખો. શ્રુતધર્મ વિના (શાસ્ત્રોના પારમાર્થિકજ્ઞાન વિના- દ્રવ્યાનુયોગના અધ્યયનવિના) ચારિત્ર ધર્મ જે કંઈ સેવવામાં આવે છે. તે મન, વચન, કાયાના શુભયોગ રૂપ હોવાથી પુણ્ય બંધનો હેતુ બને. સ્વર્ગપ્રાપ્તિનો હેતુ બને. પરંતુ સંવર-નિર્જરા સ્વરૂપ આત્મકલ્યાણમય ફલને આપનાર બનતો નથી. કારણ કે આત્મિકજ્ઞાનની (આત્મ તત્ત્વના જ્ઞાનવિના) જાગૃતિ વિના ભાવ જયણા પાળી શકાતી નથી. જ્ઞાનમાર્ગની આરાધના વિના દ્રવ્યક્રિયા કેટલીકવાર અહંકાર અને પરપરિવાદાદિનું પણ કારણ બની જાય છે. તત્ત્વજ્ઞાનના અભાવે શંકાવાળો જીવ કદાચ ચારિત્ર પાળે, પણ મોહદશામાં હોવાથી "સમાધિને" પામતો નથી. મન સંકલેશવાળું જ રહે છે. આચારાંગ સૂત્રમાં પણ કહ્યું છે કે વિતિગિચ્છાને (શંકાશીલ હૃદયને) પામેલો આત્મા ચિત્તની સમાધિને પામતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તેથી આત્માર્થી અને કલ્યાણવાંચ્છુક એવા સાધક આત્માઓએ શાસ્ત્રોનું વિશાળ અધ્યયન કરવું જરૂરી છે. અને શાસ્ત્રાધ્યયનને અનુસારે જીવનને સદાચારી અને સંયમી બનાવવું જરૂરી છે. શાસ્ત્રાધ્યયન એ જ જીવનનો મુખ્ય આધાર છે. આમ સમજીને તે માટે સત્સંગ અને સ્વાધ્યાય કરવો અતિશય આવશ્યક છે. ॥ ૪૧ ॥

## ઈસી શિષ્યની શંકા જાણી, પરમારથ ગુરુ બોલઈ રે ॥
## અવિરોધઈં સવિ ઠામઈં દીસઈં, દોઈ ધર્મ એક તોલઈં રે ॥ ૪-૨ ॥

*ગાથાર્થ–* શિષ્યની આવા પ્રકારની શંકા જાણીને પરમાર્થ (ઉત્તર) ગુરુજી કહે છે કે સર્વસ્થાનોમાં કોઈપણ જાતના વિરોધ વિના બન્ને ધર્મો (ભેદ-અભેદ) એક સરખા સમાનપણે દેખાય છે. ॥૪-૨॥

***ટબો–*** **એહવી શિષ્યની શંકા જાણી કરી, ગુરુ-સ્યાદ્વાદી, પરમાર્થ બોલઈ છઈ, જે ''ઘટ-ઘટાભાવાદિક નઈં યદ્યપિ વિરોધ છઈ, તો પણિ ભેદાભેદનઈં વિરોધ નથી, જે માટઈં સર્વ ઠામઈં, દોઈ ધર્મ, ભેદ-અભેદ અવિરોધઈં-એકાશ્રયવૃત્તિપણઈં જ, દીસઈ છઈ, ઈક તોલઈં પણિ.''**

**''અભેદ સ્વાભાવિક સાચો, ભેદ ઔપાધિક જૂઠો'' ઈમ કોઈ કહઈ છઈ, તે અનુભવતા નથી. વ્યવહારઈં-પરાપેક્ષા બેહુનઈં ''ગુણાદિકનો ભેદ, ગુણાદિકનો અભેદ'' એ વચનથી. ॥ ૪-૨ ॥**

*વિવેચન–* ''અંધકાર હોય ત્યાં પ્રકાશ ન હોય અને પ્રકાશ હોય ત્યાં અંધકાર ન હોય.'' એક સ્થાને એકી સાથે પરસ્પર વિરોધી એવા પ્રકાશ અને અંધકાર જેમ ન રહે. તથા શીત-ઉષ્ણ, શ્વેત-પીત, ઈત્યાદિ પણ જેમ એકસ્થાને ન રહે. તેવી જ રીતે ભેદ અને અભેદ પણ પરસ્પર વિરોધી હોવાથી એક સ્થાને સાથે ન રહે. આવી શિષ્યની શંકા છે. જે પહેલી ગાથામાં સમજાવી છે.

एहवी शिष्यनी शंका जाणी करी, गुरु=स्याद्वादी, परमार्थ बोलइ छइ, जे ''घट-घटाभावनइं यद्यपि विरोध छइ, तो पणि भेदाभेदनइं विरोध नथी, जे माटइं सर्वठामइं, दोइ धर्म, भेद अभेद अविरोधइं-एकाश्रयवृत्तिपणइं ज, दीसइ छइ, इक तोलइं पणि.''

ઉપર કહેલી શિષ્યની આવા પ્રકારની શંકા જાણી કરીને હવે ગુરુજી કે જે સ્યાદ્વાદના (સારા અને સાચા) જાણકાર છે. તે પરમાર્થ (સાચો ઉત્તર) જણાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં એક વાત ખાસ ધ્યાન ખેંચે છે કે-ગુરુજી સ્યાદ્વાદી હોય, પરમાર્થ સારી રીતે જાણતા હોય, સુંદર શૈલીથી ગુરુજી ઉત્તર રજૂ કરતા હોય, સમજાવવાની ઢબ પણ સુવ્યવસ્થિત હોય. પરંતુ શ્રોતાવર્ગ પોતાના માનેલા આગ્રહની પક્કડમાં ફસાયેલા જ હોય, મજબૂત આગ્રહવાળા જ હોય તો તેવા આગ્રહી જીવોને "ભેદાભેદ" સમજાવવો અથવા બીજું કંઈ પણ પરમાર્થતત્ત્વ સમજાવવું ઘણું જ મુશ્કેલ છે. જમાલી વિગેરે નવ પ્રકારના નિન્હવોને જ્ઞાની ભગવંતો જે નથી સમજાવી શક્યા, તેમાં શ્રોતાવર્ગનો આગ્રહ જ (મિથ્યાત્વમોહની ગાઢતા જ) કારણ છે. જ્યાં સુધી આ જીવ પોતાના આગ્રહની પક્કડમાં હોય છે. મનમાં એક જ પ્રકારના વિચારો ઘોળાતા હોય છે કે *"ભેદાભેદ એકસ્થાને એક કાળે ન જ હોય"* ન હોય તે બસ ન જ હોય. બીજું કંઈ જ નહીં. હવે જ્યાં સુધી આ આગ્રહ જ હોય ત્યાં સુધી સામેના માણસની વાત આ જીવ ધ્યાનપૂર્વક સમન્વયાત્મક દૃષ્ટિએ સાંભળતો જ નથી. સંભળાવનારની શૈલીને તોડવાની જ પ્રક્રિયા તે જીવ મનમાં રચતો હોય છે. તેને પરમાર્થતત્ત્વ કેમ પ્રાપ્ત થાય ? તેથી જ્યારે આપણે શ્રોતા બન્યા હોઈએ અને પરમાર્થતત્ત્વ જાણવાની જિજ્ઞાસા હોય, તો આગ્રહની પક્કડ ઢીલી કરીને વક્તા પ્રત્યે હૈયાના માન-બહુમાન પૂર્વક સ્યાદ્વાદી ગુરુજી વડે અપાતા પરમાર્થ તત્ત્વને ઝીલવા સક્ષમ થવું જોઈએ. જેને સમજવાની જિજ્ઞાસા હોય તેને ગુરુજીનાં વચનો અવશ્ય સમજાવનારાં બને જ છે. પરંતુ જેને જિગીષુ ભાવ હોય છે. (ગુરુજીની સામે ક્રોસ કરીને પોતાના જ આગ્રહનો વિજય મેળવવાની તીવ્ર ઈચ્છા હોય છે.) તેને ગુરુજીનાં વચનો અસર કરતાં નથી. પોતાનું મિથ્યાત્વ પોતે ઢીલુ પાડે તો જ ગુરુજી ઉપકારક થાય છે. માટે ભણતી વખતે, શ્રવણ મનન કાળે વિનય-વિવેકવાળા બનીને શ્રદ્ધાપૂર્વકનો જિજ્ઞાસુ ભાવ ધારણ કરીને શિષ્યવૃત્તિને હૈયામાં રાખીને શ્રોતા બનવું જોઈએ.

ગુરુજી ઉત્તર આપે છે કે– ઘટ અને ઘટાભાવને જો કે વિરોધ છે, એટલે કે જ્યાં ઘટ હોય છે ત્યાં ઘટાભાવ નથી, અને જ્યાં ઘટાભાવ છે ત્યાં ઘટ નથી. આ બન્ને સાથે રહેલા હોય એવું દેખાતું નથી. એટલે ભલે આ ઉદાહરણમાં વિરોધ છે. (જો કે પરમાર્થથી તો અહીં પણ વિરોધ નથી. કારણકે જ્યાં માટીનો ઘટ છે ત્યાં સોનાના ઘટનો અભાવ પણ સાથે જ છે. જ્યાં અમદાવાદનો ઘટ છે ત્યાં સુરતના ઘટનો અભાવ પણ સાથે જ છે. આ રીતે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની ભિન્ન ભિન્ન અપેક્ષા રાખીને વિચારીએ તો ઘટ અને ઘટાભાવ પણ સાથે રહી શકે છે. કંઈ પણ વિરોધ નથી. તો પણ હમણાં આટલી સૂક્ષ્મ વિચારણાઓમાં ન જઈએ અને ઉપર-ઉપરથી જોઈએ તો ધારો કે ઘટ અને ઘટાભાવનો વિરોધ છે) તો પણ "ભેદાભેદને" સાથે માનવામાં કોઈ વિરોધ દેખાતો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે માટે = કારણ કે સર્વસ્થાને આ બન્ને ધર્મો (૧) ભેદ અને (૨) અભેદ અવિરોધપણે એટલે કે એક જ આશ્રયમાં (આધારમાં) વૃત્તિપણે (રહેવાપણે) જ દેખાય છે. સર્વસ્થાનોમાં ભેદ અને અભેદ એક સરખા સમાન રીતિએ (તુલ્યપણે) રહેલા પ્રત્યક્ષ જ દેખાય છે. એટલે ધારો કે ઘટ-ઘટાભાવને સાથે રહેવાનો વિરોધ આવતો હોય, તો પણ તે વાતને બાજુએ રાખીને ભેદ અને અભેદને તો સાથે રહેવાનો કંઈ પણ વિરોધ દેખાતો નથી. બલ્કે સર્વત્ર અવિરોધપણે તુલ્ય રીતિએ આ બન્ને ધર્મો વર્તે છે. ગ્રંથકારશ્રી પોતે જ ભેદ-અભેદ કેવી રીતે સાથે રહે છે. તે વાત આગળ આવનારી ગાથાઓમાં સમજાવે જ છે. છતાં અહીં એક દૃષ્ટાન્ત આપીને કંઈક સમજાવાય છે. પુરુષ અને સ્ત્રીમાં પુરુષત્વ અને સ્ત્રીત્વ ધર્મની અપેક્ષાએ ભેદ છે. તેજ પુરુષ અને સ્ત્રીમાં "મનુષ્યત્વ" ધર્મની અપેક્ષાએ અભેદ છે.

કંકણ અને કેયુરમાં અલંકાર વિશેષની અપેક્ષાએ ભેદ છે. ત્યાં જ સુવર્ણ-પણાની અપેક્ષાએ અભેદ છે.

રૂપ-રસ-ગંધ-અને સ્પર્શમાં ઈન્દ્રિયગ્રાહ્યતાની અપેક્ષાએ ભેદ છે. ત્યાં જ "ગુણપણા"ની દૃષ્ટિએ અભેદ છે.

આમ હોવા છતાં "મારૂં જ સાચુ" આવો આગ્રહ ન હોય અથવા આગ્રહને ઢીલો મુકવામાં આવે તો જ આ સંપૂર્ણસત્ય સમજાય તેમ છે. અન્યથા ઉપરોક્ત વાત સત્ય હોવા છતાં તેના પ્રત્યે આ જીવ નારાજગી જ વ્યક્ત કરતો હોય છે.

**''अभेद स्वाभाविक साचो, भेद औपाधिक जूठो'' इम कोइ कहइ छइ. ते अनुभवता नथी. व्यवहारइं-परापेक्षा-बेहुनइं ''गुणादिकनो भेद, गुणादिकनो अभेद'' ए वचनथी ॥ ४-२ ॥**

કોઈ કોઈ દર્શનકારો એમ કહે છે કે "અભેદ સાચો છે. કારણ કે તે સ્વાભાવિક છે. અને ભેદ જૂઠો છે (મિથ્યા છે) કારણકે તે ઔપાધિક છે" આમ કહે છે. તેઓનું માનવું એવું છે કે માટી અને ઘટનો અભેદ સંબંધ સ્વાભાવિક છે. સ્વયં સિદ્ધ છે. કારણ કે ઘટકાલમાં તથા તેની આગળ-પાછલા કાળમાં પણ માટી તો છે જ. એટલે માટી પોતે જ ઘટરૂપે બની છે. સુવર્ણ દ્રવ્ય પોતે જ સ્વયં કંકણ-કેયુર રૂપે બન્યુ છે. માટે અભેદ સાચો છે. પરંતુ પાણી ભરેલા ઘટમાંથી જેમ જલ નીકળે અને ઘટ જુદો રહે તેમ માટીમાંથી ઘટ નીકળતો હોય અને માટી જુદી રહેતી હોય, સુવર્ણમાંથી કંકણ-કેયુર નીકળતાં હોય અને સુવર્ણ જુદુ રહેતું હોય એવું બનતું નથી. માટે ભેદ સાચો નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પરંતુ દ્રવ્ય પોતે જ સ્વાભાવિકપણે સ્વયં ઘટ-પટાદિ પર્યાય રૂપે પરિણામ પામે છે. માટે દ્રવ્ય-પર્યાયનો અભેદ સાચો છે, એવી જ રીતે દ્રવ્ય અને ગુણોનો અભેદ પણ સ્વાભાવિક હોવાથી સાચો છે. પરંતુ ભેદ સ્વાભાવિક નથી, ઔપાધિક છે. માટે જુઠો છે. કારણ કે સર્વ સ્થાને ભેદ ઉપાધિથી જણાય છે. માટીમાં જે "ઘટાકારતા" સ્વરૂપ પર્યાય પ્રગટ થયો. તે ઘટાકારતા પહેલેથી સ્વયં સિદ્ધ ન હતી. દંડાદિક અન્ય સામગ્રી (રૂપ ઉપાધિ) દ્વારા થઈ. તથા દ્રવ્ય અને ગુણોનો ભેદ, સંજ્ઞા સંખ્યા લક્ષણાદિ રૂપ (ઉપાધિ) દ્વારા થાય છે. આ રીતે ભેદમાં પરની (ઉપાધિની) અપેક્ષા છે. તેવી અભેદમાં પરની (ઉપાધિની) અપેક્ષા નથી. તથા "तैलधारा पतति" આવા વાક્યોમાં તેલ પોતે જ ધારા રૂપે પડે છે. આમ અભેદ સમજવામાં પરની અપેક્ષા નથી. પરંતુ "તેલની ધારા પડે છે." આમ ભેદ સમજવામાં ધારા કોની ? તો તેલની, આમ પરની અપેક્ષા રહે છે. તે માટે અભેદ સહજ છે. પરની અપેક્ષા વિનાનો છે માટે સાચો છે. પરંતુ ભેદ પરની અપેક્ષાવાળો છે. ઔપાધિક છે માટે જુઠો છે.

કારણકે ભેદનો વ્યવહાર કરવામાં અને અભેદનો વ્યવહાર કરવામાં એમ બન્નેનો વ્યવહાર કરવામાં "<u>પરાપેક્ષા</u>" રહેલી જ છે. પરની અપેક્ષા વિના ભેદ કે અભેદ એકે પણ સમજાય તેમ નથી. ભેદમાં પરની અપેક્ષા છે. અને અભેદમાં પરની અપેક્ષા નથી. આ વાત સાચી નથી. બન્નેમાં પરની અપેક્ષા છે જ. કોનો કોનાથી ભેદ ? કોનો કોનાથી અભેદ ? આવો કોઈ પ્રશ્ન પૂછે તો ઉત્તરમાં કહેવું જ પડે કે દ્રવ્યથી ગુણાદિકનો ભેદ છે. દ્રવ્યથી ગુણાદિકનો અભેદ છે. દ્રવ્યથી પર્યાયનો ભેદ છે. અને દ્રવ્યથી પર્યાયનો અભેદ છે. ઉત્તરમાં આવું વચન કહેવું જ પડે છે. તેથી જેમ ભેદ પરાપેક્ષિત છે. તેમ અભેદ પણ પરાપેક્ષિત જ છે. તેથી બન્ને તુલ્યપણે - સમાનબળપણે રહેલ છે. એક મુખ્ય છે અને બીજો ગૌણ છે. અથવા એક તાત્ત્વિક છે અને બીજો ઔપચારિક છે આવું નથી.

તથા "આતપ (પ્રકાશ) અને અંધકારનું જે ઉદાહરણ આપ્યું તે પણ બરાબર નથી. કારણકે પ્રકાશ અને અંધકારની તરતમતા અસંખ્ય જાતની હોય છે. દિવસે મધ્યાહ્નસમયે ઘરમાં રહેલો જે પ્રકાશ છે. તે, બહારના રોડ ઉપરના તડકાની અપેક્ષાએ અંધકાર છે. અને અંદરના રૂમમાં પડતા અંધકારની અપેક્ષાએ પ્રકાશ છે." અંદરના રૂમનો પ્રકાશ પણ બહારના હોલના પ્રકાશની અપેક્ષાએ અંધકાર છે અને સ્ટોરરૂમના અંધકારની અપેક્ષાએ પ્રકાશ છે. એટલે એક જ સ્થાને એકી સાથે *અપેક્ષાભેદથી* (સ્યાદ્વાદ દૃષ્ટિએ) પ્રકાશ અને અંધકાર સાથે રહે જ છે. તેથી વિરોધ આવવાની વાત ખોટી છે. તથા જે પ્રકાશ છે. તે તેનાથી અધિકપ્રકાશની અપેક્ષાએ અંધકાર છે અને જે અંધકાર છે. તે ગાઢ અંધકારની અપેક્ષાએ પ્રકાશ છે. આ રીતે એક જ પુદ્ગલદ્રવ્ય અપેક્ષાવિશેષે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રકાશમય પણ છે અને અંધકારમય પણ છે. માટે વિરોધની વાત શું કરવી ? અર્થાત્ વિરોધની વાત રહેતી જ નથી. ॥ ૪૨ ॥

**એક ઠામિ સવિ જનની સાખિં, પ્રત્યક્ષઈં જે લહીઈં રે ।**
**રૂપ રસાદિકની પરિ તેહનો, કહો વિરોધ કિમ કહિઈં રે ॥ ૪-૩ ॥**

*ગાથાર્થ*— રૂપ-રસ-ગંધ-સ્પર્શ આદિ ગુણોની જેમ સર્વ સ્થાનોમાં એક જ જગ્યાએ ભેદ અને અભેદ સર્વ માણસોને સાક્ષાત્ પ્રત્યક્ષપણે જણાય જ છે. તો પછી કહો તો ખરા, કે તે ભેદાભેદનો એક સ્થાને વિરોધ કેમ કહેવાય ? ॥ ૪-૩ ॥

**ટબો– એક ઠામિ, ઘટાદિક દ્રવ્યનઈં વિષઈં, સર્વલોકની સાખી પ્રત્યક્ષ પ્રમાણઈં, રક્તત્વાદિક ગુણ-પર્યાયનો ભેદાભેદ જે લહિઈં છઈં, તેહનો વિરોધ કહો કિમ કહિઈં? જિમ-રૂપ-રસાદિકનો એકાશ્રયવૃત્તિત્વાનુભવથી વિરોધ ન કહિઈં, તિમ ભેદાભેદનો પણ જાણવો.** उक्तं च— न हि प्रत्यक्ष दृष्टेऽर्थे विरोधो नाम

**તથા - પ્રત્યક્ષદૃષ્ટ અર્થઈં દૃષ્ટાન્તનું પણિ કાર્ય નથી.**

उक्तं च—
क्वेदमन्यत्र दृष्टत्वमहो ! निपुणता तव ।
दृष्टान्तं याचसे यत्त्वं, प्रत्यक्षेऽप्यनुमानवत् ॥ १ ॥ ॥ ४-३ ॥

*વિવેચન*— ભેદ અને અભેદ ઉપરછલ્લી રીતે પરસ્પર વિરોધી લાગે છે. પરંતુ *અપેક્ષાવિશેષ* (ભિન્ન ભિન્ન અપેક્ષાઓ) લગાડીએ તો જરા પણ વિરોધ નથી. બલ્કે સંપૂર્ણ પણે અવિરોધે જ સર્વત્ર દેખાય છે.

**एक ठामि-घटादिक द्रव्यनइं विषइं, सर्व लोकनी साखी प्रत्यक्ष प्रमाणइं, रक्तत्वादिक गुण-पर्यायनो भेदाभेद जे लहिइ छइं, तेहनो विरोध कहो किम कहिइं? जिम-रूपरसादिकनो एकाश्रयवृत्तित्वानुभवथी विरोध न कहिइं, तिम भेदाभेदनो पणि जाणवो. उक्तं च—**

"એકસ્થાને પરસ્પર વિરોધી એવા બે તત્ત્વોનું રહેવું તેને વિરોધ કહેવાય છે." અહીં કેવળ એકલી બુદ્ધિને જ કામે લગાડવામાં આવે તો વિરોધ દેખાય તેમ છે. કારણ કે જ્યારે ત્યારે માણસ કેવળ એકલી બુદ્ધિના બળે તર્ક લગાવ્યા જ કરે છે. કે જ્યાં પ્રકાશ હોય ત્યાં અંધકાર કેમ હોય ? અને જ્યાં અંધકાર હોય ત્યાં પ્રકાશ કેમ હોય?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ તો બન્ને પરસ્પર વિરોધી છે. એમ જ્યાં ભેદ હોય ત્યાં અભેદ કેમ રહે ? અને અભેદ હોય ત્યાં ભેદ કેમ રહે ? પરસ્પર વિરોધી છે. આવું મનમાં વારંવાર ઘુંટ્યા જ કરે છે. એટલે તેને વિરોધ જ દેખાયા કરે છે. તે મનમાં આવા પ્રકારનાં અનુમાનો (તર્કો) લગાવ્યા જ કરે છે.

**भेदाभेदौ एकत्र न स्तः, विरोधित्वात्, तेजस्तमोवत्,**
**भेदाभेदौ विरोधिनौ, एकत्रास्थानात्, तेजस्तमोवत्,**

આગ્રહી જીવ કેવળ એકલી બુદ્ધિના બળે ઉપરનાં અનુમાનો લગાવ્યા જ કરે છે. અને વિરોધ દેખ્યા જ કરે છે તેથી પોતાનો કદાગ્રહ પુષ્ટ જ બને છે. પરંતુ કેવળ બુદ્ધિબળ કરતાં અનુભવબળ પ્રમાણપણે આગળ વધે છે. અનુમાન પ્રમાણ કરતાં પ્રત્યક્ષપ્રમાણ આગળ વધે છે. એટલે જ્યાં પ્રત્યક્ષપ્રમાણથી સાક્ષાત્ આ બન્નેનું (ભેદાભેદનું) સહવર્તિત્વ જણાતું હોય, અનુભવાતું હોય-દેખાતું હોય તો તે અનુભવના બળે બન્નેનું સહચારિત્વ માની લેવું જોઈએ અને અવિરોધીપણુ સ્વીકારી લઈને પોતાના આગ્રહને પડતો મુકવો જોઈએ.

સંસારી સર્વ લોકોને સાક્ષાત્ પ્રત્યક્ષ પ્રમાણથી દેખાય જ છે કે એક જ ઠામે એટલે કે ઘટ-પટ આદિ એક જ દ્રવ્યને વિષે, રક્તત્વાદિક ગુણ-પર્યાયોનો એટલે કે રૂપાદિક ગુણોનો અને રક્તત્વાદિ પર્યાયોનો, અથવા રક્તતા આદિ ગુણોનો અને ઘટાકારતા આદિ પર્યાયોનો ભેદાભેદ છે. સર્વ લોકોની સાક્ષી એટલે કે સર્વલોકોના અનુભવવાળો વ્યવહાર જેમાં સાક્ષીભૂત છે એવો અને પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ એટલે કે ઈન્દ્રિયજન્યજ્ઞાનથી સાક્ષાત્ દેખાતો એવો ભેદાભેદનો એક સ્થાને સહવાસ છે જ. તો પછી તેમાં વિરોધ કેમ કહેવાય ? જેમ કે રૂપ-રસ-ગંધ અને સ્પર્શ આ ચારે ગુણો અનુક્રમે ચક્ષુ-રસના-ઘ્રાણ અને સ્પર્શના, એમ ભિન્ન ભિન્ન એવી એક એક ઈન્દ્રિયથી જ ગ્રહણ કરાય છે. તેથી ભિન્નેન્દ્રિયગ્રાહ્ય હોવાથી તે ગુણો માંહોમાંહે ભિન્ન ભિન્ન છે. છતાં પ્રત્યેક પરમાણુઓમાં અને સ્કંધોમાં સાથે જ રહ્યા કરે છે. તેથી "એક જ આશ્રયમાં રહેવાપણું" સાક્ષાત્ અનુભવાતું હોવાથી "એકાશ્રયવૃત્તિત્વના અનુભવથી" અભેદ માનવામાં કંઈપણ દોષ દેખાતો નથી. તેથી રૂપ-રસાદિકમાં જેમ ઈન્દ્રિયગ્રાહ્યત્વથી ભેદ અને એકાશ્રયવૃત્તિત્ત્વથી અભેદ સ્વીકારવામાં વિરોધાદિ કંઈ પણ દોષ નથી. તેવી જ રીતે ભેદાભેદને એક સ્થાને અપેક્ષા વિશેષથી માનવામાં કોઈ દોષ નથી. પણ અવિરોધ જ છે. એમ જાણવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળ એકલો ભેદ જ માનવામાં ઘટના ગુણપર્યાયો ઘટથી ભિન્ન કલ્પવાથી પટના પણ કહેવરાવા જોઈએ. ઈત્યાદિ ગુણ-ગુણીભાવના ઉચ્છેદ આદિ દોષો આવે છે. અને કેવળ એકલો અભેદ જ માનવામાં ગુણ-પર્યાયો આધેય છે અને દ્રવ્ય આધાર છે એવા આધારાધેય ભાવના ઉચ્છેદનો પ્રસંગ આવે છે. તો પછી વાત રહી હવે બન્નેને સાથે માનવાની. કેવળ એકલા ભેદમાં અને કેવળ એકલા અભેદમાં જો સરખે સરખા દોષો જ આવે છે, તો તે દોષોને ટાળવાનો ઉપાય જ આ છે કે આ બન્નેને અપેક્ષા વિશેષે સાથે માનવા જોઈએ. અને સમાનપણે (તુલ્યબળવાન તરીકે) સ્વીકારી લેવા જોઈએ અને એકાન્તવાદના આગ્રહનો ત્યાગ કરવો જોઈએ.

કેટલાક દર્શનકારો આ અપેક્ષાવાદનો (સ્યાદ્વાદનો) ઉચ્છેદ કરવા ઉપરછલ્લો કેવળ એકલી બુદ્ધિના જ જોરે (અનુભવને પ્રધાન નહી કરીને) આવો કુતર્ક પણ કરે છે કે જે બાપ હોય તે બેટો કેમ કહેવાય ? અને જે બેટો હોય તેને બાપ કેમ કહેવાય? તથા વળી આવો પણ કુતર્ક કરે છે કે કેવળ એકલા ભેદને માનવામાં પણ દોષો જ છે. અને કેવળ એકલા અભેદને માનવામાં પણ દોષો જ છે. તો પછી "ભેદાભેદને" માનવામાં તો ડબલ દોષો જ આવે. તેથી તે તો (અપેક્ષાવાદ તો) દુર્ગન્ધ્ય જ છે, તેને તો સ્પર્શવા જેવું જ નથી. જૈનોનો સ્યાદ્વાદ તો ઘણા દોષોથી (ડબલદોષોથી) ભરેલો છે. આમ કહીને "ભેદાભેદવાદને" સૂક્ષ્મતાથી દર્શનશાસ્ત્રીઓ ભણતા જ નથી. જોતા જ નથી, ઊંડા ઉતરતા જ નથી. ઉપર-ઉપરથી જ ઉડાવી દેવામાં આવે છે. પરંતુ સૂંઠની બનાવેલી ગોળીની જેમ ભેદાભેદ જ નિર્દોષ છે સૂંઠ અને ગોળ અનુક્રમે પિત્ત તથા કફ કરનાર છે. પરંતુ બન્નેનો યોગ બન્ને દોષોને હણનાર છે. તેમ અહીં એકાન્ત ભેદ કે એકાન્ત અભેદ જ દોષકારક છે બન્નેનો યોગ તો દોષનો વિનાશક છે.

તથા જે પુરુષ (પોતાના પુત્રની અપેક્ષાએ) બાપ હોય છે. તે જ પુરુષ (પોતાના પિતાની અપેક્ષાએ) બેટો પણ છે જ, એવી જ રીતે જે પુરુષ (પોતાના પિતાની અપેક્ષાએ) બેટો છે, તે જ પુરુષ (પોતાના પુત્રની અપેક્ષાએ) બાપ પણ છે જ. આ વાત અનુભવ પ્રમાણથી અને સર્વ લોકોની સાક્ષીએ સિદ્ધ જ છે. આમાં વિરોધ કરવો તે નરી મૂર્ખતા જ છે. જ્યાં અનુભવપ્રમાણ અને લોકવ્યવહારની સાક્ષી હોય ત્યાં દૃષ્ટાન્ત આપવાનું પણ રહેતું જ નથી. "અગ્નિ દાહક છે" આ સમજવા માટે કોની જેમ ? એવો પ્રશ્ન કદાપિ ઉઠતો જ નથી. કે જેથી દૃષ્ટાન્ત આપવાનું હોય, એવી જ રીતે "સાકર મીઠી છે" "સાપ ઝેરી પ્રાણી છે" "વાઘ હિંસક છે" "ગુલાબ સુગંધી છે" ઈત્યાદિ ભાવો અનુભવ પ્રમાણ અને પ્રસિદ્ધ લોકવ્યવહારથી જ ગમ્ય છે. માટે તે સમજાવવા દૃષ્ટાન્તની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જરૂર રહેતી નથી. તેવી જ રીતે "ભેદાભેદ" પણ સર્વત્ર સાથે જ રહે છે. અવિરોધી જ છે. કોઈ પણ જાતનો વિરોધ આવતો નથી. આ વાત સાક્ષાત્ અનુભવગમ્ય અને લોકવ્યવહારસિદ્ધ હોવાથી તેને સમજાવવા દૃષ્ટાન્તની જરૂર હોતી જ નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે–

"**न हि प्रत्यक्षदृष्टेऽर्थे विरोधो नाम** = પ્રત્યક્ષ-સાક્ષાત્ દેખાતા-અનુભવાતા પદાર્થમાં વિરોધ નામનો કોઈ દોષ હોતો જ નથી. કોઈ વાદી પ્રત્યક્ષઅનુભવાતા પદાર્થમાં પણ અનુમાન પ્રમાણની જેમ દૃષ્ટાન્ત માગે તો તેનો ઉપહાસ (મશ્કરી) કરતાં શાસ્ત્રોમાં કહ્યું છે કે તમે તો બહુ જ નિપુણતાવાળા છો. ચાલાક છો, બુદ્ધિમાન છો, કે જે અનુમાનની જેમ પ્રત્યક્ષમાં પણ દૃષ્ટાન્તની વાત કરો છો. વાહ, ભાઈ વાહ, તમારી તો શું વાત કરીએ ? ઈત્યાદિ કહીને મશ્કરી કરેલી છે. તે આ પ્રમાણે–

**क्वेदमन्यत्र दृष्टत्वमहो! निपुणता तव ।**
**दृष्टान्तं याचसे यत्त्वं, प्रत्यक्षेऽप्यनुमानवत् ॥ १ ॥ ॥४-३ ॥**

"આવા પ્રકારનું બીજે ક્યાં જોયેલું છે" એમ કહીને પ્રત્યક્ષમાં અનુમાનની જેમ જે તું દૃષ્ટાન્તની માંગણી કરે છે. તે અહો ! તારી ઘણી ઘણી નિપુણતા (ચતુરાઈ-ચાલાકી) જણાય છે. ઈત્યાદિ ॥ ૪૩ ॥

JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## શ્યામભાવ જે ઘટ છઈં પહિલાં, પછઈ ભિન્ન તે રાતો રે ।
## ઘટભાવઈં નવિ ભિન્ન જણાઈ, સી વિરોધની વાતો રે ॥ ૪-૪ ॥

*ગાથાર્થ*– જે ઘટ પહેલાં શ્યામભાવવાળો છે, તે જ ઘટ પાછળથી રક્ત થાય છે માટે ભિન્ન છે. પરંતુ "ઘટપણે" ભિન્ન જણાતો નથી (તેથી અભિન્ન પણ છે) તો આમ માનવામાં વિરોધની વાત શું કરવા જેવી છે ? ॥ ૪-૪ ॥

**ટબો– ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ પુદ્ગલ દ્રવ્યઇં દેખાડઈ છઈ– જે ઘટ પહિલાં-શ્યામભાવ છઈ, તે પછઈ-રાતો ભિન્ન જણાઈ છઈ, અનઈં બિહું કાલિં-ઘટભાવઈં અભિન્ન જ જણાઈ છઈ. શ્યામ રક્ત અવસ્થાભેદઈં ઘટ એક જ છઈ. તો ઈહાં વિરોધની વાત સી કહેવી ? ॥ ૪-૪ ॥**

*વિવેચન*– **ભેદાભેદનો પ્રત્યક્ષનો અભિલાપ પુદ્ગલ દ્રવ્યઇં દેખાડઇં છઈ**— ભેદની સાથે અભેદ, અને અભેદની સાથે ભેદ, આ બન્ને ભાવો ભિન્ન ભિન્ન અપેક્ષાથી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(અપેક્ષાવિશેષથી) સર્વ સ્થાને વર્તે છે. તે બાબત વધારે દૃઢ સમજાવવા આ ગાથામાં પ્રથમ *"પુદ્ગલ દ્રવ્યનું"* એક ઉદાહરણ આપે છે. (પછીની ગાથામાં *જીવનું* ઉદાહરણ આપશે.)

**जे घट पहिलां-श्यामभाव छइ, ते पछइ-रातो भिन्न जणाइ छइ, अनइं-बिहुं कालिं-घटभावइं अभिन्न ज जणाइं छइं, श्याम रक्त अवस्थाभेदइं घट एक ज छइं, तो इहां-विरोधनी वात सी कहेवी ? ॥ ४-४ ॥**

માટીનો બનેલો ઘટ જ્યાં સુધી ભઠ્ઠીમાં પકવવામાં ન આવે ત્યાં સુધી તે "શ્યામ" હોય છે. અને ભઠ્ઠીમાં પકવવાથી તે "રક્ત" બને છે. આ વાત લોકપ્રસિદ્ધ છે. હવે શ્યામાવસ્થા અને રક્તાવસ્થાની અપેક્ષાએ પૂર્વાવસ્થાથી પછીની અવસ્થામાં ઘટ બદલાયો હોવાથી ભિન્ન છે. શ્યામાવસ્થામાં ઘટ કાચો હોવાથી જલાધારાદિ કેટલાંક કાર્યો તે ઘટમાં થતાં નથી. અને રક્તાવસ્થામાં તે જ ઘટ પરિપક્વ થવાથી જલાધારાદિ કાર્યો તેમાં થાય છે, માટે અવસ્થાભેદથી ભિન્ન છે. અને બન્ને કાળે "ઘટપણે" અભિન્ન જણાય છે. ઘટપણે તે એકનો એક જ છે. શ્યામાવસ્થા અને રક્તાવસ્થા બદલાવા છતાં પણ ઘટપણે એકનો એક છે. આ રીતે જ્યાં ભેદ છે. ત્યાં જ અભેદ અપેક્ષા વિશેષથી વર્તમાન હોવાથી આ બાબતમાં વિરોધ આવે છે. આવી વાત કેમ કરાય ? અર્થાત્ ન જ કરવી જોઈએ. ॥ ૪૪ ॥

જૈન સાઈટ JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

## બાલભાવ જે પ્રાણી દીસઈ, તરુણ ભાવ તે ન્યારો રે ।
## દેવદત્ત ભાવઈં તે એક જ, અવિરોધઈં નિરધારો રે ॥ ૪-૫ ॥

*ગાથાર્થ*— જે પ્રાણી હાલ બાલ્યભાવ વાળો દેખાય છે. તે જ પ્રાણી તરુણાવસ્થાવાળો બને ત્યારે "ન્યારો" (ભિન્ન) છે. છતાં દેવદત્તભાવે તો તે એકનો એક જ છે. તેથી ભેદાભેદનો નક્કી અવિરોધ છે. ॥ ૪-૫ ॥

**ટબો— હવઈ આત્મદ્રવ્યમાંહિં ભેદાભેદનો અનુભવ દેખાડઈ છઈ બાલભાવઈં-બાલકપણે, જે પ્રાણી દીસઈં છઈં, તે તરુણ ભાવે ન્યારો કહતાં-ભિન્ન છઈં. અનઈં દેવદત્તભાવઈં તે મનુષ્યપણાનઇં પર્યાયઇં તે એક જ છઈં. તો એકનઈં વિષઇં બાલ તરુણ ભાવઇં ભેદ, દેવદત્તભાવઇં અભેદ એ અવિરોધે નિર્ધારો. उक्तं च—**

पुरिसम्मि पुरिससद्दो, जम्माई मरणकालपज्जंतो ।
तस्स उ बालाईया, पज्जवभेया बहुवियप्पा ॥ सम्मत्तौ ॥ १,३२ ॥ ॥ ४-५ ॥

*વિવેચન–* **हवइ आत्मद्रव्यमांहिं भेदाभेदनो अनुभव देखाडइ छइ—** પૂર્વેની પાંચમી ગાથામાં એક જ સ્થાને અવિરોધે ભેદાભેદ રહે છે તેનુ પુદ્ગલ દ્રવ્યને વિષે ઉદાહરણ આપ્યું. હવે આ ગાથામાં તે જ ભેદાભેદ સાથે રહે છે. તેનું જીવદ્રવ્યને વિષે ઉદાહરણ સમજાવે છે.

**बालभावइं—बालकपणे जे प्राणी दीसइं छइं, ते तरुणभावे न्यारो कहतां-भिन्न छइं, अनइं देवदत्तभावइं ते मनुष्यपणानइं पर्यायइं ते एक ज छइं. तो एकनइं विषइं बाल तरुण भावइं भेद, देवदत्तभावइं अभेद, ए अविरोधे निर्धारो. उक्तं च—**

બાલ્યભાવે– એટલે કે બાળકપણે જે પ્રાણી દેખાય છે. તે જ પ્રાણી તરૂણભાવે એટલે યૌવનાવસ્થા આવે ત્યારે ભિન્ન છે. બાલ્યાવસ્થાનાં સ્તનંધયાદિ કાર્યો તરૂણાવસ્થામાં થતાં નથી. અને તરુણાવસ્થાનાં અર્થોપાર્જનાદિ કાર્યો બાલ્યાવસ્થામાં થતાં નથી. તેથી અવસ્થાભેદે બન્ને અવસ્થામાં તે પ્રાણીનો ભેદ છે. અને દેવદત્તપણે એટલે કે દેવદત્ત નામના મનુષ્યપણાના પર્યાયે કરીને તે એક જ છે. તેથી એક જ પદાર્થમાં "બાલ તરુણ ભાવે ભેદ" અને "દેવદત્તભાવે અભેદ" દેખાય જ છે. તેથી અવિરોધ જ છે. એમ અવશ્ય સ્વીકારવું જોઈએ. સમ્મતિપ્રકરણમાં કહ્યું છે કે–

**पुरिसम्मि पुरिससद्दो, जम्माई मरणकालपज्जंतो ।**
**तस्स उ बालाईया, पज्जवभेया बहुवियप्पा ॥**
**सम्मत्ति प्रकरण** गाथा ॥ १-३२ ॥ ॥ ४-५ ॥

કોઈ પણ પુરુષ જ્યારે જન્મ્યો ત્યારથી મરણકાલ પર્યન્ત તેને આ પુરુષ છે. આ પુરુષ છે. એમ જ કહેવાય છે. તે અભેદ છે. અને તેની બાલક-આદિ (બાળ-તરુણ-વૃદ્ધાદિ) જે જે અવસ્થાઓ રૂપ બહુ પ્રકારના પર્યાયભેદો છે, તે ભેદ છે. સારાંશ કે પુરુષપણાને આશ્રયી અભેદ, અને બાલ્યાદિ અવસ્થાને આશ્રયી ભેદ, એમ ભેદ તથા અભેદ બન્ને સાથે જ છે. માત્ર તેમાં "અપેક્ષાભેદ" કારણ છે. તેથી વિરોધ કરવાનો રહેતો નથી જ. ॥ ૪૫ ॥

## ધર્મભેદ જો અનુભવ ભાસઈ, ધર્મિભેદ નવિ કહિઈ રે ।
## ભિન્ન ધર્મનો એક જ ધર્મી, જડ ચેતન પણિ લહિઈ રે ॥ ૪-૬ ॥

ગાથાર્થ– જો ધર્મનો ભેદ અનુભવથી જ્યાં જ્યાં દેખાય, ત્યાં ત્યાં ધર્મી (દ્રવ્યનો) ભેદ ન કહીએ (ન માનીએ) અને ભિન્ન ભિન્ન ધર્મનો પણ ધર્મી એક જ હોય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ જો કહીએ તો જડ અને ચેતન દ્રવ્ય પણ એક જ થઈ જશે. (આવી નૈયાયિક શંકા કરે છે.) ॥ ૪-૬ ॥

**ટબો– "ભેદ હોઈ, તિહાં અભેદ ન હોઈ જ. ભેદ વ્યાપ્યવૃત્તિ છઈ. તે માટિ" એહવી પ્રાચીન નૈયાયિકની શંકા ટાલઈં છઈં– "श्यामो न रक्तः" ઈહાં શ્યામત્વ રક્તત્વ ધર્મનો ભેદ ભાસઈ છઈ, પણિ ધર્મિ ઘટનો ભેદ ન ભાસઈ" ઈમ જો કહિઈં, તો જડ ચેતનનો ભેદ ભાસઈં છઈં, તિહાં જડત્વ ચેતનત્વ ધર્મનો જ ભેદ, પણિ-જડ-ચેતન દ્રવ્યનો ભેદ નહીં ? ઈમ-અવ્યવસ્થા થાઈ. ધર્મીનો પ્રતિયોગિપણઈં ઉલ્લેખ તો બિહુ ઠામે સરખો છઈ. અનઈં પ્રત્યક્ષસિદ્ધ-અર્થઈં બાધક તો અવતરઈં જ નહીં ॥ ૪-૬ ॥**

*વિવેચન*– "भेद होइ, तिहां अभेद न होइ ज, भेद व्याप्यवृत्ति छइ, ते माटिं"एहवी प्राचीन नैयायिकनी शंका टालइ छइ—

"જ્યાં ભેદ હોય, ત્યાં અભેદ ન જ હોય, કારણ કે ભેદ પોતાના અધિકરણમાં વ્યાપીને રહેનાર છે. પોતાના અધિકરણમાં વ્યાપીને જે રહે તે <u>વ્યાપ્ય</u> <u>વૃત્તિ</u> કહેવાય છે. તે માટે બન્ને સાથે નથી. આવી પ્રાચીન નૈયાયિકોની શંકા છે, તે શંકા ટાળવી છે. તે માટે પ્રથમ નૈયાયિકની શંકા ગ્રંથકારશ્રી રજુ કરે છે."

"જ્યાં જ્યાં ભેદ હોય ત્યાં ત્યાં અપેક્ષાભેદથી અભેદ હોય જ છે. અને જ્યાં જ્યાં અભેદ હોય છે. ત્યાં ત્યાં અપેક્ષાભેદથી ભેદ પણ હોય જ છે. આ બન્ને સાપેક્ષભાવે સાથે જ રહે છે" આવું તત્ત્વસ્વરૂપ છે જગત્સ્વરૂપ છે. એમ જૈનદર્શનકાર સમજાવે છે. ત્યાં પ્રાચીન નૈયાયિકો આવી એક શંકા કરે છે કે તમારી (જૈનોની) વાત ખોટી છે. મિથ્યા છે. "ભેદ વ્યાપ્યવૃત્તિ છે" એટલે કે ભેદ પોતાના અધિકરણમાં વ્યાપીને રહેનાર છે. લાંબો-પહોળો થઈને રહેનાર છે કે જ્યાં પોતે બેઠો હોય ત્યાં બીજા કોઈને આવવા ન દે, બીજા કોઈને બેસવા જ ન દે, તેથી ભેદ જ્યાં હોય ત્યાં તે વ્યાપીને જ રહે છે એટલે અભેદને ન જ રહેવા દે. જેમ કે घट-पट तथा चेतन અને जड આ ચારે પદાર્થોમાં પરસ્પર ભેદ જ જણાય છે. અભેદ છે જ નહીં. આ વાત અનુભવસિદ્ધ છે. માટે જ્યાં ભેદ હોય છે ત્યાં તે ભેદ વ્યાપીને રહેનાર હોવાથી તેનાથી વિરુદ્ધ ધર્મને (અભેદને) તે રહેવા દેનાર ન હોવાથી તે બન્ને સાથે રહેતા નથી. આવી નૈયાયિકની શંકા છે. તે દૂર કરવા માટે પ્રથમ શંકા કહે છે.

**"श्यामो न रक्तः" इहां श्यामत्व रक्तत्व धर्मनो भेद भासइ छइं, पणि धर्मि घटनो भेद न भासइ" इम जो कहिई तो जड चेतननो भेद भासइ छइं, तिहां - जडत्व - चेतनत्व धर्मनो ज भेद, पणि जड चेतन द्रव्यनो भेद नहीं ? इम - अव्यवस्था थाइ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એકાન્તભેદવાદી એવા નૈયાયિક ઉભયવાદી એવા જૈનને ઠપકો આપતાં કહે છે કે હે જૈન ? "જે શ્યામ ઘટ છે તે રક્ત ઘટ નથી" આ તમે આપેલા ઉદાહરણમાં માત્ર શ્યામત્વ અને રક્તત્વ નામના બન્ને ધર્મોનો જ કેવલ ભેદ દેખાય છે. પરંતુ તે બન્નેમાં એક સ્વરૂપે રહેલા "ઘટ" નામના ધર્મીનો ભેદ જણાતો નથી આવું જો તમે (જૈનો) કહો છો તો અર્થાત્ ઘટ ધર્મીનો અભેદ છે. એમ જો તમે કહો છો તો, તથા તેવી જ રીતે બાલ-તરુણ એવા ધર્મનો જ ભેદ છે. પરંતુ ધર્મી એવો દેવદત્ત એક જ છે. અભેદ જ છે. એમ જો તમે (જૈનો) કહો છો.

તો તમારા (જૈનોના) આ કથનથી તમે (જૈનો) એમ કહેવા માગો છો કે "ધર્મનો ભેદ થાય છે. પરંતુ ધર્મીનો ભેદ ન થાય, ધર્મી તો એકનો એક જ રહે છે. ધર્મીનો અભેદ જ હોય છે" જો તમારી જૈનોની આ વાત સાચી છે. આમ માની લઈએ તો "घटो न पटः" "जडो न चेतनः" ઘટ એ પટ નથી અને જડ એ ચેતન નથી. ઈત્યાદિ પ્રસંગોમાં પણ જ્યાં ઘટ-પટનો અને જડ-ચેતનનો ભેદ ભાસે છે. ત્યાં પણ ઘટત્વ-પટત્વ નામના ધર્મોનો જ, અને જડત્વ-ચેતનત્વ નામના ધર્મોનો જ ભેદ માનવાનો રહેશે, પરંતુ ઘટ-પટ દ્રવ્યનો અને જડ-ચેતન દ્રવ્યોનો તો ભેદ મનાશે નહીં. ઘટ અને પટ આ બન્નેમાં પણ એક જ દ્રવ્ય છે. અને જડ-ચેતનમાં પણ એક જ દ્રવ્ય છે. આમ માનવું પડશે. આમ માનવામાં પ્રત્યક્ષ વિરોધ આવશે. અને અવ્યવસ્થા થઈ જશે. કારણ કે ઘટ થી પટ અને પટથી ઘટ, તથા તેવી જ રીતે જડથી ચેતન અને ચેતનથી જડ સર્વથા ભિન્ન દ્રવ્ય તરીકે જગત પ્રસિદ્ધ છે. આ વાત વ્યવહારમાં પણ જાણીતી છે અને લોકપ્રસિદ્ધ છે. અને તેવું સર્વ લોકોને દેખાય જ છે. તેનો તમારી વાતમાં વિરોધ આવશે. અને આવા પ્રકારના અત્યન્ત ભિન્ન દ્રવ્યોને "અભેદરૂપ=એક રૂપ" માનતાં ઘટનું જલાધારનું કામ પટથી, અને પટનું શરીરાચ્છાદનનું કામ ઘટથી, જડનું કામ ચેતનથી અને ચેતનનું કામ જડથી થવાની આપત્તિ આવશે. એટલે સંસારમાં અવ્યવસ્થા થશે. જેમ શ્યામત્વ અને રક્તત્વ ધર્મનો જ ભેદ છે. પરંતુ ધર્મીનો ભેદ નથી. તેવી જ રીતે ઘટત્વ-પટત્વ ધર્મનો જ ભેદ મનાશે પણ બન્નેના ધર્મીનો ભેદ ન માનતાં બન્નેનો ધર્મી એક થઈ જશે, તેવી જ રીતે જડત્વ-ચેતનત્વ ધર્મનો જ ભેદ મનાશે, પણ તે બન્ને ધર્મોનો ધર્મી એક થઈ જશે. જે વાત જગતથી વિરુદ્ધ છે. પ્રત્યક્ષથી વિરુદ્ધ છે. અને આમ ભિન્ન ભિન્ન દ્રવ્યોનું એક દ્રવ્ય માનતાં સંસારમાં ઘણી ઘણી અવ્યવસ્થા થાય.

તેથી હે જૈન ! જ્યાં જ્યાં ધર્મનો ભેદ હોય છે. ત્યાં ત્યાં ધર્મીનો પણ અવશ્ય ભેદ જ હોય છે, અભેદ સંભવતો જ નથી. માટે ભેદાભેદ સાથે રહેતા જ નથી. વસ્તુનું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉભયાત્મક સ્વરૂપ જગતમાં નથી. ધર્મનો ભેદ પણ ધર્મીના ભેદ માટે જ કરવામાં આવે છે. શ્યામત્વ અને રક્તત્વ જ જો પરિવર્તન પામતું હોય અને ઘટ જો પરિવર્તન ન પામતો હોય તો કાચા ઘટમાં પાણી ભરાતું નથી અને પક્વ ઘટમાં પાણી ભરાય છે. આ વ્યવહાર પણ ઘટશે નહીં. કારણ કે તમારા (જૈનોના) મતે તો ઘટધર્મી બદલાતો જ નથી. એટલે કાચો ઘટ જેમ જલાધાર માટે અયોગ્ય છે. તેમ પક્વ ઘટ પણ જલાધાર માટે અયોગ્ય જ ઠરશે. પરંતુ આમ થતું નથી. તેથી ધર્મભેદ થયે છતે ધર્મીનો પણ અવશ્ય ભેદ જ થાય છે. અભેદ રહેતો નથી. માટે ભેદ જ સાચો છે.

**धर्मीनो प्रतियोगिपणइं उल्लेख तो बिहु ठामे सरखो छइ, अनइं-प्रत्यक्षसिद्ध-अर्थइं बाधक तो अवतरइं ज नहीं.'' ॥ ४-६ ॥**

તથા વળી "*ધર્મીનો પ્રતિયોગીપણે ઉલ્લેખ બિહુ ઠામે સરખો છે*" એટલે કે **यस्याभावः स प्रतियोगी** = જેનો અભાવ હોય છે. તે વસ્તુને ત્યાં પ્રતિયોગી કહેવાય છે. "**श्यामो, न रक्तघटः,**" "**रक्तो, न श्यामघटः**" આ ઉદાહરણમાં જે શ્યામઘટ છે તે રક્તઘટ નથી. અને જે રક્તઘટ છે તે શ્યામ ઘટ નથી, આમ શ્યામઘટકાલે રક્તઘટનો પ્રતિયોગીપણે જેવો ઉલ્લેખ જોવા મળે છે. તથા રક્તઘટકાલે શ્યામઘટનો પ્રતિયોગીપણે જેવો ઉલ્લેખ જોવા મળે છે. તેવો જ ઉલ્લેખ "**यो घटः, स न पटः**" "**यो पटः, सः न घटः**" તથા "**यो जडः स न चेतनः**" અને "**यश्चेतनः, स न जडः**" આ ઉદાહરણોમાં પણ તેવો જ પ્રતિયોગીપણે ધર્મીનો ઉલ્લેખ સરખો જ મળે છે "જે ઘટ છે તે પટ નથી" ત્યાં પટનો પ્રતિયોગી પણે જ બોધ થાય છે. એવી જ રીતે "જે પટ છે તે ઘટ નથી"ત્યાં ઘટધર્મીનો પ્રતિયોગીપણે જ સરખો બોધ થાય છે. "જે જડ છે તે ચેતન નથી" ત્યાં ચેતનનો પ્રતિયોગીપણે અને "જે ચેતન છે તે જડ નથી" ત્યાં જડનો પ્રતિયોગીપણે બોધ સરખો જ છે. ઘટ અને પટ એક ન હોય, તો જ પ્રતિયોગીપણે બોધ થાય. તેમ જડ ચેતનમાં પણ સમજવું. સારાંશ કે–

૧. "**श्यामो न रक्तघटः**" અને "**रक्तो न श्यामघटः**"

૨. "**घटो, न पटः**, અને **पटो, न घटः**"

૩. "**यो जडः, सःन चेतनः**, અને **यश्चेतनः, स न जडः**"

આ ત્રણે ઉદાહરણોમાં જો માત્ર ધર્મ જ પરિવર્તન પામતો હોય અને ધર્મી તેનો તે જ (એક જ = અભિન્ન જ) રહેતો હોય તો કોઈ પણ એક અવસ્થામાં ધર્મીનો જે પ્રતિયોગીપણે ઉલ્લેખ જોવા મળે છે. તે મળવો જોઈએ નહીં. કારણકે બન્ને અવસ્થામાં તમારા (જૈનોના) મતે તો ધર્મી પરિવર્તન ન પામતો હોવાથી એકનો એક જ છે. અને તે વિદ્યમાન છે. તેથી અપ્રતિયોગી તરીકે જ જણાવો જોઈએ. પ્રતિયોગી તરીકે ન જણાવો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જોઈએ. અને પ્રતિયોગીપણે ઉલ્લેખ તો બન્ને સ્થાને દૃષ્ટાન્તમાં અને દાર્ષ્ટાન્તિકમાં (ઘટના દૃષ્ટાન્ત સાથે ત્રણે સ્થાને) સરખો જ થાય છે. તેથી હે જૈન ! તમારી વાત સાચી નથી.

તથા વળી અમે ઉપર સમજાવેલી વાત પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ છે. જે વસ્તુ પ્રત્યક્ષસિદ્ધ હોય, તેમાં કોઈ બાધક તો (દોષ છે. એમ તો) કહેવાય જ નહીં. પ્રત્યક્ષપ્રમાણથી સિદ્ધ એટલે જગતના સર્વ લોકોના અનુભવથી સિદ્ધ વસ્તુમાં કોઈ પણ દોષ કહેવાય નહીં, માટે હે જૈનો ! જ્યાં જ્યાં (શ્યામ-રક્તાદિ અને જડત્વ-ચેતનત્વાદિ) ધર્મનો ભેદ થાય છે. ત્યાં ત્યાં અવશ્ય ધર્મી એવા પદાર્થનો (ઘટ-પટનો અને જડ-ચેતન દ્રવ્યનો) પણ ભેદ થાય જ છે તથા શ્યામ ઘટ અને રક્તઘટનો પણ અવશ્ય ભેદ થાય છે. જો આમ નહી માનો અને શ્યામ-રક્તાવસ્થામાં ધર્મી એવો ઘટ એક જ (અભિન્ન) છે એમ કહેશો તો જડત્વ-ચેતનત્વમાં પણ માત્ર ધર્મનો જ ભેદ માનવો પડશે, અને ધર્મી એવું દ્રવ્ય જડ-ચેતન એક જ છે. એમ માનવું પડશે. જે પ્રત્યક્ષવિરુદ્ધ, લોકાનુભવવિરુદ્ધ અને યુક્તિ તથા શાસ્ત્રોથી પણ વિરુદ્ધ છે. આમ, નૈયાયિકોએ જૈનોને ભેદાભેદ માનવામાં દોષ આપ્યો. ॥૪૬॥

તેનો ઉત્તર જૈનદર્શનકાર શ્રી હવે આપે છે-

**ભેદાભેદ તિહાં પણિ કહતાં, વિજય જઈન મત પાવઈ રે ।**
**ભિન્નરૂપમાં રૂપાંતરથી, જગિ અભેદ પણિ આવઈ રે ॥ ૪-૭ ॥**

*ગાથાર્થ*– ત્યાં પણ "ભેદાભેદ" જ છે. એવું કહેતો જૈનમત જ વિજયવંત થાય છે. કોઈ પણ ભિન્ન ભિન્ન રૂપમાં, રૂપાન્તરથી (બીજી વિવક્ષાથી) આ જગતમાં અભેદ પણ આવે જ છે. ॥ ૪-૭ ॥

**ટબો– તિહાં-જડ-ચેતનમાંહિ, પણિ ભેદાભેદ કહતાં જૈનનું મત વિજય પામઈ. જે માટઈ-ભિન્ન રૂપ જે જીવાજીવાદિક તેહમાં, રૂપાન્તર દ્રવ્યત્વ પદાર્થત્વાદિક, તેહથી જગમાંહિ અભેદ પણિ આવઈ. એટલઈ-ભેદાભેદનઈં સર્વત્ર વ્યાપકપણું કહિઉં. ॥ ૪-૭ ॥**

*વિવેચન*– "શ્યામઘટ અને રક્તઘટમાં" શ્યામત્વ અને રક્તત્વ ધર્મનો ભેદ હોતે છતે "ઘટ" ધર્મીનો પણ ભેદ જ છે. એમ સર્વત્ર ભેદ જ વર્તે છે. ભેદ વ્યાપ્યવૃત્તિ (વ્યાપીને રહેનાર) છે. જો એમ ન માનીએ અને શ્યામઘટ અને રક્તઘટમાં ધર્મભેદ હોવા છતાં "ઘટ" ધર્મી બદલાતો નથી. પરંતુ ધર્મી (એવા ઘટનો) અભેદ જ રહે છે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આમ જૈનો જે કહે છે તેમ જો માનવામાં આવશે તો "ઘટ-પટમાં" અને "જડ-ચેતન"માં પણ કેવળ ધર્મભેદ જ માનવો પડશે અને "ધર્મી" એક છે. એમ માનવું પડશે. પરંતુ ઘટ-પટ, અને જડ-ચેતન કોઈ પણ રીતે એકરૂપ (અભિન્નપણે) મનાય નહીં કારણકે તેમ જણાતાં નથી, એકાન્તે ભિન્ન જ છે. આ બાબતમાં અનુભવ પ્રમાણ અને લોકાનુભવ સાક્ષી છે. તેથી ત્યાં "અભેદ" કેમ રહે ? આવી માન્યતા નૈયાયિકની છે. જે હમણા સમજાવવામાં આવી છે. તેની સામે જૈન દર્શનકાર સુંદર ઉત્તર આપે છે કે—

**तिहां-जड-चेतनमांहिं, पणि-भेदाभेद कहतां जैननुं मत विजय पामइ, जे माटइं-भिन्नरूप-जे जीवाजीवादिक तेहमां, रूपान्तर-द्रव्यत्व-पदार्थत्वादिक, तेहथी जगमांहिं अभेद पणि आवइ, एटलइं-भेदाभेदनइं सर्वत्र व्यापकपणुं कहिउं ॥ ४-७ ॥**

ત્યાં પણ એટલે કે દુનિયાના જીવોને જ્યાં એકલો ભેદ જ દેખાય છે. તેવા "જડ-ચેતન" અને "ઘટ-પટ" જેવા પદાર્થોમાં પણ "ભેદાભેદ" જ છે. એવું કહેનાર જૈનમત જ સર્વત્ર વિજય પ્રાપ્ત કરે છે. એટલે કે આવા ઉદાહરણોમાં પણ ભેદાભેદ જ છે. એકાન્ત ભેદ નથી એમ જૈનદર્શનકાર સમજાવે છે. અને હકીકતથી ભેદાભેદ જ છે. કારણકે જગતના જીવોને જે "ભિન્નરૂપે" જણાય છે. એવા જીવ અને અજીવમાં (એટલે કે જડ અને ચેતનમાં) અને આદિશબ્દથી "ઘટ-પટમાં" "ગાય-ઘોડામાં" "હાથી અને કીડીમાં" ઈત્યાદિ સ્થાનોમાં, એટલે કે જીવત્વ અને અજીવત્વાદિ ધર્મની અપેક્ષાએ જ્યાં જગતના જીવોને કેવળ એકલો ભેદ જ દેખાય છે. ત્યાં પણ "*રૂપાન્તરથી*" બીજા સ્વરૂપથી એટલે કે "દ્રવ્યત્વ" પણાથી અભેદ પણ આ જગતમાં આવે છે. અથવા પદાર્થત્વપણાથી પણ અભેદ આવે છે. જડ એ પણ એક દ્રવ્ય છે. અને ચેતન એ પણ એક દ્રવ્ય છે. જડ એ પણ એક પદાર્થ છે. ચેતન એ પણ એક પદાર્થ છે. આ રીતે જ્યાં જડત્વ-ચેતનત્વ ધર્મને આશ્રયીને ધર્મીનો ભેદ જણાય છે. ત્યાં પણ બન્નેમાં રહેનારા એવા રૂપાન્તરથી = બીજા સ્વરૂપથી અર્થાત્ સામાન્યધર્મથી દ્રવ્યત્વની અપેક્ષાએ, તથા પદાર્થત્વની અપેક્ષાએ અભેદ પણ આવે જ છે. તેવી જ રીતે ઘટપટમાં પુદ્ગલની અપેક્ષાએ, ગાય-ઘોડામાં પશુત્વની અપેક્ષાએ અને હાથી-કીડીમાં જીવત્વની અપેક્ષાએ અભેદ પણ આવે જ છે. તેથી ભેદમાત્ર વ્યાપ્યવૃત્તિ છે. એવી નૈયાયિકની વાત સાચી નથી. પરંતુ *"ભેદાભેદ"ને સર્વ ઠેકાણે વ્યાપકપણે કહેવું એ જ ન્યાયસંગત છે.* અર્થાત્ ભેદાભેદ જ સર્વત્ર વ્યાપક છે. ભેદાભેદ જ વ્યાપ્યવૃત્તિ છે. વ્યાપીને રહેનાર છે.

જગતમાં ભેદાભેદ જ સર્વત્ર વ્યાપક છે. "ઘટ-પટમાં" કે જડ-ચેતનમાં પણ સર્વત્ર ભેદાભેદ જ માનવામાં નિર્દોષતા છે. જેમ એક ઘટધર્મી પોતાના અવાન્તર પર્યાયો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શ્યામત્વ અને રક્તત્વાદિની પ્રધાનતાએ ભિન્ન જણાય છે. અને જ્યારે તે પર્યાયોને ગૌણ કરીને "ઘટ" ધર્મી રૂપે વિચારવામાં આવે છે. ત્યારે અભેદ જણાય છે. તેવી જ રીતે ઉપરછલ્લી રીતિએ સદંતર ભિન્ન જણાતી "ઘટ-પટ" અને "જડ-ચેતન" જેવી વસ્તુઓમાં પણ, તે બન્નેમાં વ્યાપકપણે રહેલા એવા "દ્રવ્યત્વ અને પદાર્થત્વ" જેવા ધર્મની અપેક્ષાએ જો જોવામાં આવે તો અભેદ પણ અવશ્ય જણાય જ છે. તથા વળી મૃત્પિંડમાંથી ઘટ બનાવતાં જે જે નવી નવી અવસ્થાઓ બને છે કે જેને મૃત્પિંડ-સ્થાસ-કોશ-કુશૂલ-ઘટ આદિ કહેવામાં આવે છે. ત્યાં પણ "માટીપણાથી" જોઈએ તો અભેદ છે. અને તે તે આકૃતિઓથી જોઈએ તો ભેદ છે. તેમ સર્વ ઠેકાણે બન્ને અવસ્થામાં રહેનારા "સામાન્યસ્વરૂપથી" જ્યાં અભેદ છે. ત્યાં જ "વિશેષ સ્વરૂપથી" ભેદ પણ છે જ. એમ ભેદાભેદ જ વ્યાપ્યવૃત્તિ છે. પણ કેવળ એકલો ભેદ જ વ્યાપીને રહે છે આવી નૈયાયિકની વાત બરાબર નથી. ॥ ૪૭ ॥

**જેહનો ભેદ અભેદ જ તેહનો, રૂપાન્તર સંયુતનો રે ।**
**રૂપાન્તરથી ભેદ જ તેહનો, મૂલ હેતુ નય શતનો રે ॥ ૪-૮ ॥**

*ગાથાર્થ–* કોઈ પણ બે વસ્તુઓ વચ્ચે જ્યાં ભેદ જણાય છે ત્યાં જ રૂપાન્તરથી (બીજા સ્વરૂપથી) અભેદ અવશ્ય છે જ. એવી જ રીતે જ્યાં અભેદ જણાય છે ત્યાં પણ રૂપાન્તરથી (બીજા સ્વરૂપથી) ભેદ પણ છે જ. આ ભેદ અને અભેદનું સર્વત્ર વ્યાપકપણે હોવું એ જ સેંકડો નયોનું મૂળ કારણ છે. ॥ ૪-૮ ॥

**ટબો– હિવઇં એહ જ વિવરીનઇં દેખાડઇ છઇં– જેહનો ભેદ, તેહનો જ રૂપાન્તરસહિતનો અભેદ હોઇ, જિમ-"સ્થાસ કોશ કુશૂલ ઘટ" આદિકનો ભેદ છઇં, અનઇં તેહ જ મૃદ્દ્રવ્યત્વવિશિષ્ટ અનર્પિતસ્વપર્યાયનો અભેદ છઇ. તેહનો જ રૂપાન્તરથી ભેદ હોઇ, જિમ-સ્થાસ કોશ કુશૂલાદિક વિશિષ્ટ-મૃદ્દ્રવ્યપણઇં તેહનો જ ભેદ હોઈ.**

**એ ભેદ નઇં અભેદ છઇં, તે સઇગમે નયનો મૂળહેતુ છઇ. સાત નયના જે સાતસઇં ભેદ છઇં. તે એ રીતે દ્રવ્ય-પર્યાયની અર્પણા-અનર્પણાઇં થાઇ. તે શતારનયચક્રાધ્યયન માંહિ પૂર્વિ હુંતા હવણાં-દ્વાદશારનયચક્ર માંહિં "વિધિઃ, વિધિર્વિધિઃ, ઇત્યાદિ રીતિં એકેક નયમાંહિ ૧૨-૧૨" ભેદ ઉપજતા કહિયા છઈ. ॥ ૪-૮ ॥**

*વિવેચન– हिवइ-एह ज विवरीनइं देखाडइ छइ—* નૈયાયિકની એકાન્તભેદની વાત તથા ભેદ જ માત્ર સર્વત્ર વ્યાપ્યવૃત્તિથી વર્તે છે. પોતાના અધિકરણમાં વ્યાપીને

વર્તે છે. આ વાત તદ્દન મિથ્યા છે. પરંતુ ભેદાભેદ જ સર્વત્ર વ્યાપ્યવૃત્તિ (વ્યાપીને રહેનાર) છે. એટલેકે ભેદાભેદ જ વ્યાપીને રહેનાર છે. અર્થાત્ "વ્યાપ્યવૃત્તિ" છે. આ જ વાત વધારે વધારે મજબૂત કરતાં ગ્રંથકારશ્રી કહે છે કે–

**जेहनो भेद, तेहनो ज रूपान्तर सहितनो अभेद होइ जिम- "स्थास-कोश-कुशूल-घट" आदिकनो भेद छइ, अनइ तेह ज मृद्द्रव्यत्वविशिष्ट अनर्पितस्वपर्यायनो अभेद छइ. तेहनो ज रूपान्तरथी भेद होइ, जिम-स्थास-कोश-कुशूलादिक विशिष्ट-मृद्द्रव्यपणइं तेहनो ज भेद होइ.**

શ્યામ-રક્ત, ઘટત્વ-પટત્વ, ચેતનત્વ-જડત્વ, આદિ ધર્મોની અપેક્ષાએ જે પદાર્થોની વચ્ચે જગતના પ્રાણીઓને સદંતર ભેદ જણાય છે. તે જ બધા પદાર્થોની વચ્ચે "રૂપાન્તરસહિતનો" એટલે કે અભેદને સૂચવનારા બીજા સ્વરૂપની પ્રધાનતા (અર્પણા) કરીએ ત્યારે અભેદ પણ અવશ્ય છે જ. જેમ કે "સ્થાસ-કોશ-કુશૂલ-અને ઘટ" આદિમાં તે તે આકૃતિની અપેક્ષાએ જ્યાં જ્યાં ભેદ જણાય છે. સ્થાસથી કોશ ભિન્ન છે. કોશાકૃતિથી કુશૂલાકૃતિ ભિન્ન છે. ઈત્યાદિ, જ્યાં તે તે આકૃતિની અપેક્ષાએ ભેદ જણાય છે. ત્યાં ત્યાં તે સર્વે સ્થાસાદિ આકૃતિઓને "*રૂપાન્તરથી*" વિચારીએ તો, એટલે કે આ પણ માટી દ્રવ્ય છે. આ પણ માટી દ્રવ્ય છે. આ પણ માટી દ્રવ્ય છે. આમ, મૃદદ્રવ્યત્વથી જ્યારે તે વિશિષ્ટ કરવામાં (વિચારવામાં) આવે છે. અને સ્થાસ-કોશ-કુશૂલાદિ જે જે પોત પોતાની પ્રતિનિયત આકૃતિ સ્વરૂપ સ્વ-પર્યાયો છે. તેની અનર્પિતતા (અવિવક્ષા-અપ્રધાનતા-ગૌણતા) કરવામાં આવે છે. ત્યારે "અભેદ" પણ જરૂર જણાય જ છે.

"મૃદ્દ્રવ્યપણે" જે સ્થાસ-કોશ-કુશૂલાદિકનો અભેદ છે. તે જ સ્થાસ-કોશ-કુશૂલાદિકને રૂપાન્તરથી વિચારીએ ત્યારે (એટલે મૃદ્દ્રવ્યપણે ન જોઈએ અને આકૃતિવિશેષે જોઈએ તો) ભેદ પણ અવશ્ય હોય જ છે. સામાન્ય મૃદ્દ્રવ્યપણે જે સ્થાસાદિનો અભેદ છે, તે જ સ્થાસાદિને તે તે સ્થાસ-કોશ કુશૂલ આદિ આકૃતિઓથી વિશિષ્ટ એવા મૃદ્દ્રવ્યપણે જો વિચારવામાં આવે તો તે જ સર્વે પર્યાયોનો ભેદ પણ અવશ્ય છે જ, અને પયાર્યભેદ હોવાથી તે તે પર્યાયથી વિશિષ્ટ એવા મૃદ્દ્રવ્યનો પણ ભેદ અવશ્ય છે. આ રીતે ઘટ-પટમાં પણ ઘટત્વ-પટત્વ ધર્મથી ભેદ હોવા છતાં પણ જો રૂપાન્તરથી એટલે દ્રવ્યસ્વરૂપે જો જોઈએ તો ઘટ પણ એક દ્રવ્ય છે. અને પટપણ એક દ્રવ્ય છે. તેથી દ્રવ્યપણે અભેદ પણ છે જ. એવી જ રીતે પદાર્થપણે પણ અભેદ છે. જડ-ચેતન જેવા પદાર્થો ઉપરછલ્લી રીતે એકાન્તભિન્ન દેખાતા હોય, તો પણ તે પદાર્થોમાં પણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યત્વ અને પદાર્થત્વ જેવા સામાન્ય ધર્મોથી જો જોઈએ તો અભેદ પણ અવશ્ય હોય જ છે.

**ए भेद नइं अभेद छइ. ते सइगमे नयनो मूलहेतु छइ. सात नयना जे सातसइं भेद छइं. ते ए रीते द्रव्य-पर्यायनी अर्पणा-अनर्पणाइं थाइं. ते शतारनयचक्राध्ययनमांहिं पूर्वि हुंता. हमणां-द्वादशारनयचक्रमांहिं "विधिः, विधिर्विधिः" इत्यादि रीतिं एकेक नयमांहि १२-१२ भेद उपजता कहिया छइ ॥ ४-८ ॥**

આ રીતે કોઈ પણ પદાર્થોમાં કોઈ એક રૂપથી જ્યાં ભેદ છે ત્યાં જ રૂપાન્તરથી અભેદ હોય છે. અને જ્યાં કોઈ એક રૂપથી અભેદ હોય છે. ત્યાં જ રૂપાન્તરથી ભેદ પણ અવશ્ય આવે જ છે. આ રૂપાન્તરપણાની વિવક્ષા (અર્પણા) અને અવિવક્ષા (અનર્પણા) એ જ ભેદ અને અભેદને વ્યવસ્થિત કરે છે. આમ અનેક સ્વરૂપોથી સંભવતા ભેદ (અનેકતા) અને અભેદ(એકતા)ના કારણે જ એક એક નયના ૧૦૦-૧૦૦ ભેદો પડી જાય છે. દરેક નયોના સેંકડો પ્રકાર પાડવામાં જો કોઈ કારણ હોય તો આ ભેદાભેદની અર્પણા-અનર્પણા જ કારણ છે. એક એક નયના ૧૦૦-૧૦૦ પ્રકારોની સમજ ઘણા પૂર્વકાળમાં "શતારનયચક્ર" નામના અધ્યયનમાં હતી. પરંતુ હમણાં તો (વર્તમાનકાળે તો) તે વિચ્છેદ પામેલ છે. પરંતુ પૂજ્ય મલ્લવાદીજીસૂરિકૃત "દ્વાદશારનયચક્ર" નામના ગ્રંથમાં ૧ વિધિઃ, ૨ વિધિર્વિધિઃ વિગેરે બારબાર ભેદો એક એક નયના બતાવેલ છે. વિશેષાર્થીએ તે તે ગ્રંથોનું ગુરુગમથી સૂક્ષ્મપણે અધ્યયન કરવું આવશ્યક છે. ॥૪૮॥

## ક્ષેત્ર કાલ ભાવાદિક યોગઇં, થાઇં ભંગની કોડી રે ।
## સંખેપઇં એ ઠામિ કહિઇં, સપ્તભંગની જોડી રે ॥ ૪-૯ ॥

*ગાથાર્થ*– ક્ષેત્ર-કાળ અને ભાવાદિકની અપેક્ષાએ ભાંગાઓની કોડી થાય છે (કરોડો ભાંગા થાય છે) છતાં, સંક્ષેપથી આ સ્થાનમાં સાતભાંગાની જોડી (સપ્તભંગી) કહેવાય છે. ॥ ૪-૯ ॥

**ટબો– દ્રવ્યાદિક વિશેષણઇં ભંગ થાઇં, તિમ-ક્ષેત્રાદિક વિશેષણઇં પણિ અનેક ભંગ થાઇ. તથા દ્રવ્યઘટઃ સ્વ કરી વિવક્ષિઇં, તિવારઇં-ક્ષેત્રાદિક ઘટ પર થાઇ, ઈમ પ્રત્યેકઇં-સપ્તભંગી પણિ કોડીગમઇં નીપજઇં, તથાપિ લોકપ્રસિદ્ધ જે કંબુ-ગ્રીવાદિ પર્યાયોપેતઘટ છઇ, તેહનઇં જ- સ્વત્રેવડીનઇં સ્વરૂપઇં - અસ્તિત્વ, પરરૂપઇં-નાસ્તિત્વ, ઈમ લેઇ સપ્તભંગી દેખાડિઇં. તથાહિ:**

૧. સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપેક્ષાઇં ઘટ છઈ જ.
૨. પર દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવાપક્ષાઇં નથી જ.
૩. એક વારઇં-ઉભય વિવક્ષાઇં અવક્તવ્ય જ, ૨ પર્યાય એક શબ્દઈ મુખ્યરૂપઈ ન કહવાઈ જ.
૪. એક અંશ સ્વરૂપઈ, એક અંશ પરરૂપઈ, તિવારઈં "છઈં નઈં નથી"
૫. એક અંશ સ્વરૂપઈ, એક અંશ-યુગપત્-ઉભયરૂપઈં વિવક્ષીઈં, તિ વારઈ- "છઈ, અનઈં અવાચ્યઃ"
૬. એક અંશ પરરૂપઇં, એક અંશ યુગપત્ ઉભયરૂપઇં વિવક્ષીઇં, તિ વારઇં- "નથી નઇં અવાચ્યઃ"
૭. એક અંશ સ્વરૂપઇં, એક (અંશ) પરરૂપઇં, એક (અંશ) યુગપત્ ઉભયરૂપઇં વિવક્ષીઈ. તિવારઇ "છઈં, નથી, નઇં અવાચ્યઃ" ॥ ૪-૯ ॥

*વિવેચન*– ભેદાભેદ અને તેની અર્પણા-અનર્પણા આદિ સમજવા-સમજાવવા માટે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવ સમજવા અતિશય જરૂરી છે. આ બધી વિવક્ષાઓ સમજીને જો "ભેદાભેદ" સમજવામાં આવે તો આ ભેદાભેદ આદિ સમજવું કઠીન હોવા છતાં સહેલું થઈ જાય છે. અને તે સમજેલો વિષય કદાપિ ખસતો નથી.

આ સંસારમાં ચેતન અને અચેતન એમ મુખ્યત્વે બે પદાર્થો છે. અચેતનપદાર્થના ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને કાળ એમ પાંચ પેટા વિભાગો છે. જેથી કુલ ષડ્દ્રવ્યાત્મક આ લોક છે. આ છમાં ચૈતન્યગુણવાળું દ્રવ્ય એક જ છે. અને તે જીવ છે. શેષ પાંચે દ્રવ્યો ચૈતન્યગુણથી રહિત છે. તેમાં પણ ધર્માસ્તિકાયાદિ ચાર અચેતન દ્રવ્યો વાસ્તવિક અને કાળ એ ઉપચરિત દ્રવ્ય છે (જો કે દિગંબર આમ્નાય કાળ દ્રવ્યને કાલાણુ સ્વરૂપે પારમાર્થિક દ્રવ્ય માને છે. જે આગળ દશમી ઢાળમાં સમજાવાશે.) આ છએ દ્રવ્યો પરસ્પર એવાં સંકળાયેલાં છે કે તેમાંના ૧ દ્રવ્યને બરાબર જાણવું હોય તો બાકીનાં દ્રવ્યોને પણ જાણવાં પડે છે. દરેક દ્રવ્યોને પોતાની અપેક્ષાએ "સ્વ" કહેવાય છે. અને પરદ્રવ્યની અપેક્ષાએ પર કહેવાય છે. જેમ કે "માટી દ્રવ્યનો બનેલો ઘટ, માટીની અપેક્ષાએ "*સ્વદ્રવ્ય*" છે. અને સુવર્ણાદિ અન્ય દ્રવ્યો તે માટીના ઘટને માટે "*પરદ્રવ્ય*" છે. એવી જ રીતે જે દ્રવ્ય જે આકાશ ક્ષેત્રમાં વ્યાપીને રહેલું હોય છે. તે આકાશ ક્ષેત્ર તે દ્રવ્ય માટે "*સ્વક્ષેત્ર*" કહેવાય છે. અને બાકીનું આકાશ ક્ષેત્ર તે વિવક્ષિત દ્રવ્ય માટે "*પરક્ષેત્ર*" કહેવાય છે. તથા જે દ્રવ્ય જે કાળે વિદ્યમાન છે, તે કાળ તે દ્રવ્ય માટે "*સ્વકાળ*" કહેવાય છે. અને જે દ્રવ્ય જે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કાળે અવિદ્યમાન છે. તે દ્રવ્ય માટે તે કાળ "*પરકાળ*" કહેવાય છે. એવી રીતે જે દ્રવ્ય જે સ્વરૂપે વર્તતુ હોય છે, તે તેનો "*સ્વભાવ*" કહેવાય છે. અને જે દ્રવ્ય જે સ્વરૂપે વર્તતુ હોતું નથી તે સ્વરૂપ તે દ્રવ્ય માટે "*પરભાવ*" કહેવાય છે.

સર્વે પદાર્થોનો સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિકપણે પણ વિચાર કરાય છે. અને પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવાદિકપણે પણ વિચાર કરાય છે. કોઈ પણ એક વસ્તુને સ્વદ્રવ્યાદિથી જ્યારે વિચારવામાં આવે છે. ત્યારે તે અસ્તિસ્વરૂપે (હોવા રૂપે) ભાસે છે. અને તે જ વસ્તુને પરદ્રવ્યાદિથી જ્યારે વિચારવામાં આવે છે. ત્યારે તે નાસ્તિસ્વરૂપે (ન હોવા રૂપે) પણ ભાસે છે. જેમ કે "*અમદાવાદમાં વસંતઋતુમાં બનાવેલો માટીનો પકવેલો નાનો એક લાલઘટ છે.*" આ ઘટને સ્વદ્રવ્યથી વિચારીએ કે શું આ માટીનો ઘટ છે? તો ઉત્તરમાં "હા" જ કહેવી પડે, અને શું આ સોનાનો કે રૂપાનો ઘટ છે ? તો "ના" જ કહેવી પડે. કારણ કે તે ઘટ માટીનો છે. પણ સોનાનો કે રૂપાનો નથી. આ સ્વદ્રવ્યથી અસ્તિત્વ અને પરદ્રવ્યથી નાસ્તિત્વ થયું. આ જ પ્રમાણે શું આ અમદાવાદનો ઘટ છે ? તો "હા" જ કહેવી પડે, અને શું આ ઘટ સુરતનો છે ? તો "ના" જ કહેવી પડે, આ સ્વક્ષેત્રથી અસ્તિસ્વરૂપ અને પરક્ષેત્રથી નાસ્તિસ્વરૂપ થયું. આ જ રીતે વસંતઋતુની બનાવટનો છે. અને શિશિરાદિ અન્ય ઋતુઓમાં બનાવેલો નથી. આ સ્વકાળ અને પરકાળ આશ્રયી અસ્તિ-નાસ્તિ થયું. તથા શું આ ઘટ પક્વ છે ? કે અપક્વ છે ? લાલ છે ? કે કાળો છે ? નાનો છે કે મોટો છે ? પક્વમાં, રક્તમાં અને નાના ઘટમાં "હા" કહેવાય છે તે સ્વભાવથી અસ્તિ છે. અને અપક્વમાં શ્યામમાં તથા મોટાઘટના પ્રશ્નમાં "ના" કહેવાય છે. તે પરભાવથી નાસ્તિ છે. આ રીતે સંસારવર્તી સર્વે પણ સચેતન અચેતન પદાર્થો સ્વદ્રવ્ય--સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવને આશ્રયી "અસ્તિસ્વરૂપ" (હોવારૂપે) છે. અને પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાળ અને પરભાવને આશ્રયી "નાસ્તિસ્વરૂપ" (ન હોવા રૂપે) છે. જગદ્‌વર્તી પદાર્થોનું આ સ્વયંસિદ્ધ સહજ સ્વરૂપ છે અને તે પારિણામિક ભાવે વર્તે છે. આ રીતે સર્વે પદાર્થો સ્વદ્રવ્યાદિથી અસ્તિ છે. અને પરદ્રવ્યાદિથી નાસ્તિ છે.તેના સંયોગિક ભાવે ૭ ભાંગા થાય છે. જેને જૈન શાસ્ત્રોમાં સપ્તભંગી કહેવાય છે. ત્યાં પ્રથમ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની અપેક્ષાએ જે "સપ્તભંગી" થાય છે. તે સમજાવાય છે.

**द्रव्यादिक विशेषणइं भंग थाइ**

વિવક્ષા કરેલા આ માટીના ઘડાને માટી દ્રવ્યથી વિચારીએ તો અસ્તિ છે. પરંતુ માટીનો બનેલો આ ઘટ કંઈ સોનાનો, રૂપાનો, તાંબાનો, બનેલો નથી એમ બીજી બધી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જાતિનો કંઈ બનેલો આ ઘટ નથી. તેથી સોના-રૂપાદિના ઘટનો અભાવ સૂચવવા અને માત્ર માટી દ્રવ્યનો જ બનેલો આ ઘટ છે. એમ જણાવવા તેની આગળ "स्यात्" લખવામાં (બોલવામાં) આવે છે. કારણ કે *"स्यात्" એટલે "અમુક વિવક્ષિત દ્રવ્યાદિકની અપેક્ષાએ જ"* આ ઘટ છે. અર્થાત્ માટી દ્રવ્યને આશ્રયીને જ આ ઘટ અસ્તિ છે.

હવે માટીનો તો તે આ ઘટ છે જ, જેમ સોના-રૂપા આદિ અન્ય ધાતુઓ પણે આ ઘટ નાસ્તિ છે તેમ માટી દ્રવ્યને આશ્રયી કોઈ નાસ્તિ ન સમજી લે. પણ માટી દ્રવ્યની અપેક્ષાએ તો આ ઘટ છે જ. એમાં કંઈ શંકા કે વિકલ્પ કરવા જેવો નથી. તે સમજાવવા માટે અસ્તિ શબ્દની પછી "एवकार" શબ્દ મુકવામાં આવે છે- આ રીતે સ્વદ્રવ્યને આશ્રયી આ ઘટ "स्यादस्त्येव" પોતાના દ્રવ્યને આશ્રયીને તો આ ઘટ છે જ. આવો આ પ્રથમભાંગો બને છે.

જ્યારે તે જ ઘટને સોના-રૂપા આદિ પરદ્રવ્યથી વિચારીએ છીએ ત્યારે તેનું નાસ્તિ સ્વરૂપ પ્રધાન પણે દેખાય છે. માટી દ્રવ્યને આશ્રયી જે અસ્તિ સ્વરૂપ હતું. તે સ્વરૂપ અવશ્ય અંદર છે જ, પણ નાસ્તિની વિવક્ષાના કાલે તે ગવાતું નથી, બોલાતું નથી. ગૌણ થાય છે. અને નાસ્તિ સ્વરૂપ પ્રધાન થાય છે. છતાં એકાન્ત નાસ્તિત્વ નથી. આમ સમજાવવું છે. તેથી માટી દ્રવ્યને આશ્રયી અસ્તિત્વ પણ ગૌણભાવે અંદર રહેલું છે. તે સમજાવવા નાસ્તિશબ્દની આગળ "स्यात्" પદ જોડવામાં આવે છે. એટલે કે જે નાસ્તિસ્વરૂપ છે તે પણ પરદ્રવ્યાદિની જ માત્ર અપેક્ષાએ છે. તેથી કથંચિદ્ છે એકાન્તિક નથી. તથા સોના-રૂપાદિને આશ્રયી જે નાસ્તિપણું છે. તે શંકાશીલ અને વૈકલ્પિક ન થઈ જાય, તે માટે પાછળ एवकार મુકીને "स्यान्नास्त्येव" આ ઘટ કથંચિદ્ નાસ્તિ જ છે. આ બીજો ભાંગો થયો. પ્રથમભાંગામાં अस्ति પ્રધાન અને नास्ति ગૌણ છે. જ્યારે બીજા ભાંગામાં नास्ति પ્રધાન અને अस्ति ગૌણ છે. વાસ્તવિકપણે તો આ બન્ને જ ભાંગા સમજવા અનિવાર્ય છે. અતિશય જરૂરી છે. કારણ કે બાકીના બધા ભાંગા આ બે ભાંગાના પરસ્પર જોડાણથી જ થવાના છે.

સ્વદ્રવ્યાદિથી જે અસ્તિત્વ છે. અને પરદ્રવ્યાદિથી જે નાસ્તિત્વ છે. તે બન્નેને એકસાથે એક જ શબ્દથી કહેવા જઈએ તો કોઈ એવો પારિભાષિક શબ્દ નથી કે જે એક શબ્દથી બન્ને સ્વરૂપો સાથે કહી શકાય. માટે યુગપત્ પણે ઉભયનયને આશ્રયી વસ્તુ "स्यादवक्तव्य एव" છે. આ ત્રીજો ભાંગો થાય છે.

"માટીની અપેક્ષાએ અસ્તિ, અને સોના-રૂપાદિની અપેક્ષાએ નાસ્તિ" આ ઘટનું એક સ્વરૂપ સમજાવ્યું. તેમ જ લાલ માટીનો બનેલો છે. પીળી માટીનો બનેલો નથી,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કોમળ માટીનો બનેલો છે. પણ કર્કશ માટીનો બનેલો નથી તથા પુદ્ગલદ્રવ્યનો બનેલો છે. જીવદ્રવ્યનો બનેલો નથી. આમ, આ ઘટમાં એકલા દ્રવ્યને આશ્રયી પણ અનંતાં અસ્તિ-નાસ્તિ સ્વરૂપો રહેલાં છે. "આ સ્વરૂપોને" શાસ્ત્રોમાં અંશ "શબ્દથી સમજાવવામાં આવે છે" હવે અહીં આગળ-આગળ જ્યારે જ્યારે "अंश" શબ્દ વાપરવામાં આવે, ત્યારે ત્યારે "સ્વરૂપ" અર્થ કરવો. પરંતુ ભાગ-ટુકડા-કે દેશ એવો અર્થ ન કરવો. સંસ્કૃત વાક્યોમાં આ સાત ભાંગા સમજાવતા મહાપુરુષોએ "અંશ" શબ્દનો વારંવાર પ્રયોગ કર્યો છે. જેમ કે આ જ ઘટનો એક અંશ (સ્વરૂપ) પ્રથમ સ્વદ્રવ્યથી વિચારીએ અને તે જ ઘટનો બીજો અંશ (બીજુ સ્વરૂપ) પરદ્રવ્યથી વિચારીએ એમ અનુક્રમે બન્ને નયોથી બન્ને સ્વરૂપ (અંશ) વિચારીએ તો આ જ ઘટ "स्यादस्ति-स्यान्नास्ति" છે. આ ચોથો ભાંગો થાય છે. આ ભાંગામાં અને આ પછીના ભાંગામાં "ઘટનો એક અંશ અસ્તિરૂપે, અને ઘટનો બીજો એક અંશ નાસ્તિરૂપે" આવું લખેલું વાક્ય આવે ત્યારે અંશ શબ્દ સાંભળીને ઘટનો એક ભાગ અસ્તિરૂપે છે. અને ઘટનો બીજો એક ભાગ નાસ્તિરૂપે છે. એવો અર્થ સમજાઈ જાય છે. અને તેથી ભ્રમ થઈ જાય છે. પરંતુ ઘડાના આવા બે અંશો (ભાગો)માં ક્રમશઃ અસ્તિ-નાસ્તિ સ્વરૂપ દેખાતું નથી. અને છે પણ નહીં પરંતુ સંપૂર્ણ ઘડામાં અસ્તિ-નાસ્તિ સ્વરૂપ વ્યાપેલું છે. અને તેમ દેખાય છે. તેથી અહીં "અંશ" શબ્દનો અર્થ "સ્વરૂપ" કરવો. સ્વદ્રવ્યથી અસ્તિ અને પરદ્રવ્યથી નાસ્તિ અનુક્રમે વિચારીએ ત્યારે આ ચોથો ભાંગો "स्यादस्ति नास्ति एव" એવો થાય છે.

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

ત્યારબાદ ૧+૪ પહેલો અને ચોથો ભાંગો સાથે કરવાથી પાંચમો स्यादस्ति अवक्तव्य एव નામનો પાંચમો ભાંગો, ૨+૪ સાથે કરવાથી स्यान्नास्ति अवक्तव्य एव નામનો છટ્ઠો ભાંગો, ૩+૪ સાથે કરવાથી स्यादस्ति नास्ति अवक्तव्य एव નામનો સાતમો ભાંગો થાય છે. જૈન દર્શનમાં આ સાત ભાંગાઓને "સપ્તભંગી" કહેવાય છે. આ પ્રમાણે તે જ ઘટમાં પુદ્ગલદ્રવ્ય પણે અસ્તિ અને જીવ દ્રવ્ય પણે નાસ્તિ, રૂપી દ્રવ્યપણે અસ્તિ અને અરૂપી દ્રવ્યપણે નાસ્તિ ઈત્યાદિ રીતે વિચારણા કરતાં સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને જ માત્ર આશ્રયી અસ્તિ નાસ્તિપણું પણ અનેક જાતનું હોવાથી અનેક સપ્તભંગીઓ સ્વદ્રવ્ય-પરદ્રવ્યને આશ્રયી થાય છે.

**तिम क्षेत्रादिक विशेषणइं पणि अनेक भंग थाइ.**

જેમ સ્વદ્રવ્ય અને પરદ્રવ્યને આશ્રયી અનેક સપ્તભંગી સમજાવી. તે જ રીતે સ્વક્ષેત્ર-પરક્ષેત્રને આશ્રયી, સ્વકાલ-પરકાલને આશ્રયી, સ્વભાવ-પરભાવને આશ્રયી પણ અનેક સપ્તભંગીઓ સ્વરૂપ ભાંગાઓ થાય છે. જેમ કે આ જ માટીનો ઘટ અમદાવાદમાં નિષ્પન્ન થવા રૂપે અસ્તિસ્વરૂપ છે. પરંતુ સુરત આદિ અન્ય શહેરોમાં બનવા પણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નાસ્તિસ્વરૂપ છે. અમદાવાદની પણ અમુક પોળવાળા ક્ષેત્રને આશ્રયી અસ્તિ સ્વરૂપ છે શેષ પોળોને આશ્રયી નાસ્તિ સ્વરૂપ છે. વસંતઋતુમાં બનવા પણે અસ્તિ સ્વરૂપ છે. શિશિરાદિ અન્ય ઋતુઓમાં બનવા પણે નાસ્તિ સ્વરૂપ છે. પકવેલો લાલ રંગનો ઘટ વિચારીએ તો અસ્તિરૂપ છે. અને અપક્વપણે તથા શ્યામરૂપાદિ ભાવે નાસ્તિસ્વરૂપ છે. આ રીતે ક્ષેત્રાદિક (ક્ષેત્ર-કાલ-ભાવ) વિશેષણોને આશ્રયી ઘણી જ સપ્તભંગીઓ થવા સ્વરૂપ અનેક ભાંગાઓ થાય છે.

**तथा द्रव्यघट स्व करी विवक्षिइं, ति वारइं क्षेत्रादिक पर थाइ. इम प्रत्येकइं-सप्तभंगी पणि कोडीगमइ नीपजइं.**

તથા જેમ દ્રવ્ય-દ્રવ્યમાં સ્વ-પરનો ભેદ કરવામાં આવ્યો અને તેને આશ્રયી અસ્તિ-નાસ્તિ સ્વરૂપ જાણ્યું. તેવી જ રીતે જ્યારે કેવળ દ્રવ્યની પ્રધાનતા કરો અને ક્ષેત્રાદિની ગૌણતા વિચારો ત્યારે, એટલે કે "द्रव्यघटने" स्व શબ્દથી પ્રધાનતાએ જણાવવાની ઈચ્છા હોય ત્યારે, क्षेत्रादिक આશ્રયી જે જે ઘટ છે. તે બધા પર થાય છે. અને એમ થવાથી તેને આશ્રયીને પણ દરેકમાં સપ્તભંગીઓ થાય છે. આ રીતે પણ કરોડો પ્રમાણમાં સપ્તભંગીઓ થાય છે. જેમ કે પાણી ભરવા માટે "માટી દ્રવ્યનો બનેલો ઘટ જોઈએ" અહીં દ્રવ્યઘટ માત્રની પ્રધાનતા કરી, પછી તે ઘટ અમદાવાદનો હોય કે સુરતનો હોય, વસંતઋતુનો હોય કે શિશિર ઋતુનો હોય, પક્વ હોય કે અપક્વ હોય ઈત્યાદિ ભાવોની અવિવક્ષા (ગૌણતા) વિચારો ત્યારે તેની પણ જુદી જુદી સપ્તભંગી થાય છે.

સારાંશે કે પૂર્વે દ્રવ્ય-દ્રવ્યમાં જ સ્વ-પરનો ભેદ કર્યો હતો કે માટી દ્રવ્યરૂપે ઘટ અસ્તિ છે અને બીજા દ્રવ્યના બનેલા રૂપે નાસ્તિ છે અને હવે અહી દ્રવ્યમાત્રને સ્વ તરીકે વિવક્ષા કરી તથા ક્ષેત્ર-કાળ-ભાવ આદિની પર તરીકે વિવક્ષા કરી. તેથી તેની પણ સ્વ-પર પણે સપ્તભંગી થાય આમ વિવક્ષા વશથી અનંતી સપ્તભંગી થાય છે.

**तथापि लोकप्रसिद्ध जे कम्बूग्रीवादि पर्यायोपेत घट छइ, तेहनइं ज- स्वत्रेवडीनइं, स्वरूपइं अस्तित्व, पररूपइं नास्तित्व, इम लेइ सप्तभंगी देखाडिइं तथाहि—**

ઉપર સમજાવ્યા પ્રમાણે અનેક પ્રકારની અનેક સપ્તભંગીઓ થતી હોવા છતાં પણ લોકોમાં પ્રસિદ્ધ જે કંબુગ્રીવાદિ આકારવાળા (નીચેથી પહોળા અને ઉપરથી ગળા સુધી સાંકડા અને તેની ઉપર કાંઠલા યુક્ત આકારવાળા) એટલે કે એવા પ્રકારના પર્યાયથી યુક્ત પદાર્થને ઘટ કહેવાય છે. અને તે પદાર્થને જ "સ્વ" શબ્દથી ત્રેવડીએ = એટલે સ્વશબ્દથી વિવક્ષીએ, (ત્રેવડીએ એટલે સમજીએ, વિવક્ષીએ, વિવેક કરીએ) ત્યારે તે સ્વરૂપે અસ્તિ, અને પરરૂપે નાસ્તિ ધર્મવાળો આ ઘટ થયો. અને આમ, વિરોધી બે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધર્મ વિવક્ષાભેદે સિદ્ધ થતાં બે ભાંગા બનવાથી તેના સંચારણથી અનુક્રમે સપ્તભંગી થાય છે. આમ અનંતી સપ્તભંગીઓ થાય છે. પરંતુ અનંતભંગી થતી નથી. કારણકે સર્વે પણ વસ્તુઓ વિવક્ષાભેદે વિરોધી દેખાતા બે ધર્મોના સમન્વયાત્મક સ્વરૂપવાળી છે. તેથી વિરોધી દેખાતા બે ધર્મોનો સમન્વય કરવા સ્વરૂપે પ્રથમ બે ભાંગા થાય છે. ત્યાર પછી પરસ્પરના મિલનથી શેષ પાંચ ભાંગા બને છે. જેમ આ અસ્તિ-નાસ્તિની સપ્તભંગી કરી. તેવી જ રીતે નિત્ય-અનિત્યની, ભિન્ન-અભિન્નની, સામાન્ય-વિશેષની એમ અનેક સપ્તભંગીઓ થાય છે. પરંતુ કોઈપણ વિરોધી બે ધર્મો ઉપરથી અનંત ભાંગા ન થતા હોવાથી અનંતભંગી થતી નથી. ત્યાં ઉદાહરણ તરીકે એક "અસ્તિ નાસ્તિની સપ્તભંગી" ગ્રંથકારશ્રી દેખાડે છે. તે આ પ્રમાણે–

**१. स्वद्रव्य-क्षेत्र काल भावापेक्षाइं घट छइ ज**

૧. સંસારવર્તી સર્વે પણ વસ્તુઓ સ્વદ્રવ્ય આશ્રયી, સ્વક્ષેત્ર આશ્રયી, સ્વકાલ આશ્રયી અને સ્વભાવ આશ્રયી "અસ્તિ" સ્વરૂપ જ છે. જેમ કે માટીનો વિવક્ષિત એવો "ઘટ" માટી દ્રવ્યને આશ્રયી, અમદાવાદમાં નિપજવાપણાને આશ્રયી, વસંત ઋતુમાં જન્મ પામવાપણાને આશ્રયી અને પકવતા તથા રક્તતા ગુણને આશ્રયી "છે જ." આવા પ્રશ્નોના ઉત્તરમાં "આ ઘટ છે જ." આમ જ કહેવું પડે. કારણ કે ઘડામાં તેવું સ્વરૂપ વાસ્તવિકપણે વર્તે છે. આ **स्यादस्ति एव** નામનો પ્રથમ ભાંગો થાય છે.

**२. परद्रव्य-क्षेत्र काल-भावापेक्षाइं नथी ज.**

૨. તે જ સર્વે વસ્તુઓમાં પરદ્રવ્ય પરક્ષેત્ર પરકાળ અને પરભાવને આશ્રયીને "*નાસ્તિ*" સ્વરૂપ પણ છે જ. જેમકે માટીનો વિવક્ષિત તે જ ઘટ સોના-રૂપા-તાંબા આદિ અન્ય દ્રવ્ય આશ્રયી, સુરત આદિ અન્યક્ષેત્ર આશ્રયી, શિશિરાદિ અન્ય ઋતુ આશ્રયી, અને અપક્વ તથા શ્યામત્વાદિ ગુણોને આશ્રયી "*નથી જ.*" અને જ્યારે કોઈ આવા પ્રશ્નો કરે કે શું આ ઘટ સુરતનો તથા શિશિર ઋતુનો છે ? તો તેવા પ્રશ્નોના ઉત્તરમાં "*આ ઘટ તેવો નથી જ*" આમ જ ઉત્તર આપવો પડે છે. કારણ કે ઘડામાં તેવા દ્રવ્યાદિને આશ્રયીને અસ્તિ સ્વરૂપ પ્રવર્તતું નથી. આ **स्यान्नास्ति एव** નામનો બીજો ભાંગો થાય છે.

**३. एकवारइं - उभयविवक्षाइं अवक्तव्य ज. 2 पर्याय एक शब्दइ मुख्यरुपइ न कहवाइ ज.**

૩. કોઈ પણ પદાર્થમાં સ્વદ્રવ્યાદિથી અસ્તિસ્વરૂપ અને પરદ્રવ્યાદિથી નાસ્તિસ્વરૂપ સાથે જ રહેલું છે. તથાપિ એક જ વારમાં (એકી સાથે) બન્ને નયોની ભેગી વિવક્ષા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પ્રધાનપણે કરીને કહેવું હોય તો તે સ્વરૂપ ન કહેવાય તેવું છે. કારણકે બન્ને (અસ્તિ-નાસ્તિ) પર્યાયો એક જ શબ્દ દ્વારા પ્રધાનપણે કહી શકાતા નથી. (કાં તો ક્રમે ક્રમે પ્રધાનપણે કહેવાય, કાંતો એકી સાથે એક પ્રધાનપણે અને બીજુ સ્વરૂપ ગૌણ પણે કહેવાય.) તેથી स्यादवाच्य નામનો આ ત્રીજો ભાંગો થાય છે.

**४. एक अंश स्वरूपइं, एक अंश पररूपइं, विवक्षीइं, तिवारइं ''छइ नइं नथी.''**

૪. કોઈ પણ પદાર્થમાં પહેલું એક સ્વરૂપ જે સ્વદ્રવ્યાદિથી અસ્તિઆત્મક સ્વરૂપ છે તેની પ્રધાનપણે વિચારણા કરીએ અને પછી બીજું એક સ્વરૂપ જે પરદ્રવ્યાદિથી નાસ્તિઆત્મક છે તે વિચારીએ, આમ બન્ને સ્વરૂપો અનુક્રમે વિચારીએ ત્યારે આ જ વિવક્ષિત પદાર્થનું સ્વરૂપ "છે અને નથી" અર્થાત્ ક્રમશર "અસ્તિ-નાસ્તિ" સ્વરૂપ છે. આ ચોથો ભાંગો છે. એટલે કે આ स्यादस्ति स्यान्नास्ति નામનો ચોથો ભાંગો થાય છે.

**५. एक अंश स्वरूपइ, एक अंश युगपत् उभयरूपइ विवक्षीइ, तिवारइं ''छइ अनइं अवाच्य''**

૫. એવી જ રીતે તે પદાર્થમાં પ્રથમ એક સ્વરૂપ જે સ્વદ્રવ્યાદિથી અસ્તિ (સ્વરૂપ) છે. તે વિચારીએ (વિવક્ષીએ) અને ત્યારબાદ બીજુ સ્વરૂપ સ્વદ્રવ્યાદિથી અને પરદ્રવ્યાદિથી એમ ઉભયનયથી યુગપત્ પણે (એકીસાથે) વિચારીએ તો તે જ પદાર્થ "છે અને *અવાચ્ય" બને છે આ* "अस्ति अवाच्य" નામનો પાંચમો ભાંગો થાય છે.

**६. एक अंश पररूपइ, एक अंश युगपत्-उभयरूपइ विवक्षीइ, ति वारइं ''नथी नइं अवाच्य.''**

આ પ્રમાણે પદાર્થનું પરદ્રવ્યાદિથી જે નાસ્તિઆત્મક સ્વરૂપ છે તે પ્રથમ વિચારીને ત્યારબાદ બન્ને નયોની એકસાથે યુગપત્ પણે જો વિચારણા કરવામાં આવે તો તે વસ્તુ "नास्ति अवाच्य" છે. અર્થાત્ "નથી અને અવકતવ્યરૂપ છે" આ છટ્ઠો ભાંગો જાણવો.

**७. एक अंश स्वरूपइं, एक ( अंश ) पररूपइं, एक ( अंश ) युगपत्-उभय रूपइ विवक्षीइ, तिवारइ ''छइ, नथी, नइं अवाच्य'' ॥ ४-९ ॥**

૭. પદાર્થનું સ્વદ્રવ્યાદિથી જે અસ્તિઆત્મક સ્વરૂપ છે. તે એક સ્વરૂપ પ્રથમ વિચારીએ, ત્યારબાદ પર દ્રવ્યાદિથી જે નાસ્તિઆત્મક સ્વરૂપ છે, તે વિચારીએ, અને ત્યારબાદ એકી સાથે બન્ને નયોથી અવાચ્ય આત્મક જે સ્વરૂપ છે. તે વિચારીએ ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે વસ્તુ "*છે, નથી, અને અવાચ્ય*" બને છે. એટલે કે "अस्ति नास्ति अवाच्य" થાય છે. આ સાતમો ભાંગો છે.

આ પ્રમાણે જેમ સ્વદ્રવ્યથી અને પરદ્રવ્યથી અસ્તિ-નાસ્તિ સ્વરૂપ સમજતાં એક સપ્તભંગી થઈ, તેવી જ રીતે સ્વક્ષેત્ર અને પરક્ષેત્રને આશ્રયી, સ્વકાલ અને પરકાલને આશ્રયી, સ્વભાવ અને પરભાવને આશ્રયી પણ સપ્તભંગીઓ થાય છે. આ રીતે અસ્તિ-નાસ્તિ ની સપ્તભંગી જેમ કહી. તેવી જ રીતે "ભિન્ન-અભિન્નની" "સામાન્ય-વિશેષની" "નિત્ય-અનિત્યની" ઈત્યાદિ અનેક સપ્તભંગીઓ થાય છે. ઉપર છલ્લી રીતે પરસ્પર વિરુદ્ધ દેખાતા બે ધર્મોની નયભેદે સમન્વય કરનારી આ રીતે અનેક કોડીગમે=કરોડો પ્રકારની સપ્તભંગી થાય છે.

અહીં જે સાતભાંગા સમજાવ્યા, ત્યાં કોઈ કોઈ ગ્રંથોમાં ત્રીજા-ચોથા ભાંગાઓ ઉલટાક્રમે પણ આવે છે. એટલે ત્રીજાની જગ્યાએ ચોથો અને ચોથાની જગ્યાએ ત્રીજો ભાંગો પણ જોવા મળે છે. અર્થથી બધુ સમાન જ છે. પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીના આ રાસમાં જ આ ચોથી ઢાળમાં જ ટબામાં જે સાત ભાંગા લખ્યા છે તેના કરતાં ત્રીજા-ચોથાના ફેરબદલીવાળા સાત ભાંગા હવે પછીની મૂળ ગાથામાં ભેદાભેદમાં આવે છે.

| આ ગાથાના ટબામાં આવેલો ક્રમ. | પછીની ગાથામાં આવનાર ક્રમ. |
|---|---|
| ૧ स्यादस्त्येव | ૧ स्याद्भिन्नमेव |
| ૨ स्यान्नास्त्येव | ૨ स्याद्अभिन्नमेव |
| ૩ स्यादवक्तव्यमेव | ૩ स्याद्भिन्नाभिन्नमेव |
| ૪ स्यादस्तिनास्त्येव | ૪ स्याद्अवक्तव्यमेव |
| ૫ स्यादस्तिअवक्तव्यमेव | ૫ स्याद्भिन्नमवक्तव्यमेव |
| ૬ स्याद्नास्त्यवक्तव्यमेव | ૬ स्याद्अभिन्नमवक्तव्यमेव |
| ૭ स्याद्अस्ति, नास्ति अवक्तव्यमेव | ૭ स्याद्भिन्नाभिन्नम् अवक्तव्यमेव |

આ ભાંગા યાદ રાખવા માટે પહેલો બતાવેલો ક્રમ વધારે સરળ રહે છે. કારણ કે તેમાં પ્રથમના ૩ ભાંગા એકસંયોગી, પછીના ૩ ભાંગા બેસંયોગી, અને છેલ્લો એક ત્રિસંયોગી ભાંગો થાય છે. જે "ભાષ્યત્રયમ્" માં બતાવેલા "મન-વચન-કાયાના અને કરવું કરાવવું અને અનુમોદવું ના ભાંગાની રીતિ પ્રમાણે છે. પ્રથમ એક સંયોગી ત્રણ ભાંગા છે ૧. અસ્તિ, ૨. નાસ્તિ, ૩ અવક્તવ્ય. ત્યારબાદ ૧-૨, ૧-૩, ૨-૩, સાથે કરવાથી બીજા ત્રણ ભાંગા દ્વિસંયોગી થાય છે અને ત્યારબાદ ૧-૨-૩ ના સંયોગવાળો છેલ્લો ભાંગો થાય છે.



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે કોઈ પણ પદાર્થમાં એક અપેક્ષાએ જે સ્વરૂપ હોય છે ત્યાં બીજી અપેક્ષાએ (રૂપાન્તરથી) તેનાથી વિરુદ્ધ દેખાતું સ્વરૂપ પણ હોય જ છે. તો ભેદાભેદને એક સાથે અપેક્ષા ભેદે રહેવામાં વિરોધની વાત કેમ કરાય ? સર્વત્ર ભેદાભેદ, અસ્તિ નાસ્તિ, નિત્યાનિત્ય અપેક્ષાભેદે વ્યાપીને જ રહે છે. માટે ભેદાભેદ જ વ્યાપ્યવૃત્તિ છે. કેવળ એકલો ભેદ વ્યાપ્યવૃત્તિ નથી. તેથી નૈયાયિકની કેવળ એકલા ભેદને જ વ્યાપ્યવૃત્તિ માનવાની વાત યથાર્થ નથી. ॥ ૪૯ ॥

## પર્યાયારથ ભિન્ન વસ્તુ છઈ, દ્રવ્યારથઈ અભિન્નો રે
## ક્રમઈ ઉભય નય જો અર્પીજઈ, તો ભિન્ન નઈ અભિન્નો રે
## ॥ ૪-૧૦ ॥

*ગાથાર્થ*– પર્યાયાર્થિક નયની અર્પણાથી સર્વે વસ્તુ ભિન્ન છે. દ્રવ્યાર્થિક નયની અર્પણાથી સર્વે વસ્તુ અભિન્ન છે. અનુક્રમે બન્ને નયોની અર્પણા કરવાથી સર્વે વસ્તુ કથંચિદ્ ભિન્ન અને કથંચિદ્ અભિન્ન છે. ॥ ૪-૧૦ ॥

**ટબો**– હવઈ એ સપ્તભંગી ભેદાભેદમાં જોડીઈ છઈ- પર્યાયાર્થ નયથી સર્વ વસ્તુ દ્રવ્ય ગુણ પર્યાય, લક્ષણઈં કથંચિદ્ ભિન્ન જ છઈં ૧. દ્રવ્યાર્થ નયથી કથંચિદ્ અભિન્ન જ છઈં. જે માટિં ગુણ પર્યાય દ્રવ્યના જ આવિર્ભાવ તિરોભાવ છઈં ૨. અનુક્રમઈ જો ૨ નય દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક અર્પીઈ, તો કથંચિદ્ ભિન્ન કથંચિદ્ અભિન્ન કહિઈં ૩. ॥ ૪-૧૦ ॥

*વિવેચન*– *हवइ ए सप्तभंगी भेदाभेदमां जोडीइ छइ*- ઉપરની ગાથામાં અસ્તિ-નાસ્તિની જેવી સપ્તભંગી સમજાવી. તેવી જ રીતે ભિન્ન અને અભિન્નની સપ્તભંગી થાય છે. સ્વદ્રવ્ય-સ્વક્ષેત્રાદિની અર્પણા કરવાથી અસ્તિતા, અને પરદ્રવ્ય-પરક્ષેત્રાદિની અર્પણા કરવાથી નાસ્તિતા જેમ જણાય છે. તેવી જ રીતે પર્યાયાર્થિક નયની અર્પણા કરવાથી ભેદ, અને દ્રવ્યાર્થિક નયની અર્પણા કરવાથી અભેદ પણ છે. તે હવે સમજાવે છે. :—

**पर्यायार्थनयथी सर्व वस्तु द्रव्यगुणपर्याय, लक्षणइं कथंचिद्‌भिन्न ज छइ. १. द्रव्यार्थनयथी कथंचिद् अभिन्न ज छइ 'जे माटिं गुण पर्याय द्रव्यना ज आविर्भाव तिरोभाव छइ. २.**

૧. પર્યાયાર્થિક નયની જ્યારે અર્પણા (પ્રધાનતા) કરીએ ત્યારે દ્રવ્યથી ગુણ પર્યાયો, અને ગુણ પર્યાયોથી દ્રવ્ય કંઈક ભિન્ન જણાય છે. જેમ કે ગુણ પર્યાયોનો આધાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તે દ્રવ્ય, અને દ્રવ્યમાં આધેય રૂપે જે હોય, તે ગુણ પર્યાયો કહેવાય છે. તથા જે "સહભાવી" ધર્મ હોય તે ગુણ અને *"ક્રમભાવી"* ધર્મ હોય તે પર્યાય કહેવાય છે. આ રીતે લક્ષણોથી (સંખ્યાથી-સંજ્ઞાથી-આધારાધેયભાવથી અને ઈન્દ્રિયગ્રાહ્યતા આદિથી) દ્રવ્યથી ગુણપર્યાયોનો ભેદ છે. તથા સહભાવિત્વ અને ક્રમભાવિત્વ લક્ષણથી ગુણો અને પર્યાયોનો પણ કથંચિદ્ ભેદ છે. આ પ્રથમ ભાંગો છે.

૨. દ્રવ્યાર્થિકનયની જ્યારે અર્પણા (પ્રધાનતા) કરીએ ત્યારે દ્રવ્યથી ગુણ-પર્યાયો, અને ગુણ-પર્યાયોથી દ્રવ્ય અભિન્ન છે. जे माटि = કારણકે ગુણો અને પર્યાયો એ કંઈ સ્વતંત્ર વસ્તુ નથી કે જે દ્રવ્યથી ભિન્ન હોય. પરંતુ દ્રવ્યના જ આવિર્ભાવ (પ્રગટીકરણ સ્વભાવ) અને તિરોભાવ (અપ્રગટીકરણ સ્વભાવ) માત્ર જ છે. સર્પની ઉત્ફણા અને વિફણા એ અવસ્થા માત્ર જ છે. અને તે અવસ્થાઓ સર્પદ્રવ્યથી કંઈ જુદી નથી. તેમ સર્વ દ્રવ્યોમાં અવસ્થા, એ અવસ્થાવાન્‌થી ભિન્ન સંભવતી નથી. પરંતુ અભિન્ન છે. આ બીજો ભાંગો જાણવો.

**अनुक्रमइ जो २ नय द्रव्यार्थिक पर्यायार्थिक अर्पीइ, तो कथंचित् भिन्न कथंचित् अभिन्न कहिइ (३) ॥ ४-१० ॥**

૩. ક્રમશર જો આ બન્ને નયોની એટલે કે પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિક નયની અર્પણા (પ્રધાનતા) કરીએ તો આ જ વસ્તુ કથંચિદ્ ભિન્ન પણ છે અને કંથચિદ્ અભિન્ન પણ છે જ. ઘટદ્રવ્ય અને ઘટનો રક્તાદિવર્ણ, અને ઘટાકારતા, આ ત્રણે વસ્તુનો આધારાધેયાદિ લક્ષણોથી પ્રથમ વિચાર કરીએ તો ભિન્ન જણાશે અને પછી એકક્ષેત્રવ્યાપી આદિ ભાવોથી વિચારીશું તો ઘટદ્રવ્ય પોતે જ શ્યામ-રક્તાદિભાવે પરિણામ પામે છે. માટી દ્રવ્ય પોતે જ ઘટાકારે પરિણામ પામે છે. આ કારણથી મૃદ્દ્રવ્ય, શ્યામ-રક્તાદિ ગુણો, અને ઘટાકારતા પર્યાય એકક્ષેત્રવ્યાપી છે આમ જણાશે તેથી અભિન્ન પણ છે. અહીં ટબાના મૂલ પાઠમાં પ્રથમ દ્રવ્યાર્થિક નયનો અને પછી પર્યાયાર્થિક નયનો જે ઉલ્લેખ કર્યો છે. અને ભિન્નાભિન્ન સમજાવતાં પ્રથમ ભિન્નનો અને પછી અભિન્નનો જે ઉલ્લેખ કર્યો છે. તે ક્રમસર ન હોવાથી ભૂલ હશે એમ લાગે. પરંતુ તેમાં ભુલ છે એમ ન સમજવું. બોલવાની પ્રસિદ્ધિના કારણે આમ ઉલ્લેખ કરેલો છે. જ્યારે જ્યારે આ બે નયોનાં નામ બોલવાં હોય છે ત્યારે ત્યારે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક આ ક્રમે બોલવામાં જીભે જેવાં ચઢેલાં છે તેવાં પર્યાયાર્થિક-દ્રવ્યાર્થિક બોલવામાં જીભે ચઢેલાં નથી તથા ભેદાભેદમાં જ્યારે જ્યારે બોલવું હોય છે ત્યારે ત્યારે લોક પ્રસિદ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એવો ભિન્નાભિન્ન શબ્દ જેવો જીભે ચઢેલો છે. તેવો અભિન્નભિન્ન જીભે ચઢેલો નથી. તેથી બોલવાની પદ્ધતિ માત્રના કારણે આમ લખેલ છે. પરંતુ ભૂલ છે આમ ન સમજવું. આ ત્રીજો ભાંગો જાણવો. ॥ ૫૦ ॥

## જો એકદા ઉભય નય ગહિઈં, તો અવાચ્ય તે લહિઈં રે ॥
## એકઈં શબ્દઈં એક જ વારઈં, દોઈ અર્થ નવિ કહિઈં રે ॥ ૪-૧૧ ॥

ગાથાર્થ– એકજ કાળે બન્ને નયો જો ગ્રહણ કરીએ તો સર્વે વસ્તુઓ "અવાચ્ય" જ જાણવી. કારણ કે એકજ શબ્દથી એક જ કાળમાં બન્ને અર્થો કહી શકાતા નથી. ॥ ૪-૧૧ ॥

**ટબો– જો એકવાર ૨ નયના અર્થ વિવક્ષિઈં. તો તે અવાચ્ય લહિઈં. જે માટિં- એક શબ્દઈં એક વારઈં - ૨ અર્થ ન કહીયા જાઈ.**

**"સંકેતિત શબ્દ પણિ એક જ સંકેતિત રૂપ (અર્થ) કહઈં. પણિ ૨ રૂપ (અર્થ) સ્પષ્ટ ન કહી શકઈ" પુંષ્પદંતાદિક શબ્દ પણિ એકોક્તિ ચંદ્ર સૂર્ય કહઈ, પણ ભિન્નોક્તિં ન કહી શકઈ. અનઈં ૨ નયના અર્થ મુખ્યપણઈં તો ભિન્નોક્તિં જ કહવા ઘટઈ. ઈત્યાદિક યુક્તિ શાસ્ત્રાન્તરથી જાણવી. ॥ ૪-૧૧ ॥**

*વિવેચન*– આગલી ગાથામાં ભેદાભેદની સપ્તભંગીના પ્રથમ ત્રણ ભાંગા સમજાવ્યા. હવે આ ગાથામાં માત્ર એકલો "અવક્તવ્ય" નામનો ચોથો ભાંગો સમજાવે છે. અહીં *અવક્તવ્ય* નામનો આ ભાંગો ચોથા નંબરે કહ્યો છે. આગલી ગાથાના ટબામાં અસ્તિ-નાસ્તિના સપ્તભંગીના પ્રસંગમાં ત્રીજા નંબરે કહ્યો છે. અહીં વિવક્ષા ભેદ જ જાણવો.

**जो एकवार २ नयना अर्थ विवक्षिइ, तो ते अवाच्य कहिइं, जे माटिं एक शब्दइं एक वारइं-२ अर्थ न कहिया जाइ. ४.**

(૪) જ્યારે એકી સાથે બન્ને નયોના અર્થો પ્રધાનપણે વિવક્ષીએ, ત્યારે તે પદાર્થ અવાચ્ય બની જાય છે કારણકે એક જ શબ્દથી એક જ કાળે પરસ્પર વિરોધી દેખાતા બે અર્થો કહી શકાતા નથી. (જો કે એક ગૌણ અને એક પ્રધાન એમ કહી શકાય છે. પરંતુ બન્ને અર્થો પ્રધાનપણે કહેવાતા નથી.) તેથી સર્વે વસ્તુ અવાચ્ય પણ કહેવાય છે. તથા બન્ને નયોની એકી સાથે પ્રધાનતા કરવાથી વસ્તુ જે "અવાચ્ય" બને છે. તે પણ "સ્યાદ્" અર્થાત્ "કથંચિદ્" જ અવાચ્ય બને છે. સર્વથા અવાચ્ય બનતી નથી. કારણકે આ વસ્તુ બન્ને નયોની પ્રધાનતાના કાળે "અવાચ્ય" છે. એમ તો બોલાય જ છે. એટલે કે "અવાચ્ય" શબ્દથી તો વાચ્ય બને જ છે. સર્વથા જો અવાચ્ય હોત તો અવાચ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દથી પણ ન બોલાત. એટલે કે અવાચ્ય શબ્દથી પણ વાચ્ય ન બનત. માટે આ ચોથો "અવાચ્ય" ભાંગો પણ સ્યાદવાચ્ય જ સમજવો.

**"संकेतित शब्द पणि एक ज संकेतित रूप ( अर्थ ) कहइ, पणि 2 रूप ( अर्थ ) स्पष्ट न कही शकइ" पुष्पदंतादिक शब्द पणि एकोक्तिं चंद्र-सूर्य-कहइं, पणि भिन्नोक्तिं न कही शकइ. अनइं 2 नयना अर्थ मुख्यपणइ तो भिन्नोक्तिं ज कहवा घटइ, इत्यादिक युक्ति शास्त्रान्तरथी जाणवी. 4. ॥ ४-११ ॥**

કેટલાક સંકેતિત શબ્દો બે અર્થને કહેતા હોય એવું દેખાય છે. જેમકે "પુષ્પદંત એટલે ચંદ્ર અને સૂર્ય" "દંપતી એટલે પતિ અને પત્ની" "पितरौ એટલે મા અને બાપ" આવા કોઈ કોઈ શબ્દો બે અર્થોને એકી સાથે એક જ વારામાં કહેતા હોય એવું દેખાય છે. તેને આશ્રયીને ગ્રંથકારશ્રી ખુલાસો કરે છે કે–

સાંકેતિક શબ્દો પણ બેના જોડકારૂપ સાંકેતિક એવા એક જ (કપલરૂપ) અર્થને કહે છે. પરંતુ બન્ને સ્વરૂપોને સ્પષ્ટપણે-સ્વતંત્રપણે કહી શકતા નથી. પુષ્પદંતાદિક કેટલાક શબ્દો જે ચંદ્ર-સૂર્ય એમ બે અર્થો સાથે કહે છે. તે "એકોક્તિએ" કહે છે એમ જાણવું પરંતુ "ભિન્નોક્તિએ" બે અર્થો આ શબ્દ કહી શકતા નથી.

*એકોક્તિ* એટલે જોડકારૂપ અર્થ કહેવો. ચંદ્ર અને સૂર્ય એમ સ્વતંત્ર બે વસ્તુ નહીં. પરંતુ ચંદ્ર-સૂર્યનું યુગલ (જોડકું) એવો અર્થ સમજાવે છે.

ભિન્નોક્તિ એટલે બન્ને વસ્તુ સ્વતંત્ર પણે ભિન્ન ભિન્ન કહેવી. યુગલની પ્રધાનતા નહીં. પરંતુ વ્યક્તિની પ્રધાનતા તે ભિન્નોક્તિ કહેવાય છે.

દ્વન્દ્વસમાસમાં જે સમાહારદ્વન્દ્વ સમાસ છે. તે એકોક્તિરૂપ છે. અને ઈતરેતર-દ્વન્દ્વસમાસ છે તે ભિન્નોક્તિરૂપ છે. અહીં પુષ્પદંતાદિક શબ્દોમાં બન્ને અર્થો જરૂર કહેવાય છે પરંતુ એકોક્તિ દ્વારા કહેવાય છે. પરંતુ ભિન્નોક્તિ દ્વારા કહેવાતા નથી. અને બન્ને નયોના અર્થો મુખ્યપણે જ (એટલે કે સ્વતંત્રપણે પ્રધાનતાએ તો) ભિન્નોક્તિ દ્વારા જ કહી શકાય છે. ઈત્યાદિ અનેક યુક્તિઓ અન્ય શાસ્ત્રોથી જાણવી. આ ચોથો ભાંગો સમજાવ્યો. ॥ ૫૧ ॥

**પર્યાયારથ કલ્પન, ઉત્તર-ઉભય વિવક્ષા સંધિ રે ॥**
**ભિન્ન અવાચ્ય વસ્તુ તે કહીઇં સ્યાત્કારનઇં બંધિ રે ॥ ૪-૧૨ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગાથાર્થ– પ્રથમ પર્યાયાર્થિકનયની કલ્પના કરીને ત્યારબાદ બન્ને નયોની સાથે વિવક્ષા સાંધીએ (જોડીએ) તો દરેક વસ્તુઓ "ભિન્ન અને અવાચ્ય છે" અને તે પણ "સ્યાત્" શબ્દથી બંધાયેલી છે. ॥ ૪-૧૨ ॥

**ટબો– પ્રથમ પર્યાયાર્થકલ્પના, પછઇ એકદા ઉભયનયાર્પણા કરિઇં, તિવારઇં ભિન્ન અવક્તવ્ય કથંચિદ્ ઇમ કહઇ. ૫. ॥ ૪-૧૨ ॥**

વિવેચન– ભિન્નાભિન્ન ઉપર સપ્તભંગીના ચાર ભાગાં સમજાવીને હવે પાંચમો ભાંગો આ બારમી ગાથામાં સમજાવે છે.

**प्रथम पर्यायार्थ कल्पना, पछइ एकदा उभयनयार्पणा करिइं, तिवारइं भिन्न अवक्तव्य कथंचिद् इम कहइ. ५ ॥ ४-१२ ॥**

૫ પહેલાં પર્યાયાર્થિકનયની કલ્પના કરીને ત્યાર પછી એક જ કાળે બન્ને નયોની એકીસાથે પ્રધાનતા કરીએ તે વારે (ત્યારે) સર્વે વસ્તુ કથંચિદ્ ભિન્ન અને અવક્તવ્ય છે એમ કહેવાય છે. કારણકે પ્રથમ પર્યાયાર્થિક નયથી પ્રધાનપણે ભેદ જણાય છે. ત્યારબાદ બન્ને નયોની એકી સાથે (યુગપત્ પણે) વિચારણા કરતાં ઉભયસ્વરૂપને પ્રધાનપણે કહેનારો કોઈ શબ્દ ન હોવાથી તે વસ્તુ કથંચિદ્ અવક્તવ્ય પણ બને જ છે. આ પ્રમાણે આ પાંચમો ભાગો જાણવો. ॥ ૫૨ ॥

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

## દ્રવ્યારથ નઈ ઉભય ગ્રહિયાથી, અભિન્ન તેહ અવાચ્યો રે ॥
## ક્રમ યુગપત્ નય ઉભય ગ્રહિયાથી, ભિન્ન અભિન્ન અવાચ્યો રે ॥ ૪-૧૩ ॥

ગાથાર્થ– દ્રવ્યાર્થિક નય અને ઉભયનયોની યુગપત્ પણે વિવક્ષા કરવાથી તે જ પદાર્થ અભિન્ન અને અવાચ્ય થાય છે. તથા અનુક્રમે બન્ને નયોની અર્પણા કર્યા પછી યુગપત્ પણે બન્ને નયોની અર્પણા કરવાથી વસ્તુ ભિન્ન અભિન્ન અને અવાચ્ય બને છે. ॥ ૪-૧૩ ॥

**ટબો– પ્રથમ દ્રવ્યાર્થકલ્પના, પછઇ-એકદા ઉભયનયાર્પણા કરિઇં, તિ વારઇં કથંચિત્ અભિન્ન અવક્તવ્ય ઇમ કહિઇં, ૬. અનુક્રમઇં ૨ નયની પ્રથમ અર્પણા, પછઇ ૨ નયની એકવાર અર્પણા કરિઇં, તિ વારઇં કથંચિત્ ભિન્ન અભિન્ન અવક્તવ્ય ઇમ કહિઇં (૭) એ ભેદાભેદ પર્યાયમાંહિ સપ્તભંગી જોડી, ઈમ સર્વત્ર જોડવી.**

શિષ્ય પૂછઈ છઈ- "જિહાં ૨ જ નયના વિષયની વિચારણા હોઈ, તિહાં એક એક ગૌણ મુખ્યભાવઈં સપ્તભંગી થાઓ. પણિ-જિહાં પ્રદેશ પ્રસ્થકાદિ વિચારઈં સાત છ પાંચ પ્રમુખ નયના ભિન્ન ભિન્ન વિચાર હોઈ, તિહાં અધિક ભંગ થાઈ, તિવારઈં સપ્તભંગીનો નિયમ કિમ રહઈ ?"

ગુરુ કહઈ છઈ- "તિહાં પણિ એક નયાર્થનો મુખ્યપણઈં વિધિ, બીજા સર્વનો નિષેધ, ઈમ લેઈ પ્રત્યેકિં અનેક સપ્તભંગી કીજઈ"

અમ્હે તો ઈમ જાણું છું. *"सकलनयार्थ-प्रतिपादकतात्पर्यादधिकरणवाक्यं प्रमाणवाक्यम्"* એ લક્ષણ લેઈનઈં, તેહવે ઠામે-સ્યાત્કારલાંછિત સકલનયાર્થ-સમુહાલંબન એક ભંગઈ પણિ નિષેધ નથી. જે માટિં-વ્યંજનપર્યાયનઈં ઠામિ-૨ ભંગઈં પણિ અર્થસિદ્ધિ સમ્મતિનઈં વિષઈં દેખાડી છઈ. *तथा च तद्गाथा-*

*एवं सत्तविअप्पो, वयणपहो होइ अत्थपज्जाए ।*
*वंजणपज्जाए पुण, सविअप्पो णिव्विअप्पो य ॥ પ્રથમકાણ્ડ-૪૧ ॥*

એહનો અર્થ- એવં- પૂર્વોક્ત પ્રકારઈં, સપ્ત વિકલ્પ-સપ્તપ્રકાર વચનપથ, સપ્તભંગીરૂપ વચનમાર્ગ તે અર્થપર્યાય, અસ્તિત્વ-નાસ્તિત્વાદિકનઈં વિષઈ હોઈ. વ્યંજન પર્યાય જે ઘટકુંભાદિશબ્દવાચ્યતા, તેહનઈં વિષઈ-સવિકલ્પ-વિધિરૂપ, નિર્વિકલ્પ નિષેધરૂપ એ ૨ જ ભાંગા હોઈ, પણિ અવક્તવ્યાદિ ભંગ ન હોઈ, જે માટિં અવક્તવ્ય શબ્દવિષય કહિઈં તો વિરોધ થાઈ.

અથવા સવિકલ્પ શબ્દ-સમભિરૂઢ નયમતઈં, અનઈં નિર્વિકલ્પ એવંભૂતનયમતઈં, ઇમ ૨ ભંગ જાણવા. અર્થનય પ્રથમ ૪, તો વ્યંજનપર્યાય માનઈ નહીં. તે માટઈં- તે નયની ઈહાં પ્રવૃત્તિ નથી. અધિકું અનેકાન્ત વ્યવસ્થાથી જાણવું.-

*तदेवमेकत्र विषये प्रतिस्वमनेकनयप्रतिपत्तिस्थले स्यात्कारलाञ्छिततावन्नयार्थ-प्रकारकसमूहालम्बनबोधजनक एक एव भङ्ग एष्टव्यः व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवद् । यदि च सर्वत्र सप्तभङ्गीनियम एव आश्वासः, तदा-चालनीयन्यायेन तावन्नयार्थ-निषेधबोधको द्वितीयोऽपि भङ्गः तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पंच-भङ्गाश्च कल्पनीयाः, इत्थमेव निराकाङ्क्षसकलभङ्गनिर्वाहाद्, इति युक्तं पश्यामः ।*

એ વિચાર સ્યાદ્વાદ પંડિતઈં સૂક્ષ્મ બુદ્ધિં ચિત્તમાંહિ ધારવો. ॥ ૪-૧૩ ॥

*વિવેચન–* ઉપરોક્ત ૧૦-૧૧-૧૨ ગાથામાં ભેદાભેદની સપ્તભંગીના પ્રથમના ૫ ભાંગા સમજાવીને હવે આ ગાથામાં છઠ્ઠો સાતમો ભાંગો સમજાવે છે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**प्रथम द्रव्यार्थकल्पना, पछइ-एकदा-उभयनयार्पणा करिइं ति वारइं कथंचिद् अभिन्न अवक्तव्य इम कहिइं. ६.**

**अनुक्रमइ 2 नयनी प्रथम अर्पणा, पछइं 2 नयनी एकवार अर्पणा करिइं. तिवारइं कथंचिद् भिन्न अभिन्न अवक्तव्य इम कहिइं. 7. ए भेदाभेद पर्यायमांहि सप्तभंगी जोडी, इम सर्वत्र जोडवी. ७.**

૬. પ્રથમ એકલા દ્રવ્યાર્થિક નયની પ્રધાનતા કલ્પીએ અને ત્યાર પછી એક જ કાળે એકી સાથે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એમ ઉભય નયની અર્પણા (પ્રધાનતા) કરીએ ત્યારે સર્વે પણ વસ્તુઓ "કથંચિદ્ અભિન્ન અને કથંચિદ્ અવક્તવ્ય" આવા પ્રકારની છે આ છઠ્ઠો-ભાંગો જાણવો.

૭ તથા અનુક્રમે પ્રથમ પર્યાયાર્થિક નયની અને પછી દ્રવ્યાર્થિકનયની એમ વારાફરતી ક્રમશર બન્ને નયોની અર્પણા (પ્રધાનતા) કરીને ત્યારબાદ બન્ને નયોની એકી સાથે યુગપત્ પણે અર્પણા કરીએ (તિ વારે) ત્યારે સર્વે પણ વસ્તુઓ "કથંચિદ્ ભિન્ન, કથંચિદ્ અભિન્ન, અને કથંચિદ્ અવક્તવ્ય" આવા પ્રકારની હોય છે. આ સાતમો ભાંગો જાણવો.

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

વસ્તુમાં રહેલા "ભેદાભેદ" નામના પર્યાયોમાં જેવી રીતે આ સપ્તભંગી સમજાવી, તેવી રીતે આ સપ્તભંગી સર્વત્ર ઘટાવવી. સારાંશ કે કોઈપણ વસ્તુમાં પરસ્પર વિરોધી દેખાતા બે ધર્મો પણ વિવક્ષાના વશથી સમન્વયાત્મકપણે સાથે રહે જ છે. બે ધર્મો વિવક્ષાભેદથી સાથે રહેતા હોવાથી પ્રથમના બે ભાંગા થાય છે અને ત્યારબાદ સંચારણથી શેષ પાંચ ભાંગા થાય છે. એમ સર્વત્ર સપ્તભંગીની યોજના જાણી લેવી.

**शिष्य-पूछइ छइ- ''जिहां 2 ज नयना विषयनी विचारणा होइ, तिहां एक एक गौण मुख्यभावइं सप्तभंगी थाओ. पणि जिहां प्रदेश-प्रस्थकादि विचारइं सात छ पांच प्रमुख नयना भिन्न भिन्न विचार होइ, तिहां अधिक भंग थाइ, तिवारइं सप्तभंगीनो नियम किम रहइ ?''**

કોઈક શિષ્ય પ્રશ્ન કરે છે કે-

જ્યારે જ્યારે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય આમ બે જ નયના વિષયોની વિચારણા કરવાની હોય ત્યારે તો ત્યાં વારાફરતી પહેલા નયની મુખ્યતા અને બીજા નયની ગૌણતા કરવાથી પહેલો ભાંગો, અને બીજા નયની મુખ્યતા અને પહેલા નયની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌણતા કરવાથી બીજો ભાંગો, એમ મૂલ ૨ ભાંગા થઈ શકે છે. અને ત્યારબાદ એક-બીજાના સંચારણથી કુલ ૨+૫=૭ ભાંગા=સપ્તભંગી સારી રીતે થાય છે. તેમાં તો સપ્તભંગી થાય આ વાત બરાબર જ છે. પરંતુ જ્યારે શાસ્ત્રોમાં બતાવેલા "પ્રદેશ અને પ્રસ્થક" આદિના દૃષ્ટાન્તોની વિચારણા કરવા દ્વારા નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ, અને એવંભૂત, આમ, ૭ નયોની, અથવા નૈગમનયનો સંગ્રહ અને વ્યવહાર નયમાં સમાવેશ કરવા દ્વારા છ નયોની, અથવા સમભિરૂઢ અને એવંભૂત નયનો શબ્દનયમાં સમાવેશ કરવાથી નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર અને શબ્દનય આમ પાંચ નયોની વિચારણા કરવામાં આવે છે. ત્યારે સાત-છ-પાંચ નયોમાંથી વારા ફરતી એક નયને મુખ્ય કરવાથી અને વારાફરતી બીજા નયોને ગૌણ કરવાથી પ્રથમના મૂળ બે ભાંગાની જગ્યાએ જ ઘણા ભાંગા થઈ જાય છે. અને ત્યારબાદ સંચારણ કરવાથી તો અગણિત એવા અધિક ભાંગાઓ થશે. તે વખતે "સપ્તભંગીનો" (સાત જ ભાંગા હોય) એવો નિયમ કેવી રીતે જળવાશે. આ પ્રમાણે કોઈક શિષ્ય ગુરુજીની સામે પ્રશ્ન કરે છે.

| બે નય લઈએ તો | સાત નયો લઈએ તો |
|---|---|
| ૧ દ્રવ્યા. મુખ્ય, પર્યા. ગૌણ, | ૧ નૈગમ મુખ્ય સંગ્રહ ગૌણ |
| ૨ પર્યા. મુખ્ય, દ્રવ્યા. ગૌણ, | ૨ નૈગમ મુખ્ય વ્યવહાર ગૌણ |
| | ૩ નૈગમ મુખ્ય ઋજુસૂત્ર ગૌણ |
| | ૪ નૈગમ મુખ્ય શબ્દ ગૌણ |
| | ૫ નૈગમ મુખ્ય સમભિરૂઢ ગૌણ |
| | ૬ નૈગમ મુખ્ય એવંભૂત ગૌણ |

નૈગમનયની સાથે શેષ છ નયો ગૌણતાએ જોડતાં ઉપર મુજબ ૬ ભાંગા જેમ થયા, તેમ સંગ્રહની સાથે શેષ ૬ નયો જોડતાં ૬ ભાંગા થશે. આ રીતે વ્યવહારાદિ એક એક નયની સાથે છ-છ જોડતાં ૭×૬=૪૨ ભાંગા થાય. તેથી મૂલ ૨ ભાંગાને બદલે ૪૨ ભાંગા થવાથી-અને તે બધાનું સંચારણ કરવાથી અનેક ભાંગા થાય, તેથી સપ્તભંગીનો નિયમ કેમ રહેશે ?

આ પ્રમાણે મૂલ બે ભાંગાને બદલે ૪૨ ભાંગા જો થાય તો તેના પરસ્પર જોડાણથી તો ઘણા અધિક ભાંગાઓ થાય છે. તો તે વારે સાત જ ભાંગા થાય, આવો સપ્તભંગીનો નિયમ કેમ રહેશે ? આવા પ્રકારનો શિષ્યનો ગુરુ પ્રત્યે પ્રશ્ન છે. બે જ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નય વિચારીએ ત્યારે તો સપ્તભંગીનો નિયમ જળવાશે. પરંતુ સાત નયની વિચારણાના કાળે અનેક અધિક ભંગ થશે. તો સપ્તભંગીનો નિયમ કેમ કહો છો ? આવી જ રીતે છ નય અને પાંચ નય સ્વીકારો ત્યારે પણ અનેક ભાંગા થશે. તો ત્યાં પણ સપ્તભંગીનો નિયમ કેમ રહેશે.

(અહીં નૈગમનય સમજાવવા માટે શાસ્ત્રમાં વસતિ, પ્રદેશ અને પ્રસ્થકનાં દૃષ્ટાન્તો પ્રસિદ્ધ છે. નૈગમનય એટલે "આરોપ" = "ઉપચાર" કરવો અથવા नैके गमाः इति पृषोदरादित्वात् नैगमः = અનેક છે બોધના માર્ગો જેમાં તે નૈગમ. અહીં ककार નો લોપ થયેલ છે. તે નૈગમનય. જેમ કે "આત્મા" નામનું દ્રવ્ય પોતાના અસંખ્યપ્રદેશોમાં જ રહેતુ હોવા છતાં (૧) વિદેશમાં જઈએ ત્યારે "હું હિન્દુસ્તાનમાં રહું છું" એમ કહેવાય, (૨) મદ્રાસ બાજુ ગયા હોઈએ તો "હું ગુજરાતમાં રહું છું." એમ કહેવાય, (૩) અમદાવાદ બાજુ ગયા હોઈએ તો "હું સુરત રહું છું" આમ કહેવાય. (૪) સુરતના સ્ટેશને ગયા હોઈએ તો "હું અડાજણ પાટીયામાં" રહું છું આમ કહેવાય. (૫) અડાજણ પાટીયાના દેરાસરમાં ગયા હોઈએ તો "હું રામસા ટાવરમાં રહું છું આમ કહેવાય." (૬) રામસા ટાવરમાં ગ્રાઉન્ડ ફ્લોરાદિમાં કોઈ મળે તો "હું સાતમા માળે" રહું છું આમ કહેવાય. (૭) રામસા ટાવરમાં સાતમા જ માળમાં કોઈ મળે તો "હું ૭૦૨માં રહું છું" આમ કહેવાય.

સંક્ષેપમાં આ બધાં વાક્યો રહેવાની "વસતિનો" ભિન્ન ભિન્ન ઉપચાર છે. આત્મા પોતે પોતાના આત્મપ્રદેશોમાં જ રહેતો હોવા છતાં વિશાળ અને હીન-હીનતર પ્રદેશમાં પોતાનો ઉપચાર કરે છે. આ રીતે વસવાટના ઉપચારને સમજાવનારૂં નૈગમનયનું આ વસતિ સંબંધી ઉદાહરણ થયું. એવી જ રીતે કોઈ લાકડાનું બાટ (વજનીયું) બનાવવા જંગલમાં જતો હોય ત્યારે કોઈ પુછે કે તમે ક્યાં જાઓ છો ? ત્યારે "હું પ્રસ્થક (બાટ-વજનીયું) લેવા જાઉં છું." આમ બોલે છે. પરંતુ લાકડુ લેવા જાય છે. લાકડું લાવીને ઘાટ ઘડાવશે, હિનાધિક વજન થશે તો કાપ કુપ કરશે. ઈત્યાદિ અનેક પ્રક્રિયા બાકી હોવા છતાં પણ પ્રસ્થકનો જે ઉપચાર કર્યો તે નૈગમનય છે. આ પ્રસ્થકનું ઉદાહરણ સમજવું. આ જ રીતે ધર્મ-અધર્મ-આકાશ-જીવ-સ્કંધ-અને દેશના પ્રદેશો છે. ઈત્યાદિ પ્રદેશનું ઉદાહરણ પણ શાસ્ત્રાન્તરથી જાણી લેવું.

गुरु कहइ छइ— "तिहां पणि एक नयार्थनो मुख्यर्पणइं विधि, बीजा सर्वनो निषेध, इम लेइ प्रत्येकि अनेक सप्तभंगी कीजइ."

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગુરુજી ઉપરોક્ત પ્રશ્નનો શિષ્યને ઉત્તર આપતાં જણાવે છે કે– ત્યાં પણ (અર્થાત્ નૈગમાદિ સાત છ પાંચ નયો જ્યારે સમજીએ ત્યારે પણ) કોઈ પણ એક નયની પ્રધાનપણે અર્પણા કરીને વિધાન સમજવું અને બાકીના છએ નયોની (શેષ નયોની) એકી સાથે ગૌણ વિવક્ષા કરવા દ્વારા ત્યાં શેષ સર્વનો નિષેધ જાણવો. આમ કરવાથી સર્વ સ્થાને મૂળ તો બે જ ભાંગા થશે. ત્યારબાદ સંચારણથી પ્રત્યેક બે ભાંગામાં જુદી જુદી અનેક સપ્તભંગીઓ થશે. પરંતુ બહુભંગીઓ થશે નહીં. જેમ કે–

સાતમાંથી કોઈપણ એક નયથી વિધાન કરીએ ત્યારે તે એક નય મુખ્ય અને શેષ સર્વ નયો ત્યાં ગૌણ જાણવા. (આ પ્રથમ ભંગ) અને સાતનયમાંથી જે નયથી નિષેધ જણાવવો હોય ત્યાં તે નિષેધ વાચક નય મુખ્ય, શેષ નય ગૌણ, (આ બીજો ભંગ) આ બેના સંચારણથી સપ્તભંગી જ થશે. પરંતુ બહુભંગી ન થાય. તથા વિધિ-નિષેધમાં સાત નયોમાંથી જેમ જેમ નયોની વિવક્ષા બદલીએ તેમ તેમ મૂલ બે ભાંગા જુદા-જુદા અનેક થવાથી, તેના દ્વારા થતી સપ્તભંગીઓ અનેક થશે.

આ પ્રમાણે સર્વત્ર મૂલ બે જ ભાંગા થવાથી અને તેના સાત જ ભાંગા થવાથી સપ્તભંગી જ થાય છે. પરંતુ અનેકભંગીઓ થતી નથી. છતાં સપ્તભંગીઓ જરૂર અનેક થાય છે. આ બાબતમાં પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રી પોતાના ક્ષયોપશમાનુસાર પોતાને શાસ્ત્રોના પઠન-પાઠનથી અને ગુરુગમથી જે સમજાયુ છે તે બાબત સ્પષ્ટ કરતાં પોતાનો અભિપ્રાય જણાવે છે કે–

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

**अम्हे तो इम जाणु छुं "सकलनयार्थप्रतिपादकतात्पर्यादधिकरणवाक्यं प्रमाणवाक्यम्" ए लक्षण लेइनइं तेहवे ठामे "स्यात्कारलाञ्छित सकलनयार्थ समूहालंबन एक भंगइं पणि निषेध नथी. जे माटिं–व्यञ्जनपर्यायनइं ठामिं २ भंगइं पणि अर्थसिद्धि सम्मतिनइं विषइं देखाडइ छइ. तथा च तद्गाथा–**

પૂજ્યપાદ ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રી પોતે જ પોતાનો અભિપ્રાય જણાવતાં કહે છે કે– અમે તો એમ જાણીએ છીએ કે– સાતે નયોથી અને સપ્તભંગીથી વસ્તુનું પરિપૂર્ણ સ્વરૂપ વિચારી શકાય છે. જાણી શકાય છે. પરંતુ વચનવ્યવહાર કરવામાં તો એક કાળે કોઈ પણ એક નયથી અથવા સપ્તભંગીના કોઈ પણ એક ભાંગાથી જ વસ્તુનું સ્વરૂપ બોલી શકાય છે. અને બીજાને સમજાવી શકાય છે. એ વચનવ્યવહાર કરવામાં જે કોઈ એક નય કે સપ્તભંગીનો જે કોઈ એક ભાંગો બોલવામાં આવે. તેની સાથે *"સકળ નયોના અર્થને પ્રતિપાદન કરવાના તાત્પર્યવાળા "સ્યાત્" શબ્દના અધિકરણવાળું તે વાક્ય જો કરીએ તો તે પ્રમાણભૂત વાક્યરચના ગણાય છે.* આ લક્ષણને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધ્યાનમાં લઈને તેવા તેવા સ્થાને સર્વ નયોના અર્થના સમૂહ પણે આલંબન સ્વરૂપ એવા કોઈ પણ એક ભાંગામાં પણ "સ્યાત્" શબ્દ હોવાના કારણે વિવક્ષિત એક નયવાળા વાક્યમાં પણ ગૌણપણે ઈતર સર્વે નયોનો સમાવેશ થઈ જ જાય છે. કોઈ પણ ઈતર નયોનો નિષેધ રહેતો નથી. સારાંશ કે વચનોચ્ચારમાં ભલે કોઈ એક નય કે કોઈ એક ભાંગો બોલાતો હોય, પરંતુ સર્વ નયોના અર્થોના સમૂહના આલંબનભૂત એવો "સ્યાત્" શબ્દ આગળ જોડેલ હોવાથી, તે વિવક્ષિત એક નયવાળા વચનોચ્ચારણમાં પણ ઈતર સર્વનયોનો અર્થ સંમીલિત છે. એકાન્ત વાક્ય નથી. પરંતુ અનેકનયોની સાપેક્ષતાવાળું વાક્ય છે. તેથી તેને પ્રમાણવાક્ય ગણાય છે. તે કારણે "સ્યાત્" શબ્દથી લાઞ્છિત સર્વે પણ વાક્યો ઉચ્ચારણમાં એક નયવાળાં હોવા છતાં પણ ગર્ભિત રીતે સર્વનયોની સાપેક્ષતાવાળાં છે. તેથી પ્રમાણવાક્યો છે.

કારણ કે ઘટ-પટ આદિ સઘળા પદાર્થ માત્રમાં બે જાતના પર્યાયો હોય છે. ૧ અર્થપર્યાય, ૨ વ્યંજન પર્યાય. ત્યાં ઘટ-પટ આદિ પદાર્થ માત્રમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, અવક્તવ્યત્વ ઈત્યાદિ જે જે પર્યાયો સ્વરૂપથી વર્તે છે. (તેમાં કેટલાક પર્યાયો વચનો દ્વારા બોલીને સમજાવાય તેવા પણ હોય છે. અને કેટલાક વચનો દ્વારા બોલી ન શકાય તેવા પણ હોય છે.) તે સર્વે પર્યાયો પદાર્થોના સ્વરૂપાત્મક હોવાથી "*અર્થપર્યાય*" કહેવાય છે જેમ કે પદાર્થોનું ક્ષણે ક્ષણે જે જે સ્વરૂપ બદલાય છે. તે તે સ્વરૂપ વચનોથી અગોચર હોવા છતાં પણ પદાર્થમાં સ્વરૂપ તો છે જ. ક્ષણે ક્ષણે સર્વે દ્રવ્યોનું સ્વરૂપ બદલાતું હોવાથી ભિન્ન ભિન્ન છે. પરંતુ તત્તત્સમયવર્તી તે ભિન્નતા શબ્દોથી અગોચર છે માટે તે સઘળા અર્થપર્યાયો છે. અને જે જે પર્યાયો કંઈક અંશે દીર્ઘકાળવર્તી છે. અને તેના જ કારણે વચનોથી બોલી શકાય તેવા છે. તે *વ્યંજનપર્યાય* કહેવાય છે. જેમ કે મનુષ્યજીવનની બાલ્ય, યુવા, અને વૃદ્ધાવસ્થા. તથા ઘટ-પટાદિ પદાર્થોની શ્યામાવસ્થા અને રક્તાવસ્થા તે વચનોથી ગોચર છે દીર્ઘકાળવર્તી પર્યાય છે. માટે તે વ્યંજનપર્યાય કહેવાય છે. અને ક્ષણે ક્ષણે પુરણગલન દ્વારા થતું ઘટ-પટનું નવું નવું સ્વરૂપ, જીવદ્રવ્યમાં પ્રતિસમયે ક્ષાયોપશમિકભાવે અને ઔદયિકભાવે થતી પરાવૃત્તિ તથા પુદ્ગલદ્રવ્યમાં ક્ષણે ક્ષણે થતા વર્ણ-ગંધ-રસ અને સ્પર્શાદિની હાનિ-વૃદ્ધિ રૂપ જે પર્યાયો છે. તે પદાર્થમાં ચોક્કસ વર્તે છે. બુદ્ધિથી સમજાય પણ છે પરંતુ વચનથી બોલી શકાતા નથી. તે અર્થપર્યાય છે.

અર્થપર્યાયોમાં સપ્તભંગીના સાતે ભાંગા સંભવે છે. પરંતુ વ્યંજન પર્યાયમાં પહેલા અને બીજા એમ બે ભાંગે પણ પદાર્થની સિદ્ધિ સમ્મતિપ્રકરણ નામના ગ્રંથમાં બતાવી છે. "સ્યાદસ્તિ" અને "સ્યાન્નાસ્તિ" આ બે જ ભાંગા (તથા આ બે લખવાથી "સ્યાદસ્તિનાસ્તિ" નામનો ગાથાના ક્રમ પ્રમાણે ત્રીજો ભાંગો પણ સમજી લેવો) આમ,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બે ભાંગાથી વસ્તુનુ સંપૂર્ણ સ્વરૂપ સમજી શકાય છે અને સમજાવી શકાય છે. કારણકે બાકીના બધા જ ભાંગાઓમાં "अवक्तव्य" શબ્દ આવે છે. હવે જે ભાંગો "अवक्तव्य" હોય ત્યાં વચનોચ્ચાર કેમ સંભવે ? અને "વચનોચ્ચાર" જો સંભવતો હોય તો તે "अवक्तव्य" કેમ કહેવાય ? તેથી સમ્મતિપ્રકરણમાં પૂજ્યપાદ શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજશ્રી અર્થપર્યાયમાં સપ્તવિકલ્પો, અને વ્યંજન પર્યાયમાં બે વિકલ્પો જણાવે છે. તે ગ્રંથની ગાથા આ પ્રમાણે છે–

**एवं सत्तविअप्पो, वयण-पहो होइ अत्थपज्जाए ॥**
**वंजणपज्जाए पुण, सविअप्पो निव्विअप्पो य ॥** પ્રથમકાણ્ડ-ગાથા ૪૧ ॥

અર્થ– આ પ્રમાણે અર્થપર્યાયમાં સાત વિકલ્પો વાળો વચનમાર્ગ હોય છે. પરંતુ વ્યંજનપર્યાયમાં ફક્ત સવિકલ્પ અને નિર્વિકલ્પ આમ બે જ ભાંગા હોય છે. સમ્મતિપ્રકરણની આ ગાથાનો અર્થ ટબામાં આ પ્રમાણે છે–

**एहनो अर्थ-एवं पूर्वोक्त प्रकारइं सप्तविकल्प सप्तप्रकार वचनपथ-सप्तभंगीरूप वचनमार्ग, ते अर्थपर्याय, अस्तित्व-नास्तित्वादिकनइं विषइं होइ, व्यंजनपर्याय जे घटकुंभादिशब्दवाच्यता, तेहनइं विषइं सविकल्प-विधिरूप, निर्विकल्प-निषेधरूप, ए २ ज भांगा होइ, पणि अवक्तव्यादि भंग न होइ, जे माटिं-अवक्तव्य शब्दविषय कहिइं तो विरोध थाइ,**

જૈનમ્ જયતિ શાસનમ્

(સમ્મતિપ્રકરણની) આ ગાથાનો અર્થ આ પ્રમાણે છે કે– **एवं** = પૂર્વે સમજાવ્યા પ્રમાણે, **सत्तविअप्पो** = સપ્ત વિકલ્પ એટલે સાત પ્રકારવાળો **वयणपहो** = વચનપથ = સપ્તભંગી સ્વરૂપ વચનમાર્ગ = જુદી જુદી રીતે બોલાતા સાત પ્રકારનાં જે ભાંગા છે. તે ભાંગા **होइ अत्थपज्जाए** = અર્થપર્યાયને વિષે હોય છે. એટલે કે અર્થપર્યાયોને વિષે "**स्यादस्ति, स्यान्नास्ति**" ઈત્યાદિ સ્વરૂપવાળા સાત પ્રકારના સાત ભાંગા થાય છે.

**वंजणपज्जाए पुण** = પરંતુ જે વ્યંજનપર્યાયો છે. જેમ કે "આ ઘટ છે" "આ કુંભ છે" ઈત્યાદિ ઘટ કુંભ વિગેરે શબ્દોચ્ચાર વડે બોલવા સ્વરૂપ જે જે જીભે ઉચ્ચારણ કરવા સ્વરૂપ કંઈક દીર્ઘકાળવર્તી વ્યંજન પર્યાયો છે. તેહને વિષે તો **सविअप्पो** = સવિકલ્પ અને **निव्विअप्पो य** = નિર્વિકલ્પ સ્વરૂપ બે જ ભાંગા હોય છે. સવિકલ્પ એટલે વિધાનાત્મક અને નિર્વિકલ્પ એટલે નિષેધાત્મક એમ બે જ ભાંગા હોય છે. "**स्यादस्ति, स्यान्नास्ति**" ઈત્યાદિ કોઈ પણ સપ્તભંગીના પ્રથમના બે ભાંગા કે જે વિધિ-નિષેધરૂપ છે. તે બે જ ભાંગા હોય છે. (અને વધારામાં બેના સંયોગવાળો એક ત્રીજો ભાંગો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વધારે હોય છે.) પરંતુ અવક્તવ્યાદિ પદવાળા શેષ ભાંગા સંભવતા નથી. **जे माटिं** = કારણકે શેષ ભાંગાઓમાં "અવક્તવ્ય" = ન કહી શકાય એ પદ આવે છે. અને વ્યંજનપર્યાય એટલે શબ્દોચ્ચારણ દ્વારા બોલી શકાય તે. હવે જે "અવક્તવ્ય" હોય, તેને શબ્દવિષયક (બોલી શકાય તેવા) કહીએ તો પરસ્પર વિરોધ થાય. જે અવક્તવ્ય હોય તે શબ્દવિષયક ન હોય, અને જે શબ્દવિષયક હોય તે અવક્તવ્ય ન બને, તે માટે અવક્તવ્ય પદવાળા ૫ (અથવા ૪) ભાંગા વ્યંજનપર્યાયમાં સંભવતા નથી. પરંતુ અર્થપર્યાયમાં તે સાતે ભાંગા સંભવે છે.

**अथवा सविकल्प-शब्द-समभिरूढ नयमतइं, अनइं निर्विकल्प एवंभूतनयमतइं, इम २ भंग जाणवा. अर्थनय प्रथम ४ तो व्यंजनपर्याय मानइं नहीं, ते माटइं ते नयनी इहां प्रवृत्ति नथी. अधिकुं अनेकान्त व्यवस्थाथी जाणवुं.**

અથવા જે જે વ્યંજનપર્યાયો છે એટલે કે શબ્દોચ્ચારણ રૂપ પર્યાયો છે. તે વ્યંજનપર્યાયો શબ્દનય તથા સમભિરૂઢનયના મતે **सविकल्प** = અને એવંભૂતનયના મતે **निर्विकल्प** = સંભવે છે. સારાંશ કે કુલ સાત નયો છે. તેમાંથી પાછળના શબ્દાદિ ત્રણ નયોના મતે વ્યંજનપર્યાયો સંભવે છે. કારણ કે પ્રથમના ચાર નયો તો અર્થનય છે. તે ચારે અર્થનયો તો પદાર્થમાં રહેલા પદાર્થના સ્વરૂપાત્મક "અર્થપર્યાયો"ને પ્રધાનપણે સ્વીકારે છે. વ્યંજનપર્યાયો શબ્દોચ્ચારણ સ્વરૂપ હોવાથી તે તરફ બહુ ભાર આપતા નથી. શબ્દ બોલવા માત્રથી લિંગાદિ દ્વારા કે વ્યુત્પત્તિ દ્વારા કે ક્રિયાપરિણતિ દ્વારા અર્થનો જે ભેદ કરવો તે પાછળના ત્રણ નયનું જ કામ છે. બોલાતા શબ્દ ઉપર વધારે ભાર આપવાનું કામ પાછળલા ત્રણ નયોનું છે. પ્રથમના ચાર નયો બોલાતા શબ્દો ઉપર લક્ષ્ય નહીં આપનારા છે. તેથી અર્થપર્યાય સાતે નયથી સંભવે છે. પરંતુ વ્યંજનપર્યાય પાછળલા ત્રણ નયથી સંભવે છે. તે કારણથી વ્યંજપર્યાયોને વિષે તે પ્રથમના ચાર નયોની પ્રવૃત્તિ સંભવતી નથી. છતાં આ બાબત ઘણી સૂક્ષ્મતાથી જાણવી હોય તો પૂજ્યઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજશ્રીના જ બનાવેલા "અનેકાન્ત વ્યવસ્થા" નામના ગ્રંથમાંથી જાણી લેવું. આ ગ્રંથ પણ તેઓશ્રીએ જ બનાવ્યો છે. અને ત્યાં આ વિષય વધારે સૂક્ષ્મતાથી સમજાવ્યો છે. એટલે અહીં તે વિષય વધારે ન ચર્ચતાં ત્યાંથી જોઈ લેવાની ભલામણ કરી છે.

**तदेवमेकत्र विषये प्रतिस्वमनेकनयविप्रतिपत्तिस्थले स्यात्कारलाञ्छिततावन्नयार्थ प्रकारक समुहालम्बन बोधजनक एक एव भङ्ग एष्टव्यः, व्यञ्जनपर्यायस्थले भङ्गद्वयवत् । यदि च सर्वत्र सप्तभङ्गी नियम एव आश्वासः, तदा चालनीय न्यायेन तावन्नयार्थ-**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

निषेधबोधको द्वितीयोऽपि भङ्गः, तन्मूलकाश्चान्येऽपि तावत्कोटिकाः पञ्चभङ्गाश्च कल्पनीयाः, इत्थमेव निराकाङ्क्षसकलभङ्गनिर्वाहाद् इति युक्तं पश्यामः ।

ए विचार स्याद्वादपंडिततइं सूक्ष्मबुद्धिं चित्तमांहि धरवो ॥ ४-१३ ॥

તે આ પ્રમાણે કોઇ એક વિષય ઉપર પોતપોતાના પ્રત્યેક સ્વરૂપોમાં જ્યાં અનેક નયોના અભિપ્રાયો પ્રમાણે વિવાદ જાગે, ત્યારે તેવા સ્થળે તે વિવાદ ટાળવા "સ્યાત્કાર" પદથી લાઞ્છિત "तावन्नयार्थ" = તેટલા શેષ રહેલા સઘળા નયોના અર્થના प्रकारकसमूहालंबन પ્રકારવાળા સાતે નયોના અર્થના સમૂહના આલંબનવાળો બોધ કરાવનારો એવો એક જ ભાંગો ઈચ્છવા જેવો છે. જેમ કે "આ કથંચિદ્ ઘટ છે" આ વાક્યમાં ઘટના અસ્તિત્વને જણાવનારો એક ભાંગો કર્યો, પરંતુ તેની આગળ "કથંચિદ્" એટલે "સ્યાત્" શબ્દ હોવાથી स्यात्कार શબ્દથી લાઞ્છિત હોવાથી માટીનો છે પણ સુવર્ણાદિનો નથી, અમદાવાદનો છે પણ સુરત આદિ અન્ય ક્ષેત્રોનો નથી, વસંતઋતુનો બનાવેલો છે પરંતુ શિશિરાદિ અન્ય ઋતુનો બનાવેલો નથી, રક્તાદિ ભાવવાળો છે પણ શ્યામાદિ ભાવવાળો નથી આમ, સાતે નયોના અર્થ, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવાદિની વિવક્ષાએ ઘટનું સંપૂર્ણ સ્વરૂપ, કેટલુંક વિધિરૂપ, અને કેટલુંક નિષેધરૂપ, આમ સર્વ સ્વરૂપ આ એક ભાંગામાં પણ "કથંચિદ્" શબ્દથી આવી જ જાય છે.

અથવા વ્યંજન પર્યાયમાં જેમ બે ભાંગામાં વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમજાઈ જાય છે. તેમ અહીં એક ભાંગામાં પણ એક નયનું સ્વરૂપ પ્રધાનતાએ, અને શેષ નયોનું સ્વરૂપ "કથંચિદ્" શબ્દથી ગૌણતાએ આવી જતું હોવાથી એક ભાંગો જ ઈચ્છવા જેવો છે. કારણકે એકભાંગામાં પણ વિવક્ષિત વસ્તુનું એક સ્વરૂપ પ્રધાનતાએ, અને શેષ સ્વરૂપ ગૌણતાએ પણ અવશ્ય સમાયેલું જ છે. એટલે કે વ્યંજનપર્યાયમાં જેમ બે ભાંગાથી વસ્તુનું ક્રમશઃ પ્રધાન-ગૌણભાવે. સંપૂર્ણ સ્વરૂપ જણાવાય છે. તેમ અહીં स्यात्कार શબ્દથી લાઞ્છિત એક ભાંગામાં પણ એક નયનું સ્વરૂપ પ્રધાનતાએ અને શેષ સર્વ નયોનું સ્વરૂપ ગૌણતાએ આમ એક ભાંગો પણ વસ્તુના પૂર્ણ સ્વરૂપને અને સર્વનયગમ્ય સ્વરૂપને સમજાવનારો છે. તેથી એક ભાંગાથી પણ ચાલે. છતાં જો "સર્વ સ્થાને સપ્તભંગી જ હોવી જોઈએ" આવો આગ્રહ હોય તો પણ સ્યાદ્વાદીને કશું જ નુકશાન નથી. કારણ કે જેમ એક ભાંગો વિવક્ષિત સ્વરૂપની પ્રધાનતા અને શેષ સ્વરૂપની ગૌણતા સૂચક કર્યો છે. કે જેમાં વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સમાયેલું છે તેની જેમ [1]ચાલનીય ન્યાય દ્વારા

૧. ચાલનીય ન્યાય એટલે કે વસ્તુને ચાલતી વખતે જેમ ચાલનીને એક બાજુથી ઉંચે કરીએ ત્યારે ત્યાંથી દાણા ન પડે પણ બીજી બાજુના નીચેના ભાગથી પડે, અને તે ભાગ ઉંચો કરીએ ત્યારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**तावन्नयार्थनिषेधबोधक** = તેટલા જ શેષ નયોના જે જે અર્થો પ્રથમભાંગામાં નિષેધરૂપે ગૌણતાએ સાથે આવ્યા હતા, તેટલા નયોના તે તે અર્થોના નિષેધની પ્રધાનતા સૂચક બીજો ભાંગો પણ કરી લેવો. જેમ કે "આ કથંચિદ્ ઘટ છે" આ પ્રથમ ભાંગામાં જ જે-જે દ્રવ્ય-ક્ષેત્ર કાળ અને ભાવથી ઘટ નથી તે પણ કથંચિદ્ શબ્દ દ્વારા ગૌણતાએ આવી જ ગયું છે. તથાપિ તે નિષેધાત્મક સ્વરૂપને પ્રધાનતાએ જાણવું હોય તો તે જાણવા માટે "આ ઘટ કથંચિદ્ નાસ્તિ પણ છે જ" આવો બીજો ભાંગો પણ કરી લેવો. પ્રથમ ભાંગામાં જેમ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ છે તેમ બીજા ભાંગામાં પણ વસ્તુનું સંપૂર્ણ સ્વરૂપ સ્વરૂપ છે જ. માત્ર પ્રધાનતા જુદા-જુદાની છે. આ પ્રમાણે મૂલથી બે ભાંગા થયા, એટલે તે બે જ ભાંગા છે મૂલમાં જેને એવા બીજા પણ એક-બીજાના સંચારણથી તેવી જ રીતના બાકીના પાંચ ભાંગા પણ કલ્પી લેવા. આમ કરવાથી કોઈ પણ સ્વરૂપ સમજવામાં "સપ્તભંગી"નો જે આગ્રહ છે. તે પણ સંતોષાશે અને કોઈ દોષ આવશે નહીં આ રીતે એક ભાંગાથી પણ સ્યાદ્કાર લાંછિત થવાથી વસ્તુનું પૂર્ણરૂપ સમજાય છે. તથા સાત ભાંગા દ્વારા પણ સ્યાદ્કારના કારણે વસ્તુનું પૂર્ણ સ્વરૂપ સમજાય છે આમ કરવાથી હવે કોઈ જ આકાંક્ષા (વસ્તુ સ્વરૂપ જાણવાની તમન્ના અધુરી રહેતી નથી તેથી આકાંક્ષા) રહિત પણે સર્વ ભાંગાઓનો નિર્વાહ થઈ જ જાય છે. આ જ માર્ગ યુક્તિયુક્ત છે. એવું અમને સમજાય છે. (આમ પૂ. યશોવિજયજી મ. શ્રી જણાવે છે.) પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રીની કેટલી સરળતા અને નમ્રતા આ વાક્યથી ધ્વનિત થાય છે.

આ વિચારો અતિશય સૂક્ષ્મ છે. ગંભીર છે. સૂક્ષ્મબુદ્ધિથી જ ગ્રાહ્ય છે. માટે "સ્યાદ્વાદ"ના વિષયમાં પંડિત થયેલા પુરુષોએ સૂક્ષ્મ બુદ્ધિ દ્વારા મનમાં આ વિષયો અને તેના સંબંધી સ્યાદ્વાદ યુક્ત વિચારો ધારણા કરવા. નિર્ધાર પૂર્વક મનમાં ઠસાવવા. આજ સાચો આત્મકલ્યાણનો માર્ગ છે. ॥ ૫૩ ॥

---

ત્યાંથી દાણા ન પડે પણ પહેલા ભાગથી દાણા નીચે પડે, તેવી જ રીતે જ્યારે નૈગમનય મુખ્ય કરીએ ત્યારે શેષ સંગ્રહાદિ છ ગૌણ, આ પ્રથમ ભાંગો. તથા સંગ્રહ મુખ્ય શેષ ગૌણ, વ્યવહાર મુખ્ય શેષ ગૌણ, ઋજુસૂત્ર મુખ્ય શેષગોણ, શબ્દ મુખ્ય શેષ ગૌણ, સમભિરૂઢ મુખ્ય શેષ ગૌણ, અને એવંભૂત મુખ્ય શેષ ગૌણ આમ છ પ્રકારે પહેલો ભાંગો થાય. અને તેનાથી બીજી બાજુ કરતાં એટલે શેષ મુખ્ય નૈગમ ગૌણ, શેષ મુખ્ય સંગ્રહ ગૌણ ઈત્યાદિ રીતે કરતાં બીજો ભંગ. એમ મૂલભૂત ૨ જ ભાંગા થાય. શેષ ભાંગાઓ સંચારણાથી કરતાં સાત જ ભાંગા થાય અધિકભાંગા ન થાય. ચાલની ન્યાયનો અર્થ "લૌકિકન્યાયાંજલી" નામના ગ્રંથમાં હોય તેમ લાગે છે. તે ગ્રંથ મળી શક્યો નથી. ચાલનીમાં જેમ નીકળવાના રસ્તા ઘણા છે. તેમ અહીં પહેલો-બીજો ભાંગો બહુ જ રીતે (બહુ જ પ્રકારે) કરવો પણ બહુ ભાંગા ન કરવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**સપ્તભંગ એ દૃઢ અભ્યાસી, જે પરમારથ દેખઈ રે ।**
**જસ કીરતિ જગિ વાધઈ તેહની, જઈન ભાવ તસ લેખઈ રે**
**॥ ૪-૧૪ ॥**

ગાથાર્થ— આ સપ્તભંગીનો દૃઢ (ઠોસબંધ) અભ્યાસ કરીને જે જે વિદ્વાન પુરુષો પરમાર્થને (પદાર્થોના યથાર્થ સ્વરૂપને) જાણે છે તેઓની યશોગાથા અને કીર્તિ આ જગતમાં વૃદ્ધિ પામે છે. અને તેઓનો જ જૈન ભાવ લેખે લાગે છે. (સફળતા પામે છે.) ॥ ૪-૧૪ ॥

**ટબો— ફલિતાર્થ કહઈ છઈ— એ કહિયા જે સપ્તભંગ, તે દૃઢ અભ્યાસ સકલાદેશ વિકલાદેશ નયસપ્તભંગ પ્રમાણસપ્તભંગ ઈત્યાદિ ભેદઈં ઘણો અભ્યાસ કરી, જે પરમાર્થ દેખઈ, જીવાજીવાદિ પરમાર્થ રહસ્ય સમજઈ, તેહની યશકીર્તિ વાધઈ. "જે માટઈં સ્યાદ્વાદપરિજ્ઞાનઈં જ જૈનનઈં તર્કવાદનો યશ છઈ. અનઈં જૈનભાવ પણિ તેહનો જ લેખઈ. જે માટિં નિશ્ચયથી સમ્યક્ત્વ સ્યાદ્વાદપરિજ્ઞાનેં જ છઈ.**

*उक्तं च सम्मतौ—*
*चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।*
*चरणकरणस्स सारं, निच्छयशुद्धं ण याणंति ॥ ३-६७ ॥* (સ૦ પ્ર૦)

**એ ચોથઇં ઢાલઈં ભેદાભેદ દેખાડ્યો. અનઈં સપ્તભંગીનું સ્થાપન કરિઉં. ॥ ૪-૧૪ ॥**

*વિવેચન—* **फलितार्थ कहइ छइ** =આ ઢાળોનો ફલિતાર્થ (સારાંશ) જણાવે છે કે— આ સપ્તભંગી, સાત નયો, નિશ્ચયનય, વ્યવહારનય, ત્રિપદી, આ સઘળું પારમાર્થિકપણે જાણવા લાયક છે. આ જ જૈનદર્શનનો સાર છે. આ સમજાય તો જ વિશ્વનું યથાર્થ સ્વરૂપ સમજાય, અને વિશ્વનું યથાર્થ સ્વરૂપ સમજાય તો જ મિથ્યાજ્ઞાન નાશ પામે છે. સમ્યક્ત્વાદિ ગુણસ્થાનકોની પ્રાપ્તિ થાય છે. તે માટે આ સપ્તભંગી આદિ ભાવોનો દૃઢ (મજબૂત-ઠોસબંધ) અભ્યાસ કરવો જરૂરી છે.

આ જ વાત ગ્રંથકારશ્રી પોતે જ કહે છે—

**ए कहिया जे सप्तभंग, ते दृढ अभ्यास सकलादेश विकलादेश नयसप्तभंग प्रमाणसप्तभंग इत्यादि भेदइं घणो विस्तार करी, जे परमार्थ देखइ, जीवाजीवादि परमार्थ रहस्य समजइ, तेहनी यशकीर्ति वाधइ.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉપર સમજાવેલા આ જે સાતભાંગા (સપ્તભંગી) છે. તેનો જે જે વિદ્વાન પુરુષો દૃઢ અભ્યાસ કરે છે. અને તેના અનુસંધાનમાં આવતા સકલાદેશ, વિકલાદેશ, નયસપ્તભંગ, પ્રમાણસપ્તભંગ, ત્રિપદી, ભેદાભેદ, નિત્યાનિત્ય, સામાન્યવિશેષ, અસ્તિ-નાસ્તિ ઈત્યાદિ પ્રકારોએ ઘણો વિસ્તાર કરવા પૂર્વક જે પરમાર્થપણે (જેવું છે તેવું યથાર્થ) જગતનું સ્વરૂપ જાણે છે. જીવ અજીવ-પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ આદિ નવતત્ત્વો અને છ દ્રવ્યોનું પરમાર્થસ્વરૂપ (પદાર્થોનું જેવું સ્વરૂપ છે તેવું સ્વરૂપ), તેનું રહસ્ય = સાર જે જે મહાપુરુષો સમજે છે. તેથી તે મહાત્માઓ યથાર્થજ્ઞાની થાય છે. અને યથાર્થજ્ઞાની થવાથી જ્યાં જાય ત્યાં વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાવવા દ્વારા યથાર્થવાદી થાય છે. તેઓની વાણી ક્યાંય કોઈની પણ સાથે ટકરાતી નથી. બાધા પામતી નથી. તેઓના વચનોને કોઈ તોડી શકતું નથી. કોઈપણ વાદી તેઓનો પરાભવ કરી શકતો નથી. કારણકે આ વાણી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માની છે. સમજાવનારા પુરુષો તો તેના પ્રચારક-પ્રસારક એક જાતના દલાલ છે. માલિક નથી. માલિક વીતરાગ સર્વજ્ઞ પ્રભુ હોવાથી સંપૂર્ણ સત્ય છે. તેથી આ જાણનારનો સર્વત્ર વિજય થાય છે. આ વાણી નિર્દોષ અને યથાર્થ હોવાથી તેને સમજનારનો અને તેના પ્રચારકનો યશ અને કીર્તિ સદાકાળ દશે દિશામાં વૃદ્ધિ પામે છે. એક દિશામાં પ્રસરે તે કીર્તિ કહેવાય, અને સર્વ દિશામાં પ્રસરે તે યશ કહેવાય. અથવા પરાક્રમજન્ય પ્રશંસા તે યશ, અને ત્યાગ તપ આદિ શેષ ગુણોથી જન્ય જે પ્રશંસા તે કીર્તિ કહેવાય છે. સાચું સમજનાર અને સાચું સમજાવનારનો વગર કહે અને વિના ઈચ્છાએ યશ અને કીર્તિ સ્વતઃ જ વધે છે.

સકલાદેશ, વિકલાદેશ. નયસપ્તભંગ અને પ્રમાણ સપ્તભંગના અર્થો પાંચમી ઢાળની ગાથા-૧-૨માં સમજાવ્યા છે. ત્યાંથી અથવા સ્યાદ્વાદમંજરી અને પ્રમાણનયતત્ત્વ ઉપરની રત્નાકરાવતારિકા ટીકામાંથી જાણવા.

**"जे माटइं स्याद्वादपरिज्ञानइं ज जैननइं तर्कवादनो यश छइ. अनइं जैनभाव पणि तेहनो ज लेखइ. जे माटिं निश्चयथी सम्यकत्व स्याद्वादपरिज्ञाने ज छइ. उक्तं च सम्मत्तौ—**

સપ્તભંગી અને સાતનયોના દૃઢ અભ્યાસીનો જ યશ અને કીર્તિ કેમ વધે ? તેનું કારણ સમજાવતાં કહે છે કે– જે કારણથી સ્યાદ્વાદ શૈલીનું (અનેકાન્તમય સંસારની સ્વયંભૂ વ્યવસ્થાનું) પરિજ્ઞાન (વિશાલજ્ઞાન) જે આત્માઓ પ્રાપ્ત કરે છે. તે જ આત્માઓ જૈનત્વને પામેલા તર્કશાસ્ત્રોમાં પારગામી અને યશસ્વી નીવડે છે. ગમે તેવી એકાન્તવાદીની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ધારદાર મજબૂત દલીલોનો પણ સ્યાદ્વાદી આત્મા ભાંગીને ભુક્કો કરી શકે છે. અને રાજસભામાં યથાર્થવાદ કરવા દ્વારા સ્વરૂપ સમજાવીને સ્યાદ્વાદનો વિજય ડંકો વગડાવી શકે છે. અને આ રીતે જિનેશ્વર પરમાત્માની પરમ શુદ્ધ વાણી રૂપ જૈનશાસનની પ્રભાવના કરવા દ્વારા તે જ આત્માનો "જૈનભાવ" (જૈનપણાની પ્રાપ્તિ) પણ સફળ થાય છે. લેખે લાગે છે. કારણ કે નિશ્ચયદૃષ્ટિથી "સમ્યક્ત્વની" પ્રાપ્તિ સ્યાદ્વાદશૈલીના વિશાળ જ્ઞાન વડે જ થાય છે. પરમપૂજ્ય સિદ્ધસેન દિવાકરસૂરિજી મહારાજશ્રી સમ્મતિપ્રકરણમાં જણાવે છે કે–

**चरणकरणप्पहाणा, ससमयपरसमयमुक्कवावारा ।**
**चरणकरणस्स सारं, निच्छयशुद्धं ण याणंति ॥ ३-६७ ॥ ॥ ४-१४ ॥**

ચરણસિત્તરી અને કરણસિત્તરીના આચારો કાયા દ્વારા પાળવામાં પ્રધાનતમ એવા આત્માઓ પણ જો સ્વસમય (જૈનીય આગમશાસ્ત્રોમાં) અને પરસમય (અન્ય દર્શનીય શાસ્ત્રોમાં) માં જે જે ભાવો વર્ણવ્યા છે. તે સઘળાંને જાણવાનો વ્યાપાર (વ્યવસાય) જેઓએ મૂકી દીધો છે. ઝીણવટભર્યું શાસ્ત્રજ્ઞાન મેળવવાનો પ્રયાસ જેઓ કરતા નથી. તેઓ પોતાના આત્મા દ્વારા પળાતી ચરણસિત્તરી અને કરણસિત્તરીના શુભ આચારોના સારભૂત નિશ્ચયશુદ્ધ મર્મને જાણતા નથી. પામતા નથી. માટે સ્યાદ્વાદ શૈલીનું પરિજ્ઞાન અવશ્ય મેળવવું જ જોઈએ. આ પ્રમાણે અહીં ચોથી ઢાળ સમાપ્ત થાય છે. "જસ કીરતિ" શબ્દ લખીને ગ્રંથકારશ્રીએ કર્તા તરીકે પોતાનું નામ સૂચવ્યું છે. ॥ ૫૪ ॥

## ચોથી ઢાળ સમાપ્ત

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઢાળ – પાંચમી

हिवइं पांचमइं ढालइं नय-प्रमाण विवेक करइ छइ—

**એક અરથ ત્રયરૂપ છઇં, દેખ્યો ભલઇં પ્રમાણઇં રે ।**
**મુખ્યવૃત્તિ ઉપચારથી, નયવાદી પણિ જાણઇં રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગ દેખિઇં ॥ ૫-૧ ॥**

ગાથાર્થ— કોઈ પણ એક પદાર્થ દ્રવ્યગુણ-પર્યાય આમ ત્રણ રૂપવાળો છે આવું ઉત્તમ પ્રમાણો દ્વારા જણાય છે. તથા કોઈ એક રૂપ મુખ્યવૃત્તિથી અને શેષરૂપ ઉપચારથી, આમ ત્રણ રૂપ નયવાદ દ્વારા પણ જાણી શકાય છે. ॥ ૫-૧ ॥

**ટબો– હિવઇં પાંચમઇં ઢાળઇં નય-પ્રમાણ વિવેક કરઇં છઇં- એક અર્થ ઘટ પટાદિક, જીવ અજીવાદિક, ત્રય રૂપ કહતાં, દ્રવ્ય-ગુણ-પર્યાય રૂપ છઇ. જે માટિં ઘટાદિક મૃત્તિકાદિરૂપઇં દ્રવ્ય, ઘટાદિરૂપઇં સજાતીય દ્રવ્ય પર્યાય, રૂપ રસાદ્યાત્મકપણઇં ગુણ, ઇમ જીવાદિકમાં જાણવું. એહવું પ્રમાણઇં-સ્યાદ્વાદ વચનઇં દેખ્યું. જે માટિં પ્રમાણઇં સપ્તભંગાત્મકઇં ત્રયરૂપપણું મુખ્યરીતિં જાણિઇં.**

**નયવાદી જે એકાંશવાદી, તે પણિ મુખ્યવૃત્તિ અનઇં ઉપચારઇં એક અર્થનઇં વિષઇં ત્રયરૂપપણું જાણઇં, યદ્યપિ નયવાદીનઇં એકાંશ વચનઇં શક્તિં એક જ અર્થ કહિઇં. તો પણિ લક્ષણારૂપ ઉપચારઇં બીજા ૨ અર્થ પણિ જાણિઇં.**

**"એકદા વૃત્તિદ્વય ન હોઇ" એ પણિ તંત નથી. "गङ्गायां मत्स्यघोषौ" ઇત્યાદિ સ્થાનિં જે માટિં ૨ વૃત્તિ પણિ માની છઇ. ઇહાં પણિ મુખ્ય અમુખ્યપણઇં, અનંતધર્માત્મક વસ્તુ જણાવવાનઇં પ્રયોજનઇં એક નય, શબ્દની ૨ વૃત્તિ માનતાં વિરોધ નથી. અથવા નયાત્મકશાસ્ત્રઇં ક્રમિકવાક્યદ્વયઇં પણિ એ અર્થ જણાવિઇં. અથવા "एकबोधशाब्दे एकबोध आर्थः" ઇમ અનેક ભંગ જાણવા. ઇમ જ્ઞાન દૃષ્ટિં જગના ભાવ દેખિઇં ॥ ૫-૧ ॥**

વિવેચન— હવે પાંચમી ઢાળમાં નય અને પ્રમાણનો ભેદ જણાવે છે.– જગતના પદાર્થો જેવા સ્વરૂપવાળા છે. તે પદાર્થો તેવા જ હોય છે. પરંતુ તેને જોનારાની "દૃષ્ટિ"

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

જુદી જુદી હોય છે. તેથી તે તે પદાર્થ જુદા જુદા રૂપે દેખાય છે. દાખલા તરીકે સ્વરૂપવાન અને શણગાર યુક્ત એક યુવાન સ્ત્રી છે. તેને ભોગી અને યોગી બન્ને જ્યારે જુએ છે ત્યારે એકને કામભોગનું શ્રેષ્ઠ સાધન દેખાય છે અને કામવાસના વધતી જાય છે. અને બીજાને મળ-મૂત્ર-રૂધિર-ચરબી-હાડકાં વિગેરે અશુચિમય પદાર્થોથી ભરેલું આ શરીર "ઉકરડો" જ છે આમ અશુચિમય જ દેખાય છે. એવી જ રીતે શણગારયુક્ત પુરુષનું શરીર ભોગી સ્ત્રીને ભોગનું સાધન અને યોગી સ્ત્રીને ઉકરડો જ દેખાય છે. વસ્તુમાં-શરીરમાં બન્ને સ્વરૂપો વાસ્તવિક છે. પરંતુ ભોગીજીવ આ શરીરને ઉકરડારૂપે જોવામાં ઉપેક્ષાવંત છે અને યોગીજીવ આ જ શરીરને ભોગનું સાધન જોવામાં ઉદાસીન છે. તેવી રીતે જોનારાની દૃષ્ટિ પ્રમાણે વસ્તુનું સ્વરૂપ ગૌણ-મુખ્ય રીતે ભાસે છે.

જગતના પદાર્થોને મોહાન્ધ (રાગાદિદોષયુક્ત અથવા અજ્ઞાની) આત્માઓ પણ દેખે છે. અને જ્ઞાની આત્માઓ પણ દેખે છે. પરંતુ તે બન્નેના દેખવા-દેખવામાં ઘણું અંતર છે. વસ્તુના યથાર્થ સ્વરૂપની કિંમત બાલ મૂર્ખ-જડ કે મોહાન્ધ જીવને હોતી નથી, એની યથાર્થ કિંમત તો યથાર્થ સ્વરૂપ જાણનારને જ હોય છે. સોનાના, રત્નના, હીરાના કે માણેકના અલંકારની કિંમત બાળકને હોતી નથી. તે બાળક બે-ચાર મીઠાઈના ટુકડામાં આવો કિંમતી અલંકાર આપી દે છે. તથા ચિંતામણિ રત્ન હોય પરંતુ મૂર્ખને કે ગામડીયા ખેડૂતને મળ્યું હોય તો તે ચમકતો પત્થર કે કાચનો ટુકડો છે. આમ સમજીને પાંચ-દસ રૂપીયામાં વેચી નાખે છે. જ્યારે તે જ રત્ન રત્નપારખુને મળ્યું હોય તો તે રત્ન પારખું પુરૂષ તે ચિંતામણિ રત્નને લાખો રૂપિયામાં પણ વેચતો નથી. આ રીતે જોનારાની દૃષ્ટિ મોહાન્ધ હોય, અજ્ઞાનાત્મક હોય તો વસ્તુના સ્વરૂપની કિંમત યથાર્થ જણાતી નથી. આને જ મિથ્યાદૃષ્ટિ, અજ્ઞાની, કહેવાય છે. જ્યારે જોનારાની દૃષ્ટિ પક્ષપાત રહિત હોય, મોહદશા વિનાની હોય, નિર્મળજ્ઞાનદશાથી યુક્ત હોય ત્યારે જ તે જીવને જે વસ્તુ જેવી છે. તે વસ્તુ તેવી દેખાય છે. સમજાય છે. અને જીવ તેવી સ્વીકારે છે આ દૃષ્ટિને સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે. અથવા "જ્ઞાનદૃષ્ટિ" કહેવાય છે. એટલે આ ગાથાના આંકણીવાળા પદમાં લખે છે કે "જ્ઞાન દૃષ્ટિ જગ દેખિઈં" જ્ઞાનવાળી દૃષ્ટિથી જગતના સ્વરૂપને જુઓ, મોહાન્ધતાથી કે અજ્ઞાનતા ભરી દૃષ્ટિથી ન દેખો. તે દૃષ્ટિ તમને વસ્તુનું સાચુ સ્વરૂપ નહી દેખાડે. તમે જ્ઞાની બનો, પક્ષપાત રહિત બનો, સાચા દૃષ્ટા બનો, યથાર્થજ્ઞાનદૃષ્ટિ યુક્ત થઈને જગતનું સ્વરૂપ દેખો. આમ પૂજ્ય ઉપાધ્યાયજી મ. કહે છે.

વસ્તુના યથાર્થ સ્વરૂપને જોવાવાળી આત્માની જે નિર્મળ જ્ઞાનદશા, જે સમજણદશા, એટલે કે જે યથાર્થ દૃષ્ટિ છે તેના પ્રમાણ અને નય આમ બે ભેદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વસ્તુના બધા જ અંશોને પ્રધાનપણે જણાવે તે પ્રમાણજ્ઞાન કહેવાય છે. અને જરૂરી ઉપકારક અંશને પ્રધાનપણે તથા બિનજરૂરી અનુપકારક અંશને ગૌણ પણે જણાવે તેને નયજ્ઞાન કહેવાય છે.

પ્રમાણજ્ઞાન સર્વે નયોનો સમન્વય કરનાર છે. પ્રમાણવાદીને વસ્તુના સર્વે અંશો (ધર્મો) સરખા છે. અને સરખી રીતે જુએ છે. તે ગૌણ-મુખ્યભાવ કરતો નથી. બધા જ અંશો વસ્તુમાં છે. અને તે સર્વને પ્રમાણ જ્ઞાન પ્રધાનપણે જ જુએ છે. જ્યારે નયવાદી પણ વસ્તુના સર્વ અંશોને જાણે છે. પરંતુ ગૌણ-મુખ્યભાવે જાણે છે. ઉપકારક એવા પોતાને માન્ય અર્થને મુખ્યપણે, અને શેષ અર્થને ગૌણપણે સ્વીકારે છે. આ વાત એક ઉદાહરણ સાથે વિચારીએ.

**एक अर्थ घट-पटादिक, जीव अजीवादिक, त्रयरूप कहतां, द्रव्य गुण पर्याय रूप छइ, जे माटिं-घटादिक-मृत्तकादिरूपइं द्रव्य, घटादिरूपइं सजातीय द्रव्यपर्याय, रूप-रसाद्यात्मकपणइं गुण, इम जीवादिकमां जाणवुं. एहवुं-प्रमाणइं-स्याद्वादवचनइं देख्युं. जे माटिं प्रमाणइं सप्तभंगात्मकइं त्रयरूपपणुं मुख्यरीतिं जाणिइं ।**

કોઈ પણ એક પદાર્થ લઈએ. દાખલા તરીકે ઘટ, પટ, આદિ કોઈ એક પદાર્થ ઉદાહરણ રૂપે સમજવો. અથવા સચેતન એવો જીવ, અને અચેતન એવો અજીવ આદિ કોઈ પણ પદાર્થ લઈએ. તો તે સઘળા પણ પદાર્થો (ઘટ-પટ-જીવ-અજીવ) *"ત્રણરૂપવાળા છે"* ત્રણ રૂપ વાળા કહેતાં દ્રવ્યાત્મક પણ છે. ગુણાત્મક પણ છે અને પર્યાયાત્મક પણ છે. **जे माटिं** = કારણકે ઘટાદિક કોઈપણ પદાર્થ જોશો તો ત્રણ રૂપવાળો જણાશે. દાખલા તરીકે સૌ પ્રથમ ઘટ લઈએ તો *"મૃત્તિકાદિ"* માટી આદિ જે જે દ્રવ્યનો તે ઘટ બનેલો છે. તે તે દ્રવ્યનું સ્વરૂપ પણ તે ઘટમાં છે જ. સોનાનો ઘટ હોય તો સોનાના પૈસા ઉપજે છે. અને માટીનો ઘટ હોય તો માટીના પૈસા ઉપજે છે તેથી તેમાં સુવર્ણાદિરૂપ અને "મૃત્તિકાદિ" રૂપ દ્રવ્ય પણ છે જ. તથા કંબુગ્રીવાદિ જે ઘટાદિરૂપતા (ઘટાકારતા) જણાય છે. કે જે ઘટાકારતા સર્વે ઘટમાં સમાન હોવાથી સજાતીય દ્રવ્યપર્યાય કહેવાય છે. તે પર્યાય પણ છે જ. તથા રૂપ-રસ-ગંધ-સ્પર્શ આદિ પુદ્‌ગલાસ્તિકાયના ગુણો પણ તે ઘટમાં છે જ. આ પ્રમાણે પટપદાર્થમાં તન્તુ એ દ્રવ્ય છે. પટાકારતા એ પર્યાય છે. અને રૂપ રસાદિ ધર્મો એ પર્યાય છે. જીવદ્રવ્યમાં અસંખ્યપ્રદેશી સચેતન પદાર્થ તે જીવદ્રવ્ય છે. જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ જે અનંત ગુણધર્મો છે. તે ગુણ છે. અને દેવ-નારકાદિ ભિન્ન ભિન્ન અવસ્થાઓ એ પર્યાય જાણવા. તે પ્રમાણે અજીવ દ્રવ્યમાં પણ સમજી લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે જગદ્‌વર્તી સઘળા પણ <u>પદાર્થો દ્રવ્યાત્મક</u> પણ છે. ગુણાત્મક પણ છે. અને પર્યાયાત્મક પણ છે. આમ ત્રણ સ્વરૂપાત્મક પદાર્થો પ્રમાણ દ્વારા જણાય છે. એટલે કે સ્યાદ્‌વાદ યુક્ત વચનો દ્વારા જ્યારે જ્યારે પદાર્થના સ્વરૂપને દેખીએ છીએ ત્યારે ત્યારે ત્રણે સ્વરૂપો દેખાય જ છે. અને તે પણ ત્રણે સ્વરૂપો પ્રધાનપણે એક સરખાં તુલ્યરીતિએ જણાય છે. ગૌણ-મુખ્યભાવે નહીં. કારણ કે વસ્તુમાં ત્રણે સ્વરૂપો પોતપોતાની રીતિએ સારી રીતે પ્રધાનપણે વર્તે જ છે. અને વસ્તુનું જે આ પૂર્ણસ્વરૂપ છે. તેને જણાવનારૂ-સમજાવનારૂ જીવમાં થયેલું જે જ્ઞાન, તે જ જ્ઞાનને "પ્રમાણજ્ઞાન અથવા સકલાદેશ કહેવાય છે. ગૌણ-મુખ્યપણે જણાવનારૂં જે જ્ઞાન છે. તેને નયજ્ઞાન અને વિકલાદેશ કહેવાય છે. તેથી "જે પ્રમાણવચન છે તે સપ્તભંગી સ્વરૂપ સકલાદેશ" કહેવાય છે. અને "જે નયવચન છે. તે સપ્તભંગીઆત્મક વિકલાદેશ" કહેવાય છે. આ કારણથી સકલાદેશ એ પ્રમાણ વાક્ય છે. અને તે સપ્તભંગી આત્મક છે. તેના વડે ત્રણે રૂપતા મુખ્યતાએ જણાય છે.

**नयवादी जे एकांशवादी, ते पणि मुख्यवृत्ति अनइं उपचारइं एक अर्थनइं विषइं त्रयरूपपणूं जाणइ. यद्यपि नयवादीनइं एकांशवचनइं शक्तिं एक ज अर्थ कहिइं. तो पणि लक्षणारूप उपचारइं बीजा २ अर्थ पणि जाणिइ.**

પ્રમાણવચન દ્વારા (સકલાદેશ દ્વારા–સપ્તભંગી દ્વારા) જેમ કોઈ પણ પદાર્થ દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપ છે. આમ ત્રિવિધપણે જણાય છે. તેવી જ રીતે જે નયવાદી છે. કે જે વિકલાદેશસ્વરૂપ હોવાથી એક અંશગ્રાહી છે. તે નયવાદવાળો આત્મા પણ કોઈ પણ એક પદાર્થને વિષે દ્રવ્ય-ગુણ-પર્યાયપણું આમ ત્રિવિધપણું મુખ્યવૃત્તિ દ્વારા અને ઉપચારવૃત્તિ દ્વારા આમ બન્ને વૃત્તિ દ્વારા થઈને જાણે જ છે. નયવાદી વસ્તુના એક સ્વરૂપને જે મુખ્યપણે જાણે છે તે અભિધાશક્તિથી જાણે છે અને બાકીના ૨ અર્થો જે ગૌણપણે જાણે છે તે લક્ષણાશક્તિથી જાણે છે. જો કે નયવાદીને એક અંશવાળા વચનને વિષે "અભિધા" શક્તિ તો એક જ અર્થ જણાવે છે. તો પણ લક્ષણારૂપ શક્તિ ઉપચાર દ્વારા બાકીના બીજા ૨ અર્થોને પણ અવશ્ય જણાવે જ છે. અભિધા અને લક્ષણા શક્તિના અર્થો આ પ્રમાણે છે.

શબ્દોને *વાચક* કહેવાય છે. અને તેનાથી જણાતા અર્થને વાચ્ય કહેવાય છે. *વાચ્ય* અર્થને જણાવવાની વાચક એવા શબ્દમાં સ્વાભાવિક શક્તિ રહેલી હોય છે. કે જે શક્તિદ્વારા પોત પોતાના નિયત અર્થને સંકેતના સહકારથી તે તે શબ્દો જણાવે છે. શબ્દમાં રહેલી આ શક્તિને "અભિધા" શક્તિ કહેવાય છે. આ *શક્તિતત્ત્વ*ને નૈયાયિક-વૈશેષિકો ઈશ્વરકૃતસંકેત કહે છે. તથા આ શક્તિ વાચક (એવા શબ્દ)માં પણ <u>વર્તે છે</u> અને વાચ્ય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(એવા પદાર્થ)માં પણ વર્તે છે. એટલે નૈયાયિકાદિ દર્શનકારો તેને વૃત્તિ પણ કહે છે. "આ શબ્દથી આ જ અર્થ જાણવો" એવા પ્રકારની ઈશ્વરસંકેતાત્મક આ શક્તિ નામની વૃત્તિ, શબ્દોમાં નિરૂપકત્તા (વાચ્યને જણાવનારા એવા) સંબંધથી વર્તે છે. કારણ કે શબ્દ એ પદાર્થનો નિરૂપક છે. અને "આ પદાર્થ માટે આ જ શબ્દ વાપરવો" આવા પ્રકારની ઈશ્વર સંકેતાત્મક જે શક્તિ છે. તે વાચ્યમાં વિષયતાસંબંધથી વર્તે છે. કારણ કે પદાર્થ એ ઘટ-પટાદિ પદજ્ઞાનનો વિષય છે. આ રીતે નૈયાયિકાદિ માને છે. વાસ્તવિક પણે તો શબ્દની પોતાની આ સહજશક્તિ છે. તેઓ વૃત્તિના બે ભેદ માને છે. ૧. શક્તિ, ૨. લક્ષણા. આ બન્ને વૃત્તિઓ નિરૂપકત્તા સંબંધથી શબ્દમાં અને વિષયતા સંબંધથી પદાર્થમાં વર્તે છે અને પ્રથમવૃત્તિ વાચ્ય અર્થને જણાવે છે અને બીજી વૃત્તિ લક્ષ્ય અર્થને જણાવે છે. આમ નૈયાયિક-વૈશેષિકો માને છે.

જૈનદર્શનકારો વૃત્તિને જ શક્તિ કહે છે. શબ્દોમાં વાચ્ય અર્થ સમજાવવાની સ્વાભાવિકપણે જ એક જાતની "શક્તિ" છે તે ઈશ્વરકૃત નથી. અને તે શક્તિ શબ્દમાં વર્તતી હોવાથી તેને જ વૃત્તિ કહેવાય છે. અને આ શક્તિના બે ભેદ નથી પરંતુ ત્રણ ભેદ છે. ૧ અભિધા, ૨ લક્ષણા, ૩ વ્યંજના. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજશ્રી કૃત કાવ્યાનુશાસનમાં શબ્દમાં રહેલી શક્તિના આ ત્રણ ભેદો વર્ણવેલા છે.

(૧) પોત પોતાના નિયત એવા વાચ્ય અર્થને સમજાવે તે અભિધા
(૨) વાચ્ય અર્થ કરવામાં બાધા આવતી હોય ત્યારે વાચ્ય અર્થને ત્યજી દઈને તેની સાથે સંબંધવાળો અર્થ કરી આપે તે લક્ષણા.
(૩) વાચ્ય અને લક્ષ્ય અર્થને ત્યજીને વ્યંગ્ય અર્થને જણાવનારી જે શક્તિ તે વ્યંજના. જ્યાં શબ્દોથી જે બોલાતું હોય તે જુદુ હોય અને શબ્દોનો અર્થ જુદો થતો હોય. કટાક્ષમાં, મેણા-ટોણાના રૂપમાં જે બોલાતું હોય તે વ્યંજના શક્તિ કહેવાય છે.

| ક્રમ | શક્તિના ભેદ | શબ્દનું નામ | શક્તિનું નામ | અર્થનું નામ |
|---|---|---|---|---|
| ૧ | અભિધા. | વાચક. | અભિધાથી | વાચ્ય અર્થ જણાય |
| ૨ | લક્ષણા. | લક્ષક | લક્ષણાથી | લક્ષ્ય અર્થ જણાય |
| ૩ | વ્યંજના. | વ્યંજક. | વ્યંજનાથી | વ્યંગ્ય અર્થ જણાય |

ઉપરોક્ત અર્થ કાવ્યાનુશાસનના આધારે લખેલ છે. આ દરેકનાં ઉદાહરણો આ પ્રમાણે છે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૧. गङ्गायां मत्स्याः सन्ति = ગંગા નદીમાં માછલાં છે. અહીં ગંગાનદી શબ્દનો વાચ્ય અર્થ જે જલપ્રવાહ રૂપ ગંગાનદી છે. તે જ સંગત થાય છે. કારણકે ત્યાં જ માછલાં હોઈ શકે છે. તેથી ગંગા શબ્દમાં રહેલી "અભિધા" શક્તિથી જલપ્રવાહ રૂપ વાચ્ય અર્થ થાય છે.

૨. गङ्गायां घोषोऽस्ति = ગંગાનદીમાં ઝુપડું છે. ભરવાડોને રહેવાનાં ઘાસનાં બનાવેલાં ઝુંપડાં છે. હવે અહીં જો गंगा શબ્દમાં રહેલી અભિધા શક્તિથી થનારો "જલપ્રવાહ" રૂપ વાચ્ય અર્થ કરીએ. તો તે જલપ્રવાહમાં ઝુંપડું સંભવી શકે નહીં. કારણકે પાણીમાં ઘાસનાં ઝુંપડાં ટકી શકે નહીં. તેથી ગંગા શબ્દનો વાચ્ય અર્થ કરવામાં બાધા આવે છે. તેથી વાચ્ય અર્થ જે જલપ્રવાહ છે. તેની સાથેના સંબંધવાળું જે તીર (કાંઠો) છે. ત્યાં ઝુંપડું સંભવી શકે છે. તેથી गंगा શબ્દનો અભિધાશક્તિથી થનારો જલપ્રવાહ અર્થ ત્યજીને, તેની સાથેના સંબંધવાળો જે તીર છે. તે અર્થ કરવામાં જે આવે છે. તે ગંગાપદમાં રહેલી લક્ષણાશક્તિ જાણવી. કે જે શક્તિ વક્તાના લક્ષ્ય અર્થને સમજાવનારી છે.

૩. उपकृतं बहु तत्र, किमुच्यते, सुजनता प्रथिता भवता चिरम् "સાહિત્યદર્પણના શ્લોકનું આ અર્થપદ છે. બે ગાઢ મિત્રો હતા. એક હૃદયથી સજ્જન હતો, બીજો સ્વાર્થી હતો. એક વખત સજ્જનની આર્થિક પરિસ્થિતિ નબળી પડી. બીજા મિત્રના સહકારની અપેક્ષા રાખી. બીજો મિત્ર સ્વાર્થી હોવાથી દુઃખના કાળે તેણે કંઈ દાદ ન દીધી. કાળાન્તરે સજ્જન મિત્રની આર્થિકસ્થિતિ ઘણી સારી થઈ. ત્યારે બીજો સ્વાર્થી મિત્ર મીઠા હાવભાવ બતાવે છે. અને સંબંધ સુધારવા ઈચ્છે છે. ત્યારે સજ્જન મિત્ર ઉપરનો શ્લોક ગાય છે. અને તેમાં કહે છે કે "तत्र = તે કાળે (મારા દુઃખના કાળે) बहु उपकृतं = તમે ઘણો ઉપકાર કર્યો. किमुच्यते તે ઉપકારનું શું વર્ણન કરૂં ? भवता प्रथिता सुजनता चिरम् = આપના વડે બતાવાયેલી સજ્જનતા ઘણો લાંબો કાળ યાદ રહે તેવી છે આ વાક્યમાં "उपकृतं અને सुजनता" શબ્દોના વાચ્ય અર્થો જુદા છે. અને વ્યંગ્ય અર્થો જુદા છે. અને તેવા પ્રકારના વ્યંગ્ય અર્થમાં અહીં વપરાયા છે. તે વ્યંગ્ય અર્થ આ પ્રમાણે છે. उपकृतं = નો અર્થ તમે મારી ઉપેક્ષા કરી. અને તે ઉપેક્ષા કરવા દ્વારા सुजनता એટલે જે દુર્જનતા બતાવી છે. તે દીર્ઘકાળ સુધી મને યાદ રહે તેવી છે. આ બન્ને શબ્દોમાં રહેલી વ્યંજનાશક્તિ દ્વારા વ્યંગ્ય અર્થ જણાવાય છે. આ સઘળું પ્રાસંગિક સમજાવ્યું છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નયની દૃષ્ટિવાળો પુરુષ તે તે નયને માન્ય એવા અર્થને પ્રધાનપણે (અભિધા શક્તિથી થતા વાચ્ય અર્થને) ગ્રહણ કરે છે. અને બીજા અર્થને ગૌણ પણે (લક્ષણા શક્તિથી થતા લક્ષ્ય અર્થને) ગ્રહણ કરે છે. જેમ કે "अयं घटः स्यादस्ति" સપ્તભંગીનો આ પ્રથમ ભાંગો છે. અહીં "अस्ति" શબ્દનું વિધાન હોવાથી સ્વદ્રવ્ય-સ્વક્ષેત્ર-સ્વકાળ અને સ્વભાવને આશ્રયી ઘડાનું જે સત્ સ્વરૂપ છે. તેનું "અભિધા" શક્તિથી પ્રતિપાદન કરવામાં આવે છે. તેથી તે મુખ્યપણે = પ્રધાનપણે લેવામાં આવે છે. પરંતુ પરદ્રવ્ય-પરક્ષેત્રાદિને આશ્રયી તે જ ઘડામાં જે નાસ્તિ સ્વરૂપ છે. તેનું "अस्ति" શબ્દની જેમ "નાસ્તિ" શબ્દ મુકીને પ્રધાનપણે વિધાન કરવામાં આવતું નથી. તેથી પ્રધાનપણે નાસ્તિ સ્વરૂપનું વિધાન થતું નથી. છતાં કેવળ એકલું "અસ્તિત્વ" ન થઈ જાય. તે માટે તે શબ્દની આગળ "स्याद्" શબ્દ મુકીને કથંચિદ્ અસ્તિ છે આમ કહેવા દ્વારા "નાસ્તિ" સ્વરૂપ પણ અંદર કંઈક છે જ. આમ ગૌણતાએ નાસ્તિ સ્વરૂપ પણ પહેલા ભાંગામાં જણાવાયું છે. એટલે સપ્તભંગીનો કોઈ પણ એકભાંગો એક અર્થને મુખ્યપણે અને બીજા અર્થને ગૌણપણે સ્વીકારનારો બને છે. તેથી તે વસ્તુના પૂર્ણ રૂપને જોનારો બન્યો. આ કારણે જ આ "સુનય" કહેવાય છે. જો બીજા નયની વાતનો સર્વથા નિષેધ કરે તો તે નય, સુનયને બદલે "દુર્નય" થાય છે. કારણ કે બીજા નયને માન્ય સ્વરૂપ પણ તે પદાર્થમાં રહેલું છે. અને આ નયે તે સ્વરૂપ ન માન્યું, માટે દુર્નય બને છે. આ પ્રમાણે નયવાદીના એક અંશગ્રાહી વચન દ્વારા "દ્રવ્ય-ગુણ અને પર્યાય" આ ત્રણમાંથી એક અર્થને પ્રધાનતાએ (અભિધા શક્તિ દ્વારા) કહેવાય છે. અને બાકીના બે અર્થો લક્ષણારૂપ શક્તિ દ્વારા ઉપચારે પણ અવશ્ય કહેવાય જ છે. આમ જાણવું. જો ઉપચારે લક્ષણા દ્વારા બીજા અર્થો તે નયમાં ન કહેવાતા હોય તો તે નય એકાન્તવાદી થવાથી દુર્નય કહેવાય છે.

**"एकदा वृत्तिद्वय न होइ" ए पणि तंत नथी. "गङ्गायां मत्स्यघोषौ" इत्यादि स्थानि जे माटिं २ वृत्ति पणि मानी छइ. इहां पणि मुख्य अमुख्यपणइं, अनंतधर्मात्मक वस्तु जणाववानइं प्रयोजनइं एकनय शब्दनी २ वृत्ति मानतां विरोध नथी. अथवा नयात्मकशास्त्रइं क्रमिकवाक्यद्वयइं पणि ए अर्थ जणाविइं. अथवा "एक" बोधशाब्दे एकबोध आर्थः" इम अनेक भंग जाणवा. इम ज्ञानदृष्टिं जगना भाव देखिइं ॥ ५-१ ॥**

કોઈ પણ એક નય, એક કાળે, એક જ અર્થનો બોધ કરાવે અને બીજા અર્થનો બોધ ન જ જણાવે. એવો નિયમ નથી, પરંતુ કોઈ પણ એક નય, એક કાળે એક અર્થ મુખ્ય પણે અને બાકીના અર્થ ગૌણ પણે જણાવે છે. આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રૂપો સમજાવે છે. અંશગ્રાહી કહેવાતો નય પણ મુખ્ય-અમુખ્યપણે (બન્ને સાથે કરીએ તો) પૂર્ણવસ્તુગ્રાહી છે. તેને એક અંશગ્રાહી જે કહેવાય છે તે માત્ર મુખ્યપણાને આશ્રયી કહેવાય છે. બાકી પરમાર્થથી નય પણ "અભિધા અને લક્ષણા" દ્વારા એટલે કે એકરૂપ પ્રધાનતાએ અને શેષ રૂપ ગૌણતાએ આમ વસ્તુના પૂર્ણરૂપને કહેનાર છે. અને તો જ તે પ્રમાણનો અંશ બનતાં સુનયપણાને પામે છે.

અહીં કોઈક નૈયાયિક આવો પ્રશ્ન કરે છે કે- કોઈ પણ એક શબ્દનો જુદા જુદા કાળે જુદી જુદી રીતે પ્રયોગ કરીએ તો તો જુદી જુદી વૃત્તિઓથી જુદો જુદો અર્થ બોધ થાય. આ વાત બરાબર છે. પરંતુ (અભિધા અને લક્ષણા આમ) બે વૃત્તિઓ સાથે **एकदा** = એક જ કાળે એક જ શબ્દમાં ન હોય, પણ એક જ વૃત્તિ હોય, એટલે કે **वृत्तिद्वय** = બે વૃત્તિઓ સાથે **न होइ** = હોઈ શકતી નથી. સારાંશ કે પરસ્પર ભિન્ન ભિન્ન અર્થને કહેનારી બે વૃત્તિઓ એકી સાથે ન હોય. આવું કોઈક નૈયાયિકો કહે છે.

**ए पणि तंत नथी** = નૈયાયિકની આ વાત પણ (**तंत**=) સત્ય નથી. કારણ કે **गंगायां मत्स्यघोषौ** આવું વાક્ય જ્યારે બોલાય છે. તેવા સ્થાને જે માટે બન્ને વૃત્તિઓ પણ માનેલી છે. ગંગા શબ્દનો જ્યારે મત્સ્યની સાથે સંબંધ કરીએ ત્યારે "અભિધા" શક્તિથી જલપ્રવાહ અર્થ અને ઘોષની સાથે સંબંધ કરીએ ત્યારે "લક્ષણા" શક્તિથી તીર અર્થ કરાય જ છે. અને સામાસિક શબ્દ હોવાથી બન્ને વૃત્તિઓ (અભિધા અને લક્ષણા) સાથે જ રહે છે. માટે બે વૃત્તિઓ એકકાળે સાથે ન હોય આ નૈયાયિકની વાત સાચી નથી.

એવી જ રીતે **इहां पणि** ઈહાં પણ જ્યારે નયવાદથી વસ્તુનું સ્વરૂપ પ્રતિપાદન કરાય છે. ત્યારે એક સ્વરૂપ મુખ્યવૃત્તિથી અને બીજાં રૂપો અમુખ્યવૃત્તિથી, આમ મુખ્યામુખ્ય એવી ઉભયવૃત્તિથી એક નય પણ બન્ને અર્થોને સાથે કહે છે. શબ્દની બન્ને વૃત્તિઓને અનંતધર્માત્મક વસ્તુ જણાવવાના પ્રયોજનના કારણે સાથે માને તો તેમાં કંઈ વિરોધ નથી. બન્ને વૃત્તિઓ એકનયથી એક શબ્દની અંદર સાથે સંભવી શકે છે. એક વૃત્તિથી પ્રધાન અર્થ, અને બીજી વૃત્તિથી ઉપચરિત અર્થ (ગૌણ અર્થ) આમ બન્ને વૃત્તિઓ સાથે મળીને મુખ્યામુખ્યપણે અર્થનું પૂર્ણરૂપ સમજાવે છે. તેથી પ્રમાણ જેમ વસ્તુનુ પૂર્ણ સ્વરૂપ કહે છે. તેમ કોઈ પણ નય પણ પરિપૂર્ણ વસ્તુસ્વરૂપ સમજાવનાર છે.

આમ છતાં કોઈ એવો આગ્રહ જ રાખે કે એકકાળે બે વૃત્તિઓ એકીસાથે કામ ન જ કરે, તો તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अथवा नयात्मक शास्त्रइं** = અથવા નયવાદ પ્રમાણે ક્રમસર બોલાતાં વાક્યોમાં પ્રથમવાક્ય દ્વારા અને ત્યારબાદ બીજાવાક્ય દ્વારા એમ કાળક્રમે પણ બન્ને અર્થો જણાવેલા હોય છે. જેમ કે પ્રથમવાક્ય "स्यादस्ति" દ્વારા અસ્તિસ્વરૂપ પ્રધાનતાએ કહે છે. (જો કે આ એક વાક્યમાં જ અભિધાથી અસ્તિસ્વરૂપ અને તે જ ભાંગામાં લક્ષણાથી નાસ્તિસ્વરૂપ આમ બન્ને સ્વરૂપોનું પ્રતિપાદન છે. તો પણ જે એકી સાથે બન્ને શક્તિઓનો ઉપયોગ ન માને તેને સમજાવે છે કે આ પ્રથમવાક્ય દ્વારા અભિધાશક્તિથી અસ્તિસ્વરૂપ કહેવાય છે) અને ત્યારબાદ બોલાતા "स्यान्नास्ति" આવા બીજા વાક્યથી અભિધાશક્તિ દ્વારા જ નાસ્તિ અર્થ પણ પ્રધાનપણે કહેવાય જ છે. આમ ક્રમિક વાક્યદ્વય દ્વારા પણ નયવાદી અસ્તિ-નાસ્તિ આમ બન્ને અર્થોને પ્રધાનપણે જાણે છે. પ્રમાણવાદીની જેમ નયવાદી પણ વસ્તુના પૂર્ણ સ્વરૂપને ક્રમિક વાક્યદ્વય દ્વારા જાણનાર-સ્વીકાર બને છે. પરંતુ નયવાદી અંશમાત્રને જ જાણે, પણ પૂર્ણસ્વરૂપ ન જ જાણે આમ ન કહેવું.

કદાચ કોઈ એવો પ્રશ્ન કરે કે આ તો બે વાક્યો દ્વારા વસ્તુનું પૂર્ણ સ્વરૂપ જાણ્યું કહેવાય. એકવાક્ય દ્વારા તો વસ્તુનું પૂર્ણસ્વરૂપ ન જ જાણ્યું. તો નયવાદી વસ્તુનું પૂર્ણસ્વરૂપ (પ્રમાણવાદીની જેમ) એક વાક્ય દ્વારા જાણનાર-સમજનાર કેમ કહેવાય ? તેનો ઉત્તર આપતાં ફરીથી પણ ગ્રંથકારશ્રી જણાવે છે કે–

**अथवा एकबोधशाब्दे एकबोधः आर्थः** = ધારો કે "स्यादस्ति" આવા પ્રકારનું એકવાક્ય છે. અને તે વાક્ય વસ્તુનુ "सत्" સ્વરૂપ જે સ્વદ્રવ્ય. સ્વક્ષેત્રાદિથી છે તેને જ સમજાવે છે. એટલે કે એક પ્રકારના અર્થનો બોધ કરાવનારા "अस्ति" આવા પ્રકારના આ શાબ્દિક વાક્યમાં ધારોકે એક પ્રકારનો જ બોધ થવા રૂપ અર્થ છે" તો પણ જે આ એકવાક્ય છે. તે વાક્ય વસ્તુમાં રહેલા બીજા પ્રકારના નાસ્તિ સ્વરૂપનો નિષેધ તો જણાવતું નથી જ. અર્થાત્ બીજા પ્રતિપક્ષી નયની માન્યતાનો આ નય વિરોધ તો કરતો નથી જ. તેથી "न निषिद्धं तु अनुमतम्" ના ન્યાયથી બીજા નયનો અર્થ પણ આ પ્રથમવાક્યે ગૌણતાએ સ્વીકારેલો જ છે. આમ, એક જ વાક્ય પણ પોતાનો માનેલો અર્થ શબ્દોચ્ચારણ દ્વારા પ્રધાનતાએ, અને બીજા નયનો અર્થ નિષેધ ન કરવારૂપે સમ્મતિ દર્શાવવારૂપે ગૌણપણે પણ જણાવે જ છે આમ, એક જ કાળે એક જ વાક્યથી બન્ને અર્થો નયવાદી પણ જાણે છે. અને જણાવે છે. આ રીતે વસ્તુના સ્વરૂપને જાણવા-જણાવવાના અનેક ભંગો થાય છે. એમ જાણવું.

આ રીતે પ્રમાણ અને નયપૂર્વક સકલાદેશ અને વિકલાદેશ દ્વારા વસ્તુતત્ત્વના યથાર્થરૂપને જોવું-જાણવું-માનવું અને સ્વીકારવું. તે જ જ્ઞાનદૃષ્ટિ છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાય છે. અને તેના દ્વારા જગતનું સ્વરૂપ જાણવું જોઈએ. એકાન્તદષ્ટિથી સ્વરૂપ જાણવું તે હિતકારક નથી. ॥ ૫૫ ॥

**મુખ્યવૃત્તિ દ્રવ્યારથો, તાસ અભેદ વખાણઈં રે ।**
**ભેદ પરસ્પર એહનો, તે ઉપચારઈં જાણઈં રે ॥**
**જ્ઞાનદષ્ટિં જગ દેખિઈં ॥ ૫-૨ ॥**

ગાથાર્થ— જે દ્રવ્યાર્થિકનય છે. તે મુખ્યવૃત્તિએ અભેદને જણાવે છે. અને તે નય દ્રવ્ય-ગુણ-પર્યાયનો જે ભેદ છે. તેને ઉપચારથી (ગૌણપણે) જણાવે છે. ॥ ૫-૨ ॥

**ટબો— કહિયો અર્થ તેહ જ સ્પષ્ટપણઈં જણાવઈં છઈં— મુખ્યવૃત્તિ કહતાં શક્તિ શબ્દાર્થ કહતો, જે દ્રવ્યાર્થનય, તે તાસ કહતાં દ્રવ્ય-ગુણ-પર્યાયનઈં અભેદ વખાણઈં. જે માટઈં ગુણપર્યાયાભિન્ન મૃદ્દ્રવ્યાદિકનઈં વિષયઈં ઘટાદિપદની શક્તિ છઈ. એહનો પરસ્પર કહતાં માંહોમાંહીં ભેદ છઈ. તે ઉપચાર કહિતાં લક્ષણાઈં જાણઈં. જે માટઈં દ્રવ્યભિન્ન કંબુગ્રીવાદિપર્યાયનઈં વિષઈં તે ઘટાદિ પદની લક્ષણા માનઈં. મુખ્યાર્થબાધઈં મુખ્યાર્થસંબંધઈં તથાવિધવ્યવહાર પ્રયોજન અનુસરી, તિહાં લક્ષણાપ્રવૃત્તિ દુર્ઘટ નથી. ॥ ૫-૨ ॥**

jainsite.com જૈનમ્ જયતિ શાસનમ્

વિવેચન— **कहियो अर्थ तेहज स्पष्टपणइं जणावइं छइं** = ઉપરની ગાથામાં કહેલા અર્થને જ વધારે સ્પષ્ટ કરે છે. સંસારમાં રહેલા તમામ પદાર્થો દ્રવ્યાત્મક અને પર્યાયાત્મક છે. (ગુણ એ પર્યાયસ્વરૂપ છે. વિવક્ષામાત્રથી કથંચિદ્ ભિન્ન છે. તેથી અહીં ગુણનો જુદો ઉલ્લેખ આવતો નથી.) પદાર્થોના સ્વરૂપોને જાણનારા આત્માઓની દૃષ્ટિ પ્રયોજનવશથી ક્યારેક દ્રવ્યની પ્રધાનતા વાળી અને ક્યારેક પર્યાયની પ્રધાનતાવાળી હોય છે. તેને જ નયવાદ કહેવાય છે. દ્રવ્યની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ છે. તે દ્રવ્યાર્થિકનય છે. અને પર્યાયની પ્રધાનતાવાળી જે દૃષ્ટિ છે. તે પર્યાયાર્થિકનય છે દ્રવ્યાર્થિકનયવાળી દૃષ્ટિ વસ્તુને નિત્યપણે વધારે દેખે છે. એટલે પ્રધાનપણે અભેદને જાણે છે. અને ઉપચારે (ગૌણપણે) ભેદને જાણે છે. આ વાત આ ગાથામાં સ્પષ્ટ કરે છે.

**मुख्यवृत्ति कहतां शक्ति शब्दार्थ कहतो. जे द्रव्यार्थनय, ते तास कहतां द्रव्य-गुण-पर्यायनइं अभेद वखाणइं जे माटइं गुणपर्यायाभिन्न मृदद्रव्यादिकनइं विषयइं घटादिपदनी शक्ति छइ.**

દ્રવ્યાર્થિકનય "અભેદ" માને છે. આમ જે કહેવાય છે. તે તેની મુખ્ય વૃત્તિ છે. અર્થાત્ (અભિધા) શક્તિ છે. પરંતુ કેવળ અભેદ જ માને છે અને ભેદ નથી જ માનતો, એમ નથી. પરંતુ લક્ષણાવૃત્તિથી ભેદને સ્વીકારવામાં પણ પોતાની સમ્મતિ હોય છે. આ જ વાત આ પંક્તિઓમાં ગ્રંથકારશ્રી સ્પષ્ટ કરે છે કે–

મુખ્યવૃત્તિથી એટલે કે (અભિધા) શક્તિથી ઘટ-પટ આદિ શબ્દોનો શબ્દાર્થબોધ (શબ્દ સંબંધી અર્થબોધ) સમજાવતો એવો જે દ્રવ્યાર્થિકનય છે તે નય તે દ્રવ્ય-ગુણ અને પર્યાયોને વિષે અભેદ સમજાવે છે. જેમ કે કોઈ એક પુરુષે બીજા પુરુષને **ઘટમાનય પટમાનય** કહ્યું. ત્યાં ઘટશબ્દ અને પટશબ્દનો અર્થ (શબ્દાર્થ) શું સમજવો ? ત્યારે આ નય મુખ્યવૃત્તિથી એટલે શબ્દમાત્રમાં રહેલી વાચ્ય અર્થને જણાવનારી "અભિધા" શક્તિથી એવો અર્થ જગતને સમજાવે છે કે ઘટ-પટમાં રહેલા રક્ત-પીત આદિ ગુણોથી અને કંબુગ્રીવાદિ-લંબચોરસાદિ પર્યાયોથી અભિન્ન એવા માટી દ્રવ્ય અને તંતુ દ્રવ્યને (માટી દ્રવ્યના તદાકારે બનેલા અને તન્તુ દ્રવ્યના તદાકારે બનેલા પદાર્થને) તું લાવ. આવો અર્થ કહે છે. એવી અભિધા શક્તિ ઘટ-પટ પદમાં રહેલી છે. સારાંશ કે **गंगायां मत्स्याः सान्ति** આવું વાક્ય સાંભળતાં જ ગંગા પદમાંથી જે "જલપ્રવાહ" અર્થ સ્ફુરાયમાન થાય છે. બીજો કોઈ અર્થ ત્યાં સ્ફુરાયમાન થતો નથી. તે આ "અભિધાશક્તિનું" જ કામ છે. અને આ શક્તિ ગંગા પદમાં રહેલી છે. ગંગા પદમાં રહેલી આ અભિધાશક્તિ જ (મુખ્યવૃત્તિ જ) આવો શાબ્દબોધ કરાવે છે. તેવી જ રીતે ઘટ-પટ શબ્દો સાંભળતાંની સાથે સ્વકીયગુણોથી અને સ્વકીય પર્યાયોથી અભિન્ન એવા માટીદ્રવ્યના બનેલા પદાર્થને અને આદિશબ્દથી તંતુદ્રવ્યના બનેલા પદાર્થને (સ્વવાચ્યને) સમજાવવાનું કામ આ બન્ને શબ્દો જે કરે છે તે, બન્ને શબ્દોમાં રહેલી અભિધાશક્તિનું એટલે કે મુખ્યવૃત્તિનું કામ છે. અર્થાત્ સ્વકીયગુણ-પર્યાયોથી અભિન્ન એવા દ્રવ્યને સમજાવનારી અભિધાશક્તિનો (મુખ્યવૃત્તિનો) આ દ્રવ્યાર્થિક નય ઉપયોગ કરે છે. અભેદને સમજાવનારી અભિધાશક્તિ તે તે પદોમાં રહેલી છે.

**एहनो परस्पर कहतां मांहोमांहे भेद छइ. ते उपचार कहितां लक्षणाइं जाणइ, जे माटइं द्रव्यभिन्न कंबुग्रीवादिपर्यायनइ विषइं ते घटादिपदनी लक्षणा मानइं.**

**मुख्यार्थबाधइं, मुख्यार्थसंबंधइं तथाविध व्यवहार प्रयोजन अनुसरी तिहां लक्षणाप्रवृत्ति दुर्घट नथी. ॥ ५-२ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"गंगायां मत्स्याः सन्ति" ઈત્યાદિ વાક્યોમાં બોલાતા ગંગાપદથી જલપ્રવાહ અર્થ અભિધાશક્તિથી જેમ થાય છે. તેમ घटमानय पटमानय ઈત્યાદિ વાક્યોમાં બોલાતા ઘટ-પટ આદિ પદોનો સ્વકીયગુણ-પર્યાયથી અભિન્ન એવા દ્રવ્યને (માટી-તંતુને) સમજાવનારો શાબ્દબોધ મુખ્યવૃત્તિથી (અભિધાશક્તિથી) આ દ્રવ્યાર્થિકનય કરે છે. પરંતુ एहनो = આ દ્રવ્ય-ગુણ અને પર્યાયનો પરસ્પર એટલે કે માંહોમાંહે અર્થાત્ અરસ પરસ જે ભેદ પ્રવર્તે છે, તે ભેદને પણ ઉપચારથી એટલે કે લક્ષણા નામની વૃત્તિથી આ દ્રવ્યાર્થિકનય અવશ્ય જાણે છે. એકલા અભેદને જ જાણે અને ભેદને ન જાણે આમ બનતું નથી. પરંતુ અભિધાથી (મુખ્યવૃત્તિથી) જેમ અભેદને જાણે છે તેમ લક્ષણાથી (ઉપચારથી = ગૌણતાએ) ભેદને પણ જાણે છે. ભેદ માનવામાં પણ પોતાની સમ્મતિ દેખાડે છે. જેમ गंगायां मत्स्यघोषौ" આવા વાક્યમાં મત્સ્ય પદની સાથે અન્વય કરવામાં ગંગા પદમાં રહેલી અભિધાશક્તિ (મુખ્યવૃત્તિ) કામ કરે છે. તેવી જ રીતે ઘોષ પદનીસાથે અન્વય કરવામાં લક્ષણાશક્તિ પણ અવશ્ય કામ કરે જ છે. તો જ યથાર્થ શાબ્દબોધ થાય છે. તેમ અહીં પણ ઘટ-પટ શબ્દ બોલતાં દ્રવ્યાર્થિકનય મુખ્યવૃત્તિએ અભેદ સમજાવે છે અને લક્ષણા નામની બીજી વૃત્તિથી ભેદ અર્થ પણ પ્રયોજનને અનુસારે અવશ્ય સમજાવે જ છે. તો જ આ નય સુનય કહેવાય છે. માટે સ્વકીયગુણ-પર્યાય થી અભિન્ન એવા માટી-તંતુ દ્રવ્યને સમજાવનારી મુખ્યવૃત્તિ (અભિધાશક્તિ) જેમ ઘટ-પટ પદોમાં છે. તેવી જ રીતે દ્રવ્યથી કથંચિદ્ ભિન્ન એવા કંબુગ્રીવાદિપર્યાયને અને તે તે ગુણોને સમજાવનારી લક્ષણાશક્તિ પણ તે તે ઘટ-પટ પદોમાં છે. આમ આ નય માને છે. જલપ્રવાહ અર્થને સમજાવનારી અભિધાશક્તિ જેમ ગંગાપદમાં છે. તેમ તીર અર્થને સમજાવનારી લક્ષણા શક્તિ પણ ગંગાપદમાં જ છે. તેવી જ રીતે અભેદને સમજાવનારી મુખ્યવૃત્તિ જેમ ઘટ-પટ પદોમાં છે, તેમ ભેદને સમજાવનારી લક્ષણાશક્તિ પણ આ પદોમાં છે જ. આમ આ દ્રવ્યાર્થિકનય માને છે. તેથી જ મુખ્યતાએ અભેદ અને ગૌણતાએ ભેદને આ નય જણાવે છે. અહીં એક ઉદાહરણ સમજવા જેવું છે કે કોઈ ગ્રાહક (ખરીદ કરનાર) સોનાના દાગીના ખરીદીને કાળાન્તરે પોતાના સોનાના દાગીના ચોક્સીને ત્યાં જ્યારે વેચવા જાય છે ત્યારે દાગીના ખરીદનાર ચોકસી તે દાગીનામાં સોનું કેટલું છે ? તે જ જુએ છે. ઘાટ જોતો નથી. આ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિ છે. અને તે જ ચોક્સી પાસે કોઈ ગરાગ દાગીના લેવા આવે છે. તો વેપારી અને ખરીદનાર ઘાટવિશેષને જ પ્રધાનતાએ જુએ છે. કારણ કે આ દાગીનામાં સોનુ દ્રવ્ય છે તે તો બન્નેને ખબર છે જ. પરંતુ પસંદગી ઘાટથી કરે છે આ પર્યાયાર્થિકનયની દૃષ્ટિ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*પ્રશ્ન*– સર્વે શબ્દો પોત પોતાના નિયત એવા વાચ્ય અર્થને જ સમજાવે છે. આમ માનીએ તો શું દોષ ? લક્ષણા શા માટે માનવી ? કેવળ એકલી મુખ્યવૃત્તિ જ (અભિધાશક્તિ જ) માનીએ તો શું ન ચાલે ? લક્ષણા માનવાનું કારણ શું ?

*ઉત્તર*– **मुख्यार्थबाधइ** = જ્યાં જ્યાં મુખ્ય અર્થનો બાધ આવતો હોય ત્યાં ત્યાં લક્ષણા નામની વૃત્તિની પ્રવૃત્તિ માનવી એ દુર્ઘટ નથી અર્થાત્ અસંભવિત નથી. મુખ્ય અર્થની બાધાના કારણે લક્ષણા શક્તિ અવશ્ય સ્વીકારવી જ જોઈએ જેમ જલપ્રવાહમાં ઘોષનું હોવું એ સંભવતું નથી. તેથી લક્ષણા સ્વીકારવી જ જોઈએ. તેમ દ્રવ્ય-ગુણ-પર્યાયોનો કેવળ એકલો અભેદ સંભવતો નથી. ત્યાં ભેદને ગૌણતાએ પણ સમજાવનારી લક્ષણા શક્તિ માનવી જોઈએ.

*પ્રશ્ન*– જો મુખ્ય અર્થનો બાધ આવતો હોય તો લક્ષણા સ્વીકારવી પડે. એમ તમે કહો છો, અને લક્ષણા મુખ્ય અર્થને બદલે બીજા અર્થને સમજાવે છે. એમ કહો છો, તો લક્ષણાથી બીજો અર્થ કયો લેવો ? તેમાં કંઈ નિયમ છે ?

*ઉત્તર*– હા. ગમે તે બીજો અર્થ લક્ષણાવૃત્તિ સમજાવતી નથી. પરંતુ **मुख्यार्थसंबंधइ** = મુખ્ય અર્થની સાથે જે સંબંધવાળો અર્થ છે. તે જ અર્થ લક્ષણાવૃત્તિ જણાવે છે. ઘોષના અસ્તિત્વમાં ગંગા પદમાં *જલપ્રવાહરૂપ* મુખ્ય અર્થની બાધા આવે છે. તેથી તેની સાથે સંબંધવાળો *તીર* અર્થ જ જણાવે છે. તેવી જ રીતે અહીં પણ અભેદની સાથે સંબંધવાળો ભેદ અર્થ જ લક્ષણાશક્તિ જણાવે છે. લક્ષણાશક્તિથી મુખ્ય અર્થની સાથે સંબંધવાળો જ અર્થ જણાવાય છે. ગમે તે અર્થ જણાવાતો નથી.

*પ્રશ્ન*– આવો નિયમ કેમ છે ? કે અભિધાશક્તિ મુખ્ય અર્થ જ સમજાવે. અને લક્ષણાશક્તિ ઉપચરિત (ગૌણ) અર્થને જ સમજાવે ? શું આવું ન બને કે અભિધાશક્તિ ગૌણ અર્થ બતાવે અને લક્ષણાશક્તિ મુખ્ય અર્થને જણાવે ? ગંગાપદનો અર્થ અભિધાથી તીર, અને લક્ષણાથી જલપ્રવાહ અર્થ કરવો હોય તો શું ન થાય ? તેવો અર્થ ન કરવામાં નિયામક કોણ ?

*ઉત્તર*– **तथाविध व्यवहार प्रयोजन**— = અનાદિકાળનો તેવા પ્રકારનો જગત્પ્રસિદ્ધ વ્યવહાર જ અહીં નિયામક છે. દરેક શબ્દો પોત પોતાના નિયત અર્થમાં જગતના વ્યવહારથી જ પ્રસિદ્ધ છે. તેથી જ તેનો તે અર્થ વાચ્યઅર્થ કહેવાય છે. મુખ્ય અર્થ કહેવાય છે. જગત્પ્રસિદ્ધ એટલે કે અનાદિથી સ્વયંસિદ્ધ આ તથાવિધવ્યવહાર અનુલ્લંઘનીય જ હોય છે. વ્યવહારને અનુસરવું એ જ *"ઊહ"* નામનું પ્રમાણ છે. માટે ગંગાપદનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જલપ્રવાહ અર્થ અભિધાથી, અને તીર અર્થ લક્ષણાથી જે કરાય છે. તેમાં અનાદિકાળથી સહજસિદ્ધ તથાવિધવ્યવહાર કારણ છે. પરંતુ ઈશ્વરકૃત સંકેતકારણ નથી કારણકે જગતના ભાવોના કર્તા ઈશ્વર નથી.

*પ્રશ્ન*— જો લક્ષણાવૃત્તિનો ઉપયોગ કરીને गंगायां घोषः "આ વાક્યનો અન્વય કરવામાં *તીર* અર્થ કરવો જ પડે છે. તો પછી गंगातटे घोषः આમ જ કહેવું જોઈતું હતું ને ? શા માટે गंगातटे घोषः ન કહીને गंगायां घोषः કહ્યું અને પછી લક્ષણાથી *તીર* અર્થ કર્યો ?

*ઉત્તર*— प्रयोजनानुसारी = તેમાં વિશિષ્ટ પ્રયોજનનું અનુસરણ છે અર્થાત્ પ્રયોજનને અનુસરીને આમ કહેવામાં આવ્યું છે. જલપ્રવાહ જેમ પવિત્ર અને શીતળ છે. તેમ નદીનો તીર (નદીનો કાંઠો) પણ પવિત્ર અને શીતળ છે. આમ જણાવવા ગંગાતટ શબ્દ ન વાપરતાં ગંગા શબ્દ વાપરેલ છે. આ ગંગાનો કાંઠો એ કાંઠો માત્ર નથી. પરંતુ જાણે ગંગા નદી જ છે. એમ વિશિષ્ટ અર્થ જણાવવાનું પ્રયોજન છે. "આ ભગવાનની મૂર્તિ છે" આમ બોલો અને "આ ભગવાન જ છે" આમ બોલો, એ બન્નેમાં જેમ તફાવત છે તેમ અહીં પણ તફાવત છે. ષષ્ઠી લગાડીને મૂર્તિનો ઉલ્લેખ કરતાં મૂર્તિમાં મુખ્યતાએ મૂર્તિપણું જ જણાય છે. ભગવાનપણું જણાતું નથી. અને "આ ભગવાન જ છે" આમ અભેદપ્રધાન અર્થ કરવામાં મૂર્તિપણું જણાતું નથી પરંતુ ભગવાનપણું જ જણાય છે. તેમ અહીં પણ તીર એ ખરેખર તીર માત્ર નથી. પરંતુ ગંગાનદી જ છે. ગંગાનદીની જેમ તીર પણ પવિત્ર અને શીતળ છે આવો અર્થ જણાવવાના પ્રયોજનને અનુસરીને લક્ષણાવૃત્તિનો અહીં ઉપયોગ કરાયો છે. આ પ્રમાણે (૧) મુખ્યાર્થબાધઈ— જ્યાં મુખ્ય અર્થની બાધા આવતી હોય, અને મુખ્યાર્થ સંબંધઈ— જ્યાં મુખ્ય અર્થનો સંબંધ હોય ત્યાં તથાવિધવ્યવહાર— તેવા પ્રકારના વ્યવહારના કારણે, પ્રયોજન અનુસરી-તટને પણ ગંગાનદી જ છે આમ સમજાવવાના પ્રયોજનને અનુસરીને આવા પ્રકારના પ્રયોજનના વશથી લક્ષણાવૃત્તિનો ઉપયોગ કરાય છે. આવા સ્થાને લક્ષણાનો ઉપયોગ કરવો એ કંઈ દુર્ઘટ (અસંભવિત) નથી. લક્ષણાનું લક્ષણ શાસ્ત્રોમાં આ પ્રમાણે કહ્યું છે—

*मुख्यार्थबाधे तद्‌योगे, रूढितोऽर्थप्रयोजनात् ।*
*अन्योऽर्थो लक्ष्यते यत्सा, लक्षणारोपितक्रिया ॥ १ ॥*

જ્યાં મુખ્ય અર્થ સ્વીકારવામાં બાધા આવતી હોય, અને મુખ્ય અર્થનો જ્યાં સંબંધ હોય, તેવા પ્રકારનો રૂઢિના વશથી પ્રયોજનને અનુસારે જે અપૂર્વ અર્થ જણાય



JAINSITE.com जैनम् जयति शासनम् जैन साईट
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. તે લક્ષણા કહેવાય છે. આ લક્ષણા ઉપચરિત ક્રિયા વાળી (ઉપચરિત અર્થને સમજાવવાની ક્રિયાવાળી) છે. આ રીતે દ્રવ્યાર્થિકનય મુખ્યવૃત્તિથી અભેદ અને લક્ષણા વૃત્તિથી ભેદ સ્વીકારે છે. એક શબ્દમાં એકીસાથે બે વૃત્તિ સ્વીકારવી. એ કંઈ અસંગત બાબત નથી. મુખ્યામુખ્યપણે બન્ને વૃત્તિ હોઈ શકે છે.

તથા આ લક્ષણા ક્યારેક મુખ્ય અર્થને ત્યજીને પ્રવર્તે છે. તેને जहल्लक्षणा કહેવાય છે. જેમ કે गंगायां घोषः = અહીં ગંગા પદનો વાચ્ય અર્થ જળપ્રવાહ જે છે. તેને ત્યજીને તીર અર્થ કરાય છે. માટે આ લક્ષણા જહલ્લક્ષણા કહેવાય છે. ક્યારેક મુખ્ય અર્થ રાખીને તેના અનુસંધાનવાળો બીજો અર્થ અંદર ઉમેરાય છે. ત્યારે તે લક્ષણાને अजहल्लक्षणा કહેવાય છે. જેમ કે काकेभ्यो दधि रक्ष्यताम् = કાગડાઓથી મારા આ દહીંનું રક્ષણ કરજો. અહીં काक શબ્દનો વાચ્ય અર્થ કાગડા થાય છે. તે અર્થ પણ રાખવાનો છે. અને દહીંના નાશક બીજાં પ્રાણીઓ કુતરાં-બીલાડાં વિગેરે પણ ઉમેરવાનાં છે. કારણકે કહેનારનો આશય એ છે કે મારૂં દહીં બચવું જોઈએ. તેથી काक શબ્દનો અર્થ માત્ર કાગડો ન કરતાં दधिउपघातकप्राणी = "દહીંના નાશક સર્વે પ્રાણી" આ અર્થ કરાય છે કે જે અર્થમાં કાગડો પણ રહ્યો. અને બીજા દધિઉપઘાતક પ્રાણીઓ પણ ઉમેરાયા. તેથી આ અજહલ્લક્ષણા થઈ. કોઈ કોઈ દર્શનોમાં ત્રીજી જહદજહલ્લક્ષણા પણ આવે છે. ॥ ૫૬ ॥

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

**મુખ્યવૃત્તિ સવિ લેખવઈં, પર્યાયારથ ભેદઈં રે ।**
**ઉપચારઈં અનુભવબલઈં. માનઈં તેહ અભેદઈં રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઈં ॥ ૫-૩ ॥**

*ગાથાર્થ*– પર્યાયાર્થિકનય સર્વે વસ્તુઓનો મુખ્યવૃત્તિથી ભેદ જાણે છે. અને અનુભવને અનુસારે ઉપચારથી (લક્ષણાવૃત્તિથી) તે જ નય અભેદને પણ માને છે. ॥ ૫-૩ ॥

**ટબો– ઈમ પર્યાયાર્થનય મુખ્યવૃત્તિ થકો સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાય ભેદઈં લેખવઈં, જે માટઈં એ નયનઈં મતઈં મૃદાદિ પદનો દ્રવ્ય અર્થ, રૂપાદિપદનો ગુણ જ, ઘટાદિપદનો કંબુગ્રીવાદિ પર્યાય જ, તથા ઉપચારઈં લક્ષણાઈં કરી અનુભવનઈં બલઈં, તે અભેદઈં માનઈં. "ઘટાદિ મૃદ્દ્રવ્યાદ્યભિન્ન જ છઈ" એ પ્રતીતિ ઘટાદિપદની મૃદાદિ દ્રવ્યનઈં વિષઈં લક્ષણા માનિઈં. એ પરમાર્થ. ॥ ૫-૩ ॥**

*વિવેચન*– દ્રવ્યાર્થિકનય જેમ દ્રવ્ય તરફની પ્રધાન દૃષ્ટિવાળો છે. તેવી જ રીતે પર્યાયાર્થિકનય પર્યાય તરફની પ્રધાન દૃષ્ટિવાળો છે. તેથી દ્રવ્યાર્થિકનય જેમ (અભિધાશક્તિથી) મુખ્યવૃત્તિથી અભેદ, અને ઉપચારથી (લક્ષણાવૃત્તિથી) ભેદ જણાવે છે. તેવી જ રીતે પર્યાયાર્થિકનય (અભિધાશક્તિથી) મુખ્યવૃત્તિથી ભેદ, અને ઉપચારથી (લક્ષણાવૃત્તિથી) અનુભવને અનુસારે અભેદ પણ અવશ્ય જણાવે જ છે આ વાત ગ્રંથકારશ્રી વધારે સ્પષ્ટ કરે છે.

**इम पर्यायार्थनय मुख्यवृत्ति थको सर्व द्रव्य गुण पर्याय भेदइं लेखवइं, जे माटइं ए नयनइं मतइं मृदादिपदनो द्रव्य अर्थ, रूपादिपदनो गुण ज, घटादिपदनो कम्बुग्रीवादि पर्याय ज, तथा उपचारइं लक्षणाइं करी अनुभवनइ बलइं, ते अभेदइं मानइं.**

દ્રવ્યાર્થિકનય અભેદ અને ભેદને અનુક્રમે પ્રધાનપણે અને ગૌણપણે જેમ જાણે છે. તેની જેમ પર્યાયાર્થિકનય મુખ્યવૃત્તિ (અભિધા શક્તિ) દ્વારા સર્વે પણ દ્રવ્ય-ગુણ અને પર્યાયના ભેદને પ્રધાનપણે જણાવે છે. કારણ કે આ નયના મતે મૃદાદિ = શબ્દનો *માટી* નામનો પદાર્થ એવો અર્થ, રૂપ-રસાદિ શબ્દનો ગુણ એવો અર્થ, અને ઘટ પટ આદિ પદોનો કંબુગ્રીવાદિ આકાર સ્વરૂપ પર્યાય વિશેષ એવો અર્થ થાય છે. સારાંશ કે જેનાં વાચક નામો જુદાં જુદાં છે. તેનો વાચ્ય અર્થ પણ જુદો જુદો જ હોય છે. તેમ આ નયનું કહેવું છે. જેમ કે સુવર્ણ-પીતતા-કંકણ, અથવા માળા-ઉજ્જ્વળતા-મોતી. ઈત્યાદિ વાચક શબ્દો ભિન્ન ભિન્ન છે. તેથી ત્રણેના વાચ્ય અર્થો પણ ભિન્નાભિન્ન છે. સુવર્ણ એટલે સોનું દ્રવ્ય, પીતતા એટલે સોનાની પીળાશ, અને કંકણ એટલે સોનાની બંગડી, તથા માળા એટલે ૧૦૮ મોતીના મણકાની આખી માળા, ઉજ્વળતા એટલે માળાની ચમક, અને મોતી એટલે મોતીના દાણા. આવી રીતે માટીના બનેલા ઘટમાં જે માટી છે તે મૃદ્ શબ્દથી વાચ્ય છે. જે કાળુ-પીળુ-લાલ રૂપ આદિ છે તે ગુણ શબ્દથી વાચ્ય છે. અને નીચેથી પેટ સુધી પહોળો-પહોળો અને પેટથી ઉપર સાંકડો સાંકડો તથા ગળે કાંઠલાવાળો જે કંબુ ગ્રીવાદિ આકાર સ્વરૂપ પર્યાય છે. તે ઘટ શબ્દથી વાચ્ય છે. આ રીતે શબ્દભેદે અર્થભેદ છે. આમ આ નય મુખ્યવૃત્તિથી ભેદને માને છે. તેથી દ્રવ્ય-ગુણ અને પર્યાયનો મુખ્યતાએ ભેદ દેખે છે.

**तथा उपचारइं** = તો પણ ઉપચારથી (ગૌણપણે) લક્ષણા નામની વૃત્તિએ કરીને અનુભવને અનુસારે તે પર્યાયાર્થિકનય દ્રવ્ય-ગુણ-પર્યાયનો અભેદ પણ અવશ્ય માન્ય રાખે છે. તે આ પ્રમાણે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"घटादि मृद्‌द्रव्याद्यभिन्न ज छइ." ए प्रतीति घटादि पदनी मृदादिद्रव्यनइं विषइं लक्षणा मानिइं. ए परमार्थ. ॥ ५-३ ॥

ઘટાદિ જે પર્યાય છે. તે મૃદ્ દ્રવ્ય આદિથી અભિન્ન જ છે. કારણકે માટી દ્રવ્ય વિના સ્વતંત્ર ઘટાકારતા બની શકતી નથી. પરંતુ જે માટી દ્રવ્ય છે, તે જ ઘટાકાર સ્વરૂપે પરિણામ પામે છે આવા પ્રકારની પ્રતીતિ થતી હોવાથી ઘટાદિ પદોનો વાચ્ય અર્થ મુખ્યવૃત્તિથી (અભિધાશક્તિથી) ઘટાકારતા આદિ પર્યાય થવા છતાં પણ તે જ ઘટાદિ પદથી માટીનો ઘટ સમજવા સ્વરૂપે મૃદાદિ દ્રવ્યને વિષે લક્ષણા આ નય માને છે. અર્થાત્ આ નય લક્ષણાથી ઘટ પદનો અર્થ માત્ર ઘડો (પર્યાય) ન કરતાં *માટીનો ઘડો* અર્થાત્ ઘટાકારે પરિણામ પામેલી માટી આમ કરે છે. તેથી લક્ષણાથી ઘટ શબ્દ મૃદ્ દ્રવ્યને વિષે પણ પ્રવર્તે છે. આમ એક અર્થ પ્રધાનતાએ અને બીજો અર્થ ઉપચારથી કોઈ પણ નય સ્વીકારે છે. તો જ તે નય સુનય કહેવાય છે. બીજા નયના અર્થની જે નય અપેક્ષા રાખે છે. તે જ નય સુનય કહેવાય છે. આ જ સાચો પરમાર્થ છે. ॥ ૫૭ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

## દોઈ ધર્મ નય જે ગ્રહઈં, મુખ્ય અમુખ્ય પ્રકારો રે ।
## તે અનુસારઈં કલ્પઈં, તાસ વૃત્તિ ઉપચારો રે ॥
## જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઈં ॥ ૫-૪ ॥

*ગાથાર્થ*– જે નય મુખ્ય અને અમુખ્યની નીતિરીતિને અનુસારે ભેદ અને અભેદ એમ બન્ને ધર્મોને ગ્રહણ કરે છે. ત્યાં તે તે નયને અનુસારે તે તે પદોની વૃત્તિ (મુખ્યવૃત્તિ=અભિધાશક્તિ) અને ઉપચાર (લક્ષણાવૃત્તિ=ગૌણતા) સમજી લેવી. ॥ ૫-૪ ॥

**ટબો– બેહુ ધર્મ ભેદ-અભેદ પ્રમુખ, જે નય દ્રવ્યાર્થિક અથવા પર્યાયાર્થિક ગ્રહઈ, ઊહાખ્યપ્રમાણઈં ધારઈં, મુખ્ય-અમુખ્ય પ્રકારઈં = સાક્ષાત્-સંકેતઈં તથા વ્યવહિત સંકેતઈં, તે નયની વૃત્તિ અનઈં તે નયનો ઉપચાર કલ્પિઈં. જિમ-ગંગા પદનો સાક્ષાત્ સંકેત પ્રવાહરૂપ અર્થનઈં વિષયઈં છઈં, તે માટઈં પ્રવાહઈં શક્તિ, તથા ગંગાતીરઈં ગંગાસંકેત વ્યવહિત સંકેત છઈ, તે માટઈં ઉપચાર, તિમ દ્રવ્યાર્થિકનયનો સાક્ષાત્ સંકેત અભેદઈં છઈ, તે માટઈં તિહાં શક્તિભેદઈં વ્યવહિત સંકેત છઈ, તે માટે ઉપચાર, ઈમ પર્યાયાર્થિકનયની પણિ શક્તિ-ઉપચાર ભેદ અભેદનઈં વિષયઈં જોડવા. ॥ ૫-૪ ॥**

*વિવેચન—* કોઈ પણ વસ્તુમાં પરસ્પર વિરોધી દેખાતા પરંતુ પરમાર્થે અવિરોધી એવા ૨ ધર્મો છે. તે બન્ને ધર્મોમાંથી પ્રયોજન ભૂત એક ધર્મને કેટલાક લોકો મુખ્યપણે અને બીજા ધર્મને ગૌણપણે જાણે છે. અને બીજા કેટલાક લોકો પોતાના પ્રયોજનભૂત બીજા ધર્મને મુખ્યપણે અને પ્રથમધર્મને ગૌણપણે જાણે છે. આવી દૃષ્ટિને જ નય કહેવાય છે. જેમ કે એક વિવાહિત સ્ત્રી છે. તેને તેનાં માતા-પિતાદિ પરિવાર "પુત્રી" પણે મુખ્યતાએ જાણે છે. અને તેથી તેની સાથે બોલવા ચાલવાના તમામ વ્યવહારો પુત્રીપણાના વાત્સલ્યથી કરે છે. જો કે તેઓ (પણ મનમાં) જાણે છે કે આ અમારી પુત્રી, તેના શ્વસુરગૃહની પુત્રવધૂ પણ છે. પરંતુ તે ધર્મ ગૌણતાએ જાણે છે. તેવી જ રીતે તે સ્ત્રીના શ્વસુર ગૃહના લોકો આ અમારા ઘરની "પુત્રવધૂ" છે આ ધર્મ પ્રધાનતાએ જાણે છે. છતાં તે તેણીનાં માતા-પિતાદિની પુત્રી છે એમ પણ ગૌણતાએ જાણે જ છે. એટલે જ તે દરેકની સાથે તેવા તેવા ઉચિત વ્યવહારો કરે છે. આમ બે ધર્મોને મુખ્યામુખ્યપણે જાણવા. આ જ નય કહેવાય છે.

પ્રધાનતાએ દ્રવ્યાર્થિકનયનો અભેદ જણાવવાની સાથે અને પર્યાયાર્થિક નયનો ભેદ જણાવવાની સાથે અવિનાભાવ સંબંધ છે. આ રીતે જ્યાં જે નયથી જે વિષય મુખ્યપણે જાણવાનો હોય, ત્યાં તે જ વિષયને મુખ્યપણે જણાવે, અને જ્યાં જે વિષય ગૌણપણે જાણવાનો હોય, ત્યાં તે જ વિષયને ગૌણપણે જણાવે એવું જે જ્ઞાન, એવી જે દૃષ્ટિ, એવો જે નિયમ, એવું જે નિયામક કારણ, તેને *"ઊહ"* નામનું (તર્કનામનું) પ્રમાણ કહેવાય છે. પ્રમાણનયતત્ત્વાલોકમાં ઊહનું લક્ષણ આ પ્રમાણે આપ્યું છે કે **उपलम्भानुपलम्भसम्भवं त्रिकालीकलित-साध्यसाधनसम्बन्धालम्बनं "इदमस्मिन् सत्येव भवति" इत्याद्याकारं संवेदनमूहापरनामा तर्कः** ૩-૭ સંક્ષેપમાં જ્યાં સાધ્ય-સાધનનો અવિનાભાવસંબંધ તથા વાચ્યવાચકભાવના આલંબનવાળું સંવેદન (જ્ઞાન) જ્યાં જણાવાય તે ઊહ કહેવાય છે. જેમ કોઈના ઘર ઉપર ધૂમાડો નીકળતો દેખાય, તો આ ઊહપ્રમાણ તે ઘરની અંદર "અગ્નિ"નો જ બોધ કરાવે, જળાદિનો બોધ ન કરાવે. તેને ઊહ અર્થાત્ તર્ક કહેવાય છે. હેતુ અને સાધ્યના અવિનાભાવનું જે ચિંતન જેમ કે વહ્નિ હોય, તો જ ધૂમ હોય, વહ્નિ ન હોય તો ધૂમ ન જ હોય, આવું જે જ્ઞાન, તે ઊહ અર્થાત્ તર્ક કહેવાય છે. તેની જેમ કોઈ પણ શબ્દનો વાચ્ય અર્થ પ્રધાનપણે, અને લક્ષ્ય અર્થ ગૌણપણે સમજાવવાનું જે નિયામક કારણ છે. તે આ *ઊહ* પ્રમાણ છે.

**बेहु धर्म भेद-अभेद प्रमुख, जे नय द्रव्यार्थिक अथवा पर्यायार्थिक ग्रहइ, ऊहाख्यप्रमाणइं धारइं, मुख्य-अमुख्य प्रकारइं = साक्षात्-संकेतइं तथा व्यवहितसंकेतइं, ते नयनी वृत्ति, अनइं ते नयनो उपचार कल्पिइं**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"બાલ્ય-યુવા-અને વૃદ્ધાવસ્થા" પામનાર દેવદત્ત નામનો પુરુષ અવસ્થાભેદથી જોઈએ તો ભિન્ન ભિન્ન છે. છતાં "દેવદત્તપણે જોઈએ તો અભિન્ન પણ છે" તેમ સર્વે પણ પદાર્થો ભેદ-અભેદ આમ બે ધર્મવાળા છે. તે ભેદ-અભેદ પ્રમુખ (વિગેરે) બન્ને ધર્મોને, જે દ્રવ્યાર્થિકનય છે તે પણ ગ્રહણ કરે છે. (માને છે) અને જે પર્યાયાર્થિકનય છે તે પણ (બન્ને ધર્મોને) માને છે. કોઈ પણ એક નય એક ધર્મમાત્રને જ માને, અને બીજા ધર્મને ન માને, એમ નથી. પરંતુ બન્ને નયો બન્ને ધર્મને માને છે. છતાં "ઊહાખ્ય" (તર્ક) નામના પ્રમાણના બળે મુખ્ય-અમુખ્ય પ્રકારે તે બન્ને ધર્મોને ધારે છે (માને છે-સ્વીકારે છે). જે નય જે ધર્મને મુખ્યપણે જાણે છે તે ધર્મની સાથે *"સાક્ષાત્સંકેત"* કહેવાય છે. અને જે ધર્મને અમુખ્યપણે જાણે છે તે ધર્મની સાથે *"વ્યવહિતસંકેત"* કહેવાય છે. જે નય જે ધર્મને સાક્ષાત્સંકેતથી જાણે છે ત્યાં તે નયની વૃત્તિ (મુખ્યવૃત્તિ અર્થાત્ અભિધાશક્તિ) કલ્પાય છે. અને જ્યાં જે નય જે ધર્મને વ્યવહિતસંકેતથી જાણે છે ત્યાં તે નયનો ઉપચાર (ગૌણવૃત્તિ-લક્ષણા) કલ્પાય છે. સાક્ષાત્સંકેતથી જે ધર્મ જણાય તે અભિધાશક્તિ, એટલે કે વૃત્તિ અથવા મુખ્યવૃત્તિ, અને વ્યવહિતસંકેતથી જે ધર્મ જણાય તે લક્ષણાશક્તિ (અથવા ગૌણવૃત્તિ) કહેવાય છે. આ જ વાત એક ઉદાહરણ આપીને ગ્રંથકારશ્રી પોતે જ સમજાવે છે.

**जिम-गंगापदनो साक्षात्संकेत प्रवाहरूप अर्थनइं विषयइं छइं. ते माटइं-प्रवाहइं शक्ति, तथा गंगातीरइं गंगासंकेत व्यवहितसंकेत छइं. ते माटइं - उपचार. तिम द्रव्यार्थिकनयनो साक्षात्संकेत अभेदइं छइं, ते माटइं-तिहां शक्ति. भेदइं व्यवहितसंकेत छइं. ते माटइं उपचार. इम पर्यायार्थिक नयनी पणि शक्ति-उपचार, भेद-अभेदनइं विषयइं जोडवा ॥ ५-४ ॥**

જેમ "ગંગા" શબ્દનો સાક્ષાત્સંકેત જલપ્રવાહસ્વરૂપ અર્થને વિષે છે. તે માટે જલપ્રવાહ અર્થ કરવામાં જે શક્તિ (અભિધાશક્તિ- અર્થાત્ મુખ્યવૃત્તિ) છે. તે શક્તિને મુખ્યવૃત્તિ કહેવાય છે. તથા ગંગાતીર (ગંગાનદીનો કાંઠો) અર્થ કરવામાં જે ગંગાસંકેત (ગંગા પદનો સંકેત) છે તે વ્યવહિત સંકેત છે. કારણ કે જલ પ્રવાહરૂપ મુખ્ય અર્થમાં બાધા આવે છે એટલે જળપ્રવાહ અર્થ ન કરતાં તેની સાથે સંબંધવાળા તીરનો અર્થ લીધો. અહીં ગંગાપદનો જલપ્રવાહ અર્થ કરીને તેની સાથે સંબંધવાળા તીરપદાર્થ સુધી ગયા. માટે જળપ્રવાહ અર્થ કરવા દ્વારા પરંપરાએ સંબંધ કર્યો, તેથી વ્યવહિત સંબંધ કહેવાય છે. તે માટે ત્યાં એટલે કે ગંગાતીર અર્થ કરવામાં ઉપચાર છે. (ઉપચાર એટલે લક્ષણા-અમુખ્યવૃત્તિ-ગૌણતા). આ પ્રમાણે ગંગાપદથી મુખ્યવૃત્તિએ જેમ જલપ્રવાહ અને અમુખ્યવૃત્તિએ (ઉપચારે) ગંગાતીર અર્થ જણાય છે. **तिम द्रव्यार्थिकनयनो साक्षात्संकेत**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**अभेदइं छइं, ते माटइं-तिहां शक्ति** તેમ દ્રવ્યાર્થિકનયનો ઉહાખ્યપ્રમાણના બળે સાક્ષાત્સંકેત અભેદને વિષે થાય છે. તે માટે ત્યાં "શક્તિ" છે. (અભિધાશક્તિ છે.) અને **भेदइं व्यवहित संकेत छइं, ते माटइं उपचार-** વ્યવહિતસંકેત ભેદને વિષે થાય છે. તે માટે ત્યાં ઉપચાર છે. (ગૌણવૃત્તિ છે. = લક્ષણા છે).

આ જ પ્રમાણે પર્યાયાર્થિકનયની પણ શક્તિ અને ઉપચાર અનુક્રમે ભેદ અને અભેદને વિષે જોડવાં. અભિધાશક્તિથી (મુખ્યવૃત્તિથી) ભેદ અને ઉપચારથી (ગૌણવૃત્તિથી અર્થાત્ લક્ષણાથી) અભેદ અર્થ, એમ બન્ને ધર્મો પર્યાયાર્થિકનય પણ અવશ્ય જણાવે જ છે. જેમકે પિયરપક્ષના લોકો તે વિવાહિત સ્ત્રીને "આ અમારી પુત્રી છે" આમ જે જાણે છે અને તેને અનુકુળ જે વ્યવહાર કરે છે તે મુખ્યવૃત્તિ છે. (અભિધાશક્તિ છે) અને આ અમારી પુત્રી તેણીના શ્વસુરગૃહની "પુત્રવધૂ" છે આમ જે પિયરપક્ષવાળા જાણે છે તે ઉપચાર (લક્ષણા-ગૌણવૃત્તિ) છે. પરંતુ પિતૃપક્ષવાળા લોકો પણ બન્ને ધર્મો અવશ્ય જાણે જ છે. તે જ રીતે શ્વસુરગૃહવાળા લોકો પણ પુત્રવધૂત્વ ધર્મને મુખ્યવૃત્તિથી અને પુત્રીત્વ ધર્મને ગૌણતયા પણ અવશ્ય જાણે જ છે. તેથી બન્ને પક્ષો બન્ને ધર્મને જાણનારા છે.

આમ કોઈ પણ નય હોય, પરંતુ બન્ને ધર્મોને તે તે નય સ્વીકારે છે. માને છે. એક ધર્મ જે સાક્ષાત્સંકેતવાળો છે તેને મુખ્યવૃત્તિથી ગ્રહણ કરે છે અને બીજો ધર્મ કે જ્યાં વ્યવહિત સંકેત છે અર્થાત્ સાક્ષાત્સંકેતવાળા પદાર્થ દ્વારા પરંપરાએ જ્યાં સંબંધ કરાય છે. તેને ગૌણવૃત્તિથી સ્વીકારે છે આમ સર્વત્ર જોડવું. ॥ ૫૮ ॥

**कोइक कहइ छइ, जे- ''एकनय एक ज विषय गहइ, बीजा नयनो विषय न गहइ'' ते दूषइ छइ—** કોઈક શિષ્ય આવો પ્રશ્ન કરે છે કે કોઈ પણ એકનય પોતાનો જે એકવિષય હોય તે જ ગ્રહણ કરે છે પરંતુ બીજા નયનો વિષય (ગૌણપણે પણ) ગ્રહણ ન જ કરે. જેમ કે દ્રવ્યાર્થિકનય અભેદને જ, અને પર્યાયાર્થિકનય ભેદને જ જણાવે છે પણ બીજા ધર્મને ગૌણપણે પણ જણાવતો નથી. આવા પ્રકારના શિષ્યના પ્રશ્નને ગ્રંથકારશ્રી દૂષિત કરતાં ઉત્તર આપે છે કે–

**ભિન્ન વિષય નયજ્ઞાનમાં, જો સર્વથા ન ભાસઈ રે ।**
**તો સ્વતંત્ર ભાવઈ રહઈ, મિથ્યાદષ્ટિ પાસઈ રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઈ ॥ ૫-૫ ॥**

*ગાથાર્થ*— જો વિવક્ષિત કોઈ પણ એક નયમાં બીજાનયનો જે (પોતાનાથી) ભિન્ન

જૈન સાઇટ JAINSITE
www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વિષય છે. તે સર્વથા જો ન દેખાય તો તે નય સ્વતંત્રભાવવાળો થયો છતો મિથ્યાદૃષ્ટિ પાસે રહે છે. (મિથ્યાદૃષ્ટિ કહેવાય છે.) ॥ ૫-૫ ॥

**ટબો- જો નયજ્ઞાનમાંહિં, ભિન્ન વિષય કહતાં-નયાંતરનો મુખ્યાર્થ, સર્વથા કહતાં-અમુખ્યપણઇં પણિ, ન ભાસઇ, તો સ્વતંત્ર ભાવઇ-સર્વથા નયાંતરવિમુખપણઇ, મિથ્યાદૃષ્ટિ પાસઇં રહઇં, એટલઇ-દુર્નય થાઈં. પણિ. સુનય ન થાઈં. ઈમ જાણવું. ॥ ૫-૫ ॥**

*વિવેચન*- કોઈ પણ એક નય પોતાને માન્ય અર્થને મુખ્યપણે કહે છે. પરંતુ ઈતર નયનો મુખ્યપણે માન્ય એવો જે અર્થ છે. તે અર્થ વિવક્ષિતનય ગૌણપણે પણ જો ન કહે તો તે નય બીજા નયોથી વિમુખ થયો છતો એકાંતવાદી થવાથી મિથ્યાદૃષ્ટિ બને છે. આ વાત સમજાવે છે.

**जो नयज्ञानमांहिं, भिन्न विषय कहतां-नयान्तरनो मुख्यार्थ, सर्वथा कहतां-अमुख्यपणइं पणि न भासइ, तो स्वतंत्रभावइ-सर्वथा नयान्तरविमुखपणइ-मिथ्यादृष्टिपासइ रहइं. एटलइ-दुर्नय थाइं. पणि सुनय न थाइ. इम जाणवुं. ॥ ५-५ ॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

કોઈ પણ વિવક્ષિત એક નયના જ્ઞાનની અંદર, ભિન્નવિષય એટલે કે નયાન્તરનો (બીજા નયનો) જે મુખ્યવિષય છે. તે વિષય જો સર્વથા એટલે કે ગૌણપણે પણ આ વિવક્ષિત નયજ્ઞાનમાં ન જણાય, તો તો તે નયજ્ઞાન સ્વતંત્રભાવવાળું થયુ છતું એટલે કે અન્યનયોથી વિમુખ થયુ છતું તે જ્ઞાન મિથ્યાદૃષ્ટિ પાસે રહે છે. અર્થાત્ તે જ્ઞાન મિથ્યાત્વભાવવાળુ બને છે. જ્યાં સાપેક્ષદૃષ્ટિ નથી અને નિરપેક્ષદૃષ્ટિ છે. તે જ મિથ્યાત્વ છે. જો દ્રવ્યાર્થિકનયનું જ્ઞાન <u>પર્યાયાર્થિનયને મુખ્યપણે માન્ય એવા ભેદને ગૌણપણે પણ ન</u> જણાવે અને કેવળ એકલા પોતાને માન્ય અભેદને જ જણાવે તો તે દ્રવ્યાર્થિકનયનું જ્ઞાન મિથ્યાદૃષ્ટિ કહેવાય છે. એવી જ રીતે પર્યાયાર્થિકનયનું જ્ઞાન જો દ્રવ્યાર્થિકનયને મુખ્યપણે માન્ય એવા અભેદને ગૌણપણે પણ ન જણાવે તો તે પર્યાયાર્થિકનયનું જ્ઞાન સ્વતંત્રભાવવાળુ થયુ છતું એટલે કે અન્ય નયોથી નિરપેક્ષ થયું છતું મિથ્યાદૃષ્ટિ બને છે.

નિરપેક્ષ એવો નય તે દુર્નય કહેવાય છે. પણ સુનય કહેવાતો નથી "એકાન્તવાદ" એ જ મિથ્યાત્વ છે. કારણકે કોઈ પણ વસ્તુમાં ભેદ-અભેદ આમ બન્ને ધર્મો રહેલા છે. છતાં એક ધર્મને જ જો તે નય જણાવે અને અન્યધર્મને ગૌણપણે પણ જો ન જણાવે અને આ રીતે અન્યધર્મનો અપલાપ કરે તો વસ્તુનું ઉભય ધર્મવાળું જેવું સ્વરૂપ છે. તેવું પરિપૂર્ણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વરૂપ જણાવ્યું ન કહેવાય. અન્યથા જણાવ્યું કહેવાય. તે માટે તે નય સુનય ન રહેતાં દુર્નયપણાને પામે છે. ॥ ૫૯ ॥

**એહ વિશેષાવશ્યકઈં, સમ્મતિમાં પણિ ધારો રે ।**
**ઈમ નયથી સવિ સંભવઈ, ભેદ-અભેદ-ઉપચારો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઈં ॥ ૫-૬ ॥**

ગાથાર્થ— આ વિષય વિશેષાવશ્યક ભાષ્યમાં તથા સમ્મતિતર્કમાં પણ અત્યંત સ્પષ્ટપણે કહેલો છે. આમ નયોથી જ ભેદ અને અભેદનો બોધ મુખ્યવૃત્તિથી અને ઉપચારથી સર્વ સંભવે છે. ॥ ૫-૬ ॥

**ટબો- એહ અર્થ વિશેષાવશ્યકઇં, તથા સમ્મતિમાંહિં છઈં. ઈમ ધારો, ગાથા-**

**दोहिं वि णयेहिं णीअं, सत्थमुलूएण तह वि मिच्छत्तं ।**
**जं सविसयप्पहाणत्तणेण, अण्णुण्णनिरवेक्खा ॥ २१९५ ॥**
**स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः, इति सुनयलक्षणम् ।**
**स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः, इति दुर्नय लक्षणम् ॥**

जैनम् जयति शासनम्

**ઈમ નયથી-નયવિચારથી, ભેદ-અભેદ ગ્રાહ્ય વ્યવહાર સંભવઈ. તથા નયસંકેત-વિશેષથી ગ્રાહકવૃત્તિવિશેષરૂપ ઉપચાર પણિ સંભવઈ. તે માટઈં ભેદ-અભેદ તે મુખ્યપણઈં પ્રત્યેકનયવિષય, મુખ્યામુખ્યપણઈ ઉભયનયવિષય, ઉપચાર-તે મુખ્યવૃત્તિની પરિં નયપરિકર પણિ વિષય નહીં.**

**એ સમો માર્ગ શ્વેતાંબરપ્રમાણ-શાસ્ત્રસિદ્ધ જાણવો. ॥ ૫-૬ ॥**

*વિવેચન*— કોઈ પણ નય પોતાને માન્ય વિષય મુખ્યવૃત્તિથી જણાવે અને બીજાનયનો વિષય ઉપચારથી (ગૌણતયા) જણાવે તો જ તે નય, સુનય કહેવાય છે. અન્યથા દુર્નય કહેવાય છે. એટલે કે કોઈ પણ નય જેમ પોતાને માન્ય વિષય કહે છે તેમ ઈતરનયને માન્ય વિષય ગૌણતાએ પણ જો જણાવે તો જ એકાન્તવાદ ન થવાથી સુનય જાણવો. આ જ વાત વિશેષાવશ્યકભાષ્યમાં અને સમ્મતિતર્ક જેવા મહાગ્રંથોમાં કહી છે. તેની સાક્ષી આપતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે—

**एह अर्थ विशेषावश्यकइं तथा सम्मतिमांहिं छइ. इम धारो गाथा—**

ઉપર અમે જે અર્થ કહ્યો. તે આ અર્થ વિશેષાવશ્યકભાષ્યમાં તથા સમ્મતિતર્કમાં પણ છે. આમ તમે જાણો. તે ગાથા (સાક્ષીપાઠ) વિશેષાવશ્યકમાં આ પ્રમાણે છે–

**दोहिं णयेहिं णीअं, सत्थमुलूएण तहवि मिच्छत्तं ।**
**जं सविसयप्पहाणत्तणेण, अण्णुण्णनिरवेक्खा ॥ २१९५ ॥**

જો કે ઉલૂકઋષિ વડે (અક્ષપાદઋષિ વડે) ન્યાયદર્શનમાં તથા કણાદઋષિ વડે વૈશેષિકદર્શનમાં, દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયને માન્ય અનુક્રમે નિત્યવાદ અને અનિત્યવાદ, આમ બન્ને નયોની માન્યતાવાળાં પોતાનાં શાસ્ત્ર બનાવાયાં છે. એટલે કે બન્ને દર્શનકારો બન્ને નય માને છે. પરંતુ તે પોતપોતાને માન્ય વિષયની જ પ્રધાનતાથી અને અન્ય નયની વાતથી નિરપેક્ષપણે જ બનાવાયાં છે. માટે મિથ્યાત્વભાવવાળાં છે. આ વિશેષાવશ્યક ભાષ્યની ૨૧૯૫ ગાથા છે. આ ગ્રંથ શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજીનો બનાવેલો છે. તથા સમ્મતિતર્કમાં પણ ત્રીજા કાંડમાં ૪૯મી આ જ ગાથા છે.

આ રીતે સુનય કોને કહેવાય ? અને દુર્નય કોને કહેવાય ? તેનું લક્ષણ હૃદયમાં બરાબર ધારી લેવું. સમજી લેવું.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

(૧) **स्वार्थग्राही इतरांशाप्रतिक्षेपी सुनयः, इति सुनयलक्षणम् ।**

જે નય પોતાના માન્ય અર્થને ગ્રહણ કરે અને ઈતર અંશનો (બીજા નયને માન્ય અર્થનો) પ્રતિક્ષેપ (ખંડન-વિરોધ) ન કરે તો તે સુનય કહેવાય છે. આવું સુનયનું લક્ષણ છે. તથા

(૨) **स्वार्थग्राही इतरांशप्रतिक्षेपी दुर्नयः, इति दुर्नयलक्षणम्** જે નય પોતાના માન્ય અર્થમાત્રને જ ગ્રહણ કરે, અને ઈતર અંશનો (બીજા નયને માન્ય અર્થનો) પ્રતિક્ષેપ (વિરોધ-ખંડન) કરે તો તે નય, દુર્નય કહેવાય છે. આ દુર્નયનું લક્ષણ છે.

*પ્રશ્ન*– જે દુર્નય છે. તે બીજા નયની માન્યતાનો વિરોધ કરે છે. અને જે સુનય છે તે બીજા નયની માન્યતાનો વિરોધ કરતો નથી. આમ આ બન્નેમાં તફાવત છે. આટલું જ માનીએ તો શું દોષ ? આવું શા માટે માની લેવું જોઈએ કે સુનય સામા નયની વાતનો વિરોધ નથી કરતો એટલે સામા નયની વાતને પોતે માની લે છે ? અર્થાત્ કોઈ પણ એક નય બીજાનયની વાતનો વિરોધ ન કરે તે સુનય કહેવાય આટલું જ કહોને ? આવું કહેવાને બદલે સામા નયની વાત ગૌણપણે પણ આ વિવક્ષિત નય સ્વીકારે છે. આમ કહેવાની શી જરૂર છે ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તર- સુનય સામા નયની વાતનો વિરોધ નથી કરતો. એનો જ અર્થ એ થયો કે સામા નયની વાત કંઈક અંશે ગૌણપણે પણ તેને માન્ય છે. તો જ અન્યનયની માન્યતા પ્રત્યે તે ઉદાસીન રહે છે. જો માન્ય ન જ હોય તો વિરોધ કરે કે વિરોધ ન કરે પરંતુ તેનું સ્વરૂપ તો દુર્નય જેવું જ થયું. પછી તો સુનય-દુર્નયમાં કંઈ પણ ભેદ રહેતો જ નથી. માટે સમજવું જોઈએ કે દુર્નય અન્યનયની માન્યતાનો વિરોધ પણ કરે છે અને તે માન્યતાનો અસ્વીકાર પણ કરે જ છે જ્યારે સુનય અન્યનયની માન્યતાનો વિરોધ પણ કરતો નથી અને તે માન્યતાનો ગૌણપણે સ્વીકાર પણ કરે છે. કોઈ પણ નય પોતાની માન્યતાને પ્રધાન પણે રજુ કરતો છતો ગૌણપણે ઈતરનયની વાતને માન્ય રાખે તો જ તે નયનું સુનયપણું જાણવું.

**इम नयथी-नयविचारथी, भेद-अभेदग्राह्य व्यवहार संभवइ, तथा नयसंकेतविशेषथी ग्राहकवृत्तिविशेषरूप उपचार पणि संभवइ, ते माटइं भेद-अभेद ते मुख्यपणइं प्रत्येक-नयविषय, मुख्यामुख्यपणइ उभयनयविषय, उपचार ते मुख्यवृत्तिनी परिं नयपरिकर, पणि विषय नहीं. ए समो मार्ग श्वेतांबर प्रमाण-शास्त्रसिद्ध जाणवो ॥ ५-६ ॥**

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે નયોથી એટલે કે નયોની સૂક્ષ્મબુદ્ધિપૂર્વક વિચારણા કરવાથી ભેદ અને અભેદને જણાવનારા તમામ વ્યવહારો સંભવે છે. જેમ કે બાલ્ય-યુવા-વૃદ્ધાવસ્થાથી દેવદત્તનો ભેદ છે. તેથી બાલ્યાવસ્થામાં ધૂળ આદિની સાથે રમતગમતના જે વ્યવહાર છે. તથા જે બાલચેષ્ટા છે તે વ્યવહાર યુવાવસ્થામાં હોતા નથી, યુવાવસ્થામાં ધનોપાર્જનનો તથા કામસુખનો જે વ્યવહાર હોય છે તે વૃદ્ધાવસ્થામાં હોતો નથી. આ સર્વે વ્યવહારો ભેદપ્રધાન છે. છતાં બાલ્યવયમાં પણ તેને દેવદત્ત જ કહેવાય છે. યુવાવસ્થામાં પણ તેને દેવદત્ત જ કહેવાય છે. અને વૃદ્ધાવસ્થામાં પણ તેને દેવદત્ત જ કહેવાય છે. ત્રણે અવસ્થામાં દેવદત્તપણે અભિન્ન છે. આ સર્વ વ્યવહાર અભેદપ્રધાન છે. આ રીતે ભેદ અને અભેદની પ્રધાનતાવાલા સર્વે વ્યવહારો નયોથી સંભવે છે.

તથા **नयसंकेतविशेषथी** નયો દ્વારા સંકેત વિશેષથી (એટલે કે સાક્ષાત્સંકેતથી અને વ્યવહિતસંકેતથી) વસ્તુના મુખ્યામુખ્ય સ્વરૂપને (ગ્રાહક) સમજાવનારી (અભિધા અને લક્ષણા) એમ બે પ્રકારની વૃત્તિવિશેષ હોવાથી, તે રૂપે ઉપચાર પણ સંભવી શકે છે. જો નય દ્વારા વસ્તુસ્વરૂપ સમજાવવામાં એક જ વૃત્તિ (અભિધા) હોત તો તેમાં ઉપચાર ન સંભવત. પરંતુ એમ નથી. કોઈ પણ એક નય દ્વારા વસ્તુસ્વરૂપ સમજાવવામાં બે પ્રકારના સંકેતવિશેષને અનુસારે બે પ્રકારની (મુખ્યામુખ્ય) વૃત્તિવિશેષ હોવાથી, તેમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અમુખ્ય અર્થને સમજાવનારી ઉપચાર (લક્ષણા) વૃત્તિ પણ હોય જ છે. તેથી અન્ય નયની માન્યતા પણ વિવક્ષિત નયને ગૌણપણે માન્ય હોય જ છે.

**ते माटइं भेद-अभेद ते मुख्यपणइं प्रत्येकनयविषय** = તે માટે ભેદ અને અભેદ પ્રધાનપણે (મુખ્યવૃત્તિથી) એક એક નયનો જ વિષય છે. એટલે કે ભેદ મુખ્યવૃત્તિથી કેવળ પર્યાયાર્થિકનયનો જ વિષય છે. બન્ને નયનો વિષય નથી, તેવી જ રીતે અભેદ મુખ્યવૃત્તિથી કેવળ દ્રવ્યાર્થિક નયનો જ વિષય છે. બન્ને નયનો વિષય નથી. આ રીતે માત્ર પ્રધાન પણે (મુખ્યવૃત્તિએ) જો જોઈએ તો ભેદ અને અભેદ એક એક નયના જ વિષય હોય છે. ઉભયનયનો વિષય મુખ્યવૃત્તિએ ભેદ પણ થઈ શકતો નથી. અને અભેદ પણ થઈ શકતો નથી. પરંતુ (**मुख्यामुख्यपणइं उभयनय विषय**) મુખ્યામુખ્ય એમ ઉભયનયવૃત્તિએ જો વિચારવામાં આવે તો ભેદ પણ ઉભયનયનો વિષય છે. અને અભેદ પણ ઉભયનયનો વિષય છે. સારાંશ કે મુખ્ય-અમુખ્ય એમ બન્ને વૃત્તિપણે જો વિચારીએ તો ભેદ પણ બન્ને નયોનો વિષય બને છે. (મુખ્યવૃત્તિએ આ ભેદ પર્યાયાર્થિકનયનો વિષય બને છે અને અમુખ્યવૃત્તિએ તે જ ભેદ દ્રવ્યાર્થિકનયનો પણ વિષય બને છે) તથા આ જ બન્ને વૃત્તિઓથી અભેદ જો વિચારીએ તો તે પણ બન્ને નયોનો વિષય બને છે. (મુખ્યવૃત્તિએ દ્રવ્યાર્થિકનયનો વિષય અને અમુખ્યવૃત્તિએ પર્યાયાર્થિકનયનો વિષય અભેદ બને છે)

ભાવાર્થ એવો છે કે કેવળ એકલી મુખ્યવૃત્તિથી વિચારીએ તો ભેદ અને અભેદ એક એક નયના જ વિષય છે. ઉભયનયના વિષય નથી. પરંતુ મુખ્યામુખ્ય એમ ઉભયવૃત્તિએ જો વિચારવામાં આવે તો ભેદ પણ ઉભયનયનો વિષય છે. અને અભેદ પણ ઉભયનયનો વિષય છે. આ રીતે જોતાં-વિચારતાં **उपचार** જે ઉપચાર છે. અર્થાત્ લક્ષણા દ્વારા ગમ્ય એવો જે ગૌણ અર્થ છે. તે **मुख्यवृत्तिनी परि** = તે અર્થ, મુખ્યવૃત્તિથી જણાતા પ્રધાન અર્થની પેઠે **नयपरिकर** = નયનો પરિવાર બને છે. ગૌણ અર્થ પણ વિવક્ષિત નયનો કુટુંબી સભ્ય બને છે. પરંતુ પ્રધાનપણે તે નયનો **विषय नहीं** વિષય બનતો નથી.

કોઈ પણ એક નય (ધારો કે પર્યાયાર્થિક નય) મુખ્ય અને અમુખ્ય એમ બન્ને વૃત્તિઓથી અનુક્રમે ભેદ અને અભેદ એમ બન્નેને જણાવે છે. તેથી મુખ્યઅર્થ (ધારોકે ભેદ) જેવો વિવક્ષિતનયનો (પર્યાયાર્થિકનયનો) પરિવાર (અંશ = કુટુંબી) બને છે. તેવો જ ગૌણ અર્થ પણ (અભેદ પણ) તે વિવક્ષિત નયનો (પર્યાયાર્થિકનયનો) પરિવાર (ગૌણતાએ કુટુંબી-અંશરૂપ) અવશ્ય બને જ છે. કારણકે તે તેને પણ જણાવે જ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**पणि विषय नहीं** = પરંતુ તે ગૌણભૂત જે (અભેદરૂપ) અર્થ છે. તે અર્થ મુખ્ય અર્થ (ભેદ રૂપ જે અર્થ છે. તે) ની પેઠે તે નયનો (મુખ્ય) વિષય બનતો નથી.

એવી જ રીતે દ્રવ્યાર્થિકનય જેમ અભેદને જણાવે છે તેમ ભેદને પણ અવશ્ય જણાવે જ છે. અભેદને પ્રધાનપણે અને ભેદને ગૌણપણે પણ જણાવે તો છે જ. તેથી અભેદ અને ભેદ આ બન્ને દ્રવ્યાર્થિકનયના પરિવાર છે (કુટુંબી છે) અંશરૂપ છે. પરંતુ અભેદ જેવો પ્રધાનપણે વિષય છે તેવો ભેદ પ્રધાનપણે વિષય બનતો નથી. શ્રી વિનયસાગરના શિષ્ય શ્રી ભોજસાગરકવિએ બનાવેલી દ્રવ્યાનુયોગતર્કણામાં આ ગાથાના વિવેચનમાં કહ્યું છે કે—

**एवं नयान्यविचाराच्च भेदाभेदग्राह्यव्यवहारः सम्भवति । तथा नयसङ्केतविशेषाद् ग्राहकवृत्तिविशेषरूप उपचारोऽपि सम्भवेत् । तस्माद् भेदाभेदयोर्मुख्यत्वेन प्रत्येकनयविषयो, मुख्यामुख्यत्वेनोभयनयविषयरूपः, उपचारश्च मुख्यवृत्तिवन्नयपरिकरो भवेत्, परन्तु नयविषयो न भवति ।**


ભાવાર્થ પૂર્વે સમજાવ્યા પ્રમાણે સમાન જ છે.


કોઈ એક વ્યક્તિ, બીજી એક વ્યક્તિને મળવા માટે બહારગામથી આવતી હોય, ત્યારે જો તે આવનારી વ્યક્તિ પ્રત્યે મૂલવ્યક્તિને ઘણો ભાવ હોય તો વાજતે-ગાજતે ઢોલ-નગારા સાથે, અનેક માણસો સાથે જય જય નાદનો ગુંજારવ કરતે છતે આડંબર પૂર્વક પોતાને ઘેર લાવે. તે જ વ્યક્તિને ઘેર બીજી કોઈ વ્યક્તિ મળવા માટે બીજા દિવસે આવે, પરંતુ તે વ્યક્તિ પ્રત્યે મૂલવ્યક્તિને આટલો બધો ધારો કે પૂજ્યભાવ નથી. તો પણ તે બીજી વ્યક્તિ જ્યારે ઘેર આવે ત્યારે આવો, બેસો, પાણી લાવું, ઈત્યાદિ સામાન્ય ઉચિત સત્કાર તો પ્રથમવ્યક્તિ કરે જ. તો જ તે સુજન (સજ્જન) કહેવાય. ભલે એક મહેમાનને આડંબરપૂર્વક આવકાર આપ્યો, અને બીજા મહેમાનને સામાન્ય આવકાર આપ્યો, પરંતુ આવકાર તો આપ્યો જ. તેથી જ તે આવકાર આપનાર મૂલવ્યક્તિ "સુજન" (સજ્જન) કહેવાય છે. જો તે મૂલવ્યક્તિ એક મહેમાનને આડબરપૂર્વક લાવે. અને બીજા મહેમાનને આવકાર પણ ન આપે અને અપમાન કરે, તિરસ્કાર કરે, બહાર કાઢી મુકે તો તે મૂલવ્યક્તિ "સુજન" કહેવાતી નથી. પરંતુ "દુર્જન" કહેવાય છે. એવી જ રીતે કોઈ પણ એક નય પોતાના માનેલા અર્થને ભલે પ્રધાનપણે ગાય, આડંબર સાથે ગાય. પરંતુ બીજા નયને માન્ય જે અર્થ છે તે અર્થનો પણ નિષેધ ન કરવારૂપે, ઘરમાંથી બહાર કાઢવા રૂપ અપમાન ન કરવારૂપે પણ જો સ્વીકાર કરે તો તે "સુનય" કહેવાય છે. અન્યથા દુર્નય કહેવાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આવા પ્રકારનો સમાનમાર્ગ = (ખાડા-ટેકરા વિનાના પાકા રોડ રસ્તા જેવો) સરળ અને સીધો માર્ગ, શ્વેતાંબર આમ્નાયને માન્ય પ્રમાણશાસ્ત્રોને અનુસારે સુસંગત છે અને નિર્દોષપણે પ્રસિદ્ધ છે. જેમાં ક્યાંય ભૂલ-ભૂલામણી નથી. કેવળ સૂત્રાનુસારિતા છે. સુંદર પાકા સીમેન્ટના રોડ જેવો ધોરીમાર્ગ છે. પૂજ્યપાદ વાદિદેવસૂરિજી મહારાજશ્રીના બનાવેલા *"પ્રમાણનયતત્ત્વાલોક"* નામના ગ્રંથમાં પ્રમાણ અને નયોનું સ્વરૂપ સમજાવતાં તેઓશ્રી કહે છે કે–

**स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्** = સ્વનો (જ્ઞાનનો) અને પરનો (જ્ઞેયનો) નિર્ણય કરાવનારૂં જે જ્ઞાન તે પ્રમાણ કહેવાય છે. તેના બે ભેદ છે સ્પષ્ટજ્ઞાન તે પ્રત્યક્ષપ્રમાણ, અને અસ્પષ્ટજ્ઞાન તે પરોક્ષપ્રમાણ, તે બન્નેમાં જે પ્રત્યક્ષપ્રમાણ છે. તેના બે ભેદ છે. સાંવ્યવહારિક પ્રત્યક્ષ અને પારમાર્થિક પ્રત્યક્ષ. પ્રથમભેદમાં મતિ-શ્રુત આવે છે. અને બીજા ભેદમાં અવધિ-મનઃપર્યવ અને કેવળજ્ઞાન આવે છે. પરોક્ષપ્રમાણના સ્મૃતિ-પ્રત્યભિજ્ઞા, તર્ક (ઊહ) અનુમાન અને આગમ આમ પાંચ ભેદો છે. એવી જ રીતે નયોના પણ મૂલ ૨ ભેદ છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં દ્રવ્યાર્થિકના ૪ ભેદ અને પર્યાયાર્થિકના ૩ ભેદ પૂ. શ્રી જિનભદ્રગણિજીના મતે વિશેષાવશ્યકભાષ્યને અનુસારે છે. તેનું ચિત્ર આ પ્રમાણે છે–




www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા પૂજ્ય શ્રી સિદ્ધસેનજીના મતે સમ્મતિપ્રકરણના આધારે આ બન્ને નયોના ૩ અને ૪ ભેદ છે. પૂજ્ય સિદ્ધસેનજી મહારાજશ્રીની દૃષ્ટિએ ઋજુસૂત્રનય પર્યાયાર્થિક ગણાય છે. એટલે દ્રવ્યાર્થિકના ૩ અને પર્યાયાર્થિકના ૪ ભેદ તેઓશ્રીની દૃષ્ટિએ થાય છે. "નય"ની વ્યાખ્યા પૂજ્ય વાદિદેવસૂરિજી મહારાજશ્રીએ પ્રમાણનયતત્ત્વાલોકમાં આ પ્રમાણે આપી છે કે–

**नीयते येन श्रुताख्यप्रमाणविषयीकृतस्यार्थस्यांशस्तदितरांशोदासीन्यतः स प्रतिपत्तुरभिप्रायविशेषो नयः । तदितरांशप्रतिक्षेपे तु तदाभासता च ।**

ભાવાર્થ પૂર્વની જેમ છે.

આવું સુંદર અને સરળ નયોનું અને પ્રમાણોનું સ્વરૂપ શ્વેતાંબર આમ્નાય માન્ય શાસ્ત્રોમાં એટલે કે પૂ વાદિદેવસૂરિજી કૃત પ્રમાણનયતત્ત્વાલોકમાં, પૂજ્ય જિનભદ્રગણિજી કૃત વિશેષાવશ્યકમાં, પૂજ્ય સિદ્ધસેનદિવાકરસૂરિજીકૃત સમ્મતિ પ્રકરણમાં, અને પૂજ્ય ઉપાધ્યાય શ્રી ઉમાસ્વાતિજીકૃત તત્ત્વાર્થસૂત્રમાં જણાવેલું છે. તથા વળી આગમોમાં પણ આ સ્વરૂપ જણાવેલું છે. તથા યુક્તિસંગત અને આગમાનુસારી પણ આ વર્ણન છે. છતાં પણ દિગંબર આમ્નાયમાં થયેલા શ્રી દેવસેન આચાર્યે પોતાના બનાવેલા *"નયચક્ર"* નામના ગ્રંથમાં તથા "આલાપ પદ્ધતિ"માં અને માઈલ્લધવલકૃત નયચક્રમાં નય અને ઉપનયોની તથા તર્કનયોની અને આધ્યાત્મિકનયોની જે કલ્પનાઓ કરી છે. તે પાણીને ડોળવા બરાબર છે. શાસ્ત્રપ્રમાણ અને યુક્તિપ્રમાણથી રહિત છે. તેથી આ બધી મિથ્યા કલ્પનાઓ છે. તે વિષય પણ જાણવા જેવો છે. કે જેથી તેવા મિથ્યાજ્ઞાનમાં આપણે ફસાઈએ નહીં. માટે તે દિગંબરાચાર્ય શ્રી દેવસેનાચાર્ય વડે કરાયેલા નયચક્રગ્રંથમાં જે નય. અને ઉપનયોની કલ્પનાઓ કરી છે. તે અહીં અમે લખીએ છીએ. ॥ ૬૦ ॥

**છાંડી મારગ એ સમો, ઉપનય મુખ જે કલ્પઈં રે ।**
**તેહ પ્રપંચ પણિ જાણવા, કહઈં તે જિમ જલ્પઈં રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઈં રે ॥ ૫-૭ ॥**

*ગાથાર્થ–* સમાન = (ખાડા-ટેકરા વિનાનો) સીધો આ માર્ગ છોડીને ઉપનય વિગેરેની જે (દિગંબર) ભાઈઓ કલ્પના કરે છે. તેહ પ્રપંચ (વિસ્તાર અથવા તે માયા-કપટ) પણ જાણવા જેવા છે. તેથી તેઓએ તેઓના શાસ્ત્રોમાં જેવું કહ્યું છે. તે હવે અમે કહીએ છીએ. ॥ ૫-૭ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો- એ સમો માર્ગ છાંડી કરીનઇં, જે દિગંબર બાલ, ઉપચારાદિ ગ્રહવાનઇં કાજિ ઉપનય પ્રમુખ કલ્પઇં છઇં. તે પ્રપંચ = શિષ્યબુદ્ધિધંધનમાત્ર. પણિ સમાનતંત્રસિદ્ધાન્ત છઈ. તે માટઇં જાણવાનઇં કાજિ કહિઇં. જિમ-તે જલ્પઈં છઈં. સ્વપ્રક્રિયાઈ બોલઈ છઈં. ॥ ૫-૭ ॥**

*વિવેચન*– દિગંબર આમ્નાયમાં અનેક આચાર્યો થયા છે. તે જુદા જુદા વિષયોના સાહિત્યસર્જક બન્યા છે. જેમ કે અધ્યાત્મના વિષયમાં શ્રીકુંદકુંદાચાર્ય થયા કે જેઓએ સમયસાર પ્રવચનસાર અને નિયમસાર આદિ ગ્રંથો બનાવ્યા છે. કાર્મગ્રન્થિક વિષયોમાં આચાર્ય શ્રી નેમિચંદ્રાચાર્ય થયા કે જેઓએ જીવકાંડ અને કર્મકાંડ સ્વરૂપે ગોમ્મટસાર બનાવ્યો છે ટીકાકારોમાં શ્રી પૂજ્યપાદસ્વામી અને અમૃતચંદ્રાચાર્ય થયા કે જેઓએ તત્ત્વાર્થસૂત્ર અને સમયસારાદિ ઉપર ટીકાઓ બનાવી છે. ન્યાય અને તર્કના વિષયમાં અકલંકાચાર્ય અને દેવસેનાચાર્ય થયા. તેમાંથી દેવસેન આચાર્યે નયોનું સ્વરૂપ સમજાવનારો "*નયચક્ર*" નામનો ગ્રંથ બનાવ્યો છે. તેઓએ તે ગ્રંથમાં નયોનું સ્વરૂપ સવિસ્તર પણે લખ્યું છે. તથા તેઓએ આ નયચક્ર ગ્રન્થ ઉપર "આલાપ પદ્ધતિ" પણ બનાવી છે. તથા "માઈલ્લધવલે" પ્રાકૃતગાથાબદ્ધ નયચક્ર ગ્રંથ બનાવ્યો છે. જેનુ નામ "દ્રવ્યસ્વભાવ પ્રકાશક" છે. તેમાં આગમાનુસારે ચાલી આવતી પૂર્વાચાર્યોની પ્રણાલિકાને છોડીને કેટલીક સ્વતંત્ર કલ્પનાઓ નયોની બાબતમાં કરી છે. તે વિષય ઉપર કંઈક નારાજગી બતાવતા પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજશ્રી કહે છે કે–

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ए समो मार्ग छांडी करीनइं, जे दिगंबर बाल, उपचारादि ग्रहवानइं काजि उपनय प्रमुख कल्पइं छइ, ते प्रपंच शिष्यबुद्धि धंधनमात्र, पणि समानतंत्रसिद्धान्त छइ. ते माटइं जाणवानइं काजि कहिइं, जिम ते जल्पइं छइं. स्वप्रक्रियाइ बोलइ छइ ॥ ५-७ ॥**

**समो** = સમાન-સરખો અર્થાત્ (જ્યાં ખાડા ટેકરા વિનાનો એક સરખો સપાટ ડામ્બરનો રોડ હોય તેવો સર્વથા દોષ વિનાનો) સુંદર માર્ગ ૭ નયનો હોવા છતાં પણ, તેને છોડી કરીને, (તેને ત્યજી દઈને) જે દિગંબર આચાર્ય (જે વ્યવહારથી મહાન આચાર્ય અને સાહિત્ય સર્જક હોવા છતાં પણ તત્ત્વની બાબતમાં પરમાર્થ જાણવામાં અજાણ હોવાથી) બાલ છે. તે દેવસેન આચાર્ય પોતાના બનાવેલા "નયચક્ર" નામના ગ્રંથમાં તથા "આલાપ પદ્ધતિ" નામના ગ્રંથમાં ઉપચાર આદિને લઈ લેવા માટે (ઉપચારનો તથા "ઉપચાર ઉપરથી ઉપચાર" વિગેરેનો સંગ્રહ કરવા માટે) ઉપનય વિગેરે જે કલ્પે છે. અર્થાત્ ઉપ ઉપસર્ગ સમીપ અર્થમાં વર્તે છે. તેથી નયોની પાસે જે વર્તે તે ઉપનય, આવો અર્થ કરીને ઉપચરિતપણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કહેવાતી વસ્તુમાં ઉપનયોની કલ્પના કરીને જેઓ નયો તથા ઉપનયો સમજાવે છે. તેઓનો આ પ્રપંચ (અહીં પ્રપંચ શબ્દ માયા અને વિસ્તાર એમ બે અર્થમાં વર્તે છે) એટલે શાસ્ત્રની મર્યાદા બહાર કપોલકલ્પિત કલ્પેલી નયો અને ઉપનયોની કલ્પનારૂપ માયા અથવા તેઓના શાસ્ત્રોમાં કરેલો આ નયો અને ઉપનયોનો વિસ્તાર ખરેખર તો શિષ્યોની બુદ્ધિને ડોળવા બરાબર છે. શિષ્યોની બુદ્ધિને વધારે વિવાદશીલ બનાવનાર છે. જેમ દુર્નયો વસ્તુના યથાર્થ સ્વરૂપને સમજવા-સમજાવવામાં બાધા પહોંચાડનાર છે. તેમ આ મનસ્વીપણે કલ્પાયેલી કલ્પનાઓ પણ વસ્તુના યથાર્થ સ્વરૂપને સમજવામાં નુકશાન કરનારી છે. આવી કલ્પનાઓ આપાતરમણીય (પ્રારંભમાં મીઠી) લાગે. પરંતુ દૃષ્ટિવિપર્યાસ કરનારી છે. તેથી આત્માર્થી સુજ્ઞ પુરુષો તેમાં ફસાય નહીં તે માટે તેઓના શાસ્ત્રોમાં તેઓ જેમ કહે છે. **स्वप्रक्रियाइं बोलइ छइ** = પોતાની રીતે જે કંઈ બોલે છે. તેમ અમે અહીં પ્રથમ રજુ કરીએ છીએ. અને તેની રજુઆત પુરી થયા પછી તેમાં કેટલો સત્યાંશ છે ? અને કેટલો અસત્યાંશ છે ? તેની પરીક્ષા પણ આઠમી ઢાળની આઠમી ગાથાથી રજુ કરીશું.

પ્રશ્ન– તેઓ, તેઓના શાસ્ત્રોમાં નયોની કલ્પના તેઓને જેમ ઠીક લાગે તેમ કરે, તે માટે તેઓની કલ્પનાની આપણે અહીં ચર્ચા કરવાની શું જરૂર ?

ઉત્તર– તેઓનું અને અમારૂં એમ બન્નેનું શાસ્ત્ર (દ્વાદશાંગી) એક જ છે. અમે શ્વેતાંબરો અને તેઓ દિગંબરો, આમ બન્નેનું સમાન તંત્ર (સમાન શાસ્ત્ર-એક જ શાસ્ત્ર) છે. સિદ્ધાન્ત અમારા બન્નેનો સમાન (એક) જ છે. તેથી એક જ શાસ્ત્રમાં કહેલા પદોનો અર્થ મરડીને કોઈ નવો મત ચલાવે તો તે અસહ્ય બને છે. <u>શાસ્ત્રપદોના યથાર્થ અર્થ ઉપરનો રાગ</u> આ ચર્ચા કર્યા વિના જંપવા દેતો નથી. તેથી ઉત્તમ આત્માઓને આવી મિથ્યા માયાજાળમાં ફસાતા રોકવા માટે પરોપકાર અર્થે અમે આ ચર્ચા શરૂ કરીએ છીએ.

*પ્રશ્ન*– "તેઓ જિમ જલ્પઈ" ગાથા સાતમીના આ પદમાં **जल्प्** ધાતુનો પ્રયોગ કેમ કર્યો છે. "**कहइ**" શબ્દ લખ્યો હોત તો સારૂં કહેવાય.

ઉત્તર– જેમ ગાંડા માણસો, મદોન્મત્ત માણસો, વિકારી-વિલાસી માણસો અને અજ્ઞાની બાળકો જેમ આવે તેમ બોલે, અર્થાત્ વિવેકશૂન્ય બોલે તેને જલ્પક્રિયા (બબડવારૂપ) કહેવાય છે. તેમ અહીં જ્ઞાની થઈને પણ શાસ્ત્રાતીત મનસ્વી કલ્પનાઓ કરનારને વ્યંગપણે જલ્પન ક્રિયાવાળા કહેવાનો ગ્રંથકારશ્રીનો આશય હોય એમ લાગે છે.

દિગંબરાચાર્ય શ્રી દેવસેનજી કૃત "નયચક્ર" ગ્રંથમાં તથા "આલાપ પદ્ધતિ" ગ્રંથમાં, તથા "માઈલ્લ ધવલ"ના પ્રાકૃતભાષામાં બનાવેલા નયચક્રમાં (દ્રવ્યસ્વભાવ પ્રકાશકમાં)



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નયો અને ઉપનયોની કલ્પનાઓ પોતાના શાસ્ત્રોમાં પોતાની પ્રક્રિયા (રીતિ) મુજબ જે રીતે કરી છે. તે અમારી સમજાવવાની નીતિરીતિ પ્રમાણે હવે લખીએ છીએ. ॥ ૬૧ ॥

**-: ખાસ સૂચના :-**

પાંચમી ઢાળની આઠમી ગાથાથી આઠમી ઢાળની સાતમી ગાથા સુધી (૫-૮ થી ૮-૭ સુધી) જે કંઈ નયો અને ઉપનયોના ભેદ-પ્રભેદો સમજાવાશે. તે દિગંબર આમ્નાયને અનુસારે નયચક્ર ગ્રંથના આધારે સમજાવાય છે. તેથી આ શ્વેતાંબર શાસ્ત્રાનુસાર છે. એમ સમજીને સ્વીકારી લેવું નહીં. અતિશય વિવેકદૃષ્ટિ જાગૃત રાખવી. તથા દિગંબર શાસ્ત્રોક્ત છે. એમ સમજીને દ્વેષબુદ્ધિથી બધુ ખોટુ જ છે એમ પણ માની લેવું નહીં. જે સાચુ દેખાય, તે સ્વીકારવું અને જે કંઈ ખોટુ દેખાય, ત્યાંથી ચિત્ત નિવારવુ. અથવા ગુરુગમથી જ આવા ગ્રંથોનો અભ્યાસ કરવો. નયચક્ર ગ્રંથની ગાથાઓ આગળ ઉપર જણાવવામાં આવશે. ॥ ૬૧ ॥

**નવ નય, ઉપનય તીન છઈ, તર્કશાસ્ત્ર અનુસારો રે ।**
**અધ્યાત્મ વાચઈં વલી, નિશ્ચય નઈ વ્યવહારો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઇ ॥ ૫-૮ ॥**

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

ગાથાર્થ— તર્કશાસ્ત્રને અનુસારે નવ નય અને ત્રણ ઉપનયો છે. વળી અધ્યાત્મશાસ્ત્રને અનુસારે નિશ્ચય નય અને વ્યવહાર નય છે. ॥ ૫-૮ ॥

**ટબો— તેહનઇં મતઇં-તર્કશાસ્ત્રનઈં અનુસારઈં, નવ નય અનઈં ત્રણિ ઉપનય છઈં. તથા અધ્યાત્મવાચઇં-અધ્યાત્મશૈલીઇં-નિશ્ચયનય વ્યવહારનય ઈમ ૨- જ નય કહિઈં ॥ ૫-૮ ॥**

વિવેચન— દિગંબર આમ્નાયમાં પ્રાપ્ય જે જે તર્કગ્રંથો છે. તેને અનુસારે ૯ નયો છે. ત્રણ ઉપનયો છે. અને અધ્યાત્મ નામની દૃષ્ટિકોણથી જોઈએ તો બે નય છે. જેનુ વિશેષતઃ વર્ણન આગળ આવે જ છે.

**तेहनइं मतइं तर्कशास्त्रनइ अनुसारइं नव नय अनइं त्रणि उपनय छइ. तथा अध्यात्मवाचइं-अध्यात्मशैलीइं-निश्चयनय-व्यवहारनय इम २ ज नय कहिइं ॥ ५-८ ॥**

તેઓના (દિગંબરોના) મતે તર્કશાસ્ત્રોને અનુસારે કુલ ૯ નયો છે. ૧ દ્રવ્યાર્થિકનય, ૨ પર્યાયાર્થિકનય, ૩ નૈગમનય, ૪ સંગ્રહનય, ૫ વ્યવહારનય, ૬ ઋજુસૂત્રનય, ૭

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શબ્દનય, ૮ સમભિરૂઢ નય, ૯ એવંભૂતનય. આમ કુલ ૯ નયો છે. તથા સદ્ભૂત વ્યવહાર ઉપનય, અસદ્ભૂત વ્યવહાર ઉપનય, અને ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર ઉપનય આમ ત્રણ ઉપનયો છે. તથા અધ્યાત્મદૃષ્ટિએ એટલે કે અધ્યાત્મશૈલેથી ૧ નિશ્ચયનય અને બીજો વ્યવહારનય છે. આ બધા નયોના અર્થ તથા તેના ભેદ-પ્રતિભેદો અને તે ભેદ-પ્રતિભેદોના અર્થો ક્રમશઃ ગાથામાં જ આવે છે. એટલે અમે અહીં વિસ્તાર કરતા નથી. ॥ ૬૨ ॥

"નયચક્ર" ગ્રંથમાં નવ નયો અને ત્રણ ઉપનયો વિગેરેને સમજાવનારી ગાથાઓ ૧૮૩ થી ૧૮૯ આ પ્રમાણે છે–

दो चेव य मूलणया, भणिया, दव्वत्थपज्जयत्थगया ।
अण्णे असंखसंखा, ते तब्भेया मुणेयव्वा ॥ १८३ ॥
णइगम संगह ववहार, तह रिउसुत्तसद्दअभिरूढा ।
एवंभूदा णव णया वि, तह उवणया तिण्णि ॥ १८४ ॥
दव्वत्थो दहभेयं, छब्भेयं पज्जयत्थियं णेयं ।
तिविहं च णइगमं तह, दुविहं पुण संगहं तत्थ ॥ १८५ ॥
ववहारं रिउसुत्तं, दुवियप्पं सेसमाहु एक्केक्का ।
उत्ता इह णयभेया, उवणयभेया वि पभणामो ॥ १८६ ॥
सब्भूदमसब्भूदं, उवयरियं चेव दुविहसब्भूदं ।
तिविहं पि असब्भूदं, उवयरियं जाण तिविहं पि ॥ १८७ ॥
दव्वत्थिएसु दव्वं, पज्जायं पज्जत्थिए विसयं ।
सब्भूदासब्भूदे, उवयरियं च दु णव-तियत्थं ॥ १८८ ॥
पज्जयं गउणं किच्चा, दव्वं पि य जो हु गिहणइ लोए ।
सो दव्वत्थिय भणिओ, विवरीओ पज्जयत्थिणओ॥ १८९ ॥

પહિલો દ્રવ્યારથ નયો, દસ પ્રકાર તસ જાણો રે ।
શુદ્ધ અકર્મોપાધિથી, દ્રવ્યાર્થિકધુરિ આણો રે ॥ ૫-૯ ॥
જિમ સંસારી પ્રાણીયા, સિદ્ધ સમોવડિ ગણીઈ રે ।
સહજભાવ આગલિં કરી, ભવપર્યાય ન ગણીઈ રે ॥ ૫-૧૦ ॥
ઉત્પાદવ્યય ગૌણતા , સત્તા મુખ્ય જ લીજઈ રે ।
ભેદ શુદ્ધ દ્રવ્યારથિં, દ્રવ્ય નિત્ય જિમ લીજઈ રે ॥ ૫-૧૧ ॥

જૈન સાઈટ JAINSITE.com

**ત્રીજો શુદ્ધ દ્રવ્યારથો, ભેદ કલ્પનાહીનો રે ।**
**જિમ નિજગુણ પર્યાયથી, કહિઇં દ્રવ્ય અભિન્નો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઇં. ॥ ૫-૧૨ ॥**

ગાથાર્થ– નવ નયોમાં પહેલો દ્રવ્યાર્થિક નય છે. તેના ૧૦ ભેદ છે. એમ જાણો. તેમાં કર્મોપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નય પ્રથમ જાણવો. ૫-૯

જેમ સંસારી સર્વે જીવો સિદ્ધની સમાન છે. જીવનું જે સ્વાભાવિક સ્વરૂપ છે. તેને મુખ્ય કરીને સાંસારિક પર્યાયો ન ગણીએ. ૫-૧૦

ઉત્પાદ અને વ્યયને ગૌણ કરીને સત્તાની પ્રધાનતાવાલો શુદ્ધ દ્રવ્યાર્થિકનય આ બીજો ભેદ જાણવો. જેમ કે સર્વે દ્રવ્યો નિત્ય છે. આમ જાણવું તે. ૫-૧૧

ભેદ કલ્પના રહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય નામનો ત્રીજો બેદ જાણવો. જેમ કે પોત પોતાના ગુણ અને પર્યાયોથી દ્રવ્ય અભિન્ન છે આમ જાણવું. તે... ૫-૧૨

**ટબો– દ્રવ્યાર્થનય ૧, પર્યાયાર્થનય ૨, નૈગમનય ૩, સંગ્રહ નય ૪, વ્યવહાર નય ૫, ઋજુસૂત્રનય ૬, શબ્દનય ૭, સમભિરૂઢ નય ૮, એવંભૂતનય ૯, એ નવ નયનાં નામ. તિહાં પહિલો દ્રવ્યાર્થિકનય, તેહના દસ પ્રકાર જાણવા. તે દ્રવ્યાર્થિકનયના દસ ભેદમાંહિ ધુરિ કહતાં પહિલાં, ''અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિકનય'' મનમાંહિ આણો. ''કર્મોપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય'' એ પ્રથમભેદ. ॥ ૫-૯ ॥**

**એહનો વિષય દેખાડઇં છઇં. જિમ સંસારી પ્રાણીયા સર્વ સિદ્ધસમાન ગણિઇં. સહજભાવ જે શુદ્ધાત્મસ્વરૂપ, તે આગલિં કરીનઇં, તિહાં ભવ પર્યાય, જે સંસારના ભાવ, તે ન ગણિઇં. તેહની વિવક્ષા ન કરિઇં. એ અભિપ્રાયઇં દ્રવ્યસંગ્રહઇં કહિઉં છઇં.**

मग्गणगुणठाणेहिं य, चउ-दसहिं हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी, सव्वे सुद्धा हु सुद्धणया ॥ १३ ॥ ॥ ५-१०॥

**ઉત્પાદ ૧, નઇં વ્યય ૨ની, ગૌણતાઇં, અનઇં સત્તા મુખ્યતાઇં બીજો ભેદ શુદ્ધ દ્રવ્યાર્થનો જાણવો. ''उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः'' એ બીજો ભેદ.**

**એહનઇં મતિં-દ્રવ્ય નિત્ય લીજઇં. નિત્ય તે ત્રિકાલઇં અવિચલિત રૂપ, સત્તા મુખ્ય લેતાં એ ભાવ સંભવઈ. પર્યાય પ્રતિક્ષણ પરિણામી છઈ. તો પણિ જીવ-પુદ્ગલાદિ દ્રવ્યસત્તા કદાપિ ચલતી નથી. ॥ ૫-૧૧ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ત્રીજો ભેદ, ભેદકલ્પનાઇં હીન-શુદ્ધદ્રવ્યાર્થ. "भेदकल्पनारहित शुद्ध द्रव्यार्थिक" इति तृतीयो भेदः- જિમ એક જીવ-પુદ્‌ગલાદિક દ્રવ્ય નિજગુણ પર્યાયથી અભિન્ન કહિઇં. ભિન્ન છઈ પણિ તેહની અર્પણા ન કરી. અભેદની અર્પણા કરી. તે માટિં અભિન્ન એ ૩ ભેદ શુદ્ધ. ॥ ૫-૧૨ ॥**

*વિવેચન*– દિગંબર આમ્નાયમાં શ્રી દેવસેન આચાર્યકૃત "નયચક્ર" નામના ગ્રંથની અંદર કુલ ૯ નયો જણાવ્યા છે. તે ૯ નયોનાં નામો તથા તેમાંના પ્રથમભેદના પ્રતિભેદો આ પ્રમાણે છે.–

**द्रव्यार्थनय १, पर्यायार्थ नय २, नैगम नय ३, संग्रह नय ४, व्यवहारनय ५, ऋजुसूत्रनय ६, शब्दनय ७, समभिरूढ नय ८, एवम्भूतनय ९. ए नवनयनां नाम. तिहां पहिलो-द्रव्यार्थिक नय, तेहना दस प्रकार जाणवा. ते द्रव्यार्थिकनयना दस भेदमांहिं धुरि कहतां पहिलां, "अकर्मोपाधिथी शुद्ध द्रव्यार्थिक" मनमांहिं आणो. कर्मोपाधिरहितः शुद्धद्रव्यार्थिक" ए प्रथमभेद. ॥ ५-९ ॥**

૧ દ્રવ્યાર્થિકનય, ૨ પર્યાયાર્થિકનય, ૩ નૈગમનય, ૪ સંગ્રહનય, ૫ વ્યવહારનય, ૬ ઋજુસૂત્રનય, ૭ શબ્દનય, ૮ સમભિરૂઢનય, અને ૯ એવંભૂતનય. આ મૂલભૂત નવ નયોનાં નામો જાણવાં. દ્રવ્યને પ્રધાનપણે જોનારી (અને પર્યાયોને ગૌણપણે જોનારી) જે દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનય. એવી જ રીતે પર્યાયને પ્રધાનપણે અને દ્રવ્યને ગૌણપણે જોનારી જે દૃષ્ટિ તે પર્યાયાર્થિકનય કહેવાય છે. શેષ નયોના અર્થ આગળ ઉપર યથાસ્થાને સમજાવીશું.

ત્યાં પ્રથમભેદ જે દ્રવ્યાર્થિકનય છે. તેના ૧૦ પ્રકાર જાણવા.

૧. કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય
૨. ઉત્પાદવ્યયનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય.
૩. ભેદકલ્પનાનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય.
૪. કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય.
૫. ઉત્પાદવ્યય સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય.
૬. ભેદ કલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય.
૭. અન્વય દ્રવ્યાર્થિકનય.
૮. સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૯. પરદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિકનય.

૧૦. પરમભાવગ્રાહી દ્રવ્યાર્થિકનય.

દ્રવ્યાર્થિકનયના આ ૧૦ ભેદોમાંથી ધુરિ એટલે પ્રથમભેદ જે છે. તેનુ નામ "અકર્મોપાધિથી શુદ્ધ દ્રવ્યાર્થિકનય" એટલે કે કર્મોના ઉદયથી ઉત્પન્ન થનારી જીવની જે ચિત્ર-વિચિત્ર અવસ્થાઓ છે. તેની વિવક્ષા ન કરતાં મૂલભૂત શુદ્ધ આત્મદ્રવ્ય કેવું છે ? તે જાણવું. જેમ કાદવથી ખરડાયેલા સ્ફટિકના ગોળાને ચારે તરફ કાદવ હોવા છતાં પણ તેની અંદર સુંદર-શુદ્ધ અને કિંમતી સ્ફટિકનો ગોળો છે. આમ સમજીએ છીએ. અને તેથી જ કાદવમાં પણ હાથ નાખીને ગોળાને લઈએ છીએ. તેમ અહીં (मनमांहि आणो=) મનમાં આ પ્રથમભેદ જાણવો. આ પ્રથમભેદનું નામ "*કર્મોપાધિરહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય*" અથવા *કર્મોપાધિનિરપેક્ષ શુદ્ધ દ્રવ્યાર્થિકનય*" ॥ ૫-૯ ॥

एहनो विषय देखाडइ छइ— जिम संसारी प्राणिया सर्व सिद्धसमान गणिइं. सहजभाव जे शुद्धात्मस्वरूप, ते आगलिं करीनइं. तिहां भवपर्याय जे संसारना भाव, ते न गणिइं. तेहनी विवक्षा न करीइं ए अभिप्रायइं कहिउं छइ—

मग्गणगुणठाणेहिं य, चउदसहिं हवंति तह असुद्धणया ।
विण्णेया संसारी, सव्वे सुद्धा हु सुद्धणया ॥ १३ ॥ ॥ ५-१० ॥

વિવેચન— આ પ્રથમ ભેદનો વિષય (ઉદાહરણ) જણાવે છે. જેમ સર્વે પણ સંસારી આત્માઓ પોતાના મૂલભૂત સ્વરૂપની અપેક્ષાએ સિદ્ધપરમાત્માની સમાન છે. એમ જાણવું. અનંતજ્ઞાન અનંતદર્શન વિગેરે જે જે શુદ્ધ આત્મસ્વરૂપાત્મક સહજભાવ (સ્વાભાવિક) ભાવ છે. તેને આગળ કરીને (પ્રધાન કરીને-મુખ્ય કરીને) જે જે કર્મોદયજન્ય સાંસારિક પર્યાયો છે. દેવ-મનુષ્ય-તિર્યંચ-નારકી-રોગી-નિરોગી-સુખી-દુ:ખી-રાજા રંક આદિ કર્મોદયજન્ય સાંસારિક જે જે પર્યાયો છે. તે પર્યાયોની વિવક્ષા ન કરીએ. તો આ પ્રથમભેદ જાણવો. આ જ અભિપ્રાયને ધ્યાનમાં રાખીને દ્રવ્યસંગ્રહ નામના ગ્રંથમાં દિગંબરાચાર્ય સિદ્ધાન્ત ચક્રવર્તી શ્રી નેમિચંદ્રજીએ કહ્યું છે કે—

માર્ગણાસ્થાનકો અને ગુણસ્થાનકો વડે જીવો ૧૪ પ્રકારના છે. (અથવા માર્ગણાવડે ૬૨ પ્રકારના છે) ઈત્યાદિ શાસ્ત્રોમાં જે કહ્યું છે. તે અશુદ્ધનયો છે. તથા સર્વે સંસારી જીવો (મૂલસ્વરૂપે સિદ્ધપરમાત્માની સમાન) શુદ્ધ જ છે. આમ જે નયો કહે છે તે શુદ્ધનયો જાણવા.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અહીં ટબામાં લખેલી પ્રાકૃતગાથા "દ્રવ્યસંગ્રહ" નામના ગ્રંથની છે. અને તે ગ્રંથ શ્રી નેમિચંદ્રાચાર્યે બનાવેલો છે. ॥ ૫-૧૦ ॥

**उत्पाद १, नइं व्यय २, नी गौणता, अनइं सत्तामुख्यताइं बीजो भेद शुद्धद्रव्यार्थनो जाणवो. ''उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धद्रव्यार्थिकः'' ए बीजो भेद.**

*વિવેચન*— દ્રવ્યાર્થિકનયનો હવે બીજો ભેદ સમજાવે છે.

ઉત્પાદ અને વ્યય, આ બન્નેની જ્યાં ગૌણતા છે. અને સત્તાધર્મની જ્યાં મુખ્યતા છે. તે શુદ્ધ દ્રવ્યાર્થિક નામનો બીજો ભેદ જાણવો. પ્રથમ ભેદમાં આત્માના શુદ્ધ સ્વરૂપની પ્રધાનતા હતી. કર્મના ઉદયજન્ય ચિત્ર-વિચિત્ર પર્યાયોની અવિવક્ષા હતી. જ્યારે આ બીજા ભેદમાં સત્તાની પ્રધાનતા છે. અને ઉત્પાદ-વ્યયની ગૌણતા છે.

"શુદ્ધસ્વરૂપ" એ દ્રવ્યનું પોતાનું સ્વરૂપ છે. એટલે દ્રવ્યની સાથે સીધો સંબંધ ધરાવે છે. અન્ય કોઈની અપેક્ષા તે રાખતું નથી. જ્યારે આ સત્તાને પ્રધાન કરવામાં કાળ દ્રવ્યની અપેક્ષા રહે છે. કારણ કે આ સત્તા અનાદિ-અનંત છે. આમ બોલાય છે. એટલે કાળની અપેક્ષા આવે છે. શુદ્ધદ્રવ્યાર્થિકનયનો ઉત્પાદ-વ્યય સાથે સંબંધ હોતો નથી. તેની દૃષ્ટિ દ્રવ્ય પ્રત્યે જ પ્રધાનતાએ પ્રવર્તે છે. આ નય સદા આમ જ કહ્યા કરે છે. "સર્વે દ્રવ્યો નિત્ય છે" તેથી આ નયનું નામ "उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्ध द्रव्यार्थिक" નય છે. આ નામવાળો આ બીજો ભેદ નય છે.

**एहनइं मतिं-द्रव्य नित्य लीजइं. नित्य ते - त्रिकालइं अविचलितरूप. सत्ता मुख्य लेतां ए भाव सम्भवइं. पर्याय प्रतिक्षण परिणामी छइ, तो पणि जीवपुद्गलादिक द्रव्यसत्ता कदापि चलती नथी. ॥ ५-११ ॥**

આ નયના મતે "સર્વે દ્રવ્યો નિત્ય" જાણવાં. નિત્ય એટલે કે ત્રણે કાળે જે અવિચલિતસ્વરૂપ છે તે, સર્વે પણ દ્રવ્યો ત્રણે કાળે પોતપોતાના દ્રવ્યપણાના સ્વરૂપમાં સદા રહે છે. ક્યારેય પણ ચલિત થતાં નથી. દ્રવ્યોની સત્તાને મુખ્ય કરતાં આ ભાવ સમજાય છે. જો કે સર્વે દ્રવ્યોમાં પોતપોતાના પર્યાયો પ્રતિક્ષણે પરિણામ (ઉત્પાદ-વ્યય) પામે છે. બદલાતા જ રહે છે. તો પણ સર્વે દ્રવ્યોનું મૂળભૂત દ્રવ્યસ્વરૂપ કદાપિ ચલિત થતું નથી. જેમ કે જીવદ્રવ્યની જીવદ્રવ્યપણાની સત્તા અને પુદ્ગલદ્રવ્યની પુદ્ગલદ્રવ્યપણાની સત્તા ક્યારે ય પણ ચાલી જતી નથી. અનેક અનેક પર્યાયો બદલાવા છતાં મૂલભૂત દ્રવ્ય પોતે પોતાના સ્વરૂપમાં સદા રહે છે આવી સમજણ આ નય કરાવે છે. ॥ ૫-૧૧ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ત્રીજો ભેદ, ભેદકલ્પનાઇં હીન શુદ્ધદ્રવ્યાર્થ. "ભેદકલ્પનારહિતઃ શુદ્ધદ્રવ્યાર્થિકઃ" ઇતિ તૃતીયો ભેદઃ જિમ-એકજીવપુદ્ગલાદિકદ્રવ્ય નિજગુણપર્યાયથી અભિન્ન કહિઇં. ભેદ છઇં, પણિ-તેહની અર્પણા ન કરી. અભેદની અર્પણા કરી. તે માટિં અભિન્ન. એ ત્રણ ભેદ શુદ્ધ ॥ ૫-૧૨ ॥

*વિવેચન*– દ્રવ્યાર્થિકનયનો હવે ત્રીજો ભેદ સમજાવે છે.

દ્રવ્યાર્થિકનયનો જે ત્રીજો ભેદ છે. તે ભેદકલ્પનાથી રહિત શુદ્ધ દ્રવ્યાર્થિક નય છે. વાસ્તવિકપણે જો કે દ્રવ્યથી ગુણો અને પર્યાયો એકાન્તે ભિન્ન કે એકાન્તે અભિન્ન નથી. પરંતુ ભિન્નાભિન્ન એમ ઉભયાત્મક છે. તો પણ ભેદની કલ્પના નહી કરનાર (અર્થાત્ ભેદની કલ્પનાને ગૌણ કરનાર) અને અભેદની કલ્પનાને પ્રધાન કરનાર આ નય છે. આ નયનું નામ *ભેદ કલ્પનારહિત શુદ્ધ દ્રવ્યાર્થિકનય* છે.

જેમ કે કોઈ પણ એક જીવદ્રવ્ય અથવા એક પુદ્ગલ દ્રવ્ય આદિ કોઈપણ દ્રવ્ય, પોત પોતાના ગુણોથી અને પોતપોતાના પર્યાયોથી અભિન્ન છે. આમ જે કહેવું તે આ નયનો વિષય છે. આ નય જ્યારે અભેદ કહે છે. ત્યારે ભેદ પણ અવશ્ય છે જ. પરંતુ તે ભેદની અર્પણા (પ્રધાનતા) ન કરી. અને જે અભેદ છે તેની અર્પણા (પ્રધાનતા) કરી. તે માટે આ નય "અભિન્ન" ને કહેનારો છે આમ કહેવાય છે. આ જણાવેલા ત્રણે ભેદો શુદ્ધ છે એમ જાણવું. કારણકે આ દ્રવ્યાર્થિકનય ચાલે છે. તે નય દ્રવ્યને પ્રધાનપણે કહે એ પોતાના ઘરમાં વર્તે છે. દ્રવ્યનું સિદ્ધસમાન સ્વરૂપ, કે દ્રવ્યની ધ્રુવતા, કે દ્રવ્યનો સ્વગુણ પર્યાયથી અભેદ કહેવો આ બધું આ નયનું પોતાનું ઘર છે. તેથી પોતાના ઘરમાં જ વર્તતો આ નય આ સમયે શુદ્ધ કહેવાય છે. માટે પ્રથમના આ ત્રણ ભેદો *શુદ્ધ* છે. હવે પછીના ત્રણ ભેદો આ ત્રણભેદથી બરાબર વિપરીતપણે છે. તેથી તે ત્રણે ભેદો *અશુદ્ધ* છે. ॥ ૫-૧૨ ॥ ॥ ૬૩-૬૪-૬૫-૬૬॥

**અશુદ્ધ કર્મોપાધિથી, ચોથો એહનો ભેદો રે ।**
**કર્મભાવમય આતમા, જિમ ક્રોધાદિક વેદો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઇ ॥ ૫-૧૩ ॥**

*ગાથાર્થ*– અશુદ્ધ કર્મોપાધિરૂપ ચોથો ભેદ આ નયનો જાણવો. જેમ કે આ આત્મા કર્મભાવમય (કર્મોના ઉદયથી થયેલા સ્વરૂપમય) છે. દાખલા તરીકે ક્રોધ આદિ કરતો આત્મા ક્રોધાદિક ભાવમય છે. ॥ ૫-૧૩ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો- ચોથો એહનો-દ્રવ્યાર્થિકનો ભેદ કર્મોપાધિથી અશુદ્ધ કહેવો.** ***કર્મોપાધિ-સાપેક્ષોऽशुद्धद्रव्यार्थिकः इति चतुर्थो भेदः ।***

**જિમ ક્રોધાદિક-કર્મભાવમય આતમા વેદો છો-જાણો છો. જિવારઈં- જે દ્રવ્ય, જે ભાવઈં પરિણમઈં. તિવારઈં તે દ્રવ્ય, તન્મય કરિ જાણવું. જિમ લોહ અગ્નિપણઈં પરિણમિઉ, તે કાલિં-લોહ અગ્નિરૂપ કરી જાણવું. ઈમ ક્રોધમોહનીયાદિ કર્મોદયનઈં અવસરઈં ક્રોધાદિભાવપરિણત આત્મા ક્રોધાદિરૂપ કરી જાણવો. અત એવ આત્માના ૮ ભેદ સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છઈં. ॥ ૫-૧૩ ॥**

*વિવેચન*— આ દ્રવ્યાર્થિકનય જ્યારે જ્યારે દ્રવ્યને અને દ્રવ્યના પોતાના સહજસ્વરૂપને પ્રધાન કરીને પ્રવર્તે છે. ત્યારે ત્યારે તે નય પોતાના ઘરમાં પ્રવર્તતો હોવાથી *શુદ્ધનય* કહેવાય છે. આ કાળે અન્ય અન્ય દ્રવ્યોના મિશ્રણથી અથવા પ્રતાપથી આ વિવક્ષિતદ્રવ્યનું જે વિકૃત સ્વરૂપ બનેલું હોય છે. તે સ્વરૂપને જોવામાં-જાણવામાં આ નય ઉદાસીન રહે છે. પરંતુ જ્યારે જ્યારે અન્યદ્રવ્યોના મિશ્રણથી અને પ્રતાપથી આ વિવક્ષિત દ્રવ્યનું જે અશુદ્ધ સ્વરૂપ બન્યું હોય છે. તેના તરફ નજર કરનારો, તેને જોનારો આ નય જ્યારે બને છે ત્યારે તે અશુદ્ધનય કહેવાય છે. અન્યદ્રવ્યના મિશ્રણથી થયેલું સ્વરૂપ પણ આ નયને લેવું પડે છે. કારણકે ભલે અન્ય દ્રવ્યના મિશ્રણથી થયું. પરંતુ આખરે સ્વરૂપ તો વિવક્ષિત દ્રવ્યનું જ થયું છે. જેમ કલરના મિશ્રણથી ભલે પાણી કાળુ-લીલુ-લાલ-પીળુ બન્યુ હોય. પરંતુ તે પાણી તેવું બન્યું છે. એ તો હકિકત જ છે. તેથી આ નય જ્યારે અન્ય દ્રવ્યના મિશ્રણથી થયેલા સ્વરૂપને જોનારો બને છે. ત્યારે તે પરઘરની અપેક્ષાવાળો બનેલો હોવાથી *અશુદ્ધ* નય કહેવાય છે. આ વાત સમજાવે છે.

**ચોથો एहनो-द्रव्यार्थिकनो भेद कर्मोपाधिथी अशुद्ध कहेवो. ''कर्मोपाधिसापेक्षोऽशुद्ध द्रव्यार्थिक'' इति चतुर्थो भेदः ।**

**जिम क्रोधादिक-कर्मभावमय आतमा वेदो छो-जाणो छो. जि-वारइं, जे द्रव्य, जे भावइं परिणइं. ति-वारइं, ते द्रव्य, तन्मय करि जाणवुं.**

આ દ્રવ્યાર્થિકનયનો ચોથો ભેદ કર્મોપાધિની સાપેક્ષતાવાળો હોવાથી અશુદ્ધ જાણવો. પ્રથમના ત્રણે નયો પદાર્થના જે સ્વરૂપને સમજાવવામાં ઉદાસીન છે. તે સ્વરૂપને આ પાછળલા ત્રણે નયો પ્રધાનતાએ માન્ય રાખે છે. આ રીતિએ આ ચોથો ભેદ પ્રથમભેદથી વિપરીતપણે છે. પૂર્વબદ્ધ કર્મોના ઉદયથી જીવ દ્રવ્યનું જે જે સ્વરૂપ બન્યું છે. તેની વિવક્ષા કરનારો, તેની પ્રધાનતા કરનારો આ નય છે. તેથી આ નયનુ **''કર્મોપાધિસાપેક્ષ અશુદ્ધદ્રવ્યાર્થિકનય''** એવું નામ કહેવાય છે. આ દ્રવ્યાર્થિકનયનો ચોથો ભેદ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જેમ કે ક્રોધાદિક કર્મોદયજન્ય ભાવપણે પરિણામ પામેલો જીવ તેવો તેવો જાણવો જોઈએ. ક્રોધભાવને વેદતો જીવ ક્રોધાત્મા, માનભાવને વેદતો જીવ માનાત્મા, માયાને અનુભવતો આત્મા માયાત્મા. આમ, જે વારે (જે કાળે) જે દ્રવ્ય જે ભાવે પરિણામ પામ્યું હોય, તે કાલે તે દ્રવ્ય તન્મય કરીને (તે ભાવે) છે. એમ જાણવું જોઈએ.

**जिम-लोह अग्निपणइं परिणमिउं, ते कालिं-लोह अग्निरूप करी जाणवुं. इम-क्रोधमोहनीयादिकर्मोदयनइं अवसरइं क्रोधादि भावपरिणत आत्मा क्रोधादिरूप करी जाणवो. अत एव आत्माना (८) आठ भेद सिद्धान्तमां प्रसिद्ध छइं. ॥ ५-१३ ॥**

જેમ કે લોઢું અગ્નિપણે પરિણામ પામ્યું છતું તે કાલે તે લોઢુ દ્રવ્ય પણ અગ્નિસ્વરૂપ બન્યું છે આમ જાણવું. લોઢાનો એક ગોળો અગ્નિમાં અત્યન્ત તપાવ્યો છતો લાલચોળ બન્યો હોય ત્યારે તે તપેલું લોઢું અગ્નિ જ છે. અગ્નિનું જે કામ દાહ આપવાનું (બાળવાનું) છે. તે કામ તપેલો ગોળો કરે છે. આમ જાણવું. આ રીતે ક્રોધ મોહનીય, માન મોહનીય આદિ તે તે કર્મોના ઉદયના અવસરે આ આત્મા ક્રોધાદિભાવે પરિણામ પામ્યો છતો (પોતાના અસલી સ્વરૂપે સિદ્ધ સમાન હોવા છતાં પણ) ક્રોધાદિરૂપ આ આત્મા છે. ક્રોધી, માની, માયાવી છે. એમ કરીને જે જાણવું. તે આ નયનો વિષય છે. અગ્નિથી તપેલો લોઢાનો ગોળો, લોઢાનો હોવા છતાં આ "અગ્નિનો ગોળો છે" એમ જે કહેવાય છે. તે આ નયનો વિષય છે એમ જાણવું. આ કારણથી આગમશાસ્ત્રોમાં આત્માના આઠ ભેદો જણાવ્યા છે. પ્રશમરતિ પ્રકરણમાં ગાથા ૧૯૮ થી ૨૦૨માં ૧ દ્રવ્ય, ૨ કષાય, ૩ યોગ, ૪ ઉપયોગ, ૫ જ્ઞાન, ૬ દર્શન, ૭ ચારિત્ર અને ૮ વીર્ય, આમ આઠ પ્રકારનો આત્મા જણાવેલ છે તથા ભગવતીજી સૂત્રના ૧૨મા શતકના ૧૦મા ઉદ્દેશામાં પણ આત્માના આ આઠભેદ જણાવ્યા છે. આ નયનો વિષય છે. ॥૬૭॥

**તે અશુદ્ધ વલી પાંચમો, વ્યય-ઉત્પત્તિ સાપેખો રે ।**
**ઉત્પાદ વ્યય ધ્રુવ-એકઇં સમઇં દ્રવ્ય જિમ પેખો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઇં ॥ ૫-૧૪ ॥**

*ગાથાર્થ*– ઉત્પત્તિ અને વ્યયની અપેક્ષાવાળો અશુદ્ધ એવો પાંચમો ભેદ જાણવો. જેમ કે કોઈપણ દ્રવ્ય એક સમયમાં ઉત્પત્તિ વ્યય અને ધ્રુવ આમ ત્રણે ધર્મવાળું છે. આમ કહેવું. ॥ ૫-૧૪ ॥

**ટબો– તે દ્રવ્યાર્થિક ભેદ પાંચમો વ્યય ઉત્પત્તિ સાપેક્ષ જાણવો.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"उत्पादव्ययसापेक्षसत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकः" पञ्चमः ।

**જિમ-એક સમયઇં દ્રવ્ય ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય રૂપ કહિઇં. જે કટકાદ્યુત્પાદસમય, તેહ જ કેયૂરાદિવિનાશસમય, અનઇં કનકસત્તા તો અવર્જનીય જ છઇં.**

"एवं सति-त्रैलक्षणग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्" इति चेत ? न, "मुख्यगौणभावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात्, मुख्यतया स्वस्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापारात्" ॥ ५-१४ ॥

*વિવેચન*– ધ્રુવને (સત્તાને) તો દ્રવ્યાર્થિકનય માન્ય રાખે જ છે તે તો તેનું પોતાનું ઘર છે. પરંતુ જ્યારે તે ઉત્પાદ અને વ્યયને પણ માન્ય રાખે છે ત્યારે તે પોતાના ઘરથી (ક્ષેત્રથી) બહાર જાય છે. એટલે તે અશુદ્ધ કહેવાય છે. આ દ્રવ્યાર્થિકનયનો પાંચમો ભેદ છે.

**ते द्रव्यार्थिक भेद पांचमो, व्यय-उत्पत्तिसापेक्ष जाणवो. उत्पाद-व्ययसापेक्ष-सत्ताग्राहकोऽशुद्धद्रव्यार्थिकः पञ्चमः । जिम-एकसमयइं द्रव्य-उत्पादव्ययध्रौव्यरूप कहिइं. जे कटकाद्युत्पादसमय, तेह ज केयूरादिविनाशसमय, अनइं कनकसत्ता अवर्जनीय ज छइं.**

વ્યય અને ઉત્પત્તિની અપેક્ષા વાળો જે દ્રવ્યાર્થિકનય, તે દ્રવ્યાર્થિક નયનો પાંચમો ભેદ જાણવો. તેનું નામ "उत्पादव्ययसापेक्ष सत्ताग्राहक अशुद्धद्रव्यार्थिकनय" જાણવો. આ ભેદ બીજા ભેદથી વિપરીત છે. દરેક ઠેકાણે અર્થને અનુસરીને જ નામો પાડવામાં આવ્યાં છે. જેમ કે કોઈ પણ એક સમયમાં દ્રવ્ય હંમેશાં ઉત્પત્તિવ્યય અને ધ્રૌવ્ય રૂપે આમ, ત્રિતય સ્વરૂપે જ છે. જેમ કે સોનાનું એક કેયૂર છે. તેને ભાંગીને કટક નામનો અલંકાર બનાવ્યો. તેમાં જે સમયે કટકાલંકારની ઉત્પત્તિ થાય છે. તે જ સમયમાં કેયૂરાલંકારનો વ્યય પણ અવશ્ય થાય જ છે. અને કનકની સત્તા તો અવર્જનીય જ છે. અર્થાત્ કનકની સત્તા તો સ્વીકારેલી જ છે. આમ ત્રણે એક સમયમાં છે જ, આવું માનવું તે આ નયનો વિષય છે.

પર્યાયાર્થિકનય તો આ ઉત્પાદ અને વ્યયને માને જ છે. પરંતુ જ્યારે દ્રવ્યાર્થિકનયવાળાને આમ પુછવામાં આવે કે સોનામાં જે આ કટક-કેયુરનો ઉત્પાદ-વ્યય થતો દેખાય છે તે છે કે નહી ? તો આ "ઉત્પાદ વ્યય નથી જ" એમ તો કહી શકે જ નહીં. કારણ કે જગત્પ્રસિદ્ધ છે. પ્રત્યક્ષપ્રમાણથી પ્રસિદ્ધ છે. અને સાક્ષાત્ દેખાય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. એટલે આ દ્રવ્યાર્થિકનયને પણ "હા છે" એમ કહીને આ ઉત્પાદ-વ્યયને સ્વીકારવા જ પડે છે. પરંતુ પોતાની દૃષ્ટિ દ્રવ્ય પ્રધાન હોવાથી આ જે સ્વીકારવું પડે છે તે ગૌણપણે સ્વીકારે છે જેમ પોતાની માતા મૃત્યુ પામ્યા પછી પોતાના પિતા બીજીવાર લગ્ન કરે તો તે નવી આવેલી પોતાના પિતાની પત્નીને બાળક *માતા* જ કહે છે પરંતુ જન્મદાતા માતાની જેવી વાત્સલ્યભરીવૃત્તિથી નહીં. એટલે જન્મદાતા માતાને માતા કહેવી તે મુખ્ય છે. અને પિતાનાં બીજી વારના લગ્નથી આવેલી સ્ત્રીને પોતાના પિતાની પત્ની હોવાથી માતા કહેવી તે ગૌણ છે. કારણ કે ત્યાં તેવું વાત્સલ્ય નથી. આ રીતે આ દ્રવ્યાર્થિકનય ધ્રુવને તો માને જ છે. પરંતુ તે (પોતાનું ઘર હોવાથી) પ્રધાનપણે માને છે. અને ઉત્પાદ-વ્યયને પણ (પદાર્થમાં તેવું સ્વરૂપ હોવાથી) માનવા પડે છે પરંતુ ગૌણ પણે સ્વીકારે છે. આ રીતે એક સમયમાં દ્રવ્યને ત્રણે લક્ષણવાળું માનવું (એકને પ્રધાનપણે અને બેને ગૌણપણે) તે આ નયનો વિષય છે.

*પ્રશ્ન*– **"एवं सति-त्रैलक्षण्यग्राहकत्वेनेदं प्रमाणवचनमेव स्यात्, न तु नयवचनम्" इति चेत्** = જો આ પ્રમાણે આ પાંચમા ભેદવાળો દ્રવ્યાર્થિક નય ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય આમ ત્રણે લક્ષણોને એક સમયમાં સાથે સ્વીકારે તો તેને *નય* કેમ કહેવાય ? તે તો *પ્રમાણ* કહેવાય. કારણકે એક અંશને માન્ય રાખે તેને જ નય કહેવાય છે. સર્વ અંશોને સ્વીકારે તે તો પ્રમાણ કહેવાય છે. તેથી આ વચન ત્રણે લક્ષણોનું ગ્રાહક બનવાથી પ્રમાણ વચન કહેવાશે. પરંતુ નયવચન કહેવાશે નહીં અને આ ભેદો તો નયના ચાલે છે. આમ કોઈ પૂછે છે.

*ઉત્તર*– **न, मुख्यगौणभावेनैवानेन नयेन त्रैलक्षण्यग्रहणात्, मुख्यतया स्वस्वार्थग्रहणे नयानां सप्तभङ्गीमुखेनैव व्यापारात् ॥ ५-१४ ॥**

ઉપરોક્ત તમારો પ્રશ્ન બરાબર નથી. કારણ કે દ્રવ્યાર્થિકનયનો આ પાંચમો ભેદ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય, આમ ત્રણે લક્ષણોને અવશ્ય સ્વીકારે તો છે જ, પરંતુ ઉત્પાદ-વ્યયને ગૌણપણે અને ધ્રૌવ્યને મુખ્યપણે, આમ મુખ્ય-ગૌણભાવ દ્વારા જ આ નયવડે ત્રણે લક્ષણો ગ્રહણ કરાયાં છે. પરંતુ ત્રણે લક્ષણોને મુખ્યપણે સ્વીકારાયાં નથી. *સર્વ અંશોને જો મુખ્યપણે સ્વીકારે તો તે પ્રમાણ કહેવાય છે.* એવું અહીં નથી. અહીં તો બે ધર્મો ગૌણપણે અને એક ધર્મ મુખ્યપણે સ્વીકારાયા છે. એટલે આ નય જ કહેવાય છે પરંતુ પ્રમાણ કહેવાતો નથી. તથા વળી જો કોઈ પણ નય બીજા નયોની માન્યતાને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ગૌણપણે પણ ન સ્વીકારે તો તે નય, નય જ નથી રહેતો, પરંતુ દુર્નય બની જાય છે. પ્રમાણ-નય-દુર્નય આ ત્રણેમાં આ જ ભેદ સમજવા જેવો છે.

*પ્રમાણ*-સર્વ ધર્મોને પ્રધાનપણે ગ્રહણ કરે. ગૌણ-મુખ્યભાવ ન કરે.

*નય*-અમુક ધર્મને મુખ્ય, અને અમુક ધર્મને ગૌણ, આમ ગૌણમુખ્યભાવ કરે.

*દુર્નય*-અમુક ધર્મને જ સ્વીકારે, ઈતર ધર્મોનો નિષેધ જ કરે. પક્ષપાતી દૃષ્ટિ.

*પ્રમાણવચન* જેમ સર્વ ધર્મોને પ્રધાનપણે પ્રકાશિત કરીને સપ્તભંગી દ્વારા વસ્તુનું પૂર્ણસ્વરૂપ પ્રકાશિત કરે છે. તેવી જ રીતે *નયવચન* પણ પોત-પોતાના મુખ્યપણે માનેલા અર્થને મુખ્યપણે ગ્રહણ કરવા દ્વારા અને શેષ ભાવોને ગૌણપણે જણાવવા દ્વારા આમ મુખ્યામુખ્યપણે કરીને સર્વ ભાવોને આશ્રયી સપ્તભંગી બતાવવા દ્વારા વસ્તુના પૂર્ણસ્વરૂપને (એકસ્વરૂપ મુખ્ય અને બીજુ સ્વરૂપ ગૌણ એમ પૂર્ણ સ્વરૂપને) જણાવવાનો વ્યાપાર કરે જ છે. પયાયાર્થિકનયનો જે વિષય છે. તે વિષયને દ્રવ્યાર્થિકનય જો ગૌણપણે પણ માન્ય રાખે તો જ તે નય સુનયપણાને પામે છે. ॥ ૬૮ ॥

**ગ્રહત ભેદની કલ્પના, છઠ્ઠો તેહ અશુદ્ધો રે ।**
**જિમ આતમાના બોલિઈ, જ્ઞાનાદિક ગુણ શુદ્ધો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઈં ॥ ૫-૧૫ ॥**

*ગાથાર્થ*– ભેદની કલ્પનાને ગ્રહણ કરનારો અશુદ્ધ એવો છઠ્ઠો ભેદ જાણવો. જેમ શુદ્ધ એવા જ્ઞાનાદિક ગુણો આત્માના છે. આમ બોલવું તે. ॥ ૫-૧૫ ॥

**ટબો– ભેદની કલ્પના ગ્રહતો છઠ્ઠો અશુદ્ધ દ્રવ્યાર્થિક જાણવો. જિમ જ્ઞાનાદિક શુદ્ધગુણ આત્માના બોલિઈ. ઈહાં ષષ્ઠી વિભક્તિ ભેદ કહિઈ છઈ. *"भिक्षोः पात्रम्"* *इतिवत्*, અનઇં ભેદ તો ગુણ-ગુણિનઇં છઈ નહીં, *भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः षष्ठः* ॥ ५-१५ ॥**

*વિવેચન*– દ્રવ્યાર્થિકનયનો હવે છઠ્ઠો ભેદ કહે છે. આ ભેદ ત્રીજા ભેદથી વિપરીત છે. ત્રીજા ભેદમાં ભેદને ગૌણપણે અને અભેદને પ્રધાનપણે માન્ય રાખવામાં આવ્યો હતો, આ છઠ્ઠા ભેદમાં અભેદને ગૌણ કરીને ભેદને પ્રધાનપણે કલ્પવામાં આવે છે. તે વાત જણાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

भेदनी कल्पना ग्रहतो छट्ठो अशुद्ध द्रव्यार्थिक जाणवो. जिम ज्ञानादिक शुद्धगुण आत्माना बोलिइं. इहां षष्ठी विभक्ति भेद कहिइ छइ. "भिक्षोः पात्रम्" इतिवत्, अनइं भेद तो गुण-गुणिनइं छइ नहीं. भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिकः षष्ठः ॥ ५-१५ ॥

આ નયનું કહેવું છે કે જ્ઞાન અને આત્મા, રૂપાદિક અને પુદ્‌ગલ, આમ ગુણ-ગુણી વચ્ચે જો અભેદ જ માનવામાં આવે તો "જ્ઞાનવાળો આત્મા" "રૂપ-રસાદિવાળું પુદ્‌ગલ" "આત્માનું જ્ઞાન" "પુદ્‌ગલના રૂપરસાદિગુણો" તથા આત્મામાં જ્ઞાનાદિગુણ છે. પુદ્‌ગલ દ્રવ્યમાં રૂપાદિગુણો છે. આવા આવા જે જે ભેદસૂચક વ્યવહારો જગતમાં થાય છે. તે સર્વે વ્યવહારો ખોટા (મિથ્યા) ઠરશે. અને આવા વ્યવહારો જગત્સિદ્ધ હોવાથી માન્યા વિના પણ ચાલે નહીં. તેથી આ દ્રવ્યાર્થિકનયને આ ભેદપ્રધાનવચનો મને કમને પણ સ્વીકારવાં પડે છે. માટે ભેદપ્રધાન વચનોની કલ્પનાને ગ્રહણ કરતો આ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો છટ્ઠો ભેદ જાણવો. જેમ કે "*જ્ઞાનાદિક શુદ્ધ ગુણો આત્માના છે*" આમ બોલીએ તે. આ દ્રવ્યાર્થિકનય હોવાથી અભેદને તો માન્ય રાખે જ છે. પરંતુ ભેદને પણ સ્વીકારતો છતો આ છટ્ઠો ભેદ થાય છે.

સંસ્કૃતભાષામાં જ્યાં જ્યાં ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ થાય છે. ત્યાં ત્યાં ભેદની વિવક્ષા હોય છે. જેમ કે- "*સાધુનુ પાત્ર*" અહીં સાધુ અને પાત્ર આ બન્ને વસ્તુ અત્યન્ત જુદી છે. તેવી જ રીતે "મારૂં વસ્ત્ર" "તારુ વાસણ" "તેનો ઘટ" ઈત્યાદિ વાક્યોમાં ભિન્ન દ્રવ્યોમાં જેવો ભેદનો બોધ થાય છે. તેની જેવો ભેદ તો ગુણગુણીમાં હોતો નથી. તથા પર્યાય-પર્યાયવાનમાં પણ તેવો ભેદ હોતો નથી. છતાં વિવક્ષાથી ભેદ બોલાય છે. જેમ કે "ચૈત્રનુ જ્ઞાન" "સોનાનું કડુ" "માટીનો ઘડો" આ ઉદાહરણોમાં સાધુ અને પાત્ર જેમ બન્ને ભિન્ન ભિન્ન પદાર્થો છે તેમ જીવ અને જ્ઞાન, સોનુ અને કડુ તથા માટી અને ઘટ (તેના જેવા) અત્યન્ત ભિન્ન પદાર્થો નથી. છતાં વિવક્ષામાત્રથી ભેદની કલ્પના કરવામાં આવે છે. "સાધુનુ પાત્ર" ઈત્યાદિ વાક્યોમાં ભેદની પ્રધાનતા છે. સ્વસ્વામીસંબંધથી થનારા અભેદની ગૌણતા છે. જ્યારે "જીવનુ જ્ઞાન" "સોનાનુ કડું" ઈત્યાદિ વાક્યોમાં ભેદ વિવક્ષાએ જણાય છે. કારણકે આ બધાં ઉદાહરણો ગુણ-ગુણીનાં અને પર્યાય-પર્યાયવાનનાં છે. તેથી અહીં બે દ્રવ્ય જેવો ભેદ નથી. પરંતુ ભેદ અવશ્ય જણાય છે તેથી દ્રવ્યાર્થિકનયનો આ છટ્ઠો ભેદ "*ભેદકલ્પના સાપેક્ષ અશુદ્ધ દ્રવ્યાર્થિકનય*" લાગુ પડે છે. આ નય દ્રવ્યાર્થિક હોવા છતાં પણ પર્યાયાર્થિકનયના વિષયને જણાવે છે. તેથી તે નય અશુદ્ધ કહેવાય છે. આ પ્રમાણે ત્રણ અશુદ્ધ અને ત્રણ શુદ્ધ એમ કુલ ૬ ભેદો દ્રવ્યાર્થિકનયના સમજાવ્યા. ॥ ૬૯ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**અન્વય દ્રવ્યાર્થિક કહિઓ, સપ્તમ એક સ્વભાવો રે ।**
**દ્રવ્ય એક જિમ ભાખિઇં. ગુણપર્યાયસ્વભાવો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિઇ ॥ ૫-૧૬ ॥**

ગાથાર્થ– દરેક દ્રવ્યો એકસ્વભાવવાળાં છે. એટલે ગુણપર્યાયના સ્વભાવવાળાં છે. આમ આ "અન્વયદ્રવ્યાર્થિકનય" કહેવાય છે. ॥ ૫-૧૬ ॥

**ટબો– સાતમો અન્વય દ્રવ્યાર્થિક કહિઓ. જે એકસ્વભાવ બોલઈ. જિમ એક જ દ્રવ્ય, ગુણપર્યાય સ્વભાવ કહિઈં.ગુણ-પર્યાયનઈં વિષયઈં દ્રવ્યનો અન્વય છઈં, અત એવ દ્રવ્ય જાણિં, દ્રવ્યાર્થાદેશઈં "તદનુગત સર્વ ગુણ પર્યાય જાણ્યા" કહિઈં. જિમ સામાન્ય પ્રત્યાસત્તિ પરવાદી "સર્વ વ્યક્તિ જાણી" કહઈ, તિમ ઈહાં જાણવું. અન્વય દ્રવ્યાર્થિક નયઃ સપ્તમઃ ॥ ૫-૧૬ ॥**

વિવેચન– દ્રવ્યાર્થિકનયના કુલ ૧૦ ભેદો છે. તે પૈકી ૩ શુદ્ધ અને ૩ અશુદ્ધ એમ ૬ ભેદો કહીને હવે સાતમો "અન્વય દ્રવ્યાર્થિક નય" સમજાવે છે.

**सातमो अन्वयद्रव्यार्थिकनय कहिओ. जे एक स्वभाव बोलइ, जिम एक ज द्रव्य, गुणपर्यायस्वभाव कहिइं, गुणपर्यायनइं विषयइं द्रव्यनो अन्वय छइ, अत एव द्रव्य जाणिं, द्रव्यार्थादेशइं "तदनुगत सर्वगुण पर्याय जाण्या" कहिइं. जिम सामान्य प्रत्त्यासत्ति परवादी "सर्व व्यक्ति जाणी" कहइ, तिम इहां जाणवुं. अन्वयद्रव्यार्थिक नयः सप्तमः ॥ ५-१६ ॥**

હવે સાતમો અન્વયદ્રવ્યાર્થિકનય કહે છે. સર્વે દ્રવ્યો પોતાના નિયત એવા *"એક સ્વભાવવાળાં"* જ છે. દરેક દ્રવ્યોનો શું નિયત એક સ્વભાવ છે ? તો જણાવે છે કે દરેક દ્રવ્યમાં "ગુણ-પર્યાયોનું હોવું. એટલે કે ગુણ-પર્યાયવાળાપણું" અર્થાત્ પ્રતિસમયે જ્ઞાનાદિગુણોની ક્ષયોપશમને અનુસારે હાનિ-વૃદ્ધિ થવા છતાં તે ગુણોમાં, અને ઔદયિકભાવને અનુસારે પર્યાયો પલટાવા છતાં પણ તે પર્યાયોમાં દ્રવ્યનું હોવું, દ્રવ્યનું વર્તવું, દ્રવ્યનો અન્વય હોવો. તે આ નયનો વિષય છે. જેમ મણકાઓ બદલાય, પણ તેમાં માળા તેની તે જ રહે છે. તેમ બદલાતા પર્યાયોમાં દ્રવ્યનો જે અન્વય છે (દ્રવ્યનું હોવાપણું જે છે.) તેને જે જણાવે તે અન્વયદ્રવ્યાર્થિકનય જાણવો.

દ્રવ્યનો આ જ *એકસ્વભાવ* છે કે હાનિ-વૃદ્ધિ પણે બદલાતા ગુણોમાં અને ઔદયિકભાવે બદલાતા પર્યાયોમાં તેનું તે જ એક દ્રવ્ય વર્તે છે. આમ ગુણ-પર્યાયમય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

– તે સ્વભાવવાળું જે દ્રવ્ય કહીએ તે, એટલે કે ગુણોને વિષે અને પર્યાયોને વિષે દ્રવ્યનો અન્વય જોડવો. તે આ નય છે. अत एव = આ કારણથી જ "દ્રવ્ય જાણ્યું" એટલે કે દ્રવ્યાર્થિકનયના આદેશથી तदनुगत = તે દ્રવ્યમાં રહેલા સર્વે ગુણ-પર્યાયો પણ જાણ્યા. આ વાત એક દાખલો આપીને સમજાવે છે કે परवादी = નૈયાયિક આદિ અન્યદર્શનકારો જેમ [1]"सामान्यप्रत्यासत्ति" એ કરીને એક ઘટ જોયે છતે "સર્વ ઘટ વ્યક્તિ જાણી" = સર્વ ઘટને જાણે છે. અર્થાત્ કોઈપણ માણસને એક ઘટ જણાવે છતે આવા આવા આકારના જે જે હોય તે બધા ઘડા કહેવાય એમ સમજાઈ જ જાય છે. કારણકે ચક્ષુનો ઘટત્વની સાથે સન્નિકર્ષ થાય છે. અને તે ઘટત્વ સકલઘટ સાથે સંબંધ ધરાવે છે. બીજા ઘટના બોધ કાળે ફરીથી ઘટનું જ્ઞાન કરાવવું પડતું નથી. તેથી જેમ એક ઘટના જ્ઞાનથી સર્વ ઘટવ્યક્તિનું જ્ઞાન થાય છે. તેવી જ રીતે એકદ્રવ્ય માત્રને જાણવાથી તદનુગત ગુણ-પર્યાયો પણ જણાય જ છે. કારણ કે તે તે ગુણ-પર્યાયોથી ભરેલું આ દ્રવ્ય છે. આ અન્વયદ્રવ્યાર્થિકનય નામનો સાતમો ભેદ છે. ॥ ૭૦ ॥

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

**સ્વદ્રવ્યાદિક ગ્રાહકો, ભેદ આઠમો ભાખ્યો રે ।**
**સ્વદ્રવ્યાદિક ચ્યારથી, છતો અર્થ જિમ દાખ્યો રે ॥ ૫-૧૭ ॥**

---

૧. લૌકિક સન્નિકર્ષ સંયોગાદિભાવે જેમ ૬ પ્રકારનો છે તેમ અલૌકિકસન્નિકર્ષ સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ, જ્ઞાનલક્ષણા પ્રત્યાસત્તિ અને યોગજલક્ષણા પ્રત્યાસત્તિ એમ ત્રણ પ્રકારનો છે.

ત્યાં લક્ષણા પદથી "સ્વરૂપ" અર્થ કહેવાય છે. સામાન્ય છે સ્વરૂપ જેનું એવી જે લક્ષણા તે સામાન્ય લક્ષણા પ્રત્યાસત્તિ, એવો અર્થ થાય છે. ઈન્દ્રિયની સાથે સંબંધવાળો મહાનશીય એક ધૂમ, તેના સંબંધી ધૂમવિશેષ્યક જે જ્ઞાન, તેમાં પ્રકારીભૂત ધર્મ જે ધૂમત્વ, તેની સાથેના સન્નિકર્ષથી સર્વે ધૂમો જાણવા. તે સામાન્યલક્ષણા પ્રત્યાસત્તિ કહેવાય છે. એક ધૂમનું ચાક્ષુષપ્રત્યક્ષ કરવાથી તેમાં રહેલા પ્રકારીભૂતધર્માત્મક ધૂમત્વનું પ્રત્યક્ષ જ્ઞાન થવાથી તે ધૂમત્વ ધર્મ દ્વારા સર્વે ધૂમનું જે પ્રત્યક્ષજ્ઞાન થાય છે. તેને સામાન્યલક્ષણાપ્રત્યાસત્તિ કહેવાય છે.

तत्र लक्षणापदेन यदि स्वरूपमुच्यते तदा सामान्यस्वरूपा प्रत्यसत्तिरित्यर्थो लभ्यते तच्चेन्द्रियसम्बद्ध विशेष्यकज्ञान प्रकारीभूतं बोध्यं, तथाहि-यत्रेन्द्रियसंयुक्तो धूमादिः,तद्विशेष्यक धूम इति ज्ञानं यत्र जातं,तत्र ज्ञाने धूमत्वं प्रकारः, तत्र धूमत्वेन सन्निकर्षेण ''धूमा'' इत्येवं रूपं सकलधूमविषयकं ज्ञानं जायते ।

આ વિષય વધારે જાણવો હોય તો કારિકાવલી શ્લોક ૬૩/૬૪ તથા તેની મુક્તાવલીટીકાથી જાણી લેવો. અમે પણ તેના આધારે આ અર્થ લખ્યો છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પરદ્રવ્યાદિક ગ્રાહકો, નવમ ભેદ તેમાંહી રે ।**
**પરદ્રવ્યાદિક ચ્યારથી, અર્થ છતો જિમ નાંહી રે ॥**
**જ્ઞાન દૃષ્ટિ જગિ દેખિઈં ॥ ૫-૧૮ ॥**

ગાથાર્થ– સ્વદ્રવ્યાદિને ગ્રહણ કરનારો જે નય તે આ આઠમો ભેદ કહ્યો છે. સ્વદ્રવ્યાદિક ચ્યારથી દરેક પદાર્થો "છતા" કહ્યા છે. તથા પરદ્રવ્યાદિને ગ્રહણ કરનારો જે નય તે નવમો ભેદ જાણો. પરદ્રવ્યાદિક ચ્યારથી દરેક પદાર્થ જેમ "છતાં નાંહી =" છતા નથી, અર્થાત્ અસત્ છે. ॥ ૫-૧૭,૧૮॥

**ટબો– સ્વદ્રવ્યાદિગ્રાહક દ્રવ્યાર્થિક આઠમો ભેદ ભાખિઓ, જિમ અરથ=ઘટાદિક, સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ, સ્વભાવ એ ૪ થી છતો કહીઓ, સ્વદ્રવ્યથી - મૃત્તિકાઇ, સ્વક્ષેત્રથી પાટલિપુત્રાદિકઇં, સ્વકાલથી વિવક્ષિતકાલઇં, સ્વભાવથી રક્તતાદિક ભાવઇં જ ઘટાદિકની સત્તા પ્રમાણસિદ્ધ છઈ. "स्वद्रव्यादिग्राहको अष्टमः" ॥ ૫-૧૭ ॥**

**તે માંહિ-દ્રવ્યાર્થિકમાંહિ, પરદ્રવ્યાદિગ્રાહક નવમો ભેદ કહિઓ છઈ. જિમ-અર્થ-ઘટાદિક, પરદ્રવ્યાદિક ૪ થી છતો નહીં, પરદ્રવ્ય-તંતુ પ્રમુખ, તેહથી ઘટ અસત્ કહીઇં, પરક્ષેત્ર જે કાશીપ્રમુખ તેહથી, પરકાલ-અતીત-અનાગતકાલ, તેહથી પરભાવથી કાલાદિકભાવઇં વિવક્ષિત વિષયઇં અછતા પર્યાય તેહથી, "परद्रव्यादिग्राहको द्रव्यार्थिको नवमः" ॥ ૫-૧૮॥**

*વિવેચન*– આ બન્ને ગાથાઓમાં દ્રવ્યાર્થિક નયનો આઠમો અને નવમો એમ બે ભેદ વર્ણવેલા છે. વિવક્ષિત કોઈ પણ વસ્તુને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી જ્યારે વિચારવામાં આવે છે. ત્યારે તે વસ્તુ "સત્" વિદ્યમાન છે. છતી છે. એમ જ જણાય છે. અને તે જ વસ્તુને જ્યારે પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવથી જ્યારે વિચારવામાં આવે છે. ત્યારે તે વસ્તુ સત્ નથી, વિદ્યમાન નથી, છતી નથી અર્થાત્ અસત્ છે. એમ જણાય છે. આ વાત સ્પષ્ટ કરે છે.

**स्वद्रव्यादिग्राहक द्रव्यार्थिक आठमो भेद भाषिओ, जिम-अरथ-घटादिक, स्वद्रव्य, स्वक्षेत्र, स्वकाल, स्वभाव ए ४ थी छतो कहीओ. स्वद्रव्यथी-मृत्तिकाइ, स्वक्षेत्रथी पाटलिपुत्रादिकइं, स्वकालथी विवक्षित कालइं, स्वभावथी रक्तादिकभावइं ज घटादिकनी सत्ता प्रमाणसिद्ध छइ. "स्वद्रव्यादिग्राहको अष्टमः" ॥ ५-१७ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્વદ્રવ્યાદિ ૪ ને આશ્રયી વિચાર કરનારો જે દ્રવ્યાર્થિકનય છે. તે આ નયનો આઠમો ભેદ કહેલો છે. જેમ કે अरथ = એટલે ઘટ-પટ-જીવ-સુવર્ણ વિગેરે કોઈ પણ પદાર્થ, તેને સ્વદ્રવ્યાદિ ૪ થી વિચારીએ તો તે પદાર્થ છતો જ (सत् જ) જણાય છે. અહીં ગ્રંથકારશ્રી "ઘટ" નામના પદાર્થને દૃષ્ટિસામે રાખીને આ વાત વધારે સ્પષ્ટ કરે છે. ધારો કે માટી નામના દ્રવ્યથી બનેલો "ઘટ" નામનો એક પદાર્થ છે. તો શું અહીં માટીનો ઘટ છે ? એમ કોઈ પુછે તો "હા" એમ જ કહેવું પડે, (અને જો તાંબાનો, રૂપાનો કે સોનાનો બનેલો તે ઘટ હોય તો તે તે દ્રવ્ય, તે તે ઘટનું સ્વદ્રવ્ય કહેવાય છે.) અહીં સ્વદ્રવ્યથી મૃત્તિકા લઈએ, એટલે માટીનો બનેલો ઘટ જોઈએ તો તે "છે" અર્થાત્ *"નથી એમ નહીં"* આ સ્વદ્રવ્યથી सत् થયું. એવી જ રીતે ધારો કે તે ઘટ પાટલિપુત્ર નગરમાં બનાવેલો હોય તો તે પાટલિ પુત્ર નામના ક્ષેત્રને આશ્રયી सत् છે. પરંતુ અન્ય નગરોને આશ્રયી તે ઘટ सत् નથી. કોઇને કાન્યકુબ્જમાં બનેલો જ ઘટ જોઈતો હોય તો તેવો આ ઘટ નથી. એમ જ કહેવું પડે. पाटलिपुत्रादिक માં લખેલા आदि શબ્દથી આ જ રીતે કાન્યકુબ્જનો બનેલો ઘટ હોય તો તે ઘટ કાન્યકુબ્જ નગરજન્યત્વને આશ્રયી सत् કહેવાય છે.

એવી જ રીતે સ્વકાળથી વિવક્ષિત એવો ઘટ કાળને આશ્રયી સત્ છે. તે ઘટ જે ઋતુમાં બનાવ્યો હોય, જેમ કે વસન્ત, ગ્રીષ્મ, શિશિર, વર્ષા આદિ કોઈ પણ એક ઋતુમાં તે બનાવેલો સંભવી શકે છે. તેથી જે ઋતુમાં તે બનાવાયો હોય, તે ઋતુને આશ્રયી આ ઘટ सत् છે. અન્ય કાળને આશ્રયી सत् નથી. જેમ કે વસંત ઋતુમાં બનાવેલો ઘટ હાજર હોય, છતાં કોઈ પુછે કે વર્ષાઋતુમાં બનાવેલો ઘટ અહીં છે ? તો કહેવું પડે કે ના, તે ઘટ અહી નથી. પરંતુ વસંતઋતુમાં બનાવેલ ઘટ છે. આ રીતે સ્વભાવથી એટલે કે રક્તાદિક ભાવથી તે ઘટાદિક પદાર્થોની સત્તા પ્રમાણસિદ્ધ જણાય જ છે. પકવેલો લાલ ઘટ રક્તભાવે सत् છે. કૃષ્ણભાવે સત્ નથી. અને કાચો ઘટ હોય તો કૃષ્ણભાવે સત્ છે. પરંતુ રક્તભાવે અસત્ છે. એમ સ્વદ્રવ્યાદિ સ્વરૂપે તે ઘટનો જો વિચાર કરવામાં આવે તો सत् જણાશે. ઘટની જેમ અન્ય દ્રવ્યોમાં પણ સ્વદ્રવ્યાદિ ચારને આશ્રયી सत् પણું સમજવું. આ સ્વદ્રવ્યાદિગ્રાહક આઠમો ભેદ જાણવો. ॥ ૭૧ ॥

**तेमांहि- द्रव्यार्थिकमांहि, परद्रव्यादिग्राहक नवमो भेद कहिओ छइ. जिम अर्थ-घटादिक, परद्रव्यादिक ४ थी छतो नहीं. परद्रव्य - तंतुप्रमुख, तेहथी घट असत् कहीइं, परक्षेत्र - जे काशीप्रमुख, तेहथी, परकाल-अतीत-अनागतकाल, तेहथी,**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**परभावथी-कालादिकभावइं विवक्षित विषयइं अछता पर्याय, तेहथी, ''परद्रव्यादिग्राहको द्रव्यार्थिक'' नवमः । ॥ ५-१८ ॥**

આ ટબાનો ભાવાર્થ પૂર્વની ગાથાના વિવેચનમાં આવી જ જાય છે. તો પણ યત્કિંચિત્ સ્પષ્ટ કરીએ છીએ. તેમાં એટલે કે દ્રવ્યાર્થિકનયના દશભેદો પૈકી નવમો ભેદ ''પરદ્રવ્યાદિગ્રાહક'' નામનો કહેલો છે. જેમ કે **અર્થ** એટલે ઘટ-પટ-જીવ-સુવર્ણ વિગેરે કોઈ પણ એક પદાર્થ લઈને આ નય સમજવો. ત્યાં ઘટને આશ્રયી જ સમજાવાય છે પરદ્રવ્ય-પરક્ષેત્ર-પરકાલ અને પરભાવ આ ૪ થી સર્વે પદાર્થો છતા નથી. અસત્ છે. જેમ કે જે માટીનો ઘટ છે. તેને તંતુ વિગેરે પરદ્રવ્ય કહેવાય. તેવા પરદ્રવ્યને આશ્રયી આ ઘટ નથી. અર્થાત્ અસત્ છે. કોઈ પુછે કે શું અહીં આ ઘટ તંતુઓનો બનેલો છે ? તો કહેવું જ પડે કે ના. તેવો ઘટ અહીં નથી જ. એટલે પરદ્રવ્ય જે તંતુ વિગેરે દ્રવ્યો, તેહથી = તે દ્રવ્યોને આશ્રયી ઘટ નથી જ. અસત્ છે એમ કહેવાય છે. એવી જ રીતે જે ઘટ પાટલિપુત્રાદિ નગરમાં બનેલો છે, તે ઘટ કાશી વિગેરે જે પરક્ષેત્ર છે. તેને આશ્રયી અસત્ છે. તથા જે ઘટ વિવક્ષિત કાળમાં (વસંતાદિ કોઈ એક ઋતુમાં) બનેલો છે તે ઘટ શેષ અતીત-અનાગત કાળમાં બનેલો નથી. માટે તેવા કાળને આશ્રયી ઘટ અસત્ છે. તથા પરભાવથી-એટલે કે કાલાદિકભાવને આશ્રયી = અહીં કાલ એટલે કાળા રંગવાળા પણાને આશ્રયી પકવેલો રક્ત એવો ઘટ અસત્ છે જે ઘટ પકવેલો છે. તે ઘટ પકવવાપણાથી રક્ત બનેલો છે. તે ઘટ કાલ એટલે કાળા રંગવાળા પણે અને આદિ શબ્દથી પીળા-નીલા-ધોળા-ભુખરા-બ્લુ વિગેરે ઈતર રંગો વડે તે ઘટ અસત્ છે. આમ પરદ્રવ્યાદિ ૪ થી તે ઘટનો જો વિચાર કરવામાં આવે તો તે ઘટ અસત્ છે. એમ અવશ્ય જણાય જ છે. તેથી દરેક પદાર્થો સ્વદ્રવ્યાદિથી સત્ છે એમ જાણવું તે આઠમો ભેદ, અને પરદ્રવ્યાદિથી અસત્ છે. એમ જાણવું તે નવમો ભેદ સમજવો. ॥ ૭૨ ॥

જૈન સાઈટ JAINSITE.com જયતિ શાસનમ્

**પરમભાવગ્રાહક કહિઓ, દસમો જસ અનુસારો રે ।**
**જ્ઞાન સ્વરૂપી આતમા, જ્ઞાન સર્વમાં સારો રે ॥**
**જ્ઞાનદૃષ્ટિ જગિ દેખિએ ॥ ૫-૧૯ ॥**

*ગાથાર્થ*– આ નયનો પરમભાવગ્રાહક નામનો દશમો ભેદ જાણવો. જે નયને અનુસારે આત્મા જ્ઞાનસ્વરૂપી છે. આમ કહેવાય છે. કારણ કે જ્ઞાન સર્વગુણોમાં શ્રેષ્ઠગુણ છે. ॥ ૫-૧૯ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો–** **દસમો દ્રવ્યાર્થિક પરમભાવગ્રાહક કહિઓ. જે નયનઇં અનુસારઇં આત્મા જ્ઞાનસ્વરૂપ કહિઇં છઇં. દર્શન ચારિત્ર વીર્ય લેશ્યાદિક આત્માના અનંતગુણ છઈ. પણિ- સર્વમાં જ્ઞાન સાર-ઉત્કૃષ્ટ છઈ. અન્યદ્રવ્યથી આત્માનઇં ભેદ જ્ઞાનગુણઇં દેખાડિઇં છઇં. તે માટે – શીઘ્રોપસ્થિતિક પણઇં આત્માનો જ્ઞાન તે પરમભાવ છઈ. ઈમ બીજાઈં દ્રવ્યના પરમભાવ–અસાધારણ ગુણ લેવા. "परमभावग्राहको द्रव्यार्थिकः" दशमः ॥ ૫-૧૯ ॥**

વિવેચન– પ્રત્યેક દ્રવ્યોમાં ગુણ-પર્યાય સ્વરૂપ ભાવો તો અનેક અનેક છે. પરંતુ તેમાં પરમભાવ એટલે અસાધારણધર્મ તો એક જ હોય છે. જે ધર્મથી તે પદાર્થ ઓળખાતો હોય છે. તે ધર્મ (ભાવ) એક જ હોય છે. અને તેને જ "પરમભાવ" કહેવાય છે. તે ભાવને આશ્રયી પદાર્થનું સ્વરૂપ જણાય છે.

**दसमो द्रव्यार्थिक परमभावग्राहक कहिओ. जे नयनइं अनुसारइं आत्मा ज्ञानस्वरूप कहिइं छइं. दर्शन चारित्र वीर्य लेश्यादिक आत्माना अनंतगुण छइं. पणि सर्वमां ज्ञान सार-उत्कृष्ट छइ. अन्यद्रव्यथी आत्मानइं भेद ज्ञानगुणइं देखाडिइं छइं. ते माटिं शीघ्रोपस्थितिकपणइं आत्मानो ज्ञान ते परमभाव छइं. इम बीजाइं द्रव्यना परमभाव- असाधारण गुण लेवा. ''परमभावग्राहको द्रव्यार्थिकः'' दशमः ॥ ५-१९ ॥**

JAINSITE.com जैन साईट जयति शासनम्

દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદોમાં છેલ્લો ભેદ "પરમભાવગ્રાહક" નામનો દસમો ભેદ છે. સર્વે દ્રવ્યોમાં અનેક અનેક ગુણધર્મો અને પર્યાયધર્મો હોય છે. એ સર્વ ગુણધર્મોમાં કે પર્યાય ધર્મોમાં કોઈ એક ધર્મ પરમભાવરૂપ એટલે કે અસાધારણ ધર્મ સ્વરૂપે હોય છે. જે અસાધારણ ધર્મથી પદાર્થ ઓળખાતો હોય, અન્ય પદાર્થથી ભિન્નરૂપે દર્શાવાતો હોય તે અસાધારણ ધર્મને પરમભાવ કહેવાય છે. આવા પરમભાવાત્મક ધર્મને જ મુખ્ય કરનારો જે નય તે પરમભાવગ્રાહક નય કહેવાય છે. આ નયને અનુસારે આત્મા જ્ઞાનસ્વરૂપ કહેવાય છે. આત્માના જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, લેશ્યા ઈત્યાદિ અનંતગુણો છે. પરંતુ કોઈ પુછે કે આત્મા કોને કહેવાય ? તો તુરત એવો જ ઉત્તર અપાય છે કે "જ્ઞાન જેમાં હોય તે આત્મા" ચૈતન્ય ગુણ જેમાં હોય તે આત્મા. અનંતા ગુણ હોવા છતાં જ્ઞાનગુણ વડે જીવનું સ્વરૂપ સમજાવવામાં આવ્યું છે. તથા જ્ઞાનગુણ વડે જ જીવ દ્રવ્ય, ઈતર એવા પુદ્ગલાસ્તિકાયાદિ દ્રવ્યથી ભિન્ન કરાય છે. માટે જ્ઞાનગુણ એ જ સર્વગુણોમાં સારભૂત અર્થાત્ ઉત્કૃષ્ટગુણ છે. અન્ય પુદ્ગલાસ્તિકાય-ધર્માસ્તિકાય વિગેરે દ્રવ્યોથી આત્મદ્રવ્યનો ભેદ જ્ઞાનગુણ દ્વારા જ દેખાડાય છે. તે માટે વસ્તુમાં રહેલા અનેક (અનંત) ધર્મોમાંથી જે ધર્મ વડે શીઘ્ર ઉપસ્થિતિ

થતી (બોધ થતો) હોય તે ધર્મ પરમભાવ કહેવાય છે. અહીં જ્ઞાનગુણ વડે જીવની શીઘ્ર ઉપસ્થિતિ (બોધ) થાય છે. તેથી શીઘ્ર ઉપસ્થિતિપણા વડે જ્ઞાનગુણ એ જીવનો પરમભાવભૂત ધર્મ છે. આ પ્રમાણે બીજાં દ્રવ્યોના પણ પરમભાવભૂત એટલે કે અસાધારણ ધર્મભૂત ગુણો જાણી લેવા. પુદ્ગલદ્રવ્યના રૂપ, રસ, ગંધ, સ્પર્શ અસાધારણ ધર્મ જાણવા. સાકરનો પરમભાવ મધુરતા, મીઠાનો પરમભાવ ખારાશ. અત્તરનો પરમભાવ સુગંધ, ચંદનનો પરમભાવ શીતળતા, અગ્નિનો પરમભાવ દાહ. મરચાંનો પરમભાવધર્મ તીખાશ ઈત્યાદિ રીતે પરમભાવધર્મો જાણવા. આવા ઉત્કટધર્મને જણાવનારો જે નય તે પરમભાવ ગ્રાહક નય છે. આ પ્રમાણે દિગંબર આચાર્ય દેવસેનકૃત નયચક્રના આધારે દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ સમજાવ્યા. ॥ ૭૩ ॥

દિગંબરામ્નાયમાં થયેલા શ્રી "માઈલ્લ ધવલકૃત" દ્રવ્યસ્વભાવ પ્રકાશક "નયચક્ર" ગ્રંથમાં નવનયો, તેના ભેદો, તથા આ દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદોને સમજાવનારી ગાથાઓ ૧૮૩ થી ૧૯૮ સુધીની છે. તે ગાથાઓ આ પ્રમાણે છે.

कम्माणं मज्झगदं जीवं, जो गहइ सिद्धसंकासं ।
भण्णइ सो सुद्धणओ, खलु कम्मोवाहिणिरवेक्खो ॥ १९० ॥
उप्पादवयं गउणो, किच्चा जो गहइ केवलं सत्ता ।
भण्णइ सो सुद्धणओ, इह सत्तागाहओ समये ॥ १९१ ॥
गुणगुणियाइचउक्के, अत्थे जो णो करेइ खलु भेयं ।
सुद्धो सो दव्वत्थो, भेयवियप्पेण णिरवेक्खो ॥ १९२ ॥
भावे सरायमादी सव्वे, जीवामिह जो दु जंपेदि ।
सो हु असुद्धो उत्तो, कम्माणउवाहिसावेक्खो ॥ १९३ ॥
उप्पादवयविमिस्सा, सत्ता गहिउण भणइ तिदयत्तं ।
दव्वस्स एयसमए जो सो, हु असुद्धओ विदिओ ॥ १९४ ॥
भेए सादि संबंधं, गुणगुणियाईहिं कुणइ जो दव्वे ।
सो वि असुद्धो दिट्ठो, सहियो सो भेयकप्पेण ॥ १९५ ॥
णिस्सेससहावाणं, अण्णयरूवेण सव्वदव्वेहिं ।
विवहावं णहि जो सो अण्णयदव्वत्थिओ भणिओ ॥ १९६ ॥
सद्दव्वादिचउक्के, संतं दव्वं खु गेण्हए जो हु ।
णियदव्वादिसु गाही, सो इयरो होइ विवरीओ ॥ १९७ ॥

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

गेण्हइ दव्वसहावं, असुद्धसुद्धोवयारपरिचत्तं ।
सो परमभावगाही, णायव्वो सिद्धिकामेण ॥ १९८ ॥

આ પ્રમાણે દ્રવ્યસ્વભાવ પ્રકાશ એવા નયચક્ર ગ્રંથમાં દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ જણાવેલા છે. તેના ઉપર ચર્ચા-વિચારણા આઠમી ઢાળની આઠમી ગાથાથી કરવામાં આવશે. તથા આ પ્રાકૃત ગાથાઓના અર્થો લખવાનું અહીં પ્રયોજનવિશેષ ન હોવાથી અહીં આ ગાથાઓના અર્થો લખતા નથી.

"દસમો **જસ** અનુસારો રે" આ પંક્તિમાં "જશ" શબ્દ લખીને ગ્રંથકર્તાએ કર્તા તરીકે પોતાનું નામ ગર્ભિત રીતે સૂચવ્યું છે.

**પાંચમી ઢાળ સમાપ્ત**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઢાળ - છટ્ઠી

**ષડ ભેદ નય પર્યાય અરથો, પહિલો અનાદિક નિત્ય રે ।**
**પુદ્‌ગલતણા પર્યાય કહિઇં, જિમ મેરુગિરિમુખ નિત્ય રે ॥ ૬-૧ ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી, સાચલૂં મનિ ધારિ રે ।**
**ખોટડું જે કાંઈ જાણઈં, તિહાં ચિત્ત નિવારિ રે. (બહુ). ॥ ૬-૨ ॥**

*ગાથાર્થ–* પર્યાયાર્થિક નયના ૬ ભેદો છે. તેમાં પહેલો ભેદ "અનાદિ-નિત્ય" છે. જેમ મેરૂગિરિ વિગેરે કેટલાક પુદ્ગલાસ્તિકાયના પર્યાયો નિત્ય છે. જૈન શૈલી બહુ પ્રકારે ફેલાયેલી છે. જે સાચું લાગે ત્યાં મન સ્થિર કરવું. અને જે કંઈ ખોટું જણાય ત્યાંથી મનને નિવારવું. ॥ ૬-૧,૨ ॥

**ટબો– પર્યાયાર્થનય છ ભેદ જાણવો. તિહાં પહિલો અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક કહિઇં. જિમ પુદ્‌ગલનો પર્યાય મેરુપ્રમુખ. પ્રવાહથી અનાદિ નઇં નિત્ય છઇં. અસંખ્યાતકાલઇં-અન્યાન્યપુદ્‌ગલસંક્રમઇં, પણિ સંસ્થાન તેહજ છઇં. ઈમ રત્નપ્રભાદિક પૃથ્વીપર્યાય પણિ જાણવા.**

**ઘણઇં પ્રકારઇં જૈનશઇલી ફઇલી છઇં. દિગંબરમત પણિ જૈન દર્શન નામ ધરાવી એહવી નયની અનેક શૈલી પ્રવર્તાવઈ છઇ. તેહમાંહિં વિચારતાં જે સાચું હોઈ, તે મનમાંહિં ધારિઇં. તિહાં-જે કાંઇ ખોટું જાણઇ. તે ચિત્તમાંહિ ન ધરઈ. પણિ શબ્દ ફેર માત્રઇં દ્વેષ ન કરવો. અર્થ જ પ્રમાણ છઇં. ॥ ૬-૧,૨ ॥**

*વિવેચન–* આ સંસારમાં જુદી જુદી અપેક્ષાએ અનેક વિચારધારાઓ પ્રવર્તે છે. કહેવત એવી છે કે **मुण्डे मुण्डे मतिर्भिन्ना** = પુરુષે પુરુષે જુદી જુદી બુદ્ધિ-દૃષ્ટિ વિચારધારા હોય છે. તે સર્વે વિચારધારાઓ મિથ્યા છે એમ પણ ન કહી શકાય અને તે સર્વે વિચારધારાઓ સાચી જ છે. એમ પણ ન કહી શકાય. કારણ કે વસ્તુના યથાર્થસ્વરૂપને સમજાવનારી એવી તે વિચારધારા હોય અથવા આત્મહિત કરનારી હોય તો તે વિચાર ધારા સાચી કહેવાય, અન્યથા મિથ્યા કહેવાય. એવી જ રીતે જિનેશ્વર તીર્થંકર ભગવંતોએ બતાવેલી જૈન શૈલી એટલે કે અનેક પ્રકારની નયોની વિચારણા

જૈન સાઈટ JAINSITE.com

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ચિત્ર-વિચિત્રપણે વિવિધ પ્રકારની છે. નયોની વિચારણા રૂપ આ વિસ્તાર, શક્તિશાળી આત્માઓએ જાણવા જેવો, મનન કરવા જેવો અને સ્વસ્થતાપૂર્વક સ્થિર કરવા જેવો છે. આ વિષયમાં "અમુક પક્ષ આમ કહે છે તેથી તે ખોટું જ છે" આમ ઉતાવળીયો નિર્ણય કરવા જેવો નથી. દિગંબરો કહે છે માટે ખોટું છે આમ શ્વેતાંબરોએ ન માની લેવું જોઈએ. તેવી જે રીતે શ્વેતાંબરો કહે છે. માટે ખોટું છે આમ દિગંબરોએ ન માની લેવું જોઈએ પરંતુ સ્વસ્થતાપૂર્વક અનાગ્રહભાવે ધીરતાથી નયોના સર્વે ભેદ-પ્રભેદો વિચારવા જોઈએ. તેમ કરતાં જે ભાવો સાચા લાગે તે સ્વીકારવા જોઈએ અને જે ખોટા લાગે તે છોડી દેવા જોઈએ. પરંતુ અન્ય વ્યક્તિ કે અન્ય પક્ષ ઉપરના દ્વેષ માત્રથી કે પોતાના પક્ષના આગ્રહ માત્રથી આ બધું ખોટું જ છે એમ માની લેવું જોઈએ નહીં. નયોની વિવિધ વિચારણા વિદ્વત્તાની વિશદતા વધારે છે.

**पर्यायार्थनय छ भेद जाणवो. तिहां पहिलो अनादि नित्य शुद्ध पर्यायार्थिक कहिइं. जिम पुद्‌गलनो पर्याय मेरुप्रमुख. प्रवाहथी अनादि नइं नित्य छइं. असंख्यातकालइं-अन्यान्यपुद्‌गलसंक्रमइं, पणि संस्थान तेहज छइ. इम रत्नप्रभादिक पृथ्वी पर्याय पणि जाणवा. ॥ ६-१ ॥**

JAINSITE

દિગંબરામ્નાયને અનુસારે શ્રીદેવસેનાચાર્યકૃત નયચક્ર નામના ગ્રંથને આધારે પર્યાયાર્થિકનયના છ ભેદો છે. એમ જાણવું. તે છ ભેદનાં નામો આ પ્રમાણે છે.

૧. અનાદિનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય.
૨. સાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય.
૩. અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય.
૪. નિત્ય[1] અશુદ્ધ પર્યાયાર્થિકનય.
૫. કર્મોપાધિરહિત નિત્ય શુદ્ધ પર્યા૦
૬. કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યા૦

આ છ ભેદો પૈકી પ્રથમભેદ "અનાદિ નિત્યશુદ્ધ પર્યાયાર્થિકનય" કહેવો. પર્યાયાર્થિકનયનો મુખ્યવિષય પર્યાયને જાણવા-જણાવવાનો હોય છે. જો તે પર્યાયને મુખ્યપણે જણાવતો હોય તો પોતાના જ ઘરમાં (ક્ષેત્રમર્યાદામાં) હોવાથી તે શુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે. પરંતુ પર્યાયો જુદી જુદી જાતિના અનેક પ્રકારના હોય છે. કેટલાક પર્યાયો સમયમાત્ર રહેનારા કે જે શબ્દો દ્વારા અવાચ્ય છે. બાલ્ય, યુવા-વૃદ્ધાવસ્થા જેવા કેટલાક પર્યાયો વધુકાળ રહેનારા, અને શબ્દો દ્વારા સમજાવી શકાય તેવા, માનવ આદિ કેટલાક પર્યાયો ઘણો લાંબોકાળ રહેનારા છે. અને બીજા કેટલાક

૧. પર્યાયાર્થિક નયના ચોથા અને પાંચમાં ભેદમાં નયચક્ર ગ્રંથમાં "અનિત્ય" શબ્દ છે. ૪ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય, અને ૫ કર્મોપાધિરહિત અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

મેરૂપર્વત આદિ પર્યાયો અનાદિ અનંતકાળ રહેનારા પણ હોય છે. પર્યાયાર્થિકનયને તો "પર્યાયો સ્વીકારવા" એ સ્વક્ષેત્ર છે. એટલે અનાદિકાળથી જે પર્યાયો છે અને અનંતકાળ જે પર્યાયો રહેવાના છે. તેવા પર્યાયોને પ્રધાનપણે દૃષ્ટિમાં લેનારો જે નય તે "અનાદિ નિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય કહેવાય છે. જેમકે મેરૂપર્વત, શાશ્વતી સિદ્ધશીલા, દેવવિમાનો, રત્નપ્રભા આદિ નારકીઓ, શાશ્વતી પ્રતિમાઓ વિગેરે પુદ્‌ગલાસ્તિકાયના જે જે આવા શાશ્વત પર્યાયો છે. તે આ નયનો વિષય છે. આ પર્યાયો, પર્યાય હોવા છતાં પણ અનાદિ નિત્ય (અનંત) છે. જો કે તે પર્યાયોમાં પણ પ્રતિસમયે પુદ્‌ગલ પરમાણુઓની અને સ્કંધોની ફેરબદલી થયા કરે છે. અન્ય અન્ય પુદ્‌ગલોનું સંક્રમણ (ગમનાગમન) ચાલુ જ છે. એટલે કોઈ પણ પર્યાય મૂલદ્રવ્યની જાતિની જેમ નિત્ય તો નથી. છતાં સંસ્થાન (પોતપોતાનો નિયત આકાર) તેવોને તેવો જ રહે છે. તેથી આ નય આવા પર્યાયોને પ્રતિસમયે પરિવર્તનશીલ હોવા છતાં પણ અનાદિ-નિત્યરૂપે સમજે છે અને સમજાવે છે. તે પર્યાયાર્થિક નયનો પ્રથમભેદ થયો. ॥ ૭૪ ॥

**घणइं प्रकारइं जैनशैली फइली छइ, दिगम्बरमत पणि जैनदर्शन नाम धरावी एहवी नयनी अनेक शैली प्रवर्तावइ छइ. तेहमांहि-विचारतां जे साचुं होइ, ते मनमांहि धारिइ, तिहां जे कांइ खोटुं जाणइ, ते चित्तमांहि न धरइ, पणि-शब्दफेरमात्रइ द्वेष न करवो. अर्थ ज प्रमाण छइ ॥ ६-२ ॥**

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

આ ટબાનો અર્થ લગભગ સમજાવાઈ ગયો છે. નયોની વિચારણાને સમજાવનારી જૈન શૈલી જૈન શાસ્ત્રોમાં ઘણા પ્રકારે ફેલાયેલી છે. અતિશય વિસ્તૃત આ ચર્ચા છે. દિગંબર મત પણ જૈનદર્શન જ છે આમ જૈન નામ ધરાવીને આવા પ્રકારની અનેક પ્રકારની નયોની શૈલી ભંગજાળ રીતિએ પ્રવર્તાવે છે. પોતાના શાસ્ત્રોમાં લખે છે. તેમાં વિચાર કરતાં કરતાં જે કંઈ સાચું હોય ત્યાં અવશ્ય ચિત્ત સ્થિર કરવું. તે વિષયને મનમાં ધારી લેવો. દિગંબરપક્ષ છે એમ મનમાં માનીને દ્વેષ ન કરવો. દ્વેષબુદ્ધિથી સાચી વસ્તુનો ત્યાગ ન કરવો. અને તે નયવિચારણામાં જે કંઈ ખોટું દેખાય, તે વિષય ચિત્તમાં ન ધરવો. તેને અસત્ય છે એમ સમજીને ફેંકી દેવો. પરંતુ પરપક્ષનો આ વિચાર છે એમ માનીને દ્વેષબુદ્ધિથી તે વિષય ત્યજવાનો નથી. તથા જે વિચાર યથાર્થ હોય, વસ્તુસ્વરૂપને યથાર્થપણે પ્રતિપાદન કરતો હોય, જેમાં આત્માનું હિત હોય તો ફક્ત નામનો ફરક હોય, કે શબ્દનો ફરક હોય તો તેટલા શબ્દના ફેર માત્રથી દ્વેષ ન કરવો કારણ કે વાસ્તવિકપણે તો અર્થ જ પ્રમાણ છે. ગંગાનદી કહો કે સુરનદી કહો. પરંતુ અર્થ તો સમાન જ છે. માટે શબ્દમાત્રના તફાવતમાં વિવાદ ન કરવો. ॥ ૭૫ ॥

**સાદિ નિત્ય પર્યાય અરથો, જિમ સિદ્ધનો પજ્જાઉ રે ।**
**ગહઇં શુદ્ધ અનિત્ય સત્તા, ગૌણ વ્યય ઉપ્પાઉ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શૈલી ॥ ૬-૩ ॥**

*ગાથાર્થ—* "સાદિ નિત્ય" નામનો પર્યાયાર્થિકનયનો બીજો ભેદ જાણવો. જેમ "સિદ્ધ પણાનો પર્યાય", તથા સત્તાની ગૌણતા અને વ્યય-ઉત્પાદની પ્રધાનતાવાળો જે નય, તે અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય જાણવો. ॥ ૬-૩ ॥

**ટબો— *સાદિ: નિત્ય* શુદ્ધ પર્યાયાર્થનય બીજો ભેદ. ૨. જિમ સિદ્ધનો પર્યાય, તેહની આદિ છઈ, કર્મક્ષય સર્વ થયો, તિવારઈં-સિદ્ધ પર્યાય ઉપનો, તે વતી, પણિ-તેહનો અંત નથી. જે માટિં-સિદ્ધભાવ સદાકાલ છઈ. એ રાજપર્યાય સરખો સિદ્ધ દ્રવ્યપર્યાય ભાવવો. સત્તા ગૌણત્વઇં ઉત્પાદ-વ્યયગ્રાહક અનિત્ય શુદ્ધપર્યાયાર્થિક કહિઇં ॥ ૬-૩ ॥**

*વિવેચન—* પર્યાયાર્થિકનયનો પ્રથમભેદ સમજાવીને હવે બીજો ભેદ કહે છે "જે પર્યાયની આદિ (પ્રારંભ) છે. પરંતુ અંત નથી તે "સાદિ-નિત્ય" પર્યાય કહેવાય છે. તેને પ્રધાનપણે સમજાવનારો જે નય તે "સાદિનિત્ય પર્યાયાર્થિકનય કહેવાય છે.

**सादि नित्य शुद्ध पर्यायार्थनय बीजो भेद २, जिम सिद्धनो पर्याय, तेहनी आदि छइ, कर्मक्षय सर्व थयो, तिवारइ सिद्धपर्याय उपनो, ते वती. पणि-तेहनो अंत नथी. जे माटिं सिद्धभाव सदाकाल छइ. ए राजपर्याय सरखो सिद्ध द्रव्यपर्याय भाववो. सत्ता गौणत्वइं-उत्पादव्ययग्राहक अनित्य शुद्धपर्यायार्थिक कहिइं ॥ ६-३ ॥**

"સાદિ-નિત્ય" નામનો શુદ્ધપર્યાયાર્થિકનય, આ બીજો ભેદ છે. જેમ કે સિદ્ધ પરમાત્માનો "સિદ્ધત્વપર્યાય" તે સિદ્ધત્વપર્યાયની આદિ (પ્રારંભ) છે. કારણ કે જ્યારે સર્વ કર્મોનો ક્ષય થયો, તે વારે (તે કાળે = ત્યારે) સિદ્ધત્વપર્યાય ઉત્પન્ન થયો (પ્રગટ થયો). **ते वती** = તે કારણથી, આ પર્યાય સાદિ થયો. **पणि** = પરંતુ તે સિદ્ધત્વપર્યાયનો ક્યારેય પણ અંત આવવાનો નથી. **जे माटिं** = કારણ કે, આ સિદ્ધદશા સદાકાળ રહેવાની છે. ફરીથી કર્મબંધ થાય અને સંસારાવસ્થા આવે એવા મિથ્યાત્વાદિ હેતુઓ ત્યાં કદાપિ સંભવતા નથી. માટે નિત્ય છે.

*પ્રશ્ન—* જે જે પર્યાય હોય છે. તે તે પરિવર્તનશીલ હોવાથી અનિત્ય હોય છે. તેથી આ સિદ્ધત્વપર્યાય પણ પર્યાય હોવાથી અનિત્ય હોવો જોઈએ. નિત્ય કેમ કહો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે? વળી સિદ્ધત્વાવસ્થામાં પણ પ્રતિસમયે ઉપયોગાદિ ગુણોને આશ્રયી ઉત્પાદવ્યય છે. તો તે સિદ્ધત્વ પર્યાય પણ અનિત્ય જ થયો ? નિત્ય કેમ સમજાવો છો ?

*ઉત્તર*– આ "સિદ્ધત્વપર્યાય" જે છે, તે "રાજપર્યાયસદૃશ" દ્રવ્યપર્યાય છે. એમ જાણવું. અર્થાત્ જેમ કોઈ વ્યક્તિ ૧૦૦ વર્ષની ઉંમરવાળો છે અને ૪૦ વર્ષની ઉંમરે રાજા બન્યો. અને શેષ ૬૦ વર્ષ સુધી રાજ્ય કર્યું. ત્યાં પાછલા ૬૦ વર્ષના રાજ્યપર્યાયમાં અનેક પ્રકારની રાજ્યની હાનિ-વૃદ્ધિ થવારૂપ પરિવર્તન હોવાથી અનિત્યતા હોવા છતાં પણ તે જીવ્યો ત્યાં સુધી સદાકાળ "રાજા" રહ્યો એમ જેમ કહેવાય છે. તેમ આ પ્રાપ્ત થયેલી સિદ્ધત્વાવસ્થા સદા કાળ રહેવાની છે. માટે ઉપયોગાશ્રયી પરિવર્તનવાળી હોવા છતાં પણ "સદાકાળ" રહેવાની છે. એ ધર્મને આશ્રયી *"રાજપર્યાયસદૃશ"* આ સિદ્ધત્વપર્યાય છે. એમ જાણો તથા આત્મા નામના દ્રવ્યનો આ સિદ્ધત્વ પર્યાય રાજાપણાના પર્યાયની જેમ ઉત્પન્ન થવા વાળો છે. અને સદા રહેવાવાળો છે. જેમ મેરૂપર્વતમાં પણ પુદ્ગલોનું પૂરણ-ગલન થવારૂપ પરિવર્તન હોવા છતાં પણ "સંસ્થાન માત્રથી" તે સદા રહેવા વાળો છે માટે તે મેરૂપર્વતપણાનો જે પર્યાય છે. તે પુદ્ગલ દ્રવ્યનો નિત્ય પર્યાય છે. તેવી રીતે આ સિદ્ધત્વપર્યાય પણ જીવદ્રવ્યના રાજ્યપર્યાયતુલ્ય દ્રવ્યપર્યાય છે. આ બીજો ભેદ થયો.

હવે ત્રીજો ભેદ સમજાવે છે. જ્યાં સત્તાને (ધ્રુવત્વને) ગૌણ કરવામાં આવે અને ઉત્પાદ-વ્યય માત્રને પ્રધાન કરવામાં આવે તે અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિકનય નામનો ત્રીજો ભેદ જાણવો. તેનું ઉદાહરણ હવે પછીની ગાથામાં જણાવે છે. ॥ ૭૬ ॥

**જિમ સમયમઈં પર્યાય નાશી, છતિં ગહત નિત્ય અશુદ્ધ રે ।**
**એક સમઈં યથા પર્યય, ત્રિતયરૂપઈં રુદ્ધ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૪ ॥**

*ગાથાર્થ*– જેમ કે સર્વે પણ પર્યાય સમયે સમયે વિનાશી છે. તથા સત્તાને પણ પ્રધાનપણે ગ્રહણ કરનારો જે નય તે નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય જાણવો. જેમ કે સર્વે પર્યાય એક સમયમાં ઉત્પાદાદિ ત્રણે ધર્મોથી યુક્ત છે. ॥ ૬-૪ ॥

**ટબો– જિમ એક સમય મધ્યે પર્યાય વિનાશી છઈ. ઈમ કહિઈં. ઈહાં નાશ કહતાં ઉત્પાદઈં આવ્યો, પણિ-ધ્રુવતા તે ગૌણ કરી, દેખાડઈં નહીં.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**છતિં કહતાં-સત્તા, તે ગ્રહતો નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક કહિઇં. જિમ એક સમય મધ્યે પર્યાય ત્રિતયરૂપઇં-ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લક્ષણઇં રૂદ્ધ છઇં. એહવું બોલિઇં. પર્યાયનું શુદ્ધ રૂપ, તે જે સત્તા ન દેખાવવી, ઇંહા-સત્તા દેખાવી, તે માટિં અશુદ્ધ ભેદ થયો. ॥ ૬-૪ ॥**

*વિવેચન–* ઉપરની ગાથામાં ત્રીજા ભેદની વ્યાખ્યા કરીને આ ગાથામાં હવે તેનું ઉદાહરણ જણાવે છે–

**जिम एकसमयमध्ये पर्याय विनाशी छइ, इम कहिंइं. इहां नाश कहतां-उत्पादइं आव्यो. पणि-ध्रुवता ते गौण करी, देखाडइं नहीं.**

જ્યાં ઉત્પાદ-વ્યયની પ્રધાનતા છે અને સત્તાની ગૌણતા છે, તે આ ત્રીજો ભેદ છે. જેમ કે કોઈ પણ પર્યાય એક સમયની અંદર વિનાશ પામનાર છે. પ્રતિસમયે બદલાતા પર્યાયોને જો જોશો તો પ્રતિસમયે તે પર્યાયો વિનાશી જ દેખાય છે. આમ કહેવું તે આ ત્રીજાભેદનું ઉદાહરણ છે. અહીં મૂલગાથામાં "નાશ" શબ્દનો ઉલ્લેખ કરેલ છે. પરંતુ નાશ એ ઉત્પાદની સાથે અવિનાભાવી છે. એટલે નાશ કહેતાં ઉત્પાદ પણ આવી ગયો. આમ નાશ અને ઉત્પાદની પ્રધાનતાએ વિવક્ષા કરી છે. પરંતુ જે ધ્રુવતા છે. તેને ગૌણ કરી છે. ધ્રુવતા ગૌણ કરી હોવાથી દેખાડી નથી. આટલું જ માત્ર કહ્યું છે કે પર્યાયો વિનાશી છે. વિનાશી હોવાથી ઉત્પાદવાળા તો છે જ. આમ બે ધર્મોનું જ પ્રધાનપણે પ્રતિપાદન થયું. તેથી પર્યાયોના ઉત્પાદ-નાશને જણાવનાર હોવાથી અનિત્ય અને પોતાના ઘરમાં હોવાથી શુદ્ધ એમ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય થયો.

**छतिं कहतां सत्ता, ते ग्रहतो नित्य अशुद्ध पर्यायार्थिक कहिइं. जिम एक समयमध्ये पर्याय त्रितयरूपइं-उत्पाद-व्यय-ध्रौव्य लक्षणइं रूद्ध छइ. एहवुं बोलिइं. पर्यायनुं शुद्धरूप, ते जे सत्ता न देखाववी. इहां सत्ता देखावी. ते माटिं-अशुद्धभेद थयो. ॥ ६-४ ॥**

હવે પર્યાયાર્થિક નયનો ચોથો ભેદ જણાવે છે– छति એટલે કે सत्ता. छति શબ્દ કહેતાં સત્તા અર્થ જાણવો. તે સત્તાને પણ પ્રધાનપણે ગ્રહણ કરતો આ નય નિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય કહેવાય છે. આ પર્યાયાર્થિકનય છે. એટલે ઉત્પાદ-વ્યય તો માને જ છે. એ તો એનું પોતાનું ઘર છે. પરંતુ ક્યારેક તેને ધ્રૌવ્ય પણ માનવું પડે છે. કારણ કે જ્યારે આ પર્યાયાર્થિકનયને પુછવામાં આવે કે તારા માનેલા પર્યાયો શું सत् છે ? કે असत् છે ? ત્યારે ઉત્તરમાં તેને सत् છે એમ જ કહેવું પડે છે. કારણ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કે પર્યાયો છે એમ માનવું અને તે असत् છે એમ માનવું. આ વાત બની શકે નહીં. એટલે પર્યાયો છે એવી માન્યતા હોવાથી सत् કહેવા જ પડે. અને સાચી યથાર્થ વાત પણ તે જ છે કે જે પર્યાયોને सत् માનવા. હવે જો પર્યાયો सत् હોય તો તેમાં सत् નું જે લક્ષણ છે. તે ઘટવું જોઈએ. "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" આ સત્ નું લક્ષણ છે. કેવળ એકલા ઉત્પાદ—વ્યય હોય અને ધ્રોવ્ય ન હોય તો ત્યાં सत् નું લક્ષણ ઘટતું નથી. પરંતુ ધ્રૌવ્ય પણ સાથે હોય તો જ ત્યાં તે सत् કહેવાય છે. આવી વાતથી પર્યાયાર્થિક નય મુંઝાય છે. અને કેવળ એકલા ઉત્પાદ-વ્યયને જ માનવાનો તેનો આગ્રહ ઢીલો પડી જાય છે. અને પર્યાયો ધ્રૌવ્ય પણ છે. આમ તેને માનવું પડે છે. આ રીતે પર્યાયાર્થિકનય હોવા છતાં ધ્રૌવ્યતાનો પણ જે સ્વીકાર કરવો પડ્યો. તે તેની (સ્વક્ષેત્ર બહાર ગયો હોવાથી) અશુદ્ધતા છે. અને ધ્રૌવ્યને સ્વીકાર્યું હોવાથી નિત્ય કહેવાય છે. તેથી આ નયનું આખું નામ *"નિત્ય અશુદ્ધ દ્રવ્યાર્થિકનય"* કહેવાય છે.[1] આ નયે પ્રધાનપણે ઉત્પાદ-વ્યય સ્વીકાર્યા હોવાથી દિગંબરામ્નાયમાં આ નયનું નામ અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય છે.

જેમ કે કોઈ પણ એક સમયમાં વર્તતો પર્યાય, પૂર્વપર્યાયની અપેક્ષાએ ઉત્પાદવાળો છે. ઉત્તરપર્યાયની અપેક્ષાએ વ્યયવાળો છે. અને વર્તમાનકાળના વિવક્ષિત સમયની અપેક્ષાએ ધ્રૌવ્યતાવાળો છે. આમ, त्रितयरूपइ = ત્રણે રૂપોથી-ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય લક્ષણોથી રૂંધાયેલ (યુક્ત) છે. આવા પ્રકારનું જે બોલવું-માનવું અને સ્વીકારવું તે આ નયનો વિષય છે. પર્યાયનું (પર્યાયાર્થિકનયનું) શુદ્ધ સ્વરૂપ તે છે કે જે સત્તાને ન દેખાડવી (ન માનવી), પરંતુ અહીં સત્તાને દેખાડી (માની) તે માટે પર્યાયાર્થિક નયનો આ ભેદ અશુદ્ધ થયો. ॥ ૭૭ ॥

**પર્યાય અરથો નિત્ય શુદ્ધો, રહિત કર્મોપાધિ રે ।**
**જિમ-સિદ્ધના પર્યાય સરિખા, ભવજંતુના નિરુપાધિ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૫ ॥**

*ગાથાર્થ—* કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક પાંચમો ભેદ જાણવો. જેમ કે સંસારી જીવોના પણ નિરૂપાધિકપણે સિદ્ધના જેવા જ પર્યાયો છે. ॥ ૬-૫ ॥

૧. દિગંબરામ્નાયમાં આ ભેદનું અનિત્ય અશુદ્ધ દ્રવ્યાર્થિકનય એવું નામ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો– કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક પાંચમો ભેદ, જિમ-ભવજંતુના સંસારીજીવના પર્યાય. સિદ્ધજીવના સરખા કહિઇં. કર્મોપાધિભાવ છતા છઇં, તેહની વિવક્ષા ન કરી, જ્ઞાન દર્શન ચારિત્ર શુદ્ધપર્યાયની જ વિવક્ષા કરી. ॥ ૬-૫ ॥**

વિવેચન– પર્યાયાર્થિકનયનો હવે પાંચમો ભેદ સમજાવે છે.

**कर्मोपाधिरहित नित्य शुद्ध पर्यायार्थिक पांचमो भेद, जिम भवजंतुना-संसारी जीवना पर्याय सिद्धजीवना सरखा कहिइं. कर्मोपाधिभाव छता छइ, तेहनी विवक्षा न करी, ज्ञान, दर्शन, चारित्र शुद्धपर्यायनी ज विवक्षा करी. ॥ ६-५ ॥**

દ્રવ્યોમાં બે જાતના પર્યાય હોય છે. એક સ્વતંત્રભાવે પોતાના દ્રવ્યમાત્રના સહજ પર્યાયો, અને બીજા અન્યદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થયેલા પર્યાયો. જેમ કે જીવના ક્ષાયિકભાવના કેવલજ્ઞાનાદિ પર્યાયો તે સ્વાભાવિક હોવાથી શુદ્ધ પર્યાયો કહેવાય છે. અને જે ઔપશમિક, ક્ષયોપશમિક અને ઔદયિકભાવે પર્યાયો થાય છે તે કર્મ સાપેક્ષ હોવાથી અશુદ્ધ પર્યાયો કહેવાય છે. એવી જ રીતે પુદ્ગલાસ્તિકાયમાં સ્વતઃ જે રૂપ-રસ-ગંધ અને સ્પર્શ છે. એ સર્વે શુદ્ધ પર્યાયો છે. અને જીવના સહયોગથી શરીરાદિમાં જે રૂપાદિ-સંસ્થાનાદિ પર્યાયો થાય છે તે કર્મોપાધિ સાપેક્ષ હોવાથી અશુદ્ધ પર્યાયો કહેવાય છે.

જૈનમ્ સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

પર્યાયાર્થિક નય હંમેશા મુખ્યતાએ પર્યાયોને પ્રધાન કરે છે. તેમાં જ્યારે અન્ય (કર્મરૂપ પુદ્ગલ) દ્રવ્યના નિરપેક્ષપણે જીવના પોતાના ક્ષાયિક ભાવના જે સ્વાભાવિક ગુણધર્મો છે. તેને જ વધારે પ્રધાન કરનારો આ "કર્મોપાધિ રહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક" નય નામનો પાંચમો ભેદ જાણવો. જેમ કે ભવજંતુના એટલે કે સંસારી જીવોના પણ સત્તાગત જ્ઞાનાદિ પર્યાયો સિદ્ધ પરમાત્માના તુલ્ય જ છે. જેવા સિદ્ધપરમાત્મામાં કેવળજ્ઞાનાદિ અનંત ગુણધર્મો છે. તેવા જ અનંતગુણધર્મો નિગોદાદિ સર્વ સંસારી જીવરાશિમાં પણ સત્તાગત રીતિએ છે જ.

અહીં સંસારી જીવોમાં *"કર્મોપાધિ"* વિદ્યમાન છે. છતાં તેની વિવક્ષા કરવામાં આવી નથી. કર્મોપાધિ રહિત સત્તાગતભાવે રહેલા જ્ઞાન, દર્શન, ચારિત્ર વિગેરે શુદ્ધપર્યાયોની જ માત્ર વિવક્ષા કરવામાં આવી છે. સત્તાગતભાવે રહેલા આ શુદ્ધપર્યાયો *કર્મોપાધિ રહિત* છે. અને સ્વતઃ હોવાથી તથા પરિપૂર્ણ હોવાથી શુદ્ધ છે અને અપ્રગટભાવે કે પ્રગટભાવે અનાદિકાળથી અનંતકાળ સુધી જીવમાં રહેવાવાળા છે. માટે નિત્ય છે. આ રીતે કર્મોપાધિરહિત નિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નામનો આ પાંચમો ભેદ સમજાવ્યો.[1] સંસારી

---

૧. દિગંબરામ્નાયમાં આ ભેદનું અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક નય એવું નામ છે.

www.jainsite.com ·For Private & Personal Use Only info@jainsite.com

જીવોમાં સત્તાગત રહેલા શુદ્ધ કેવલજ્ઞાનાદિ પર્યાયો કાળ પાકે છતે આવિર્ભાવ પામાનાર હોવાથી સાદિ થવાના કારણે દિગંબર આમ્નાયમાં આ નયને "અનિત્ય શુદ્ધ પર્યાયાર્થિક" નય કહેલ છે. ॥ ૭૮ ॥

**પર્યાય અર્થો અનિત્ય અશુદ્ધો, સાપેક્ષ કર્મોપાધિ રે ।**
**સંસારવાસી જીવનઈં જિમ, જનમ-મરણહ વ્યાધિ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૬ ॥**

*ગાથાર્થ*— કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિકનય નામનો આ છઠ્ઠો ભેદ જાણવો. જેમ કે સંસારી જીવોને જન્મ-મરણાદિ કર્મોદયજન્ય જે જે વ્યાધિઓ છે તે. ॥ ૬-૬ ॥

**ટબો— કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક એ છઠ્ઠો ભેદ. જિમ "સંસારવાસી જીવનઇં જનમ મરણ વ્યાધિ છઈ." ઇમ કહિઈં ઈહાં જન્માદિક પર્યાય જીવના કર્મ સંયોગજનિત અશુદ્ધ છઈ. તે કહિયા. તે જન્માદિક પર્યાય છઈ. તો તેહના નાશનઇં અર્થઈ મોક્ષાર્થઈ જીવ પ્રવર્તઈ છઈ. ॥ ૬-૬ ॥**

JAINSITE .com

*વિવેચન*— પર્યાયાર્થિક નયનો "કર્મોપાધિ સાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક" નામનો છઠ્ઠો ભેદ હવે સમજાવે છે.

**कर्मोपाधिसापेक्ष अनित्य अशुद्ध पर्यायार्थिकः ए छठ्ठो भेद. जिम-संसारवासी जीवनइं जनम मरण व्याधि छइ. इम कहिइं इहां-जन्मादिक पर्याय जीवना कर्मसंयोगजनित अशुद्ध छइ, ते कहिया, ते जन्मादिक पर्याय छइ, तो तेहना नाशनइं अर्थइ मोक्षार्थइ जीव प्रवर्तइ छइ. ॥ ६-६ ॥**

"કર્મોના ઉદય દ્વારા" રાજા-રંક-દુ:ખ-સુખ-જન્મ મરણ આદિ જીવના જે પર્યાયો થાય છે. તેને સમજાવનારો પર્યાયાર્થિકનયનો આ છઠ્ઠો ભેદ છે. તેનું નામ *"કર્મોપાધિસાપેક્ષ અનિત્ય અશુદ્ધ પર્યાયાર્થિક નય છે"* અહીં જન્મ-મરણ વિગેરે સંસારી જીવોના કર્મોદયના સંયોગથી જન્ય જે જે પર્યાયો થાય છે તે શુદ્ધ જીવના સ્વાભાવિક પર્યાયો ન હોવાથી અશુદ્ધ કહેવાય છે. તે આ નયમાં કહેલા છે. વળી આ પર્યાયો કર્મોદયજનિત હોવાથી જ્યાં સુધી કર્મોદય હોય ત્યાં સુધી જ રહેવાવાળા છે. સદાકાળ રહેવાવાળા નથી. માટે અનિત્ય કહ્યા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા વળી આ જન્મ-મરણ-સુખ-દુઃખ-રાજા-રંક આદિ પર્યાયો ભલે કર્મોદયથી થયા. પરંતુ થયા તો છે જીવને, જીવ જ તેનાથી સુખી દુઃખી થાય છે. જીવ જ જન્મ-મરણ પામે છે. તેથી તે પર્યાયોના નાશને અર્થે મોક્ષાર્થી જીવો પ્રવર્તન કરે છે. જો આ પર્યાયો જીવના ન હોત અને મુક્તાત્માના જેવો આ જીવ શુદ્ધ બુદ્ધ જ જો હોત તો તો મોક્ષ માટે પ્રયત્ન કરવો પડત નહીં. પરંતુ આમ બનતું નથી. માટે આ પર્યાયો પણ ઔદયિકભાવે જીવના જ છે. આમ પર્યાયાર્થિકનયના છ ભેદ સમજાવ્યા. ॥ ૭૯ ॥

"નયચક્ર" ગ્રંથમાં પર્યાયાર્થિકનયના છ ભેદને સમજાવનારી ગાથાઓ ૧૯૯ થી ૨૦૪ છે. તે આ પ્રમાણે છે–

अक्किट्टिमा अणिहणा, ससिसूराईण पज्जया गाही ।
जो सो अणाइणिच्चो, जिणभणिओ पज्जयत्थि णओ ॥ १९९ ॥
कम्मखयादुप्पण्णो, अविणासी जो हु कारणाभावे ।
इदमेवमुच्चरंतो भण्णइ सो सइणिच्च णओ ॥ २०० ॥
सत्ता अमुक्खरूवे, उप्पायवयं हि गिण्हए जो हु ।
सो हु सहावाणिच्चो, गाही खलु सुद्धपज्जाओ ॥ २०१ ॥
जो गहइ एयसमये, उप्पादव्वयधुवत्तसंजुत्तं ।
सो सब्भावाणिच्चो, असुद्ध पज्जयत्थिओ णेओ ॥ २०२ ॥
देहीणं पज्जाया सुद्धा, सिद्धाण भणइ सारिच्छा ।
जो सो अणिच्चसुद्धो, पज्जयगाही हवे स णओ ॥ २०३ ॥
भण्णइ अणिच्चासुद्धा, चउगइजीवाण पज्जया जो हु ।
होइ विभावअणिच्चो असुद्धओ पज्जयत्थि णओ ॥ २०४ ॥

આ ગાથાઓમાં પર્યાયાર્થિક નયના છ ભેદ જણાવેલા છે.

તથા દિગંબરામ્નાયમાં "દેવસેન આચાર્યકૃત આલાપ પદ્ધતિમાં" પણ દ્રવ્યાર્થિકનયના ૧૦ અને પર્યાયાર્થિકનયના છ ભેદ જણાવેલા છે. તે પાઠ આ પ્રમાણે છે–

नय भेदा उच्यन्ते—

णिच्छयववहारणया, मुलिमभेया णयाण सव्वाणं ।
णिच्छयसाहणहेऊ, दव्वयपज्जत्थिया मुणह ॥३॥

द्रव्यार्थिकः, पर्यायार्थिकः, नैगमः, संग्रहः, व्यवहारः ऋजुसूत्रः, शब्दः, समभिरूढः एवम्भूत इति नव नयाः स्मृताः ।उपनयाश्च कथ्यन्ते ।नयानां समीपा उपनयाः ।सद्भूतव्यवहारः,

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

असद्भूतव्यवहारः, उपचरितासद्भूतव्यवहारश्चेत्युपनयास्त्रेधा।

इदानीमेतेषां भेदा उच्यन्ते । द्रव्यार्थिकस्य दश भेदाः कर्मोपाधिनिरपेक्षः शुद्धद्रव्यार्थिको यथा, संसारी जीवः सिद्धसदृक् शुद्धात्मा । उत्पादव्ययगौणत्वेन सत्ताग्राहकः शुद्धः द्रव्यार्थिको यथा, द्रव्यं नित्यम् । भेदकल्पनानिरपेक्षः शुद्ध द्रव्यार्थिको यथा, निजगुणपर्याय स्वभावाद् द्रव्यमनित्यम् । कर्मोपाधिसापेक्षोऽशुद्धद्रव्यार्थिको यथा, क्रोधादिकर्मजभाव आत्मा । उत्पादव्यय सापेक्षोऽशुद्ध द्रव्यार्थिको यथैकस्मिन् समये द्रव्यमुत्पादव्ययध्रौव्यात्मकम् । भेदकल्पनासापेक्षोऽशुद्धद्रव्यार्थिको यथा, आत्मनो ज्ञान दर्शनादयो गुणाः । अन्वयद्रव्यार्थिको यथा, गुणपर्यायस्वभावं द्रव्यम् । स्वद्रव्यादिग्राहक-द्रव्यार्थिको यथा, स्वद्रव्यादिचतुष्टयापेक्षया द्रव्यमस्ति । परद्रव्यादिग्राहकद्रव्यार्थिको यथा, परद्रव्यादिचतुष्टयापेक्षया द्रव्यं नास्ति । परमभावग्राहक द्रव्यार्थिको यथा, ज्ञानस्वरूप आत्मा । अत्रानेकस्वभावानां मध्ये ज्ञानाख्यः परमस्वभावो गृहीतः ।

॥ इति द्रव्यार्थिकस्य दश भेदाः ॥

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

अथ पर्यायार्थिकस्य षड्भेदा उच्यन्ते—

अनादिनित्यपर्यायार्थिको यथा, पुद्गलपर्यायो नित्यो मेर्वादिः । सादिनित्यपर्यायार्थिको यथा, सिद्धपर्यायो नित्यः । सत्तागौणत्वेनोत्पादव्ययग्राहिक-स्वभावोऽनित्य शुद्ध पर्यायार्थिको यथा, समयं समयं प्रति पर्याया विनशिनः । सत्तासापेक्षस्वभावोऽनित्याशुद्धपर्यायार्थिको यथा, एकस्मिन् समये त्रयात्मकः पर्यायः । कर्मोपाधिनिरपेक्षस्वभावोऽनित्यशुद्धपर्यायार्थिको यथा, सिद्धपर्यायसदृशाः शुद्धाः संसारिणां पर्यायाः । कर्मोपाधिसापेक्षस्वभावोऽनित्याशुद्ध-पर्यायार्थिको यथा- संसारिणामुत्पत्तिमरणे स्तः ।

॥ इति पर्यायार्थिकस्य षड्भेदाः ॥ ॥ ७९ ॥

બહુમાનગ્રાહી કહિઓ નૈગમ, ભેદ તસ છઈ તીન રે ।
વર્તમાનારોપ કરવા, ભૂત અર્થઈ લીન રે ॥
બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૭ ॥

*ગાથાર્થ–* બહુ પ્રકારે પદાર્થને જણાવનારો નૈગમનય છે. તેના ત્રણ ભેદો છે. ભૂતકાળના બની ચુકેલા પદાર્થમાં વર્તમાનકાળનો આરોપ કરવો તે પ્રથમભેદ છે. ॥ ૬-૭ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો– બહુમાન કહતાં ઘણાં પ્રમાણ "સામાન્ય વિશેષ જ્ઞાન રૂપ" તેહનો ગ્રાહી નૈગમનય કહિઇં, "नैकैर्मानैर्मिनोति" इति नैकगमः, ककारलोपात् नैगमः इति व्युत्पत्तिः। નૈગમનયના ૩ ભેદ છઈ. પ્રથમ નૈગમ ભૂતાર્થઈ વર્તમાનનો આરોપ કરવાનઈં લીન કહતાં તત્પર છઈ. ॥ ૬-૭ ॥**

*વિવેચન*– દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ, અને પર્યાયાર્થિકનયના ૬ ભેદ દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીકૃત નકચક્ર ગ્રંથના આધારે સમજાવ્યા. હવે તેઓના જ ગ્રંથના આધારે નૈગમાદિ સાત નયોના અર્થો તથા ભેદો જણાવે છે. નૈગમનયના ૩ ભેદ, સંગ્રહ-વ્યવહાર-ૠજુસૂત્રનયના ૨,૨,૨ અને શબ્દ-સમભિરૂઢ-એવંભૂત નયના ૧,૧,૧ કુલ આ સાતનયના ભેદો ૧૨ થાય છે. અને પૂર્વના બે નયના ૧૦ + ૬ ઉમેરતાં કુલ ૨૮ ભેદો નવનયના તેઓના મતે થાય છે.

**बहुमानग्राही कहतां घणां प्रमाण "सामान्य विशेष ज्ञान रूप," तेहनो ग्राही नैगमनय कहिइं. "नैकैर्मानैर्मिनोति" इति नैकगमः ककारलोपात् नैगमः, इति व्युत्पत्तिः, नैगमनयना ३ भेद छइ. प्रथम नैगम भूतार्थइ वर्तमाननो आरोप करवानइं लीन कहतां तत्पर छइ. ॥ ६-७ ॥**

નૈગમનય ઘણી વિશાળ દૃષ્ટિ ધરાવે છે. ક્યારેક સામાન્યને, ક્યારેક વિશેષને, અને ક્યારેક સામાન્ય-વિશેષ ઉભયને પણ ક્રમશઃ પ્રધાન કરીને સ્વીકારે છે. જ્યાં જે રીતે વસ્તુસ્થિતિ સંભવે, શ્રોતાઓને જે રીતે અર્થ બોધ થાય, વ્યવહારમાં જે રીતે વાત બંધબેસતી આવે, તે રીતે આ નય વસ્તુસ્વરૂપ રજુ કરે છે. આ કારણથી આ નયને વસ્તુ સ્વરૂપ સમજાવવામાં કોઇ એક નીતિરીતિ નથી. એટલે જ તે નૈગમ શબ્દની વ્યુત્પત્તિ આ રીતે થાય છે કે "न एकैः मानैः मिनोति" એક માપથી જે ન માપે, પરંતુ જે ઘણા માપથી વસ્તુને માપે તેને નૈગમનય કહેવાય છે. આવી નૈગમ શબ્દની વ્યુત્પત્તિ થઈ છે. તેમાં एक શબ્દના કકારનો લોપ થયો છે. मिनोति નો અર્થ गमयति કરીને गम ધાતુ નવા જેવો અર્થ સમજવો તેથી न + एक + गम = નૈકગમ શબ્દ થયો તેમાં ક નો લોપ થવાથી નૈગમ શબ્દ બન્યો છે.

અથવા निगम શબ્દ પણ છે. ભિન્ન ભિન્ન દેશોમાં પ્રવર્તતો યથાયોગ્ય વ્યવહાર એવો તેનો અર્થ થાય છે. निगमेषु भवः इति नैगमः આમ પણ વ્યુત્પત્તિ થઈ શકે છે.

આ નૈગમનય સામાન્યને, વિશેષને અને ક્યારેક ઉભયને પણ માન્ય રાખે છે. તેનાં ઉદાહરણો આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

[૧.] જેમ કે આ ગ્રંથકર્તા પૂજ્ય યશોવિજયજી મ. શ્રી મહેસાણા પાસેના કનોડા ગામમાં જન્મેલા છે. તે વાત સૌ કોઈ જાણે છે. છતાં અમેરિકા, યુરોપ, કે જર્મન જેવા વિદેશોમાં "આ યશોવિજય ઉપાધ્યાયજી મ. ક્યાં જન્મ્યા ? આમ કોઈ પુછે તો કનોડામાં જન્મ્યા એમ વિશેષ એવું ગામનું નામ ન લેવાય, પણ ભારતમાં (હિન્દુસ્તાનમાં-ઈન્ડીયામાં) જન્મ્યા એમ જ કહેવું પડે. એટલે સામાન્યને જણાવનાર થયો. અને મદ્રાસ-બેંગ્લોરમાં કોઈ પુછે કે આ મહારાજશ્રી ક્યાં જન્મ્યા ? તો ગુજરાતમાં જન્મ્યા, અથવા મહેસાણા જિલ્લામાં જન્મ્યા, આમ જ કહેવું પડે, અને મહેસાણામાં કોઈ પુછે તો કનોડા ગામમાં જન્મ્યા આમ કહેવું પડે. અને કનોડામાં કોઈ પુછે તો શેરી, ઘર, વિગેરે વિશેષ જણાવવું પડે. આ રીતે નૈગમનય યથાસ્થાને સામાન્ય અને વિશેષનો ઉપયોગ કરે છે. આ વસતિનું ઉદાહરણ જાણવું. આ રીતે પ્રસ્થક અને પ્રદેશનાં ઉદાહરણો પણ અનુયોગદ્વાર સૂત્ર આદિમાંથી જાણી લેવાં અને તે પણ ક્રમશઃ ઉભયની પ્રધાનતા કરનારૂં છે. આમ જાણવું.

[૨.] કોઈ ગામના પ્રતિષ્ઠિત આગેવાન પાંચ માણસો મહારાજશ્રીને વંદનાદિ અર્થે આવ્યા હોય ત્યારે એમ કહેવાય છે કે આજે "આ ગામ આવ્યું છે" અથવા "આ ગામનું મહાજન આવ્યું છે" આ સામાન્યગ્રાહી નૈગમ છે.

[૩.] અમદાવાદ અથવા સુરતથી પાલિતાણા તરફ જતો "છ"રી પાલતો નીકળેલો સંઘ, કોઈ પુછે કે ક્યાં જાય છે તો "પાલિતાણા" જાય છે. આમ જ કહેવું પડે. જો કે વચ્ચે વચ્ચેનાં સેંકડો ગામોમાં પણ જવાનો જ છે. તથાપિ વિશેષનો સ્વીકાર કરીને જ ઉત્તર આપે છે. આ વિશેષગ્રાહી નૈગમનય જાણવો. આ રીતે જ્યાં જ્યાં આરોપ અર્થાત્ ઉપચાર કરવામાં આવે છે. ત્યાં ત્યાં નૈગમનય જાણવો. જેમ કે સમયસર વરસતા વરસાદને "સોનુ વરસે છે" આમ જે કહેવાય છે. નદીનો કાંઠો આવે છતે નદી આવી આમ જે કહેવાય છે. તથા "આ રસ્તો ક્યાં જાય છે ?" "આ રસ્તો મુંબઈ જાય છે" ઈત્યાદિ બોલાતાં વાક્યો પણ નૈગમનયનાં છે. આ નૈગમનયના અહીં ૩ ભેદ છે. તે આ પ્રમાણે છે.

૧. ભૂતકાળમાં બની ચુકેલા અર્થમાં વર્તમાન કાળનો આરોપ કરવો તે. *ભૂતનૈગમ.*
૨. ભવિષ્યમાં થનારા અર્થમાં ભૂતકાળનો આરોપ કરવો તે. *ભાવિનૈગમ.*
૩. ભૂત અને ભવિષ્યમાં રહેલા અર્થમાં વર્તમાનકાળનો આરોપ કરવો તે. *વર્તમાનનૈગમ.*

આ ત્રણભેદ પૈકી પ્રથમ ભેદનો અર્થ એ છે કે જે પ્રસંગો ભૂતકાળમાં બની ગયા છે. જેને બની ગયાને ઘણાં-ઘણાં વર્ષો વીતી ગયાં છે. છતાં લોકો તે પ્રસંગની ઉજવણી તે તિથિએ અથવા તે તારીખે આજે કરે છે. અને આ ઉજવણી એવી કરે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે કે જાણે આ પ્રસંગ આજે જ બની રહ્યો હોય. તે આ *ભૂતનૈગમ* નામનો પ્રથમભેદ છે. તેનું ઉદાહરણ આગળલી ગાથામાં આવે જ છે. ॥ ૮૦ ॥

**ભૂત નૈગમ કહિઓ પહિલો, દિવાળી દિન આજ રે ।**
**યથા સ્વામી વીર જિનવર, લહીઆ શિવપુર રાજ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૮ ॥**

*ગાથાર્થ—* આજે દીવાળીનો દિવસ હોય, અને એમ કહીએ કે આજે વીર જિનેશ્વર (નિર્વાણ પામ્યા) મુક્તિનગરનું રાજ્ય પામ્યા. આ પ્રથમભેદ ભૂતનૈગમ નય કહેલો છે. ॥ ૬-૮ ॥

**ટબો— તે પ્રથમભેદનું ઉદાહરણ દેખાડઈ છઈ— જિમ કહિઈં- "આજ દીવાલી દિનનઈં વિષઇ શ્રી મહાવીર શિવપુરનું રાજ્ય પામ્યા" ઈહાં- અતીત દીવાલી દિનનઈં વિષઈં વર્તમાન દીવાલી દિનનો આરોપ કરિઈં છઈં. વર્તમાન દિનનઈં વિષયઈં ભૂતદિનનો આરોપ કરિઈં. દેવાગમનાદિ મહાકલ્યાણ ભાજનત્વ-પ્રતીતિ પ્રયોજનનઈં અર્થિં, જિમ "गङ्गायां घोषः" ઈહાં ગંગાતટનઈં વિષયઈં ગંગાનો આરોપ કીજઈ છઈ. શૈત્યપાવનત્વાદિ પ્રત્યાયન પ્રયોજન ભણી, તો ઈ ઘટમાન છઈં. જો વીરસિદ્ધિગમનનો અન્વય ભક્તિભણી પ્રાતીતિક માનિઈં. એ અલંકારના જાણ પંડિત હોઈ, તે વિચારજો. ॥ ૬-૮ ॥**

*વિવેચન—* હવે નૈગમનયના પ્રથમભેદનું ઉદાહરણ કહે છે.

**ते प्रथमभेदनुं उदाहरण देखाडइ छइ— जिम कहिइं- "आज दीवाली दिननइं विषइ श्री महावीर शिवपुरनुं राज्य पाम्या" इहां अतीत दीवाली दिननइं विषइं वर्तमान दीवाली दिननो आरोप करिइं छइं. वर्तमान दिननइं विषयइं भूतदिननो आरोप करिइं.**

જેમ લોકો આ પ્રમાણે કહે છે કે— "આજે દીવાલીના દિવસને વિષે (એટલે કે આજે દીવાલીના દિવસે) શ્રી મહાવીર પ્રભુ શિવપુરનું (મુક્તિનું) રાજ્ય પામ્યા." અહીં વર્તમાન કાળની ગુજરાતી આસો વદી અમાવાસ્યાના દીવાળીના દિવસને (અને મારવાડી કારતક વદ અમાવાસ્યાના દિવસને) જાણે ભૂતકાળની દીવાળીનો વાસ્તવિક જ દિવસ આ હોય શું ? આ રીતે અતીત દીવાલીના દિનનો વર્તમાન દીવાલીમાં આરોપ કરવામાં આવ્યો છે. જો કે વર્તમાન દીવાલીમાં પ્રભુ નિર્વાણ પામ્યા નથી, ભૂતકાલીન દીવાલીમાં જ પ્રભુ નિર્વાણ પામ્યા છે. પરંતુ આજની દીવાળી જાણે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂતકાળની દીવાળીનો જ દિવસ હોય શું ? આ પ્રમાણે ભૂતકાલીન દીવાલીના દિવસ રૂપે જ વર્તમાનકાલીન દીવાલીને આરોપિત કરી છે.

*પ્રશ્ન*— આમ કરવાનું કારણ શું ? શા માટે વર્તમાન દીવાલીને ભૂતકાલીન દીવાલી રૂપે આરોપિત કરાઈ છે ? તેનો ઉત્તર આપતાં જણાવે છે કે—

**देवागमनादि महाकल्याणभाजनत्व-प्रतीतिं प्रयोजनइं अर्थि,**

પાવાપુરી નગરીમાં જ્યારે પરમાત્મા મહાવીર પ્રભુ સોળ પહોર દેશના આપીને નિર્વાણ પામ્યા, ત્યારે આ ભરતક્ષેત્રમાં મહાદીપક બુઝાઈ ગયો, જ્ઞાનક્ષેત્રમાં મહા અંધકાર વ્યાપી ગયો. ત્યાં રહેલા શ્રાવક-શ્રાવિકાગણે દ્રવ્યદીપકો પ્રગટાવ્યા. તેથી દીપ + આવલિ = દીપાવલિ અર્થાત્ દીવાલી પર્વ શરૂ થયું. તે સમયે નિર્વાણકલ્યાણક ઉજવવા માટે આકાશમાર્ગે અસંખ્ય દેવ-દેવીઓ આવ્યાં. પ્રભુના વિરહસંબંધી શોક સહિત દેવ-દેવીઓએ અને ચતુર્વિધ શ્રી સંઘે ઘણા ભક્તિભાવ પૂર્વક, સર્વેના પોતાના આત્માનું મહાકલ્યાણ થાય એ રીતે તે પ્રસંગ ઉજવ્યો. તેવા જ પ્રકારનો આ પ્રસંગ દેવગમનાદિ અને મહાકલ્યાણનું ભાજન (સાધન-આધાર) છે. એવા પ્રકારની પ્રતીતિ કરાવવાના પ્રયોજનને અર્થે વર્તમાનકાલીન દીવાલીને ભૂતકાલીન દીવાલી રૂપે કલ્પવામાં (આરોપિત કરવામાં) આવે છે.

जैन साईट JAINSITE.com जनम् जयति शासनम्

**जिम "गङ्गायां घोषः" इहां गंगातटनइं विषयइं गंगानो आरोप कीजइ छइ, शैत्यपावनत्वादि प्रत्यायन प्रयोजन भणी.**

જેમ "*ગંગાનદીમાં ઘોષ* (ગાયોનો વાડો અથવા ઝુંપડું) છે. અહીં ગંગા શબ્દનો વાચ્ય અર્થ જલપ્રવાહ થાય છે. પરંતુ ત્યાં ગાયોનો વાડો કે ઝુંપડું સંભવી શકતું નથી. કારણ કે પાણીના પૂરથી તે ખેંચાઈ જ જાય. તે માટે "અભિધા" શક્તિનો ઉપયોગ કરી વાચ્ય અર્થ "જલપ્રવાહ" કરવો ઉચિત નથી અને જ્યાં મુખ્ય અર્થની બાધા આવતી હોય ત્યારે ત્યાં "**शक्यसंबन्धो लक्षणा**" શક્ય અર્થની સાથે સંબંધવાળો અર્થ લક્ષણાથી લેવાય છે. એટલેકે મુખ્યાર્થબાધે મુખ્યાર્થસંબંધે લક્ષણા. આવો ન્યાય છે. તે માટે *ગંગાનદીનો કીનારો* એવો અર્થ ગંગાશબ્દનો લક્ષણાથી કરાય છે. આ રીતે ગંગા તટને વિષે ગંગાનદીનો આરોપ જેમ કરાય છે. તેમ અહી વર્તમાન દીવાલીને વિષે ભૂતકાલીન દીવાલીનો આરોપ કરાયો છે.

*પ્રશ્ન*— જો **घोष** નું અસ્તિત્વ ગંગાનદીમાં (જલપ્રવાહમાં) સંભવતું જ નથી. તેથી "**गंगायां घोषः**" કહીને **गंगातटे** એવો અર્થ લક્ષણાથી કરવો જ પડે છે. તો **गंगायां** પદને બદલે "**गंगातटे घोषः**" એમ જ કથન કરવું ઉચિત કેમ ન કહેવાય ?

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉત્તર- ગંગાતટે ન કહેતાં ગંગાયાં કહેવાની પાછળ આશય એ છે કે આ ગંગાનો કીનારો એ જાણે ગંગાનદી જ છે. કારણ કે ગંગાનદીમાં જે શૈત્ય (શીતળતા) અને પાવનત્વ (પવિત્રતા) આદિ ધર્મો છે. તે ધર્મો ગંગાતટમાં પણ છે. આમ ગંગાતટ એ સામાન્ય તટ છે એમ નહીં પરંતુ ગંગાનદી જ છે. આવું **प्रत्यायन प्रयोजन भणी** = સમજાવવાના પ્રયોજનના કારણે આમ કરેલ છે. અર્થની ચમત્કૃતિ છે. જેમ ઘણા પૂર વાળી બનેલી નદીને "આજે આ નદી દરીયો બની ગઈ છે" આમ કહેવામાં અર્થની ચમત્કૃતિ હૃદયને આનંદ પમાડે છે. પ્રભુની પ્રતિમાને પ્રભુની પ્રતિમા ન કહેતાં "આ પ્રભુ જ છે" આમ કહેવામાં ભક્તિ ભાવ, પૂજ્યભાવ, હાર્દિક ભાવના વધે છે. તેમ ગંગાતટને તટ ન કહેતાં ગંગા નદી કહેવામાં અર્થની ચમત્કૃતિ વિદ્વાનોના હૃદયને આનંદ આપનાર બને છે.

**तो इ घटमान छइ, जो वीरसिद्धिगमननो अन्वय भक्ति भणी प्रातीतिक मानिइं. ए अलंकारना जाण पंडित होइ, ते विचारजो ॥ ६-८ ॥**

વર્તમાન દીવાલીમાં ભૂતકાલીન દીવાલીનો જે આરોપ કરવામાં આવ્યો છે તે અર્થ, તો જ ઘટમાન છે (ઘટે છે – સંભવે છે) કે વીરપરમાત્માની સિદ્ધિગમનનો તે કાળે જે પ્રસંગ બનેલો છે. તેને ખેંચી લાવીને વર્તમાન દીવાલીમાં તેનો (અન્વય) સંબંધ ભક્તિભાવના વધારવાના કારણે જો કરવામાં આવે તો જ. અર્થાત્ આજના વર્તમાનકાલીન દીવાલીના દિવસે જ જાણે પરમાત્મા મહાવીર પ્રભુ સિદ્ધિગમન પામ્યા છે. દેવ-દેવીઓ આવ્યાં છે. શોકસહિત ભક્તિભાવના કરે છે. આ બધુ "**प्रातीतिकमानिइ**" જાણે અત્યારે સાક્ષાત્ બની રહ્યું છે. એ પ્રસંગ હાલ અત્યારે ચાલી રહ્યો છે, આ પ્રસંગ ચક્ષુઃ સામે પ્રત્યક્ષ થઈ રહ્યો છે એમ માને. આટલા માટે આ ઉત્પ્રેક્ષા કરવામાં આવી છે. આવા ચમત્કૃતિક અર્થને ઉત્પ્રેક્ષાલંકાર કહેવાય છે.

શરીરને શોભાવવામાં જેમ હાર આદિ અલંકારો ધારણ કરાય છે તેમ કાવ્યને સુશોભિત કરવામાં ઉપમા, ઉત્પ્રેક્ષા વિરોધ આદિ અનેક અલંકારો તે કાવ્યમાં રચવામાં આવે છે. આ વિષય અલંકારશાસ્ત્રોના જાણકાર એવા જે પંડિત પુરુષો હોય, તેઓ વિચારજો. (પ. પૂ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત *કાવ્યાનુશાસન* નામના ગ્રંથમાં આ અલંકારોનું વિશદવર્ણન છે. જિજ્ઞાસુ આત્માઓએ ત્યાંથી જોઈ લેવું.) ॥૮૧॥

**ભૂતવત કહઈં ભાવિ નૈગમ, ભાવિ જિમ જિન સિદ્ધ રે ।**
**સિદ્ધવત છઈં વર્તમાનઈં કાંઈ સિદ્ધ અસિદ્ધ રે ॥**
**ભાષિઈં જિમ "ભક્ત પચિઈં" વર્તમાનારોપ રે ॥ ૬-૦૯ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**કરઈ કિરિયા ભૂત લેઈ, ભૂત વચન વિલોપ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૦ ॥**

ગાથાર્થ— ભાવિમાં થનારા પ્રસંગને ભૂતની જેમ (થઈ ગયો છે એમ) જે કહેવો. તે *ભાવિનૈગમ* કહેવાય છે. જેમ કે ભાવિમાં સિદ્ધ થનારાને "સિદ્ધ થઈ ગયા" અથવા "સિદ્ધ થયા" આમ જે કહેવું તે. તથા કંઈક અંશે સિદ્ધ અને કંઈક અંશે અસિદ્ધ જે વસ્તુ હોય તેને *"સિદ્ધ"* થઈ ચુકી છે આમ કહેવું તે વર્તમાનનૈગમ કહેવાય છે. ॥ ૬-૯ ॥

જેમ કે *"રસોઈ થાય છે"* આવું જે બોલાય છે. તે વર્તમાનરૂપે આરોપિત કરાય છે. ભૂતકાલની ક્રિયા (અને ભાવિ થનારી ક્રિયા) તે બન્નેને લઈને (આશ્રયીને) જે ભૂતકાલીન વચનપ્રયોગ (અને ભાવિવચનપ્રયોગ) થવો જોઈએ, તેનો વિલોપ આ નય કરે છે. અને વર્તમાનપણે આરોપિત કરે છે. ॥ ૬-૧૦ ॥

जैन साइट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

**ટબો– "भाविनि भूतवदुपचारः" એ બીજો નૈગમ. જિમ-જિનનઈં સિદ્ધ કહિઈં, કેવલીનઈં સિદ્ધપણું અવશ્યંભાવી છઈ, તે માટિં કાંઈ સિદ્ધ અનઈં કાંઈ અસિદ્ધનઈં વર્તમાન કહઈં. તે વર્તમાનનૈગમ ભાષિઈં. ॥ ૬-૯ ॥**

**જિમ કહિઈં– "ભક્ત રાંધિઈ છઈ" ઈહાં ભક્તના કેતલાઈક અવયવ સિદ્ધ થયા છઈ, અનઈં કેતલાઈક (અવયવ) સાધ્યમાન છઈ. પણિ-પૂર્વાપરિભૂતાવયવ ક્રિયાસંતાન એક બુદ્ધિં આરોપીનઈં તેહનઈં વર્તમાન કહિઈં છઈ, એ આરોપ સામગ્રી મહિમાઈં કોઈ અવયવની ભૂતક્રિયા લેઈ,**

**पचति એ ઠામઈં अपाक्षीत् એ પ્રયોગ નથી કરતા. જે નૈયાયિકાદિક ઈમ કહઈ છઈ. જે ચરમક્રિયાધ્વંસ અતીતપ્રત્યય વિષયઃ તેહનઈં- किञ्चित्पक्व, किञ्चित्पच्यते એ પ્રયોગ ન થયો જોઈઈં, તે માટિં એ વર્તમાનારોપ નૈગમ ભેદ જ ભલો જાણવો. ॥ ૬-૧૦ ॥**

વિવેચન— નૈગમનયનો *ભૂતનૈગમ* નામનો પ્રથમભેદ કહીને હવે નૈગમનયનો બીજો ભેદ *"ભાવિનૈગમ"* સમજાવે છે.

**"भाविनि भूतवदुपचारः" ए बीजो नैगम. जिम-जिननइं सिद्ध कहिइं, केवलीनइं सिद्धपणुं अवश्यंभावी छइ ते माटिं.**

જે કાર્ય ભવિષ્યકાળમાં જ થવાનું છે. વર્તમાનકાળમાં થયેલું પણ નથી અને થતું પણ નથી. છતાં ભવિષ્યમાં અવશ્ય થવાનું જ છે. તેની ખાત્રી વર્તમાનમાં આપી શકાય તેમ છે. તેવા ભવિષ્યના કાર્યને ભૂતકાળરૂપે કહેવું કે વર્તમાનકાળરૂપે કહેવું તે *ભાવિનૈગમ* કહેવાય છે. ભાવિનિ = ભવિષ્યમાં થનારા કાર્યમાં ભૂતવદ્ = કાર્ય થઈ ગયું. એવો આરોપ કરવો તે નૈગમનયનો આ બીજો ભેદ છે. જેમ કે જે આત્મા ઘનઘાતી કર્મો ખપાવી, કેવલજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રાપ્ત કરી, જિન (રાગદ્વેષને જીતી લેનારા) થયા છે. તેરમા ગુણસ્થાનકવર્તી બન્યા છે. પરંતુ હજુ આયુષ્યકર્મ અને શેષ ત્રણ અઘાતી કર્મોનો ઉદય બાકી હોવાથી મોક્ષે ગયા નથી. ભવિષ્યમાં અવશ્ય જવાના જ છે. પરંતુ હાલ જેઓ ભવસ્થ કેવલી છે. *"તેઓને આ સિદ્ધ છે"* એમ જે કહેવું. તે આ નયનો વિષય છે. કારણ કે કેવલી થયેલા હોવાથી તે ભવસ્થ કેવલી ભગવંતો અવશ્ય સિદ્ધ થવાના જ છે. આ બાબતમાં કંઈ જ શંકા નથી.

જૈનશાસ્ત્રોમાં પન્નરભેદે જે સિદ્ધ જણાવ્યા છે. તેમાં સ્વલિંગે ગૃહસ્થલિંગે અન્યલિંગે, પુલ્લિંગે, સ્ત્રીલિંગે, નપુંસકલિંગે ઈત્યાદિ જે સિદ્ધ કહ્યા છે. તથા તેમાં અનુક્રમે ગૌતમસ્વામી, ભરતમહારાજા, વલ્કલચિરિ, ગૌતમસ્વામી, ચંદનબાળા અને ગાંગેયઋષિ આદિનાં જે ઉદાહરણો પ્રસિદ્ધ છે. તે સર્વે આ નયથી જ ઘટે છે. કારણ કે સ્વલિંગમાં વર્તતા ગૌતમસ્વામી, ગૃહસ્થલિંગમાં ભરત મહારાજા, અન્યલિંગમાં વલ્કચિરિ વિગેરે મહાત્માઓ તે કાળે કેવળજ્ઞાન પામ્યા છે. પરંતુ તે કાળે મોક્ષે ગયા નથી. અને જ્યારે મોક્ષે ગયા છે ત્યારે ગૃહસ્થલિંગાદિ નથી. તે માટે જ્યારે કેવલી થયા ત્યારે ભવિષ્યમાં અવશ્ય સિદ્ધ થવાના જ હોવાથી સિદ્ધ થયા આમ કહેવાય છે. ભાવિમાં જે સિદ્ધપદ આવવાનું છે. તેનો જ વર્તમાનમાં આરોપ કરવામાં આવ્યો છે. અથવા ભૂતરૂપે આરોપ કરાય છે. કેવળજ્ઞાન પામ્યા એટલે સિદ્ધ થઈ ચુક્યા એમ સમજવું. આ ભાવિનૈગમનયથી ભાવિમાં અવશ્ય થનારા પ્રસંગને વર્તમાનરૂપે અથવા ભૂતરૂપે આરોપિત કરાય છે.

અમદાવાદથી મુંબઈ જવા નીકળેલા પુરુષને ઘેર આવીને કોઈ પુછે કે ભાઈ ક્યાં ગયા છે ? ત્યારે તેના કુટુંબીઓ કહેશે કે ભાઈ તો મુંબઈ ગયા છે હજુ ભાઈ કદાચ સ્ટેશન ઉપર પણ હોય અથવા ટ્રેનમાં હોય તો પણ "મુંબઈ ગયા છે" આમ જ બોલાય છે. બોરીવલી આવે એટલે મુંબઈ આવી ગયું. તૈયાર થઈ જાઓ ઈત્યાદિ વાક્યો જે બોલાય છે તે આ નયનો વિષય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**कांइ सिद्ध अनइं कांइ असिद्धनइं वर्तमान कहइ, ते वर्तमाननैगम भाषिइं ॥ ६-९ ॥**

ત્રીજો *વર્તમાનનૈગમનય* સમજાવે છે. વર્તમાનકાળમાં જે ક્રિયા ચાલુ હોય છે. તેને આશ્રયીને પ્રવર્તે છે. જે ક્રિયામાં કાર્ય કેટલાક અંશે કરાયું છે. અને કેટલાક અંશે કરવાનું બાકી છે. અર્થાત્ જે કાર્યમાં કંઈક અંશ સિદ્ધ છે. અને કંઈક અંશ અસિદ્ધ છે. તેને "વર્તમાન" રૂપે કહીએ તે વર્તમાનનૈગમ કહેવાય છે. જે કેટલોક અંશ બની ચુક્યો છે. તે તેની ભૂતકાળાવસ્થા છે અને જે કેટલોક અંશ બનવાનો બાકી છે તે તેની ભાવિઅવસ્થા છે. આ બન્નેને વર્તમાનમાં ખેંચી જઈને વર્તમાનરૂપે આરોપિત જે કરાય છે તે આ વર્તમાનનૈગમનય છે. તેનું ઉદાહરણ હવે પછીની ગાથામાં જણાવે જ છે. ॥ ૬-૯ ॥

**जिम कहिइ - "भक्त रांधिइ छइ" इहां भक्तना केतलाइक अवयव सिद्ध थया छइ, अनइ केटलाइक साध्यमान छइ, पणि-पूर्वापरीभूतावयव क्रियासंतान एक बुद्धि आरोपीनइ तेहनइं वर्तमान कहिइं छइं, ए आरोप सामग्री महिमाइं-कोइ अवयवनी भूतक्रिया लेइ "पचति" ए ठामइं "अपाक्षीत्" ए प्रयोग नथी करता. (एवं कोइ अवयवनी भाविक्रिया लइ "पचति" ए ठामइं "पक्ष्यति" प्रयोग पणि नथी करता.)**

JAINSITE .com

વર્તમાન નૈગમનય નામના ત્રીજાભેદનું ઉદાહરણ જણાવતાં કહે છે કે જેમ કોઈ રસોઈ કરતી વ્યક્તિને જોઈને કોઈ એક વ્યક્તિ તેની સાથેની બીજી વ્યક્તિને પુછે કે "આ સ્ત્રી અથવા પુરુષ શું કરે છે" ત્યારે તે સાથેની બીજી વ્યક્તિ ઉત્તર આપે છે કે આ સ્ત્રી અથવા પુરુષ *"ભાત રાંધે છે"* અહીં ભાત રાંધે છે આ વર્તમાન કાળનો पचति પ્રયોગ છે. હકિકત એવી છે કે રંધાતા ભાતમાં કેટલાક દાણા સીજી ગયા છે. એટલે કે રંધાઈ ગયા છે. કેટલાક દાણા સીજે છે. અર્થાત્ રંધાય છે. અને કેટલાક દાણા હજુ સીજવાના છે રંધાવાના છે. આમ ત્રણે કાળની પરિસ્થિતિ તેમાં છે ત્યાં જે દાણા હાલ સીજે જ છે રંધાય જ છે. તેને આશ્રયીને તો पचति = તે રાંધે છે આ પ્રયોગ બરાબર છે. યથાર્થ છે. પરંતુ જે દાણા સીજી ગયા છે. અર્થાત્ રંધાઈ ગયા છે. અને જે દાણા સીજવાના છે હવે રંધાવાના છે. આ ભૂતકાલીન અને ભાવિકાલીન દાણાઓમાં "पचति" તે રાંધે છે આ પ્રયોગ કેમ કરાય ? અને જો તેવો પ્રયોગ કરીએ તો તે પ્રયોગ મિથ્યા કેમ ન કહેવાય ? સમ્યક્પ્રયોગ કેવી રીતે કહેવાય ? આવા પ્રશ્નના ઉત્તરમાં "આ નય લાગે છે" એટલે કે पचति = તે રાંધે છે આવો પ્રયોગ વ્યવહારમાં જે થાય છે. તે આ નયથી થાય છે. ગેસ ઉપર સીઝતા દાણાઓમાં કોઈ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ રાંધનારી વ્યક્તિ એવો પ્રયોગ કરતી નથી કે (૧) થોડા દાણા રંધાયા છે. (૨) થોડા દાણા રંધાય છે. અને (૩) થોડા દાણા રંધાશે. આવો પ્રયોગ કોઈ પણ કરતું નથી. પરંતુ પૂર્વાપરીભૂતાવયવક્રિયા સંતાનને (એટલે કે પૂર્વકાલમાં થયેલી અને પછીના કાળમાં થવા વાળી અવયવભૂત (અંશીભૂત) એવી જે ક્રિયાઓ છે. તેની સમુહરૂપે વિવક્ષા કરીને આ સઘળી ક્રિયા એક જ છે. એમ બુદ્ધિમાં આરોપિત કરીને તેને (ભૂત-ભાવિ ક્રિયાને) ત્યાંથી ખેંચીને વર્તમાનરૂપે જ કહે છે. એટલે કે ભૂત-ભાવિ ક્રિયાને વર્તમાનમાં સમાવીને માત્ર વર્તમાનકાળનો જ પ્રયોગ કરે છે.

જે કોઈ અવયવોમાં રંધાવાની ક્રિયા થઈ ચુકી છે તે ભૂતકાલીન ક્રિયાને ધ્યાનમાં લઈને **पचति** આ વર્તમાનકાલીન પદના સ્થાને "**अपाक्षीत्**" ભૂતકાલીન પ્રયોગ કરવો જોઈએ (એવી જ રીતે જે કોઈ અવયવોમાં રંધાવાની ક્રિયા થવાની છે. તે ભાવિક્રિયાને ધ્યાનમાં લઈને **पचति** આ વર્તમાનકાલીન પદના સ્થાને "**पक्ष्यति**" આવો ભાવિકાલીન પ્રયોગ કરવો જોઈએ) પરંતુ ભૂત-ભાવિને વર્તમાનમાં સમાવી લેવા સ્વરૂપ આરોપ કરવાની સામગ્રી હોવાના મહિમાથી એટલે કે લોક વ્યવહારને અનુસરવારૂપ આરોપ કરવાનું કારણ હોવાથી કોઈ રાંધનાર વ્યક્તિ **पचति** ના સ્થાને **अपाक्षीत्** (કે **पक्ष्यति**) પ્રયોગ કરતા નથી. તે આ નયનો પ્રભાવ છે. આ નય ભૂત-ભાવિ ક્રિયાને વર્તમાનમાં સમાવી લેવા સ્વરૂપ આરોપ કરીને વર્તમાન પ્રયોગ જ કરે છે.

**जे नैयायिकादिक इम कहइ छइ, जे "चरमक्रियाध्वंस अतीत प्रत्यय विषय," तेहनइं- "किञ्चित्पक्व, किञ्चित्पच्यते" ए प्रयोग न थयो जोइइं, ते माटिं-ए वर्तमानारोप नैगम भेद ज भलो जाणवो. ॥ ६-१० ॥**

*પ્રશ્ન*— અહીં જે કોઈ નૈયાયિક આદિ આમ માને છે કે જ્યારે ક્રિયા ચાલુ હોય છે. ત્યારે વર્તમાન કાળ જ વપરાય, ભલે થોડી ક્રિયા થઈ ગઈ હોય, અને થોડી ક્રિયા થવાની બાકી હોય તો પણ ભૂત-ભાવિનો પ્રયોગ ન જ થાય, પરંતુ **चरमक्रियाध्वंसः अतीतप्रत्यय विषय** = જ્યારે ચાલુક્રિયાની ચરમક્રિયા આવે, અને તેનો ધ્વંસ થાય, એટલે કે અન્તિમક્રિયા જ્યારે સમાપ્ત થાય ત્યારે જ અતીતકાળનો (ભૂતકાળનો) વ્યવહાર થાય.જેમ કે ભાત રાંધવાની ક્રિયા ગેસ ઉપર ચાલુ છે તેમાં કેટલાક દાણા ભલે રંધાયા છે કેટલાક રંધાય છે. અને કેટલાક રંધાવાના બાકી છે તો પણ જ્યાં સુધી ગેસ ઉપર આ રાંધવાની ક્રિયા ચાલુ હોય ત્યાં સુધી રસોઈ થાય છે. આમ વર્તમાન જ કહેવું જોઈએ. માટે આરોપ કર્યા વિના "**पचति**" પ્રયોગ જ કરાય છે. અને આ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

રંધાવાની ક્રિયા જ્યારે સમાપ્ત થઈ ગઈ, ભાતની તપેલી ગેસ ઉપરથી જ્યારે લઈ લેવામાં આવી, રાંધવાની અંતિમ ક્રિયા જ્યારે પૂર્ણ થઈ, ધ્વંસ પામી, ત્યારે જ રાંધનાર બોલે છે કે "ભાત રંધાઈ ગયા છે" જમી લો. પરંતુ ત્યાં સુધી તો "હું ભાત રાંધું છું" આમ વર્તમાન કાળનો જ વ્યવહાર થાય છે માટે ભૂત-ભાવિની ક્રિયાનો વર્તમાનમાં સમાવેશ કરીને આરોપ કરવાની જરૂર નથી. જ્યારે ચરમક્રિયા થશે, અને તેની સમાપ્તિ થશે, ત્યારે જ અતીતનો પ્રત્યય (બોધ) થશે, તેથી તે કાળે ચરમક્રિયાનો ધ્વંસ થયા પછી જ અતીતનો વ્યવહાર શક્ય છે. આ પ્રમાણે કોઈક નૈયાયિક માને છે.

*ઉત્તર*— ગ્રંથકારશ્રી તેનો ઉત્તર આપતાં જણાવે છે કે જે કાર્યની જે ક્રિયા શરૂ થઈ, ત્યારથી ચરમક્રિયાધ્વંસ આવે ત્યાં સુધી માત્ર વર્તમાનકાલનો જ પ્રયોગ જો થતો હોય, અને ચરમક્રિયા ધ્વંસ થયા પછી જ અતીતનો બોધ થતો હોય તો ભાત રંધાતા હોય ત્યારે આવુ માનનારા તે નૈયાયિકને આ ભાતમાં કેટલાક દાણા રંધાયા છે. અર્થાત્ પક્વ છે. અને કેટલાક દાણા રંધાય છે. અર્થાત્ પચ્યતે છે. આવા વ્યવહારનો પ્રયોગ તે નૈયાયિકથી ન થવો જોઈએ, કારણ કે જ્યાં સુધી ચરમક્રિયા ધ્વંસ ન આવે ત્યાં સુધી વર્તમાન હોવાથી કોઈ પણ દાણા પૂરેપૂરા પકાવાયા જ નથી. તેથી ભૂતનો વ્યવહાર થાય જ નહી અને આવો વ્યવહાર પ્રયોગ તો જગતમાં થાય જ છે તે માટે ભૂત-ભાવિની ક્રિયાનો આરોપ કરીને થતો આ વર્તમાનારોપ નૈગમનય એ જ સાચો છે. આમ જાણવું. ॥ ૮૨-૮૩ ॥

**સંગ્રહઈ નય સંગ્રહો તે, દ્વિવિધ ઓઘ વિશેષ રે ।**
**"દ્રવ્ય સબ અવિરોધિયાં" જિમ, તથા "જીવ અશેષ" રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૧ ॥**

*ગાથાર્થ*— જે સંગ્રહ કરે તે સંગ્રહનય કહેવાય છે. તેના *ઓઘ* અને *વિશેષ* એમ ૨ ભેદ છે. "સર્વ દ્રવ્યો અવિરોધી છે" આ પ્રથમભેદ છે. અને "અશેષ (સર્વ) જીવો અવિરોધી" છે. આ બીજોભેદ છે. ॥ ૬-૧૧ ॥

**ટબો**— **જે સંગ્રહઈ, તે સંગ્રહનય કહિઈં, તેહના ૨ ભેદ, ઓઘ-વિશેષથી, ઓઘ કહિઈં-સામાન્ય, એતલઈં-એક સામાન્યસંગ્રહ, એક વિશેષસંગ્રહ, એવં ૨ ભેદ, "द्रव्याणि सर्वाणि अविरोधीनि" એ પ્રથમભેદનું ઉદાહરણ, તથા जीवाः सर्वेऽविरोधिनः એ દ્વિતીયભેદનું ઉદાહરણ. ॥ ૬-૧૧ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*વિવેચન*— નૈગમનયના ભૂતનૈગમ ભાવિનૈગમ અને વર્તમાનનૈગમ આમ ત્રણ ભેદ કહીને હવે સંગ્રહનયના અર્થ તથા ભેદ સમજાવે છે.

**जे संग्रहइ, ते संग्रहनय कहिइं**

જે સંગ્રહ કરે, એકીકરણ કરે, અભેદ જણાવે, પરસ્પર જે ભેદ હોય, તેને ગૌણ કરે, એક્તાપણાની બુદ્ધિને પ્રધાન કરે તે સંગ્રહનય કહેવાય છે.

**तेहना २ भेद, ओघ-विशेषथी, ओघ कहिइं-सामान्य, एतलइं एक सामान्यसंग्रह, एक विशेषसंग्रह, एवं २ भेद.**

તે સંગ્રહનયના ૨ ભેદ છે. *ઓઘ* અને *વિશેષ* આવા નામોથી આ નયના બે ભેદ છે. અહીં ઓઘ શબ્દનો અર્થ સામાન્ય કરવો. એટલે ઓઘસંગ્રહ અર્થાત્ પહેલો એક સામાન્યસંગ્રહનય કહેવાય, અને બીજો વિશેષસંગ્રહનય કહેવાય છે. આમ ૨ ભેદ છે. સામાન્યપણે બધાનો સંગ્રહ કરાય ત્યારે તે ઓઘસંગ્રહ નય કહેવાય છે અને જ્યારે અમુકવિભાગનો જ સંગ્રહ કરાય ત્યારે તે વિશેષસંગ્રહ નય કહેવાય છે. તે બન્ને ભેદોનાં બે ઉદાહરણો આ પ્રમાણે છે—

**''द्रव्याणि सर्वाणि अविरोधीनि'' ए प्रथमभेदनुं उदाहरण, तथा ''जीवाः सर्वेऽविरोधिनः'' ए द्वितीय भेदनुं उदाहरण. ॥ ६-११ ॥**

ધર્માસ્તિકાયાદિ છ એ દ્રવ્યો દ્રવ્યપણે પરસ્પર અવિરોધી છે. અર્થાત્ સર્વે દ્રવ્યો "દ્રવ્યપણે સમાન છે એક છે" આવું સમજવું એ પ્રથમભેદનું ઉદાહરણ છે. કારણ કે સામાન્યથી સર્વે દ્રવ્યોનું એકીકરણ કર્યું. એટલે આ ઓઘસંગ્રહનય-અર્થાત્ સામાન્યસંગ્રહનય થયો. તથા "સર્વે જીવો પરસ્પર જીવપણે સમાન છે. એક છે" આવું સમજવું એ બીજા ભેદનું ઉદાહરણ છે. કારણ કે તેમાં જો કે એકીકરણ—અભેદ કરવામાં આવ્યો છે પરંતુ માત્ર જીવદ્રવ્યોનો જ અભેદ કરાયો છે. સર્વદ્રવ્યોમાંથી એક અંશભૂત એવા જીવોનું જ માત્ર એકીકરણ છે. તેથી આ બીજો ભેદ વિશેષસંગ્રહનય કહેવાય છે.

સર્વે પદાર્થોનું એકીકરણ કરવામાં આવે તે ઓઘસંગ્રહનય, સામાન્યસંગ્રહનય, ઉત્કૃષ્ટસંગ્રહનય અથવા પરસંગ્રહનય—મહાસંગ્રહનય પણ કહેવાય છે બાકી થોડા થોડા પદાર્થોનું એકીકરણ કરવામાં આવે તે વિશેષસંગ્રહ અવાન્તરસંગ્રહ ઈત્યાદિ કહેવાય છે. આ વિશેષસંગ્રહનય અપેક્ષાવિશેષે અનેક પ્રકારનો પણ થાય છે. જેમ કે *"સર્વે જીવો સમાન"* આ વિશેષસંગ્રહનયનું ઉદાહરણ છે. તો પણ "સર્વે ત્રસજીવો સમાન" "સર્વે

JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્ જૈન સાઈટ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પંચેન્દ્રિયજીવો સમાન'' ''સર્વે મનુષ્યો સમાન'' ''સર્વેભારતીયો સમાન'' ''સર્વે ગુજરાતી સમાન'' ઈત્યાદિ જેમ જેમ વિશેષના ભેદમાં ઉંડા ઉતરતા જાઓ તેમ તેમ તે વિશેષસંગ્રહ નય અનેક પ્રકારનો થાય છે. અને તે પાછળ પાછળના વિશેષ સંગ્રહનયની અપેક્ષાએ પૂર્વ પૂર્વના સંગ્રહનયો અપેક્ષાવિશેષથી ઓઘસંગ્રહનય પણ કહેવાય છે. ॥ ૮૪ ॥

**વ્યવહાર સંગ્રહ વિષયભેદક, તિમજ દ્વિવિધ પ્રસિદ્ધ રે ।**
**દ્રવ્ય જીવાજીવ ભાષઈ, જીવ ભવિયા સિદ્ધ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૨ ॥**

*ગાથાર્થ*— સંગ્રહનયના વિષયનો ભેદ કરનાર જે નય તે વ્યવહારનય જાણવો. તેના પણ (તિમજ) સંગ્રહનનયની જેમ જ બે ભેદો પ્રસિદ્ધ છે. દ્રવ્યો, જીવ અને અજીવરૂપ છે. તથા જીવો, સંસારી અને સિદ્ધ એમ બે ભેદે છે. ॥ ૬-૧૨ ॥

**ટબો**– સંગ્રહનયનો જે વિષય, તેહના ભેદનો દેખાડણહાર, તે વ્યવહારનય કહિઇં, તે તિમજ-સંગ્રહનયની પરિ દ્વિવિધ કહિઈં, એક સામાન્ય સંગ્રહભેદક વ્યવહાર ૧, એક વિશેષસંગ્રહભેદક વ્યવહાર ૨, એવં ૨ ભેદ જાણવા. ''द्रव्यं जीवाजीवौ'' એ સામાન્યસંગ્રહભેદક વ્યવહાર, जीवाः संसारिणः सिद्धाश्च એ વિશેષસંગ્રહભેદક વ્યવહાર, ઈમ ઉત્તરોત્તર વિવક્ષાઈં સામાન્ય વિશેષપણું ભાવવું. ॥ ૬-૧૨ ॥

*વિવેચન*— સંગ્રહનયના બે ભેદ સમજાવીને હવે આ ગાથામાં વ્યવહારનયના બે ભેદ સમજાવે છે.

**संग्रहनयनो जे विषय, तेहना भेदनो देखाडणहार, ते व्यवहारनय कहिइं, ते तिमज-संग्रहनयनी परि द्विविध कहिइं, एक सामान्यसंग्रह भेदकव्यवहार १, एक विशेषसंग्रहभेदक व्यवहार २, एवं २ भेद जाणवा.**

સંગ્રહનય હંમેશાં એકીકરણ કરવાની અર્થાત્ અભેદને પ્રધાન કરવાની દૃષ્ટિવાળો હોય છે. જ્યારે વ્યવહારનય તેનાથી વિપરીતવૃત્તિ ધરાવે છે. એટલે કે પૃથક્કરણ કરવાની એટલે કે ભેદને પ્રધાનપણે જણાવવાની દૃષ્ટિવાળો વ્યવહારનય છે. તેથી સંગ્રહનયનો જે (અભેદ-એકાકારતા આદિ) વિષય છે. તેને ભેદનાર એટલે કે તેના અભેદને તોડીને ભેદને દેખાડનારો (એટલે કે પૃથક્કરણ-ભેદ કરનારો) જે નય છે. તે નય વ્યવહારનય કહેવાય છે. તે વ્યવહારનય પણ तिमज = તેમ જ અર્થાત્ સંગ્રહનયની પેઠે બે ભેદવાળો કહેલો છે. ૧ પ્રથમ ભેદ-સામાન્યસંગ્રહના વિષયનો ભેદ કરનાર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવહાર નય, અને ૨ બીજો ભેદ-વિશેષ સંગ્રહનયના વિષયનો ભેદ કરનાર છે આ પ્રમાણે વ્યવહારનયના પણ સંગ્રહનયની જેમ જ ૨ ભેદ થાય છે. ૧ સામાન્યસંગ્રહવિષયભેદક વ્યવહારનય, ૨ વિશેષસંગ્રહવિષયભેદક વ્યવહારનય.

**''द्रव्यं जीवाजीवौ'' ए सामान्यसंग्रह भेदकव्यवहार, ''जीवाः संसारिणः सिद्धाश्च'' ए विशेषसंग्रहभेदकव्यवहार, इम उत्तरोत्तर विवक्षाइं सामान्य विशेषपणुं भाववुं** ॥ ૬-૧૨ ॥

"સર્વે દ્રવ્યો પરસ્પર અવિરોધી છે. અર્થાત્ સમાન છે." આ જેમ સંગ્રહનયનો પ્રથમભેદ છે. તેવી જ રીતે "દ્રવ્યો બે પ્રકારનાં છે ૧ જીવાત્મક અને ૨ અજીવાત્મક" આ વ્યવહારનયનો પ્રથમભેદ છે. સામાન્યસંગ્રહનયે કરેલા એકીકરણને (અભેદાત્મક વિષયને) તોડનાર વ્યવહારનયનો આ પ્રથમ ભેદ છે. તથા "જીવો સર્વે પરસ્પર અવિરોધી છે" આ જેમ સંગ્રહનયનો બીજો ભેદ છે. તેવી જ રીતે "જીવો બે પ્રકારનાં છે. ૧ સંસારી અને ૨ સિદ્ધ" આ વ્યવહારનયનો બીજો ભેદ છે. જે વિશેષસંગ્રહનયે કરેલા વિભાગીય એકીકરણને (અભેદાત્મક વિષયને) તોડનાર છે. એટલે વ્યવહારનયનો પ્રથમભેદ સામાન્યસંગ્રહનયના વિષયને તોડનાર છે. અને બીજો ભેદ વિશેષસંગ્રહનયના વિષયને તોડનાર છે. આ રીતે સંગ્રહનય અને વ્યવહારનયનું કાર્યક્ષેત્ર (અંતિમ વિષયમાત્રને છોડીને) લગભગ સરખું છે. માત્ર વિવક્ષા ઉપર તે તે નયની માન્યતાનો મુખ્ય આધાર છે. જ્યારે એકીકરણ તરફ ઢળતી પ્રધાન દૃષ્ટિ હોય ત્યારે તે સંગ્રહનય કહેવાય, એ જ વિષય જ્યારે પૃથક્કરણની રીતિએ કહેવાય તો વ્યવહારનય કહેવાય છે. જેમ કે— ત્રસ હોય કે સ્થાવર હોય પરંતુ સર્વે જીવ છે. આમ બોલવું તે સંગ્રહનય કહેવાય છે. અને જીવોના બે પ્રકાર છે એક ત્રસ અને બીજો સ્થાવર આમ બોલવું તે વ્યવહારનય છે આ રીતે ઉત્તરોત્તર = પછી પછી સામાન્યપણું અને વિશેષપણું વિવક્ષાના વશથી સ્વયં ભાવવું. (જાણવું.) ॥ ૮૫ ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

## વર્તતો ઋજુસૂત્ર ભાસઈં, અર્થ નિજ અનુકુલ રે ।
## ક્ષણિક પર્યય કહઈં સૂષિમ, મનુષ્યાદિક થૂલ રે ॥
## બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૩ ॥

*ગાથાર્થ*— ઋજુસૂત્રનય વર્તતા (વિદ્યમાન—વર્તમાન) કાળને કહે છે તથા પોતાને અનુકુળ અર્થને માન્ય રાખે છે. તેના ૨ ભેદ છે. સૂક્ષ્મ અને સ્થૂલ. ક્ષણિક પર્યાયો તે સૂક્ષ્મ, અને મનુષ્યાદિ પર્યાયો તે સ્થૂલ. ॥ ૬-૧૩ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો- ઋજુસૂત્ર નય વર્તતો અર્થ ભાસઈ, પણિ-અતીત અનાગત અર્થ ન માનઈં. વર્તમાન પણિ નિજ અનુકુળ-આપણા કામનો અર્થ માનઈં, પણિ-પરકીય ન માનઈં, તે ઋજુસૂત્ર નય દ્વિભેદ કહેવો, એક સૂક્ષ્મ, બીજો સ્થૂલ. સૂક્ષ્મ તે ક્ષણિકપર્યાય માનઈં, સ્થૂલ તે મનુષ્યાદિ પર્યાય માનઈં, પણિ કાલ ત્રયવર્તી પર્યાય ન માનઈં. વ્યવહાર નય તે ત્રિકાલ પર્યાય માનઈં, તે માટિં સ્થૂલ ઋજુસૂત્ર-વ્યવહારનયનઇં સંકર ન જાણવો. ॥ ૬-૧૩ ॥**

*વિવેચન–* હવે ઋજુસૂત્રનયના અર્થ તથા ભેદ સમજાવે છે.

**ऋजुसूत्रनय वर्ततो अर्थ भासइ, पणि अतीत अनागत अर्थ न मानइं. वर्तमान पणि निज अनुकुल-आपण कामनो अर्थ मानइं, पणि परकीय न मानइं.**

ભૂતકાળ અને ભાવિકાળનો વિચાર ન કરતાં માત્ર વર્તમાનકાળનો પ્રધાન પણે વિચાર કરનારો આ ઋજુસૂત્ર નય છે. જે માણસ ભૂતકાળમાં કરોડપતિ હોય પરંતુ વર્તમાનમાં જો ધનરહિત હોય તો ભૂતકાળની કરોડપતિની જેવી રહેણીકરણી તે રાખી શકતો નથી. તેવી જ રીતે ભાવિમાં ધન પ્રાપ્ત થવાનું હોય તો પણ તે વર્તમાનમાં તેવું સુખી જીવન જીવી શકતો નથી માટે જે કાળે જે વસ્તુ જેવી હોય તે કાળે તેને તેવી કહેવાય. ભૂતકાળમાં અથવા ભાવિકાળમાં જે રાજા થયો હોય અથવા થવાનો હોય તેનો વર્તમાનકાળમાં રાજ્યની કાર્યવાહીમાં પાવર-સત્તા કે અધિકાર ચાલતો નથી. તેથી વર્તમાન કાળે તે રાજા કહેવાતો નથી. માટે વર્તમાનકાળે જે વસ્તુ જેવી હોય તે વસ્તુ તેવી છે. આમ જ બોલવું જોઈએ. આમ આ નય માને છે.

ઋજુસૂત્રનયની દૃષ્ટિ વર્તમાનકાળને પ્રધાન કરનારી છે. ભૂત-ભાવિને ગૌણ કરનારી છે. જ્યારે વ્યવહારનય નિકટવર્તી ભૂત-ભાવિકાળને પણ માન્ય રાખે છે. નૈગમનય દૂર દૂર વર્તી ભૂત-ભાવિકાળને પણ માન્ય રાખે છે. જેમ કે નયસાર અને મરીચિના ભવથી મહાવીર સ્વામી પરમાત્માના જીવને "ભગવાન્" માનવા તે નૈગમનય છે. ચરમભવમાં માતાની કુક્ષિમાં આવે ત્યારથી "ભગવાન" માનવા એ વ્યવહારનય છે. અને કેવલી થયા બાદ ૪૨ થી ૭૨ વર્ષની ઉંમરમાં મહાવીરપ્રભુને "ભગવાન" કહેવા આ ઋજુસૂત્રનય છે આ રીતે ઋજુસૂત્રનય વર્તમાનકાળને પ્રધાન કરે છે. અતીત અનાગત કાળના ભાવને માન્ય રાખતો નથી.

વર્તમાનકાળમાં પણ **निज अनुकुल** = પોતાને કામ લાગે તેવો અર્થ સ્વીકારે છે. એટલે કે જે પદાર્થથી પોતાનું કામકાજ સરે, પોતાનો સ્વાર્થ સધાય તેને જ સ્વીકારે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

છે. જેમ કે પોતાના પિતા પાસે, ભાઈ પાસે, પુત્ર પાસે ધન હોય તેનાથી પોતાની જાતને ધનવાન આ નય માનતો નથી કારણ કે તે ધન પોતાની ઈચ્છાનુસાર કાર્યસાધક નથી. તેથી "ગાંઠે તે સાંઠે" જે પોતાની માલિકીનું હોય, પોતાની પાસે હોય, પોતાની ઈચ્છાનુસાર જેનો ઉપયોગ કરી શકે તે જ વસ્તુ પોતાની છે અને સાચી છે. પારકાની વસ્તુ આપણને શું કામની ? તેથી પારકી વસ્તુને આપણુ કાર્યસાધક ન હોવાથી મિથ્યા માને છે. આ દૃષ્ટિએ પિતા પાસે, પુત્ર પાસે કે કોઈ કુટુંબીઓ પાસે વર્તમાનકાલે ધન હોવા છતાં પણ "નિજ અનુકુલ" પોતાની ઈચ્છાનુસાર તેનો ઉપભોગ શક્ય ન હોવાથી આવા ધન વડે પોતાને ધનવાન આ નય માનતો નથી. સારાંશ કે વર્તમાનકાળમાં પણ પોતાના કાર્યસાધકને જ વાસ્તવિક વસ્તુ માને છે.

**તે ऋजुसूत्र नय द्विभेद कहेवो, एक सूक्ष्म, बीजो स्थूल, सूक्ष्म ते क्षणिकपर्याय मानइं, स्थूल ते-मनुष्यादि पर्याय मानइं, पणि कालत्रयवर्ती पर्याय न मानइं. व्यवहारनय त्रिकालपर्याय मानइं. ते माटिं स्थूल ऋजुसूत्र-व्यवहार नयनइं संकर न जाणवो. ॥ ६-१३ ॥**

जैन साईट JAINSITE .com जैनम् जयति शासनम्

તે ઋજુસૂત્રનયના બે ભેદ કહેવા. પહેલો એક ભેદ સૂક્ષ્મ ઋજુસૂત્રનય, અને બીજો એક ભેદ સ્થૂલ ઋજુસૂત્રનય. ત્યાં જે સૂક્ષ્મઋજુસૂત્ર નય છે તે ક્ષણિકપર્યાયને માને છે. પ્રત્યેક પદાર્થોના પ્રતિસમયે જે જે પર્યાયો થાય છે. તે સમયમાત્ર જ રહેનારા હોવાથી અને સમય એ અત્યન્ત સૂક્ષ્મ વર્તમાનકાળ હોવાથી તે જ પર્યાયો સત્ છે. કોઈ પણ પર્યાય એક સમયથી વધારે રહેતો નથી. બીજા જ સમયે તે પર્યાય અસત્ બને છે. આમ આ સૂક્ષ્મઋજુસૂત્રનય માને છે. પરંતુ જે સ્થૂલઋજુસૂત્ર નય છે. તે મનુષ્યાદિ કંઈક દીર્ઘવર્તમાનકાળવર્તી પર્યાયને માને છે. સ્થૂલઋજુસૂત્ર નય પણ માને તો છે વર્તમાન કાળ જ, પરંતુ કંઈક દીર્ઘવર્તમાનકાળવર્તી પર્યાયને વર્તમાનરૂપ હોવાથી માન્યતા રાખે છે. સૂક્ષ્મ ઋજુસૂત્ર નય તો ક્ષણિકપર્યાયને વર્તમાનરૂપે સ્વીકારનાર હોવાથી ત્રિકાળવર્તી પર્યાયને નથી માનતો, પરંતુ આ સ્થૂલ ઋજુસૂત્રનય પણ ત્રણકાળવર્તી (મેરૂપર્વત-શાશ્વચૈત્ય ઈત્યાદિ) પર્યાયને માનતો નથી. ફક્ત દીર્ઘકાળવર્તી વર્તમાનને જ પ્રધાન કરે છે.

આ રીતે સ્થૂલઋજુસૂત્ર નય દીર્ઘ એવા પણ વર્તમાનકાળને માન્ય રાખે છે. ભૂત-ભાવિને નહીં. જ્યારે વ્યવહારનય ત્રિકાળવર્તી પર્યાયને માને છે. નિકટના ભૂત-ભાવિને પણ માન્ય રાખે છે. આવા પ્રકારનો બન્ને નયોમાં માન્યતાભેદ છે. તે માટે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સ્થૂલઋજુસૂત્રનય અને વ્યવહારનયની સંકરતા (મિશ્રતા-સમાનતા-ઐક્યતા) ન જાણવી. બન્ને નયો સરખા વિષયના છે. એમ ન જાણવું જેમ કે રાવણ અને લક્ષ્મણ હાલ ચોથી નરકમાં છે. અને પરસ્પર યુદ્ધ કરે છે. આ બાબતને સ્થૂલઋજુસૂત્ર નય "બે નારકીજીવો લડે છે. પરસ્પર યુદ્ધ કરે છે" એમ બોલશે, પરંતુ "રાવણ-લક્ષ્મણ લડે છે પરસ્પર યુદ્ધ કરે છે" એમ નહી બોલે, કારણ કે તે જીવો અત્યારે રાવણ-લક્ષ્મણ નથી. પરંતુ વ્યવહાર નય આમ બોલશે કે હાલ ચોથી નારકીમાં "રાવણ-લક્ષ્મણ લડે છે પરસ્પર યુદ્ધ કરે છે" આ બન્ને નયોમાં આટલો તફાવત છે. કોઈ એકનય બીજાનયની વાત ન સ્વીકારે તેટલા માત્રથી બીજા નયની વાત નિષ્ફળ કે નકામી ન જાણવી. આ બાબતમાં બન્ને નયોનો દૃષ્ટિભેદ જ કામ કરે છે. ॥ ૮૬ ॥

**શબ્દ પ્રકૃતિ પ્રત્યયાદિક, સિદ્ધ માનઈં શબ્દ રે ।**
**સમભિરૂઢ વિભિન્ન અર્થક, કહઈં ભિન્ન જ શબ્દ રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૪ ॥**

*ગાથાર્થ—* શબ્દનય પ્રકૃતિ (મૂલધાતુ) આદિ અને પ્રત્યય આદિથી બનેલા વ્યાકરણથી સિદ્ધ થયેલા શબ્દને માને, સમભિરૂઢનય ભિન્ન ભિન્ન શબ્દે ભિન્ન ભિન્ન અર્થ માન્ય રાખે. ॥ ૬-૧૪ ॥

જૈનમ્ જયતિ શાસનમ્

***ટબો—*** **શબ્દનય તે પ્રકૃતિ પ્રત્યયાદિક વ્યાકરણવ્યુત્પત્તિ સિદ્ધ શબ્દ માનઈં. પણિ લિંગ વચનાદિ ભેદઈં અર્થનો ભેદ માનઈં. જિમ "तटः तटी तटम्" એ ૩ લિંગભેદઈં અર્થભેદ, તથા आपः जलम् ઇહાં એકવચન બહુવચન ભેદઈં અર્થભેદ.**

**ઋજુસૂત્ર નયનઈં એ ઈમ કહઈં જે "કાલભેદઈં અર્થભેદઈં તું માનઈં છઈ, તો લિંગાદિભેદઈં ભેદ કાં ન માનઈં ?" સમભિરૂઢ નય ઈમ કહઈં જે "ભિન્નશબ્દ ભિન્નાર્થક જ હોઈ" શબ્દનયનઈં એ ઈમ કહઈં જે. "જો તું લિંગાદિભેદઈં અર્થભેદ માનઈં છઈ, તો શબ્દભેદઈં અર્થભેદ કાં ન માનઈં ?" તે માટિં ઘટશબ્દાર્થ ભિન્ન, કુંભશબ્દાર્થ ભિન્ન, ઈમ એ માનઈં, એકાર્થપણું પ્રસિદ્ધ છઈ, તે શબ્દાદિનયની વાસના થકી. ॥ ૬-૧૪ ॥**

*વિવેચન—* ઋજુસૂત્રનયના બે ભેદ સમજાવીને હવે શબ્દનય સમજાવે છે.

**शब्दनय, ते प्रकृतिप्रत्ययादिक व्याकरणव्युत्पत्ति सिद्ध शब्द मानइं. पणि लिंगवचनादि भेदइं अर्थनो भेद मानइं. जिम "तटः तटी तटम्" ए ३ लिङ्गभेदइं अर्थभेद, तथा "आपः जलम्" इहां एकवचन बहुवचन भेदई अर्थभेद.**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે શબ્દનય છે. તે પ્રકૃતિ (એટલે મૂલધાતુ કયો ?) તથા તેને પ્રત્યય કયો લાગ્યો છે ? કયા અર્થમાં લાગ્યો છે ? કયા કાળમાં અને કયા કારકમાં લાગ્યો છે ? ઈત્યાદિ બરાબર જોઈને વ્યાકરણનાં સૂત્રો દ્વારા સિદ્ધ થયેલા શબ્દને જ માન્ય રાખે છે. જેમ કે **पचति इति पाचकः अध्यापयतीति अध्यापकः** જે રસોઈ કરે તે પાચક અને જે ભણાવવાનું કામકાજ કરે તે અધ્યાપક કહેવાય છે. અહીં **पच्** પ્રકૃતિ છે અને કર્તાકારકમાં **णक्** પ્રત્યય લાગ્યો છે. તથા **अधि** ઉપસર્ગ પૂર્વક **ई** ધાતુને પ્રેરકકર્તામાં **णि** લાગીને **णक्** પ્રત્યય લાગ્યો છે. આ પ્રમાણે સિદ્ધહેમ, પાણિની આદિ વ્યાકરણોથી સિદ્ધ થયેલા શબ્દોનો આ શબ્દનય સ્વીકાર કરે છે. તે શબ્દો જ નિયત અર્થના બોધક હોવાથી સપ્રમાણ છે. એમ આ નય માને છે.

તથા તે વ્યાકરણ સિદ્ધ શબ્દોમાં પણ લિંગ અને વચન આદિના ભેદથી અર્થનો ભેદ આ નય માને છે. જે જે શબ્દોનાં લિંગ વચન અને કારક વિગેરે ભિન્ન ભિન્ન હોય છે તે તે શબ્દોના અર્થ ભિન્ન ભિન્ન કરે છે. જેમ કે **तटः तटी तटम्** આ ત્રણે શબ્દોનો અર્થ *"કિનારો"* જ થાય છે. તો પણ લિંગભેદ હોવાથી ત્રણે શબ્દોના અર્થો આ નય ભિન્ન ભિન્ન કરે છે. તડાગ અને સમુદ્રના કિનારાને **तटः** કહે, નદીના કિનારાને **तटी** કહે, અને સામાન્ય વહેતા જળના (ઝરણાના) કિનારાને **तटम्** કહે, એવી જ રીતે ઉંડો ખાડો હોય તો કુવો કહે અને સાધારણ ઉંડો ખાડો હોય તો કુઈ કહે આ પ્રમાણે જે જે શબ્દોનાં લિંગ ભિન્ન ભિન્ન હોય, તે તે શબ્દોના અર્થો આ નય કંઈક કંઈક અર્થવિશેષ કરીને ભિન્ન ભિન્ન કરે છે. આ લિંગભેદે અર્થભેદનું ઉદાહરણ છે.

તથા વચનભેદે પણ અર્થભેદ કરે છે. જેમ કે "**आपः** અને **जलम्**" અહીં **आपः** શબ્દ બહુવચન છે. અને **जलम्** શબ્દ એકવચન છે માટે તે બન્ને શબ્દોના અર્થ આ નય ભિન્ન ભિન્ન કરે છે. જો અર્થનો ભેદ ન હોય તો લિંગનો ભેદ કે વચનનો ભેદ કેમ હોય ? માટે લિંગભેદ જ્યાં હોય અથવા વચનભેદ જ્યાં હોય ત્યાં અર્થનો ભેદ પણ અવશ્ય હોય જ છે. ઘણું પાણી હોય ત્યાં **आपः**, અને થોડું પાણી હોય ત્યાં **जलम्**, કહેવાય. આમ આ નયનું કહેવું છે.

**ऋजुसूत्रनयनइं ए इम कहइं-जे कालभेदइं अर्थभेदइं तुं मानइं छइं, तो लिंगादिभेदइं भेद कां न मानइं ?**

પૂર્વે આવી ગયેલા ઋજુસૂત્રનયને ઠપકો આપતાં આ શબ્દનય આ પ્રમાણે કહે છે કે હે ઋજુસૂત્રનય ! જો તું કાળભેદે અર્થભેદ માને છે તો લિંગ-વચન-કારક આદિ ભેદોએ કરીને અર્થનો ભેદ કેમ નથી માનતો ? ભૂત-ભાવિકાળની વસ્તુને નથી માનતો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને વર્તમાનકાળને જ જો તું માન્ય રાખે છે. ભૂત-ભાવિની વસ્તુ અસત્ અને વર્તમાનની જ વસ્તુ સત્ આમ જો તું માને છે આ રીતે કાળભેદવાળી જે વસ્તુ હોય તેને ભિન્ન છે. એમ તું સમજે છે. તો પછી જેનું લિંગ ભિન્ન, જેનું વચન ભિન્ન, તે શબ્દોથી વાચ્યવસ્તુ પણ ભિન્ન ભિન્ન હોવી જોઈએ, તે એક કેમ હોઈ શકે ? આવો ઠપકો આ શબ્દનય પોતાના નિકટવર્તી મિત્ર ઋજુસૂત્રનયને આપે છે. મિઠી ભાષાથી ઋજુસૂત્રનયને સમજાવે છે.

**समभिरूढनय इम कहइ जे ''भिन्न शब्द भिन्नार्थकज होइ'' शब्दनयनइं ए इम कहइ जे ''जो तुं लिंगादिभेदइं अर्थभेद मानइं छइं, तो शब्दभेदइं अर्थभेद कां न मानइं?'' ते माटिं घटशब्दार्थ भिन्न, कुम्भशब्दार्थ भिन्न, इम ए मानइ, एकार्थपणुं प्रसिद्ध છે. ते शब्दादि नयनी वासना थकी ॥ ६-१४ ॥**

સમભિરૂઢ નય આ પ્રમાણે કહે છે કે જે જે શબ્દો ભિન્ન છે. તે તે શબ્દો સ્થૂલદૃષ્ટિએ ભલે પર્યાયવાચી-એકાર્થક સમાનાર્થક જણાતા હોય, તો પણ ભિન્નાર્થક જ હોય છે. કોઈ પણ પર્યાયવાચી શબ્દો શબ્દભેદવાળા હોવાથી અવશ્ય અર્થભેદવાળા જ હોય છે. જેમ કે "नृप-भूप" આ બન્ને શબ્દોનો અર્થ ભલે રાજા થતો હોય, અને તેથી ભલે સમાનાર્થક જણાતો હોય પરંતુ વાસ્તવિક તેમ નથી. नृप એટલે મનુષ્યોનું પાલન કરનાર રાજા, અને भूप એટલે પૃથ્વીનું પાલન કરનાર રાજા, બન્ને રાજાઓની પ્રકૃતિ જુદી હોવાથી બન્ને રાજા જુદા કહેવાય છે. એમ આ સમભિરૂઢનયનું કહેવું છે.

આ સમભિરૂઢનય પોતાના નિકટતમવર્તી મિત્ર એવા શબ્દનયને ઉપાલંભ આપતાં આમ કહે છે કે હે શબ્દનય ! જો તું લિંગાદિ (લિંગ-વચન-કારક આદિ) થી અર્થનો ભેદ માને છે. તો પછી જે જે શબ્દો અલગ અલગ હોય ત્યાં શબ્દભેદે (વ્યુત્પત્તિભેદે) અર્થભેદ કેમ નથી માનતો ? ન્યાય તો બન્ને સ્થાને સમાન જ પ્રવર્તેને ? તે માટે હે શબ્દનય ! ઘટશબ્દનો અર્થ ભિન્ન થાય છે. અને કુંભશબ્દનો અર્થ પણ ભિન્ન થાય છે. સમભિરૂઢનય આમ માને છે. घट અને कुम्भ શબ્દોમાં, नृप અને भूप શબ્દોમાં તથા આવા પ્રકારના પર્યાયવાચી શબ્દોમાં જે એકાર્થપણું (સમાન અર્થપણું) પ્રસિદ્ધ છે. તે પૂર્વે આવી ગયેલા શબ્દ વિગેરે અન્ય નયના સંસ્કારોથી છે. વાસ્તવિક એકાર્થક પણું નથી પરંતુ ભિન્નાર્થક પણું છે. આમ આ નયનું કહેવું છે. ॥ ૮૭ ॥

**ક્રિયા પરિણત અર્થ માનઈં સર્વ એવમ્ભૂત રે ।**
**નવઈં નયના ભેદ ઈણિ પરિ, અટ્ઠાવીસ પ્રભૂત રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૫ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ગાથાર્થ*— એવંભૂત નય સર્વે શબ્દો જો ક્રિયાપરિણત અર્થવાળા હોય તો જ માન્ય રાખે છે. આ પ્રમાણે નવે નયોના મળીને ૨૮ અર્થાત્ ઘણા ભેદો થયા. ॥ ૬-૧૫ ॥

**ટબો— એવંભૂત નય-સર્વ અર્થ, ક્રિયાપરિણત-ક્રિયાવેલાઈ માનઈં, અન્યદા ન માનઈં, જિમ રાજઈ=છત્રચામરાદિકઈં શોભઈં, તે રાજા, તિં પર્ષદામાંહિં બઈઠાં ચામર ઢલાઈં, તિવારઈં. સ્નાનાદિકવેલાઈં તે અર્થ વિના રાજા ન કહિઈં ઈમ નવઈં નયના અઠ્ઠાવીસ ભેદ પ્રભૂત કહેતાં ઘણા થયા. ॥ ૬-૧૫ ॥**

*વિવેચન*— શબ્દનય અને સમભિરૂઢ નય સમજાવીને હવે છેલ્લો એવંભૂત નય સમજાવે છે. એવંભૂતનય ક્રિયા પરિણત અર્થને માને છે.

**एवम्भूतनय सर्व अर्थ, क्रियापरिणत-क्रियावेलाइ मानइं, अन्यदा न मानइं, जिम राजइ = छत्रचामरादिकइं शोभइं ते राजा, तिं पर्षदामांहिं बइठां चामर ढलाइं, ति वारइं. स्नानादिकवेलाइं ते अर्थ विना राजा न कहिइं, इम नवइं नयना अठ्ठावीस भेद प्रभूत कहतां घणा थया. ॥ ६-१५ ॥**

जैन साईट JAINSITE

એવંભૂત નય સર્વે પણ શબ્દો જ્યારે ક્રિયાપરિણત અર્થવાળા હોય, ત્યારે જ સ્વીકારે, જે શબ્દનો જેવો અર્થ થતો હોય તેવી ક્રિયા પ્રવર્તતી હોય, તો જ તેવો અર્થ પ્રાપ્ત હોવાથી તે શબ્દનો પ્રયોગ કરે. જેમ કે પાચકને પાચક ત્યારે જ કહે કે જ્યારે તે રસોઈની ક્રિયા કરતો હોય, અધ્યાપકને અધ્યાપક ત્યારે જ કહે કે જ્યારે તે અધ્યયન કરાવવાની ક્રિયા કરતા હોય, નૃપને નૃપ ત્યારે જ કહેવાય કે જ્યારે તે યુદ્ધ કરતા હોય અને મનુષ્યોનું રક્ષણ કરતા હોય, એવી જ રીતે **राजइ** = **राजते** = જે છત્ર ચામર રાજમુગટ આદિ રાજચિહ્નો વડે શોભા પામે = શોભતા હોય, સિંહાસન ઉપર બેઠેલા હોય, તથા **ति वारइं** = જ્યારે તે રાજા પર્ષદા વચ્ચે બેઠા હોય, રાજચિંતા તથા રાજ્યવ્યવસ્થા કરતા હોય, ચામર આદિ વીંજાતાં હોય, **तिवारइं** = ત્યારે જ રાજા કહેવાય છે.

જ્યારે તે રાજા સ્નાનાદિ ક્રિયામાં વર્તતા હોય તે વેલાએ રાજાશાહી ઠાઠ-માઠ-શોભા વિદ્યમાન નથી. તેથી રાજા કહેવાય નહીં. રાજાશાહી ઠાઠ વિના રાજા કેમ કહેવાય ? અને જો રાજાશાહી ઠાઠ વિના પણ રાજા કહીએ તો સામાન્ય માનવીને પણ રાજા કહેવા પડે, આમ એવંભૂતનય ક્રિયાપરિણત અર્થને જ અર્થરૂપે પ્રધાનપણે સ્વીકારે છે.

| | | |
|---|---|---|
| ૧. દ્રવ્યાર્થિક નયના ૧૦ | ૪. સંગ્રહનયના ૨ | ૭. શબ્દનયનો ૧ |
| ૨. પર્યાયાર્થિકનયના ૬ | ૫. વ્યવહારનયના ૨ | ૮. સમભિરૂઢનયનો ૧ |
| ૩. નૈગમનયના ૩ | ૬. ઋજુસૂત્રનયના ૨ | ૯. એવંભૂતનયનો ૧ |
| | | કુલ = ૨૮ |

આ પ્રમાણે નવે નવોના મળીને કુલ ૨૮ ભેદ થયા. જે ઘણા ભેદો કહેવાય છે. ॥ ૮૮ ॥

**નવઈં નય ઈમ કહિયા, ઉપનય તીન કહિઈં સાર રે ।**
**સાચલો શ્રુત અરથ પરખી, લહો જસ વિસ્તાર રે ॥**
**બહુભાંતિ ફઈલી જઈન શઈલી ॥ ૬-૧૬ ॥**

*ગાથાર્થ*— આ પ્રમાણે નવે નયો સમજાવ્યા, હવે ત્રણ ઉપનય જણાવે છે તેમાં જે જે સાચો શ્રુતનો અર્થ હોય, તેની પરીક્ષા કરીને ગ્રહણ કરો અને યશના વિસ્તારને પ્રાપ્ત કરો. ॥ ૬-૧૬ ॥

**ટબો**— **ઈમ નવઈં નય કહિયા, હિવઈ-૩ ઉપનય દિગંબર પ્રક્રિયાઈં કહિઈં છઈં. એહમાંહિં-સાચો શ્રુતનો અર્થ પરખી કરીનઈં, બહુશ્રુત પણાના યશનો વિસ્તાર પામો.** "नयानां समीपे उपनयाः" ॥ ૬-૧૬ ॥

વિવેચન— આ પ્રમાણે નવે નયોના અર્થ સંક્ષેપથી સમજાવ્યા. તેનો ઉપસંહાર કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે—

**इम नवइं नय कहिया, हिवइ-३ उपनय दिगंबर प्रक्रियाइं कहिइं छइं एहमांहि- साचो श्रुतनो अर्थ परखी करीनइं बहुश्रुतपणाना यशनो विस्तार पामो. नयानां समीपे उपनयाः ॥ ६-१६ ॥**

આ પ્રમાણે નવે નયો સમજાવ્યા. તથા નવે નયોના અર્થો અને તેના ૨૮ ભેદો અને તે ૨૮ ભેદોના અર્થો પણ સમજાવ્યા. હવે ૩ ઉપનયો દિગંબર પ્રક્રિયામાં જે પ્રમાણે નયચક્રમાં સમજાવ્યા છે. તે પ્રમાણે સમજાવીએ છીએ, આ પ્રમાણે નયોના અને ઉપનયોના જે અર્થો સમજાવાય છે તેમાં શાસ્ત્રાનુસારી જે જે અર્થ હોય, તેના સત્યાર્થને સમજીને, તેની પૂર્વાપર બરાબર પરીક્ષા કરીને, *"બહુશ્રુતપણાના"* યશને પ્રાપ્ત કરો. જે મહાત્માઓ શાસ્ત્રાનુસારી સૂક્ષ્મ અર્થનું સુંદર રીતે અવગાહન કરે છે. તેઓને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

બહુશ્રુતપણાનો = ગીતાર્થપણાનો યશ આપોઆપ મળે જ છે. તેને પ્રાપ્ત કરનારા થાઓ.

તથા દિગંબરામ્નાયમાં "નયચક્ર" માં સાતે નયોના અર્થને અને તેના ઉપરોક્ત ભેદને સૂચવનારી ૨૦૫ થી ૨૧૫ સુધીની ગાથાઓ આ પ્રમાણે છે–

णिप्पण्णमिव पयंपदि, भाविपदत्थं खु जो अणिप्पण्णं ।
अप्पत्थे जह पत्थं, भण्णइ सो भावि णइगमुत्ति णओ ॥ २०५ ॥
णिव्वत्तत्थकिरिया, वट्टणकाले तु जं समायरणं ।
जं भूदणइगमणयं, जहजदिणं णिव्वुओ वीरो ॥ २०६ ॥
पारद्धा जा किरिया, पचणविहाणादि कहइ जो सिद्धा ।
लोएसु पुच्छमाणो, भण्णइ तं वट्टमाणणयं ॥ २०७ ॥
अवरोप्परमविरोहे, सव्वं अत्थित्ति सुद्धसंगहणे ।
होइ तमेव असुद्धं, इगिजाइ विसेसगहणेण ॥ २०८ ॥
जं संगहेण गहियं, भेयइ अत्थं असुद्ध सुद्धं वा ।
सो ववहारो दुविहो, असुद्ध सुद्धत्थभेयकरो ॥ २०९ ॥
जो एयसमयवट्टी, गेण्हइ दव्वे धुवत्तपज्जायं ।
सो रिउसूत्तो सुहुमो, सव्वंपि सद्दं जहा खणियं ॥ २१० ॥
मणुयाइयपज्जाओ, मणुसोत्ति सगट्ठिदीसु वट्टंतो ।
सो भणइ तावकालं, सो थूलो होइ रिउसूत्तो ॥ २११ ॥
जो वट्टणं ण भण्णइ, एयत्थे भिण्णलिंगआईणं ।
सो सद्दणओ भणिओ, णेओ पुंसाइआण जहा ॥ २१२ ॥
अहवा सिद्धे सद्दे, कीरइ जं किंपि अत्थववहारं ।
तं खलु सद्दे विसयं, देवो सद्देण जह देवो ॥ २१३ ॥
सद्दारूढो अत्थो, अत्थारूढो तहेव पुण सद्दो ।
भणइ इह समभिरूढो, जह इंद पुरंदरो सक्को ॥ २१४ ॥
जं जं करेइ कम्मं, देही मणवयणकायचेट्ठादो ।
तं तं खु णामजुत्तो, एवंभूदो हवे स णओ ॥ २१५ ॥

તથા દેવસેન આચાર્યકૃત આલાપપદ્ધતિમાં પણ આ પ્રમાણે કહેલ છે.

जैन साईट JAINSITE.com जैनं जयति शासनम्

नैगमस्त्रेधा–भूतभाविवर्तमानकालभेदात् । अतीते वर्तमानारोपणं यत्र, स भूतनैगमो, यथा-अद्य दिपोत्सवदिने श्रीवर्धमानस्वामी मोक्षं गतः । भाविनि भूतवत् कथनं यत्र स भाविनैगमो यथा, अर्हन् सिद्ध एव । कर्तुमारब्धमीषन्निष्पन्नमनिष्पन्नं वा वस्तु निष्पन्नवत्कथ्यते यत्र स वर्तमाननैगमो यथा, ओदनः पच्यते । इति नैगमस्त्रेधा ।

संग्रहो द्विविधः । सामान्यसंग्रहो यथा-सर्वाणि द्रव्याणि परस्परमविरोधीनि । विशेषसंग्रहो यथा-सर्वे जीवाः परस्परमविरोधिनः इति संग्रहोऽपि द्वेधा । व्यवहारोऽपि द्वेधा । सामान्यसंग्रहभेदकव्यवहारो यथा- द्रव्याणि जीवाजीवाः । विशेषसंग्रहभेदक-व्यवहारो यथा-जीवाः संसारिणो मुक्ताश्च । इति व्यवहारोऽपि द्वेधा ।

ऋजुसूत्रो द्विविधः । सूक्ष्मर्जुसूत्रो यथा— एकसमयावस्थायी पर्यायः । स्थूलर्जुसूत्रो यथा-मनुष्यादि पर्यायास्तदायुःप्रमाणकालं तिष्ठन्ति । इति ऋजुसूत्रोऽपि द्वेधा । शब्दसमभिरूढैवम्भूताः प्रत्येकमैकैके नयाः । शब्दनयो यथा-दारा भार्या कलत्रम्, जलमापः । समभिरूढनयो यथा- गौः पशुः । एवम्भूतो नयो यथा-इन्दतीति इन्द्रः- उक्ता अष्टाविंशतिर्नयभेदाः ।

"લહો જસ વિસ્તાર રે" આ છેલ્લી ગાથાના પદમાં "જસ" શબ્દ લખીને ગ્રંથકર્તાએ કર્તા તરીકે પોતાનું નામ ગર્ભિત રીતે સૂચવ્યું છે. ॥૮૯ ॥

## છઠ્ઠી ઢાળ સમાપ્ત

જૈન સાઈટ JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

# ઢાળ – સાતમી

**સદ્ભૂત વ્યવહાર, ભેદ પ્રથમ તિહાં, ધર્મ ધર્મીના ભેદથી એ. ॥ ૭-૧ ॥**
**શુદ્ધ અશુદ્ધ દ્વિભેદ, શુદ્ધ અશુદ્ધના, તેહ અરથના ભેદથી એ. ॥ ૭-૨ ॥**
**જિમ જગિ કેવલ જ્ઞાન, આતમદ્રવ્યનું, મઈ નાણાદિક તેહનું એ. ॥ ૭-૩ ॥**
**ગુણ-પર્યાય સ્વભાવ, કારક તન્મયનો, ભેદ અરથ છઈ એહનો એ. ॥ ૭-૪ ॥**

*ગાથાર્થ*– ધર્મ અને ધર્મીનો ભેદ જણાવનાર જે નય, તે સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. ઉપનયના ત્રણ ભેદો પૈકી આ પ્રથમભેદ છે. ॥ ૭-૧ ॥

શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારના અર્થના (પદાર્થના સ્વરૂપના) ભેદથી સદ્ભૂત વ્યવહાર ઉપનય નામનો આ પ્રથમ ભેદ શુદ્ધ-અશુદ્ધના નામે બે પ્રકારનો છે. ॥ ૭-૨ ॥

જેમ જગતમાં ''કેવળજ્ઞાન એ આત્મદ્રવ્યનો ગુણ'' છે. તથા ''મતિજ્ઞાનાદિક આત્માના ગુણો'' છે. આમ કહેવું તે સદ્ભૂત વ્યવહાર ઉપનય નામના પ્રથમભેદના શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદનાં અનુક્રમે બે ઉદાહરણો જાણવાં. ॥ ૭-૩ ॥

આ પ્રમાણે ગુણ-ગુણીનો, પર્યાય-પર્યાયવાનનો, સ્વભાવ-સ્વભાવવંતનો કારક-કારકીનો ભેદ જણાવનાર જે અર્થ તે સર્વે સદ્ભૂત વ્યવહાર ઉપનયનાં ઉદાહરણો જાણવાં. ॥ ૭-૪ ॥

**ટબો– તિહાં-સદ્ભૂત વ્યવહાર, પ્રથમ ઉપનયનો ભેદ. તે ધર્મ અનઈ-ધર્મી, તેહના ભેદ દેખાડવાથી હોઇ. ॥ ૭-૧ ॥**

**તે વળી, ૨ પ્રકારિ હોઇ-૧ શુદ્ધ, બીજો-અશુદ્ધ ૨, શુદ્ધ ધર્મ-ધર્મીના ભેદથી શુદ્ધસદ્ભૂત વ્યવહાર, અશુદ્ધ ધર્મ-ધર્મીના ભેદથી અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર. સદ્ભૂત તે માટિં, જે-એક દ્રવ્ય જ છઇ. ભિન્ન દ્રવ્ય સંયોગાપેક્ષા નથી. વ્યવહાર તે માટિં જે-ભેદ દેખાડિઇં છઇં. ॥ ૭-૨ ॥**

**જિમ-જગમાંહિ ''આત્મદ્રવ્યનું કેવલજ્ઞાન'' ઈમ-ષષ્ઠીઇં પ્રયોગ કીજઇ, તથા ''મતિજ્ઞાનાદિક આત્મદ્રવ્યના ગુણ'' ઈમ બોલાવિઇં ॥ ૭-૩ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ગુણ-ગુણીનો, પર્યાય-પર્યાયવંતનો, સ્વભાવ-સ્વભાવવંતનો, કારક અનઇં તન્મય કહતાં - કારકી, તેહનો જે એક દ્રવ્યાનુગત ભેદ બોલાવિઇં, તે સર્વ એ ઉપનયનો અર્થ જાણવો. "घटस्य रूपम्, घटस्य रक्तता, घटस्य स्वभावः, मृदा घटो निष्पादितः" ઇત્યાદિ પ્રયોગ જાણવા. ॥ ૭-૪ ॥**

*વિવેચન*– છઠ્ઠી ઢાળમાં નવે નયોના ૨૮ ભેદો સમજાવીને હવે આ સાતમી ઢાળમાં ત્રણ ઉપનયના અર્થો તથા તે ત્રણ ઉપનયના ભેદ-પ્રતિભેદો સમજાવે છે.

૧. સદ્‌ભૂત વ્યવહાર ઉપનય.
૨. અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય.
૩. ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય

**तिहां–सद्भूत व्यवहार, प्रथम उपनयनो भेद, ते धर्म अनइं धर्मी, तेहना भेद देखाडवाथी होइ ॥ ७-१ ॥**

ઉપનયના કુલ ૩ ભેદો છે. ત્યાં *"સદ્‌ભૂત વ્યવહાર ઉપનય"* આ નામનો ઉપનયનો આ પ્રથમ ભેદ છે.

જે ધર્મી દ્રવ્યમાં જે ધર્મ વાસ્તવિકપણે સદ્‌ભૂત છે એટલે કે વિદ્યમાન છે. તે ધર્મનો અને તે ધર્મીનો ભેદ દેખાડવાથી આ પ્રથમ ઉપનયનો ભેદ થાય છે. કોઈ પણ ધર્મી દ્રવ્યમાં સદ્‌ભૂત (વિદ્યમાન) એવા ધર્મો હોય તો છે જ, કારણ કે ધર્મો હોય તો જ ધર્મીને ધર્મી કહેવાય છે. એટલે ધર્મીમાં ધર્મો અવશ્ય છે જ. પરંતુ ધર્મ-ધર્મીની વચ્ચે કથંચિદ્‌ભેદ પણ હોય છે અને કથંચિદ્ અભેદ પણ હોય છે. આમ ભેદાભેદ ઉભય હોવા છતાં પણ જ્યારે ભેદ જ દેખાડાય, અને અભેદ દેખાડવામાં ઉપેક્ષા કરાય, ત્યારે ઉપનયનો આ પ્રથમભેદ *"સદ્‌ભૂત વ્યવહાર ઉપનય"* કહેવાય છે.

નયની સમીપે જે વર્તે તે ઉપનય કહેવાય છે. જેમ નગરની નજીક જે નગર તે ઉપનગર કહેવાય છે. તથા અન્ત્યની પાસે જે વર્તે તે ઉપાન્ત્ય કહેવાય છે. તેવી જ રીતે નયોની જેવી જ એકની પ્રધાનતા અને અન્યની ગૌણતા હોવાથી જાણે નયોની સમીપતા (નિકટતા) હોય નહી શું ? એમ સમજીને કરાયેલી આવી વિવક્ષાઓને *"ઉપનય"* કહેવાય છે. ધર્મી દ્રવ્યોમાં જે જે ધર્મો વિદ્યમાન છે. અને દેખાડાય છે. તેવા વિદ્યમાન ધર્મોની વિવક્ષાઓને *"સદ્‌ભૂત"* કહેવાય છે. અને ષષ્ઠી વિભક્તિ દ્વારા ભેદ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જણાવાય છે તે માટે *"વ્યવહાર"* કહેવાય છે. આમ આ વિવક્ષાઓને *"સદ્ભૂત વ્યવહાર ઉપનય"* કહેલ છે. ॥૯૦॥

**ते वली २ प्रकारिं होइ - १ शुद्ध, २. बीजो अशुद्ध. शुद्ध धर्म-धर्मीना भेदथी शुद्धसद्भूतव्यवहार, अशुद्ध धर्म-धर्मीना भेदथी अशुद्धसद्भूतव्यवहार.**

તે સદ્ભૂત વ્યવહાર ઉપનયના વલી ૨ ભેદો (પ્રકારો) છે. ૧ પ્રથમભેદ શુદ્ધ, અને ૨ બીજો ભેદ અશુદ્ધ.

કર્મોના ક્ષયથી આત્મામાં પ્રગટ થયેલા ક્ષાયિકભાવના જે ગુણો છે. તેને શુદ્ધધર્મો કહેવાય છે. તે શુદ્ધધર્મોનો અને તે ધર્મીનો ભેદ દેખાડવાથી તેવા ભેદને જણાવનારા નયને "શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય" કહેવાય છે. એવી જ રીતે પુદ્ગલાસ્તિકાયમાં રહેલા સ્વયંસિદ્ધ વર્ણાદિ ધર્મોનો ભેદ જણાવનારો જે નય તે શુ. સ. વ્ય. ઉપનય જાણવો. તથા ભિન્ન ભિન્ન પુદ્ગલ દ્રવ્યના સંયોગથી થયેલા વર્ણાદિના ભેદને જણાવનારો જે નય, તે અશુદ્ધ. સ. વ્ય. નય જાણવો. તથા આત્મામાં ક્ષાયોપશમિકભાવના અને ઔદયિકભાવના જે જે ગુણો અને પર્યાયો સ્વરૂપ ધર્મો છે. તેનો ભેદ જણાવનારો જે નય તે "અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય" જાણવો. જ્ઞાનના વિષયભૂત ધર્મો શુદ્ધ-અશુદ્ધ બે પ્રકારના છે તે માટે તેના ભેદને જણાવનાર સદ્ભૂત વ્યવહાર ઉપનય પણ બે પ્રકારે છે.

*પ્રશ્ન—* શુદ્ધધર્મ અને અશુદ્ધધર્મ કોને કહેવાય ? અહીં શુદ્ધાશુદ્ધની વ્યાખ્યા શું ?

*ઉત્તર—* દ્રવ્યોના મૂલભૂત જે સ્વાભાવિક ગુણ-ધર્મો છે તે શુદ્ધ. અને દ્રવ્યોના ઉત્તરભેદરૂપ જે ગુણ-ધર્મો છે. તે અશુદ્ધ. અર્થાત્ દ્રવ્યની સાથે અનાદિ-અનંતકાળ સુધી સહજસ્વભાવે સાથે રહેલા જે ગુણધર્મો તે શુદ્ધ અને ક્ષયોપશમાદિ અભ્યંતરકારણોને લીધે કાદાચિત્ક કાળસ્થિતિવાળા ગુણધર્મો તે અશુદ્ધ ધર્મો કહેવાય છે.

*પ્રશ્ન—* સદ્ભૂત અને અસદ્ભૂત એટલે શું ?

**सद्भूत ते माटिं, जे-एकद्रव्य ज छइ, भिन्नद्रव्यसंयोगापेक्षा नथी.**

*ઉત્તર—* જે એકદ્રવ્યાશ્રિત ગુણધર્મો હોય, જેમાં અન્ય દ્રવ્યના સંયોગની અપેક્ષા ન હોય, તે સદ્ભૂત ગુણધર્મો કહેવાય છે. અને જે ગુણધર્મો એક દ્રવ્યાશ્રિત ન હોય, પરંતુ જેમાં અન્ય દ્રવ્યના સંયોગની અપેક્ષા હોય તે અસદ્ભૂત ધર્મો કહેવાય છે. જેમ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાન અને મતિજ્ઞાનાદિ ગુણો જીવદ્રવ્યના છે. આમ કહેવું તે સદ્ભૂત ઉપનય. અને હું કાળો, હું ગોરો, તે જાડો, તે પાતળો, ઈત્યાદિ કહેવું તે અસદ્ભૂત વ્યવહાર ઉપનય.

આમ હોવાથી આ ચાલુ ૧ થી ૪ ગાથામાં જે ભેદો સમજાવાય છે તે સર્વે સદ્ભૂત વ્યવહારના છે. ત્યાં સદ્ભૂત શબ્દ તેટલા માટે વપરાય છે કે કેવળજ્ઞાન જીવનું છે અથવા મતિજ્ઞાનાદિગુણો જીવના છે. આમ બોલવામાં એક દ્રવ્યની અપેક્ષા વર્તે છે. તેવું બોલવામાં અન્યદ્રવ્યના સંયોગની અપેક્ષા વર્તતી નથી. માટે આ ભેદો સદ્ભૂતવ્યવહારના થાય છે.

*પ્રશ્ન–* આ નયને "વ્યવહાર" ઉપનય આમ કેમ કહેવાય છે ?

**व्यवहार ते माटिं-जे भेद देखाडइ छइं ॥ ७-२ ॥**

*ઉત્તર–* *"વ્યવહાર"* એટલા માટે કહેવાય છે કે આ નય ભેદને જણાવે છે. ભેદ જણાવવો એ વ્યવહારનયનો વિષય છે. તેથી જ્યારે જ્યારે ભેદ જણાવાય છે ત્યારે ત્યારે તે નયને "વ્યવહાર" નય કહેવાય છે. આ રીતે શબ્દોની સાર્થકતા જણાવી.

**શુદ્ધ** = દ્રવ્યના મૂલભૂત ગુણો છે. માટે શુદ્ધ.
**અશુદ્ધ** = દ્રવ્યના મૂલભૂતગુણો જે ન હોય, પરંતુ ઉત્તર ભેદરૂપ હોય તે અશુદ્ધ.
**સદ્ભૂત** = એક દ્રવ્ય આશ્રિત જે ગુણધર્મો હોય તે સદ્ભૂત.
**અસદ્ભૂત** = અન્ય દ્રવ્યના સંયોગની જેમાં અપેક્ષા છે. તે અસદ્ભૂત.
**વ્યવહાર** = ભેદને પ્રધાનપણે સૂચવે તે.
**નિશ્ચય** = અભેદને પ્રધાનપણે સૂચવે તે. ॥ ૯૧ ॥

હવે શુદ્ધસદ્ભત વ્યવહાર અને અશુદ્ધસદ્ભૂત વ્યવહાર આ બન્ને ઉપનયોના બે ઉદાહરણો (જીવદ્રવ્યને આશ્રયી) સમજાવે છે.

**जिम-जगमांहि "आत्मद्रव्यनुं केवलज्ञान" इम षष्ठीइं प्रयोग कीजइ, तथा "मतिज्ञानादिक आत्मद्रव्यना गुण" इम बोलाविइं ॥ ७-३ ॥**

જેમ કે આ સંસારમાં *"કેવળજ્ઞાન એ આત્મદ્રવ્યનો"* ગુણ છે. આ પ્રમાણે ષષ્ઠીવિભક્તિ દ્વારા જે ભેદનો પ્રયોગ કરાય છે. તે શુ૦ સ૦ વ્ય૦ ઉપનય. અને *"મતિજ્ઞાનાદિ જે ગુણધર્મો છે. એ આત્મદ્રવ્યના"* છે આમ જે બોલાય છે. તે અશુદ્ધ. સ૦ વ્ય૦ ઉપનય કહેવાય છે. કેવળજ્ઞાનગુણ અનાદિ અનંતકાળથી જીવની સાથે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

શુદ્ધગુણ છે. ક્ષાયિકભાવનો ગુણ છે. માટે આ શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયનું ઉદાહરણ જાણવું. એવી જ રીતે રૂપ રસ ગંધ સ્પર્શ આદિ ગુણો પુદ્ગલ દ્રવ્યના છે. ગતિ સહાયકતા, સ્થિતિસહાયકતા, અવગાહ સહાયકતા અને વર્તના સહાયકતા આદિ ગુણધર્મો ધર્માસ્તિકાયાદિ શેષ ચાર દ્રવ્યોના છે. આમ બોલવું તે સઘળાં ઉદાહરણો શુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયનાં જાણવાં.

તથા મતિજ્ઞાનાદિ ગુણો જીવદ્રવ્યના છે. કાળા-નીલા-પીળાપણું એ ઘટપટનું સ્વરૂપ છે. ધર્માસ્તિકાયાદિમાં રહેલી ચૈત્ર-મૈત્રાદિ વિવક્ષિત એવા અન્ય દ્રવ્યોને આશ્રયી જે ગતિસહાયકતા આદિ. તે સઘળાં ઉદાહરણો અશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયનાં જાણવાં. આ રીતે બીજાં ઉદાહરણો પણ જાણી લેવાં. ॥ ૯૨ ॥

**गुण-गुणीनो, पर्याय-पर्यायवंतनो, स्वभाव-स्वभाववंतनो, कारक अनइं तन्मय कहतां-कारकी, तेहनो जे एकद्रव्यानुगत भेद बोलाविइं, ते सर्व ए उपनयनो अर्थ जाणवो. "घटस्य रूपम्, घटस्य रक्तता, घटस्य स्वभावः मृदा घटो निष्पादितः", इत्यादि प्रयोग जाणवा ॥ ७-४ ॥**

*પ્રશ્ન–* "વ્યવહારનય અને આ ઉપનય" આ બન્નેમાં તફાવત શું ?

*ઉત્તર–* જે પદાર્થ-પદાર્થ વચ્ચેનો ભેદ જણાવે તે વ્યવહારનય અને એક દ્રવ્યાનુગત (એક જ દ્રવ્યની અંદર રહેલો) ગુણ-ગુણીનો, પર્યાય-પર્યાયવંતનો, સ્વભાવ-સ્વભાવવંતનો અને કારક-કારકીનો જે ભેદ છે. તેને જે જણાવે તે સર્વે આ વ્યવહાર ઉપનયનો વિષય જાણવો. એક જ દ્રવ્યની અંદર રહેલા ધર્મ-ધર્મીનો ભેદ જણાવનાર જે નય તે આ શુદ્ધાશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે.

"કેવળજ્ઞાન આત્માનો ગુણ છે." "મતિજ્ઞાનાદિ આત્માના ગુણો છે." આ બન્ને જીવની અંદર ગુણ-ગુણીનો ભેદ જણાવનારાં ઉદાહરણો છે. "સિદ્ધત્વ એ જીવનો પર્યાય છે." "સંસારિત્વ એ પણ જીવનો પર્યાય છે" આ પર્યાય અને પર્યાયવંતનો ભેદ સૂચવનારાં શુદ્ધાશુદ્ધનાં ઉદાહરણો છે. "જ્ઞાનદર્શનોપયોગ એ જીવનો સ્વભાવ છે" "ક્રોધાદિ કષાયવત્તા એ પણ જીવનો (જ વૈભાવિક) સ્વભાવ છે" આ સ્વભાવ-સ્વભાવવંતના ભેદનાં ઉદાહરણો છે. તથા સિદ્ધાદિ અવસ્થાઓ જીવમાંથી બની છે. "એકેન્દ્રિયાદિ સાંસારિક સર્વે અવસ્થાઓ પણ જીવમાંથી જ બની છે" ઈત્યાદિમાં કર્તા-કર્મ આદિ કારકનો અને તે તે કારકવાન એવી કારકી (દ્રવ્ય) થી જે ભેદ જણાવાય છે. તે જીવગત કારક અને તન્મય કહેતાં કારકમયતા અર્થાત્ કારકીના ભેદને આશ્રયી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ઉદાહરણો સમજી લેવાં. કારક એટલે ક્રિયાને કરનાર, ક્રિયા કરવામાં સહાયક = કર્તા, કર્મ-કરણ-સંપ્રદાન-અપાદાન અને આધાર આ છ કારક કહેવાય છે. આ છ જાતનો ક્રિયાવ્યવહાર જે પદાર્થમાં (દ્રવ્યમાં) સંભવે છે. તે પદાર્થ (દ્રવ્ય) કારકી (કારકમય) કહેવાય છે. જીવની જેમ અજીવમાં પણ ભેદદર્શક વ્યવહાર ઉપનયનાં ઉદાહરણો સમજી લેવાં. તે આ પ્રમાણે છે–

**घटस्य रूपम्** = ઘડાનું રૂપ કેવું છે ? અથવા રૂપ એ ઘડાનો ગુણ છે. આ શુદ્ધ સ૦ વ્ય૦ ઉ૦નું ઉદાહરણ છે. તથા શુક્લ-નીલ-પીત આદિ ભિન્ન ભિન્ન અનેક રૂપ એ ઘડાના ગુણો છે. આ અશુદ્ધ. સ૦ વ્ય૦ ઉ૦નાં ઉદાહરણો સમજવાં.

**घटस्य रक्तता** = ઘડાની રક્તતા (લાલાશ) કેવી છે ? ઘડાની લાલાશ ચમકે છે. આ પર્યાય અને પર્યાયવંતનાં ઉદાહરણ છે. તીવ્ર-મંદ ભાવે રહેલી લાલાશ એ પર્યાય છે. અને લાલાશવાળો જે ઘટપદાર્થ તે પર્યાયવંત છે. એવી જ રીતે ઘડાની આકૃતિ સારી છે. ઘડાનો ઘાટ સારો છે. ઈત્યાદિ દૃષ્ટાન્તો પણ જાણવાં.

जैन साईट JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**घटस्य स्वभावः** = ઘડાનો સ્વભાવ જલાધાર છે. પાણીને ધારણ કરવું, પાણીનું ઝમવું (ટપકવું) આ ઘડાનો સ્વભાવ છે. ઘણથી ફુટવું એ પણ ઘડાનો સ્વભાવ છે. આ સ્વભાવ અને સ્વભાવવંતનાં ઉદાહરણો છે.

**मृदा घटो निष्पादितः** = માટીમાંથી ઘડો બનાવાયો છે. આ કારક-કારકીના ભેદનું ઉદાહરણ છે. હકીકત તો એવી છે કે માટી પોતે જ ઘટ બની છે. માટી અને ઘટ આમ બે વસ્તુ નથી. છતાં ભેદપ્રધાન વિવક્ષા કરીને માટીને અપાદાનકારક, અને ઘટને કર્મકારક બનાવીને ભેદથી નિર્દેશ કરનારૂં આ ઉદાહરણ છે. આવા આવા પ્રયોગો જે કોઈ હોય તે સર્વે શુદ્ધાશુદ્ધ સદ્ભૂત વ્યવહાર ઉપનયના પ્રયોગો જાણવા. ॥ ૯૩ ॥

**અસદ્ભૂત વ્યવહાર, પર પરિણતિ ભલ્યઈ ।**
**દ્રવ્યાદિક ઉપચારથી એ, ॥ ૭-૫ ॥**

*ગાથાર્થ*– પરદ્રવ્યાદિની પરિણતિ ભળવાથી પરદ્રવ્યાદિનો જે આરોપ (ઉપચાર) કરવામાં આવે છે. તે અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે. ॥ ૭-૫ ॥

**ટબો**– પરદ્રવ્યની પરિણતિ ભલ્યઈ, જે દ્રવ્યાદિક નવવિધ ઉપચારથી કહિઈં, તે અસદ્ભૂત વ્યવહાર જાણવો. ॥ ૭-૫ ॥

*વિવેચન*– આ ઢાળની ૧ થી ૪ ગાથામાં શુદ્ધ અને અશુદ્ધ આમ બે પ્રકારનો *સદ્ભૂત વ્યવહાર ઉપનય* સમજાવીને હવે આ ઢાળની ગાથા ૫ થી ૧૫ મી ગાથા સુધીમાં *અસદ્ભૂત વ્યવહાર ઉપનય*ના ૯ અથવા ૩ ભેદો છે. તે સમજાવાય છે. ત્યાં અસદ્ભૂત વ્યવહાર ઉપનય એટલે શું ? તે પ્રથમ વ્યાખ્યા (અર્થાત્ અર્થ) સમજાવે છે.

**परद्रव्यनी परिणति भल्यइ, जे द्रव्यादिक नवविध उपचारथी कहिइं, ते असद्भूत व्यवहार जाणवो ॥ ७-५ ॥**

કોઈ પણ વિવક્ષિત એક દ્રવ્યમાં બીજા દ્રવ્યની પરિણતિ (બીજા દ્રવ્યનું સ્વરૂપ) એવું ભલી ગયું હોય કે જાણે વિવક્ષિત એવું આ પ્રથમ દ્રવ્ય અન્ય દ્રવ્યના સ્વરૂપે બન્યું હોય શું ? એમ લાગે. હકીકતથી એમ બન્યુ ન હોય પરંતુ પરદ્રવ્યની પરિણતિ એવી ભળી ગઈ હોય કે એ પરિણામ વિવક્ષિત પ્રથમદ્રવ્યનો જ છે. આમ લાગે. આવો ઉપચાર (આરોપ) કરાય તે અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે. તેના એક વિવક્ષાએ ૯ ભેદ છે અને બીજી વિવક્ષાએ ૩ ભેદ છે. જેમ લોઢાનો ગોળો બાળતો નથી. અગ્નિદ્રવ્ય જ બાળે છે. છતાં લોઢાનો ગોળો જ્યારે તપેલો હોય છે. ત્યારે આ ગોળા ઉપર પગ ન મુકશો "આ ગોળો બાળે છે" આમ જે બોલવું તે આ અસદ્ભૂત વ્યવહાર ઉપનય છે. કારણ કે "બાળવું" એ પરદ્રવ્યની (અગ્નિદ્રવ્યની) પરિણતિ છે. તે લોઢાના ગોળામય પ્રથમદ્રવ્યમાં આરોપિત કરી. આ રીતે આરોપણ કરાયેલી પરિસ્થિતિમાં આ ઉપનય લાગે છે. તેના નવ ભેદ છે. એક દ્રવ્ય-ગુણ-પર્યાયમાં, અન્ય દ્રવ્ય ગુણ પર્યાયનો આરોપ કરવાથી કુલ ૯ ભેદ થાય છે.

| | | |
|---|---|---|
| ૧ દ્રવ્યમાં દ્રવ્યનો આરોપ, | ૪ ગુણમાં દ્રવ્યનો, | ૭ પર્યાયમાં દ્રવ્યનો આરોપ |
| ૨ દ્રવ્યમાં ગુણનો આરોપ | ૫ ગુણમાં ગુણનો, | ૮ પર્યાયમાં ગુણનો આરોપ |
| ૩ દ્રવ્યમાં પર્યાયનો આરોપ | ૬ ગુણમાં પર્યાયનો, | ૯ પર્યાયમાં પર્યાયનો આરોપ |

ઉપર મુજબ એક દ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં અન્ય દ્રવ્ય-ગુણ પર્યાયનો આરોપ કરવો તે આ અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. વિવક્ષિત કોઈ પણ એક દ્રવ્ય કે તેના ગુણ-પર્યાયો પોતાના રૂપે સદ્ભૂત છે. પરંતુ અન્ય દ્રવ્ય રૂપે કે તેના ગુણ-પર્યાયરૂપે સદ્ભૂત નથી, છતાં તેમાં તેનો ઉપચાર કરીને અન્યદ્રવ્યના દ્રવ્ય-ગુણ-પર્યાયરૂપે ગાવામાં આવે છે. તેથી આ વ્યવહાર ઉપનય અસદ્ભૂત કહેવાય છે.

અધ્યયન કરનારા વિદ્યાર્થીવર્ગને સરળતાથી યાદ રહે એટલે અમે ઉપર જણાવેલા ક્રમે ૯ ભેદ ગણાવ્યા છે. પરંતુ ગ્રંથકારશ્રીએ આ જ નવ ભેદો જુદી રીતે અહીં આ મૂળ ગાથાઓમાં રજુ કર્યા છે. તેઓનો (ગ્રંથકારશ્રીનો) ક્રમ આ પ્રમાણે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

| | | |
|---|---|---|
| ૧. દ્રવ્યમાં દ્રવ્ય, | ૪. દ્રવ્યમાં ગુણ | ૭. પર્યાયમાં દ્રવ્ય |
| ૨. ગુણમાં ગુણ | ૫. દ્રવ્યમાં પર્યાય | ૮. ગુણમાં પર્યાય |
| ૩. પર્યાયમાં પર્યાય | ૬. ગુણમાં દ્રવ્ય | ૯. પર્યાયમાં ગુણ |

ગ્રંથકારશ્રીએ જણાવેલા ક્રમ પ્રમાણે હવે આપણે અર્થ વિચારીએ. ॥ ૯૪ ॥

**દ્રવ્યઇં દ્રવ્ય ઉપચાર, પુદ્ગલ જીવનઇં ।**
**જિમ કહિઇં જિન આગમઇં રે ॥ ૭-૬ ॥**

**કાલી લેશ્યા ભાવ, શ્યામગુણઇં ભલી, ।**
**ગુણ ઉપચાર ગુણઇં કહો એ ॥ ૭-૭ ॥**

**પર્યાયઇં પર્યાય, ઉપચરિઇં વલી ।**
**હય ગય ખંધ યથા કહિયા રે ॥ ૭-૮ ॥**

**દ્રવ્યઇં ગુણઉપચાર, વળી પર્યાયનો, ।**
**"ગૌર" "દેહ" "હું" બોલતાં એ ॥ ૭-૯ ॥**

**ગુણઇં દ્રવ્ય ઉપચાર, પર્યાયે દ્રવ્યનો ।**
**"ગૌર દેહ" જિમ-આતમા એ ॥ ૭-૧૦ ॥**

**ગુણિ પજ્જવ ઉપચાર, ગુણનો પજ્જવઇં ।**
**જિમ મતિ તનુ તનુ મતિ ગુણો એ ॥ ૭-૧૧ ॥**

*ગાથાર્થ*– (૧) દ્રવ્યમાં દ્રવ્યનો ઉપચાર કરવો તે પ્રથમભેદ, જેમ જિનેશ્વર ભગવન્તના આગમમાં *"જીવને પુદ્ગલ"* કહેલો છે તે. ॥ ૭-૬ ॥

(૨) (દ્રવ્યલેશ્યાના) શ્યામ ગુણનો આરોપ કરવાથી ભાવલેશ્યાને (પણ) "કાળી" કહેવી તે ગુણમાં ગુણનો ઉપચાર એ બીજો ભેદ જાણવો. ॥ ૭-૭ ॥

(૩) (આત્મદ્રવ્યના) હાથી-ઘોડા આદિ પર્યાયોમાં "સ્કંધ" પણાના પુદ્ગલ પર્યાયનો આરોપ કરવો તે પર્યાયમાં પર્યાય ઉપચાર નામે ત્રીજો ભેદ જાણવો. ॥ ૭-૮ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૪) "હું ગૌર છું" (૫) "હું દેહ છું" આમ બોલવું તે અનુક્રમે દ્રવ્યમાં ગુણનો ઉપચાર, અને દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર આ પ્રમાણે ચોથો-પાંચમો ભેદ જાણવો. ॥ ૭-૯ ॥

(૬) "જે ગૌર છે તે આત્મા છે" (૭) "જે દેહ છે તે આત્મા છે" આમ બોલવું તે અનુક્રમે ગુણમાં દ્રવ્યોપચાર અને પર્યાયમાં દ્રવ્યોપચાર નામનો છઠ્ઠો અને સાતમો ભેદ જાણવો. ॥ ૭-૧૦ ॥

(૮) "મતિજ્ઞાન (ઈન્દ્રિયજન્ય હોવાથી) શરીરાત્મક છે" અને (૯) "શરીરાત્મક જે ઈન્દ્રિયો છે, તે મતિજ્ઞાન રૂપ છે." આમ જે બોલવું તે અનુક્રમે ગુણમાં પર્યાયોપચાર, અને પર્યાયે ગુણોપચાર નામનો આઠમો-નવમો ભેદ જાણવો. ॥ ૭-૧૧ ॥

**ટબો–** તિહાં પહલો-દ્રવ્યઈં દ્રવ્યનો ઉપચાર. જિમ-જિન આગમમાંહિં-જીવનઈં પુદ્ગલ કહિઈં. ક્ષીર-નીર ન્યાયઈં પુદ્ગલસ્યું મિલ્યો છઈ. તે કારણઈં-જીવ પુદ્ગલ કહિઈં. એ જીવદ્રવ્યઈં પુદ્ગલ દ્રવ્યનો ઉપચાર, ૧. ॥ ૭-૬ ॥

ભાવલેશ્યા આત્માનો અરૂપી ગુણ છઈ, તેહનઈં-જે કૃષ્ણ-નીલાદિક કહિઈં છઈં, તે કૃષ્ણાદિ પુદ્ગલ દ્રવ્યના ગુણનો ઉપચાર કીજઈ છઈ, એ આત્મગુણઈં પુદ્ગલગુણનો ઉપચાર જાણવો, ૨. ॥ ૭-૭ ॥

પર્યાયઈં-હય ગય પ્રમુખ આત્મદ્રવ્યના અસમાન જાતીય દ્રવ્ય પર્યાય, તેહનઈં-ખંધ કહિઈં છઈં, તે આત્મપર્યાય ઉપરિ પુદ્ગલપર્યાય જે સ્કંધ, તેહનો ઉપચાર કરીનઈં, ૩. ॥ ૭-૮ ॥

દ્રવ્યે ગુણોપચારઃ- "હું ગૌર" ઈમ બોલતાં "હું"– તે આત્મદ્રવ્ય, તિહાં "ગૌર"– તે પુદ્ગલનો ઉજ્વલતાગુણ ઉપચરિઓ, ૪. "દ્રવ્યે પર્યાયોપચારઃ" જિમ– "હું દેહ" ઈમ બોલિઈં, "હું"– તે આત્મદ્રવ્ય, તિહાં– "દેહ" તે પુદ્ગલદ્રવ્યનો-અસમાનજાતીય દ્રવ્યપર્યાય ઉપચરિઉં, ૫. ॥ ૭-૯ ॥

ગુણે દ્રવ્યોપચારઃ- જિમ જે "એ ગૌર દીસઈ છઈ તે આત્મા" ઈમ-ગૌર ઉદ્દિશીનઈં આત્મવિધાન કીજઈં, એ ગૌરતારૂપ પુદ્ગલગુણ ઉપરિ આતમ દ્રવ્યનો ઉપચાર, ૬. "પર્યાયે દ્રવ્યોપચારઃ" જિમ-કહિઈં "દેહ તે આત્મા" ઈહાં-દેહ રૂપ પુદ્ગલપર્યાયનઈં વિષયઈં આત્મદ્રવ્યનો ઉપચાર કરિઓ, ૭. ॥ ૭-૧૦ ॥

"ગુણે પર્યાયોપચારઃ-" "મતિજ્ઞાન તે શરીર જ" શરીરજન્ય છઈં, તે માટિં. ઈહાં-મતિજ્ઞાન રૂપ આત્મગુણનઈં વિષયઈં શરીરરૂપ પુદ્ગલ પર્યાયનો ઉપચાર કરિઉં, ૮.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**"पर्याये गुणोपचारः" જિમ પૂર્વપ્રયોગ જ અન્યથા કરિઇં- "શરીર તે મતિજ્ઞાનરૂપ ગુણ જ" ઇહાં-શરીરરૂપ પર્યાયનઇં વિષયઇં મતિજ્ઞાનરૂપ ગુણનો ઉપચાર કીજઇ છઇં. ૯. ॥ ૭-૧૧ ॥**

*વિવેચન*— શ્રી દેવસેનાચાર્યકૃત "નયચક્ર" ને અનુસારે અસદ્ભૂત વ્યવહાર ઉપનયના ૯ ભેદો હવે સમજાવે છે. જે વિવક્ષિત કોઈ પણ એક દ્રવ્ય પોતાના રૂપે સદ્ભૂત છે. પરંતુ પરદ્રવ્યાદિરૂપે સદ્ભૂત નથી તે રૂપે તો અસદ્ભૂત છે. તેથી તેવા પ્રકારના ઉપચાર કરીને પરદ્રવ્યાદિ સ્વરૂપે વિવક્ષા કરાય તે આ અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. ત્યાં વિવક્ષિત એવા કોઈ પણ એક દ્રવ્ય-ગુણ-પર્યાયમાં, પરદ્રવ્ય પરગુણ અને પરપર્યાયનો ઉપચાર કરવાથી નવ ભેદો થાય છે, તે આ પ્રમાણે છે—

૧. *"દ્રવ્યે દ્રવ્યોપચાર" નામનો પ્રથમભેદ.*

**तिहां-पहलो द्रव्यइं द्रव्यनो उपचार. जिम-जिन आगममांहिं जीवनइं पुद्गल कहिइं. क्षीर-नीर न्यायइं पुद्गलस्यूं मिल्यो छइ. ते कारणइं-जीव पुद्गल कहिइं. ए-जीवद्रव्यइं पुद्गलद्रव्यनो उपचार, ॥ ७-६ ॥**

કોઈ પણ વિવક્ષિત એકદ્રવ્યમાં અન્ય એવા બીજાદ્રવ્યનો આરોપ-ઉપચાર કરીને વિવક્ષિત દ્રવ્યને અન્યદ્રવ્યસ્વરૂપે બોલવું તે આ નય જાણવો. (તિહાં=) ત્યાં (પહલો) પ્રથમભેદ (દ્રવ્યઈં) વિવક્ષિત દ્રવ્યમાં (દ્રવ્યનો ઉપચાર) અન્ય દ્રવ્યનો ઉપચાર આ નામનો અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. (જિમ) જેમ કે જિનેશ્વર પરમાત્માના આગમશાસ્ત્રોમાં જીવદ્રવ્યને "પુદ્ગલ" કહેલો છે. તે આ નયનું ઉદાહરણ છે. સદ્ભૂત રીતિએ એટલે કે સાચી નીતિ રીતિ મુજબ જીવ એ કંઈ પુદ્ગલ નથી, પરંતુ દૂધમાં ભળેલું પાણી પણ જેમ દૂધ જ કહેવાય છે. તથા વિષથી મિશ્ર થયેલા દૂધને પણ જેમ વિષ જ કહેવાય છે. તેમ શરીર-કર્મો આદિ પુદ્ગલ દ્રવ્યોની સાથે ભળ્યો છતો આ આત્મા પણ "પુદ્ગલ સાથે મળેલો છે તે કારણે" પુદ્ગલ કહેવાય છે. આ જીવદ્રવ્યને વિષે પુદ્ગલદ્રવ્યનો ઉપચાર થયો છે. માટે આ પ્રથમભેદનું ઉદાહરણ જાણવું. ॥ ૯૫ ॥

૨. "ગુણે ગુણોપચાર" આ નામનો બીજોભેદ

**भावलेश्या आत्मानो अरूपीगुण छईं, तेहनइं-जे कृष्ण-नीलादिक कहिइं छइं-ते कृष्णादि पुद्गलद्रव्यगुणनो उपचार कीजइ छइ. ए आत्मगुणइं पुद्गलगुणनो उपचार जाणवो. २. ॥ ७-७ ॥**



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**श्लिष्यते आत्मा कर्मणा सह अनेन इति लेश्या** "આત્મા કર્મોની સાથે લેપાય જેનાથી તે લેશ્યા કહેવાય છે. આત્માની સારી નરસી પરિણતિ = વિચારધારા-પરિણામ, તેને *લેશ્યા* કહેવાય છે. આ લેશ્યા એ આત્માનો (વૈભાવિક) ગુણ છે. કારણ કે આત્માને જ આવી વિચારધારા પ્રવર્તે છે. પુદ્‌ગલાદિ અન્યદ્રવ્યને આવી વિચારધારા પ્રવર્તતી નથી. માટે આત્માનો જ ગુણ છે. પરંતુ મોહનીય અને નામકર્મના ઉદયજન્ય હોવાથી પરદ્રવ્યની પરાધીનતાથી આ લેશ્યા થાય છે. તે માટે તે વૈભાવિકગુણ છે. સ્વાભાવિકગુણ નથી. તેથી જ સિદ્ધપરમાત્મામાં આ લેશ્યાગુણ હોતો નથી. જેમ ક્રોધ-માન-માયા-લોભ આદિ જીવના વૈભાવિક ગુણો છે. તેમ આ પણ જીવનો વૈભાવિક ગુણ છે.

આત્મા અરૂપી છે. વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત છે. તેથી તેના ગુણો પણ અરૂપી છે. માટે આત્માની વિચારધારારૂપ આ ભાવલેશ્યા ગુણ પણ અરૂપી છે. રૂપરહિત છે તેથી આ ભાવલેશ્યા નામનો ગુણ કાળો-ધોળો-પીળો-લીલો નથી. કાળા-ધોળા-પીળા-લીલા-લાલપણું તે પુદ્‌ગલ દ્રવ્યનો ગુણ છે. કારણ કે પુદ્‌ગલદ્રવ્ય જ રૂપી છે. આત્માની પરિણતિરૂપ વિચારધારાને *ભાવલેશ્યા* કહેવાય છે. કારણ કે તે ભાવાત્મક છે. દ્રવ્યાત્મક નથી. અને આત્માની આવા પ્રકારની શુભાશુભ ભાવલેશ્યામાં નિમિત્તભૂત બનનાર પુદ્‌ગલને દ્રવ્યલેશ્યા કહેવાય છે. **कारणं द्रव्यमिति व्याख्यानात्** આ રીતે વિચારતાં ભાવલેશ્યા રૂપરહિત છે અને દ્રવ્યલેશ્યા રૂપસહિત છે. તેથી કાળા-નીલાપણુ આદિ વર્ણવિકારો દ્રવ્યલેશ્યામાં જ પુદ્‌ગલ હોવાથી સંભવે છે. પરંતુ આત્માની પરિણતિસ્વરૂપ ભાવલેશ્યા રૂપરહિત હોવાથી કૃષ્ણાદિ ગુણધર્મો ત્યાં ઘટતા નથી. છતાં નિમિત્તભૂત પુદ્‌ગલ દ્રવ્યના ગુણોનો આત્માના અરૂપી સ્વરૂપવાળા ભાવ લેશ્યાનામના ગુણમાં ઉપચાર કરવાથી આત્માની પરિણતિ રૂપ ભાવલેશ્યા પણ કૃષ્ણ નીલ કાપોત આદિ રૂપે વર્ણ વિકારવાળી ૬ પ્રકારની કહેવાય છે. આ આત્મગુણમાં પુદ્‌ગલ ગુણનો ઉપચાર કરવાથી ગુણમાં ગુણનો ઉપચાર એ નામનો અસદ્‌ભૂત વ્યવહાર ઉપનયનો આ બીજો ભેદ થયો. ॥ ૯૬ ॥

૩. પર્યાયે પર્યાયોપચાર નામનો ત્રીજો ભેદ—

**पर्यायइं-हय गय प्रमुख आत्मद्रव्यना असमानजातीय द्रव्य-पर्याय, तेहनइं-खंध कहिइं छइं. ते आत्मपर्याय उपरि पुद्‌गलपर्याय जे स्कंध, तेहनो उपचार करीनइं, ३. ॥ ७-८ ॥**

એક દ્રવ્યના પર્યાયમાં બીજા દ્રવ્યના પર્યાયનો ઉપચાર કરવો તે પર્યાયમાં પર્યાયોપચાર નામનો ત્રીજો ભેદ આ ઉપનયનો છે. જેમ કે પર્યાયને વિષે એટલે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હાથી-ઘોડા પ્રમુખ (વિગેરે) જે પર્યાયો છે તે આત્મદ્રવ્યના પર્યાયો છે. કારણ કે આયુષ્યકર્મ અને નામકર્મનો ઉદય આત્માને જ છે. પુદ્ગલને કર્મોનો ઉદય હોતો નથી. તેથી આત્મા જ હાથી-ઘોડા રૂપે બને છે. તેથી તેની સમાન જાતિવાળાં (એટલે કે દ્રવ્યનામની જાતિવાળાં) શેષ પાંચે દ્રવ્યોમાં અન્યત્ર ક્યાંઈ આ પર્યાયો નથી. કારણ કે હાથીપણું ઘોડાપણું અને તે રૂપે શારીરિક બંધારણ પ્રાપ્તથવું આ બધું આયુષ્યકર્મ અને નામકર્મના ઉદયજન્ય છે. તેથી જીવદ્રવ્યને જ માત્ર સંભવી શકે છે. અન્યદ્રવ્યને સંભવી શકતું નથી. તેથી આ પર્યાયો અસમાન જાતીય દ્રવ્ય પર્યાયો કહેવાય છે. આ રીતે આયુષ્યકર્મ અને નામકર્મના ઉદયજન્ય આ સઘળા પર્યાયો જીવમાત્રમાં જ સંભવિત છે. તેથી હય-ગય પર્યાયો જીવના જ છે. છતાં તેહને વિષે "સ્કંધ" શબ્દનો પ્રયોગ જે કરીએ છીએ તે ઉપચાર વિના સંભવિત નથી. કારણકે સ્કંધ-દેશ-પ્રદેશ-પરમાણુ આ બધા શબ્દો પુદ્ગલાસ્તિકાય દ્રવ્યમાં જ વપરાય છે. પરમાણુઓનો (પ્રદેશોનો) પિંડ તે સ્કંધ કહેવાય. આ સ્કંધ શબ્દ પુરણ-ગલન ધર્મવાળા પુદ્ગલાસ્તિકાયમાં જ સંભવે છે. તો પણ આત્મદ્રવ્યના હય-ગય પર્યાય ઉપર, પુદ્ગલપર્યાય રૂપ જે સ્કંધાત્મકતા છે. તેહનો ઉપચાર કરીને આત્મદ્રવ્યના હય-ગય પર્યાયને પણ સ્કંધ રૂપે કહ્યા છે. એટલે કે આ આત્મા હાથીપણાના સ્કંધને પામ્યો. ઘોડાપણાના સ્કંધને પામ્યો. ઈત્યાદિ જે કંઈ બોલાય છે. તે સઘળું જીવદ્રવ્યના પર્યાયમાં પુદ્ગલ દ્રવ્યના પર્યાયનો આરોપ કરીને આ રીતે પ્રવર્તે છે. તેથી પર્યાયમાં પર્યાયનો ઉપચાર એ નામનો આ ત્રીજો ભેદ થયો, ૩. ॥ ૯૭ ॥

૪. – ૫. દ્રવ્યે ગુણોપચાર, તથા દ્રવ્યે પર્યાયોપચાર નામનો ચોથો પાંચમો ભેદ.

**द्रव्ये गुणोपचारः – ''हुं गौर'' इम बोलतां, ''हुं'' ते आत्म द्रव्य, तिहां– ''गौर'' ते पुद्गलनो उज्वलतागुण उपचरिओ ४. द्रव्ये पर्यायोपचारः जिम ''हुं देह'' इम बोलिइं. ''हुं'' ते आत्मद्रव्य, तिहां– ''देह'' ते पुद्गलद्रव्यनो असमानजातीय द्रव्यपर्याय उपचरिउं. ५. ॥ ७–९ ॥**

૪-વિવક્ષિત કોઈ પણ એક દ્રવ્યમાં અન્ય દ્રવ્યના ગુણોનો ઉપચાર કરવો તે "દ્રવ્યમાં ગુણનો ઉપચાર" આ નામનો અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો ચોથો ભેદ જાણવો. જેમ કે "હું ગોરો છું" "હું કાળો છું" "હું ઘઉંવર્ણો છું" આમ બોલવું તે આ નયનો વિષય છે. કારણ કે અહીં. "હું" પદથી આત્મા નામનું ચૈતન્યગુણવાળું સ્વકીય આત્મદ્રવ્ય સમજવાનું છે. तिहां = તે આત્મદ્રવ્યમાં "ગૌરત્વ" ગોરાપણુ જે કહેવાયું છે. તે ગોરાપણું રૂપીદ્રવ્યનો ગુણ હોવાથી પુદ્ગલદ્રવ્યના ગોરાપણા રૂપ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(ઉજ્વલતા સ્વરૂપ) ગુણનો આરોપ કરાયો છે. કારણ કે આત્મા તો રૂપગુણથી રહિત છે. આ રીતે ચેતન એવા જીવદ્રવ્યમાં અચેતન એવા જડ દ્રવ્યના ગુણનો ઉપચાર કરાયો છે. માટે આ "દ્રવ્યે ગુણોપચાર" નામનો ચોથો ભેદ સિદ્ધ થયો.

વિવક્ષિત કોઈ પણ એકદ્રવ્યમાં અન્યદ્રવ્યના પર્યાયનો ઉપચાર કરવો તે દ્રવ્યે પર્યાયોપચાર નામનો પાંચમો ભેદ સમજવો. જેમ કે "હું એ જ શરીર છું" આમ બોલવું તે આ નયનો વિષય છે. કારણ કે અહીં "હું" આ શબ્દથી પોતાનું આત્મદ્રવ્ય લેવાય છે. અને તે આત્મદ્રવ્યમાં, "દેહ" એટલે જે શરીર છે તે પુદ્‌ગલાસ્તિકાય નામના અન્યદ્રવ્યનો પર્યાય છે. તેનો આરોપ કરવામાં આવ્યો છે. જે શરીર છે તે એકપ્રકારની પુદ્‌ગલરચના છે. માટે પુદ્‌ગલાસ્તિકાય નામના અન્ય દ્રવ્યના પર્યાયનો તે આત્મ દ્રવ્યમાં ઉપચાર કરાયો છે. માટે દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર એ નામનો આ પાંચમો ભેદ થયો. ॥ ૯૮ ॥

૬. – ૭. ગુણમાં દ્રવ્યોપચાર, અને પર્યાયમાં દ્રવ્યોપચાર નામનો છઠ્ઠો-સાતમો ભેદ.

**गुणे द्रव्योपचारः- जिम जे- ''ए गौर दीसइ छइ'' ते आत्मा. इम गौर उद्दिशीनइं आत्मविधान कीजइं. ए गौरतारूप पुद्गलगुण उपरि आत्मद्रव्यनो उपचार. ६.**

**''पर्याये द्रव्योपचारः'' जिम कहिइं ''देह ते आत्मा'' इहां-देहरूप पुद्गलपर्यायनइ विषयइं आत्मद्रव्यनो उपचार कहिओ. ७. ॥ ७-१० ॥**

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

હવે છઠ્ઠો ભેદ "ગુણમાં દ્રવ્યનો ઉપચાર" સમજાવે છે. જેમ કે જે "આ ગૌર દેખાય છે. તે આ ચૈત્ર-મૈત્ર દેવદત્તાદિ કોઈ આત્મા છે." અહીં જે *ગૌરવર્ણ* છે. તે પુદ્‌ગલાસ્તિકાય દ્રવ્યનો ગુણ છે. તેથી શરીરાદિ પુદ્‌ગલ જ ગૌર છે. આત્મા તો વર્ણાદિ રહિત હોવાથી અમૂર્ત છે. છતાં પુદ્‌ગલમાં રહેલા તે ગૌરવર્ણને ઉદ્દેશીને તેમાં ચૈત્ર-મૈત્ર અને દેવદત્તાદિ આત્માનું જે વિધાન કરાય છે. તે ગૌરતા સ્વરૂપ પુદ્‌ગલના ગુણ ઉપર આત્મદ્રવ્યનો ઉપચાર કરવામાં આવ્યો છે. આ જ રીતે આ જે કાળો દેખાય છે તે કાળીદાસ છે. આ જે ઉજળો દેખાય છે તે ઉજમશીભાઈ છે. આ જે પીળો દેખાય છે તે પુનમચંદ છે. આ જે લાલ દેખાય છે તે લહેરચંદભાઈ છે. ઈત્યાદિ ઉદાહરણો સ્વયં સમજી લેવાં. આ જ વાક્યો જો ઉલટાવીને બોલીએ "ચૈત્ર-મૈત્ર જે છે તે ગૌર છે" "જે કાળીદાસ છે. તે કાળા છે" તો આ જ ઉદાહરણો "દ્રવ્યમાં ગુણનો ઉપચાર" એ નામના ચોથા ભેદનાં થઈ જાય છે. કારણ કે તે રીતે બોલવામાં ચૈત્ર-મૈત્રાદિ દ્રવ્યમાં પુદ્‌ગલના ગુણ ભૂત એવા ગૌરપણાનો ઉપચાર કર્યો કહેવાય. અને જે ગૌર દેખાય છે. તે ચૈત્રાદિ છે. આમ કહેવામાં આ છઠ્ઠો ભેદ થાય છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હવે પર્યાયમાં દ્રવ્યનો ઉપચાર "એ નામનો સાતમો ભેદ સમજાવે છે. જેમ કે "જે આ શરીર છે તે જ ચૈત્ર-મૈત્ર-દેવદત્તાદિ આત્મા છે." અહીં શરીર એ પુદ્ગલાસ્તિકાયનો વિશિષ્ટાકાર રૂપે બનેલો પર્યાય જ છે. તે દેહાત્મક પુદ્ગલપર્યાયને વિષે ચૈત્ર-મૈત્રાદિ આત્મદ્રવ્યનો ઉપચાર કર્યો કહેવાય છે. મુખાદિ જે આકૃતિ છે. તે હું છું આવી દૃષ્ટિ તે આ નયનો વિષય છે. પરંતુ આ જ વાક્ય જો ઉલટી રીતે બોલવામાં આવે કે જે ચૈત્ર-મૈત્રાદિ આત્મા છે. તે શરીરરૂપ (શરીરધારી) છે. તો દ્રવ્યમાં પર્યાયનો ઉપચાર થયો કહેવાય તેથી પાંચમો ભેદ થઈ જાય. પરંતુ પહેલાં પર્યાયનું કથન કરીને પછી તેમાં અન્ય દ્રવ્યનો ઉપચાર કરાય તો આ સાતમો ભાંગો થાય છે. ૭. ॥ ૯૯ ॥

૮. – ૯. ગુણમાં પર્યાયનો ઉપચાર, અને પર્યાયમાં ગુણનો ઉપચાર, એ નામનો આઠમો અને નવમો ભેદ.

**गुणे पर्यायोपचारः ''मतिज्ञान ते शरीर ज'' शरीरजन्य छइ, ते माटिं, इहां मतिज्ञानरूप आत्मगुणनइं विषयइं शरीररूप पुद्गलपर्यायनो उपचार करिउं. ८.**

**पर्याये गुणोपचारः ''जिम पूर्वप्रयोगज अन्यथा करिइं, ''शरीर ते मतिज्ञानरूप गुण ज'' इहां शरीररूप पर्यायनइं विषयइं मतिज्ञानरूप गुणनो उपचार कीजइ छइ. ९. ॥ ७-११ ॥**

जैन साईट JAINSITE.com जैनम् जयति शासनम्

હવે "ગુણમાં પર્યાયનો ઉપચાર" એ નામનો આઠમો ભેદ સમજાવે છે. આ જીવને મતિજ્ઞાનની ઉત્પત્તિ શરીરમાં વર્તતી પાંચ ઈન્દ્રિયો દ્વારા અને મનદ્વારા થાય છે. એટલે ક્યારેક ક્યારેક એમ બોલાય છે કે *"મતિજ્ઞાન તે શરીર જ છે" "મતિજ્ઞાન તે ઈન્દ્રિયરૂપ જ છે"* આવા પ્રકારનું બોલવાનું કારણ એ છે કે આ મતિજ્ઞાન શરીર જન્ય (શરીરવર્તી ઈન્દ્રિયજન્ય) છે. તે માટે આમ બોલાય છે. આ ઉદાહરણમાં "મતિજ્ઞાનાત્મક જે આત્માનો ગુણ છે. તેને વિષે શરીરાકારરૂપ (ઈન્દ્રિયાકારરૂપ) પુદ્ગલાસ્તિકાયના પર્યાયનો ઉપચાર કરાયો છે. આ આઠમો ભેદ થયો.

હવે "પર્યાયમાં ગુણનો ઉપચાર" એ નામનો નવમો ભેદ સમજાવે છે. અહીં ઉદાહરણ તરીકે પૂર્વે આઠમા ભેદમાં કહેલો પ્રયોગ જ અન્યથા રીતે (ઉલટી રીતે) કરીને કહીએ. જેમ કે "જે આ શરીર (ઈન્દ્રિયો) છે. તે મતિજ્ઞાનરૂપ ગુણ જ છે" કારણ કે મતિજ્ઞાન ઈન્દ્રિયો દ્વારા થાય છે. તેથી ઈન્દ્રિયો તે કારણ છે. અને તજ્જન્ય મતિજ્ઞાન એ કાર્ય છે. કારણમાં કાર્યનો ઉપચાર કરીને ઈન્દ્રિયો એ જ મતિજ્ઞાન છે. આમ બોલવું તે. અહીં ઈન્દ્રિયો એ પુદ્ગલદ્રવ્યનો પર્યાય છે. તેમાં જીવદ્રવ્યના મતિજ્ઞાન

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નામના ગુણનો આરોપ કર્યો. તેથી પર્યાયમાં ગુણોપચાર નામનો આ નવમો ભેદ થયો. આ રીતે અસદ્‌ભૂતવ્યવહારઉપનયના એક વિવક્ષાએ ૯ ભેદ થાય છે. બીજી વિવક્ષાએ ૩ ભેદ પણ થાય છે. તે ત્રણ ભેદો હવે પછીની ગાથાઓમાં ગ્રંથકારશ્રી પોતે જ સમજાવે છે. ॥ ૧૦૦ ॥

**અસદ્‌ભૂતવ્યવહાર, ઈમ ઉપચારથી ।**
**એહ ત્રિવિધ હિવઈં સાંભળો એ. ॥ ૭-૧૨ ॥**

*ગાથાર્થ*– આ પ્રમાણે ઉપચારથી થયેલો આ અસદ્‌ભૂત વ્યવહાર ઉપનય ૯ પ્રકારનો સમજાવ્યો. હવે તે ત્રણ પ્રકારનો પણ છે. તે સાંભળો. ॥ ૭-૧૨ ॥

**ટબો– ઈમ ઉપચારથી અસદ્‌ભૂતવ્યવહાર ૯ પ્રકારનો કહિઈં, હવઈ એહના ૩ ભેદ કહિઈં છઈં, તે સાંભળો. ॥ ૭-૧૨ ॥**

*વિવેચન*– જે દ્રવ્ય–ગુણ આદિ જે રૂપે સદ્‌ભૂત નથી. તેવા દ્રવ્યાદિને (પરદ્રવ્ય આદિનો આરોપ કરીને પણ) તે રૂપે ઉપચારથી કહેવું તે આ અસદ્‌ભૂત વ્યવહારનો વિષય છે. તેના ૯ ભેદો કહીને હવે બીજી રીતે ૩ ભેદો કહેતાં જણાવે છે કે–

**इम उपचारथी असद्‌भूतव्यवहार ९ प्रकारनो कहिइं, हवइ एहना 3 भेद कहिइं छइं, ते सांभलो. ॥ ७-१२ ॥**

JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

આ પ્રમાણે અન્યદ્રવ્ય - અન્યદ્રવ્યસંબંધીગુણ – અને અન્યદ્રવ્યસંબંધી પર્યાયનો પરસ્પર ઉપચાર કરવા દ્વારા આ અસદ્‌ભૂતવ્યવહાર ઉપનય કુલ ૯ પ્રકારનો થાય છે. જેનું વર્ણન અમે હમણાં જ કહ્યું. હવે આ જ અસદ્‌ભૂત વ્યવહાર ઉપનયના બીજી વિવક્ષાએ ૩ ભેદો પણ થાય છે. તે સમજાવીએ છીએ. ॥ ૧૦૧ ॥

**અસદ્‌ભૂત નિજ જાતિં, જિમ પરમાણુઓ ।**
**બહુ પ્રદેશી ભાષિઈં એ ॥ ૭-૧૩ ॥**

**તેહ વિજાતિં જાણો, જિમ મૂરત મતી ।**
**મૂરત દ્રવ્યઈ ઉપની એ ॥ ૭-૧૪ ॥**

**અસદ્‌ભૂત દોઉ ભાંતિ, જીવ-અજીવનઈં ।**
**વિષયગ્યાન જિમ ભાસિઈં એ ॥ ૭-૧૫ ॥**

*ગાથાર્થ*– પ્રથમ ભેદ સ્વજાતિ અસદ્ભૂતવ્યવહાર ઉપનય, જેમ કે જે પરમાણુ છે. તેને "બહુપ્રદેશી" કહેવો તે. ॥ ૭-૧૩ ॥

તથા વિજાતિ અસદ્ભૂત વ્યવહાર ઉપનય તે જાણો કે જે "મતિજ્ઞાન એ મૂર્ત છે" કારણ કે મૂર્તદ્રવ્યના વિષયવાળું ઉત્પન્ન થાય છે માટે. ॥ ૭-૧૪ ॥

તથા સ્વજાતિ-વિજાતિ એમ ઉભય અસદ્ભૂતવ્યવહાર તે કહો કે જેમ જ્ઞાન જીવ-અજીવના વિષયવાળું છે. આમ બોલવું તે. ॥ ૭-૧૫ ॥

**ટબો– એક સ્વજાતિ અસદ્ભૂત વ્યવહાર કહિઈં, જિમ પરમાણુ બહુપ્રદેશી કહિઈં, બહુપ્રદેશી થાવાની જાતિ છઈં, તે માટિં. ॥ ૭-૧૩ ॥**

**તેહ અસદ્ભૂત વિજાતિ જાણો, જિમ "मूर्तं मतिज्ञानम्" કહિઈં, મૂર્ત-જે વિષયાલોકમનસ્કારાદિક, તેહથી ઉપનું, તે માટિં, ઈહાં મતિજ્ઞાન આત્મગુણ, તેહનઈં વિષઈં મૂર્તત્વ પુદ્ગલગુણ ઉપચરિઓ. તે વિજાત્યસદ્ભૂતવ્યવહાર કહિઈં. ॥ ૭-૧૪ ॥**

**દોઉં ભાંતિ-સ્વજાતિ વિજાતિ અસદ્ભૂતવ્યવહાર કહિઈં, જિમ જીવાજીવ વિષયક જ્ઞાન કહિઈં. ઈહાં-જીવ જ્ઞાનની સ્વજાતિ છઈં. અજીવ વિજાતિ છઈં, એ ૨ નો વિષયવિષયિભાવનામઈં ઉપચરિત સંબંધ છઈં. તે સ્વજાતિ-વિજાત્યસદ્ભૂત કહિઈં. ॥ ૭-૧૫ ॥**

जैन साईट JAINSITE જૈનમ્ જયતિ શાસનમ્

વિવેચન– આ અસદ્ભૂત વ્યવહાર ઉપનયના બીજી વિવક્ષાએ ત્રણ ભેદો છે. ૧ *સ્વજાતીય*, ૨ *વિજાતીય* ૩ *ઉભયજાતીય* આ ત્રણે ભેદો અનુક્રમે એક એક ગાથામાં ગ્રંથકારશ્રી સમજાવે છે.

**एक स्वजात्यसद्भूतव्यवहार कहिइं, जिम-परमाणु बहुप्रदेशी कहिइं, बहुप्रदेशी थावानी जाति छइ, ते माटिं १. ॥ ७-१३ ॥**

અસદ્ભૂત વ્યવહાર ઉપનયનો પ્રથમભેદ "સ્વજાતીય અસદ્ભૂત વ્ય૦ ઉ૦" છે. જેમ કે કોઈ પણ એક પરમાણુને બહુપ્રદેશી સ્કંધ કહેવો તે. કારણ કે ઘણા પ્રદેશો સાથે મળ્યો છતો તે પરમાણુ બહુપ્રદેશી સ્કંધ થવાને યોગ્ય જાતિવાળો છે. તે માટે બહુપ્રદેશી કહેવો તે આ નયનો વિષય છે. અહીં પરમાણુપણું અને બહુપ્રદેશી સ્કંધપણું, આમ આ બન્ને અવસ્થાઓ પુદ્ગલાસ્તિકાય નામના એક જ દ્રવ્યની હોવાથી આ પરમાણુમાં બહુપ્રદેશીપણાનો આરોપ કરવો તે સ્વજાતીય દ્રવ્યનો પર્યાય હોવાથી *"સ્વજાતીય"* કહ્યો છે. તથા વર્તમાનકાળે જે એક પરમાણુ છે. તે હાલ બહુપ્રદેશી સ્કંધ

નથી. છતાં કાળાન્તરે અન્ય પરમાણુઓ સાથે ભળ્યો છતો બહુપ્રદેશી સ્કંધ થાવાને યોગ્ય છે. તેથી "અસદ્ભૂત" કહ્યો છે. બહુ પ્રદેશી થવાની યોગ્યતા છે તે માટે ઉપચાર કરાય છે એટલે "ઉપનય" કહ્યો છે. આ રીતે વિવક્ષિત કોઈ પણ એક દ્રવ્યના પર્યાયમાં તે જ દ્રવ્યના ભાવિમાં થનારા પર્યાયની યોગ્યતા દેખીને ઉપચાર કરાય તે આ નયનો વિષય છે. ॥ ૧૦૨ ॥

**तेह असद्भूत विजाति जाणो, जिम- "मूर्तं मतिज्ञानम्" कहिइं, मूर्त जे विषयालोक मनस्कारादिक तेहथी उपनुं, ते माटिं, इहां मतिज्ञान आत्मगुण, तेहनइं मूर्तत्वपुद्गलगुण उपचरिओ, ते विजात्यसद्भूतव्यवहार कहिइं. ॥ ७-१४ ॥**

સ્વજાતીય અસદ્ભૂત વ્ય.ઉ. સમજાવીને હવે વિજાતીય અસદ્ભૂત વ્ય.ઉ. સમજાવે છે કે- જેમ *"મતિજ્ઞાનને મૂર્ત છે"* આમ કહેવું તે વિજાતીય અસદ્ભૂત વ્ય.ઉ. છે એમ તમે જાણો. કારણ કે આ મતિજ્ઞાન ઘટ-પટ આદિ વિષયોના આલંબને, આલોક (પ્રકાશ)ના આલંબને, અને મનસ્કાર (મન)ના આલંબને ઉત્પન્ન થયું છે. તે માટે. અહીં જે મતિજ્ઞાન ઉત્પન્ન થયું છે તે આત્માનો ગુણ છે. તેથી અમૂર્ત છે. અમૂર્ત એવા તે મતિજ્ઞાનને વિષે મૂર્તત્વનો ઉપચાર કરાયો છે. કારણ કે વિષય-આલોક અને મન (જ્ઞેયદ્રવ્ય, પ્રકાશ અને દ્રવ્યમન) ઈત્યાદિ પુદ્ગલોના આલંબને મતિજ્ઞાન ઉત્પન્ન થયું છે તેથી પુદ્ગલોનો ગુણ જે "મૂર્તત્વ છે. તેનો ઉપચાર કર્યો છે. આ વિજાતીય દ્રવ્યનો ગુણ હોવાથી અને તેનો તેમાં ઉપચાર હોવાથી વિજાતીય કહેવાય છે. તેથી અમૂર્ત એવા મતિજ્ઞાનને પણ મૂર્ત જે કહેવાય છે. તે આ નયનો વિષય છે. એવી જ રીતે પુસ્તકાદિને જ્ઞાન કહેવું અને ઓઘા-મુહપત્તિને સંયમ કહેવું તે પણ આ નયનો વિષય છે. ॥ ૧૦૩ ॥

**दोउं भांति- स्वजाति विजाति असद्भूतव्यवहार कहिइं. जिम, जीवाजीवविषयक ज्ञान कहिइं, जीव ज्ञाननी स्वजाति छइं, अजीव-विजातिं छइं, ए २ नो विषयविषयिभाव नामइं उपचरित संबंध छइ. ते स्वजातिविजात्यसद्भूत कहिइं. ३. ॥ ७-१५ ॥**

જ્યારે સ્વજાતિ અને વિજાતિ આમ બન્ને જણાય, બન્નેનો જેમાં સંબંધ કર્યો હોય તે સ્વજાતિ-વિજાતિ અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. જેમ કે *"જ્ઞાન એ જીવાજીવવિષયક છે"* આમ કહેવું તે આ નયનો વિષય છે. મત્યાદિ કોઈ પણ જ્ઞાનથી જીવ તથા જીવનું સ્વરૂપ પણ જણાય છે. અને અજીવ તથા અજીવનું સ્વરૂપ પણ જણાય છે. આ કારણે જ્ઞાનમાત્ર જીવ અને અજીવના વિષયવાળું કહેવાય છે. અને જ્ઞાન દ્વારા જે જીવ તથા જીવનું સ્વરૂપ જણાય છે. તે જ્ઞાનની સ્વજાતિ છે. કારણ કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે તેનો પોતાનો ગુણ છે. અને તે જ જ્ઞાનથી અજીવ તથા અજીવનું સ્વરૂપ જે જણાય છે. તે જ્ઞાનની વિજાતિ છે. કારણકે જ્ઞાન એ અજીવનો ગુણ નથી. આ પ્રમાણે જ્ઞાન એ વિષયિ છે. અને જીવાજીવનું સ્વરૂપ તે વિષય છે. આ રીતે જ્ઞાનની સાથે આ બે દ્રવ્યોનો *વિષયવિષયિભાવ* નામનો સંબંધ થવાથી ઉપચારસંબંધ થયો. તે કારણે જ જ્ઞાન ઉભય વિષયવાળું કહેવાય છે. આ રીતે આ સ્વજાતિ-વિજાતિ-અસદ્ભૂત વ્યવહાર ઉપનય થયો.

**"स्वजातीयांशे किं नायं सद्भूतः ?" इति चेत्, न, "विजातीयांश इव विषयतासम्बन्धस्योपचरितस्यैवानुभवाद्" इति गृहाण.**

*પ્રશ્ન—* અસદ્ભૂતવ્યવહાર ઉપનયના ત્રણ ભેદોમાંથી ત્રીજા ભેદને આશ્રયી કોઈક પ્રશ્ન કરે છે કે જ્યારે મતિજ્ઞાન સ્વજાતીય અંશમાં વર્તતુ હોય એટલે કે જીવદ્રવ્યને અને તેના સ્વરૂપને જાણે છે. ત્યારે તો તે પોતાના ઘરમાં જ વર્તે છે. કારણ કે મતિજ્ઞાન એ જીવનો જ ગુણ છે. અને તે મતિજ્ઞાનથી જીવદ્રવ્ય કે તેનુ સ્વરૂપ જણાય તો તે "સદ્ભૂત" કેમ ન કહેવાય ? અહીં ઉપચાર તો થતો જ નથી.

*ઉત્તર—* મતિજ્ઞાન એ જીવનો ગુણ હોવાથી જીવમાં જ છે. અને તે પોતાનું ઘર છે. પરંતુ વિજાતીય એવા ઘટ-પટાદિ પુદ્ગલદ્રવ્યને જેમ વિષયપણે જાણે છે. તેમ જીવદ્રવ્યને પણ વિષયપણે જાણે છે. એમ જ્યારે વિવક્ષા કરાય છે. ત્યારે વિષયતા રૂપ સંબંધનો ઉપચાર જેવો વિજાતીય અંશમાં છે. તેવો જ સજાતીય અંશમાં પણ ઉપચાર અનુભવાય જ છે. આમ વિષયપણાના સંબંધનો ઉપચાર જણાતો હોવાથી અસદ્ભૂત કહેવાય છે. આમ તું જાણ. સારાંશ કે મતિજ્ઞાન દ્વારા ઘટ-પટાદિ અજીવ પદાર્થો જેમ વિષય રૂપે જણાય છે. તેમ જીવ પણ વિષયરૂપે જણાય છે. તેથી વિષય સ્વરૂપે જ્ઞેયને ભિન્ન માનીને ઉપચાર કરવામાં આવ્યો છે. ॥ ૧૦૪ ॥

**ઉપચરિતાસદ્ભૂત, કરિઇં ઉપચારો ।**
**જેહ એક ઉપચારથી રે. ॥ ૭-૧૬ ॥**

**તેહ સ્વજાતિં જાણો રે, હું પુત્રાદિક ।**
**પુત્રાદિક છઈં માહરા એ. ॥ ૭-૧૭ ॥**

**વિજાતિથી તે જાણો રે, વસ્ત્રાદિક મુઝ ।**
**ગઢ-દેશાદિક ઉભયથી એ. ॥ ૭-૧૮ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ઉપનય ભાખ્યા એમ, અધ્યાત્મ નય ।**
**કહી પરીક્ષા જસ લહો એ. ॥ ૭-૧૯ ॥**

*ગાથાર્થ*– જ્યાં એક ઉપચાર ઉપરથી બીજો ઉપચાર કરવામાં આવે, ત્યાં આ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય નામનો ત્રીજો ઉપનય કહેવાય છે. ॥ ૭-૧૬ ॥

"હું તેનો પુત્રાદિક છું" તથા "આ મારા પુત્રાદિક છે" આવું જે બોલવું તે સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્ય.ઉ.જાણવો. ॥ ૭-૧૭ ॥

"આ વસ્ત્રાદિક મારાં છે" આમ કહેવું તે વિજાતીય ઉપચરિત અસ.વ્ય.ઉ. જાણવો. તથા "આ ગઢ-નગર-દેશ માહરા છે" આમ કહેવું તે ઉભયથી ઉપચરિત અસ.વ્યવ. ઉપ. જાણવો. ॥ ૭-૧૮॥

આ પ્રમાણે ત્રણ પ્રકારના ઉપનયો કહ્યા. હવે અધ્યાત્મ નયો કહેવાશે તે જાણીને તે નયોની પરીક્ષા કરીને નિપુણ-ચતુર બનીને જગતમાં યશને મેળવનારા થાઓ– ॥ ૭-૧૯ ॥

જૈન સાઈટ JAINSITE.com જૈનમ્ જયતિ શાસનમ્

**ટબો**– **જેહ એક ઉપચારથી બીજો ઉપચાર કરિઓ. તે ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર કહિઈં. ॥ ૭-૧૬ ॥**

**તે સ્વજાતિ ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર જાણો. જે "હું પુત્રાદિક" ઈમ કહિઈં. ઈહાં- "માહરા" એ કહવું, પુત્રાદિક નઈં વિષયઈં તે પુત્રાદિક ઉપચરિયા છઈં. તેહસ્યું આત્માનો ભેદાભેદ સંબંધ ઉપચરિઈં છઈં. પુત્રાદિક તે આત્મપર્યાયરૂપઈં સ્વજાતિ છઈં. પણિ કલ્પિત છઈં. નહી તો સ્વશરીરજન્ય મત્કુણાદિકનઈં પુત્ર કાં ન કહિઈં ॥ ૭-૧૭ ॥**

**વિજાત્યુપચરિતાસદ્ભૂત વ્યવહાર તે કહિઈં. જે "માહરાં વસ્ત્રાદિક" ઈમ કહિઈં. ઈહાં વસ્ત્રાદિક પુદ્ગલ પર્યાય નામાદિ ભેદ કલ્પિત છઈં. નહીં તો વલ્કલાદિક શરીરાચ્છાદક વસ્ત્ર કાં ન કહિઈં ?**

**તેહ વિજાતિમાં સ્વસંબંધ ઉપચરિઇં છઇં. "માહરા ગઢ દેશ પ્રમુખ છઈં" ઈમ કહતાં- સ્વજાતિ વિજાત્યુપચરિતાસદ્ભૂત વ્યવહાર કહિઈં. જે માટિં ગઢ દેશાદિક જીવ અજીવ ઉભય સમુદાયરૂપ છઈં ॥ ૭-૧૮ ॥**

**ઈમ ઉપનય કહિયા. હિવઈ આગિલી ઢાલમાંહિં અધ્યાત્મ નય કહીનઇં એહમાંહિં ગુણ દોષ પરીક્ષાનો યશ પામો. ॥ ૭-૧૯ ॥**

*વિવેચન*— ૧ સદ્ભૂત વ્યવહાર ઉપનય, ૨ અસદ્ભૂત વ્યવહાર ઉપનય, આ બે ઉપનય કહીને હવે ત્રીજો ૩ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય જણાવે છે.

**जेह- एक उपचारथी बीजो उपचार करिओ, ते- उपचरितासद्भूत व्यवहार कहिइं. ॥ ७-१६ ॥**

**ते स्वजाति उपचरितासद्भूत व्यवहार जाणो, जे "हुं पुत्रादिक" इम कहिइं. इहां- "माहरा" ए कहवुं, पुत्रादिकनइं विषयइं ते पुत्रादिक उपचरिया छइ. तेहस्युं आत्मानो भेदाभेद संबंध उपचरिइं छइं. पुत्रादिक ते आत्मपर्यायरूपइं स्वजाति छइं. पणि कल्पित छइं. नही तो स्वशरीरजन्य मत्कुणादिकनइं पुत्र कां न कहिइं ? ॥ ७-१७ ॥**

જ્યાં એક ઉપચાર કર્યા પછી તેના ઉપરથી બીજો ઉપચાર કરવામાં આવે તેને આ ઉપચરિતાસદ્ભૂત વ્યવ. ઉપ. કહેવાય છે. તેના પણ ૩ ભેદ છે. તે આ પ્રમાણે છે.

(૧) સ્વજાતિ ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર ઉપનય.
(૨) વિજાતિ ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર ઉપનય.
(૩) સ્વજાતિ-વિજાતિ (ઉભય) અસદ્ભૂત વ્યવહાર ઉપનય.

जैन साईट JAINSITE.com

(૧) "આ પુત્રાદિક છે. (આ પુત્ર-મિત્ર-સ્ત્રી આદિ છે)" આમ જે કહેવાય છે. તે હું જ છું અર્થાત્ "હું જ પુત્રાદિક છું" આમ બોલવું અથવા "આ પુત્રાદિક મારા છે" આમ બોલવું. તે આ નયનો વિષય છે. "હું" એ આત્માનો વાચક શબ્દ છે એટલે સ્વદ્રવ્ય છે. અને પુત્રાદિક પરજીવદ્રવ્યનો પર્યાય હોવાથી પરપર્યાય છે. આ બન્નેના સંબંધની અહીં કલ્પના કરેલી છે. આત્માનો સંબંધ શરીર સાથે અને શારીરિક ધાતુ સાથે છે. એટલે શરીરને કે વીર્યાદિને પોતાનું માનવું તે પ્રથમ ઉપચાર થયો, તથા શારીરિક વીર્યના સંબંધથી ઉત્પન્ન થયેલા પુત્રાદિકમાં મારાપણાનો ઉપચાર કરવો તે બીજો ઉપચાર થયો. આ રીતે પુત્રાદિકને વિષે "હું અને મારા પણાનો" શારીરિકધાતુ દ્વારા સંબંધ છે, માટે ઉપચાર થતો હોવાથી "મારા છે" આમ કહેવાય છે. તે પુત્રાદિક દ્રવ્ય ભિન્નદ્રવ્ય છે. અને સ્વકીય આત્મા પણ ભિન્નદ્રવ્ય છે. છતાં શારીરિકવીર્યનો સંબંધ હોવાથી ઉપચાર કરીને કથંચિદ્ અભેદ પણ છે. આ રીતે **तेहस्युं** = તે પુત્રાદિકની સાથે આત્માનો કથંચિદ્ભેદ અને કથંચિદ્ અભેદ સંબંધ ઉપચારે સિદ્ધ થયો. આ પ્રમાણે આત્માનો સંબંધ શરીર સાથે, અને શરીરનો (શારીરિકવીર્યનો) સંબંધ પુત્ર સાથે હોવાથી બે ઉપચાર થયા. એટલે કે એક ઉપચારથી બીજો ઉપચાર થયો.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા આત્મા પણ ચેતન છે અને પુત્રાદિક પણ ચેતન છે. માટે આત્મા અને પુત્રાદિક આમ બન્ને આત્મપર્યાય રૂપ (ચેતનાત્મક પર્યાય સ્વરૂપ) હોવાથી સ્વજાતીય થયા. પરંતુ બન્નેનો આત્મા એક નથી. શારીરિક સંબંધ હોવાથી ઉપચાર કરાય છે. એટલે આ પુત્રાદિક મારા છે આમ જે બોલાય છે તે ઉપચારથી બોલાય છે. અને તે પણ શારીરિકવીર્યનો સંબંધ હોવાથી આવી કલ્પના કરાયેલી છે. અન્યથા- જો એમ ન સમજીએ અને પુત્રાદિક શરીરથી ઉત્પન્ન થયા છે = શરીરજન્ય છે એટલે "મારા છે" આમ કહીએ તો અર્થાત્ એમ જો માનીએ તો મત્કુણ (શરીરમાં ઉત્પન્ન થતા કીડા-ચરમ-જુ) આદિ જીવાતમાં પણ "આ મારા પુત્રાદિ છે" એમ પુત્રપણાની પ્રતીતિ કેમ ન થાય? થવી જોઈએ. પરંતુ તે જીવોમાં પુત્રપણાની પ્રતીતિ થતી નથી. તે માટે શરીરજન્યત્વ એ ઉપચારનું કારણ નથી. પરંતુ શારીરિકવીર્ય સંબંધ એ પુત્રાદિકપણાના ઉપચારનું કારણ છે. આ રીતે સ્વજાતીય ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો. ॥ ૧૦૫-૧૦૬ ॥

विजात्युपचरितासद्भूतव्यवहार ते कहिइं. जे "माहरां वस्त्रादिक" इम कहिइं. इहां-वस्त्रादिक पुद्गलपर्याय नामादि भेद कल्पित छइं. नहीं तो वल्कलादिक शरीराच्छादक वस्त्र कां न कहिइं ? तेह विजातिमां स्वसंबंध उपचरिइं छइं. "माहरा गढ देश प्रमुख छइ" इम कहतां-स्वजाति-विजात्युपचरितासद्भूत व्यवहार कहिइं. जे माटिं गढ-देशादिक जीव-अजीव उभय समुदायरूप छई ॥ ७-१८ ॥

इम- उपनय कहिया. हिवइ- आगिली ढालमांहिं अध्यात्मनय कहीनइं एहमांहिं गुण दोष परीक्षानो यश पामो ॥ ७-१९ ॥

"આ વસ્ત્રાદિ માહરાં છે" આમ જે કહેવું. તે વિજાતીય ઉપચરિતાસદ્ભૂતવ્યવહાર ઉપનય જાણવો. અહીં વસ્ત્રાદિ જે જે પૌદ્ગલિક પદાર્થો છે. તે સર્વે પુદ્ગલાસ્તિકાય દ્રવ્યના પર્યાયો છે. એટલે આત્મદ્રવ્યથી વિજાતીયદ્રવ્યના પર્યાયો છે. તથા વસ્ત્રાદિ (આદિ શબ્દથી ઘર-અલંકાર વિગેરે) સર્વે પુદ્ગલના પર્યાયો હોવા છતાં આ વસ્ત્ર છે. આ ઘર છે. આ અલંકાર છે. આમ નામાદિના ભેદોની તેમાં કલ્પના (ઉપચાર માત્ર) કરવામાં આવી છે. તન્તુઓના બનેલા પદાર્થવિશેષને "વસ્ત્ર" એવું નામ, માટી વિશેષના બનેલા પદાર્થને "ઘર" એવું નામ અને સુવર્ણના બનેલા પદાર્થ વિશેષને "અલંકાર" એવુ નામ આપીને ભેદ કરાયો છે. આત્મા ભોક્તા છે. અને વસ્ત્રાદિ ભોગ્ય છે. એટલે ભોક્તા-ભોગ્યત્વના સંબંધથી વસ્ત્ર-ઘર-અલંકારાદિમાં "હું અને મારા પણાનો" ઉપચાર કરવામાં આવ્યો છે. જ્યાં જ્યાં ભોક્તા-ભોગ્યત્વનો સંબંધ હોય છે ત્યાં જ ઉપચાર કરાય છે. જો એમ ન હોત તો વૃક્ષો ઉપરની વલ્કલાદિ (છાલ વિગેરે) પણ શરીર

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આચ્છાદનનું કામ કરે છે. એટલે શરીરના આચ્છાદનનું કામ કરે એટલા માત્રથી તેને જો વસ્ત્રાદિ કહેવાય તો વલ્કલાદિને પણ વસ્ત્ર કેમ ન કહેવાય ? માટે શરીરાચ્છાદનત્વના કારણે આ ઉપચાર થયેલ નથી પરંતુ ભોક્તા-ભોગ્યત્વના સંબંધવિશેષની કલ્પનાથી વિજાતીયમાં મારાપણાનો આ ઉપચાર થયેલ છે. આ વિજાતીય અસદ્ભૂત વ્યવહાર ઉપનય જાણવો.

તથા આ ગઢ મારો છે. આ નગર મારૂં છે. આ દેશ મારો છે અથવા આ ગઢ-નગર-દેશ જે છે. તે જ હું છું. આવું જે બોલાય છે. તે સઘળું સ્વજાતિ-વિજાતિ ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર ઉપનય કહેવાય છે. કારણ કે ગઢ-નગર-દેશાદિમાં વસવાટ કરનારા જે સ્ત્રી-પુરુષાદિ જીવો છે. તે સ્વજાતિ છે. અને ઘર-દુકાન-હવેલી આદિ જે અજીવ પદાર્થો છે. તે વિજાતિ છે. તેથી ગઢ-દેશ આદિ પદાર્થો જીવ-અજીવ એમ ઉભયસ્વરૂપે વર્તે છે. તેથી તેમાં "હું અને મારા પણાનો" જે ઉપચાર કરાય છે તે ઉભય અસદ્ભુત વ્યવહાર ઉપનય જાણવો. ॥ ૧૦૭ ॥

ઉપનયના આ સર્વે ભેદોને સમજાવનારી ગાથાઓ નયચક્રમાં ૨૧૯ થી ૨૪૬ છે. પરંતુ આ ગાથાઓ ઘણી હોવાથી અહીં આપેલ નથી. વિશેષાર્થીએ નયચક્રગ્રંથ જોઈ લેવો.

તથા શ્રી દેવસેનાચાર્યકૃત આલાપપદ્ધતિમાં ઉપનયોને સમજાવનારો પાઠ આ પ્રમાણે છે—

उपनयभेदा उच्यन्ते-सद्भूतव्यवहारो द्विधा । शुद्धसद्भूतव्यवहारो यथा-शुद्धगुणशुद्धगुणिनोः- शुद्धपर्याय शुद्धपर्यायिणोर्भेदकथनम् । अशुद्धसद्भूतव्यवहारो यथा अशुद्धगुणाशुद्धगुणिनोरशुद्धपर्यायाशुद्धपर्यायिणोर्भेदकथनम् इति सद्भूतव्यवहारोऽपि द्वेधा ।

असद्भूतव्यवहारस्त्रेधा । स्वजात्यसद्भूतव्यवहारो यथापरमाणुर्बहुप्रदेशीति कथनमित्यादि । विजात्यसद्भूतव्यवहारो यथा मूर्तं मतिज्ञानं, यतो मूर्तद्रव्येण जनितम्। स्वजातिविजात्यसद्भूतव्यवहारो यथा-ज्ञेये जीवेऽजीवे ज्ञानमिति कथनं, ज्ञानस्य विषयत्वात्। इत्यसद्भूतव्यवहास्त्रेधा ।

उपचरितासद्भूतव्यवहारस्त्रेधा । स्वजात्युपचरितासमद्भूतव्यवहारो यथा-पुत्रदारादि मम । विजात्युपचरितासद्भूत व्यवहारो यथा-वस्त्राभरणहेमरत्नादि मम । स्वजातिविजात्युपचरितासद्भूतव्यवहारो यथा-देशराज्यदुर्गादि मम ।

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

इत्युपचरितासद्व्यवहारस्त्रेधा ।

"આલાપપદ્ધતિમાં" જે પાઠ છે. તે જ પાઠ અક્ષરશઃ અહીં આપેલ છે.

આ પ્રમાણે ત્રણ પ્રકારના ઉપનય કહ્યા. હવે આગળ આવનારી આઠમી ઢાળમાં અધ્યાત્મનય (નિશ્ચયનય અને વ્યવહારનય) કહીશું. એ નયો કહીને આ દિગંબર આમ્નાયને અનુસારે કહેલા નયો ઉપનયો અને અધ્યાત્મનયોમાં શું શું ગુણ છે અને શું શું દોષ છે. તેની પરીક્ષા કરીને સારા યશને તમે પ્રાપ્ત કરો. નયોની બાબતમાં નિપુણતાવાળા થઈને યશસ્વી બનો.

અહીં છેલ્લી ગાથામાં जस શબ્દ વાપરીને ગ્રંથકર્તાએ ગર્ભિતપણે કર્તા તરીકે પોતાનું નામ સૂચિત કર્યું છે. ॥ ૧૦૮ ॥

**સાતમી ઢાળ સમાપ્ત**

जैन साईट
JAINSITE.com
જૈનમ્ જયતિ શાસનમ્

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# ઢાળ - આઠમી

દોઉ મૂલનય ભાષિયા રે, નિશ્ચય નઈં વ્યવહાર ।
નિશ્ચય દ્વિવિધ તિહાં કહિઓ રે, શુદ્ધ અશુદ્ધ પ્રકાર રે ॥
પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧ ॥

જીવ કેવલાદિક યથા રે, શુદ્ધવિષય નિરુપાધિ ।
મઈનાણાદિક આતમા રે, અશુદ્ધ તે સોપાધિ રે ॥
પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૨ ॥

*ગાથાર્થ*— અધ્યાત્મની દૃષ્ટિએ મૂલ બે નય શાસ્ત્રોમાં કહ્યા છે. ૧ નિશ્ચયનય અને ૨ બીજો વ્યવહારનય. ત્યાં નિશ્ચયનય શુદ્ધ અને અશુદ્ધ આમ બે પ્રકારે કહેલો છે. ॥ ૮-૧ ॥

જેમ "જીવ એ કેવળજ્ઞાનાદિ ગુણમય છે" આ પ્રમાણે નિરુપાધિક (કર્મમય ઉપાધિ રહિત) ક્ષાયિકભાવના ગુણોની સાથે આત્માનો અભેદ પ્રતિપાદન થાય ત્યારે તે શુદ્ધનિશ્ચયનયનો વિષય કહેવાય છે. અને "જીવ એ મતિજ્ઞાનાદિ ગુણમય છે" આ પ્રમાણે સોપાધિક (કર્મોદય સાપેક્ષ) ક્ષયોપશમ ભાવના ગુણોની સાથે આત્માનો અભેદ પ્રતિપાદન થાય ત્યારે તે અશુદ્ધનિશ્ચયનયનો વિષય કહેવાય છે. ॥ ૮-૨ ॥

**ટબો**— પ્રથમ અધ્યાત્મ ભાષાઇં ૨ નય કહિયા. એક નિશ્ચયનય. બીજો વ્યવહારનય. તિહાં નિશ્ચયનય દ્વિવિધ કહીઓ. એક શુદ્ધ નિશ્ચય નય, બીજો અશુદ્ધનિશ્ચય નય. હે પ્રાણી ! આગમના ભાવ પરખીનઈં ગ્રહો. ॥ ૮-૧ ॥

**જીવ, તે કેવળજ્ઞાનાદિરૂપ છઇં. ઈમ- જે નિરુપાધિ કહિઈં કર્મોપાધિ રહિત, કેવળજ્ઞાનાદિ શુદ્ધ વિષય લેઈ, આત્માનઈં અભેદ દેખાડિઈં. તે શુદ્ધ-નિશ્ચયનય. મતિજ્ઞાનાદિક અશુદ્ધ ગુણનઈં આત્મા કહિઈં. તે અશુદ્ધનિશ્ચયનય. ॥ ૮-૨ ॥**

*વિવેચન*— પહેલાંની છઠ્ઠી અને સાતમી ઢાળમાં દિગંબરામ્નાયને અનુસારે ૯ નયો, અને ૩ ઉપનયો સમજાવ્યા. એટલે તર્કશાસ્ત્રને અનુસારે જે નયો હતા તે કહ્યા. હવે આ આઠમી ઢાળમાં અધ્યાત્મની દૃષ્ટિએ જે બે નયો છે. તે સમજાવે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**प्रथम अध्यात्मभाषाइं २ नय कहिया. एक निश्चयनय, बीजो व्यवहारनय, तिहां निश्चयनय द्विविध कहियो. एक शुद्धनिश्चयनय, बीजो अशुद्धनिश्चयनय, हे प्राणी ! आगमना भाव परखीनइं ग्रहो. ॥ ८-१ ॥**

અધ્યાત્મભાષાની અપેક્ષાએ મૂલભૂત પ્રથમ ૨ નયો કહ્યા છે. ૧ નિશ્ચયનય અને ૨. બીજો વ્યવહારનય. ત્યાં પ્રથમ જે નિશ્ચયનય છે તે પણ બે પ્રકારનો કહેલો છે. ૧ શુદ્ધનિશ્ચયનય અને ૨ બીજો અશુદ્ધનિશ્ચયનય.

આ બધા નયો, ઉપનયો અને અધ્યાત્મનયો વિચારવા યોગ્ય છે મનન કરવા યોગ્ય છે. ઉંડાણ પૂર્વકના અવગાહન વિના એમને એમ માની લેવા જેવા નથી. તથા દિગંબરમતસમ્મત બધા જ નયો મિથ્યા છે. એમ પણ માની લેવાની જરૂર નથી. આગમના આ બધા ભાવો દુર્ગમ્ય છે. તેની પરીક્ષા કરવા પૂર્વક ઉંડાણથી અભ્યાસ કરવા પૂર્વક ગ્રહણ કરવા જેવા છે. આ બાબતમાં શ્વેતાંબર આમ્નાયમાં શ્રી વાદિદેવ-સૂરિજીકૃત પ્રમાણનયતત્ત્વાલોક, શ્રી જિનભદ્રગણિક્ષમાક્ષમણજીકૃત વિશેષાવશ્યક-ભાષ્ય, પૂજ્ય ઉમાસ્વાતિજીકૃત તત્ત્વાર્થાધિગમસૂત્ર તથા પૂજ્ય શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિજીકૃત સમ્મતિ પ્રકરણ અને અનુયોગદ્વારસૂત્ર આદિ મહાગ્રંથોમાં નયોનું વર્ણન ઘણું જ વિશદ રીતે મહાત્મા પુરુષોએ વર્ણવેલું છે. તથા નયપ્રદીપ નયરહસ્ય અનેકાન્તવ્યવસ્થા આદિ ગ્રંથોમાં ગ્રંથકારશ્રીએ પોતે પણ નયોનું સુંદર વર્ણન સમજાવેલું છે.તે જાણવા-ભણવા અને મનન કરવાનું ચુકવા જેવું નથી. ॥ ૧૦૯॥

**जीव, ते केवलज्ञानादिरूप छइ, इम जे निरूपाधि कहिइं कर्मोपाधिरहित, केवलज्ञानादिक शुद्ध विषय लेइ, आत्मानइं अभेद देखाडिइं, ते शुद्ध निश्चयनय, मतिज्ञानादिक अशुद्ध गुणनइं आत्मा कहिइं, ते अशुद्ध निश्चयनय. ॥ ८-२ ॥**

તત્ત્વનો જે નિશ્ચય કરાવે તે નિશ્ચયનય, ગુણ-ગુણીનો જે અભેદ જણાવે તે નિશ્ચયનય. આન્તરિક ભાવોને જે પ્રધાન કરે તે નિશ્ચયનય. અથવા વસ્તુના વાસ્તવિક સ્વરૂપને જે પ્રધાન કરે તે નિશ્ચયનય.

જીવ નામના દ્રવ્યમાં જે જે ગુણો છે. તે બે પ્રકારના છે. એક સ્વાભાવિક, એટલે કે કર્મમય જે ઉપાધિ છે તે સંપૂર્ણપણે દૂર જાય ત્યારે જ પ્રગટ થાય, તેવા જે ગુણો અર્થાત્ નિરૂપાધિક જે ગુણો છે. તે *સ્વાભાવિકગુણો* કહેવાય છે આવા ગુણોને ક્ષાયિકભાવના ગુણો પણ કહેવાય છે. અને તે ગુણોને જ શુદ્ધગુણો કહેવાય છે.

તથા જે ગુણો જ્ઞાનાવરણીયાદિ કર્મોની હાજરીમાં જ, તેઓનો વિપાકોદય ચાલુ હોય ત્યારે જ, તે કર્મોનો રસઘાત કરીને જેટલા અંશે ક્ષયોપશમ કર્યો હોય તેટલા અંશે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તે કાળે પ્રગટ થાય તે, અર્થાત્ કર્મમય ઉપાધિ વિદ્યમાન હોતે છતે ક્ષયોપશમભાવથી જે ગુણો પ્રગટ થાય તે ઉપાધિસાપેક્ષ ગુણો કહેવાય છે અને તેને જ કર્મોપાધિ સાપેક્ષ હોવાથી અશુદ્ધગુણો કહેવાય છે.

આત્મદ્રવ્યમાં ગુણો બે પ્રકારના છે. તેથી તે બન્ને પ્રકારના ગુણોની સાથે ગુણી એવા આત્મદ્રવ્યનો અભેદ સૂચવનારો જે નય છે. તે નિશ્ચયનય કહેવાય છે. તે નિશ્ચયનય પણ બે પ્રકારનો છે. ૧ શુદ્ધ નિશ્ચયનય. અને ૨ અશુદ્ધનિશ્ચયનય "જીવ કેવળજ્ઞાનાદિરૂપ છે" એટલે કે જીવ એ જ કેવળજ્ઞાન છે. જીવ એ જ અનંતચારિત્ર છે. ઈત્યાદિ સ્વરૂપે જે નિરૂપાધિક એવા અર્થાત્ કર્મમયઉપાધિથી રહિત, ક્ષાયિકભાવના કેવળજ્ઞાનાદિક જે નિર્મળ નિર્દોષ શુદ્ધ ગુણો છે. તે ગુણોના વિષયવાળો આત્મદ્રવ્યમાં અભેદ દેખાડનારો જે નય તે શુદ્ધનિશ્ચયનય કહેવાય છે. અને મતિજ્ઞાનાદિક (૪ જ્ઞાન-૩ અજ્ઞાન-૩ દર્શન-પાંચ લબ્ધિ, સમ્યકત્વ, સંયમ, અને સંયમાસંયમ રૂપ ૧૮) ગુણો કે જે ક્ષયોપશમભાવના છે. અને કર્મમય ઉપાધિ સાપેક્ષ હોવાથી અશુદ્ધ કહેવાય છે તે ગુણોનો ગુણી એવા આત્મદ્રવ્યમાં અભેદ જણાવનારો જે નય તે અશુદ્ધનિશ્ચયનય કહેવાય છે. આત્મા મતિજ્ઞાનાદિમય છે. આમ કહેવું તે આ નયનો વિષય છે. ॥ ૧૧૦ ॥

જૈન સાઈટ JAINSITE .com

**દોઈ ભેદ વ્યવહારના જી, સદ્‌ભૂતાસદ્‌ભૂત ।**
**એક વિષય સદ્‌ભૂત છઈજી, પરવિષયાસદ્‌ભૂત રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૩ ॥**

**ઉપચરિતાનુપચરિતથી રે, પહિલો દોઈ પ્રકાર ।**
**સોપાધિક ગુણ-ગુણીં ભેદઈ રે, જિઅની મતિ ઉપચાર રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૪ ॥**

**નિરુપાધિક ગુણ-ગુણિં ભેદઇં રે, અનુપચરિત સદ્‌ભૂત ।**
**કેવળજ્ઞાનાદિક ગુણા રે, આતમના અદ્‌ભૂત રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૫ ॥**

*ગાથાર્થ*— વ્યવહારનયના પણ બે ભેદ છે ૧ સદ્‌ભૂતવ્યવહારનય અને ૨ અસદ્‌ભૂતવ્યવહારનય. એક દ્રવ્યાશ્રિત જે ગુણો હોય તે સદ્‌ભૂત અને પરદ્રવ્યાશ્રિત જે ગુણો હોય તે અસદ્‌ભૂત. ॥ ૮-૩ ॥



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સદ્ભૂતવ્યવહાર નામના પ્રથમભેદના ઉપચરિત અને અનુપચરિતના નામથી બે ભેદ છે. જ્યાં સોપાધિક ગુણ-ગુણીનો ભેદ જણાવે તે ઉપચરિત સદ્ભૂત વ્યવહારનય. જેમ કે જીવનું મતિજ્ઞાન છે. ॥ ૮-૪ ॥

જ્યાં નિરૂપાધિક ગુણ-ગુણીનો ભેદ જણાવે તે અનુપચરિત સદ્ભૂત વ્યવહાર નય છે. જેમ કે કેવળજ્ઞાનાદિક જે ગુણો છે. તે આત્માના અદ્ભૂત ગુણો છે. ॥ ૮-૫ ॥

**ટબો- નિશ્ચયનય અભેદ દેખાડઈ, વ્યવહારનય તે ભેદ દેખાડઈ છઈ- વ્યવહાર નયના ૨ ભેદ કહ્યાં છઈ. એક-સદ્ભૂત વ્યવહાર, બીજો અસદ્ભૂત વ્યવહાર. તે એક વિષય કહતાં = એકદ્રવ્યાશ્રિત તે સદ્ભૂત વ્યવહાર. પરવિષય તે અસદ્ભૂત વ્યવહાર ॥ ૮-૩ ॥**

**પહેલો જે સદ્ભૂતવ્યવહાર તે ૨ પ્રકારિં છઈ. એક ઉપચરિત સદ્ભૂત વ્યવહાર, બીજો અનુપચરિત સદ્ભૂત વ્યવહાર, સોપાધિક ગુણ-ગુણિભેદ દેખાડિઈં, તિહાં પ્રથમભેદ જિમ "जीवस्य मतिज्ञानम्" ઉપાધિ, તેહ જ ઇહાં ઉપચાર. ॥ ૮-૪ ॥**

**નિરુપાધિક ગુણ-ગુણિ ભેદઈ બીજો ભેદ. યથા "जीवस्य केवलज्ञानम्" ઈહાં ઉપાધિરહિતપણું, તેહ જ નિરૂપચારપણું જાણવું ॥ ૮-૫ ॥**

*વિવેચન*— નિશ્ચયનયના શુદ્ધ અને અશુદ્ધ એમ બે ભેદ સમજાવીને હવે વ્યવહારનયના ભેદ જણાવે છે. ગુણ અને ગુણીનો પ્રધાનતાએ જે ભેદ જણાવે તે વ્યવહારનય. અથવા બાહ્યભાવોને જે પ્રધાન કરે તે વ્યવહારનય, આવા પ્રકારની અનેક વ્યાખ્યાઓ આ નયની શાસ્ત્રોમાં આવે છે.

**निश्चयनय अभेद देखाडइ, व्यवहारनय ते भेद देखाडइ छइं—**

નિશ્ચયનય હમેશાં અભેદ દેખાડનાર છે અને જે વ્યવહાર છે તે ભેદને દેખાડનાર છે. નિશ્ચયનયમાં અભેદની પ્રધાનતા અને વ્યવહાર નયમાં ભેદની પ્રધાનતા છે. હવે તે વ્યવહારનયના ભેદ જણાવે છે.

**व्यवहारनयना २ भेद कह्यां छइं, एक- सद्भूत व्यवहार, बीजो असद्भूत व्यवहार. ते एक विषय कहतां-एक द्रव्याश्रित, ते सद्भूत व्यवहार. परविषय, ते असद्भूतव्यवहार. ॥ ८-३ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વ્યવહારનયના ૨ ભેદ કહેલા છે. ૧ સદ્‌ભૂતવ્યવહારનય અને ૨ બીજો અસદ્‌ભૂતવ્યવહારનય. ગુણ-ગુણીનો ભેદ જણાવે તે વ્યવહારનય કહેવાય છે. આ વાત આવી ગઈ છે. જે ધ્યાનમાં હશે જ. તેમાં જે ગુણો **एकविषय** હોય. અહીં *એકવિષય* કહેતાં એક દ્રવ્યને આશ્રિત હોય પોતાના જ દ્રવ્યને આશ્રિત હોય પરદ્રવ્યનો એટલે કે અન્યદ્રવ્યનો આશ્રય જેમાં ન હોય તે સદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે. અને જ્યાં **परविषय** = અન્ય દ્રવ્યનો આશ્રય કરવામાં આવે તે અસદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે. સારાંશ કે એકદ્રવ્યાશ્રિત તે સદ્‌ભૂત અને પરદ્રવ્યાશ્રિત તે અસદ્‌ભૂત. આમ, વ્યવહાર નયના બે ભેદ છે. ॥ ૧૧૧ ॥

**पहेलो जे सद्‌भूतव्यवहार, ते २ प्रकारिं छइं. एक उपचरित सद्‌भूत व्यवहार, बीजो अनुपचरित सद्‌भूतव्यवहार. सोपाधिक गुण-गुणिभेद देखाडिइं, तिहां प्रथमभेद. जिम ''जीवस्य मतिज्ञानम्'' उपाधि, तेह ज इहां उपचार. ॥ ८-४ ॥**

વ્યવહારનયના ૨ ભેદમાંથી જે પ્રથમભેદ ''સદ્‌ભૂતવ્યવહાર'' નામનો છે. તેના પણ ૨ પ્રકાર છે. ૧ એક ઉપચરિત સદ્‌ભૂતવ્યવહાર નય, અને ૨ બીજો અનુપચરિત સદ્‌ભૂતવ્યવહારનય.

*પ્રશ્ન–* ઉપચરિત-અનુપચરિત સદ્‌ભૂતવ્યવહારનય કોને કહેવાય ?

*ઉત્તર–* સોપાધિક (કર્મમય ઉપાધિ સાપેક્ષ) એવા ગુણોનો ગુણીથી જે ભેદ દેખાડે છે. તે પ્રથમભેદ એટલે કે ઉપચરિત કહેવાય છે અને નિરુપાધિક (કર્મમયઉપાધિ રહિત) એવા ગુણોનો ગુણીથી જે ભેદ દેખાડે છે તે બીજોભેદ એટલે કે અનુપચરિત કહેવાય છે. જેમ કે ''જીવનું મતિજ્ઞાન'' છે. અહીં મતિજ્ઞાન ક્ષાયોપશમિક ભાવવાળું છે. અને ''જીવનું'' લખીને ષષ્ઠી દ્વારા ભેદ જણાવ્યો છે. અને મતિજ્ઞાન જીવનો પોતાનો ગુણ હોવાથી એકદ્રવ્યાશ્રિત છે. માટે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહારનય કહેવાય છે. અહીં કર્મમય જે ઉપાધિ છે. તે જ ઉપચારરૂપ સમજવી. (ઉપચારનું કારણ સમજવી). જ્યાં કર્મમયઉપાધિની સાપેક્ષતા હોય ત્યાં જ ઉપચાર કહેવાય છે. ॥ ૧૧૨ ॥

**निरुपाधिक गुण-गुणि भेदइं बीजो भेद, यथा ''जीवस्य केवलज्ञानम्'' इहां उपाधिरहितपणुं. तेह ज निरुपचारपणुं जाणवुं ॥ ८-५ ॥**

નિરુપાધિક (એટલે કે કર્મમય ઉપાધિથી રહિત) એવા ક્ષાયિક ભાવનાં ગુણોનો ગુણી એવા આત્માથી ભેદને દર્શાવનારો જે નય તે સદ્‌ભૂત વ્યવહારનયનો બીજો ભેદ એટલે કે અનુપચરિત ભેદ જાણવો. જેમ કે ''કેવળજ્ઞાન એ જીવનો ગુણ છે'' અહીં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કેવળજ્ઞાન ક્ષાયિકભાવનું હોવાથી નિરુપાધિક છે માટે અનુપચરિત, જીવનો પોતાનો ગુણ છે અન્ય દ્રવ્યનો આશ્રય નથી માટે સદ્ભૂત, અને "જીવનું" આમ ષષ્ઠી વિભક્તિથી પ્રદર્શિત છે માટે ભેદસૂચવનાર હોવાથી વ્યવહારનય છે. અહીં કર્મમય ઉપાધિ એટલે ઉપચાર અને ઉપાધિરહિતતા એટલે જ નિરૂપચારતા જાણવી. સદ્ભૂત-વ્યવહારનયના ભેદ જણાવીને હવે અસદ્ભૂતવ્યવહારનયના ભેદ પછીની ગાથામાં જણાવે છે. ॥ ૧૧૩ ॥

**અસદ્ભૂત વ્યવહારના જી, ઈમ જ ભેદ છઈં દોઈ ।**
**પ્રથમઅસંશ્લેષિતયોગઈં જી, દેવદત્ત ધન જોઈ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૬ ॥**

**સંશ્લેષિતયોગઈં બીજો રે, જિમ આતમનો દેહ ।**
**નય ઉપનય નયચક્રમાં રે, કહિયા મૂલનય એહ ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૭ ॥**

*ગાથાર્થ—* અસદ્ભૂત વ્યવહાર નયના આ જ પ્રમાણે બે ભેદ છે. જે વસ્તુનો આત્માની સાથે સંશ્લેષિતયોગ (એકમેક સંયોગ) ન હોય તે ઉપચરિત અસ.વ્યવ.નય. જેમ કે *"આ દેવદત્તનું ધન છે"* આ ઉદાહરણ આ નયનું છે એમ જાણો. ॥ ૮-૬ ॥

જ્યાં સંશ્લેષિતયોગ (એકમેક સંયોગ) હોય ત્યાં બીજો ભેદ અનુપચરિત અસ.વ્યવ.નય. જેમ કે "આત્માનો આ દેહ છે" નયચક્ર નામના ગ્રંથમાં આ પ્રમાણે નયો અને ઉપનયો કહ્યા છે. ॥ ૮-૭ ॥

**ટબો—** **અસદ્ભૂત વ્યવહારના ઈમ જ ૨ (ભેદ) છઈં. એક ઉપચરિતાસદ્ભૂત વ્યવહાર, બીજો અનુપચરિતાસદ્ભૂત વ્યવહાર. પહેલો ભેદ અસંશ્લેષિત યોગઈં કલ્પિત સંબંધઈં હોઈ. જિમ "દેવદત્તનું ધન" ઈહાં ધન દેવદત્તનઈં સંબંધ સ્વસ્વામિભાવરૂપ કલ્પિત છઈં. તે માટિં ઉપચાર. દેવદત્ત નઈં ધન એક દ્રવ્ય નહીં. તે માટિં અસદ્ભૂત. એમ ભાવના કરવી. ॥ ૮-૬ ॥**

**બીજો ભેદ- સંશ્લેષિતયોગઈં—કર્મ જ સંબંધઈં જાણવો. જિમ "આત્માનું શરીર" આત્મા-દેહનો સંબંધ ધનસંબંધની પરિ કલ્પિત નથી. વિપરીત ભાવનાઈં નિવર્તઈં**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**નહીં. યાવજ્જીવ રહઈ. તે માટિં અનુપચરિત. અનઈં ભિન્ન વિષય, માટઈં અસદ્ભૂત જાણવો.**

**એ નય ઉપનય દિગંબર દેવસેનકૃત નયચક્રમાંહિં કહીયા છઈં, ૨ મૂલનય સહિત. ॥ ૮-૭ ॥**

*વિવેચન–* સદ્ભૂતવ્યવહાર નયના ઉપચરિત અને અનુપચરિત એમ ૨ ભેદ કહ્યા. હવે તે સમજાવીને અસદ્ભૂતવ્યવહારનયના ભેદો સમજાવે છે.

**असद्भूतव्यवहारनयना इम ज २ (भेद) छइं, १ उपचरितासद्भूतव्यवहार, बीजो-अनुपचरितासद्भूत व्यवहार, पहेलो भेद असंश्लेषित योगइं कल्पित संबंधइ होइ. जिम- ''देवदत्तनुं धन'' इहां धन-देवदत्तनइं संबंध स्वस्वामिभावरूप कल्पित छइं, ते माटिं उपचार, देवदत्तनइं धन एकद्रव्य नहीं, ते माटिं-असद्भूत. एम भावना करवी. ॥ ८-६ ॥**

અસદ્ભૂતવ્યવહાર નયના પણ (સદ્ભૂતવ્યવહારનયની જેમ જ) બે ભેદો જાણવા. ૧ ઉપચરિત અને ૨ અનુપચરિત. આ અસદ્ભૂત વ્યવહારનય હોવાથી એકદ્રવ્યાશ્રિત વ્યવહાર હોતો નથી. પરંતુ અન્ય-અન્ય દ્રવ્યાશ્રિત વ્યવહાર હોય છે. તથા વ્યવહારનય હોવાથી ભેદ દર્શાવનારો આ નય છે. ત્યાં *ઉપચરિત* નામનો પ્રથમ ભેદ તેને કહેવાય છે કે જ્યાં બન્ને દ્રવ્યોનો "અસંશ્લેષિતયોગ હોય" એટલે કે જ્યાં બે દ્રવ્યો લોહ-અગ્નિની જેમ તાદાત્મ્ય બની જાય એકમેક બની જાય તે સંશ્લેષિતયોગ કહેવાય છે. જ્યાં આવો લોહાગ્નિ જેવો તાદાત્મ્ય (એકમેક મળી જવારૂપ) યોગ ન હોય ત્યાં અસંશ્લેષિતયોગ કહેવાય છે. આ એકમેકસંબંધ ન હોવાથી" જુદા જુદા રૂપે કલ્પાયેલો સંબંધ છે. જેમ કે "દેવદત્તનું આ ધન છે" અહીં ધનનો અને દેવદત્તનો સંબંધ લોહાગ્નિની જેમ એકમેક થવારૂપ તાદાત્મ્યસંબંધ (અસંશ્લેષિતસંબંધ) નથી. પરંતુ સ્વસ્વામિ ભાવરૂપ કલ્પિતસંબંધ છે. દેવદત્ત સ્વામી છે. અને ધન તેનું સ્વ છે. આ પ્રમાણે, અસંશ્લેષિતયોગ હોવાથી ઉપચાર, દેવદત્ત અને ધન આ બન્ને એકદ્રવ્ય ન હોવાથી ભિન્ન ભિન્ન દ્રવ્યો હોવાથી અસદ્ભૂત. અને ષષ્ઠીથી નિર્દેશ છે માટે વ્યવહારનય કહેવાય છે. આમ ભાવના ભાવવી. "આ મારુ ઘર છે" આ દેવદત્તનાં પત્ની છે "આ ચૈત્રનો પુત્ર છે" ઈત્યાદિ ઉદાહરણો અહીં સ્વયં વિચારી લેવાં. ॥ ૧૧૪ ॥


**बीजो भेद संश्लेषितयोगइं-कर्मज संबंधइं जाणवो. जिम ''आत्मानुं शरीर'' आत्मा-देहनो संबंध, धनसंबंधनी परिं कल्पित नथी. विपरीत भावनाइं निवर्तइं नहीं. यावज्जीव रहइ. ते माटिं ए अनुपचरित. अनइं भिन्नविषय, माटइं-असद्भूत जाणवो.**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અસદ્ભૂત વ્યવહાર નયનો બીજો ભેદ સંશ્લેષિત યોગથી જાણવો. સંશ્લેષિત યોગ એટલે જ્યાં બે દ્રવ્યો એકમેક બની ગયાં હોય, લોહાગ્નિની જેમ તાદાત્મ્ય બન્યાં હોય તેને સંશ્લેષિતયોગ કહેવાય છે. આત્મા અને દેહનો આ સંબંધ કર્મોના ઉદયજન્ય હોય છે. તેથી કર્મજન્ય સંબંધ પણ કહેવાય છે. જેમ કે "આ શરીર આત્માનુ છે." અહીં આત્માનો અને દેહનો જે સંબંધ છે. તે ધનના સંબંધની પેઠે કલ્પિત નથી. ધનનો સંબંધ તો સ્વસ્વામિભાવવાળો અલ્પકાળ માત્ર રહેનારો છે. તથા આત્મા અને ધન ભિન્ન ભિન્ન ક્ષેત્રમાં વિખુટાં રહેનારાં દ્રવ્યો હોય છે. એકમેકરૂપ પરિણામ પામેલાં નથી. તેના (ધનના) સંબંધ કરતાં આત્માનો અને દેહનો સંબંધ વિપરીત ભાવનાવાળો છે. એટલે કે મૃત્યુ પામે ત્યાં સુધી ક્યારેય પણ નિવર્તન ન પામનારો છે યાવજ્જીવ સુધી આત્માનો અને શરીરનો સંબંધ રહેનારો છે. તથા મારાપણાની ભાવનાથી વિપરીત એવી વૈરાગ્યની ભાવના આવે તો ધનનું નિવર્તન (ત્યાગ) થઈ શકે છે. પરંતુ આવી વિપરીત (વૈરાગ્યવાસિત) ભાવના આવે તો પણ શરીરનું નિવર્તન થઈ શકતું નથી. તેથી આત્માનો અને દેહનો સંબંધ અનુપચરિત છે. તથા આત્મા એ ચેતનદ્રવ્ય છે અને શરીર એ પુદ્ગલદ્રવ્ય છે. આમ દ્રવ્યભેદ હોવાથી ભિન્ન વિષય છે. અર્થાત્ ભિન્ન ભિન્ન દ્રવ્ય છે. તેથી આ અસદ્ભૂત નય કહેવાય છે. આ રીતે અસદ્ભૂત વ્યવહારનયના પણ ઉપચરિત અને અનુપચરિત એમ બે ભેદો સમજાવ્યા.

જૈનમ્ જયતિ શાસનમ્

**ए नय उपनय दिगंबर देवसेन कृत नयचक्रमांहिं कहिया छइ, २ मूलनय सहित. ॥ ૮-૭ ॥**




આ નયો અને ઉપનયોનો સઘળો વિસ્તાર તથા દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક મૂલભૂત ૨ નય વિગેરેનો વિસ્તાર દિગંબર આમ્નાયમાં થયેલા શ્રી દેવસેનાચાર્યે પોતાના બનાવેલા નયચક્ર નામના ગ્રંથમાં તથા તેઓના જ બનાવેલા "આલાપપદ્ધતિ" નામના ગ્રંથમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરેલો છે. (વિશેષ ત્યાંથી જાણી લેવું.) શ્રીદેવસેન આચાર્યે કરેલી નયોની આ સમીક્ષા વિચારવા યોગ્ય છે. શાસ્ત્રાનુસારી પ્રણાલિકાથી કંઈક જુદી છે. તેથી તેમાં સત્યાંશ અને અસત્યાંશ જાણવા માટે તથા જણાવવા માટે અમે આ ગ્રંથમાં લીધી છે. ॥ ૧૧૫ ॥

**વિષયભેદ યદ્યપિ નહી રે, ઈહાં અમ્હારઈ સ્થૂલ ।**
**ઉલટી પરિભાષા ઈસી રે, તો પણિ દાઝઈ મૂલ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૮ ॥**

**તત્ત્વારથિ નય સાત છઈ જી, આદેશાંતર પંચ ।**
**અંતરભાવિત ઉદ્ધરી રે, નવનો કિસ્યો એ પ્રપંચ રે ॥**
**પ્રાણી પરખો આગમ ભાવ ॥ ૮-૯ ॥**

*ગાથાર્થ*– જો કે અમ્હારે (શ્વેતાંબર સંપ્રદાયને) આ નયોની બાબતમાં દિગંબરોએ જણાવેલા નયોના સ્વરૂપની સાથે મોટો વિષય ભેદ (ભિન્ન વિષયતા) નથી. તો પણ શાસ્ત્રોમાં ચાલી આવતી પ્રણાલિકાથી જે આ ઉલટી પરિભાષા બનાવી છે. તે જોઈને અમ્હારુ દીલ દાઝે છે. ॥ ૮-૮ ॥

તત્ત્વાર્થસૂત્રમાં સાત નયો કહ્યા છે. બીજા કોઈ કોઈ ગ્રંથોમાં પાંચ નય પણ (વિવક્ષાએ) કહ્યા છે. પરંતુ ૭ નયોની અંદર અંતરભાવિત થયેલા (સમાઈ ગયેલા)ને બહાર કાઢીને નવ નયો રચવાની માયા કરવાની (અથવા વિસ્તાર કરવાની) શું જરૂર? (કોઈ પણ એક શાસ્ત્રોમાં આવો વિસ્તાર કરેલ નથી.) ॥ ૮-૯ ॥

**ટબો**– **ઈહાં, અહ્મારઈં શ્વેતાંબરનઈં, સ્થૂલ કહતાં મોટો, વિષયભેદ કહતાં અર્થનો ફેર નથી. તો પણિ-મૂલ કહતાં-પ્રથમથી, ઉલટી-વિપરીત, પરિભાષા-શૈલી કરી, તે દાઝઈં છઈં. ખેદ કરઈં છઈં.**

**यद्यपि न भवति हानिः परकीयां चरति रासभे द्राक्षाम् ।**
**असमञ्जसं तु दृष्ट्वा, तथापि परिखिद्यते चेतः, इति वचनात् ॥ ८-८ ॥**

**તે બોટિકની (દિગંબરોની) ઉલટી પરિભાષા દેખાડિઈં છઈ–**

**તત્ત્વાર્થ સૂત્રઈં ૭ નય કહિયા છઈ. અનઈં આદેશાંતરે કહતાં મતાંતરે, તેહથી ૫ નય કહિયા છઈ. "सप्त मूलनयाः, पञ्च इत्यादेशान्तरम्" એ સૂત્રઈં, સાંપ્રત સમભિરૂઢ**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**એવંભૂત એ ૩ નઈં "શબ્દ" એક નામઈં સંગ્રહઈં, તિવારઈં પ્રથમ ચાર સાથિ પાંચ, अत एव ઈકેકના ૧૦૦ ભેદ હુઈ છઈ, તિહાં પણ ૭૦૦ તથા ૫૦૦ ભેદ ઈમ-૨ મત કહિયા છઈ. यथोक्तमावश्यके—**

**इक्किक्को य सयविहो, सत्त सया णया हवंति एमेव ।**
**अण्णो वि हु आएसो, पंचेव सया णयाणं तु ॥ १ ॥**

**એહવી શાસ્ત્રરીતિ છોડી, અંતરભાવિત-સાતમાંહિ ભેલ્યા, જે- દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, તે ઉદ્ધરી-અલગા કાઢી, નવ નય કહીયા, તે સ્યો પ્રપંચ ? ચતુર મનુષ્ય વિચારી જોઓ. ॥ ૮-૯ ॥**

*વિવેચન*— દિગંબર આમ્નાયમાં શ્રી દેવસેનાચાર્યે બનાવેલા "નયચક્ર" નામના ગ્રંથમાં તર્કશાસ્ત્રને અનુસારે ૯ નયો, ૩ ઉપનયો, અને અધ્યાત્મ દૃષ્ટિએ નિશ્ચયનય અને વ્યવહારનય આમ જે ભેદો કહ્યા છે. તે સર્વેનું વર્ણન ત્યાં જેવું કહ્યું છે. તેવું અમે અહીં સમજાવ્યું છે. તથા તે ગ્રંથના કેટલાક સાક્ષીપાઠ પણ જણાવ્યા છે. હવે તેમાં ક્યાં ક્યાં કેવી ક્ષતિ છે. તે ગ્રંથકારશ્રી જણાવે છે—

जैन साइट JAINSITE जैनम् जयति शासनम्

**इहां-यद्यपि अम्हारइं श्वेतांबरनइं, स्थूल कहतां मोटो, विषय भेद कहतां अर्थनो फेर नथी, तो पणि मूल कहतां प्रथमथी, उलटी-विपरीत, परिभाषा-शैली करी, ते दाझइ छइ-खेद करइ छइ.**

જો કે અમ્હારે શ્વેતાંબરોને इहां = આ નયોના વિષયમાં સ્થૂલ એટલે ઘણો મોટો, વિષયભેદ એટલે અર્થનો ફરક નથી. દિગંબરોને અને શ્વેતાંબરોને નયોના અર્થોની બાબતમાં ઝાઝો ફરક નથી. કોઈ પણ જાતનો ઘણો મોટો વિખવાદ નથી. તો પણ જૈનશાસનમાં પૂર્વાચાર્યકૃત મહાગ્રંથોમાં ચાલી આવતી નયોની જે પ્રણાલિકા છે. રીત ભાત છે. તેને વિના કારણે બદલીને, મૂલથી એટલે પ્રથમથી જ, ઉલટી એટલે જે વિપરીત, પરિભાષા એટલે શૈલી અર્થાત્ પ્રથમથી જ વિપરીત શૈલી નયો સમજાવવાની જે આ દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીએ કરી છે. તે જોઈને અમ્હારુ હૃદય દાઝે છે. હૃદયમાં ખેદ (દુઃખ) થાય છે કે મહાપુરુષોની ચાલી આવતી પ્રણાલિકાને કોઈ પણ પ્રકારના વિશિષ્ટ પ્રયોજન વિના બદલીને ઉલટ-સુલટ કરવાની, કે લોકોને ગેરસમજમાં નાખવાની શું જરૂર ? પૂર્વાચાર્યોએ આગમોમાં અને બીજા શાસ્ત્રોમાં નયો સમજાવવાની જે રીત અપનાવી છે. તેને છોડીને કપોલકલ્પિત કલ્પનાઓ કરીને ભેદ-પ્રભેદો પાડીને લોકોને દ્વિધામાં (મુંઝવણમાં) નાખવાની શી જરૂર ? આ રીતે આવું જોઈને અમ્હારૂ (શ્વેતાંબરોનું) મન દુઃખાય છે. શિષ્ટ પુરુષોની ઉક્તિમાં કહ્યું છે કે—

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**यद्यपि न भवति हानिः, परकीयां चरति रासभे द्राक्षाम् ।**
**असमञ्जसं तु दृष्टवा, तथापि परिखिद्यते चेतः ॥ १ ॥ इति वचनात्**

ગધેડો કોઈના પણ પારકાના ખેતરમાં જઈને પારકી વ્યક્તિની દ્રાક્ષને (અથવા એવા કોઈ ધાન્યને) ચરે, અથવા આળોટીને બગાડે, ભાંગે, તો દૂર દૂર ઉભા રહી જોનારા પુરુષને જો કે કંઈ આર્થિક નુકશાન થતું નથી. પરંતુ સારો આવેલો આવો પાક બગડે તે અનુચિત થતું જોઈને તે જોનારાનું ચિત્ત જરૂર દુઃખી દુઃખી થાય છે. આવું નીતિવાક્ય છે. તેવી જ રીતે આ નયચક્રમાં લખેલા અને શાસનની ચાલી આવતી પ્રણાલિકાથી જુદી રીતે લખાયેલા નયો જોઈને કાળાન્તરે શાસનની મૂલપ્રણાલિકાનો ભંગ થશે આવું દેખીને અમારૂં દીલ ઘણુ દુઃભાય છે. એટલે "દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ" આ નામ વાળા અમારા આ ગ્રંથમાં તેઓની સમીક્ષા અમે અહીં કરીએ છીએ. ॥ ૧૧૬ ॥

**ते बोटिकनी (दिगंबरोनी) उलटी परिभाषा देखाडिइ छइ— तत्त्वार्थसूत्रइं ७ नय कहिया छइ, अनइं आदेशांतरे कहतां मतांतर तेहथी ५ नय कहिया छइ, "सप्त मूलनयाः पञ्च इति आदेशान्तरम्" ए सूत्रइं. सांप्रत, समभिरूढ, एवम्भूत ए ३ नइं "शब्द" एक नामइं संग्रहइं, तिवारइं-प्रथम चार साथि पांच, अत एव इकेकना १०० भेद हुइ छइ, तिहां पणि ७०० तथा ५०० भेद. इम २ मत कहिया छइ.**

બોટિક એટલે દિગંબર, તે દિગંબરોએ નયચક્ર આદિ ગ્રંથોમાં જે જે ઉલટી પરિભાષા એટલે શાસ્ત્રોના કથનથી વિપરીત શૈલી અપનાવી છે. તે હવે અમે તમને જણાવીએ છીએ.

તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં (કે જે બન્ને સંપ્રદાયોને માન્ય છે. જેના ઉપર શ્વેતાંબરામ્નાયમાં સિદ્ધસેનગણિની અને દિગંબરામ્નાયમાં પૂજ્યપાદસ્વામીની ટીકાઓ પ્રધાનપણે પ્રચલિત છે. તેવા ગ્રંથોમાં) મૂલ સૂત્રમાં (અધ્યાય પ્રથમ, સૂત્ર ૩૩-૩૪માં) ૭ નયો કહ્યા છે. અને તેમાં જ આદેશાન્તરથી એટલે મતાન્તરથી પાંચ નયો કહેલા છે. તેનો પાઠ આ પ્રમાણે છે. "सप्त मूलनयाः पञ्च इति आदेशान्तरम्"

આ સૂત્રમાં જ્યારે ૭ નયો ગણીએ ત્યારે ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, ૪ ઋજુસૂત્ર, ૫ સાંપ્રત, ૬ સમભિરૂઢ અને ૭ એવંભૂત આમ ગણાય છે. અને મતાન્તરે જ્યારે ૫ નયો વિચારીએ ત્યારે ૫-૬-૭ જે સાંપ્રતનય, સમભિરૂઢનય અને એવંભૂતનય છે. આ ત્રણેને સાથે ભેળવીને *"શબ્દ"* નામનો એક જ નય સંગૃહીત કરીએ, તે વારે (ત્યારે) પ્રથમના ૪ નયો (નૈગમ-સંગ્રહ-વ્યવહાર અને ઋજુસૂત્ર)ની

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

સાથે આ શબ્દનય જોડતાં પાંચનય આવે. अत एव = આમ હોવાથી જ જ્યારે એક એક નયના ૧૦૦-૧૦૦ ભેદ કહેવાનો પ્રસંગ શાસ્ત્રોમાં જ્યાં જ્યાં છે. ત્યાં જેમ ૭૦૦-૫૦૦ના ભેદનું વિધાન છે તેમ જો નવ ભેદ હોત તો ૯૦૦ના ભેદનું પણ વિધાન શાસ્ત્રોમાં કરત. આવું વિધાન ક્યાંય નથી તો ૯ નયોની આ કલ્પના કરીને શાસનને ડોળવાની શી જરૂર ?

यथोक्तं आवश्यके—

इक्किक्को य सयविहो, सत्त णया हवंति एमेव ।
अण्णो वि हु आएसो, पंचेव सया णयाणं तु ॥ વિશેષા. ભાષ્ય. ગાથા ॥ ૨૨૬૪ ॥

શ્રી વિશેષાવશ્યક નામના મહાભાષ્યમાં પૂજ્યપાદ શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી કહે છે કે એક એક નયના ૧૦૦-૧૦૦ પ્રકાર છે. આ પ્રમાણે ૧૦૦-૧૦૦ ભેદવાળા મૂલ ૭ નયો છે. તથા અન્ય મત એવો છે કે ૧૦૦-૧૦૦ ભેદવાળા ૫ નયો પણ છે.

एहवी शास्त्ररीति छोडी, अंतर्भावित-सातमांहि भेल्या, द्रव्यार्थिक-पर्यायार्थिक, ते उद्धरी-अलगा काढी, नव नय कहिया, ते स्यो प्रपंच? चतुर मनुष्य विचारी जोओ ॥ ८-९ ॥

આવી સુંદર-પૂર્વકાળથી ચાલી આવતી, અનેક ગીતાર્થ શ્વેતાંબર-દિગંબર આચાર્યોએ સ્વીકારેલી શાસ્ત્રની નીતિરીતિને છોડી દઈ સાત નયોમાં ભળી ચુકેલા (અંદર સમાઈ ચુકેલા) એવા જે બે નયો છે ૧ દ્રવ્યાર્થિક અને ૨ પર્યાયાર્થિક. તે બન્ને નયોને અંદરથી ઉદ્ધરીને એટલે કે સાતથી અલગા (ભિન્ન) કાઢીને ૯ નયો જે તમે કહ્યા છે. તે આ પ્રપંચ (વિસ્તાર-માયા) કરવાની શું જરૂર ? પૂર્વાચાર્યોની પ્રણાલિકાને ત્યજીને સ્વતંત્ર માર્ગની પ્રરૂપણા કરવાનો અધિકાર જૈનશાસનમાં છદ્મસ્થ આત્માઓને નથી. કારણ કે છદ્મસ્થ હોવાથી ઉત્સૂત્ર પ્રરૂપણા થવાનો સંભવ છે. માટે હે ચતુર મનુષ્યો? તમે આ બાબત જરૂર વિચારી જોજો. કારણ કે આવી ઉલટી પ્રરૂપણા કરનારા જીવો, અને તેમનો અનુયાયી વર્ગ પોતાની માનેલી વાતના અત્યન્ત આગ્રહી હોવાથી તેઓ તો માનવાના નથી, સાચો માર્ગ જાણવાના નથી. પરંતુ મધ્યસ્થ ચતુર પુરુષો આવા ફંદામાં ન ફસાય એટલા માટે જ અમે મધ્યસ્થ એવા ચતુર પુરુષોને આશ્રયી જ શુદ્ધ-નિર્મળ વિચારો કરવાની ભલામણ કરીએ છીએ. ॥ ૧૧૭ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**પજ્જયત્થ દ્રવ્યારથો રે, જો તુમ્હે અલગા દિઠ્ઠ ।**
**અપ્પિય ણપ્પિય ભેદથી રે, કિમ ઈગ્યાર ન ઈઠ્ઠ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૦ ॥**

**સંગ્રહ વ્યવહારાદિકઈં રે, જો તુમ્હે ભેલો તેહ ।**
**આદિ અંત નય થોકમાં જી, કિમ નવિ ભેલો એહ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૧ ॥**

ગાથાર્થ— સાત નયની અંદર અંતર્ગત થયેલા એવા પણ પર્યાયાર્થિક અને દ્રવ્યાર્થિકનયને બહાર કરીને જો તમે અલગા-જુદા કહો છો. તો પછી તેમાં ભળેલા અર્પિતનય અને અનર્પિતનયને પણ જુદા કરીને ૧૧ નયો કેમ નથી કહેતા ? તમારે ૧૧ નયો પણ કરવા જોઈએ. ॥ ૮-૧૦ ॥

અર્પિતનય અને અનર્પિતનયને અનુક્રમે વ્યવહારમાં અને સંગ્રહમાં જો તમે ભેળવી દો છો. (એટલે ૧૧ કહેતા નથી) તો પછી આ બે (દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક) નયો પણ આદિસમુહમાં અને અંત્યસમુહમાં કેમ ભેળવતા નથી ? (શાસ્ત્રોમાં ભેળવેલા છે.) ॥ ૮-૧૧ ॥

जैन साहित्य JAINSITE.com जैनम् जयति शासनम्

**ટબો— ઈમ ઈં કરતાં-પર્યાયાર્થ, દ્રવ્યાર્થ નય, જો તુમ્હે અલગા દીઠા, અનઈં ૯ નય કહિયા, તો અર્પિત અનર્પિત નય અલગા કરીનઈં ૧૧ નય કિમ ન વાંછયા? ॥ ૮-૧૦ ॥**

**હિવઈ, ઈમ કહસ્યો જે— "अर्पितानर्पितसिद्धेः" ઈત્યાદિ તત્ત્વાર્થ સૂત્રાદિકમાંહિ, જે અર્પિત-અનર્પિતનય કહિયા છઈ-તે અર્પિત કહતાં-વિશેષ કહિઈં, અનર્પિત કહતાં-સામાન્ય કહિઈં, અનર્પિત સંગ્રહમાંહિં ભિલઈ, અર્પિત વ્યવહારાદિક વિશેષનયમાંહિં ભિલઈ. તો- આદિ-અંત કહેતાં પહિલા-પાછિલા નયના થોકડાંમાંહિ એહ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનય કિમ નથી ભેલતાં ? જિમ-સાત જ મૂલનય કહવાઈં છઈં. તે વચન સુબદ્ધ રહઈં. ॥ ૮-૧૧ ॥**

*વિવેચન—* જૈન શાસનની પૂર્વાચાર્યોની પરંપરામાં સાત નયોની વાત સુપ્રસિદ્ધ હોવા છતાં દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીને ૯ નયો કરવાની શું જરૂર ! તે ઉપર તર્કપૂર્વક નિરસન કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**इमइं करतां-पर्यायार्थ, द्रव्यार्थ, नय जो तुम्हे अलग दीठा, अनइं ९ नय कहिया, तो अर्पित-अनर्पित नय अलगा करीनइं ११ नय किम न वांछया ? ॥ ८-१० ॥**

હે દિગંબર દેવસેનાચાર્યજી ! આ રીતે ૭ ના ૯ નયો કરતાં પર્યાયાર્થિકનય અને દ્રવ્યાર્થિકનય જો તમે સાતમાં સમાયેલા હોવા છતાં તેનાથી અળગા કરીને (એટલે જુદા કરીને) જુઓ છો. અને તેથી ૯ નયો છે આમ કહો છો તો પછી તેમાં સમાયેલા અર્પિતનય અને અનર્પિતનયને અળગા કરીને ૧૧ નયો કેમ ઈચ્છતા નથી (કહેતા નથી) ? તમારો તો એવો સિદ્ધાન્ત છે કે જે વ્યાપ્યભેદોમાં સમાયેલા વ્યાપકને પણ અલગ ગણવું. અને સંખ્યા વધારવી. તો સાતમાં સમાયેલા ૨ નયને જો અળગા કરીને ૯ કરો છો તો ૯માં સમાયેલા બીજા બેને જુદા કરીને ૧૧ નયો પણ કહોને? ત્યાં તમને શું દોષ દેખાય છે. ?

*પ્રશ્ન*— અર્પિતનય અને અનર્પિતનય એટલે શું ?

*ઉત્તર*— અર્પિત એટલે વિશેષ, અને અનર્પિત એટલે સામાન્ય. સર્વે પદાર્થોમાં સામાન્ય અને વિશેષ એમ બન્ને ભાવો રહેલા છે. સામાન્ય એટલે સમાનતા-સદૃશતા-એકતા, કાળભેદે પ્રતિસમયે બદલાતા પર્યાયોમાં જે તેના તે દ્રવ્યની સમાનતા-એકતા છે તે ઉર્ધ્વતાસામાન્ય છે. અને ક્ષેત્રભેદે રહેલી અનેક વસ્તુઓમાં ઘટ-ઘટપણે અથવા પટ-પટ પણે જે સમાનતા છે. તે તિર્યક્‌સામાન્ય છે. સામાન્ય અને વિશેષ આ બે પ્રકારના ધર્મોમાંથી સામાન્ય વડે પ્રવૃત્તિ-નિવૃત્તિના વ્યવહાર થતા નથી તેથી તેની અર્પણા-(વિવક્ષા-) પ્રધાનતા કરાતી નથી. તેથી તેને અનર્પિત કહેવામાં આવે છે. અને પ્રત્યેક વસ્તુઓમાં રહેલી ભિન્નતાને (ઈતર વ્યાવર્તક ધર્મને) વિશેષ કહેવાય છે. તે પ્રવૃત્તિ-નિવૃત્તિનો હેતુ હોવાથી તેની અર્પણા-પ્રધાનતા કરાય છે. તેથી તેને અર્પિત કહેવાય છે. આ બે નયોની પણ તમારે ભિન્ન પ્રરૂપણા કરીને ૧૧ નયો કહેવા જોઈએ. ॥ ૧૧૮ ॥

**हिवइ, इम कहस्यो जे ''अर्पितानर्पितसिद्धेः'' इत्यादि तत्त्वार्थ सूत्रादिकमांहिं, जे अर्पित-अनर्पित नय कहिया छइ,-ते अर्पित कहतां विशेष कहिइं. अनर्पित कहतां सामान्य कहिइं. अनर्पित संग्रहमांहिं मिलइं, अर्पित व्यवहारादिक विशेषनयमांहिं मिलइं.**

હે દિગંબરાચાર્ય દેવસેનજી ! હવે કદાચ તમે આમ કહેશો કે ''**अर्पितानर्पितसिद्धेः**'' ઈત્યાદિ તત્ત્વાર્થાધિગમ સૂત્ર વિગેરે મહાગ્રંથોમાં જો કે અર્પિતનય અને અનર્પિત નય કહેલા છે. અને અમારે તે કહેવા જોઈએ અને તેથી અમારે ૧૧

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

નયો કરવા જોઈએ. પરંતુ જે અર્પિત અને અનર્પિત નય શાસ્ત્રોમાં કહેલા છે. તે અર્પિત એટલે વિશેષ કહેવાય અને અનર્પિત એટલે સામાન્ય કહેવાય. આવો આ નયોનો અર્થ હોવાથી જે "અનર્પિતનય" છે તે સામાન્યગ્રાહી હોવાથી સંગ્રહ નયમાં જ સમાઈ જાય છે અને જે અર્પિતનય છે તે વિશેષગ્રાહી હોવાથી વ્યવહારાદિક (વ્યવહાર-ઋજુસૂત્ર અને શબ્દ) નયોમાં જ સમાઈ જાય છે. આ રીતે અનર્પિત સંગ્રહમાં અને અર્પિત વ્યવહારાદિકમાં ભળી જતા હોવાથી અલગા કહેવાની જરૂર નથી. તેથી ૧૧ નયો કરવાની જરૂર નથી માટે અમે જે ૯ નયો કહ્યા છે તે બરાબર જ છે અને યુક્તિસંગત જ છે.

**तो आदि-अंत कहेतां पहिला-पाछला नयना थोकडामांहिं एह द्रव्यार्थिक-पर्यायार्थिक किम नथी भेलतां ? जिम सात ज मूलनय कहवाइं छइ, ते वचन सुबद्ध रहइं ॥ ८-११ ॥**

જો અર્પિત-અનર્પિતનયો અનુક્રમે વ્યવહારાદિકમાં અને સંગ્રહમાં સમાઈ જાય છે. માટે અલગ ગણીને ૧૧ કરવાની જરૂર નથી આવું તમે સમજો છો તો પછી એહ = આ દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય પણ આદિ અને અંત એટલે કે પહેલાંના અને પછીના નયોના થોકડામાં (સમૂહમાં) ભળી જાય છે તે કેમ ભેળવતા નથી અને અળગા કરીને ૯ નયો શા માટે કરો છો ? દ્રવ્યાર્થિકનય દ્રવ્યગ્રાહી હોવાથી નૈગમાદિ પ્રથમના ૩ નયોમાં (જિનભદ્રગણિજીના મતે નૈગમાદિ ચાર નયોમાં) અને પર્યાયાર્થિક નય ઋજુસૂત્રાદિ ૪ નયોનાં (અને જિનભદ્રગણિજીના મતે શબ્દાદિ ૩ નયોમાં) સમાઈ જાય છે. આ કેમ દેખાતું નથી ? આ બન્ને નયો પણ આદિના (પ્રારંભના) નયોના (૩-૪ના) સમૂહમાં અને અંતના (પાછળલા) નયોના (૪-૩ના) સમૂહમાં ભળેલા જ છે. કારણ કે તેના જ તે ઉત્તરભેદો છે. તો આ રીતે બે નયોને પહેલાંના અને પછીના નયોના થોકડામાં (સમૂહમાં) કેમ ભેળવતા નથી ? જો ભેળવીને તમે જુઓ તો "સાત જ મૂલનયો કહેવાય છે" આવું શાસ્ત્રસિદ્ધ અને પરંપરાગતસિદ્ધ એવું શાસ્ત્ર વચન સુબદ્ધ રહે (સુરક્ષિત રહે).

સારાંશ કે ૭ ના ૯ કરો છો તો પછી ૯ ના ૧૧ પણ કરવા જોઈએ. અને અર્પિત-અનર્પિતનયને વ્યવહારાદિકમાં અને સંગ્રહમાં ભેળવીને ૯ કરો તો પછી દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકને પણ આદિ-અંતના થોકડામાં ભેળવીને ૭ જ નયો રાખવા જોઈએ જેના કારણે પૂર્વાચાર્યોની પ્રણાલિકા અતુટ (અખંડિત) રહી ગણાય. ॥ ૧૧૯ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પજ્જવનય તિઅ અંતિમા રે, પ્રથમ દ્રવ્યનય ચાર ।
જિનભદ્રાદિક ભાસિઆ રે, મહાભાષ્ય સુવિચાર રે ॥
પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૨ ॥

સિદ્ધસેન મુખ ઈમ કહઈ રે, પ્રથમ દ્રવ્યનય તીન ।
તસ ઋજુસૂત્ર ન સંભવઈ રે, દ્રવ્યાશ્યક લીન રે ॥
પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૩ ॥

*ગાથાર્થ*– પર્યાયાર્થિકનય છેલ્લા ત્રણ નયોમાં, અને દ્રવ્યાર્થિકનય પ્રથમના ચાર નયોમાં સમાઈ જાય છે. આ પ્રમાણે વિશેષાવશ્યક મહાભાષ્ય આદિ ગ્રંથોમાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી આદિ મહાત્મા પુરુષોએ ઉત્તમ વિચારો કહેલા છે. ॥ ૮-૧૨ ॥

સિદ્ધસેન દિવાકરસૂરિજી પ્રમુખ કેટલાક આચાર્યો સમ્મતિપ્રકરણ આદિ મહાગ્રંથોમાં એમ કહે છે કે દ્રવ્યાર્થિકનય પ્રથમના ત્રણ નયોમાં જ સમાઈ જાય છે. તેઓના મતે ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકને માનવાના સંભવવાળો નથી. ॥ ૮-૧૩ ॥

**ટબો– ૭ નયમધ્યે, દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક ભેલ્યાની આચાર્યમત પ્રક્રિયા દેખાડઈ છઈ– અંતિમા કહતાં છેલ્લા, જે ૩ ભેદ શબ્દ સમભિરૂઢ એવંભૂત રૂપ, તે પર્યાયનય કહિઈં, પ્રથમ ૪ નય-નૈગમ સંગ્રહ વ્યવહાર ઋજુસૂત્ર લક્ષણ, તે દ્રવ્યાર્થિકનય કહિઈં, ઈમ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ પ્રમુખ સિદ્ધાન્તવાદી આચાર્ય કહઈં છઈં. મહાભાષ્ય કહતાં વિશેષાવશ્યક, તે મધ્યે નિર્ધારઈં. ॥ ૮-૧૨ ॥**

**હિવઈં, સિદ્ધસેનદિવાકર મલ્લવાદી પ્રમુખ તર્કવાદી આચાર્ય ઈમ કહઈં છઈં. જે પ્રથમ ૩ નય ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર લક્ષણ, તે દ્રવ્યનય કહિઈં. ઋજુસૂત્ર ૧, શબ્દ ૨, સમભિરૂઢ ૩, એવંભૂત ૪. એ ૪ નય પર્યાયાર્થિક કહિઈં.**

**द्रव्यार्थिकमते सर्वे, पर्यायाः खलु कल्पिताः ।
तेष्वन्वयि च सद् द्रव्यं, कुण्डलादिषु हेमवत् ॥ १ ॥
पर्यायार्थमते द्रव्यं, पर्यायेभ्योऽस्ति नो पृथक् ।
यत्तैरर्थक्रिया दृष्टा, नित्यं कुत्रोपयुज्यते ॥ २ ॥ इति ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

द्रव्यार्थपर्यायार्थनयलक्षणात् अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसूत्रः शुद्धमर्थपर्यायं मन्यमानः कथं द्रव्यार्थिकः स्याद् ? इत्येतेषामाशयः ।

તે આચાર્યનઈં મતઈં ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકનઈં વિષઈં લીન ન સંભવઈં. તથા ચ- ''उज्जुसूअस्स एगे अणुवउत्ते एवं दव्वावस्सयं पुहुत्तं णेच्छइ'' अनुयोगद्वारसूत्रविरोधः ।

વર્તમાન પર્યાયાધારાંશ-દ્રવ્યાંશ, પૂર્વાપર પરિણામસાધારણ ઉર્ધ્વતા-સામાન્ય-દ્રવ્યાંશ, સાદૃશ્યાસ્તિત્વરૂપ તિર્યક્સામાન્ય-દ્રવ્યાંશ, એહમાં એકઈં પર્યાયનય ન માનઈં, તો ઋજુસૂત્ર પર્યાયનય કહતાં એ સૂત્ર કિમ મિલઈ ? તે માટઇં- ''ક્ષણિક દ્રવ્યવાદી સૂક્ષ્મ ઋજુસૂત્ર, તત્તદ્વર્તમાનપર્યાયાપન્નદ્રવ્યવાદી સ્થૂલ ઋજુસૂત્ર નય કહવો'' ઈમ સિદ્ધાન્તવાદી કહઈ છઈ.

अनुपयोगद्रव्यांशमेव सूत्रपरिभाषितमादायोक्तसूत्रं तार्किकमतेनोपपादनीयम्, इत्यस्मदेकपरिशीलितः पन्थाः ॥ ८-१३ ॥

*વિવેચન*— ७ नयमध्ये द्रव्यार्थिक-पर्यायार्थिक भेल्यानी आचार्यमत प्रक्रिया देखाडइं छइं— દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, આ બન્ને નયો નૈગમાદિ સાત નયોની અંદર, કયા કયા નયોમાં સમાય છે. તે બાબત ઉપર શ્વેતાંબર આમ્નાયમાં બે આચાર્યોના જુદા જુદા મત (અભિપ્રાયો) છે. તે બન્ને મતો (અભિપ્રાયો)ની પ્રક્રિયા (રીતભાત) હવે સમજાવે છે.

अंतिमा कहतां-छेहला, जे ३ भेद शब्द, समभिरूढ, एवंभूतरूप ते पर्यायनय कहिइं, प्रथम ४ नय-नैगम संग्रह, व्यवहार, ऋजुसूत्र लक्षण, ते द्रव्यार्थिकनय कहिइं, इम जिनभद्रगणिक्षमाश्रमण प्रमुख सिद्धान्तवादी आचार्य कहइं छइं. महाभाष्य कहतां विशेषावश्यक, ते मध्ये निर्धारइं छइं ॥ ८-१२ ॥

નયોનુ વિશેષ વર્ણન કરવામાં પૂર્વાચાર્યોમાં શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી અને સિદ્ધસેનદિવાકરસૂરિજીનાં નામો સુપ્રસિદ્ધ છે. શ્રી જિનભદ્રગણિજીએ વિશેષાવશ્યક-મહાભાષ્ય તથા વિશેષણવતી આદિ મહાગ્રંથો બનાવ્યા છે. અને તેઓ સિદ્ધાન્તવાદી તરીકે જૈનશાસનમાં પ્રસિદ્ધ છે. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીએ સમ્મતિપ્રકરણ અને ન્યાયાવતાર આદિ મહાગ્રંથો બનાવ્યા છે. અને તેઓ તર્કવાદી તરીકે જૈનશાસનમાં પ્રસિદ્ધ છે. આ બન્ને મહાન આચાર્યો વિક્રમની લગભગ પહેલી સદીમાં થયા છે. ત્યારબાદ મલ્લવાદીજી, હરિભદ્રસૂરિજી, વાદિદેવસૂરિજી અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી આદિ અનેક મહાત્માઓ શાસ્ત્રવિશારદ અને શાસ્ત્રરચયિતા થયા છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનય, આ સાત નયોમાંથી કયા કયા નયોમાં કયો કયો નય સમાવેશ પામે, આ બાબતમાં ઉપરોક્ત મુખ્ય બન્ને આચાર્યોના વિચારો જુદા જુદા છે. ત્યાં પ્રથમ જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીના વિચારો ટાંકતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે–

અંતિમ એટલે છેલ્લા જે નયોના ૩ ભેદો છે. કે જેનાં નામો શબ્દનય સમભિરૂઢનય અને એવંભૂતનય છે. તે ત્રણે નયો પર્યાયાર્થિકનય કહેવાય છે.

એટલે કે પર્યાયાર્થિકનય પાછલા ત્રણનયોમાં સમાઈ જાય છે, અને પ્રથમ જે ૪ નયો છે. કે જેનાં નામો નૈગમ, સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્ર છે. તે ચારે નયો દ્રવ્યાર્થિકનય છે. અર્થાત્ દ્રવ્યાર્થિકનય આ ચાર નયોમાં સમાઈ જાય છે. આ પ્રમાણે શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણજી વિગેરે સિદ્ધાન્તવાદી આચાયો કહે છે. મૂળગાથામાં લખેલા "મહાભાષ્ય" શબ્દનો અર્થ "વિશેષાવશ્યકભાષ્ય" સમજવું. તેની અંદર આ વાત નિર્ધારપૂર્વક કહેલી છે. ॥ ૧૨૦ ॥

**हिवइ, सिद्धसेनदिवाकर मल्लवादी प्रमुख तर्कवादी आचार्य इम कहइं छइं, जे प्रथम ३ नय-१ नैगम, २ संग्रह, ३ व्यवहार लक्षण, ते द्रव्यनय कहिइं. ऋजुसूत्र १, शब्द २, समभिरूढ ३, एवम्भूत ४, ए ४ नय पर्यायार्थिक कहिइं.**

હવે સિદ્ધસેનદિવાકરસૂરિજી તથા મલ્લવાદી વિગેરે આચાર્યો કે જેઓને જૈન શાસનમાં "આ તર્કવાદી આચાર્યો છે" એમ કહેવાય છે. તેઓ પ્રથમના જે ૩ નયો છે ૧ નૈગમ, ૨ સંગ્રહ, ૩ વ્યવહાર, આ ૩ નયોને જ દ્રવ્યનય કહે છે. અને ૧ ઋજુસૂત્ર, ૨ શબ્દનય, ૩ સમભિરૂઢનય અને ૪ એવંભૂતનય આ ચાર નયો પર્યાયાર્થિકનય છે આમ કહે છે. સારાંશ કે પ્રથમના ત્રણે નયો બન્ને આચાર્યોના મતે દ્રવ્યાર્થિકનયમાં સમાય છે અને પાછળલા ત્રણે નયો બન્ને આચાર્યોના મતે પર્યાયાર્થિકનયમાં સમાય છે. આ બાબતમાં બન્ને આચાર્યોને વિવાદ નથી. એકમત છે. ફક્ત વચ્ચેના ઋજુસૂત્રનયની બાબતમાં જ વિચારભેદ છે. સિદ્ધાન્તવાદી આચાર્યો ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનયમાં ગણે છે. અને તર્કવાદી આચાર્યો ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકનયમાં ગણે છે. આટલો જ વિચારભેદ છે. પરંતુ સર્વે આચાર્યો આ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયને સાત નયોમાં સમાવી તો લે જ છે. જુદા નય તરીકે ગણાતા નથી. તેથી શ્રી દેવસેન આચાર્યની ૯ નયો કરવાની રીત શાસ્ત્રપ્રણાલિકાને અનુસારે નથી.

**द्रव्यार्थिकमते सर्वे, पर्यायाः खलु कल्पिताः ।**
**तेष्वन्वयि च सद् द्रव्यं, कुण्डलादिषु हेमवत् ॥ १ ॥**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**पर्यायार्थमते - ''द्रव्यं, पर्यायेभ्योऽस्ति नो पृथक् ।**
**यत्तैरर्थक्रिया दृष्टा, नित्यं कुत्रोपयुज्यते ॥ २ ॥'' इति.**

**''द्रव्यार्थपर्यायार्थनयलक्षणात् अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजसूत्रः शुद्धमर्थपर्यायं मन्यमानः कथं द्रव्यार्थिकः स्याद ? इत्येतेषामाशयः ।''**

દ્રવ્યાર્થિક નયના મતે "સર્વે પર્યાયો ખરેખર કલ્પિત છે અને તે સર્વે પણ પર્યાયોમાં અન્વયિદ્રવ્ય જ સાચુ તત્ત્વ છે." જેમ કુંડલ આદિ પર્યાયોમાં હેમ (સુવર્ણ) એ જ સાચુ તત્ત્વ છે. તેમ અહીં જાણવું. ॥ ૧ ॥

પર્યાયાર્થિકનયના મતે– "પર્યાયોથી દ્રવ્ય એ કોઈ જુદી વસ્તુ જ નથી." કારણ કે તે પર્યાયો વડે જ અર્થક્રિયા દેખાય છે. પરંતુ નિત્ય એવું દ્રવ્ય ક્યાંય ઉપયોગમાં આવતું નથી. ॥ ૨ ॥

આ બન્ને શ્લોકો દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિકનયના સ્વરૂપને સમજાવનારા છે. સર્વે પણ વસ્તુઓ દ્રવ્યાત્મક પણ છે અને પર્યાયાત્મક પણ છે જ. દ્રવ્ય વિના ક્યારેય એકલા પર્યાયો હોતા નથી. અને પર્યાયો વિનાનું એકલું દ્રવ્ય ક્યારેય હોતુ નથી. જૈનશાસનમાં જ્ઞાની ભગવન્તો કહે છે કે છએ દ્રવ્યો "પરિણામી નિત્ય છે" અને પ્રત્યક્ષ પણ તેમ અનુભવાય જ છે. જેમ કે "દુધ-દહી-માખણ-ઘી-લાડુ" ઈત્યાદિ પર્યાયો બદલાતા જાય છે. છતાં તેમાં પુદ્ગલ દ્રવ્ય અન્વયિ પણ છે જ. દેવ-નરક-તિર્યંચ અને મનુષ્ય અવસ્થાઓ બદલાય છે. છતાં તેમાં જીવદ્રવ્ય નિત્યપણે વર્તે જ છે. આમ સર્વત્ર જાણવું. જ્યારે દ્રવ્યાર્થિકનયવાળી દૃષ્ટિ હોય છે ત્યારે પર્યાયો કલ્પિત લાગે છે અને દ્રવ્ય જ દેખાય છે. જેમ કે પચીસ તોલા સોનાના દાગીના જુના ભાંગીને નવા નવા બનાવતા સોનાના માલીકને હર્ષ-શોક થતા નથી કારણ કે તેને આ દાગીનામાં સોનું જ દેખાય છે. હું ગમે તે નવા નવા દાગીના બનાવું અને જુના દાગીના ગળાવું. પરંતુ મારૂં સોનું મારા ઘરમાં જ રહે છે. એટલે કુંડલ-કડુ-કેયુર-કંદોરો બનવા છતાં તેમાં સોનુ માત્ર જોનારને સુવર્ણદ્રવ્ય જ પ્રધાનતયા દેખાય છે. જો કે પર્યાયો પણ દેખાય છે પરંતુ તેની તે ગૌણતા કરે છે. એવી જ રીતે પર્યાયાર્થિકનયની દૃષ્ટિ જ્યારે હોય છે. ત્યારે પર્યાયો જ દેખાય છે. દ્રવ્ય ગૌણ થઈ જાય છે. જેમ કે કુંડલ-કડુ-કેયુર-કંદોરો આ બધા અલંકારોમાં સુવર્ણદ્રવ્ય તેનું તે હોવા છતાં પણ કાને પહેરવું હોય તો કુંડલ જ કામ આવે છે. હાથે પહેરવું હોય તો કડુ જ કામ આવે છે. આમ પર્યાયો દ્વારા જ તે તે અર્થક્રિયા થાય છે તેથી તે તે પર્યાય જ યથાર્થ સત્ય દેખાય છે. દ્રવ્ય



www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

પણ જરૂર દેખાય છે. પરંતુ તેના તરફની દૃષ્ટિ ગૌણ થઈ જાય છે. આ રીતે જગતના સર્વે પદાર્થો દ્રવ્ય અને પર્યાય મય છે. માત્ર દૃષ્ટિની પ્રધાનતાએ જ એક મુખ્ય દેખાય છે અને બીજો ભાગ ગૌણ દેખાય છે.

નૈગમ-સંગ્રહ-વ્યવહાર આ પ્રથમના ત્રણ નયો સર્વે પદાર્થોમાં દ્રવ્યને જ વધારે જુએ છે. પર્યાયો તરફ તે નયો દૃષ્ટિપાત કરતા નથી. તેથી તે નયોને દ્રવ્ય જ સાચુ દેખાય છે. પર્યાયો કલ્પિત લાગે છે. બુદ્ધિથી આરોપિત માત્ર છે આમ આ ત્રણ નયો માને છે. કુંડલાકાર કે કડાનો આકાર એ તો માત્ર સુવર્ણકાર વડે કરાયેલો કલ્પિત આકાર માત્ર જ છે. આજે હોય કાલે ન પણ હોય. વાસ્તવિક તો તે સુવર્ણદ્રવ્ય જ છે. આમ આ નયો વિચારે છે. તેથી આ ત્રણ નયો દ્રવ્યાર્થિક કહેવાય છે. એવી જ રીતે શબ્દાદિ પાછળલા ત્રણ નયો પર્યાયોને જ વિશેષથી જુએ છે. અલંકારો યથાસ્થાને પહેરાય છે. અલંકારોથી શરીર શોભાવાય છે. સુવર્ણની લગડીઓ પહેરાતી નથી. તે શરીર શોભાવી શકતી નથી. માટે પર્યાયો એ જ તત્ત્વ છે. આમ શબ્દાદિ ત્રણ નયો પર્યાયને વધારે મહત્ત્વ આપે છે. તેથી તે પાછળલા ત્રણ નયો પર્યાયાર્થિક કહેવાય છે. આ માન્યતામાં આચાર્યોને કોઈ વિવાદ નથી.

હવે વાત બાકી રહી વચ્ચેના ૧ ઋજુસૂત્રનયની.

ઋજુસૂત્રનય વર્તમાનકાળને માને છે. વર્તમાનકાળ બે પ્રકારનો છે. ૧ ક્ષણિકવર્તમાન કાળ, અને ૨ કંઈક દીર્ઘ વર્તમાન કાળ. આ બન્ને પ્રકારના વર્તમાન કાળમાં તે તે સમયમાં થનારો પર્યાય પણ છે અને તે તે પર્યાયના આધારભૂત દ્રવ્ય પણ છે. સિદ્ધાન્તવાદી આચાર્યો આ ઋજુસૂત્રનયને દ્રવ્યાર્થિકનયમાં એટલે લઈ જાય છે કે "આ નય તે તે સમયમાં થતા પર્યાયના આધારભૂત દ્રવ્યાંશને વધારે માને છે" આવું સિદ્ધાન્તવાદી આચાર્યોનું કહેવું છે. જ્યારે તર્કવાદી આચાર્યો આ ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકમાં એટલે લઈ જાય છે કે "આ નય તે તે સમયમાં પ્રગટ થતા પર્યાયાંશને વધારે માને છે" આથી તર્કવાદી આચાર્યો આ ઋજુસૂત્રનયને પર્યાયાર્થિકમાં લઈ જાય છે. જેથી બન્ને આચાર્યોના અભિપ્રાયો જુદા પડે છે.

દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિએ દ્રવ્ય જ સાચુ છે. પર્યાયો કલ્પિત છે અને પર્યાયાર્થિકનયની દૃષ્ટિએ પર્યાયો જ સાચા છે. પર્યાયોથી ભિન્ન એવું દ્રવ્ય છે જ નહીં અને પર્યાયોથી જ અર્થક્રિયા થાય છે. નિત્ય એવું દ્રવ્ય ક્યાંય પણ ઉપયોગમાં આવતું નથી. આ પ્રમાણે द्रव्यार्थपर्यायार्थलक्षणात् = દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયનું લક્ષણ ઉપર મુજબ હોવાથી તાર્કિક આચાર્યોનું કહેવું છે કે अतीतानागतपर्यायप्रतिक्षेपी ऋजुसूत्रः

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભૂતકાળના અને ભાવિકાળના પર્યાયોનો પ્રતિક્ષેપ (વિરોધ) કરનાર, (અર્થાત્ નહીં માનનાર) એવો આ ઋજુસૂત્રનય, **शुद्धमर्थपर्यायं** = શુદ્ધ એવા અર્થપર્યાયને (ક્ષણમાત્રવર્તી, શબ્દોથી અવાચ્ય એવા ક્ષણિક વર્તમાન પર્યાયને) માનનારો આ નય છે. તે દ્રવ્યાર્થિકનય કેમ બને ? આવો **एतेषाम्** = આ તર્કવાદી આચાર્યોનો આશય છે. તર્કવાદી આચાર્યોનું કહેવું આવા પ્રકારનું છે કે ઋજુસૂત્રનય વર્તમાનકાળગ્રાહી છે. અને વર્તમાનકાળમાં તે તે પર્યાયની જ પ્રધાનતા હોય છે. દ્રવ્યાંશની પ્રધાનતા હોતી નથી. કારણ કે જો દ્રવ્યાંશ લઈએ તો તે ત્રિકાળવર્તી હોવાથી ભૂત ભાવિ પણ આવી જાય. અને આ નય ભૂતભાવિ તો સ્વીકારે નહીં. માટે વર્તમાનકાળવર્તી અર્થપર્યાયને જ આ ઋજુસૂત્રનય સ્વીકારે છે. તો તેનો દ્રવ્યાર્થિકનયમાં સમાવેશ કેમ કરાય ?

**ते आचार्यनइं मतइं ऋजुसूत्रनय द्रव्यावश्यकनइं विषइं लीन न संभवइं. तथा च-**

તે તર્કવાદી આચાર્યોના મતે ઋજુસૂત્રનય વર્તમાનકાળગ્રાહી હોવાથી, શુદ્ધ એવા અર્થપર્યાયને પ્રધાનપણે માનનાર હોવાથી, પર્યાયાર્થિકનયમાં તેનો સમાવેશ થાય છે. તે માટે "દ્રવ્યાવશ્યકમાં લીન ન સંભવે" એટલે કે નામાવશ્યક સ્થાપનાવશ્યક દ્રવ્યાવશ્યક અને ભાવાવશ્યક આ ચાર પ્રકારના આવશ્યકોમાં ભાવાવશ્યક જ હોય છે. દ્રવ્યાવશ્યક કેમ હોય ? અર્થાત્ દ્રવ્યાવશ્યક ન હોય, એમ તે માને છે. કારણ કે વર્તમાનાવસ્થાને ભાવ કહેવાય છે. અને ભાવનિક્ષેપાની આગલી-પાછલી (ભૂત-ભાવિ) અવસ્થાને દ્રવ્ય કહેવાય છે. જે આ નય માનતો નથી. તેથી આ ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ ભાવનિક્ષેપો જ સ્વીકૃત હોવાથી "દ્રવ્યાવશ્યકની લીનતા (માન્યતા) ન સંભવે. આવા પ્રકારનો તર્કવાદી આચાર્યોનો અભિપ્રાય છે."

પરંતુ અનુયોગદ્વાર સૂત્રમાં ઋજુસૂત્રનય દ્રવ્યાવશ્યકને પણ માન્ય રાખે છે આમ કહ્યું છે. તે પાઠની સાથે આ તર્કવાદીઓને ઉપરોક્ત માન્યતા સ્વીકારતાં વિરોધ આવે છે. (तथा च-अनुयोगद्वारसूत्रविरोधः) આ પ્રમાણે ટબાની પંક્તિનો અન્વય કરવો. તે પાઠ આ પ્રમાણે છે–

**'उज्जुसुअस्स एगे अणुवउत्ते एगं दव्वावस्सयं, पुहुत्तं णेच्छइ' इति अनुयोगद्वार-सूत्रविरोधः**

"ઋજુસૂત્રનયની દૃષ્ટિએ અનુપયોગી એક વક્તા હોય તો તે એક દ્રવ્યાવશ્યક કહેવાય છે. જુદા જુદા અનેક દ્રવ્યાવશ્યક આ નય ઈચ્છતો નથી" આ પંક્તિનો અર્થ એવો થાય છે કે અનેક દ્રવ્યાવશ્યક નથી પણ એક વક્તા હોય અને તે અનુપયોગી

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

હોય તો તેને એક *દ્રવ્યાવશ્યક* કહેવાય છે. (પરંતુ જો ઉપયોગપૂર્વક વક્તા કથન કરતા હોય, તો ભાવાશ્યક કહેવાય છે.) આવું ઋજુસૂત્રનય માને છે. આવા પ્રકારના અનુયોગદ્વાર સૂત્રના પાઠ સાથે આ તર્કવાદી આચાર્યોનો અભિપ્રાય વિરોધ પામે છે. કારણ કે તર્કવાદી આચાર્યોના અભિપ્રાય પ્રમાણે ઋજુસૂત્રનય પર્યાયાર્થિકમાં અંતર્ગત હોવાથી દ્રવ્યાશ્યકને ન માને, અને અનુયોગ દ્વારના આ પાઠમાં દ્રવ્યાવશ્યકને માને છે આમ કહ્યુ છે. જેથી તેઓને પાઠનો વિરોધ આવે છે.

**वर्तमानपर्यायाधारांशः द्रव्यांशः, पूर्वापरपरिणामसाधारण उर्ध्वतासामान्यः द्रव्यांशः, सादृश्यास्तित्वरूपतिर्यक्सामान्यः द्रव्यांशः, एहमां एकइं पर्यायनय न मानइ. तो ऋजुसूत्र पर्यायनय कहतां, ए सूत्र किम मिलइ, ते माटइं- ''क्षणिकद्रव्यवादी सूक्ष्म ऋजुसूत्र, तत्तद्वर्तमानपर्यायापन्नद्रव्यवादी स्थूल ऋजुसूत्रनय कहवो'' इम सिद्धान्तवादी कहइ छइ.**

તર્કવાદી આચાર્યોના અભિપ્રાયે અનુયોગદ્વાર સૂત્રનો ઉપરોક્ત પાઠ સંગત થતો નથી. આ જ વાત ગ્રંથકારશ્રી ટબામાં વધારે સ્પષ્ટ કરે છે કે– ત્રણ જાતના દ્રવ્યાંશ હોય છે. તે ત્રણમાંના એક પણ દ્રવ્યાંશને આ ઋજુસૂત્રનય તેઓના અભિપ્રાયે સ્વીકારતો નથી. તે આ પ્રમાણે–૧ વર્તમાન કાળના પર્યાયના આધારભૂત એવો જે દ્રવ્યાંશ છે તે. ૨ કાળક્રમે અનુક્રમે પૂર્વાપર પણે થતા એવા પરિણામોમાં (પર્યાયોમાં) વર્તતું સાધારણ એવું ઉર્ધ્વતા સામાન્યરૂપ જે દ્રવ્યાંશ છે તે. તથા ૩ જુદી જુદી વ્યક્તિઓમાં (અનેક જાતના ઘડામાં) સાદૃશ્યના અસ્તિત્વ સ્વરૂપે (આ પણ ઘટ, આ પણ ઘટ, આ પણ ઘટ ઈત્યાદિ સ્વરૂપે) વર્તતું જે તિર્યક્સામાન્ય રૂપ દ્રવ્યાંશ છે તે. આ ત્રણે પ્રકારના દ્રવ્યાંશોમાંથી એક પણ દ્રવ્યાંશને પર્યાયાર્થિકનય સ્વીકારતો નથી. તેથી જો ઋજુસૂત્રનય પર્યાયાર્થિક છે આમ કહીએ તો આ ઋજુસૂત્રનય પર્યાયાર્થિક હોવાથી ઉપરોક્ત ત્રિવિધમાંના એક પણ દ્રવ્યાંશને ન માનનાર થશે, તેથી *દ્રવ્યાવશ્યક*ને માનનાર કેમ થાય ? અર્થાત્ દ્રવ્યાવશ્યકમાં લીનતા આ નયથી કેવી રીતે સંભવે ? અર્થાત્ સંભવતી નથી. ભાવનિક્ષેપો જ માન્ય રહે છે. દ્રવ્ય નિક્ષેપો માન્ય રહેતો નથી. તેથી અનુયોગદ્વારનો સૂત્રપાઠ આ તર્કવાદી આચાર્યોના અભિપ્રાયે કેમ મળે ? અર્થાત્ મળતો નથી. તેથી સૂત્રપાઠ ન મળવાનો તેઓને વિરોધદોષ આવશે. આમ કહીને ટબાકાર એવું કહેવા માગે છે કે ઋજુસૂત્રનયને જો દ્રવ્યાર્થિકમાં ન ગણીએ તો અનુયોગદ્વાર સૂત્રનો આ પાઠ સંગત થતો નથી.

પરંતુ જે સિદ્ધાન્તવાદી આચાર્યો છે. તેઓને અનુયોગદ્વારના આ પાઠનો વિરોધ આવતો નથી. કારણ કે તેઓ ઋજુસૂત્રનયને વર્તમાનગ્રાહી હોવા છતાં દ્રવ્યાર્થિકનયમાં અંતર્ગત કરે છે. એટલે ઋજુસૂત્ર નય બે પ્રકારનો છે. ૧ સૂક્ષ્મ અને ૨ સ્થૂલ. ત્યાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

વર્તમાનકાળગ્રાહી એવા પણ ઋજુસૂત્ર નયને, ૧ પ્રતિસમયના ક્ષણિકદ્રવ્યવાદી = પ્રતિક્ષણે પ્રતિક્ષણે પલટાતા એવા ક્ષણિક પર્યાયવાળા દ્રવ્યાંશને કહેનારો સૂક્ષ્મઋજુસૂત્ર નય છે. અને તત્તદ્વર્તમાનપર્યાયાપન્નદ્રવ્યવાદી = તે તે (દીર્ઘ) વર્તમાનકાળના પર્યાયને પામેલા એવા દ્રવ્યાંશને કહેનારો સ્થૂલ ઋજુસૂત્ર નય છે. આમ કહેવું. જેથી દ્રવ્યાંશને માનનાર ઋજુસૂત્ર નય થવાથી "દ્રવ્યાવશ્યકમાં લીન" માનવામાં કોઈ વિરોધ આવતો નથી. આ પ્રમાણે સિદ્ધાન્તવાદી આચાર્યો કહે છે. વર્તમાનસમયવર્તી દ્રવ્યમાં દ્રવ્યાંશ અને પર્યાયાંશ બન્ને છે. ત્યાં આ નય દ્રવ્યાંશને પ્રધાનતાએ ગ્રહણ કરનાર છે. ઋજુસૂત્રનય ભલે ક્ષણિકવર્તમાનકાલ અથવા કંઈક દીર્ઘકાળ રૂપ વર્તમાનકાલ માને. પરંતુ તેવા બન્ને પ્રકારના વર્તમાનકાળમાં રહેલા દ્રવ્યાંશની પ્રધાનતા આ નય સ્વીકારે છે. તેથી આવશ્યક ઉપરના ચાર નિક્ષેપામાં દ્રવ્યનિક્ષેપાને પણ સ્વીકારે છે. આમ સિદ્ધાન્તવાદી આચાર્યો કહે છે.

*પ્રશ્ન*— સિદ્ધાન્તવાદી આચાર્યોના મતે તો ઉપરોક્ત અર્થ પ્રમાણે દ્રવ્યાંશગ્રાહી વર્તમાનકાળને માનનાર ઋજુસૂત્રનય હોવાથી અનુયોગ દ્વાર સૂત્રનો પાઠ સંગત થયો. પરંતુ તર્કવાદી આચાર્યોના મતે આ પાઠનો જે વિરોધ આવ્યો. તેની સંગતિ કરવાનો કોઈ ઉપાય છે ? તેઓ આ પાઠને કેમ સંગત કરે ?

*ઉત્તર*— ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ આ બાબતમાં માર્ગ જણાવતાં પોતાના વિચારો જણાવે છે કે—

"अनुपयोगद्रव्यांशमेव सूत्रपरिभाषितमादायोक्तसूत्रं तार्किकमतेनोपपादनीयम्, इत्यस्मदेकशीलितः पन्थाः"

જૈન શાસ્ત્રોમાં "દ્રવ્યાંશ" શબ્દના અનેક અર્થો કહ્યા છે. અહીં ટબામાં તથા વિવેચનમાં દ્રવ્યાંશ શબ્દના ઉપર જે ત્રણ અર્થો પૂર્વે જણાવ્યા. ૧ વર્તમાનકાળના પર્યાયને ધારણ કરનાર એવો દ્રવ્યાંશ ૨ ઉર્ધ્વતાસામાન્યરૂપ એવો દ્રવ્યાંશ અને તિર્યક્સામાન્યરૂપ એવો દ્રવ્યાંશ આ ત્રણમાંના કોઈ પણ અર્થવાળો દ્રવ્યાંશ અહીં તાર્કિકોના મતે ઘટતો નથી. કારણ કે તેઓના મતે ઋજુસૂત્રનય દ્રવ્યગ્રાહી નથી. તેથી તાર્કિકોના મતે અનુયોગદ્વાર સૂત્રનો પાઠ સંગત કરવા માટે *"દ્રવ્યાંશ"* શબ્દનો ચોથો અર્થ (નવો જ અર્થ) કરવો.

*"ઉપયોગ વિનાની જે ક્રિયા" તેને પણ દ્રવ્ય કહેવાય છે.* આ અર્થવાળો દ્રવ્યાંશ શબ્દ અનુયોગ દ્વારના સૂત્રપાઠમાં છે. આમ લઈને ઉપરોક્તસૂત્ર તાર્કિકોના મતે સંગત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરવું. સારાંશ કે તાર્કિકોના મતે પ્રતિક્ષણનો પર્યાય કે કંઈક દીર્ઘવર્તમાનકાળનો પર્યાય જ ઋજુસૂત્રનયના મતે લેવાનો છે. પરંતુ તે પર્યાયકાળે ઉપયોગદશા ન હોવાથી **अनुपयोगो द्रव्यम्** = આ ન્યાયને અનુસારે તે પર્યાયને જ અનુપયોગ દશાપણે "દ્રવ્ય" રૂપ સમજવાનો. જેથી અહીં દ્રવ્યનો અર્થ પદાર્થ અથવા છ દ્રવ્યોમાનું એક દ્રવ્ય એવો અર્થ ન કરતાં, પર્યાય જ લેવો, અને તે જ પર્યાય ઉપયોગશૂન્ય હોવાથી દ્રવ્યાત્મક છે. આમ ધર્મ સંબંધી જે જે આવશ્યકક્રિયા કરીએ પરંતુ તે ક્રિયા ઉપયોગની શૂન્યતાએ કરીએ, તો તે વર્તમાનકાળમાં આવશ્યકક્રિયાનો પરિણત પર્યાય "દ્રવ્યાવશ્યક" કહેવાય છે. આવા પ્રકારનો આશય સૂત્રમાં કહેલો છે. એમ સમજીને ઉપરનું સૂત્ર તાર્કિક આચાર્યોના મતે સંગત કરવું જોઈએ, આમ અમારા પોતાના વડે વિચારાયેલો (સૂત્રસંગત કરવા માટે કલ્પાયેલો આ) એક માર્ગ છે.

આ રીતે કોઈ આચાર્યોના મતે ૩માં અને કોઈ આચાર્યોના મતે ૪માં દ્રવ્યાર્થિકનય સમાય છે. તથા એ જ રીતે પયાયાર્થિકનય ૪માં અને ૩માં સમાઈ જાય છે. તો તેને જુદા કરીને ૯ નયો કરવાની દિગંબરાચાર્યની આ રીતભાવ ઉચિત નથી. ॥ ૧૨૧ ॥

**ઈમ અંતર્ભાવિતતણો રે, કિમ અલગો ઉપદેશ ।**
**પાંચ થકી જિમ સાતમાં રે, વિષયભેદ નહીં લેશ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૪ ॥**

**સંગ્રહ નઈં વ્યવહારથી રે, નૈગમ કિહાંઈક ભિન્ન ।**
**તિણ તે અલગો તેહથી રે, એ તો દોઈ અભિન્ન રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૫ ॥**

*ગાથાર્થ*– આ પ્રમાણે અંતર્ભાવિત થયેલા નયોનો અલગો ઉપદેશ કેમ કરાય ? પાંચ નયોથી સાત નયો કરવામાં જેવો વિષયભેદ છે. તેવો વિષયભેદ અહીં નવ નયો કરવામાં લેશમાત્ર પણ નથી. ॥ ૮-૧૪ ॥

સંગ્રહનય અને વ્યવહાર નયથી નૈગમનય ક્યાંઈક ક્યાંઈક ભિન્ન (ભિન્નવિષયવાળો) બને છે તેથી તે નૈગમનયને બે નયોથી અલગો કહેલો છે. પરંતુ આ બન્ને (દ્રવ્યાર્થ-પર્યાયાર્થ) નયો તો તે સાતથી અભિન્ન જ કહેલા છે. ॥ ૮-૧૫ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો– ઈમ, અંતર્ભાવિત કહતાં-૭ માંહિ ભેલ્યા, જે દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક, તેહનો અલગો ઉપદેશ કિમ કરીઓ ? જો, ઈમ કહસ્યો- "મતાંતરઈં-૫ નય કહિઈં છઈં, તેહમાં ૨ નય ભલ્યા, તેહનો ૭ નય કરતાં જિમ અલગો ઉપદેશ છઈં, તિમ અહ્મારઈં દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનો અળગો ઉપદેશ હુસ્યઈ" તો શબ્દ, સમભિરૂઢ, એવંભૂતનઈં જિમ વિષયભેદ છઈ, તિમ દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકનો ૭ નયથી ભિન્ન વિષય દેખાડો. ૩ નયનઈં એક સંજ્ઞાઇં સંગ્રહી ૫ નય કહિયા છઈ, પણિ વિષય ભિન્ન છઈ. ઈહાં વિષય ભિન્ન નથી.**

**જે દ્રવ્યાર્થિકના ૧૦ ભેદ દેખાડ્યા, તે સર્વ શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિક માંહિ આવઈ. જે ૬ ભેદ પર્યાયાર્થિકના દેખાડ્યા, તે સર્વ ઉપચરિતાનુપચરિત વ્યવહાર, શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રાદિકમાંહિં આવઈં. "गो बलिवर्द" ન્યાયઈં વિષયભેદઈં ભિન્નનય કહિઈં, તો "स्यादस्त्येव स्यान्नास्त्येव" ઈત્યાદિ સપ્તભંગી મધ્યે કોટિપ્રકારઈં અર્પિતાનર્પિત સત્ત્વાસત્ત્વગ્રાહક નયપ્રક્રિયા ભાંજઈ. એ પંડિતઈં વિચારવું. ॥ ૮-૧૪ ॥**

**"જો" વિષયભેદઈં નયભેદ કહસ્યો "તો સામાન્યનૈગમ સંગ્રહમાં, વિશેષનૈગમ વ્યવહારનયમાં ભેલતાં ૬ જ નય થઈ જાસ્યઈં" એહવી શિષ્યની શંકા ટાલવાનઈં અર્થિં કહઈ છઈ–**

**યદ્યપિ સંગ્રહનય– વ્યવહારનય માંહિં જ, સામાન્ય વિશેષ ચર્ચાઈ નૈગમનય ભલઈ છઈ, તો પણિ કિહાંઈક પ્રદેશાદિ દૃષ્ટાન્તસ્થાનઈં ભિન્ન થાઈ છઈ. उक्तं च**

**छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।**
**तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं ॥ इत्यादि ॥**

**તે માટિં-કિહાંઈક ભિન્ન વિષયપણાથી નૈગમનય ભિન્ન કહિઓ, એ તો ૨ નય દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નૈગમાદિકનયથી અભિન્ન વિષય છઈ, તો તે અલગા કરિનઈં નવ ભેદ નયના કિમ કહિઈં ? ॥ ૮-૧૫ ॥**

*વિવેચન–* જે દ્રવ્યાર્થિકનય અને પર્યાયાર્થિક છે. તે નૈગમાદિક સાતનયોમાં સમાઈ જાય છે. તેને અલગા કરીને ૯ નયો કરવાની શું જરૂર ? આવું ઉત્સૂત્રભાષણ કરવાનું જૈનાચાર્યને (દિગંબરાચાર્યને) કેમ શોભે ?

**इम अंतर्भावित कहतां ७ मांहिं भल्या, जे द्रव्यार्थिक पर्यायार्थिक, तेहनो अलगो उपदेश किम करिओ ?**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ રીતે અંતર્ભાવિત થઈ ગયેલા એટલે કે સાત નયોની અંદર ભળી ગયેલા (અંદર સમાઈ ગયેલા) એવા જે દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નય છે. તે બે નયનો સાતનયોથી અલગો (ભિન્ન તરીકે) ઉપદેશ કેમ કર્યો ? સાતમાં સમાયેલા ૨ નયો બહાર કાઢીને ૯ નયો કરવાની શું જરૂર ? ચાલી આવતી પ્રણાલિકાને ભાંગીને અપ્રસિદ્ધ એવી ૯ નયોની કલ્પના કરવી એ કલ્યાણનો માર્ગ નથી.

**जो "इम कहस्यो-मतांतरइ-५ नय कहिइं छइं, तेहमां-२ नय भल्या, तेहनो 7 नय करतां जिम अलगो उपदेश छइं, तिम अह्मारइं द्रव्यार्थिक-पर्यायार्थिकनो अलगो उपदेश हुस्यइ" तो,**

હવે દિગંબરાચાર્ય ૯ નયો કરવાના પોતાના પક્ષનો બચાવ કરતાં અહીં કદાચ એમ કહે કે– જેમ, શ્વેતાંબર સંપ્રદાયમાં શબ્દાદિ પાછળલા ત્રણ નયોને "શબ્દ" નય તરીકે એક કરીને મતાંતરે ૫ નયો પણ કહ્યા છે તે ૫ નયોમાં (નૈગમ-સંગ્રહ-વ્યવહાર-ઋજુસૂત્ર અને શબ્દ આમ પાંચ નયોમાં) બે નયો (સમભિરૂઢ અને એવંભૂતનય) ભળેલા છે જ. છતાં, તે ૫ નયોના ૭ નયો કરતી વેળાએ જેમ સમભિરૂઢ અને એવંભૂતનો અળગો ઉપદેશ તમારા મતે છે. તેવી જ રીતે અમારા મતે (દિગંબરોના મતે) ૭ માં સમાયેલા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, આ બે નયોનો અલગો ઉપદેશ હોઈ શકે છે. ઘટી શકે છે એટલે અમે ૯ નયો જે કર્યા છે. તેમાં કંઈ જ ખોટુ કર્યું નથી. જેમ તમે ૫ ના ૭ કર્યા છે. તેમ અમે ૭ ના ૯ નયો કર્યા છે. જો ૭ ના ૯ કરવામાં અંતર્ભાવિતને ઉધ્ધરવાનો દોષ અમને લાગતો હોય તો ૫ ના ૭ નયો કરવામાં તે જ દોષ તમને (શ્વેતાંબરોને) પણ કેમ ન લાગે ? માટે અમે ૭ ના ૯ કર્યા તે યોગ્ય જ કર્યું છે. આમ જો દિગંબરાચાર્ય પોતાનો બચાવ કરે. તો–

**शब्द समभिरूढ एवम्भूतनइं जिम विषयभेद छइ, तिम द्रव्यार्थिक पर्यायार्थिक नो ७ नयथी भिन्न विषय देखाडो. ३ नयनइं एक संज्ञाइं संग्रही ५ नय कहिया छइं, पणि-विषय भिन्न छइं, इहां विषय भिन्न नथी.**

શ્વેતાંબર સંપ્રદાયમાં ૧ શબ્દનય, ૨ સમભિરૂઢનય અને ૩ એવંભૂતનય, આ ત્રણ નયોને જેવો પરસ્પર વિષયભેદ છે. તેવો દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયનો ૭ નયોથી ભિન્નવિષય દેખાડો.

અમે (શ્વેતાંબરોએ) શબ્દાદિક ૩ નયોને, એકસંજ્ઞાએ કરીને સંગ્રહીને પાંચ નયો પણ કહ્યા છે. અર્થાત્ સાંપ્રતનય, સમભિરૂઢનય, અને એવંભૂતનય, આ ત્રણે નયોને

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*"આ શબ્દનય છે"* એમ એક જ સંજ્ઞાએ (એક જ નામમાં) સંગૃહીત કર્યા છે. એટલે કે આ ત્રણેનું નામ એક કર્યું છે. તો પણ તે ત્રણેમાં કંઈક કંઈક વિષયભેદ છે. તેથી ત્રણે નયોને ભિન્ન ભિન્ન કરવામાં કોઈ દોષ નથી. કારણ કે જ્યાં જ્યાં વિષયભેદ હોય છે. ત્યાં ત્યાં નયભેદ અવશ્ય હોય જ છે. તેમ અહીં આ ૩ નયોમાં વિષયભેદ છે. માટે ૧ સંજ્ઞાથી સંગૃહીત થયેલા ૩ નો અમે ભેદ કર્યો છે. અને વિષય ભેદ પ્રમાણે નયભેદ અવશ્ય કરી શકાય છે. કારણ કે જુદો નય માનવાનું કારણ જ વિષયભેદ છે.

૧. સાંપ્રતનય– જ્યાં લિંગભેદ, વચનભેદ, કારકભેદ વિગેરે પ્રમાણે અર્થભેદ હોય તે.
૨. સમભિરૂઢનય– જ્યાં પર્યાયવાચી શબ્દોમાં પણ વ્યુત્પત્તિ ભેદે અર્થભેદ હોય તે.
૩. એવંભૂતનય– જ્યાં શબ્દના અર્થપ્રમાણે ક્રિયાપરિણત અર્થ હોય તે.

આ પ્રમાણે આ ૩ નયોને જુદા કરવામાં જેવો વિષયભેદ (પ્રત્યેક નયોનો વિષય જુદો જુદો) છે. પહેલામાં લિંગાદિભેદ, બીજામાં વ્યુત્પત્તિભેદ અને ત્રીજામાં ક્રિયાપરિણતભેદ રૂપે જેવો વિષયભેદ છે. તેવો ઇહાં વિષય ભેદ નથી. વિષયભેદ આ દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયોમાં નથી. તેથી અમે શ્વેતાંબરોએ પાંચ નયના સાત નય જરૂર કર્યા છે. પરંતુ તેનો દાખલો લઈને તમે જે સાત નયના નવ નયો કરવાનો બચાવ કરો છો તે માર્ગ શોભાસ્પદ નથી. કારણ કે સાત નયોથી દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયનો વિષયભેદ બીલકુલ નથી.

**जे- द्रव्यार्थिकना १० भेद देखाड्या, ते सर्व शुद्धाशुद्ध संग्रहादिक मांहिं आवइ, जे- ६ भेद पर्यायार्थिकना देखाड्या, ते सर्व उपचरितानुपचरितव्यवहारः, शुद्धाशुद्ध ऋजुसूत्रादिकमांहिं आवइं**

મૂલ ૭ નયોના ૯ નયો જે કર્યા છે. તેનું નિરસન જણાવીને હવે તેના ઉત્તરભેદો ૧૦-૬-૩-૨-૨-૨-૧-૧-૧=કુલ ૨૮ કર્યા છે તેનું નિરસન કરે છે.

તથા વળી દિગંબરાચાર્યે નયચક્રગ્રંથમાં દ્રવ્યાર્થિકનયના જે ૧૦ ભેદો દેખાડેલા છે. (કે જેનુ વર્ણન અમે ઢાળ પાંચમીની ગાથા ૯ થી ૧૯માં કર્યું છે.) તથા પર્યાયાર્થિકનયના જે ૬ ભેદો દેખાડેલા છે (કે જેનુ વર્ણન અમે ઢાળ છઠ્ઠીની ગાથા ૧ થી ૬ માં કરેલું છે) તે સર્વે ભેદો નૈગમાદિ સાતનયો પૈકી સંગ્રહ, વ્યવહાર અને ઋજુસૂત્રાદિ નયોમાં સમાઈ જ જાય છે. જુદા ભેદો કરવાનું કોઈ પ્રયોજન નથી. તે આ પ્રમાણે–

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧) દ્રવ્યાર્થિકનયના જે ૧૦ ભેદો તમે દેખાડ્યા છે. તે સર્વે ભેદો શુદ્ધ અને અશુદ્ધ સંગ્રહનય વિગેરેમાં સમાઈ જાય છે. અહીં (નયચક્ર ગ્રંથમાં) સંગ્રહનયના ઓઘ અને વિશેષ જેમ ભેદો છે. તેમ શુદ્ધ સંગ્રહ અને અશુદ્ધસંગ્રહ એવા પણ ભેદો થાય છે. શુદ્ધદ્રવ્યની પ્રધાનતાએ એકીકરણતા-સમાનતા તે શુદ્ધસંગ્રહનય અને અશુદ્ધદ્રવ્યની પ્રધાનતાએ એકીકરણતા-સમાનતા તે અશુદ્ધસંગ્રહનય, દ્રવ્યાર્થિકના પ્રથમના ૧-૨-૩ ત્રણ ભેદો શુદ્ધસંગ્રહમાં, ૪-૫ ભેદો અશુદ્ધસંગ્રહ નયમાં, છઠ્ઠો ભેદ વ્યવહારનયમાં, સાતમો ભેદ સંગ્રહનયમાં, ૮-૯-૧૦ ભેદોનો સમાવેશ વ્યવહારનયમાં થાય છે.

(૨) પર્યાયાર્થિકનયના જે ૬ ભેદો તમે દેખાડ્યા છે તેમાં ૧ થી ૪ ભેદો યથાયોગ્ય શુદ્ધ અને અશુદ્ધ ઋજુસૂત્રમાં સમાય છે અને પાંચમો-છઠ્ઠો ભેદ અનુક્રમે અનુપચરિત અને ઉપચરિત વ્યવહારનયમાં સમાય છે. આ રીતે ૧૦ ભેદો અને ૬ ભેદો નૈગમાદિ ૭ નયોમાં યથાયોગ્ય રીતે સમાઈ જ જાય છે. તેથી અલગા કરવા ઉચિત નથી. હકીકતથી જો વિચારીએ તો સાત નયોમાં ન આવતું હોય એવું કોઈ સ્વરૂપ બાકી જ રહેતું નથી કે જે સ્વરૂપ માટે સાત નયોથી જુદા આ બે નય માનવા પડે.

**"गोबलिवर्द" न्यायइं विषयभेदइं भिन्न नय कहिइं, तो "स्यादसत्येव स्यान्नास्त्येव" इत्यादि सप्तभंगी मध्ये कोटि प्रकारइं अर्पितानर्पित सत्त्वासत्त्वग्राहक नयप्रक्रिया भांजइ, ए पंडितइं विचारवुं. ॥ ८-१४ ॥**

"**गोबलिवर्द**" આ એક ન્યાય છે. તેનો અર્થ એવો છે કે **गो** શબ્દનો જ અર્થ "ગાય અને બળદ" એમ બન્ને થાય છે. **गो** શબ્દ સ્ત્રીલિંગ-પુલ્લિંગ એમ બન્ને છે. એટલે **गो** શબ્દ લખવાથી "ગાય અને બળદ" આમ બન્ને આવી જાય છે. છતાં જ્યારે **गो** ની પાસે **बलिवर्द** શબ્દનો જુદો પ્રયોગ જ્યારે થાય ત્યારે બળદ અર્થને કહેનારો ભિન્ન શબ્દ વાપર્યો છે એટલા **गो** શબ્દનો અર્થ ગાય જ કરવી. પણ બળદ અર્થ ન કરવો. કારણકે જુદો **बलिवर्द** શબ્દ છે. આ ઉદાહરણ ઉપરથી એક વાત નક્કી થાય છે કે **गो** શબ્દમાં આવી ગયેલા એવા બળદ અર્થને પણ બુદ્ધિથી ભિન્ન વિષય સ્વરૂપે કલ્પીને ભિન્નશબ્દપ્રયોગ થઈ શકે છે. તેથી આ ન્યાયને અનુસારે શુદ્ધાશુદ્ધ સંગ્રહાદિનયમાં દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ સમાઈ જતા હોવા છતાં, તથા ઉપચરિતાનુપચરિત વ્યવહારનયમાં અને શુદ્ધાશુદ્ધ ઋજુસૂત્રનયમાં પર્યાયાર્થિકનયના ૬ ભેદ સમાઈ જતા હોવા છતાં તે ૧૦ + ૬ ભેદોને **बलिवर्द** શબ્દની જેમ તેમાંથી અલગા કરીને ભિન્નવિષય તરીકે માનીને તેનાથી દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયને ભિન્ન નય કહીએ તો શું દોષ આવે. ? આવું દિગંબર પક્ષ જો પોતાના બચાવ માટે કહે તો શું દોષ આવે છે. તે હવે નીચે ઉત્તરમાં કહે છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*ઉત્તર–* જો આ રીતે ગતાર્થને પણ અલગ કરવામાં આવે, તો "**स्यादस्त्येव** અને **स्यान्नास्त्येव**" ઈત્યાદિ સપ્તભંગીની અંદર પણ કરોડો પ્રકારે અર્પણા અને અનર્પણા કરવાથી અસ્તિત્વ અને નાસ્તિત્વને જણાવનારા નયોની પ્રક્રિયા તુટી જાય, જેમ કે "**स्यादस्तिएव**" આ પ્રથમ એક ભાંગામાં સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવને આશ્રયી સત્ત્વગ્રાહકતાની અર્પણા છે (એટલે કે "હોવાપણાની" અર્પણા છે.) અને પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ અને પરભાવને આશ્રયી અસત્વગ્રાહકતાની અનર્પણા છે. આમ ચાર પ્રકારે સત્ત્વગ્રાહક અર્પણા અને ચાર પ્રકારે અસત્ત્વગ્રાહક અનર્પણા એક ભાંગામાં ગતાર્થ હોવા છતાં (આવી ગઈ હોવા છતાં) તે દરેકને અલગ અલગ કરીને જુદા જુદા નય કરીએ તો આમ કરોડો પ્રકારે ભાંગાઓ થતાં કરોડો નય થવાથી "સાત જ નય છે" આવી જૈન શાસનમાં પ્રસિદ્ધ વાતનો, તથા "સપ્તભંગી જ થાય છે અધિકભંગી થતી નથી" આવી પણ પ્રસિદ્ધ વાતનો ભંગ થઈ જાય. તે માટે વિષયભેદ વિના ગતાર્થને અલગા કરીને અલગા નય કરવા તે યોગ્યમાર્ગ નથી. આ બાબત અતિશય સૂક્ષ્મ બુદ્ધિથી પંડિત પુરુષોએ વિચારવું. ॥ ૧૨૨ ॥

**"जो विषयभेदइं नयभेद कहस्यो, तो सामान्यनैगम संग्रहमां, विशेषनैगम व्यवहारनयमां, भेलतां ६ नय थइ जास्यइ," एहवी शिष्यनी शंका टालवानइं अर्थि कहइ छइं—**

અહીં કોઈ શિષ્ય એવો પ્રશ્ન કરે છે કે ઉપરોક્ત ચર્ચામાં સાર એ આવે છે કે *"જ્યાં વિષયભેદ હોય ત્યાં જ ભિન્નનય કહેવાય"* એટલે કે જે વિષય કોઈ એકનયમાં ગતાર્થ (આવી ગયો) હોય તો તે ગતાર્થ વિષયને જણાવવા ભિન્નનય ન કરાય. આ રીતે "વિષયભેદ હોતે છતે જ નયભેદ થાય" આમ જો કહેશો તો નૈગમનય પણ સંગ્રહનય અને વ્યવહારનયમાં ગતાર્થ હોવાથી અલગો કહી શકાશે નહીં. તેથી સાતનયને બદલે ૬ જ નયો થશે. જૈનશાસનમાં પ્રસિદ્ધ એવી ૭ નયોની પ્રક્રિયા ભાંગી જશે, કારણ કે જે સામાન્યગ્રાહક એવો નૈગમનય છે તે સંગ્રહમાં સમાઈ જાય છે. અને જે વિશેષગ્રાહક એવો નૈગમનય છે તે વ્યવહારમાં સમાઈ જાય છે. એટલે નૈગમનય સંગ્રહ-વ્યવહારમાં અંતર્ગત થઈ જતો હોવાથી તેમાંથી ઉદ્ધરીને ભિન્નનય નહી જ કરી શકાય. અને તેમ થવાથી ૬ જ નયો થવાના કારણે ૭ નયોની જૈનશાસનમાં જે પ્રસિદ્ધિ છે. તે તુટી જાય છે આવા પ્રકારની કોઈ શિષ્યોની શંકા દૂર કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે.

**यद्यपि संग्रहनय-व्यवहारनयमांहिं ज सामान्यविशेषचर्चाइं नैगमनय भलइ छइ, तो पणि-किहांइक प्रदेशादि दृष्टान्तस्थानइं भिन्न थाइं छइं. उक्तं च**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો કે "સામાન્યગ્રાહી નૈગમ અને વિશેષગ્રાહી નૈગમ" આટલી જ માત્ર ચર્ચા (વિચારણા) કરવામાં આવે તો જરૂર તે નૈગમનય, સંગ્રહમાં અને વ્યવહારમાં ભળી જાય છે. તો પણ ક્યાંઈક અર્થાત્ જ્યારે દૂર-દૂરના કારણાદિમાં ઉપચારગ્રાહી (આરોપગ્રાહી) નૈગમનય હોય છે ત્યારે પ્રદેશાદિના ઉદાહરણોના સ્થાનમાં આ નૈગમનય સંગ્રહ-વ્યવહારથી નક્કી જુદો પણ પડે જ છે. તેથી ભિન્નવિષય પણ છે જ. સર્વથા સંગ્રહ અને વ્યવહારમાં સમાઈ જ જાય છે. આમ નથી.

નૈગમનય જેમ સામાન્યગ્રાહી અને વિશેષગ્રાહી છે. તેમ ઉપચાર-આરોપગ્રાહી પણ છે. કારણકે સંગ્રહનય તો સદંશગ્રાહી હોવાથી ઉપચારગ્રાહી નથી. તથા વ્યવહારનય તેનો જ ભેદ જણાવનાર હોવાથી તથા નિકટના કારણાદિમાં જ કાર્યાદિનો ઉપચારગ્રાહી હોવાથી જ્યારે દૂર-દૂરના કારણાદિમાં કાર્યાદિનો ઉપચાર હોય છે. ત્યારે આ વ્યવહારનય લાગતો નથી. તેથી ત્યાં નૈગમનય જ લાગે છે. આ પ્રમાણે જ્યાં સદંશ નથી પણ દૂર-દૂરનો ઉપચારમાત્ર છે. ત્યાં આ બે નયોનો વિષય નથી અને કેવળ એકલા નૈગમનયનો જ વિષય છે. ત્યાં નૈગમ અલગો થઈ શકે છે. તે ઉદાહરણો આ પ્રમાણે છે.

(૧) પ્રસ્થકનું ઉદાહરણ– પ્રસ્થક (એક જાતનું માપીયું) બનાવવાના આશયથી લાકડું લેવા જતા પુરુષને કોઈ પુછે કે હે ભાઈ ! તમે ક્યાં જાઓ છો ? ત્યારે "હું પ્રસ્થક લેવા જાઉં છું" આમ જે બોલે છે ત્યાં લાકડામાં પ્રસ્થકનો ઉપચાર કરીને બોલાય છે.

(૨) સુરતમાં, અડાજણ પાટીયામાં, રામસા ટાવરમાં રહેતા મને વિદેશમાં (હું અમેરિકા ગયો હોઉં ત્યારે ત્યાં) કોઈ પુછે કે ધીરુભાઈ ! તમે ક્યાં રહો છો ? તો એકદેશવાળી આ ભૂમિમાં આખા ભારતનો ઉપચાર કરીને "હું ઈન્ડીયામાં (ભારતમાં) રહું છું આમ જ કહેવું પડે, તો જ પુછનારને બોધ થાય, સંતોષ થાય. આ વસતિનું ઉદાહરણ છે.

(૩) જેનો બીજો વિભાગ ન થાય એવો દ્રવ્યનો જે છેલ્લો દેશ, તે <u>પ્રદેશ</u> કહેવાય છે. તેને દૃષ્ટાન્ત રૂપે માનીને જુદા જુદા નયથી આ પ્રમાણે વિચારવાનું છે. નૈગમનયના મતે ધર્માસ્તિકાયપ્રદેશ, અધર્માસ્તિકાયપ્રદેશ આકાશસ્તિકાયપ્રદેશ, જીવાસ્તિકાયપ્રદેશ, સ્કન્ધપ્રદેશ, અને આ પાંચે દ્રવ્યોના બે પ્રદેશાદિથી બનેલા દેશના પ્રદેશ. આમ છ પ્રદેશ છે. આ માન્યતા નૈગમનયની છે. પણ સંગ્રહનયને આ વાત મંજુર નથી. તર્ક આપતાં તે નય કહે છે કે ધર્માસ્તિકાયાદિ દ્રવ્યસંબંધી છઠ્ઠો દેશનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે પ્રદેશ છે. તે વસ્તુઃ તે તે દ્રવ્યોનો જ પ્રદેશ મનાય છે. માટે છ પ્રદેશના સ્થાને તમારે પાંચ પ્રદેશો જ માનવા જોઈએ.

જેમ મારા નોકરે ઘોડો ખરીદ્યો તે મારો જ કહેવાશે, કારણ કે તે નોકર મારો છે. તો તેની વસ્તુઓ પણ મારી જ કહેવાય. તેમ પ્રદેશ પણ જે દ્રવ્યનો છે. તે તેનો જ મનાતો હોવાથી પાંચ પ્રદેશની માન્યતા જ સંગત છે. આ સંગ્રહનયની વાત છે. તેની સામે જવાબ આપતો વ્યવહાર નય આમ કહે છે કે પાંચ માણસોનું બનેલું એક દ્રવ્ય-સામાન્ય જો હોય, તો તો તે પ્રમાણે પાંચે દ્રવ્યોનો એક પ્રદેશ સામાન્ય હોય તો પાંચ પ્રદેશ માનવામાં વાંધો નથી. પણ તેવું નથી. માટે કહેવું જોઈએ કે પ્રદેશ પાંચ પ્રકારે છે. દ્રવ્યો જ્યારે પાંચ પ્રકારે છે તો પ્રદેશો પણ પાંચ પ્રકારે માનવા જોઈએ. આ રીતની નયવાદની ચર્ચા છે. આ પ્રદેશનું ઉદાહરણ જાણવું.

(૪) સમયસર વરસતા વરસાદને "સોનુ વરસે છે" આમ જે કહેવાય છે તે ઉપચારગ્રાહી નૈગમનય છે.

(૫) "આ રસ્તો ક્યાં જાય છે ? આ રસ્તો અમદાવાદ જાય છે" આવી પ્રશ્નોત્તરીમાં રસ્તો તો ક્યાંય જતો નથી. પરંતુ રસ્તે જનારો માણસ ત્યાં (અમદાવાદ) જાય છે. છતાં રસ્તામાં તેનો ઉપચાર કરાય છે. આ ઉપચારગ્રાહી નૈગમનય છે.

આવા પ્રકારનાં અનેક દૃષ્ટાન્તોમાં તથા પ્રસ્થક વસતિ અને પ્રદેશના ઉદાહરણોમાં આ નૈગમનય, સંગ્રહનયથી અને વ્યવહારનયથી ભિન્નવિષયવાળો થાય જ છે. તેથી નૈગમનયનું ભિન્નકથન દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયોના ભિન્નકથનમાં પર્યાપ્ત નથી. સમર્થ કારણ નથી માટે આવો ખોટો બચાવ કરવો નહીં. કહ્યું છે કે–

**छण्हं तह पंचण्हं, पंचविहो तह य होइ भयणिज्जो ।**
**तम्मि य सो य पएसो, सो चेव ण चेव सत्तण्हं ॥ इत्यादि ॥**

**छण्हं तह पंचण्हं** = છ પ્રકારના નયો છે તથા પાંચ પ્રકારના નયો છે. આવી વિવક્ષા શાસ્ત્રોમાં જોવા મળે છે. નૈગમનયનો સંગ્રહ-વ્યવહારમાં સમાવેશ કરતાં છ પ્રકાર, અને શબ્દાદિ ત્રણની સાથે વિવક્ષા કરતાં પાંચ પ્રકાર શાસ્ત્રમાં આવે છે. તે માટે **पंचविहो तह य होइ भयणिज्जो** =ભજનાએ પાંચ પ્રકારે પણ નય છે. પરંતુ **सो य पएसो** = તે જે પ્રદેશના દૃષ્ટાન્તવાળો નૈગમનય છે. **सो चेव तम्मि ण चेव** = તે નય તે છ પ્રકારમાં સમાતો નથી. આવી જતો નથી. સંગ્રહ અને વ્યવહારમાં સમાતો નથી. તેથી **सत्तण्हं** = નયો સાત પ્રકારના પણ છે. આ ગાથા કયા શાસ્ત્રની છે. તે ઉપલબ્ધ

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થઈ શક્યું નથી. તેથી પરિપૂર્ણ અર્થ મેળવી શકાયો નથી. છતાં પૂર્વાપરની સંકલના જોતાં અમારા ક્ષયોપશમાનુસાર પાઠની સંગતિ થાય તેવો અર્થ કરેલ છે. કંઈ ક્ષતિ જણાય તો ગીતાર્થજ્ઞાની મહાત્માઓ પાસેથી સવિશેષ અર્થ જાણવો.

**ते माटिं-किहांइक भिन्नविषयपणाथी नैगमनय भिन्न कहिओ, ए तो २ नय-द्रव्यार्थिक पर्यायार्थिक, नैगमादिनयथी अभिन्नविषय छइ, तो ते अलगा करिनइं नवभेद नयना किम कहिइं ? ॥ ८-१५ ॥**

તે માટે હવે ઉપરોક્ત લંબાણ પૂર્વકની ચર્ચાથી સમજાશે કે સામાન્ય-વિશેષગ્રાહી એવો નૈગમનય ભલે સંગ્રહ-વ્યવહારમાં ભળી જતો હોય, તો પણ ક્યાંઈક એટલે જ્યારે દીર્ઘકાળવર્તી ઉપચારગ્રાહી (આરોપના વિષયવાળો) નૈગમનય હોય છે. ત્યારે સંગ્રહ અને વ્યવહારમાં ન સમાતો હોવાના કારણે સંગ્રહ-વ્યવહારનય કરતાં ભિન્નવિષયપણું હોવાથી આ નૈગમનય જરૂર ભિન્ન નય કહેવા યોગ્ય છે. પરંતુ આ તો બન્ને નયો ૧ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક, નૈગમાદિ સાત નયોથી ક્યાંય પણ ભિન્ન વિષયવાળા નથી અર્થાત્ અભિન્નવિષયવાળા જ છે. તો પછી તે બે નયોને અલગા કરીને નયોના નવ ભેદ કેમ કહો છો ? તમારૂં (દિગંબરોનું) આ કથન નિર્દોષ નથી. ॥ ૧૨૩ ॥

JAINSITE.com

**ઈમ કરતાં એ પામીઈ રે, સર્વવિભક્ત વિભાગ ।**
**જીવાદિક પરિ કો નહીં રે, ઈહાં પ્રયોજન લાગ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૬ ॥**

**ભિન્ન પ્રયોજન વિન કહિયા રે, સાત મૂલનય સૂત્ર ।**
**તિણિ અધિકું કિમ ભાષિઈં રે, રાખિઈ નિજઘર સૂત્ર રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૭ ॥**

*ગાથાર્થ*– આમ કરવાથી તો આ "સર્વવિભક્ત વિભાગ" (વહેંચાઈ ગયેલાનો વિભાગ) કરવા બરાબર થાય. જીવાદિકને અલગ કરવામાં જેવું ભિન્ન પ્રયોજન છે. તેવું ભિન્નપ્રયોજન અહીં લગાર પણ (અલ્પ પણ) નથી. ॥ ૮-૧૬ ॥

મૂળ સૂત્રોમાં સાત નય જ કહ્યા છે તેથી ભિન્નપ્રયોજન વિના અધિક નયો કેમ કહેવાય ? પોતાના ઘરનું સૂત્ર પોતાના ઘરે જ રાખવું જોઈએ. ? ॥ ૮-૧૭ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ટબો- ઈમ કરતાં-૯ નય દેખાડતાં, વિભક્તનો વિભાગ થાઈ, વહિંચ્યાનું વહેંચવું થાઈ, તિવારઈ- "जीवाः द्विधा, संसारिणः सिद्धाः (च), संसारिणः पृथिवीकायिकादिषड्भेदाः" सिद्धाः पञ्चदश भेदाः" એ રીતે "नयो द्विधा, द्रव्यार्थिकपर्यायार्थिकभेदात् । द्रव्यार्थिकस्त्रिधा नैगमादि भेदात् । ऋजुसूत्रादिभेदात् चतुर्धा पर्यायार्थिकः ।"

ઈમ કહિઉં જોઈઈ, પણિ "नव नयाः" ઈમ એકવાક્યતાઈ વિભાગ કીધો, તે સર્વથા મિથ્યા જાણવો. નહી તો "जीवाः संसारिणः सिद्धाः" ઈત્યાદિ વિભાગવાક્ય પણિ થાવા પામઈ.

હિવઈ, કોઈ કહસ્યઈ, જે "जीवाजीवौ तत्त्वम्" ઈમ કહતાં અનેરાં તત્ત્વ આવ્યાં, તો પણિ-૭ તત્ત્વ કહિઈં છઈં. તિમ "द्रव्याथिकपर्यायार्थिकौ नयौ" ઈમ કહતાં અનેરા નય આવઈ છઈ. તોહિં અહે સ્વપ્રક્રિયાઈ નવ નય કહસ્યું.

તેહનઈ કહિઈં, જે- તિહાં પ્રયોજનભેદઈં ભિન્ન ભિન્ન તત્ત્વવ્યવહાર માત્ર સાધ્ય છઈ, તે તિમ જ સંભવઈ, ઈહાં-ઈતરવ્યાવૃત્તિ સાધ્ય છઈ. તિહાં હેતુ કોટિ અનપેક્ષિત ભેદ પ્રવેશઈં વૈય્યર્થ્ય દોષ હોઈ. તત્ત્વપ્રક્રિયાઈ એ પ્રયોજન છઈં. જીવ, અજીવ એ ૨ મુખ્યપદાર્થભણી કહવા. બંધ મોક્ષ (અનુક્રમે) મુખ્ય હેય ઉપાદેય છઈ તે ભણી, બંધકારણ ભણી આશ્રવ, મોક્ષ મુખ્ય પુરુષાર્થ છઈ, તે માટિં-તેહનાં ૨ કારણ-સંવર નિર્જરા કહેવાં, એ ૭ તત્ત્વ કહવાની પ્રયોજનપ્રક્રિયા. પુણ્ય પાપરૂપ શુભાશુભ બંધભેદ વિગતિં અલગા કરી એહ જ પ્રક્રિયા ૯ તત્ત્વ કથનની જાણવી. ઈહાં દ્રવ્યાર્થિક પર્યાયાર્થિકઇં ભિન્નોપદેશનું કોઈ પ્રયોજન નથી. ॥ ૮-૧૬ ॥

તે માટિં "सत्त मूलनया पन्नता" એહવું સૂત્રઈં કહિઉં છઇં. તે ઉલ્લંઘી ૯ નય કહિઇં. તો આપણા ઘરનું સૂત્ર કિમ રહઈં ? તે માટઈં "નવ નયાઃ" કહતો દેવસેન બોટિક ઉત્સૂત્રભાષી જાણવો. ॥ ૮-૧૭ ॥

*વિવેચન–* ઉપરની ગાથાઓમાં ઘણી લંબાણ પૂર્વક ચર્ચા કરેલી છે કે ભિન્નવિષય વિના ૭ નયને બદલે ૯ નયો કરવાની શી જરૂર છે ? જૈનશાસનમાં પ્રયોજન વિના ગમે તેમ આપણાથી કેમ બોલાય ? આ જ વાતને હજુ વધારે સ્પષ્ટ કરતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે–

इम करतां-९ नय देखाडतां, विभक्तनो विभाग थाइ— "वहिंच्यानुं वहिंचवुं" थाइ. तिवारइ- "जीवा द्विधा, संसारिणः सिद्धाः (च), संसारिणः पृथिवीकायिका-

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**दिषड्भेदाः, सिद्धाः पञ्चदशभेदाः, ए रीते "नयो द्विधा, द्रव्यार्थिक-पर्यायार्थिकभेदात्। द्रव्यार्थिकस्त्रिधा नैगमादिभेदात् । ऋजुसूत्रादिभेदात् चतुर्धा पर्यायार्थिकः**

**इम कहिउं जोइइ, पणि "नव नयाः" इम एकवाक्यताइं विभाग कीधो, ते सर्वथा मिथ्या जाणवो. नही तो "जीवाः संसारिणः सिद्धाः" इत्यादि विभागवाक्य पणि थावा पामइ.**

દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીને નયચક્રગ્રંથમાં આમ કરતાં એટલે કે સાતનયને બદલે નવ નયો છે આમ દેખાડતાં "વિભક્તનો વિભાગ થાય" એટલે કે "વહેંચાયેલાને વહેંચવાનું થાય" આવો દોષ આવે છે. તેની સ્પષ્ટતા આ પ્રમાણે છે. જે મૂલવસ્તુ તેના ઉત્તરભેદોમાં વહેંચાઈ ગઈ હોય તે મૂલવસ્તુનો પણ એક વિભાગ કરવો આ હાસ્યાસ્પદ છે. નિષ્ફળ છે. જેમ કે મનુષ્યોના ચાર ભેદ છે ૧ બ્રાહ્મણ, ૨ ક્ષત્રિય, ૩ વૈશ્ય, અને ૪ શુદ્ર, આ ચાર ઉત્તરભેદોમાં બધા જ મનુષ્યો વહેંચાઈ ગયા છે. (આવી ગયા છે) કોઈ બાકી રહ્યા જ નથી. તો પછી ચાર ભેદને બદલે મૂલભેદ ૧ મનુષ્યનો ઉમેરીને ૧ બ્રાહ્મણ, ૨ ક્ષત્રિય, ૩ વૈશ્ય, ૪ શુદ્ર અને ૫ મનુષ્ય આમ પાંચ ભેદો કેમ કરાય? જે મનુષ્યની જાતિ (સર્વે મનુષ્યો) ૪ માં વહેંચાઈ ગઈ છે. વિભાગ થઈ ગયા છે. વિભક્ત બની ગયું છે. તે મનુષ્યને પણ જુદો વહેંચવો, તે મનુષ્યનો પણ એક જુદો ભેદ પાડવો. આ ન્યાયસંગત નથી. તેમ અહીં સમજવું. એવી જ રીતે પંચેન્દ્રિયના દેવ-નારકી-તિર્યંચ અને મનુષ્ય આમ ચાર ભેદ પાડી ફરીથી તેમાં પંચેન્દ્રિય ઉમેરીને દેવ-નારકી તિર્યંચ, મનુષ્ય અને પંચેન્દ્રિય આમ પાંચ ભેદ કરવા ઉચિત નથી. આમ કરવાથી વિભક્ત = જેનો વિભાગ થઈ ગયો, તેનો પણ વિભાગ કરવો, અર્થાત્ જે વસ્તુ તેના ઉત્તરભેદોમાં એકવાર વહેચાઈ ગઈ, તેને પણ તેની લાઈનમાં વહેંચવી, આવું કરવું તે અનુચિત બની જાય છે. જે લોકોમાં હાસ્યસ્પદ બને છે.

જો ખરેખર આ રીતે વિભક્તનો પણ વિભાગ કરી શકાતો હોત. તો જૈન શાસ્ત્રોમાં જે નીચે મુજબ પાઠો આવે છે. તેને બદલે પાછળ લખેલા પ્રમાણે પાઠો હોવા જોઈએ. તે આ પ્રમાણે–

<u>શુદ્ધ પાઠો</u>

૧. જીવો બે પ્રકારના છે. એક સંસારી અને બીજા સિદ્ધ.
૨. સંસારી જીવો પૃથ્વીકાય આદિના ભેદથી છ પ્રકારના છે.
૩. સિદ્ધ જીવો જિનસિદ્ધ આદિ ભેદે ૧૫ પ્રકારના છે. આ જ રીતે
૧. નયો બે પ્રકારના છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકના ભેદથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

૨. તેમાં દ્રવ્યાર્થિકનય નૈગમાદિના ભેદથી ત્રણ પ્રકારનો છે. અને
૩. પર્યાયાર્થિકનય ઋજુસૂત્ર આદિના ભેદથી ચાર પ્રકારનો છે.

આવા આવા પાઠો હોવાથી નયોની બાબતમાં પણ આમ જ કહેવું જોઈએ. પરંતુ "નવ નયો છે" આમ એક વાક્યપણે ૨ + ૭ = ભેગા કરીને ૯ પણે જે તમે નયો કહ્યા છે. તે સર્વથા ખોટું જાણવું. જો તમે કહ્યું તેમ હોત અને જેના વિભાગ પાડીએ તેને પણ વિભાગરૂપે ગણી શકાતું હોત તો ઉપરોક્ત વિભાગનાં વાક્યો પણ આ પ્રમાણે શાસ્ત્રોમાં થવાં જોઈએ.

૧. સંસારી, સિદ્ધ અને જીવ, આમ જીવના ત્રણ ભેદો છે.
૨. પૃથ્વી, અપ, તેઉ, વાઉ, વનસ્પતિ, ત્રસ અને સંસારી આમ સંસારીના ૭ ભેદો છે.
૩. જિનસિદ્ધાદિ ૧૫ + ૧ સિદ્ધ આમ સિદ્ધના ૧૬ ભેદ છે. ઈત્યાદિ

વિભક્તનો પણ વિભાગ કરીને ઉપર મુજબનાં વાક્યો શાસ્ત્રોમાં હોવાં જોઈએ પણ આવાં વાક્યો કોઈ પણ શાસ્ત્રમાં ક્યાંય પણ આવતાં નથી. માટે વિભક્તનો વિભાગ કરવો ઉચિત નથી. તેમ નયોમાં પણ સમજવું.

**हिवइ कोइ कहस्यइ, जे "जीवाजीवौ तत्त्वम्" इम कहतां अनेरां तत्त्व आव्यां, तो पणि ७ तत्त्व कहिइं छइं, तिम" "द्रव्यार्थिकपर्यायार्थिकौ नयौ" इम कहतां अनेरा नय आवइ छइ, तोहिं अह्मे स्वप्रक्रियाइं नव नय कहस्युं**

હવે અહીં કોઈ દિગંબરાનુયાયી જીવ કદાચ આવો પ્રશ્ન કરે કે નવતત્ત્વમાં "જીવ અને અજીવ" આમ બે તત્ત્વ છે. આટલું જ કહેવામાં અનેરા (બાકીનાં) સાત તત્ત્વો આવી જ ગયાં છે. કારણ કે સંવર નિર્જરા અને મોક્ષ જીવનું સ્વરૂપ હોવાથી જીવતત્ત્વમાં આવી ગયાં છે. અને પુણ્ય, પાપ, આશ્રય અને બંધ પુદ્ગલનું સ્વરૂપ હોવાથી અજીવતત્ત્વમાં આવી જ ગયાં છે. છતાં બેમાં આવી ગયેલાં સાત તત્ત્વને ભિન્ન કરીને જેમ તમે ૯ તત્ત્વો કહો છો. તેમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક આ બન્ને પણ નયો છે. આમ કહેતાં જો કે સાત નયો આવી જ જાય છે. (અથવા સાત નયો છે આમ કહેવાથી આ બે નયો આવી જ જાય છે) **तोहिं** = તો પણ અમે અમારી નયો કહેવાની દિગંબર નીતિરીતિ મુજબ બે નયોને ભિન્ન કરીને ૯ નયો કહીશું. તો તેમાં શું દોષ છે ? જેમ તમે ૨ તત્ત્વમાં સમાયેલા ૭ તત્ત્વોને ભિન્ન કરીને ૨ + ૭ = બનાવીને ૯ તત્ત્વો કહો છો. તેમ જ અમે પણ ૨ નયમાં સમાયેલા ૭ નયોને અલગ કરીને ૨ + ૭ = બનાવીને ૯ નયો કહીશું. તો કંઈ દોષ દેખાતો નથી. અને

૨૨

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જો કોઈ દોષ આવતો હોય તો તે દોષ તમને પણ આવશે. "વિભક્ત વિભાગ"= વહેંચાએલાનું વહેંચવું આ દોષ જો અમને લાગે તો તે દોષ તમને પણ લાગે.

**तेहनइं कहिइं जे-तिहां प्रयोजनभेदइं भिन्न भिन्न तत्त्वव्यवहार मात्र साध्य छइ. ते तिम ज संभवइ. इहां इतरव्यावृत्ति साध्य छइ, तिहां, हेतुं कोटिं अनपेक्षित भेदप्रवेशइ वैय्यर्थ्यदोष होइं. तत्त्वप्रक्रियाइं ए प्रयोजन छइ—**

ઉપરોક્ત રીતે પોતાના પક્ષનો બચાવ કરતા તે દિગંબરાનુયાયીને અમે શ્વેતાંબરો કહીએ છીએ કે તમારી દલીલ બરાબર નથી. તમે ઉપરછલ્લી રીતે જ ઉદાહરણનું સામ્યપણું દેખો છો. પરંતુ ત્યાં ૨ તત્ત્વોનાં ૯ તત્ત્વો કરવામાં જેવું "ભિન્નપ્રયોજનપણું" છે. તેવું ભિન્નપ્રયોજનપણું અહીં ૨ નયના ૯ નયો કરવામાં નથી. નવતત્ત્વોમાં તો ભિન્ન ભિન્ન પ્રયોજનને લીધે ભિન્ન ભિન્ન તત્ત્વવ્યવહાર સમજાવવો એ જ સાધ્ય છે. પરંતુ ઈતર વ્યાવૃત્તિ (એક તત્ત્વથી બીજુ તત્ત્વ કેમ ભિન્ન છે ? કેવી રીતે ભિન્ન છે? આવું સમજાવવાનું) સાધ્ય નથી. અને જે "તત્ત્વવ્યવહારનો ભેદ" સમજાવવો છે. તે તેમ કરીએ તો જ સંભવે છે. જે હમણાં જ નીચે સમજાવાય છે.

જ્યારે **इहां** = નયવિભાગમાં તો **इतरव्यावृत्ति** સાધ્ય છે. એટલે કે એકનયથી બીજોનય વ્યાવૃત્તિવાળો (ભિન્ન) છે. જુદા જુદા વિષયોમાં પ્રવર્તનારા નયો છે. કોઈ પણ બે નયોનો વિષય એક હોતો નથી. આ સાધ્ય છે. જેમ કે ઉપચારને માને તે નૈગમ, એકીકરણને માને તે સંગ્રહ, પૃથક્કરણને માને તે વ્યવહાર, માત્ર વર્તમાનકાળને પ્રધાન કરે તે ઋજુસૂત્ર, આ રીતે નયવિભાગમાં એકનયથી **इतरनी** = બીજા નયની **व्यावृत्ति** ભિન્નતા સમજાવવી એ અહીં = નયવિભાગમાં સાધ્ય છે. તેથી **तिहां** = ત્યાં એટલે કે નયવિભાગના પ્રકરણમાં (**हेतु**=) વિશિષ્ટ કારણોના (**कोटि**=) રીતભાતોની (**अनपेक्षित**=) અપેક્ષા વિના (**भेद प्रवेशइ**=) નવા નવા નયોનો ભેદ પ્રવેશ કરાવીએ તો અર્થાત્ જુદા જુદા નયો માનીએ તો (**वैय्यर्थ्य**=) વૈય્યર્થ્યતાનો (નિરર્થકતા-નિષ્ફળતાનો) દોષ લાગે. સારાંશ કે જે નયવિભાગમાં ઈતરવ્યાવૃત્તિ (એક નયથી બીજો નય ભિન્ન ભિન્ન વિષયગ્રાહી હોવાથી એકબીજાથી જુદા છે.) આવું સાધ્ય છે. તે નયવિભાગમાં (જુદો નય કરવાના) કારણોના પ્રકારોની કોઈ અપેક્ષા જો ન હોય અને એમને એમ નયોમાં ભેદનો પ્રવેશ કરીએ તો તે વ્યર્થ જ કહેવાય. કારણકે પછી તો તે નયોનો પાર જ ન આવે. અને વિભક્તના વિભાગો થવા લાગે. માટે નયવિભાગમાં ૭ નયોના ૯ નયો કરવાની રીત સારી નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*પ્રશ્ન*– નયવિભાગમાં ૭ ના ૯ કરવામાં દોષ આવે છે. તો નવતત્ત્વના વિભાગમાં એવું શું વિશિષ્ટ પ્રયોજન છે કે ત્યાં ૨ ના ૯ કરવામાં દોષ આવતો નથી? ૨ તત્ત્વોનાં ૯ તત્ત્વો કરવામાં એવું વિશિષ્ટ પ્રયોજન શું છે ? તે સમજવો અને નયવિભાગમાં તેવું શું પ્રયોજન નથી. જેથી નયવિભાગમાં દોષ આવે છે. આ ભેદ બરાબર સમજાવો.

*ઉત્તર*– "તત્ત્વપ્રક્રિયામાં" ૨ ના ૯ તત્ત્વ કરવામાં હવે સમજાવાય છે. તે પ્રમાણે ભિન્ન ભિન્ન પ્રયોજન છે. માટે ૨ તત્ત્વનાં ૯ તત્ત્વો કરી શકાય છે = કહી શકાય છે. તે ભિન્ન પ્રયોજન આ પ્રમાણે છે.

**जीव अजीव ए २ मुख्य पदार्थ भणी कहवा. बंध मोक्ष मुख्य हेय उपादेय छइ, ते भणी, बंध कारणभणी आश्रव, मोक्ष मुख्यपुरुषार्थ छइ, ते माटिं तेहनां २ कारण-संवर निर्जरा कहवां. ए ७ तत्त्व कहवानी प्रयोजन प्रक्रिया. पुण्य पाप रूप शुभाशुभबंधभेद विगतिं अलगा करी, एहज प्रक्रिया ९ तत्त्वकथननी जाणवी.**

**इहां-द्रव्यार्थिक-पर्यायार्थिकइं भिन्नोपदेशनुं कोइ प्रयोजन नथी ॥ ८-१६ ॥**

"જીવ અને અજીવ આ બે મુખ્ય પદાર્થો છે." એ (ભણી=) આશ્રયીને કહ્યા છે. વાસ્તવિક પદાર્થ સ્વરૂપે, દ્રવ્યાત્મકપણે બે જ તત્ત્વો છે. બાકીનાં ૭ તત્ત્વો એ કંઈ પદાર્થ નથી. દ્રવ્ય નથી. પરંતુ આ જીવ-અજીવ એવા બે પદાર્થનું સારુ-નરસું સ્વરૂપ છે. બે તત્ત્વો પદાર્થાત્મક છે. દ્રવ્ય સ્વરૂપે વસ્તુ છે. સાત તત્ત્વો તેના સ્વરૂપાત્મક છે. બે તત્ત્વો દ્રવ્ય છે. સાત તત્ત્વો તેના સારાનરસા પર્યાયાત્મક છે. આ રીતે બે તત્ત્વો જ્ઞેય માત્ર છે. જાણવા યોગ્ય જ માત્ર છે. તેમાંથી કંઈ મેળવવાનું કે છોડવાનું નથી. માત્ર જ્ઞેયે જ છે. જ્યારે બીજાં સાત તત્ત્વોમાં મેળવવાનું અને છોડવાનું છે. ઉપાદેય અને હેય છે. તે આ પ્રમાણે–

બંધતત્ત્વ અને મોક્ષતત્ત્વ અનુક્રમે હેય અને ઉપાદેય છે. તે (ભણી=) આશ્રયી જુદા કહ્યા છે. બંધતત્ત્વ જીવને સંસારમાં જન્મમરણની પરંપરામાં રખડાવનાર છે માટે હેય છે. જ્યારે મોક્ષતત્ત્વ જીવને અનંત ચિદાનંદનું સુખ આપનાર છે માટે ઉપાદેય છે. આ રીતે હેય-ઉપાદેયતાને આશ્રયીને બંધ-મોક્ષતત્ત્વ જીવ-અજીવથી જુદા કહ્યા છે. એક છોડવા જેવું છે. અને બીજું મેળવવા જેવું છે. આ પ્રયોજન જાણવું.

આશ્રવતત્ત્વ એ બંધનું કારણ છે. આશ્રવોથી કર્મોનો બંધ થાય છે. હવે જો બંધ હેય હોય તો તેના કારણભૂત આશ્રવો પણ હેય જ હોય છે. આમ જણાવવા માટે બંધતત્ત્વથી આશ્રવતત્ત્વ ભિન્ન કહેલ છે. આ બે તત્ત્વ વચ્ચે કાર્ય-કારણભાવ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

તથા "મોક્ષતત્ત્વ" એ મુખ્ય પુરુષાર્થ છે. મુખ્ય સાધ્ય છે. અર્થાત્ આ સઘળી મહેનત મોક્ષ મેળવવા માટે જ છે. મોક્ષતત્ત્વ એ મુખ્યપણે ઉપાદેયતત્ત્વ છે. તે માટે તેનાં જે ૨ કારણરૂપ તત્ત્વો છે. ૧ સંવર અને ૨ નિર્જરા. તે પણ ઉપાદેય જ ઠરે છે. મોક્ષ જો ઉપાદેય છે. તો તેની પ્રાપ્તિનાં અસાધારણ કારણ સંવર-નિર્જરા પણ ઉપાદેય જ બને છે. આ રીતે જ્ઞેય-હેય-અને ઉપાદેયનો વિવેક કરાવવાના પ્રયોજનથી આ ૭ તત્ત્વો ભિન્ન ભિન્ન કહ્યાં છે. આ રીતે "ભિન્ન" કેમ કહ્યાં છે ? તે સમજાવવામાં આવ્યું. ૧ જીવ ૨ અજીવ આ બે જ્ઞેય, ૩ બંધ ૪ આશ્રવ આ બે હેય, ૫ મોક્ષ, ૬ સંવર ૭ નિર્જરા આ ઉપાદેય, આમ આ ૭ તત્ત્વોને ભિન્ન ભિન્ન કહેવાના પ્રયોજનવાળી પ્રક્રિયા જણાવી.

પ્રશ્ન— પુણ્ય-પાપ તત્ત્વને જુદાં કેમ કહ્યાં છે ?

ઉત્તર— અનાદિ-અનંત એવા આ સંસારમાં સારી સ્થિતિ અને નબળી સ્થિતિ કોના કારણે આવે છે ? તે સમજાવવા માટે પુણ્ય અને પાપ સ્વરૂપ શુભબંધ અને અશુભબંધ, આમ બંધતત્ત્વના જ બે ભેદો (विगतिं=) અત્યન્ત વ્યક્તપણે (સ્પષ્ટપણે) અલગા અલગા કરીને સમજાવ્યા છે. અર્થાત્ બંધતત્ત્વના જ શુભાશુભભાવ સ્વરૂપ બે ભેદો પુણ્ય-પાપ રૂપે સમજાવ્યા છે. ૨ તત્ત્વનાં ૯ તત્ત્વો કહેવાની આ જ પ્રક્રિયા જાણવી. ભિન્ન ભિન્ન પ્રયોજનના વશથી ઉપરોક્ત પ્રક્રિયાને અનુસારે ૯ તત્ત્વો જણાવ્યાં છે. તેવા પ્રકારનું इहां = અહીં = દ્રવ્યાર્થિક પર્યાયાર્થિક નયોના ભિન્નોપદેશનું કોઈપણ ભિન્ન ભિન્ન પ્રયોજન દેખાતું નથી. ॥ ૧૨૪ ॥

**ते माटिं "सत्त मूलणया पन्नत्ता" एहवुं सूत्रइं कहिउं छइं, ते उल्लंघी ९ नय कहिइं, तो आपणां घरनुं सूत्र किम रहइं ? ते माटइं "नव नयाः" कहतो देवसेन बोटिक उत्सूत्रभाषी जाणवो ॥ ८-१७ ॥**

તે માટે "મૂલનયો આગમોમાં સાત જ કહેલા છે" આવા પ્રકારનું સૂત્રમાં જે વિધાન કરેલું છે "सत्त मूलणया पन्नत्ता" તે શાસ્ત્રકારોના સૂત્રને ઓળંગીને જે ૯ નયોની પ્રરૂપણા નયચક્ર ગ્રંથમાં કહેલી છે. તે આપણા પોતાના ઘરનું બનાવેલું સૂત્ર અહીં (શાસનમાં) કેમ રાખે છે ? (અર્થાત્ પોતાનું બનાવેલું સૂત્ર પોતાને ઘેર રાખે.) શાસનમાં સ્વચ્છંદમતિ પ્રમાણેનું સૂત્ર ચાલે નહીં તે માટે "નવ નયો છે" આવા પ્રકારનું કહેતા (બોટિક) દિગંબરાચાર્ય શ્રી દેવસેનજી ઉત્સૂત્રભાષી જાણવા. ॥ ૧૨૫ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**દશભેદાદિક પણિ ઈહાં રે, ઉપલક્ષણ કરી જાણી ।**
**નહી તો કહો અંતર્ભાવઈ રે, પ્રદેશાર્થ કુણ ઠાણિ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૮ ॥**

**ઉપનય પણ અલગા નહીં રે, જે વ્યવહારે સમાઈ ।**
**નહી તો ભેદ પ્રમાણનો રે, ઉપપ્રમાણ પણિ થાઈ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૧૯ ॥**

ગાથાર્થ— દ્રવ્યાર્થિકનયના ૧૦ ભેદ, અને આદિ શબ્દથી પર્યાયાર્થિકનયના ૬ ભેદ જે તમે કહ્યા છે. ત્યાં પણ ઉપલક્ષણ કરીને જાણવાના રહેશે. અન્યથા કહો તો ખરા કે "પ્રદેશાર્થ નયનો" શેમાં સમાવેશ કરશો ? ॥ ૮-૧૮ ॥

ઉપનયો પણ અલગા નથી. તે બધા વ્યવહારનયમાં સમાઈ જાય છે. અન્યથા (જો એમ નહી માને તો) નય-ઉપનયની જેમ પ્રમાણમાં પણ ઉપપ્રમાણ નામનો ભેદ માનવો પડશે. ॥ ૮-૧૯ ॥

JAINSITE .com

**ટબો— ઇહાં-નયચક્ર ગ્રંથમાંહિં, દિગંબરઈં દ્રવ્યાર્થિકાદિ ૧૦ ભેદાદિક કહિયાં, તે પણિ ઉપલક્ષણ કરી જાણો. નહી તો પ્રદેશાર્થનય કુણઠામિ આવઈ. તે વિચારજો. उक्तं च सूत्रे—**

"द्रव्वट्ठुयाए, पएसट्ठुयाए, दव्वट्ठुपएसट्ठुयाए" इत्यादि

**તથા- "કર્મોપાધિસાપેક્ષજીવભાવ" ગ્રાહક દ્રવ્યાર્થિક જિમ કહિઓ. તિમ- "જીવસંયોગસાપેક્ષપુદ્ગલભાવ" ગ્રાહક નય પણિ ભિન્ન કહિઓ જોઈઈ. ઈમ-અનંત ભેદ થાઈ.**

**તથા પ્રસ્થકાદિ દૃષ્ટાન્તઈં નૈગમાદિકના અશુદ્ધ અશુદ્ધતર, અશુદ્ધતમ, શુદ્ધ, શુદ્ધતર, શુદ્ધતમ આદિ ભેદ કિહાં સંગ્રહિયા જાઈ ? ઉપચાર માટિં તે ઉપનય કહિઈં તો અપસિદ્ધાન્ત થાઈ. અનુયોગદ્વારઈં તે નયભેદ દેખાડ્યા છઈ. ॥ ૮-૧૮ ॥**

**એહ જ દૃઢઇ છઇ–ઉપનય પણિ કહ્યા, તે નયવ્યવહાર નૈગમાદિકથી અલગા નથી.** उक्तं च तत्त्वार्थसूत्रे— उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः (૧-૩૫)

**ઇમ ઇ કરતાં નયભેદનઈં જો ઉપનય કરી માનસ્યો. તો "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" એ લક્ષણઈં લક્ષિત જ્ઞાનરૂપ પ્રમાણનો એકદેશ મતિજ્ઞાનાદિક અથવા તદ્દેશ**

**અવગ્રહાદિક, તેહનઇં ઉપપ્રમાણ પણિ કાં નથી કહતા ? तस्मात् નય ઉપનય એ પ્રક્રિયા બોટિકની શિષ્ય બુદ્ધિધંધન માત્ર જાણવી. ॥ ૮-૧૯ ॥**

*વિવેચન*– મૂલ ૭ નયો તીર્થંકર ભગવન્તોએ જણાવ્યા છે. તેને છોડીને દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનય કે જે સાતમાં અંતર્ગત છે. તેને ઉદ્ધરીને આ બન્નેને અલગ કહીને ૯ નયો જે દિગંબરાચાર્યે કહ્યા. તેનું વિસ્તૃત નિરસન કર્યું. હવે તે ૯ નયોમાં દ્રવ્યાર્થિકનયના ૧૦ અને પર્યાયાર્થિકના ૬ ભેદો જે કહ્યા છે. તે ઉત્તરભેદોનું નિરસન કરતાં ગ્રંથકારશ્રી વિશેષ કારણ જણાવે છે કે–

**इहां-नयचक्र ग्रंथमांहिं, दिगंबरइं द्रव्यार्थिकादि १० भेदादिक कहियां, ते पणि उपलक्षण करी जाणो. नही तो प्रदेशार्थ नय कुण ठामि आवइं ? ते विचारजो. उक्तं च सूत्रे- ''दव्वट्ठयाए पएसट्ठयाए दव्वट्ठपएसट्ठयाए'' इत्यादि.**

ઈહાં-એટલે અહીં, અહીં એટલે કે ''નયચક્ર'' નામના ગ્રંથમાં તે દિગંબરોએ (એટલે કે દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીએ) દ્રવ્યાર્થિકનયના જે ૧૦ ભેદો કહ્યા છે. તથા આદિ શબ્દથી પર્યાયાર્થિકનયના ૬ ભેદો કહ્યા છે ઈત્યાદિ જે જે એક એક ઉદાહરણને સામે રાખીને નિયત સંખ્યામાં ભેદો કહ્યા છે. તે પણ અધુરા છે. એટલે બીજા અનેક ભેદોના ઉપલક્ષણ રૂપ છે. ઉપલક્ષણનો અર્થ એ છે કે આ ૧૦ ભેદો તો દિગ્દર્શન માત્ર રૂપ છે. બીજા આવા અનેકભેદો અધ્યાહારથી સમજી લેવા. તેનો અર્થ એ થયો કે ૧૦-૬ વિગેરે ભેદો પાડવા છતાં તે તે નયોનું પૂર્ણ સ્વરૂપ તેમાં કહેલું થતું નથી. અધુરુ જ રહ્યું છે.

નહી તો = જો ઉપલક્ષણથી = અધ્યાહારથી બીજા ભેદો લેવાના ન જ હોય અને આ ૧૦-૬ ઈત્યાદિ ભેદોમાં જ આ નયોનું પૂર્ણ સ્વરૂપ આવી જતું હોય તો ''પ્રદેશાર્થકનય'' જે છે. તે નય કહો કે આ ૧૦ ભેદોમાંથી કયા ભેદમાં આવે ? જેમ દ્રવ્યની પ્રધાનતાએ વાત કરાય તે દ્રવ્યાર્થિકનય કહેવાય છે. તેમ તેના પ્રદેશોની અપેક્ષાએ વાત કરાય તે પ્રદેશાર્થક નય કહેવાય છે. દ્રવ્યાર્થિકના ઉત્તરભેદરૂપ નૈગમનય પ્રસ્થક, વસતિ અને પ્રદેશના ઉદાહરણથી સમજાવાય છે.[1] તે આ નયનો સમાવેશ ક્યાં કરશો ? તે આ ૧૦ ભેદોમાંથી એકે ભેદમાં સમાતો નથી એટલે ઉપલક્ષણથી જ લેવો પડે. જેથી આ ૧૦ ભેદનું કથન અપૂર્ણ જ છે એમ સિદ્ધ થાય છે. પંડિત પુરુષો અમારી

૧. પ્રદેશાર્થકનયનો અર્થ ઢાળ ૮ ની ગાથા ૧૪-૧૫માં સમજાવેલ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ વાત વિચારજો. અમારા ઉપર કે દિગંબરાચાર્ય ઉપર રાગ કે અંતર્દ્વેષ રાખ્યા વિના તટસ્થહૃદયે પંડિત પુરુષો આ બાબત વિચારજો.

*પ્રશ્ન–* પ્રદેશાર્થકનયને દ્રવ્યાર્થિકમાં (એટલે કે તેના ઉત્તરભેદ રૂપ નૈગમનયમાં) ન લહીએ તો અમે કરેલા દ્રવ્યાર્થિકનયના આ ૧૦ ભેદ પૂર્ણ કહેવાય કે નહીં ?

ઉત્તર– આ એક પ્રદેશાર્થકનયનું તો ઉદાહરણ આપ્યું છે. આવાં ઉપચારબહુલનાં તો ઘણાં ઉદાહરણો છે. જે દ્રવ્યાર્થિકનયમાં આવે છે. તે આ ૧૦ માં સમાયાં નથી. કારણકે આ ૧૦ ભેદો એક એક ઉદાહરણને સામે રાખીને તમે કર્યાં છે તમે એક એક દૃષ્ટાન્તને સામે રાખીને તે પૂરતા જુદા જુદા નયભેદની કલ્પના કરી છે. પરંતુ તેવાં ઉદાહરણો અનેક છે. તે માટે પ્રદેશાર્થકનયને દ્રવ્યાર્થિકમાં નહી લો તો પણ નયનું સ્વરૂપ તો અપૂર્ણ જ રહેવાનું છે. તથા વળી આ પ્રદેશાર્થકનય દ્રવ્યાર્થિકમાં જે આવે છે. એવું *"અનુયોગ દ્વાર સૂત્રમાં"* કહ્યું છે તે પાઠ આ પ્રમાણે છે કે (દ્રવ્યાર્થકપણે પ્રદેશાર્થકપણે અને ઉભયપણે આ નયથી વસ્તુસ્વરૂપ જાણવું) તેથી આ ઉદાહરણ દ્રવ્યાર્થિકનયમાં ન લેતાં ઉત્સૂત્રતાનો દોષ પણ થાય છે.

(૨) તથા વળી બીજો દોષ પણ આવે છે તે જણાવે છે.

**तथा कर्मोपाधिसापेक्षजीवभावग्राहक द्रव्यार्थिक जिम कहिओ, तिम जीवसंयोगसापेक्षपुद्‌गलभावग्राहक नय पणि भिन्न कहिओ जोइइ. इम अनंत भेद थाइ.**

તથા આ પ્રમાણે એક એક ઉદાહરણ પ્રમાણે નયના જો ભેદ પાડવામાં આવે તો જીવ જેમ પરિણામી દ્રવ્ય છે તેમ પુદ્‌ગલ દ્રવ્ય પણ પરિણામી દ્રવ્ય છે. એટલે કર્મમય ઉપાધિથી જેમ જીવ ક્રોધી-માની આદિ પરિણામવાળો બને છે તેને સમજાવવા માટે તમે "કર્મોપાધિસાપેક્ષ" એવો જીવના ભેદને સમજાવનારો દ્રવ્યાર્થિકનયનો (૧૦ ભેદોમાંનો) ચોથો ભેદ કર્યો છે. તેમ પુદ્‌ગલદ્રવ્ય પણ પરિણામી છે. જીવ વડે ગ્રહણ કરાયું છતું અનેક ભાવ રૂપે પરિણામ પામે જ છે. જેમ કે ઔદારિકવર્ગણા ઔદારિક શરીરરૂપે, વૈક્રિય વર્ગણા વૈક્રિય શરીરરૂપે આમ આઠે વર્ગણામાં જાણવું તેવી જ રીતે જીવવડે બનાવાતા ઘટ-પટ-અલંકારાદિ ભાવો પણ છે પુદ્‌ગલ દ્રવ્યના, પરંતુ જીવવડે જ બને છે. તેથી "જીવ સંયોગસાપેક્ષ" પુદ્‌ગલના ભાવોને સમજાવનારા ભેદો પણ તમારે કહેવા જોઈએ. અને આમ જો એક એક ઉદાહરણ પ્રમાણે એક એક ભેદ પાડીએ તો તો નયના અનંતા ભેદ થઈ જાય.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૩) તથા વળી ત્રીજો દોષ પણ આવે છે તે જણાવે છે–

**तथा प्रस्थकादि दृष्टान्तइं नैगमादिकना अशुद्ध अशुद्धतर अशुद्धतम शुद्ध शुद्धतर शुद्धतम आदि भेद किहां संग्रहिया जाइ ? उपचार माटिं ते उपनय कहिइं, तो अपसिद्धान्त थाइ, अनुयोगद्वारइं ते नयभेद देखाडया छइ. ॥ ८-१८ ॥**

તથા વળી પ્રસ્થક આદિના દૃષ્ટાન્તોથી નૈગમ આદિ નયના અશુદ્ધ અશુદ્ધતર અશુદ્ધતમ શુદ્ધ શુદ્ધતર અને શુદ્ધતમ વિગેરે ઘણા ભેદો જે થાય છે. કે જે અનુયોગ દ્વારસૂત્ર વિગેરેમાં કહેલા છે. તે સર્વે ભેદો તમે કહેલા ૧૦ ભેદમાં કહો ક્યાં સંગૃહીત કરશો ? "પ્રસ્થક" એટલે એક જાતનું ધાન્ય માપવાનું અથવા ધાન્ય ભરવાનું માપીયું. કોઈ એક સુથારે પોતાના મનમાં પ્રસ્થક બનાવવાનો સંકલ્પ કર્યો, તે બનાવવા સારૂ લાકડુ લેવા ખભે કુહાડો નાખી જંગલમાં જાય છે. તે સમયે બીજો કોઈ પુછે છે કે ભાઈ ક્યાં જાઓ છો ? સુથારે કહ્યું કે "હું પ્રસ્થક લેવા જાઉં છું" જંગલમાં ગયો, ઝાડ કાપવા લાગ્યો, ત્યારે કોઈ પુછે છે તો પણ આ જ ઉત્તર આપે છે. લાકડુ કાપી ઘેર લાવ્યા પછી તેને છોલવા લાગ્યો ત્યારે કોઈ પુછે છે. તો પણ આ જ ઉત્તર આપે છે કે હું પ્રસ્થક બનાવું છું. આમ પ્રસ્થક સંબંધી થતી સઘળી પ્રક્રિયામાં પ્રસ્થકની જ બુદ્ધિ હોવાથી દૂર દૂર કારણમાં, દૂર કારણમાં, નિકટકારણમાં, નિકટતરકારણમાં અને નિકટતમકારણમાં પણ "હું પ્રસ્થક બનાવું છું" આ બધો ઉપચાર હોવાથી આ સઘળા ભેદો નૈગમનયમાં જ અશુદ્ધાદિ ભેદે સમાય છે. તે તમારા ૧૦ ભેદોમાં ક્યાંય આવતું નથી. આ જ રીતે વસતિ અને પ્રદેશના ઉદાહરણમાં પણ સમજી લેવું. માટે તમારા પાડેલા ભેદો અપૂર્ણ છે.

હવે કદાચ તમે પોતાના પાડેલા ૧૦ ભેદો આદિને સાચા ઠેરવવા માટે આ "પ્રસ્થકાદિનાં ઉદાહરણો" નૈગમાદિ નયમાં નથી આવતાં પરંતુ ઉપચાર વિશેષ હોવાથી *ઉપનયમાં* આવે છે. તેથી આ ઉદાહરણો, દ્રવ્યાર્થિકના ૧૦ ભેદમાં કદાચ ન સમાય તો પણ અમારા પાડેલા ભેદો અપૂર્ણ નથી. પરંતુ પૂર્ણ છે. કારણ કે આ પ્રસ્થકાદિનાં ઉદાહરણો તો ઉપનયનાં છે પરંતુ નયનાં નથી આમ જો કહેશો તો તે તમારી વાત *"અપસિદ્ધાન્ત થશે"* ઉત્સૂત્ર થશે. સૂત્રવિરુદ્ધ બનશે કારણ કે અનુયોગ દ્વાર સૂત્રમાં આ પ્રસ્થકાદિનાં ઉદાહરણોને નયોના ભેદ તરીકે દેખાડયાં છે. પરંતુ ઉપનયોના ભેદ તરીકે દેખાડયાં નથી. માટે તમે ઉત્સૂત્રભાષી થશો. ॥ ૧૨૬ ॥

**एह ज दृढइ छइ, उपनय पणि कह्या, ते नय व्यवहार नैगमादिकथी अलगा नथी. उक्तं च तत्त्वार्थसूत्रे-**

**उपचारबहुलो विस्तृतार्थो लौकिकप्रायो व्यवहारः ।**

**इम इ करतां नयभेदनइं जो उपनय करी मानस्यो, तो- "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" ए लक्षणइं लक्षित ज्ञानरूप प्रमाणनो एकदेश मतिज्ञानादिक, अथवा-तद्देश अवग्रहादिक, तेहनइं उपप्रमाण पणि कां नथी कहता ? तस्मात् नय उपनय ए प्रक्रिया बोटिकनी शिष्य बुद्धिधंधन मात्र जाणवी. ॥ ८-१९ ॥**

ઉપર કહેલી આ જ વાતને વધારે દૃઢ કરતાં જણાવે છે કે તમે જે ત્રણ પ્રકારના ઉપનય કહ્યા, તે પણ ખોટુ છે. કારણ કે નયોની પાસે જે વર્તે અથવા જેમાં ઉપચાર હોય તે ઉપનય કહેવાય. આવી તમારી ઉપનયની વ્યાખ્યા છે. પરંતુ તે બધા ઉપનયના પાડેલા ભેદો વ્યવહારનયમાં અને નૈગમાદિક નયોમાં સમાઈ જ જાય છે. તેનાથી જરા પણ અલગા ભેદો નથી. કારણ કે વ્યવહારનયની તત્ત્વાર્થસૂત્રમાં આવી જ વ્યાખ્યા આપી છે કે "ઉપચારની બહુલતાવાળો, વિસ્તૃત અર્થવાળો, અને પ્રાયઃ લોકમાર્ગને અનુસરનારો જે નય છે. તે વ્યવહારનય છે" એટલે સદ્ભૂતવ્યવહાર, અસદ્ભૂત વ્યવહાર અને ઉપચરિત અસદ્ભૂત વ્યવહારના તમે જે જે ભેદો ગણાવ્યા છે. તે સઘળા ભેદો વ્યવહારનયમાં અને નૈગમનયમાં સમાઈ જ જાય છે. નયોમાં જ જો સમાતા હોય તો ઉપનયની કલ્પના કરવાની શું જરૂર ? સૂત્રવિરૂદ્ધ મન ફાવે તેમ કલ્પનાઓ કરવાથી ઉત્સૂત્રભાષણનો મહાદોષ લાગે છે.

(૪) તથા વળી ચોથો દોષ પણ લાગે છે. તે આ પ્રમાણે-**इम इ करतां** = આ પ્રમાણે આ (નયો અને ઉપનયોની) કલ્પનાઓ કરતાં નયોના ભેદોને જો ઉપનય રૂપે બનાવીને ઉપનયો જુદા માનશો. તો સ્વ-પરનો વ્યવસાય કરાવનારૂં જે જ્ઞાન (એટલે કે જ્ઞાનનો અને જ્ઞેયનો નિર્ણય કરાવનારો જે બોધ) તે પ્રમાણ કહેવાય છે. આવી "પ્રમાણ" શબ્દની વ્યાખ્યા શાસ્ત્રોમાં આવે છે. તે પ્રમાણજ્ઞાનનો એકદેશ જે મતિજ્ઞાન શ્રુતજ્ઞાન આદિ, અથવા તેનો પણ એકદેશ જે અવગ્રહ, ઈહા, અપાય, ધારણા, વિગેરે, તે સર્વેને તમારે ઉપપ્રમાણ પણ કહેવા જોઈએ. તમે તેને ઉપપ્રમાણ પણ કેમ કહેતા નથી ? કારણ કે જેમ નયની પાસે રહે તે ઉપનય કહેવાય, તેવી જ રીતે પ્રમાણની પાસે વર્તે તે *ઉપપ્રમાણ* કહેવાય. અહીં મતિજ્ઞાનાદિ ઉત્તરભેદો, અને અવગ્રહાદિ તેના પણ ઉત્તરભેદો, પ્રમાણના અંશ-પ્રતિઅંશ સ્વરૂપ હોવાથી પાસે વર્તનારા જ થયા. તેથી ઉપપ્રમાણ પણ કહેવા જોઈએ. પરંતુ શાસ્ત્રોમાં ઉપનય અને ઉપપ્રમાણ શબ્દો તથા તેવા અર્થો અને તેનાં ઉપનય અને ઉપપ્રમાણનાં ઉદાહરણો ક્યાંય આવતાં નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

तस्मात् = તેથી આ બધી નયોની અને ઉપનયોની દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીએ કરેલી અને મનમાત્રથી કલ્પેલી, સૂત્રાધાર વિનાની, ભેદ-પ્રભેદો પાડીને ગુંચવાડો ઉભી કરનારી, સઘળી પણ પ્રક્રિયા, જે કંઈ છે. તે કેવળ શિષ્યોની બુદ્ધિને ડહોળવા બરાબર જાણવી. અર્થાત્ આવી કલ્પનાઓ કરવામાં પોતાનો દુરાગ્રહ, મિથ્યામતિ, અને વિદ્વત્તા બતાવવાનો ભાવ આ ત્રણ સિવાય કંઈ સાચું તત્ત્વ નથી. શાસ્ત્રાનુસારી નયોનો અભ્યાસ કરવો એ જ હિતાવહ છે. ॥ ૧૨૭ ॥

**વ્યવહારઈં નિશ્ચય થકી રે, સ્યો ઉપચાર વિશેષ ? ।**
**મુખ્યવૃત્તિ જો એકની રે, તો ઉપચારી શેષ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૨૦ ॥**

**તિણઈં ભાષ્યઈં ભાસિઉં રે, આદરિઈં નિરધાર ।**
**તત્ત્વ અરથ નિશ્ચય ગ્રહઈં રે, જન અભિમત વ્યવહાર રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૨૧ ॥**

JAINSITE.com જૈન સાઇટ

*ગાથાર્થ–* નિશ્ચય નય કરતાં વ્યવહાર નયમાં "ઉપચાર" છે. આ વિશેષતા પણ ક્યાં છે ? અર્થાત્ નથી. કારણ કે જ્યારે એકનયની મુખ્યવૃત્તિ હોય છે. ત્યારે શેષ સર્વે નયો ઉપચારવાળા જ હોય છે. ॥ ૮-૨૦ ॥

તે કારણથી વિશેષાવશ્યકભાષ્યમાં જે કહ્યું છે તે નિશ્ચય કરીને અવશ્ય આદરીએ, જેમ કે તત્ત્વભૂત અર્થને જે ગ્રહણ કરે તે નિશ્ચયનય અને લોકમાન્ય અર્થને જે ગ્રહણ કરે તે વ્યવહારનય જાણવો. ॥ ૮-૨૧ ॥

**ટબો–** વ્યવહારનઈં વિષેં ઉપચાર છઈં, નિશ્ચયમાંહિ ઉપચાર નથી, એ પણિ સ્યો વિશેષ ? જિવારઈં-એકનયની મુખ્યવૃત્તિ લેઈઈ, તિવારઈં બીજા નયની ઉપચારવૃત્તિ આવઈં, અત એવ "સ્યાદસ્ત્યેવ" એ નયવાક્યઈં અસ્તિત્વગ્રાહક નિશ્ચયનયઈં, અસ્તિત્વ ધર્મ મુખ્યવૃત્તિ લેતાં કાલાદિક ૮ ઈં અભેદ વૃત્ત્યુપચારઈં. અસ્તિત્વસંબદ્ધ સકલ ધર્મ લેતાં જ, સકલાદેશરૂપ નયવાક્ય થાઈ, आकर-ग्रंथई ઈમ પ્રસિદ્ધ છઈ, "સ્વસ્વાર્થઈં સત્યપણાનો અભિમાન તો સર્વનયનઈં માંહોમાંહિં છઈ જ. ફલથી સત્યપણું તો સમ્યગ્દર્શનયોગઈં જ છઈ" ॥ ૮-૨૦ ॥

**તે માટઇં નિશ્ચય વ્યવહારનું લક્ષણ ભાષ્યઇ-વિશેષાવશ્યકઇં કહિઉં છઇં, તિમ નિરધારો. तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः । તત્ત્વ અર્થ તે-યુક્તિસિદ્ધ અર્થ જાણવો. લોકાભિમત તે વ્યવહારપ્રસિદ્ધ. યદ્યપિ પ્રમાણેં તત્ત્વાર્થગ્રાહી છઈ, તથાપિ પ્રમાણ સકલતત્ત્વાર્થગ્રાહી, નિશ્ચયનય એકદેશ તત્ત્વાર્થગ્રાહી, એ ભેદ જાણવા. નિશ્ચયનયની વિષયતા અનઇં વ્યવહારનયની વિષયતા જ અનુભવ સિદ્ધ ભિન્ન છઈ, "અંશ જ્ઞાન ન નિષ્ઠ" જિમ-સવિકલ્પકજ્ઞાનનિષ્ઠ પ્રકારતાદિક અન્યવાદી ભિન્ન માનઇં છઇં. ઈમ, હૃદયમાંહિ વિચારવું. ॥ ૮-૨૧ ॥**

વિવેચન— અધ્યાત્મનયની દૃષ્ટિએ દિગંબરાચાર્ય દેવસેનજીએ જે નિશ્ચયનય અને વ્યવહારનય, તથા તેના ભેદ-પ્રતિભેદો જણાવ્યા છે. તે પણ બરાબર નથી. આ બાબત જણાવતાં ગ્રંથકારશ્રી કહે છે કે—

**व्यवहारनइं विषे उपचार छइ, निश्चयमांहिं उपचार नथी, ए पणि स्यो विशेष ? जिवारइ-एकनयनी मुख्यवृत्ति लेइइ, तिवारइ-बीजा नयनी उपचारवृत्ति आवइ**

"ઉપચાર" શબ્દના અર્થમાં ઘણીવાર જીવો મુંઝાઈ જાય છે. "ઉપચાર"નો અર્થ છે ગૌણ-અમુખ્ય. જ્યાં એકનય મુખ્ય હોય છે. ત્યાં બીજો નય ઉપચાર પામે છે એટલે ગૌણતાએ હોય છે. આવો અર્થ છે. તેને બદલે ઉપચાર નો અર્થ અવાસ્તવિક, મિથ્યા, કાલ્પનિક, અભૂતાર્થ ઈત્યાદિ કરીને નિશ્ચયનય સાચો છે. અને વ્યવહારનય મિથ્યા છે. આવી વિચારધારા દિગંબરામ્નાય ધરાવે છે. તેથી જ અધ્યાત્મ નયના ભેદ પ્રસંગે નિશ્ચયનયમાં ઉપચાર વિનાનાં ઉદાહરણો અને વ્યવહારનયમાં ઉપચારવાળાં ઉદાહરણો આપે છે. પરંતુ "વ્યવહારનયમાં ઉપચાર છે અને નિશ્ચયનયમાં ઉપચાર નથી, આવી બન્ને નયોમાં જણાવાતી વિશેષતા પણ શું છે ? અર્થાત્ કંઈ જ નથી એટલે કે ખોટી છે. કારણ કે જ્યારે એકનયની મુખ્યવૃત્તિ (મુખ્યતા) હોય છે. ત્યારે બીજાનયની જે ગૌણતા છે તે જ ઉપચારવૃત્તિ છે. બીજા નયની ઉપચારવૃત્તિ આવે જ.

આ કારણે નિશ્ચયનયની મુખ્યવૃત્તિ જ્યારે હોય છે ત્યારે વ્યવહારનયની ઉપચારવૃત્તિ જેમ બને છે. તેમ વ્યવહારનયની મુખ્યવૃત્તિ જ્યારે હોય છે ત્યારે નિશ્ચયનયની પણ ઉપચારવૃત્તિ અવશ્ય હોય જ છે. એટલે નિશ્ચયનયમાં ઉપચાર નથી હોતો આમ કહેવું ખોટુ છે. નિશ્ચયનયના ક્ષેત્રમાં નિશ્ચયનું જેટલું પ્રાધાન્ય છે. તેટલું જ પ્રાધાન્ય વ્યવહારનયના ક્ષેત્રમાં વ્યવહારનયનું પણ છે. એટલે વ્યવહારમાં ઉપચાર છે અને નિશ્ચયમાં ઉપચાર નથી આવો ભેદ ન પાડી શકાય. જ્યારે એક નય પ્રાધાન્યતા

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અનુભવતો હોય ત્યારે બીજા સર્વે નયો ગૌણતા અનુભવે જ. તેથી નિશ્ચયનયની પ્રધાનતાકાળે વ્યવહારનય જો ઉપચાર (ગૌણતા) અનુભવતો હોય તો વ્યવહારનયની પ્રધાનતાકાળે નિશ્ચયનય પણ ઉપચારતાને (ગૌણતાને) અવશ્ય અનુભવે જ છે. આ વાત નક્કી છે.

જેમ નિશ્ચયનયથી આત્માનું સ્વરૂપ ૧ અસંખ્યાતપ્રદેશીપણું, ૨ નિરંજન, ૩ અનંત જ્ઞાનાદિ ગુણોવાળાપણું, ૪ નિત્ય, ૫ જ્ઞાનથી વિભુપણું, ૬ કર્મજન્ય દોષરહિતપણું, ૭ સિદ્ધ સદૃશ શુદ્ધ સ્વરૂપવાળા પણું ઈત્યાદિ જણાય છે. અને શરીરધારી પણું, દેવ-નારકી આદિ અવસ્થાવાળા પણું, રોગી-નિરોગી પણું ઈત્યાદિ ઔદયિકાદિ ભાવોવાળું વ્યવહાર નય માન્ય સ્વરૂપ ઉપચરિત (ગૌણ) જણાય છે. તેવી જ રીતે વ્યવહારનયની પ્રધાનતાના કાળે શરીરધારી આદિ ઔપાધિક ઔદયિકાદિભાવવાળું સ્વરૂપ જ્યારે મુખ્યપણે જણાય છે ત્યારે ક્ષાયિકભાવનું ભાવાત્મક નિરંજન નિરાકારાદિવાળું નિશ્ચયનયને માન્ય સ્વરૂપ ઉપચાર પણાને (ગૌણપણાને) પામે જ છે. એટલે વ્યવહારમાં ઉપચાર છે અને નિશ્ચયમાં ઉપચાર નથી. આવા ભેદો કરવા તે ખોટુ છે. તથા નિશ્ચયમાં ઉપચાર નથી તેથી તેના ઉપનયરૂપે ભેદ ન થાય અને વ્યવહારમાં ઉપચાર છે. એટલે તેમાં ઉપનયના ભેદ થાય છે. એટલે સદ્ભૂત અસદ્ભૂત અને ઉપચરિત આવા ત્રણ ઉપનયો વ્યવહારનયના કર્યા છે. પરંતુ નિશ્ચય નયમાં આવા ઉપનયના ભેદો થતા નથી. તેથી તેમાં ઉપનયના ભેદો કર્યા નથી. આ બધુ કથન મિથ્યા છે. અનુચિત છે.

જ્યાં એક નય મુખ્ય હોય છે. ત્યાં શેષ સઘળા નયો ગૌણ (ઉપચરિત) હોય જ છે. આ જ વાત યુક્તિસંગત અને શાસ્ત્રસિદ્ધ છે.

**अत एव "स्यादस्त्येव" ए नयवाक्यइं अस्तित्वग्राहक निश्चयनयइं अस्तित्वधर्म मुख्यवृत्ति लेतां कालादिक ८ इं अभेदवृत्त्युपचारइं अस्तित्वसंबद्ध सकलधर्म लेतां ज सकलादेशरूप नयवाक्य थाइ. आकरग्रंथइ इम प्रसिद्ध छइ.**

આ કારણથી "स्यादस्त्येव" "ઘટ પટાદિ સઘળી વસ્તુઓ કથંચિદ્ અસ્તિ જ છે." આવા પ્રકારના નયવાક્યમાં, અસ્તિત્વને જણાવનારા નિશ્ચયનયની વિવક્ષા કરીએ ત્યારે, "અસ્તિત્વધર્મની" ભલે પ્રધાનતા વિવક્ષાઈ છે. તો પણ કાલાદિ આઠ દ્વારોએ[1]

૧. કાલાદિ આઠ દ્વારોનું વર્ણન સ્યાદ્વાદ મંજરીમાંથી તથા ષડ્દર્શનસમુચ્ચયમાંથી જાણી લેવું.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કરીને અસ્તિત્વની સાથે સંબંધવાળા બાકીના સઘળાએ ધર્મો અભેદવૃત્તિ અને અભેદ ઉપચાર કરીને લઈ લેવાના છે. જેવા પ્રકારે અસ્તિત્વાદિ ધર્મો ત્યાં દેખાય છે. તેવા જ પ્રકારે નાસ્તિત્વાદિ ઈતર સઘળા પણ ધર્મો, તે ઘટપટાદિમાં કાળાદિ આઠ દ્વારોએ કરીને અભેદભાવે ઉપચારે (ગૌણતાએ) રહેલા જ છે. આમ સમજવું જોઈએ. તો જ આ નયવાક્ય, નયવાક્ય હોવા છતાં પણ સકલાદેશરૂપ બને અર્થાત્ પ્રમાણરૂપ બને. કારણ કે જેમ એક આંગળી તે આંગળી હોવા છતાં હાથનો અંશ હોવાથી અપેક્ષાએ હાથ પણ કહેવાય છે. તેમ નય પણ પ્રમાણનો અંશ હોવાથી પ્રમાણરૂપ છે. તો જ તે સુનય કહેવાય છે. સ્વતંત્ર થયો છતો દુર્નય બને છે. જો આમ કરવામાં ન આવે એટલે કે ઉપચરિત પણે જણાતા (ગૌણતાએ જણાતા) નાસ્તિત્વાદિ સઘળા ઈતર ધર્મોને અસ્તિત્વની સાથે સંબંધિત કરવામાં ન આવે તો આ વાક્ય વિકલ (અપૂર્ણ) બનતાં, વિકલાદેશરૂપ થાય એટલે કે નયવાક્ય માત્ર રહે. પ્રમાણવાક્યરૂપ ન બને. કોઈ પણ નયવાક્ય સકલાદેશરૂપ બને એટલે કે કેટલાક ધર્મો પ્રધાનતાએ અને શેષ ધર્મો ગૌણતાએ કહીને પણ સકલધર્મોનું પ્રતિપાદક વાક્ય બને, તો જ તે સકલાદેશરૂપ (પ્રમાણાંશરૂપ) થયું છતુ સુનયતાને પામે. અન્યથા દુર્નયતાને પામે. તેથી નિશ્ચયનયની વિવક્ષામાં પણ શેષધર્મોનો ઉપચાર હોય જ છે. માટે વ્યવહારમાં ઉપચાર છે અને નિશ્ચયમાં ઉપચાર નથી આમ કહેવું તદ્દન સત્યથી વેગળુ છે આ હકીકત સ્યાદ્વાદ રત્નાકર નામના દરીયાઈ મહાગ્રંથમાં ઘણા વિસ્તારથી જણાવી છે. (વિશેષાર્થીએ ત્યાંથી જાણી લેવી).

**स्वस्वार्थइ सत्यपणानो अभिमान तो सर्वनयनइं मांहोमांहिं छइ ज. फलथी सत्यपणु तो सम्यग्दर्शनयोगइं ज छइ ॥ ८-२० ॥**

કોઈ પણ નય હોય, (પછી ભલે તે નિશ્ચયનય હોય કે વ્યવહાર નય હોય, અથવા નૈગમાદિ સાતમાંનો કોઈ પણ નય હોય) તો પણ પોત પોતાના માનેલા અર્થને આશ્રયી તો "હું જ સાચો છું" "હું જ સાચો છું" આવું અભિમાન તો સર્વે નયોને માંહાંમોહે = પરસ્પર હોય જ છે. આથી નિશ્ચય નય પોતાના વિચારોને જ સાચા માનતો છતો એવું પ્રતિપાદન કરે છે કે ઈતરનયની (વ્યવહારનયની) માનેલી વાત છે જ નહીં. મારી જ વાત સાચી છે. પણ તેથી વ્યવહારનયની વાત મિથ્યા છે. આમ માની લેવું જોઈએ નહીં. બલ્કે વ્યવહારનયને મિથ્યા કહેવાથી નિશ્ચયનય એકાન્તવાદી થયો છતો ઈતરનયથી નિરપેક્ષ થવાના કારણે મિથ્યાભાવવાળો બને છે.

આ કારણે ફળથી તો સત્યપણું (યથાર્થપણે તો સત્યપણું) સમ્યગ્દર્શનના યોગે

www.jainsite.com　　For Private & Personal Use Only　　info@jainsite.com

જ થાય. એટલે કે બીજા નયને ગૌણતાએ પોતાનામાં સમાવી લે તો જ તે નય યથાર્થ સત્ય કહેવાય છે. આ રીતે વિચારતાં જ્યારે નિશ્ચયનયની પ્રધાનતા કરાય છે ત્યારે જેમ વ્યવહારનય (ની વાત) ઉપચરિત બને છે. તેવી જ રીતે જ્યારે વ્યવહારનયની પ્રધાનતા કરાય છે. ત્યારે નિશ્ચયનય (ની વાત) પણ ઉપચરિત બને જ છે. માટે વ્યવહારમાં ઉપચાર છે અને નિશ્ચયમાં ઉપચાર નથી આમ કહેવું, અને તેથી વ્યવહારનયમાં ઉપનયો થાય અને નિશ્ચયનયમાં ઉપનયો ન હોય, આમ કથન કરવું તે સૂત્રવિરૂદ્ધ માર્ગ છે. ઉત્સૂત્ર છે. અર્થાત્ સર્વથા મિથ્યા છે. જો એકમાં ઉપનય થાય તો બીજામાં પણ ઉપનયો થવાની આપત્તિ આવે જ. ॥ ૧૨૮ ॥

**તે માટઇં નિશ્ચય-વ્યવહારનું લક્ષણ ભાષ્યઇ-વિશેષાવશ્યકઇં કહિઉં છઇં, તિમ નિરધારો. ''तत्त्वार्थग्राही नयो निश्चयः, लोकाभिमतार्थग्राही व्यवहारः'' તત્ત્વ અર્થ તે યુક્તિસિદ્ધ અર્થ જાણવો. લોકાભિમત તે વ્યવહાર પ્રસિદ્ધ.**

"નિશ્ચયનય જ સાચો છે. કારણ કે તેમાં ઉપચાર (કલ્પના) નથી. અને વ્યવહારનય મિથ્યા છે. કારણ કે તેમાં ઉપચાર (કલ્પનામાત્ર) છે. આવી દિગંબરોએ કરેલી નિશ્ચયવ્યવહારની વ્યાખ્યા સર્વથા ખોટી છે." તે માટે તેને દૂર કરીને નિશ્ચય-વ્યવહારનું સાચું લક્ષણ શ્રી ભાષ્યમાં એટલે કે શ્રી જિનભદ્રગણિજીના બનાવેલા વિશેષાવશ્યક ભાષ્યમાં જે કહ્યું છે તેને જ (સાચું છે એમ કરીને) અવધારો. દેવસેનાચાર્યની કરેલી નિશ્ચયવ્યવહારની વ્યાખ્યા કલ્પનામાત્ર રૂપ છે યથાર્થ નથી. તેથી તેને છોડીને શ્રી જિનભદ્રગણિજીએ વિશેષાવશ્યક ભાષ્યમાં કરેલી વ્યાખ્યાને નિર્ણય પૂર્વક સ્વીકારો.

*પ્રશ્ન–* શ્રી જિનભદ્રગણિજીએ વિશેષાવશ્યકભાષ્યમાં નિશ્ચયવ્યવહારની વ્યાખ્યા શું કરી છે ?

*ઉત્તર–* તત્ત્વભૂત અર્થને જે નય ગ્રહણ કરે, તે નિશ્ચયનય અને લોકપ્રસિદ્ધ અર્થને જે નય ગ્રહણ કરે, તે વ્યવહારનય. આ વ્યાખ્યામાં એવું આવતું નથી કે વ્યવહારમાં ઉપચાર છે અને નિશ્ચયમાં ઉપચાર નથી. તથા વ્યવહાર મિથ્યા છે અને નિશ્ચય જ સાચો છે. માટે આવા પ્રકારના દિગંબરાચાર્યના અર્થો અયથાર્થ છે. સામાન્યથી કોઈપણનય સુનય ત્યારે જ કહેવાય છે કે જો ઈતરનયની વાત પોતાનામાં સમાવી લેતો હોય તો જ. અન્યથા અન્યનયનો અપલાપક થવાથી વિવક્ષિત એવો તે નય પણ દુર્નય જ બને છે. તે માટે શ્રી જિનભદ્રગણિજીના કરેલા અર્થો યુક્તિસિદ્ધ અને આગમસિદ્ધ છે.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

*પ્રશ્ન*– તત્ત્વભૂત અર્થ કોને કહેવાય ? અને લોકપ્રસિદ્ધ અર્થ કોને કહેવાય ?

*ઉત્તર*– તત્ત્વભૂત અર્થ એટલે કે તાત્ત્વિક અર્થ, યુક્તિઓથી સિદ્ધ થતો અર્થ, પારમાર્થિક અર્થ. જેમ કે ભમરો "પાંચ વર્ણવાલો છે" ભમરાનું શરીર અનંતપરમાણુઓના સ્કંધવાળું બનેલું છે. પરમાણુઓ ભિન્ન ભિન્ન રૂપવાળા હોય છે. આ કારણે અનંત પરમાણુઓ હોવાથી પાંચે રૂપ સંભવી શકે છે. આમ યુક્તિથી પણ આ અર્થ સંગત છે. તેથી આ તત્ત્વભૂત અર્થ કહેવાય છે.

લોકાભિમત એટલે લોકમાં પ્રસિદ્ધ અર્થાત્ વ્યવહારમાં પ્રસિદ્ધ. જેમ કે "ભમરો કાળો છે" અહીં નિશ્ચયથી પાંચે વર્ણો હોવા છતાં પણ કાળાવર્ણની અધિક્તા હોવાથી લોકવ્યવહારમાં ભમરાની કાળાવર્ણ તરીકે પ્રસિદ્ધિ છે. તેને પણ માન્ય રાખવી તે વ્યવહારનય છે.

**यद्यपि प्रमाणें तत्त्वार्थग्राही छइ, तथापि प्रमाण सकलतत्त्वार्थग्राही, निश्चयनय एकदेशतत्त्वार्थग्राही, ए भेद जाणवा, निश्चयनयनी विषयता अनइं व्यवहारनयनी विषयता ज अनुभवसिद्ध भिन्न छइ. अंशज्ञान न निष्ठ, जिम सविकल्पकज्ञाननिष्ठ प्रकारतादिक अन्यवादी भिन्न मानइ छइ, इम हृदयमांही विचारवुं ॥ ८-२१ ॥**

*પ્રશ્ન*– "તત્ત્વભૂત અર્થને ગ્રહણ કરે તે નિશ્ચયનય" આમ તમે (શ્વેતાંબરો) નિશ્ચયનયની વ્યાખ્યા જણાવો છો. પરંતુ "સમારોપ વિનાનું (ભ્રમાદિ દોષ વિનાનું) જે જ્ઞાન હોય તે પ્રમાણ કહેવાય, અર્થાત્ સંદિગ્ધ વિપરીત અને અનધ્યવસાન આ ત્રણ દોષોને સમારોપ કહેવાય છે. તેવા દોષો વિનાનું યથાર્થ સ્વપરવ્યવસાયી જે જ્ઞાન છે. તે પ્રમાણ કહેવાય છે. આ પ્રમાણજ્ઞાન પણ યથાર્થજ્ઞાન હોવાથી તત્ત્વાર્થગ્રાહી જ હોય છે. તો નિશ્ચયનયની વ્યાખ્યા અને પ્રમાણની વ્યાખ્યા એક થઈ જશે અને શાસ્ત્રોમાં તો નયો એ પ્રમાણના અંશરૂપ આવે છે. તેથી બન્નેનો અર્થ સરખો ન થવો જોઈએ.

*ઉત્તર*– તમારી વાત સાચી છે. નિશ્ચયનય પણ તત્ત્વભૂત અર્થને સમજાવનારો છે. અને પ્રમાણજ્ઞાન પણ તત્ત્વભૂત અર્થને જ સમજાવનારુ છે. તો પણ તે બન્નેમાં આટલો તફાવત છે કે જે પ્રમાણ જ્ઞાન છે તે (અંશી હોવાથી) સકલતત્ત્વાર્થગ્રાહી (તત્ત્વભૂત એવા સકલ-પરિપૂર્ણ અર્થને સમજાવનારો) છે. અને નિશ્ચયનય એ નય હોવાથી (અંશરૂપ હોવાથી) એકદેશતત્ત્વાર્થગ્રાહી (એક અંશભૂત એવા તાત્ત્વિક અર્થને સમજાવનારો) છે. સારાંશ કે પ્રમાણ એ પૂર્ણ એવા તાત્વિકઅર્થને ગ્રહણ કરનાર અને નિશ્ચનય એ એકદેશ એવા તાત્ત્વિકઅર્થ ગ્રહણ કરનાર છે. આમ આ બન્નેનો (પ્રમાણનો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને નિશ્ચયનયનો) ભેદ જાણવો. બન્ને તત્ત્વભૂત અર્થગ્રાહી જ છે. પરંતુ એક (પ્રમાણ) સંપૂર્ણ તત્ત્વાર્થગ્રાહી છે. અને બીજો (નિશ્ચયનય) એકદેશ રૂપ તત્ત્વાર્થગ્રાહી છે.

પ્રશ્ન– પ્રમાણ અને નિશ્ચયનયનો ભેદ તો સમજ્યા, પરંતુ નિશ્ચયનય અને વ્યવહારનયની ભિન્નવિષયતા શું ? અને કેવી રીતે ?

ઉત્તર– નિશ્ચયનય તત્ત્વભૂત અર્થને ગ્રહણ કરે છે. ઘણી વ્યક્તિઓનો અભેદ કરે છે. જેમ કે સર્વે આત્માઓ બ્રહ્મની (સિદ્ધપરમાત્માની) સમાનરૂપવાળા હોવાથી એકરૂપ છે. વસ્તુની આન્તરિક પરિસ્થિતિને પકડનાર છે. દ્રવ્યની મૂલભૂત નિર્મળપરિણતિને જણાવનાર છે. જ્યારે વ્યવહારનય લોકપ્રસિદ્ધ અર્થને ગ્રહણ કરે છે. ઘણી વસ્તુઓનો ભેદ કરે છે. વસ્તુની બાહ્ય પરિસ્થિતિને પકડનાર છે. ઉત્કટપર્યાયને પ્રધાન કરનાર છે. કાર્ય કારણનો અભેદ કરનાર છે તથા ઉપચાર બહુલ અને વિસ્તૃતાર્થ એવો વ્યવહારનય છે. આમ નિશ્ચયનયની વિષયતા અને વ્યવહારનયની વિષયતા ભિન્ન ભિન્ન છે. આ વાત અનુભવસિદ્ધ છે. સમજાવવી પડે તેમ નથી. છતાં આ બે નયોના સ્વરૂપનો ભેદ આ જ ઢાળની હવે આવનારી ગાથા ૨૨-૨૩માં આવે જ છે. પરંતુ પ્રમાણ અને નિશ્ચયનય આ બન્ને તત્ત્વભૂત અર્થગ્રાહી હોવા છતાં પ્રમાણ સકલતત્ત્વાર્થગ્રાહી છે અને નિશ્ચયનય એકદેશભૂત તત્ત્વાર્થગ્રાહી છે. આવો ભેદ પ્રમાણ અને નિશ્ચયનયમાં જાણવો કારણકે નિશ્ચયનય એ નય હોવાથી અંશગ્રાહી હોય છે. અને "अंश ज्ञान न निष्ठ" જે અંશભૂત જ્ઞાન હોય છે. તે પૂર્ણતાવાળું (અન્ત્યાર્થવાળું) હોતુ નથી. निष्ठ = એટલે અન્ત્ય છેડો, પરિપૂર્ણ એવો અર્થ જાણવો. જે અંશજ્ઞાન છે. તે પૂર્ણજ્ઞાન નથી.

જેમ અન્યદર્શનકારો (નૈયાયિક વૈશેષિક આદિ) સવિકલ્પજ્ઞાનમાં રહેલી "પ્રકારતાદિક" જ્ઞાનને ભિન્ન ભિન્ન માને છે. એટલે કે પ્રત્યક્ષજ્ઞાનના બે ભેદ, ૧ નિર્વિકલ્પક, ૨ સવિકલ્પક, જે નિર્વિકલ્પક છે તેમાં વિકલ્પો ન હોવાથી "किञ्चिदिदम्" આવું એક પ્રકારનું જ જ્ઞાન થાય છે તેમાં ભેદો પડતા નથી. પરંતુ બીજુ જે સવિકલ્પકજ્ઞાન છે તે પ્રકારતાને (વિશેષણતાને) જણાવનારૂં પણ હોય છે. વિશેષ્યતાને જણાવનારૂં પણ હોય છે. અને સંસર્ગતાને જણાવનારૂં પણ હોય છે. આ રીતે સવિકલ્પકજ્ઞાન કોઈ પણ એક એક અંશને જણાવતું છતું પરિપૂર્ણ ત્રણે અંશને જણાવનારૂં ન હોવાથી કોઈ પણ એકવિષયનું આ જ્ઞાન પૂર્ણજ્ઞાન નથી. તેમ અહીં (નિશ્ચયનયમાં) સમજવું. આ પ્રમાણે હૃદયમાં નિશ્ચયનય તત્ત્વાર્થગ્રાહી હોવા છતાં પણ અંશગ્રાહી છે. અંશરૂપ છે. પરંતુ પૂર્ણજ્ઞાનરૂપ નથી માટે નય કહેવાય છે. પ્રમાણ કહેવાતું નથી.

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

"अंश ज्ञान न निष्ठ, जिम सविकल्पकज्ञाननिष्ठ प्रकारतादिक अन्यवादी भिन्न मानइ इम हृदय मांहिं विचारवुं" આ પંક્તિ ટબામાં જે છે. તે જ પંક્તિ દ્રવ્યાનુયોગ તર્કણામાં આઠમા અધ્યાયની ૨૩મી ગાથામાં કંઈક જુદી રીતે છે. ત્યાં આ પ્રમાણે છે. "असता न निष्ठेति, यथा सविकल्पज्ञानं नष्टप्रकारतादिकम् अन्यवादिनो भिन्नमेवामनन्ति इति हृदये विमर्शनीयम्"

દ્રવ્યાનુયોગ તર્કણાની પંક્તિ જોતાં અહીં બીજો કોઈ અર્થ હોય એમ લાગે છે. નિશ્ચયનય અને વ્યવહારનયનો વિષય ભિન્ન ભિન્ન છે. આ વાત અનુભવસિદ્ધ છે. નિશ્ચયનયનો વિષય સત્ છે યથાર્થ છે. અને વ્યવહારનયનો વિષય અસત્ છે. કાલ્પનિક છે. ઔપચારકિ છે. આમ માનીને વ્યવહારનો વિષય असता-અસત્ = કાલ્પનિક હોવાના કારણે न निष्ठ તે પૂર્ણ નથી. અન્ત્યાર્થ નથી. જેમ અન્યવાદીઓ સવિકલ્પકજ્ઞાનને અને નષ્ટપ્રકારતા આદિવાળા (એટલે કે નિર્વિકલ્પક) જ્ઞાનને ભિન્ન માને છે. તેમ અહીં જાણવું. આમ દ્રવ્યાનુયોગતર્કણામાં આ પંક્તિ જુદા અર્થવાળી દેખાય છે. પરંતુ અમને ગુરુગમથી પ્રથમ કહેલો અર્થ જાણવા મળેલ છે. તેથી લખેલ છે. એટલે આ બાબતમાં તત્ત્વ કેવલી પરમાત્મા જાણે. ॥ ૧૨૯ ॥

**અભ્યન્તરતા બાહ્યનઈ રે, જે બહુવિગતિ અભેદ ।**
**નિર્મળ પરિણતિ દ્રવ્યની રે, એ સવિ નિશ્ચય ભેદ રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૨૨ ॥**

**જેહ ભેદ છઈ વિગતિનો રે, જે ઉત્કટ પર્યાય ।**
**કાર્યનિમિત્ત અભિન્નતા રે, એ વ્યવહાર ઉપાય રે ॥**
**પ્રાણી પરખો આગમભાવ ॥ ૮-૨૩ ॥**

*ગાથાર્થ–* જે નય આન્તરિકવસ્તુઓને ઉપચારથી બાહ્ય અર્થ સાથે જોડે, સર્વ વ્યક્તિઓનો અભેદ કરે, અને દ્રવ્યની નિર્મળ પરિણતિને પ્રધાન કરે તે સર્વે નિશ્ચયનયનું સ્વરૂપ જાણવું. ॥ ૮-૨૨ ॥

જે નય સર્વ વ્યક્તિઓનો ભેદ કરે, વસ્તુમાં જે ઉત્કટ પર્યાય હોય તેને જ પ્રધાન કરે, કાર્યની અને (નિમિત્તની=) કારણની જે અભિન્નતા વિચારે તે સઘળો વ્યવહારનય જાણવો. ॥ ૮-૨૩ ॥

૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ટબો-** જે બાહ્યઅર્થનઇં ઉપચારઇં અભ્યંતરપણું કરિઇં, તે નિશ્ચયનયનો અર્થ જાણવો. યથા—

समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।
ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥ इत्यादि ॥
श्री पुण्डरीकाध्ययनाद्यर्थोप्येवं भावनीयः ॥

જે ઘણી વ્યક્તિનો અભેદ દેખાડિઇં, તે પણિ નિશ્ચયનયાર્થ જાણવો. જિમ "णो आया" ઇત્યાદિ સૂત્ર. વેદાન્તદર્શન પણિ શુદ્ધસંગ્રહનયાદેશરૂપ શુદ્ધનિશ્ચયાર્થ સમ્મતિ ગ્રંથઇં કહિઉં છઇ. તથા દ્રવ્યની જે નિર્મળ પરિણતિ બાહ્યનિરપેક્ષ પરિણામ, તે પણિ નિશ્ચયનયનો અર્થ જાણવો. જિમ "आया सामाइए, आया सामाइअस्स अट्ठे" ઇમ જે જે રીતિં લોકાતિકાન્ત અર્થ પામિઇં, તે તે નિશ્ચયનયનો ભેદ થાઇ. તેહથી લોકોત્તરાર્થ ભાવના આવઈ. ॥ ૮-૨૨ ॥

જેહ વ્યક્તિનો ભેદ દેખાડિઇં- "अनेकानि द्रव्याणि, अनेके जीवाः" ઇત્યાદિ રીતિં, તે વ્યવહારનયનો અર્થ, તથા ઉત્કટપર્યાય જાણીઈં, તે પણિ-વ્યવહારનયનો અર્થ, "अत एव-णिच्छयणयेण पंचवण्णो भमरे, ववहारणयेण कालवण्णे" ઈત્યાદિ સિદ્ધાન્તઈં પ્રસિદ્ધ છઈ, તથા કાર્યનઈં નિમિત્ત કહતાં કારણ, એહોનઇં અભિન્નપણું કહિઈં, તે પણિ વ્યવહારનયનો ઉપાય છઇ, જિમ "आयुर्घृतम्" ઇત્યાદિક કહિઇં, ઇમ- "गिरिर्दह्यते, कुण्डिका स्रवति" ઈત્યાદિ વ્યવહાર ભાષા અનેકરૂપ કહઈ છઈ ॥ ૮-૨૩ ॥

વિવેચન— દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીએ નયો-ઉપનયો જે કલ્પ્યા છે. તથા અધ્યાત્મદૃષ્ટિએ ઉપચાર ન હોય તે નિશ્ચય અને ઉપચાર હોય તે વ્યવહાર ઈત્યાદિ જે જે અર્થો કલ્પ્યા છે. તે સર્વેનું ઉપરની ગાથાઓમાં યુક્તિપૂર્વક નિરસન કર્યું. તેનાથી એક પ્રશ્ન થાય છે કે જો શ્રી દેવસેનાચાર્યે નિશ્ચય-વ્યવહારનયના જે અર્થો કર્યા છે તે બરાબર નથી. તો નિશ્ચય-વ્યવહારનયના સાચા અર્થો શું ? તે તો જણાવો. આવા પ્રશ્નના ઉત્તરરૂપે ગ્રંથકારશ્રી આ બે ગાથાઓમાં નિશ્ચય-વ્યવહાર નયના સાચા અર્થો સમજાવે છે—

**જે બાહ્ય અર્થનઇં ઉપચારઇં અભ્યન્તરપણું કરિઇં, તે નિશ્ચયનયનો અર્થ જાણવો યથા—**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

જે જે વિષયભોગના સાધનભૂત બાહ્ય પદાર્થો છે. તેના મોહમાં આસક્ત બનેલા આત્માઓને તે ભૌતિક પદાર્થોનો મોહ છોડાવીને આત્માના આન્તરિક ભાવો પ્રત્યે આકર્ષવા સારૂં આ નિશ્ચયનય જે જે બાહ્યપદાર્થો છે. તે તે બાહ્યપદાર્થોને વિષે ઉપચારપણું (અવાસ્તવિકપણું) સમજાવીને અભ્યન્તરભાવો જ વાસ્તવિક છે. આમ સમજાવે છે. તેનો અર્થ એવો ન કરવો કે બાહ્યપદાર્થો નથી જ, કે મિથ્યા છે. પરંતુ તે શાશ્વત આત્મસુખના ફળને આપનારા નથી. તેથી તે આત્મહિતમાં ઉપકારક નથી. આમ તેના પ્રત્યેનો રાગ ઘટાડવા અને ઉપાદેયબુદ્ધિ છોડાવવા માટે બાહ્ય પદાર્થોમાં ઉપચારપણું જણાવીને અભ્યન્તરભાવોની પ્રધાનતા કરે છે. અભ્યન્તરભાવોને જ સુખના સાધન તરીકે બાહ્યપદાર્થની જેવા માનવાનો ઉપદેશ આપે છે. જેમ કે–

**समाधिर्नन्दनं धैर्यं, दम्भोलिः समता शची ।**
**ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥ १ ॥ इत्यादि**
**श्री पुण्डरीकाध्ययनाद्यर्थोऽप्येवं भावनीयः ॥**

ઈન્દ્ર મહારાજાને સુખના સાધન રૂપે ફરવા માટે નંદન વન હોય છે, વજરત્ન હોય છે પટરાણી હોય છે. મહાવિમાન હોય છે. તેવી જ વિભૂતિ મુનિને પણ (આન્તરિકરીતે) હોય છે. જેમ કે ૧ **સમાધિ** એ નંદનવન છે. ૨ **ધૈર્ય** એ વજ્ર છે. ૩ **સમતા** એ પટરાણી છે. અને **જ્ઞાન** એ જ મહાવિમાન છે. ઈન્દ્રમહારાજા નંદનવનથી, વજરત્નથી, પટરાણીથી, અને મહાવિમાનથી જેમ ભોગસુખનો આનંદ માણે છે. તેવી જ રીતે મુનિમહાત્મા સમાધિથી, ધૈર્યગુણથી, સમતાથી, અને જ્ઞાનગુણથી આત્મિકસુખનો આનંદ માણે છે. તેથી મુનિમહારાજને ઈન્દ્રથી કંઈ કમીના નથી. આ શ્લોક પૂજ્ય ઉપાધ્યાયજીકૃત જ્ઞાનસારાષ્ટકનો ૨૦મા અષ્ટકનો બીજો શ્લોક છે.

આ પ્રમાણે પુંડરીક અધ્યયન આદિના અર્થો પણ સમજી લેવા.

**જે ઘણી વ્યક્તિનો अभेद देखाडिइ, ते पणि निश्चयनयार्थ जाणवो. जिम "णो आया" इत्यादि सूत्र, वेदान्तदर्शन पणि शुद्धसंग्रहनयादेशरूप शुद्धनिश्चयार्थ सम्मति ग्रंथइं कहिउं छइं.**

(૨) નિશ્ચયનયનું બીજુ સ્વરૂપ સમજાવતાં કહે છે કે જે નય ઘણી વ્યક્તિનો અભેદ દેખાડે, તે પણ નિશ્ચયનયનો અર્થ જાણવો જેમ કે કોઈ જીવ આ સંસારમાં કર્મોદયના કારણે રાજા-રંક હોય, સુખી-દુઃખી હોય, સ્ત્રી-પુરુષ હોય, રૂપવાન-કદ્રૂપ હોય, રોગી-નિરોગી હોય, બ્રાહ્મણ-ક્ષત્રિયાદિ ભેદવાળો હોય, છતાં તે બધા ભેદો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

કર્મજન્ય હોવાથી ઔદયિકભાવના (પરદ્રવ્યકૃત) છે આમ સમજીને તેને ગૌણ કરીને સર્વે આત્માઓ સ્વસ્વરૂપે સમાનરૂપવાળા હોવાથી એક છે. અભિન્ન છે. સમાન છે. આમ મૂળભૂત દ્રવ્યની સમાનતાને લીધે અભેદને પ્રધાન કરનાર આ નય છે. જેમ કે "एगो आया" ઈત્યાદિ સૂત્રોથી સર્વે આત્મા "એક બ્રહ્મ" માત્ર છે. અન્ય કંઈ છે જ નહીં, એવો જે *બ્રહ્માદ્વૈતવાદ* જણાવ્યો છે. તે વાતને આ નય પોતાની અભેદપ્રધાનદષ્ટિના કારણે સમ્મતિ સ્વીકારે છે. તેથી વેદાન્ત દર્શનમાં સર્વે આત્માઓ શુદ્ધ સંગ્રહનયની દૃષ્ટિએ (શુદ્ધસંગ્રહનયના આદેશાનુસાર) એક રૂપ છે. પણ ભિન્ન ભિન્ન આત્મા નથી. જેમ કે सत्यं ब्रह्म, जगद् मिथ्या। ઔદયિકભાવના પર્યાયોની અવિવક્ષા કરવાથી સર્વે આત્માઓ એકસરખા સ્વરૂપવાળા જણાતા હોવાથી એક જ છે બ્રહ્મરૂપ છે. આવી વેદાન્તદર્શનની માન્યતાને પણ શુદ્ધ સંગ્રહનયની દૃષ્ટિથી જણાવાતું આ ઐક્ય એ નિશ્ચયનયનો અર્થ છે. આમ માનીને "સમ્મતિતર્ક" નામના મહાગ્રંથમાં સર્વે આત્માઓના ઐક્યની સ્વીકૃતિ કહેલી છે.

**तथा द्रव्यनी जे निर्मल परिणति, बाह्यनिरपेक्ष जे परिणाम, ते पणि निश्चयनयनो अर्थ जाणवो. जिम "आया सामाइए, आया सामाइअस्स अट्ठे" इम जे जे रीतिं लोकातिक्रान्त अर्थ पामिइं, ते निश्चयनयनो भेद थाइ, तेहथी लोकोत्तरार्थ भावना आवइ. ॥ ८-२२ ॥**

जैन साईट JAINSITE .com જૈનમ્ જયતિ શાસનમ્

(૩) તથા વળી નિશ્ચયનયનું ત્રીજુ સ્વરૂપ સમજાવતાં ગ્રંથકારશ્રી જણાવે છે કે "દ્રવ્યની નિર્મળ જે પરિણતિ, એટલે કે બાહ્યપદાર્થોથી નિરપેક્ષ એવો જે આત્મપરિણામ તે પણ નિશ્ચયનયનો જ અર્થ છે (વિષય છે) આમ જાણવું. જેમ કે સામાયિક લેવાની વિધિથી સામાયિક લેવું અને પાળવું. અને ન પાળીએ ત્યાં સુધી સામાયિકમાં વર્તવું તે સઘલું વ્યવહાર સામાયિક છે. પરંતુ તે કાળે (અથવા અન્યકાળે પણ) આત્માને સમભાવમાં રાખવો, સમતામય આત્મપરિણામ એ જ સામાયિક છે. આ નિશ્ચયનયનો અર્થ છે તેથી નિશ્ચયનયની દૃષ્ટિએ સમભાવમય જે આત્મા છે. એ જ સામાયિક છે. આવી પરિણતિરૂપે પરિણામ પામેલો જે આત્મા તે જ સામાયિકનો અર્થ છે. આ રીતે તીર્થંકર પરમાત્મા આદિ મહાપુરુષોનું ઘરવાસમાં વસવું તે. કર્તૃત્વ-ભોક્તૃત્વ આદિ પરિણામોથી રહિત, કેવળ એકલા ઔદયિકભાવની આધીનતાથી રહેવા છતાં સ્વગુણોમાં પરિણામ પામવા સ્વરૂપ પારિણામિકભાવે જે નિર્મળ પરિણતિ છે કે જેનાથી કર્મોની તેઓ નિર્જરા સાધે છે તેવા પ્રકારની નિર્મળ જે આત્મ પરિણતિ છે. તે જ સામાયિક છે. આવો આ નિશ્ચયનયનો અર્થ છે. ઘરવાસમાં વસવા છતાં તેના ભાવથી અપરિણતપણું

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

અને સ્વગુણમાત્રમાં જ પરિણતપણું. તે સાંસારિક દુનિયાના લોકો સમજી શકે તેમ નથી. આવી રીતે લોકો ન સમજી શકે તેવા પ્રકારના જે જે અર્થો છે. એટલે કે લોકથી અતિક્રાન્ત અર્થો જે છે. તે તે નિશ્ચયનયનો ભેદ (વિષય) થાય છે. આમ જાણવું. પરમાત્મા શ્રી મહાવીરપ્રભુને પારણું પૂરણશેઠે કરાવ્યું. પરંતુ પારણું કરાવવાની નિર્મળ પરિણતિ જિરણશેઠની હતી. ભરત મહારાજા છ ખંડના રાજા ચક્રવર્તી હતા. પરંતુ રાજ્ય પ્રત્યે કર્તૃત્વ-મમત્વ-ભોક્તૃત્વ આદિ રહિત બુદ્ધિ હોવાથી આરિસાભુવનમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિના સમયે જે નિર્મોહ-નિર્દોષ દશાવાળી આત્મદ્રવ્યની નિર્મળપરિણતિ આ સર્વે નિશ્ચયનયનો વિષય છે. આવી ભાવનાથી લોકોત્તર અર્થની પ્રાપ્તિ થાય છે. તથા બુદ્ધિમાં પણ ન બેસે એવી અને લોકોત્તર અર્થ સાધી આપે એવી ગુણસાગર અને પૃથ્વીચંદ્રરાજાની જેમ ઉત્તમ ભાવના આવે છે. તે સર્વે નિશ્ચયનયનો વિષય છે. ॥ ૧૩૦ ॥

**जेह व्यक्तिनो भेद देखाडिइ, ''अनेकानि द्रव्याणि, अनेके जीवा'' इत्यादि रीतिं, ते व्यवहारनयनो अर्थ. तथा उत्कटपर्याय जाणीइं, ते पणि व्यवहारनो अर्थ-अत-एव-''णिच्छयणयेण पंचवण्णो भमरे, ववहारणएण कालवण्णे'' इत्यादि सिद्धान्तइं प्रसिद्ध छइ.**

નિશ્ચયનયના અર્થ સમજાવીને હવે વ્યવહારનયના અર્થ સમજાવે છે. વ્યવહારનયના પણ જુદી જુદી ત્રણ રીતે અર્થબોધ કરાવે છે.

(૧) જે નય ઘણી વ્યક્તિઓનો ભેદ દેખાડે છે તે વ્યવહારનય જાણવો.

ગતિસહાયકતા, સ્થિતિસહાયકતા, અવકાશ સહાયકત્તા, પરસ્પર ઉપગ્રહતા અને ભોગની સહાયકતા સ્વરૂપે આ સંસારમાં અનેકદ્રવ્યો છે. અને તે દ્રવ્યો પરસ્પર ભિન્ન ભિન્ન છે. તથા એકેન્દ્રિયાદિરૂપે, પૃથ્વીકાયાદિરૂપે, સ્ત્રી-પુરુષાદિ રૂપે, બ્રાહ્મણ-ક્ષત્રિયાદિ ભેદે, રાજા-રંક, રોગી નિરોગી, સુખી-દુખી, ઈત્યાદિ ભાવે જીવદ્રવ્યના અનેક ભેદો છે અર્થાત્ અનેક (અનંત) જીવદ્રવ્યો છે. આ પ્રમાણે ભેદપ્રધાન દૃષ્ટિવાલો જે અર્થ તે વ્યવહારનયનો અર્થ (વિષય) જાણવો.

(૨) તથા વસ્તુમાં અનેક (અનંત) ધર્મો (ગુણો) હોવા છતાં પણ જ્યાં જે ઉત્કટ પર્યાય જણાય તેનું જ જે પ્રતિપાદન થાય છે. વિશિષ્ટ પર્યાય જણાય, ઉત્કૃષ્ટ પર્યાય જણાય, લોકમાં પ્રસિદ્ધ પર્યાય જણાય તે પણ સઘળો વ્યવહારનયનો વિષય છે. (અહીં भमरे અને कालवण्णे પ્રયોગ છે તે આર્ષપ્રાકૃતમાં પ્રથમા એકવચન હોય

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

એમ લાગે છે. અન્યથા भमरो અને कालवण्णो થવું જોઈએ.) તેવી જ રીતે મીઠું ખારૂ, શેરડી મીઠી, ગુલાબ સુગંધી, મખમલ સુંવાળું, અગ્નિ ગરમ, પાણી શીતળ, સાકર મીઠી, ઈત્યાદિ પ્રયોગ ઉત્કટપર્યાયને લઈને જાણવા. અન્યથા આ સર્વે પૌદ્‌ગલિક ભાવો હોવાથી વર્ણાદિચારે ગુણો તેમાં હોય જ છે અને અનંતાનંતાણુક સ્કંધો હોવાથી વર્ણાદિના ૨૦ ભેદો તેમાં હોય છે. આ રીતે ઉત્કટ પર્યાયને જણાવનાર જે નય તે વ્યવહારનય આવો અર્થ પણ સિદ્ધાન્તમાં પ્રસિદ્ધ છે.

(૩) तथा कार्यनइं निमित्त कहतां कारण, एहोनइं अभिन्नपणुं कहिइं, ते पणि व्यवहारनयनो उपाय छइ. जिम-आयुर्घृतम् इत्यादिक कहिइं. इम-गिरिर्दह्यते, कुण्डिका स्त्रवति, इत्यादिक व्यवहार भाषा अनेकरूप कहइ छइं ॥ ८-२३ ॥

(૩) જે જે કાર્ય હોય, અને તે તે કાર્યનાં જે જે નિમિત્ત કહેતાં નિમિત્તકારણ હોય, એ કાર્ય-કારણનું અભેદપણું આ નય કહે છે. કારણમાં કાર્યનો અને ક્યારેક કાર્યમાં કારણનો આરોપ કરીને બન્નેનું એકપણું આ વ્યવહારનય માને છે. જેમ કે ઘી એ જ જીવન છે. દારૂડીયાને દારૂ એ જ જીવન છે. અફીણીયાને અફીણ એ જ જીવન છે. દુધ એ જ વીર્ય (શક્તિ) છે. સંસ્કૃતમાં આ જ વાક્યોને आयुर्घृतम् पयोवीर्यम् ઈત્યાદિ કહેવાય છે. અહીં ઘી, દારૂ, અફીણ કે દુધ એ કંઈ જીવન કે વીર્ય નથી, પરંતુ જીવનું અને વીર્યનું નિમિત્તકારણ છે. તેથી નિમિત્તકારણને જ કાર્ય માનવામાં આવ્યું. એવી જ રીતે પુસ્તક એ જ જ્ઞાન છે. ઓઘો મુહપત્તિ એ જ ચારિત્ર છે. તથા પર્વત બળે છે. કુંડિકા ઝમે છે. ઈત્યાદિ વાક્યો વ્યવહારનયનાં જાણવાં. આ રીતે આ વ્યવહારનય અનેક પ્રકારે ભાષા બોલે છે. ॥ ૧૩૧ ॥

**ઈમ બહુ વિષય નિરાકરી રે, કરતાં તસ સંકોચ ।**
**કેવળ બાલક બોધવા રે, દેવસેન આલોચ રે ॥**
**પ્રાણી પરખો આમગભાવ ॥ ૮-૨૪ ॥**

**ઈમ બહુવિધ નયભંગ સ્યું રે, એક ત્રિવિધ પયત્થ ।**
**પરખો હરખો હિયડલઈ રે, સુજસ લહી પરમત્થ રે ॥**
**પ્રાણી પરખો આગમ ભાવ ॥ ૮-૨૫ ॥**

*ગાથાર્થ*– આ પ્રમાણે ઘણા વિષયોને છોડી દઈને તે બે નયોના થોડાક જ વિષયોને સમજાવતા એવા તે દેવસેન આચાર્યના આ વિચારો કેવળ બાળકોને સમજાવવા પુરતા જ દેખાય છે. ॥ ૮-૨૪ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

આ પ્રમાણે જુદી જુદી રીતે અનેક પ્રકારના નયભંગો થાય છે. અને તે નયો દ્વારા વસ્તુ ઉત્પાદ વ્યય ધ્રુવ સ્વરૂપ છે. આમ સમજાય છે એકે એક પદાર્થ ત્રિવિધ છે. તે ઉત્પાદ-વ્યય અને ધ્રુવની પરીક્ષા કરીને હૈયે હર્ષ પામો, અને પરમાર્થ જાણીને સારા યશસ્વી બનો. ॥ ૮-૨૫ ॥

**ટબો– એહવા નિશ્ચયનય વ્યવહાર નયના ઘણા અર્થ નિરાકરી કહેતાં ટાળી, તેહનો સંકોચ કરતાં, થોડા ભેદ દેખાડતાં, *"નયચક"* ગ્રંથકર્તા જે દેવસેન, તેહનો આલોચ, આપ સરખા કેતલાઈક બાલ બોધવાનો જ દીસઈ છઈ, પણિ સર્વાર્થ નિર્ણયનો આલોચ નથી દીસતો, શુદ્ધનયાર્થ, તે શ્વેતાંબર સંપ્રદાય શુદ્ધનયગ્રંથનઇં અભ્યાસઇં જ જણાઈ. એ ભાવાર્થ. ॥ ૮-૨૪ ॥**

**એ પ્રક્રિયામાંહિ પણિ જે યુક્તિસિદ્ધ અર્થ છઈ, તે અશુદ્ધ ટાલીનઈં ઉપપાદિઉં છઈ. તે માટિં-એ રીતિં બહુ પ્રકાર નયભંગઇં એક જ અર્થ ત્રિવિધ કહતાં દ્રવ્ય ગુણ પર્યાયરૂપ પરખો. સ્વસમય પરસમયનો અંતર જાણી હૃદયનઇં વિષઇં હરખો. પરમાર્થ-જ્ઞાન યશ પામીનઇં. ॥ ૮-૨૫ ॥**

जैन साइट JAINSITE .com जैनम् जयति शासनम्

વિવેચન– ઉપર ગાથા ૨૨ અને ૨૩ માં જણાવ્યું, તેમ નિશ્ચયનય અને વ્યવહારનયના વિષયો ઘણા વિશાળ છે. જુદી જુદી વ્યાખ્યાઓથી આ બન્ને નયો બહુ વિશાળ વિષય ધરાવે છે. દેવસેન આચાર્યે તે બે નયોના ઘણા ઘણા વિષયોને ટાળી અતિશય સંક્ષેપ કરી દીધો છે. તેથી આ બે નયોનો યથાર્થ મર્મ તેમના શાસ્ત્રથી સમજી-સમજાવી શકાતો નથી. તે વાત કહેતાં જણાવે છે કે–

**एहवा निश्चयनय व्यवहारनयना घणा अर्थ निराकरी कहेतां टाली, तेहनो संकोच करतां = थोडा भेद देखाडतां, "नयचक्र" ग्रंथकर्ता जे देवसेन, तेहनो आलोच, आप सरखा केतलाइक बाल बोधवानो ज दीसइ छइं. पणि सर्वार्थनिर्णयनो आलोच नथी दीसतो. शुद्धनयार्थ ते श्वेतांबर संप्रदाय शुद्धनयग्रंथनइं अभ्यासइं ज जणाइ. ए भावार्थ. ॥ ८-२४ ॥**

આવા પ્રકારના આ નિશ્ચયનયના અને વ્યવહારનયના ઘણા ઘણા અર્થો થાય છે. ૨૨મી ગાથામાં ત્રણ રીતે નિશ્ચય નયની વ્યાખ્યા કરી અને ૨૩મી ગાથામાં ત્રણ રીતે વ્યવહાર નયની વ્યાખ્યા કરી. તે તે અર્થોને ધ્યાનમાં રાખીને જો આ બન્ને નયોનો વિચાર કરવામાં આવે તો તે તે અર્થની પ્રધાનતાએ આ બન્ને નયોનો ઘણો વિશાળ વિષય છે અને તેથી તેના ન ગણી શકાય અને ન કહી શકાય તેટલા ભેદ-પ્રતિભેદો

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

થાય છે. માત્ર તેઓની મૂલભૂત વ્યાખ્યાઓ દ્વારા જ આ નયો સમજી શકાય અને સમજાવી શકાય તેટલા વિશાળ વિષયવાળા આ બે નયો છે.

एहवा = આવા પ્રકારના વિશાળ વિષયો અને વિશાળ અર્થોવાળા નિશ્ચયનય અને વ્યવહારનયના ઘણા ઘણા અર્થોને નિરાકરી એટલે જતા કરીને (ઘણા ઘણા જાણવા જેવા મર્મગ્રાહી વિષયો અને અર્થો જણાવ્યા વિના જ) થોડાક વિષયોને જ બતાવતા, અને તે પણ ઉપરછલ્લા આછા-પાતળા વિષયોને જ બતાવતા, એવા "નયચક્ર" નામના ગ્રંથના કર્તા જે દિગંબરાચાર્ય શ્રી દેવસેનજી છે. તેઓના આ વિચારો પોતાના સરખા કેટલાક બાળજીવોને સમજાવવા પુરતા જ હોય તેમ દેખાય છે. પરંતુ તે તે નયોના પરિપૂર્ણ સર્વ અર્થને સમજાવનારા વિદ્વદ્ભોગ્ય આ વિચારો દેખાતા નથી. ગ્રંથમાં નયોના અર્થ જ્યારે સમજાવીએ ત્યારે તે તે વિવક્ષિત નયના તો પરિપૂર્ણ અર્થો, વ્યાખ્યાઓ અને ઉદાહરણો આપી તેના સઘળા ભેદ-પ્રતિભેદોનું જ્ઞાન પોતે મેળવવું જોઈએ અને શિષ્યોને આપવું જોઈએ. અને તેટલું વિશાળ સમજાવવાના આશયથી જ ગ્રંથરચના ગ્રંથકર્તાએ કરવી જોઈએ. જ્યારે આ આચાર્યશ્રીએ ઘણા અર્થો ટાળી દીધા છે. ઘણા ભેદો જતા કર્યા છે. જે કહ્યા છે તે પણ ઘણા જ ઉપરછલ્લા અને અપૂર્ણ છે તેથી તેઓ પોતે પણ આ વિષયના અજાણ હોય તેમ લાગે છે. અને તેમના સરખા બાળજીવોની વચ્ચે વિદ્વત્તા જણાવવા આ ગ્રંથરચના કરી હોય તેમ લાગે છે. પરંતુ આ રચના અધુરી અને ઘણી જ ઉપરછલ્લી છે.

આ કારણે આ બન્ને નયોના પરિપૂર્ણ અર્થો જાણવા હોય, તે નયોને જુદા જુદા અંગલથી મગજમાં બેસાડવા હોય અને ઠોસબંધ પરિપૂર્ણ બિષયોવાળો સુંદર અને સારો અભ્યાસ નયોનો જો કરવો હોય તો શુદ્ધ સાંગોપાંગ સ્વરૂપ જાણવા માટે જે શ્વેતાંબર સંપ્રદાય છે. તેને માન્ય એવા પૂર્વકાળમાં થયેલા જે મહાગીતાર્થ આચાર્યો છે. તે મહાન આચાર્યોએ રચેલા નયોના સ્વરૂપને સમજાવનારા ગ્રંથોના અભ્યાસથી જ આ નયોનો સચોટ અભ્યાસ થાય છે. આમ જણાય છે. (૧) શ્રી જિનભદ્રગણિજીએ રચેલું વિશેષાવશ્યકભાષ્ય. (૨) શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીએ રચેલ સમ્મતિપ્રકરણ, (૩) શ્રી ઉમાસ્વાતિજીએ રચેલ તત્ત્વાર્થાધિગમસૂત્ર, અને તેના ઉપર સિદ્ધસેનગણિજીએ રચેલ વિશાળ ટીકા, તથા (૪) શ્રી અનુયોગ દ્વાર સૂત્રમાં કરેલું નયોનું વર્ણન. (અને પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારજશ્રીએ પોતે રચેલું નયોપદેશ અને નયરહસ્ય) આવા ઘણા સુંદર ગ્રંથોનો અભ્યાસ કરવા જેવો છે. ॥ ૧૩૨ ॥

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

**ए प्रक्रियामांहिं पणि जे युक्तिसिद्ध अर्थ छइ, ते अशुद्ध टालीनइं उपपादिउं छइ. ते माटिं ए रीतिं बहुप्रकार नयभंगइं एक ज अर्थ त्रिविध कहतां द्रव्य गुण पर्याय रूप परखो.**

**स्वसमय परसमयनो अंतर जाणी हृदयनइं विषइं हरखो. परमार्थ-ज्ञान यश पामीनइं. ॥ ८-२५ ॥**

નય એટલે દૃષ્ટિ, વિચારધારા, વસ્તુનુ સ્વરૂપ જોવામાં અને જાણવામાં મનુષ્યે મનુષ્યે જુદી જુદી દૃષ્ટિ અને જુદી જુદી વિચાર સરણી હોય છે. તેથી આ નયોનો કોઈ પાર જ નથી. માટે આ નયવિચારણા ઘણી જ ઉંડી છે. જેમ જેમ તેમાં પ્રવેશ કરો તેમ તેમ ગંભીરતા જ લાગે છે. તેનો ઘણો લાંબો પહોળો વિસ્તાર છે. તેથી આ નયોને અને તેના યથાર્થસ્વરૂપને સમજવા શાન્તિ, ધીરજ, બુદ્ધિની સ્થિરતા અને વિશાલ અનુભવ હોવો જોઈએ. તો જ આ સમજાય તેમ છે.

આ કારણે દિગંબરાચાર્ય શ્રી દેવસેનજીએ નયચક્ર ગ્રંથમાં જણાવેલું નયોનું સ્વરૂપ અને નયોની આ પ્રક્રિયા સર્વથા ખોટી જ છે. એમ અમે અહીં કહ્યુ નથી. તથા તેવું કહેવાનો અમારો આશય પણ નથી. છતાં અહીં અમે દિગંબરાચાર્યે બતાવેલી નયોની જે સમીક્ષા કરી છે. તે એટલા માટે જ કરી છે કે તેમાં પણ જે કોઈ અર્થો યુક્તિ યુક્ત જણાય છે તે અર્થોને માન્ય રાખીને, જે જે અર્થો અશુદ્ધ જણાય છે તેને જ દૂર કરવા અમે આ સમીક્ષા કરી છે. સાચો અર્થ જે લાગે તે સ્વીકારવો અને જે કંઈ ખોટો અર્થ જણાય ત્યાંથી ચિત્તને રોકવું. તે માટે જ અમોએ આટલી લંબાણ ચર્ચા કરી છે.

**ए रीतिए** = આ રીતે અનેક પ્રકારે નયોની ભંગજાળ દ્વારા એક એક પદાર્થને દ્રવ્યાત્મક, ગુણાત્મક અને પર્યાયાત્મકપણે આમ ત્રિવિધપણે પરખો (વિચારજો) અર્થાત્ પરીક્ષા કરજો. જાણજો.

નયોના અર્થો ઘણા ગંભીર છે. તેથી કયા કયા અર્થો *"સ્વસમય"* છે શાસ્ત્રાનુસારી છે. વીતરાગપ્રણીત આગમની સાથે અવિરુદ્ધાર્થ છે. તથા કયા કયા અર્થો *"પરસમય"* છે. શાસ્ત્રાનુસારી નથી. વીતરાગ પ્રણીત આગમની સાથે વિરોધી અર્થવાલા છે. આ બન્નેની વચ્ચેનું સાચું અંતર જાણીને સાચા-ખોટાના સાચા પરીક્ષક થવા પણાનો આનંદ હૃદયમાં લાવીને હરખાવો. અર્થાત્ શાસ્ત્રોનાં આવાં ઉંડાં સુંદર રહસ્યો જાણવાનો અને તેમાં પણ યથાર્થતા અને અયથાર્થતાને પારખવાની નિપુણતા મેળવવાનો હર્ષ હૃદયમાં

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

લાવો. કારણ કે આ સાચું જ્ઞાન જ સંસારથી તારક છે. આવા ભાવોનો પરમાર્થ જાણવા વડે અને તેના દ્વારા સમ્યગ્જ્ઞાન મેળવવા રૂપ યશસ્વીપણું પ્રાપ્તિ કરીને ઘણો જ ઘણો આનંદ હૃદયમાં લાવીને હરખાવો. ॥ ૧૩૩ ॥

તથા છેલ્લી ગાથામાં "सुजस लही" આ પદમાં જશ શબ્દ લખીને ગ્રંથકર્તાએ પોતાનું કર્તા તરીકે નામ સૂચવ્યું છે.

## આઠમી ઢાળ સમાપ્ત

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

# અમારાં લખાયેલ પ્રકાશિત થયેલ પુસ્તકો

(૧) **યોગવિંશિકા** :- ઉપાધ્યાયજી કૃત ટીકાના અનુવાદ સાથે.

(૨) **યોગશતક** :- સ્વોપજ્ઞ ટીકા તથા ટીકાના અનુવાદ સાથે.

(૩) **શ્રી જૈન ધર્મના મૌલિક સિદ્ધાન્ત** :- સામાયિકના સૂત્રો ઉપરનું વિવેચન, નવતત્ત્વ, ચૌદ ગુણસ્થાનકો, કર્મોના ૧૫૮ ભેદો, સાત નયો, સપ્તભંગી, કાલાદિ પાંચ સમવાયિ કારણો ઉપર વિવેચન.

(૪) **શ્રી જૈન તત્ત્વ પ્રકાશ** :- બે પ્રતિક્રમણનાં સૂત્રો ઉપર વિવેચન.

(૫) **શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર** :- શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત શાસ્ત્રનું વિવેચન

(૬) **જૈન ધાર્મિક પારિભાષિક શબ્દકોશ** :- જૈન શાસ્ત્રોમાં વારંવાર વપરાતા પારિભાષિક શબ્દોના અર્થો સંગૃહીત કર્યા છે.

(૭) **જૈન ધાર્મિક પ્રશ્નોત્તર માલા** :- ભાગ-૧ પ્રૌઢ સ્ત્રી-પુરુષોને ઉપયોગી ચારસો પ્રશ્ન-ઉત્તરોનો સંગ્રહ.

(૮) **"કર્મવિપાક"** પ્રથમ કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.

(૯) **"કર્મસ્તવ"** દ્વિતીય કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.

(૧૦) **"બંધસ્વામિત્વ"** તૃતીય કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.

(૧૧) **"ષડશીતિ"** ચતુર્થ કર્મગ્રંથનું સરળ ગુજરાતી વિવેચન.

(૧૨) **શતક** : પૂજ્યપાદ આ. શ્રી દેવેન્દ્રસૂરીશ્વરજી મ. સા. કૃત સો ગાથાના શતક નામના પાંચમા કર્મગ્રંથનું ગાથા-ગાથાર્થ-શબ્દાર્થ-સંસ્કૃત છાયા સાથે સંક્ષિપ્ત ગુજરાતી વિવેચન.

(૧૩) **પૂજા સંગ્રહ સાર્થ** :- પંચ કલ્યાણક, અંતરાયકર્મ આદિ હાલ વધુ પ્રમાણમાં ભણાવાતી પૂજાઓ તથા તેના સરળ ગુજરાતી અર્થો.

(૧૪) **"સ્નાત્ર પૂજા સાર્થ"** સ્નાત્ર પૂજા અર્થ સહિત.

(૧૫) **"સમ્યક્ત્વની સજ્ઝાય"** ઘણી જ રોચક કથાઓ સાથે સમ્યક્ત્વના ૬૭ બોલની ઉપાધ્યાયજીકૃત સજ્ઝાયના અર્થ.

(૧૬) **"નવસ્મરણ"** મૂલ ગાથા, તથા અર્થો ગુજરાતી અને ઇંગ્લિશમાં.

(૧૭) **રત્નાકરાવતારિકા** :-ભાગ-૧, પરિચ્છેદ : ૧-૨, પૂ. આ. શ્રી રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

जैन साइट JAINSITE.com जैनम् जयति शासनम्

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

(૧૮) **રત્નાકરાવતારિકા** :-ભાગ-૨, પરિચ્છેદ : ૩-૪-૫, પૂ. આ. શ્રી રત્નપ્રભાચાર્ય મ.સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

(૧૯) **શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય** : પૂજ્ય આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા. કૃત સ્વોપજ્ઞ ટીકા સાથે મૂલગાથાઓનું તથા સંસ્કૃત ટીકાનું સરળ ગુજરાતી વિવેચન.

(૨૦) **આઠ દૃષ્ટિની સજ્ઝાય** : પૂજ્ય આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ. સા.કૃત શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથના આધારે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. સા. કૃત આઠ દૃષ્ટિની સજ્ઝાયનું સરળ ગુજરાતી વિવેચન.

(૨૧) **તત્ત્વાર્થાધિગમ સૂત્ર** : પૂજ્ય ઉપાધ્યાય શ્રી ઉમાસ્વાતિજી મ. કૃત સંબંધકારિકા સાથે શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રનું પાઠ્યપુસ્તકરૂપે સંક્ષિપ્ત ગુજરાતી વિવેચન.

(૨૨) **વાસ્તુપૂજા સાર્થ** : પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી કૃત વાસ્તુપૂજા સરળ સંક્ષિપ્ત ગુજરાતી સુંદર વિવેચન.

(૨૩) **શ્રાવકનાં બાર વ્રત** : શ્રાવક જીવનને ઉપયોગી બાર વ્રતો તથા પાંચ આચારો અને પંદર કર્માદાનોનું વિવેચન. તથા ૨૨ અભક્ષ્ય અને ૩૨ અનંતકાયોનાં નામો.

(૨૪) **સવાસો ગાથાનું સ્તવન** : પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મ. સા. કૃત, શ્રી સીમંધરસ્વામી પરમાત્માને વિનંતિ કરવારૂપે નિશ્ચયનય અને વ્યવહારનય ગર્ભિત સવાસો ગાથાનું સ્તવન ગુજરાતી અર્થ-વિવેચન સાથે.

(૨૫) **રત્નાકરાવતારિકા** ભાગ-૩ : પરિચ્છેદ ૬-૭-૮. પૂજ્ય રત્નપ્રભાચાર્ય મ. સા. રચિત ટીકા તથા તેનું સરળ ગુજરાતી વિવેચન.

(૨૬) **દ્રવ્ય-ગુણ પર્યાયનો રાસ** : પૂ. ઉ. શ્રી યશોવિજયજી મ. શ્રી કૃત ગુજરાતી ટબા સાથે તથા ટબાની તમામ પંક્તિઓના વિવેચન યુક્ત અર્થ સાથે.

**ભાવિમાં લખવાની ભાવના**

(૨૭) **સપ્તતિકા (છટ્ઠો કર્મગ્રંથ)** : અર્થ વિવેચન સાથે.

(૨૮) **સમ્મતિ પ્રકરણ** : પૂજ્ય આ. શ્રી સિદ્ધસેનદિવાકરસૂરીશ્વરજી કૃત સમ્મતિ પ્રકરણનું પાઠ્ય પુસ્તકરૂપે સરળ ગુજરાતી વિવેચન.

(૨૯) **જ્ઞાનસાર અષ્ટક** : દ્રવ્યાનુયોગના પ્રખરાભ્યાસી શ્રી દેવચંદ્રજી મ. કૃત ટીકા તથા ટીકાના વિવેચન સાથે સરળ ગુજરાતી જ્ઞાનસારાષ્ટકનું વિવેચન.

(૩૦) **જૈનદર્શનનો સંક્ષિપ્ત પરિચય** : જૈનદર્શન જગતના પદાર્થોનું વર્ણન કેમ કહે છે ? તે તથા મુખ્ય ફિરકાઓ, જૈન સાહિત્ય, આચારસંહિતા વગેરે વિષયો.

**લિ. ધીરજલાલ ડાહ્યાલાલ મહેતા**

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com

ભરત ગ્રાફિક્સ
ન્યુમાર્કેટ, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ-૧.
ફોન : (૦૭૯) ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩

www.jainsite.com For Private & Personal Use Only info@jainsite.com